# શરહુસ્સુદૂર એટલે
# મૌત તથા ક઼બ્રના હાલાત

**અરબી લેખક**

મુહદ્દિષે આ'ઝમ અબુલ ફઝ્લ અબ્દુર્રહમાન
ઈબ્ને કમાલ અબૂબક્ર જલાલુદ્દીન શાફઈ رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક**

મૌલાના ઈબ્ને મસઊદ મુફ્તી સૈયદ શુજાઅત
અલી ક઼ાદરી (કરાચી–પાક.)

**તસ્હીહ**

મૌલાના ક઼મર હસન 'ક઼મર' બસ્તવી

**ગુજરાતી અનુવાદક**

આલિમા અનીસા મૌલાના મુહયુદ્દીન
(હલદરવા, તા. કરજણ, જિ. વડોદરા)

**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

પ્રકાશન નં.: ૧૭૨ આવૃત્તિ–૧ પ્રત: ૪૦૦૦
૨૭–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૦ સપ્ટેમ્બર–૨૦૦૯

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ


**સર્વ હક્ક઼ પ્રકાશકને સ્વાધિન**



| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | શરહુસ્સુદૂર એટલે મૌત તથા ક઼બ્રના હાલાત |
| અરબી લેખક | : | મુહદ્દિષે આ'ઝમ અબુલ ફઝ્લ અબ્દુર્રહમાન ઈબ્ને કમાલ અબૂબક્ર જલાલુદ્દીન શાફઈ رحمۃ اللہ علیہ |
| ઉર્દૂ અનુવાદક | : | મૌલાના ઈબ્ને મસઊદ મુફ્તી સૈયદ શુજાઅત અલી ક઼ાદરી (કરાચી–પાક.) |
| તસ્હીહ | : | મૌલાના ક઼મર હસન 'ક઼મર' બસ્તવી |
| ગુજરાતી અનુવાદ | : | આલિમા અનીસા મૌલાના મુહયુદ્દીન (હલદરવા, તા. કરજણ, જિ. વડોદરા) |
| પેજીસ | : | ૩૭૨ કિંમત : રૂા. ૧૦૦/– |
| કંપોઝિંગ | : | સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી |
| પ્રુફ રીડિંગ | : | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી |
| આવૃત્તિ | : | પ્રથમ ★ નકલ : ૪૦૦૦ |
| પ્રકાશન વર્ષ | : | ૨૭ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૦ અંગ્રેજી તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૯, વાર : જુમ્આ |
| પ્રાપ્તિસ્થાન | : | અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦ ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨ |

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝાએ મુસ્તફા,
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❀ પ્રકાશકના બે બોલ.... | 05 |
| ❀ લેખકની પરિસ્થિતિ | 09 |
| ❀ ખુત્બો | 11 |
| ❀ મૌતની શરૂઆત | 13 |
| ❀ માલ અથવા શરીરમાં કોઈ મુસીબતતના કારણે મૌતની ઈચ્છા અને દુઆ કરવી જાઈઝ નથી | 13 |
| ❀ અલ્લાહની ફર્માંબરદારીમાં જિંદગી લાંબી હોવાનું બયાન | 15 |
| ❀ દીનમાં ફિત્નાના ડરથી મૌતની ઈચ્છા અને દુઆનું જાઈઝ હોવું | 17 |
| ❀ મૌતની ફઝીલતનું વર્ણન | 22 |
| ❀ મૌતનો ઉલ્લેખ અને તેની તૈયારી | 30 |
| ❀ મૌતની યાદમાં મદદરૂપ બનતી ચીજો | 36 |
| ❀ ખુદાથી સારો ખયાલ રાખવા અને તેનાથી ડરતા રહેવાનું વર્ણન | 37 |
| ❀ મૌતના ભયનું વર્ણન | 40 |
| ❀ સારા ખાતમાની નિશાની | 41 |
| ❀ મૌતની નજીક હોવું અને તેની સખ્તીનું વર્ણન | 42 |
| ❀ ઈન્સાન મૃત્યુ શૈયામાં શું કહે છે ? તેની પાસે શું પઢવું જોઈએ અને જ્યારે મૃત્યુ પામી જાય તો શું કહેવું જોઈએ ? | 50 |
| ❀ મલકુલ મૌત તથા તેમના મદદગારોનું વર્ણન | 57 |
| ❀ દર વર્ષે ઉંમરોનું પૂરુ થવું | 69 |
| ❀ મૈયત પાસે ફરિશ્તોઓનું આવવું તેની ખુશખબરીનું મળવું અને ડર સંભળાવવામાં આવવું..... | 71 |
| ❀ કોની તૌબા કૃબૂલ થાય છે ? | 117 |
| ❀ જ્યારે મુડદાંની રૂહ નીકળે છે તો તેની સાથે અન્ય રૂહો મળે છે અને પૂછપરછ કરે છે | 118 |
| ❀ મૈયતનું પોતાનાં ગુસ્લ આપનારા, દફન કરવાવાળા વિશે..... | 123 |
| ❀ ફરિશ્તાઓનું જનાઝામાં ચાલવાનું વર્ણન અને તેઓ શું કહે છે ? | 126 |
| ❀ મો'મિનની મૌત પર આસ્માન અને જમીનનું રડવું | 126 |
| ❀ ઈન્સાનનું તે જ જમીનમાં દફન થવું જેનાથી તે પેદા થયો છે | 129 |
| ❀ દફન અને તલ્કીન વખતે શું કહેવું જોઈએ ? | 133 |
| ❀ કૃબ્ર દરેકને દબાવશે | 137 |




શરહુસ્સુદૂર એટલે મૌત તથા કૃબ્રના હાલાત


| | |
|---|---|
| ❀ કૃબ્રની મુડદાં સાથે વાતચીત | 142 |
| ❀ કૃબ્રના ફિત્ના તથા ફરિશ્તાના સવાલનું વર્ણન | 147 |
| ❀ અમુક લાભનું વર્ણન | 165 |
| ❀ અબુલ ફઝ્લથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો | 168 |
| ❀ તે લોકોનું વર્ણન જેમનાથી કૃબ્રમાં સવાલ નહીં થાય | 169 |
| ❀ કૃબ્રની ગભરામણ અને તેનું મો'મિન માટે વિશાળ થવું.... | 174 |
| ❀ કૃબ્રના અંધકારનું નિવારણ | 179 |
| ❀ કૃબ્રના અઝાબનું વર્ણન | 182 |
| ❀ તે ચીજોનું વર્ણન જે કૃબ્રના અઝાબથી છૂટકારો આપે છે ! | 206 |
| ❀ મુડદાંઓની હાલતનું વર્ણન | 212 |
| ❀ તેઓ કૃબ્રમાં માનૂસ હોય છે, નમાઝ પઢે છે, તિલાવત કરે છે, ઝિયારત કરે છે અને ખુશ થાય છે અને લિબાસ પહેરે છે | 212 |
| ❀ શહીદની ફઝીલત | 225 |
| ❀ કૃબ્રોની ઝિયારતનું વર્ણન અને મુડદાંઓનું પોતાની ઝિયારત કરનારાઓને ઓળખવું તથા જોવુ | 227 |
| ❀ રૂહોને રોકાવાનું વર્ણન | 259 |
| ❀ મૈયત પર દરરોજ તેનું ઠેકાણું પેશ કરવામાં આવવું | 294 |
| ❀ જીવંત લોકોનાં આમાલનું મુડદાંઓ પાસે પેશ કરવામાં આવવું.... | 295 |
| ❀ તે ચીજોનું વર્ણન જે રૂહને તેના શ્રેષ્ઠ ઠેકાણાંથી રોકે છે | 297 |
| ❀ વસિયતનું બયાન | 298 |
| ❀ જીવંત તથા મૃત લોકોની રૂહોનું ઊંઘની સ્થિતિમાં મુલાકાત કરવું | 299 |
| ❀ અમુક હઝરાતનાં સ્વપ્નમાં મુડદાં લોકોથી મુલાકાત તથા તેમની હાલત પૂછવાના વાકેઆ | 308 |
| ❀ મુડદાંઓને ઝિંદાઓની વાતોથી તકલીફ પહોંચવાનું બયાન અને મુડદાંઓને બુરું કહેવાની મનાઈ | 337 |
| ❀ મુડદાંઓને નૌહા (માતમ)થી તકલીફ પહોંચવાનું બયાન | 338 |
| ❀ મૈયતને અન્ય રીતોએ તકલીફ પહોંચવી | 341 |
| ❀ મો'મિનની કૃબ્રની હિફાઝત કરવાવાળાઓનું વર્ણન | 341 |
| ❀ મૈયતને કૃબ્રમાં લાભદાયક ચીજોનું વર્ણન | 342 |
| ❀ કૃબ્ર પર મૈયત માટે કુર્આન પઢવું | 352 |
| ❀ મૌતનો શ્રેષ્ઠ સમય | 356 |
| ❀ મૈયતના શરીરના સડવા કહોવાવાનું વર્ણન | 357 |
| ❀ રૂહ સંબંધિત ફાયદાઓનાં વર્ણનમાં | 360 |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

# મૌત કોઈનું મિત્ર નથી !

## પ્રકાશકના બે બોલ......

દુનિયામાં જન્મ પામનાર માનવી સમજ શક્તિ આવતાં જ વિવિધ તમન્નાઓ સાથે, વિવિધ આકાંક્ષાઓ જિંદગીની સવાર સાંજને રોજ ગુજારતો રહે છે. કોઈ માલ દૌલતની પાછળ આંધળી દોટ મૂકે છે, એટલે સુધી કે તેને પામવા માટે હક્ક઼ નાહક્ક઼, જાઈઝ નાજાઈઝ કાંઈ જ જોતો નથી અને પછી એ રીતે મેળવેલી દૌલત પર તથા બંગલા, ગાડી, વાડી, દુનિયાના એશો આરામ પર ખૂબ જ હરખાય છે. દુનિયાની દૌલતના નશામાં માનવી ઘમંડનું પૂતળુ બની જાય છે અને સમજે છે કે મેં મારી આવડતથી, મારા બુદ્ધિ કૌશલ્ય વડે આ પ્રગતિ કરી છે, એવા મદમાં એ ગરીબોનો ખયાલ નથી કરતો, જૂઠ, દગાબાજી, વાયદાખિલાફીથી લોકોને છેતરતો રહે છે, અને મનમાં દુનિયાની માલ સંપત્તિ જેમ જેમ વધતી જાય છે તેમ હરખાતો જાય છે.

એ જ પ્રમાણે કેટલાક માનવીઓ ધન દૌલત સાથે સત્તા પ્રાપ્તિ માટે અવનવા કાવાદાવા કરે છે, સત્તા પામવામાં આડે આવતા માનવોનાં ખૂનો સુદ્ધાં કરી નાખે છે અને છેવટે સત્તાની ગાદી પામતાં તેનો પાવર ખૂબ જ વધી જાય છે, ન્યાય અન્યાય, પ્રમાણિક્તા અપ્રમાણિક્તા કશાયનો લેહાઝ કર્યા વિના તે સત્તાની લગામ પોતાના હાથમાં રહે એવી કોશિશમાં રહે છે.

સારાંશ દુનિયામાં માનવી અવનવી તમન્નાઓમાં જીવતો, મનેચ્છાઓને પાર પાડીને હરખાતો મલકાતો જીવી રહ્યો હોય છે, દુનિયાની દૌલત, ખ્યાતિ, સત્તા, દુનિયાની વાસનામાં માણસ એવો ચૂર થઈ જાય છે કે પોતાની અસલિયત ભૂલી જાય છે. એ ભૂલી જાય છે કે આ દુનિયા નાશવંત છે અને એક દિવસે આ બધું અહીંને અહીં રહી જશે અને પોતે ક્ષણભરમાં મૌતનો કોળિયો બની જશે. મૌતથી કોઈને મિત્રતા નથી ! મૌત કોઈને છોડતું નથી !

*મૌતસે કિસકો રાસ્તગારી હૈ–આજ ઉસ્કી કલ હમારી બારી હૈ*

સદ્દાદે દૌલત તથા સત્તાના નશામાં દુનિયામાં જન્નત બનાવવાનો વિચાર કર્યો અને પોતાની સઘળી દૌલત તે જન્નત બનાવવા પાછળ ખર્ચી, ખૂબ જ કિંમતી પથ્થરોના મહેલો, બાગ, બગીચા વગેરે ત્યાં બનાવ્યા, પણ જ્યારે





તેનું કામ પૂર્ણ થયું તો મૌતનો ફરિશ્તો આવી પહોંચ્યો અને તેને તે જન્નતમાં ક઼દમ મૂકવાની પણ મહોલત ન મળી ! નમરૂદના તથા કારૂન તેમજ ફિરઔનના પણ શા હાલ થયા તે આપ જાણતા જ હશો.

કુર્આને પાકમાં છે : **"દરેક જીવે મૌતની મજા ચાખવાની છે."** મૌત યક઼ીની છે, કોઈ માનવીનો આ બાબતે મતભેદ નથી, છતાં માનવી દુનિયાની લાલચમાં મૌતને વિસારી દઈ જુલ્મો, સિતમવાળી, ગુનાહિત જિંદગીમાં રચ્યો પચ્યો રહે છે. પ્રસ્તુત કિતાબ **"મૌત તથા ક઼બ્રના હાલાત"** એટલે **"મરને કે બાદ ક્યા હોગા ?!"** ઈસ્લામી જગતની મહાન હસ્તી **હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી** رحمۃ اللہ علیہની લખેલ લાજવાબ કિતાબ છે જેમાં પુષ્કળ હદીષો તથા બુઝુર્ગોનાં કથનો, અનુભવોના અતિશય ઈબ્રતનાક (બોધપાત્ર) બનાવો રજૂ કર્યા છે. કાફિર તથા ગુનેહગારોની મૃત્યુવેળા શું હાલત થાય છે ? કેટલી ભયાનક પીડાઓ મૃત્યુ પામનાર વેઠે છે ? તથા ક઼બ્રમાં કેવા કેવા ભયાનક અઝાબો થાય છે ? તેનો ખૂબ જ સરળ અંદાઝમાં વાક્યાતની રોશનીમાં ઉલ્લેખ કર્યો છે. તથા નેક મો'મિનને મૌત વેળા તથા ક઼બ્રમાં કેવો આરામ રહે છે તથા કેવી કેવી નેઅમતો તેને રબ તઆલા તરફથી અતા થાય છે, તેનું વર્ણન ખૂબ જ સ્ટાન્ડર્ડ હવાલા સાથે હદીષો તથા બુઝુર્ગોના કથનોથી રજૂ કરેલ છે જેને વાંચીને વાંચનારનું દિલો દિમાગ પ્રભાવિત થયા વિના નથી રહેતું.

વાંચકોને વિનંતિ કે **"મુસલમાનના માટે આ દુનિયા પરીક્ષાખંડ છે."** એ વાતને તે હમેશાં યાદ રાખે, દુનિયામાં તેણે જે કાંઈ ભલુ બુરું કર્યું હશે, ઈમાન પર નેક અમલો કર્યા હશે કે કુફ્રની ભયાનક ખાઈમાં ગબડી ગયો હશે, તો તેનો અંજામ મૃત્યુ વેળાથી જ શરૂ થઈ જશે. નેક, બદ, કાફિર, મો'મિન શખ્સ પ્રમાણે તેના પર સવાબ તથા અઝાબ થશે. ક઼બ્રમાં ભયાનક તકલીફો કે અતિશય રાહતો ક઼યામત સુધી રહેશે, પછી ક઼યામત રચાશે ત્યારે ત્યાં તેનો હિસાબો કિતાબ થશે. જેથી દિલના ઊંડાણથી આ કિતાબ વાંચી જો ખુદા ન ખ્વાસ્તા ખોટા માર્ગે જીવન જીવતા હોઉ તો આજથી તૌબા કરી ઈસ્લામી જીવન ઢબ અપનાવી લો ! શરીઅતની પાબંદીથી જીવવાનું શરૂ કરી દો ! સુન્નતે રસૂલને જીવનમાં અપનાવો તો મૌત પણ આસાન થશે, ક઼બ્રની મંઝિલ પણ આરામદાયક થશે અને આગલી મંઝિલોમાં પણ નજાત મળી જન્નતમાં દાખલો મળશે. (ઈન્શાઅલ્લાહ !)

રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં આપણને નેક જિંદગી અતા કરે અને આ કિતાબના કામમાં જેણે જે રીતે મદદ કરી તેને બંને જહાનમાં રાહત નસીબ કરે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૧૮–૯–૨૦૦૯, જુમ્આ, હિ.સ. ૧૪૩૦, ૨૭–રમઝાનુલ મુબારક)*

# અય ખુદા ઈલ્તિજા હૈ યે મેરી

અય ખુદા ઈલ્તિજા હૈ યે મેરી
જાન કદમોંમેં નિકલે નબી કે
આરઝૂ હૈ મેરી મેરે આકા
ધૂમસે નિકલે મેરા જનાઝા
આરઝૂ હૈ યહી અપને દિલમેં
ધૂમસે નિકલે હમ અપને ઘરસે
હૈ સહારા હમેં મુસ્તફાકા
હમસે દામન નબીકા ન છૂટે
આંખ ઝપકે તો ઈસ તરહા ઝપકે
ઉનકી ચૌખટ પે હમ સો રહે હોં
યા નબી હમકો સબ કુછ મિલા હૈ
ખાકે તયબહ્ હો હમકો મયસ્સર
આબરૂ મેરે આકા બચાના
મેરે આકા ન તુમ રૂઠ જાના
લુત્ફ જબ હૈ દરે મુસ્તફા પર
આબે કૌષર સે હો ગુસ્લે રિઝવાં
અઝમતે મુસ્તફા કયા બયાં હો
બહરે તા'ઝીમ સારા ઝમાના
ઝાહિરીમેં મદીનાકી અઝમત
ઉનકી આંખોપે કુર્બાન જાઉં
લે કે હાથોંમેં પ્યારે નબીકો
અલ્લાહ અલ્લાહ નબીકા વો ચહેરા

ઉનકે જલ્વોંમેં યૂં મૌત આયે
ઔર વહીં મુઝકો દફનાયા જાયે
મૌત આયે તો ઈસ તરહા આયે
મેરી મૈયત મદીનેકો જાયે
મિલકે હમ સબ મદીનેકો જાયેં
ઔર ખાકે મદીના બુલાએં
છોળ દે છોળતી હૈ જો દુન્યા
ચાહે સારા જહાં છૂટ જાયે
નિંદ આયે તો ઈસ તરહ આએ
ઔર અઝાને બિલાલી જગાયે
મૌત પર ભી નિગાહે કરમ હો
કબ્ર ભી નૂરસે ઝગમગાયે
કયૂં કે દુશ્મન હુવા હૈ ઝમાના
ચાહે સારા જહાં રૂઠ જાયે
સર ઝુકાતે હી દમ ટૂટ જાયે
હર ફરિશ્તા જનાઝા ઉઠાયે
શાન મેરે નબીકી ન પૂછો
ઉનકી ચૌખટ પે સરકો ઝુકાયે
કોઈ પૂછે મેરે દિલસે પુરનમ
જો દયારે નબી દેખ આએ
કહ રહી હૈ યે દાઈ હલીમા
જો ભી દેખે ફિદા હો જાયે



# ★ અય સબ્ઝ ગુંબદવાલે ★

અય સબ્ઝ ગુંબદવાલે મંઝૂર દુઆ કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

અય નૂરે ખુદા આકર આંખોમેં સમા જાના
યા દર પે બુલા લેના યા ખ્વાબમેં આ જાના
અય પર્દાનશીં દિલકે પર્દેમેં રહા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

મહબૂબે ઈલાહીસા કોઈ ન હસીં દેખા
યે શાન હૈ ઉનકી કે સાયા ભી નહીં દેખા
અલ્લાહને સાયેકો ચાહા ન જુદા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

મેં કબ્ર અંધેરીમેં ગભરાઉંગા જબ તન્હા
ઈમદાદ કો મેરી તુમ આ જાના રસૂલુલ્લાહ
રોશન મેરી તુરબતકો લિલ્લાહ ઝરા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

ચહેરેસે ઝિયા પાઈ ઈન ચાંદ સિતારોંને
ઈસ દરસે શિફા પાઈ દુઃખ દુર્દકે મારોંને
આતા હે ઈન્હેં "સાબિર" હર દુઃખકી દવા કરના
જબ વકતે નઝઅ આયે દીદાર અતા કરના

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# લેખકની પરિસ્થિતિ

નજર સમક્ષ કિતાબના લેખક ઈસ્લામી દુનિયાના મહાન મુફસ્સિર તથા મુહદ્દિષ અબુલ્ ફઝ્લ અબ્દુર્રહ્‌માન ઈબ્ને કમાલ અબૂબક્ર જલાલુદ્દીન હિજરમી શાફઈ رحمۃ اللہ علیہ છે. આપ માદરે ઈલ્મ કાહેરામાં હિ.સ. ૮૪૯માં પેદા થયા. માં બાપનો સાયો બાળપણમાં જ ઉઠી ગયો પછી પણ આપ ઈલ્મના માર્ગ પર ઝડપથી ચાલતા રહ્યા અને આઠ વર્ષની નાની વયમાં કુર્આન શરીફ હિફ્ઝ કરી લીધું. પછી ઉમદા, મિન્હાઝ, અલ્ ફિક઼્હ વલ્ ઉસૂલ તથા અલફિયા ઈબ્ને માલિક યાદ કરી લીધી. હિ.સ. ૮૭૧માં ફત્વાનવેસીની બેઠક પર બેઠા અને પછી લેખનકાર્યના મેદાનમાં જવ્વાદ ક઼લમને દોડાવી તો દરેક હદ પાર કરી ગયા. આપની સર્વ કિતાબો પાંચસોથી વધુ છે. આપને આઠ ઉલૂમ (વિદ્યા)માં નિપૂણતા તથા કમાલ પ્રાપ્ત હતો. તે ઉલૂમ આ છે :– (૧) તફસીર (૨) હદીષ (૩) ફિક઼્હ (૪) નહ્‌વ (૫) મઆની (૬) બદીઅ (૭) બયાન (૮) લુગ઼ત.

આપે સિરીયા, હિજાઝ, યમન, ભારત, પશ્ચિમ તથા તકરૂરની સૈર કરી, આ રીતે આપ કિતાબી તેમ જ બંને પ્રકારના ઉલૂમની જાણકારી ધરાવતા હતા. શિહાબુદ્દીન કસ્તલાની આપના સમકાલિન હતા, આપની કિતાબોથી નક઼લ કરતા પરંતુ હવાલો ન આપતા, આમ કરીને આપની પૂરી એક કિતાબ પોતાની તરફ સંબંધિત કરી લીધી ! જેથી કંટાળીને આપે એક મક઼ાલો (લેખ) લખ્યો જેનું નામ 'અલ્ ફારિકુ બયનલ્ મુસન્નિફ વસ્સારિક' ચોર અને લેખક વચ્ચે તફાવત કરતો લેખ.

જલાલૈન શરીફની તફસીર (સ્પષ્ટીકરણ) સૂરએ બકરહ્‌થી સૂરએ





અસરા સુધી આપની જ છે અને દરેક અરબી દારુલ ઉલૂમમાં પઢાવવામાં આવે છે. તારીખુલ્ ખુલફા આપની જ કિતાબ છે અને દર્સે નિઝામીમાં દાખલ છે. અન્ય કિતાબોની ફેહરિસ્ત (અનુક્રમણિકા) વર્ણન કરવાનો આ મોકો નથી. આ ઈલ્મના બાદશાહ હિ.સ. ૯૧૨માં નષ્ટ થવાવાળી દુનિયાથી હમેશાંના ઘર તરફ કૂચ કરી ગયા. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ નજર સમક્ષની કિતાબ આપની એક અજોડ કિતાબ છે. આ ઈબ્રત તથા નસીહતનો ખજાનો છે દરેક ખાસ (ઉલમા) અને આમ (પબ્લિક) માટે લાભદાયક છે.

વિશેષતઃ વાઅઝ કરનારાઓ માટે અણમોલ ભેટ છે. વાઅઝ તથા નસીહત અને ફઝાઈલે આમાલ માટે બેહદ ફાયદાકારક છે. તર્જુમા (ઉર્દૂ)માં પૂરી કોશિશ કરવામાં આવી છે કે સનદને પણ વર્ણન કરવામાં આવે અને અસલમાં ઘટાડા વધારાથી સંપૂર્ણપણે પરહેઝ કરવામાં આવી છે અને એ એક રીતે આ તર્જુમાની વિશિષ્ટતા છે. ભાષા આસાન અને અર્થ પૂરા આવી ગયા છે. (વલિલ્લાહિલ્ હમ્દ)

છેવટે વાંચકોને ગુજારિશ છે કે તેઓ મારી ભૂલોને માફ કરે અને મારા હક્ક઼માં ઈલ્મ તથા અમલની તરક્કી માટે દુઆ ફર્માવે.

وَاٰخِرُ دَعْوَانَا اَنِ الْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ وَالصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی
خَاتِمِ الْاَنْبِیَآءِ وَالْمُرْسَلِیْنَ وَاٰلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْنَ۔

**લિ. ઈબ્ને મસઊદ મુફ્તી સૈયદ શુજાઅત અલી ક઼ાદરી**
(મુફ્તી દારુલ ઉલૂમ અમજદિયા, આલમગીર રોડ, કરાંચી)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## ખુત્બો

તમામ પ્રશંસાઓ તે ખુદા માટે છે જેણે જેને ઈચ્છયું ગફલતની ઊંઘથી જાગૃત કર્યા અને જેનો મેળાપ પસંદ ફર્માવ્યો તેને મક઼ામે ઈલ્લિયિન્ તરફ બોલાવ્યા અને તેના ગુનાહોનો બોજો ખતમ કર્યો. હું અત્યંત નિખાલસતાથી સાક્ષી અર્પુ છું કે તેના સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી, તે એકલો છે તેનો કોઈ ભાગીદાર નથી અને હું આ વાતની પણ સાક્ષી આપુ છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તેના બંદા તથા રસૂલ છે. તે બેહતરીન ધર્મ સાથે મોકલવામાં આવ્યા અને ખુદાની ખાસ દોસ્તીથી સરફરાઝ કરવામાં આવ્યા છે. તેમના પર અને તેમની ઔલાદ પર અને તેમના બુઝુર્ગ ઈજ્જતદાર સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡنَ પર દુરૂદો સલામ હજો. આ તે સંપૂર્ણ કિતાબ છે જેની બરઝખના ઈલ્મ (મુત્યુબાદ, કૃબ્રના હાલાત)ના વિષયમાં જેની લોકો ખૂબ જ આતૂરતાથી રાહ જોતા હતા. હું આમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ચીજોનું વર્ણન કરીશ. **મૌત તથા તેની ફઝીલત, મલકુલ મૌતની હાલત, તેમના મદદગારોની હાલત, સકરાતની ઘડીની હાલત, રૂહનું બદનથી જુદા થઈને બારગાહે ઈલાહીમાં પહોંચવું અને અન્ય રૂહો સાથે રોકાઈ જવાની હાલત, કૃબ્રની સ્થિતિ, તેની તંગી, તેનો અઝાબ અને તેમાં લાભદાયક ચીજો.** આ સૌ ચીજો મરજુલ મૌત (જે બીમારીમાં મૃત્યુ પામે) અને સૂર ફૂંકવા સુધી તફસીલથી વર્ણન કરવામાં આવશે. હવાલા રૂપે મરફૂઅ હદીષો, મૌકૂફ આષાર તથા મકતૂઅ આષાર પેશ કરીશ જે હદીષની કિતાબોથી લેવામાં આવી છે. આમાં અઈમ્મએ હદીષના કલામ (કથન) પર વિ□ાસ કરવામાં આવ્યો છે. તેમજ તઝકિરએ કુર્તબીમાં જે કાંઈ આ વિશે છે તેમાં પૂરી ચકાસણી સાથે ફવાઈદમાં વધારો કરીને આ કિતાબમાં રજૂ કરું છું. મેં તેનું નામ રાખ્યું છે : **'શર્હુસ્સુદૂર બિ શર્હિ હાલિલ્ મૌતા વલ્ કુબૂર'** (મુડદાંઓ તથા કૃબ્રોની હાલતની સ્પષ્ટતાથી સીનાનું ખોલવું) અને જો અલ્લાહે ઉમ્રમાં બરકત આપી તો નિર્ણય છે કે આની જ સાથે એક કિતાબ વધુ સામેલ કરીશ જેમાં કૃયામતની નિશાનીઓનું વર્ણન હોય અને કિતાબ વિશેષ જેમાં બઅ્ષ (ફરી જીવંત થવું), કૃયામત અને જન્નત તથા દોઝખનું સંપૂર્ણ વર્ણન હોય, ખુદા પોતાના ફઝ્લો કરમથી મારી આ ઈચ્છા પૂરી કરે.




કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

**લેખક**
સદરુશ્શરીઅહ્ હઝરત
અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ

**અનુવાદકો**
હઝરત સૈયદ કૃમરુદ્દીનબાવા તથા
મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

**બંને વિભાગની કિંમત રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫ અલગ)

**પ્રથમ વિભાગ**

★ **ભાગ–૧** : અક઼ીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (કૃબ્ર), કૃયામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્ક઼ાઓ વગેરેનું બયાન.

★ **ભાગ–૨** : તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.

★ **ભાગ–૩** : નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.

★ **ભાગ–૪** : વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.

★ **ભાગ–૫** : ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદક઼ાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

**બીજો વિભાગ**

★ **ભાગ–૬** : હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.

★ **ભાગ–૭** : નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન

★ **ભાગ–૮** : તલાક઼ વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.

★ **ભાગ–૯** : ગુલામ આઝાદ કરવા વિશે, કૃસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.

★ **ભાગ–૧૦** : લક઼ીતનું બયાન, ભાગીદારી, વક઼ફનું બયાન, મસ્જિદ, કૃબ્રસ્તાન વગેરેનું બયાન

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بسم الله الرحمن الرحيم

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ وَنُسَلِّمُ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

અબૂ નુઐમે[1] મુજાહિદ થકી અલ્લાહ તઆલાના આ ફર્માન બાબત કે وَمِن وَّرَآئِهِم بَرۡزَخٌ اِلٰی یَوۡمِ یُبۡعَثُوۡنَ નકલ કરી કે તેનાથી મુરાદ મૌત અને મૃત્યુ બાદ જીવંત થતા દરમ્યાનની ચીજો છે.

## ★ મૌતની શરૂઆત ★

**(૧)** ઈબ્ને અબી શૈબાએ પોતાની કિતાબ મુસન્નફમાં અને ઈમામ અહમદે ઝહ્દમાં કહ્યું કે અમોને બયાન કર્યું હમ્માદ બિન સલમાએ અને તેઓએ હબીબ બિન શહીદથી અને તેઓએ હસન થકી, તેમણે કહ્યું કે જ્યારે અલ્લાહે આદમ અને તેમની ઔલાદને પેદા કરી તો ફરિશ્તાએ કહ્યું કે જમીનમાં તેમની ગુંજાઈશ નથી તો અલ્લાહે ફર્માવ્યું કે હું મૌત પેદા કરીશ. તો તેઓએ કહ્યું, ત્યારે તો તેમની જિંદગી ઉદાસ બની જશે. તો અલ્લાહે ફર્માવ્યું, નિઃશંક ! હું ઉમ્મીદને પેદા કરીશ.

**(૨)** અબૂ હિલાયામાં મુજાહિદ થકી રિવાયત કરી કે અલ્લાહે જ્યારે આદમ علیہ السلامને જમીન પર ઉતાર્યા ત્યારે ફર્માવ્યું કે, વેરાન થવા માટે બનાવો અને મરવા માટે ઔલાદ પેદા કરો.

## ★ માલ અથવા શરીરમાં કોઈ મુસીબતતના કારણે મૌતની ઈચ્છા અને દુઆ કરવી જાઈઝ નથી ★

**(૧)** શૈખેને હઝરત અનસથી રિવાયત કરી, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ

૧. *આ હદીષ જે આયતની તફસીરથી સંબંધિત છે એટલા માટે નકલ કરવામાં આવી છે કે આગળ જે બયાન છે તે કુર્આનની આયત હેઠળ આવી જાય. –(ઉર્દૂ અનુવાદક)*





ફર્માવ્યું કે, ''તમારામાંથી કોઈ મુસીબત આવવાના કારણે મૌતની ઈચ્છા ન કરે અને જો ઈચ્છા જ કરવી છે તો આ પ્રમાણે કહી લે, હે અલ્લાહ ! જ્યાં સુધી મારા માટે જિંદગી બેહતર છે, તું જીવંત રાખ ! અને જ્યારે મારા માટે મૌતમાં ભલાઈ હોય તો તું મૌત આપ !''

**(૨)** મુસ્લિમે અબૂ હુરૈરહ્‌થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''તમારામાંથી કોઈ મૌતની ઈચ્છા ન કરે અને તેને આવવા પહેલાં ન બોલાવે કેમ કે જ્યારે કોઈ મૃત્યુ પામે છે તો તેના અમલો પણ ખતમ થઈ જાય છે અને મો'મિન માટે વધુ ઉંમરમાં જ ભલાઈ છે.''

**(૩)** બુખારી તથા નસઈએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''તમારામાંથી કોઈ મૌતની ઈચ્છા ન કરે કારણ કે જો નેક છે તો આશા છે કે તેની નેકીઓમાં વધારો થશે અને જો બુરો છે તો કદાચ ભલાઈ તરફ પલટી આવે.'' સિહાહ[1]માં છે આ أَعۡتَبَنِیۡ فُلَانٌ તે સમયે કહેવામાં આવે છે. જ્યારે કોઈ શખ્સ ઈજાના બદલે ખુશ કરવા લાગે اِسۡتَعۡتَبَ એને أَعۡتَبَ એક જ અર્થમાં છે.

**(૪)** અહમદ બઝ્ઝાર, અબૂ યઅ્લા, હાકિમ તથા બયહકીએ શોઅ્બુલ્ ઈમાનમાં જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''મૌતની ઈચ્છા ન કરો કેમ કે સકરાતની ભયાનક્તા સખત છે. ઈન્સાનની ઉંમરનું વધારે હોવું ખુશનસીબી છે. શક્ય છે કે અલ્લાહ તૌબા કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (લુગવી અર્થઘટન કટ)

**(૫)** શૈખેને હઝરત અનસ[2]થી રિવાયત કરી, ''જો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મૌતની તમન્નાથી ન રોકતા તો અમે તમન્ના કરતા.

**(૬)** બુખારીએ કૈસ બિન અબી હાઝિમથી રિવાયત કરી કે અમે હઝરત ખબ્બાબની બીમારપુર્સી માટે ગયા. આપને સાત જગ્યાએ

૧. *આ શબ્દકોષની એક કિતાબ છે. ص પર જબર છે. અને હદીષની જે કિતાબ છે તેને સિહાહ ઝેર સાથે પઢાય છે. આ ઈબારતથી મુરાદ (હેતુ) અસલ કિતાબના એક શબ્દનું સ્પષ્ટિકરણ છે.*

૨. *જેથી હુઝૂર صلی اللہ علیہ وسلم સાથે મુલાકાત નસીબ થાય.*

આગથી[1] ડામવામાં આવ્યા હતા. તો આપે ફર્માવ્યું કે જો નબી ﷺ આપણને મૌતની દુઆ કરવાથી ન રોકતા તો હું મૌતની દુઆ કરત.

**(૭)** મરૂઝી ક઼ાસિમથી રિવાયત કરે છે. (જે હઝરત મુઆવિયાના ગુલામ હતા) કે હઝરત સઅદ બિન અબી વક્કાસે મૌતની ઈચ્છા કરી, રસૂલુલ્લાહ ﷺ સાંભળી રહ્યા હતા. આપે ફર્માવ્યું, "મૌતની ઈચ્છા ન કરો ! કેમ કે જો જન્નતીઓમાંથી છો તો જિંદગી શ્રેષ્ઠ છે અને જો જહન્નમીઓમાંથી છો તો શા માટે જલ્દી જવા ઈચ્છો છો !"

**(૮)** ખતીબે પોતાની તારીખમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી કોઈપણ મૌતની તમન્ના કરે કારણ કે તેને ખબર નથી કે તેનાં આગલા જહાન (આખેરત)માં પોતાના માટે શું કર્યું છે ?

**(૯)** અહમદ, અબૂ યઅ્લા, તિબ્રાની, હાકિમે ઉમ્મે ફઝ્લથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ બીમાર હતા તો તેમણે મૌતની ઈચ્છા કરી તો આપે ફર્માવ્યું કે, "કાકા મૌતની ઈચ્છા ન કરો ! કેમ કે જો આપ નેક છો તો મોડુ મૃત્યુ પામવું અને નેકીઓનું વિશેષ થવું શ્રેષ્ઠ છે અને જો બદ્કાર છો તો મોડુ મૃત્યુ પામવું અને બુરાઈઓથી તૌબા કરી લેવું સારું છે, માટે મૌતની કદી ઈચ્છા ન કરો.

**(૧૦)** અહમદ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી કોઈ પણ મૌત આવતા પહેલાં તેની ઈચ્છા ન કરે, અને તેને ત્યારે બોલાવે જ્યારે પોતાના અમલ[2] પર ભરોસો હોય."

## ★ અલ્લાહની ફર્માબરદારીમાં જિંદગી લાંબી હોવાનું બયાન ★

**(૧)** અહમદ અને તિર્મિઝી (અને તેને હાકિમે સહીહ કહ્યું)એ અબૂ બકરહ્થી રિવાયત કરી કે એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ !

*૧. યુદ્ધમાં ઝખ્મી હોવાનાં કારણે. (ઉર્દૂ અનુવાદક)*
*૨. અને પોતાના અમલ પર ભરોસો કોઈ નથી કરી શકતું એટલા માટે મૌતની ઈચ્છા જ કરો. (ઉર્દૂ અનુવાદક)*



શરહુસ્સુદૂર એટલે મૌત તથા ક઼બ્રના હાલાત

ﷺ સૌથી શ્રેષ્ઠ કોણ છે ? ફર્માવ્યું કે જેની ઉંમર લાંબી હોય અને અમલ સારા હોય. પછી પૂછયું, સૌથી બુરો કોણ છે ? ફર્માવ્યું, જેની ઉંમર લાંબી હોય અને બુરા અમલ બુરા હોય.

**(૨)** હાકિમે જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી શ્રેષ્ઠ તે છે જેની ઉંમર લાંબી અને અમલ નેક હોય. અને અહમદે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી પણ આ જ રિવાયત કરી.

**(૩)** તિબ્રાનીએ ઉબાદા બિન સામતથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું કે શું હું તમને તમારા સૌથી શ્રેષ્ઠ આદમીની ખબર ન આપું ? સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, કેમ નહીં ? યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, તમારામાં ઈસ્લામની હાલતમાં જેની ઉંમર અધિક હોય અને નેક કામ કરે.

**(૪)** તિબ્રાનીએ ઔફ બિન માલિકથી રિવાયત કરી, તેઓ કહે છે કે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે મુસલમાનની ઉંમર જેટલી પણ વધુ હશે તેના માટે શ્રેષ્ઠ જ હશે.

**(૫)** અહમદ અને ઈબ્ને ઝનજુયાએ પોતાની "તરગીબ"માં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે કુઝાઆના બે શખ્સ હુઝૂર ﷺ પર ઈમાન લાવ્યા. તેઓમાં એક તો શહીદ થઈ ગયો અને બીજો એક વર્ષ સુધી જીવંત રહ્યો પછી મૃત્યુ પામ્યો. તલ્હા બિન અબ્દુલ્લાહ કહે છે કે મેં જોયું કે બાદમાં મૃત્યુ પામેલો શહીદ પ્રથમ જન્નતમાં પ્રવેશી ગયો. સવારે મેં આ પ્રસંગ હુઝૂર ﷺને જણાવ્યો તો આપે ફર્માવ્યું, શું તેણે તેના (શહીદ) બાદ એક રમઝાનના રોઝા ન રાખ્યા હતા અને છ લાખ રકાત નમાઝ અને આટલી આટલી (ઈશારાથી ફર્માવ્યું) સુન્નતો ન પઢી હતી ?!

**(૬)** અહમદ અને બઝ્ઝારે તલ્હા رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું, અલ્લાહની નજીક તે શખ્સથી વિશેષ કોઈ શ્રેષ્ઠ નથી જે ઈસ્લામમાં ઘરડો થાય કારણ કે તસ્બીહ અને તકબીર તથા તહલીલ વધારે થઈ જાય છે.

**(૭)** અબૂ નુઅમે સઈદ બિન જુબૈર رضی اللہ عنہથી રિવાયત કરી કે મુસલમાનની દરેક દિવસની જિંદગી કદર કરવા પાત્ર છે કેમ કે તે તેમાં

ફરાઈઝ, અન્ય નમાઝો અને જે કાંઈ પણ ઝિક્ર તથા ફિક્ર મયસ્સર થાય છે તે કરે છે.

**(૮)** ઈબ્ને અબી દુન્યાએ ઈબ્રાહીમ બિન અબી અબદાથી રિવાયત કરી, તે કહે છે કે જ્યારે મો'મિન મૃત્યુ પામશે તો દુનિયામાં (પરત) આવવાની ઈચ્છા (વ્યક્ત) કરશે જેથી અલ્લાહની તકબીર, તેહલીલ તથા તસ્બીહ કરી શકે.

## ★ દીનમાં ફિત્નાના ડરથી મૌતની ઈચ્છા અને દુઆનું જાઈઝ હોવું ★

**(૧)** માલિકે અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ક઼યામત તે સમય સુધી નહીં આવે ત્યાં સુધી કે ક઼બ્રની પાસેથી પસાર થનાર એવું ન કહે કે કેટલું સારું થાત કે આની જગાએ હું હોત !

**(૨)** માલિક અને બઝ઼્ઝારે ષૌબાનથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, હે અલ્લાહ[1] ! હું તારાથી નેક કામો કરવા અને ખરાબ કામોને છોડવા અને ફક઼ીરો સાથે મહોબ્બત કરવાની દુઆ કરું છું. અને તું જ્યારે લોકોને અજમાઈશમાં નાખવા ઈચ્છે તો મને અજમાઈશમાં નાંખ્યા વિના પોતાની પાસે બોલાવી લે જે.

**(૩)** માલિકે ઉમર رضي الله عنهથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, "હે અલ્લાહ ! મારી શક્તિ ઓછી થઈ અને ઉંમર મોટી થઈ. મારી પ્રજા ફેલાઈ ગઈ. તું મને મૌત દે જેથી હું બગાડ કરવાવાળો અને કમી કરવાવાળો ન બનું." હજી એક માસ પણ ગુજર્યો ન હતો અને શહીદ થયા.

**(૪)** ઈબ્ને અબ્દુલ બર્રે તમ્હીદમાં મરુઝીએ જનાઈઝમાં અહમદે

---

*૧. આ દુઆ દરેક મુસલમાનને નમાઝ પછી માંગવી જોઈએ. દુઆના શબ્દ આ છે :–*

**اَللّٰهُمَّ اِنِّىٓ أَسْأَلُكَ فِعْلَ الْخَيْرَاتِ وَتَرْكَ الْمُنْكَرَاتِ وَحُبَّ الْمَسَاكِيْنِ وَاِذَاأَرَدْتَ بِالنَّاسِ فِتْنَةً فَا قبضِنِىْ اِلَيْكَ غَيْرَمَفْتُوْنٍ**

*આ દુઆ આપ ઉમ્મતની તા'લીમ માટે માંગતા હતા. નહીંતર આપ ﷺ કઈ અજમાઈશમાં પૂરા નથી ઉતર્યા. (ઉર્દૂ અનુવાદક)*





મુસ્નદમાં અને તિબ્રાનીએ કબીરમાં અલીમ કુન્દીથી રિવાયત કરી, તેમણે કહ્યું કે હું અબૂ અબસ ગિફ્ફારી સાથે એક છત પર હતો. તેમણે જોયું કે લોકો પ્લેગથી ભાગી રહ્યા હતા. તો આપે કહ્યું, "હે પ્લેગ ! મને પકડી લે !" આ વાક્ય ત્રણવાર બોલ્યા. મેં તેમને કહ્યું, તમે આમ કેમ કહો છો ? જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મૌતની ઈચ્છા ન કરો ! કારણ કે મૌતના સમયે અમલ ખતમ થઈ જાય છે અને આદમી પરત નથી આવતો એટલા માટે તે બરબાદ થઈ જશે. અબૂ અબસે કહ્યું કે તમે નથી સાંભળ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા, છ ચીજો પહેલાં મરી જાવ : જાહિલોની સત્તાથી, શરતની જબરદસ્તીથી, હિકમતની વાતો વેચવાથી, લોહીની બેહુર્મતીથી, સગાં સંબંધીઓ સાથે રિશ્તો તોડવાથી અને તે લોકોથી (પહેલાં) જે કુર્આન ગાય (અને મ્યુઝિક) વગાડે છે. એક આદમીને આગળ કરે છે જે તેઓને કુર્આન ગાયને સંભળાવે છે ચાહે તે સૌથી ઓછી સમજ ધરાવતો હોય.

**(૫)** હાકિમે હસનથી રિવાયત કરી તેમણે કહ્યું કે હકમ બિન અમ્રે કહ્યું, હે પ્લેગ ! મને પકડી લે ! તેમને કહેવામાં આવ્યું કે આપ આમ કેમ કહો છો ? જ્યારે હુઝૂર ﷺએ મૌતની ઈચ્છાથી મનાઈ ફર્માવી છે. હકમે ફર્માવ્યુ કે જે તમે સાંભળ્યું મેં પણ સાંભળ્યું છે, પરંતુ હું છ ચીજોથી પહેલાં મૃત્યુ ચાહુ છું : હિકમતની વાતોના વેચતા પહેલાં, શરતની જબરદસ્તીથી, છોકરાઓની સત્તા પહેલાં, લોહી વહાવવા પહેલાં, સગાંઓ સાથે રિશ્તો તોડવા પહેલાં અને કુર્આનને ગાવા વગાડવાવાળાઓ પહેલાં. અને ઈબ્ને સઅદની એક રિવાયતમાં છ ચીજોમાં ગુનાહ કરવામાં આવવું પણ સામેલ છે. આ જ પ્રકારની હદીષ તિબ્રાનીએ અમ્ર બિન અબસાથી રિવાયત કરી.

**(૬)** અબૂ નુએમે ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે જ્યારે દજ્જાલ નીકળશે ત્યારે મો'મિનની નજીક મૃત્યુથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નહીં હોય.

**(૭)** ઈબ્ને અબી દુન્યાએ સુફયાનથી રિવાયત કરી કે લોકો પર એક જમાનો આવશે કે તેના ઉલમાની નજીક મૌત લાલ સોનાથી શ્રેષ્ઠ હશે.

**(૮)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે નજીક છે કે મો'મિન માનવની નજીક

મૌત તે ઠંડા પાણીથી અધિક પસંદીદા હશે જેના પર મધ વહાવવામાં આવે અને તે માનવી તેને પીએ.

**(૯)** ઈબ્ને અબી દુન્યાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે એક જમાનો આવશે કે લોકો પાસેથી જનાઝો ગુજરશે તો તેઓ કહેશે, કેટલું સારું થાત જો અમે તેની જગ્યાએ હોત !

**(૧૦)** ઈબ્ને સઅદે અબૂ સલમા બિન અબ્દુર્રહ્માનથી રિવાયત કરી કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બીમાર પડયા તો હું તેમની બીમારપુર્સી માટે આવ્યો અને કહ્યું, હે અલ્લાહ ! અબૂ હુરૈરહ્ને તંદુરસ્તી દે ! તો તેમણે ફર્માવ્યું, હવે આ દુઆને ન દોહરાવશો ! અને એવું કહ્યું કે લોકો પર એક જમાનો એવો આવશે કે મૌત લાલ સોનાથી શ્રેષ્ઠ હશે. અને હે અબૂ સલમા ! જો તમે જીવંત રહ્યા તો નજીક છે કે એવો જમાનો આવશે કે જ્યારે આદમી ક઼બ્રથી પસાર થશે તો આમ કહેશે કે, કાશ ! હું આની જગ્યાએ હોત.

**(૧૧)** મરૂઝીએ જનાઈઝમાં મુર્રા હમદાણીથી રિવાયત કરી કે અલ્લાહના એક બંદાએ પોતાના અને પોતાનાં ઘરવાળાઓ માટે મૌતની દુઆ કરી. તો તેમને પૂછવામાં આવ્યું કે તમે પોતાનાં ઘરવાળાઓ માટે મૌતની ઈચ્છા કરી, ઠીક છે પરંતુ પોતાના માટે કેમ કરી ? તો તેણે જવાબ આપ્યો કે જો મને ખબર હોત કે તમે પોતાની આ સ્થિતિ પર બાકી રહેશો તો હું ઈચ્છા કરતો કે હું વીસ[1] વર્ષ વધુ જીવંત રહું.

**(૧૨)** મરૂઝીએ અબૂ ઉષ્માનથી રિવાયત કરી કે તેમણે કહ્યું એક દિવસ ઈબ્ને મસ્ઊદ પોતાના ઘરમાં બેઠા હતા અને આપના નિકાહમાં ફલાણી અને ફલાણી બે સ્ત્રીઓ ખૂબસૂરત અને મહાન દરજ્જો ધરાવતી હતી અને બંનેથી આપના રૂપાળાં બાળકો હતાં. એટલામાં એક ચકલી આપના ઉપરથી ચહેકવા લાગી. પછી આપને ઉલ્ટી થઈ તેને આપે ઢુંઢતા ફર્માવ્યું કે અબ્દુલ્લાહ[2] અને તેનાં બાળબચ્ચાનું મરવું આ ચકલીના મરવાથી શ્રેષ્ઠ છે.

*૧. એટલે વીસ વર્ષની મુદ્દતમાં તમારી મઝહબી હાલત ખબર થઈ જશે.*

*૨. આ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہનું નામ છે.*





**(૧૩)** મરૂઝીએ કૈસથી રિવાયત કરી છે કે અબ્દુલ્લાહ બિન મસ્ઊદના બાળકો રહી રહ્યા હતા. આપે ફર્માવ્યું કે આ (બાળકો)નું મૃત્યુ ગબરીલા (એક નાનું જાનવર)ના મરવાથી આસાન છે.

**(૧૪)** હસનથી મરવી છે કે તેમણે કહ્યું, તમારા આ શહેરમાં એક આબિદ (ઈબાદત ગુજાર) હતો તે મસ્જિદથી નીકળ્યો. જ્યારે તેણે પોતાનો પગ રિકાબમાં મૂક્યો તો તેની પાસે મલકુલ મૌત આવી ગયા તો તે આબિદે કહ્યું કે સારું થયું તમે આવ્યા[1] ! હું આપને (મળવા માટે) ખૂબ જ આતૂર હતો. મલકુલ મૌતે આ સાંભળીને રૂહ કબ્ઝ કરી લીધી.

**(૧૫)** ઈબ્ને સઅદે તબકાતમાં અને મરૂઝીએ ખાલિદ બિન મિઅદાનથી રિવાયત કરી કે ખુશ્કી (સૂકી જમીન) અને તરી (નદી, સમુદ્ર, તળાવ)માં કોઈ જાનવરનું મારા બદલામાં મરવું મને પસંદ નથી. જો મૌત કોઈ ઝંડો હોત જેની તરફ લોકો દોડીને જઈ શકતા તો હું સૌ પ્રથમ પહોંચત, પરંતુ જે શખ્સ મારાથી વધુ શક્તિશાળી હોત તે મારાથી આગળ નીકળી જાત.

**(૧૬)** અબૂ નુએૈમે તેમનાથી રિવાયત કરી કે અગર મૌત કોઈ સ્થળે મૂકેલ હોત તો હું સૌ પ્રથમ દોડીને તેની પાસે પહોંચી જાત.

**(૧૭)** અબૂ નુએમે અબ્દરબા બિન સાલેહથી રિવાયત કરી કે તે મકહૂલ પાસે તેમના મૃત્યુની નજીક બીમારીમાં આવ્યા તો તેમના માટે દુઆ કરી કે અલ્લાહ તમને તંદુરસ્તી અતા ફર્માવે તો આપે ફર્માવ્યું, કદી નહીં ! કેમ કે તે ઝાતથી મળવું જેની માફીની આશા છે એ તેનાથી બેહતર છે કે એવા લોકો સાથે જીવંત રહેવામાં આવે જેની બુરાઈઓથી શયાતીનુલ ઈન્સ (તે માણસ જે શૈતાનની જેમ બેહકાવે) અને શૈતાનો પોતાનાં લશ્કર સાથે નાસી જાય.

**(૧૮)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં અબૂ મસહરથી રિવાયત કરી કે મેં એક આદમીને સઈદ બિન અબ્દુલ અઝીઝ મતનૂખી રીતે એક શખ્સને કહેતા સાંભળ્યું કે અલ્લાહ આપની જિંદગી લાંબી કરે !

*૧. એટલે અલ્લાહના નેક બંદા એટલી હદે નેક આમાલમાં મગ્ન રહે છે કે કોઈ પણ સમયે મૌત આવી જાય તો તેને ખુશ આમદિદ ! કહે છે.*

તો આપ નારાજ થયા અને ફર્માવ્યું, ના ! બલ્કે અલ્લાહ મને જલ્દી પોતાની રહમતની જગાએ બોલાવી લે.

**(૧૯)** અબૂ નુએમે અબૂ ઉબૈદા બિન મુહાજિરથી રિવાયત કરી કે અગર કહેવામાં આવે કે જે આ લાકડીને હાથ લગાડશે મરી જશે તો હું સૌ પ્રથમ હાથ લગાડીશ.

**(૨૦)** અબૂ નુએમે અબૂ અબ્દુલ્લાહથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું કે દુનિયા અજમાઈશની દા'વત આપે છે અને શૈતાન ગુનાહોની, આ બંને સાથે રહેવાથી શ્રેષ્ઠ છે કે અલ્લાહથી મુલાકાત થઈ જાય[૧].

**(૨૧)** ઈબ્ને અબી દુન્યાએ અમ્ર બિન મૈમૂનથી રિવાયત કરી કે તે મૌતની ઈચ્છા ન કરતા હતા. તેમણે કહ્યું કે હું દરરોજ આટલી આટલી નમાઝ પઢતો હતો, એટલે સુધી કે યઝીદ બિન મુસ્લિમે તેમની તરફ એક સંદેશો મોકલ્યો જેમાં તેમને કડકાઈપૂર્વક સંબોધ્યા હતા, જેથી આપને તકલીફ થઈ. ત્યાર બાદ આપ આ દુઆ કરતા હતા કે, હે અલ્લાહ ! મને નેક લોકો સાથે મિલાવી દે અને બુરાઈઓથી બચાવી લે !

**(૨૨)** ઈબ્ને અબી દુન્યાએ ઉમ્મુદ દરદાથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે અબૂ દરદાની આ ટેવ હતી કે જ્યારે કોઈ નેક આદમીની વફાત થતી તો આપ ફર્માવતા કે હે કાશ ! હું તારી જગ્યાએ હોત ! તો એના પર તેમના માંએ કોઈ વાંધો ઉઠાવ્યો તો આપે ફર્માવ્યું, તમે નથી જાણતા કે આદમી સવારે ઈમાનની હાલત પર કરે છે અને સાંજે મુનાફિક થઈ જાય છે અને તેનું ઈમાન અજાણતામાં તેનાથી છીનવી લેવામાં આવે છે. એટલા માટે હું આ મૈયત પર રશ્ક (એ ઈચ્છા છે કે જે વસ્તુ બીજાને પ્રાપ્ય છે મને પણ મળે) કરું છું અને તેને એ જિંદગી પર અગ્રિમતા આપુ છું જેમાં નમાઝ, રોઝા હોય[૨].

**(૨૩)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને ઈબ્ને અબી દુન્યાએ હુઝૈફાથી રિવાયત કરી, તેમણે કહ્યું કે કોઈ જીવ પણ મારા બદલામાં મરી જાય તો મને ખુશી નહીં થાય, ચાહે તે માખી પણ કેમ હોય.

*૧. એટલે મૌત આવી જાય. ૨. કેમ કે અગર કુફ્ર થઈ ગયું તો નમાઝ રોઝા સર્વ વ્યર્થ તથા બરબાદ જશે. (ઉર્દૂ અનુવાદક)*





**(૨૪)** ઈબ્ને અબી દુન્યા, ખતીબ અને ઈબ્ને અસાકિરે અબી બકરહ્થી રિવાયત કરી કે કોઈ જાનદારની રૂહનું ઉડી જવું મને પસંદ નથી પોતાની રૂહમાં ઉડાન સિવાય. તો લોકોએ ગભરાઈને પૂછયું કે આવું કેમ ? તો આપે ફર્માવ્યું કે મને ભય છે કે ક્યાંક એવો જમાનો ન જોઉં જેમાં ભલાઈનો હુકમ ન આપી શકું અને બુરાઈથી રોકી ન શકું, કારણ કે એવા જમાનામાં કોઈ નેકી તથા ભલાઈ નહીં હોય.

**(૨૫)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને ઈબ્ને સઅદ તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમની પાસેથી એક શખ્સ ગુજર્યો. તેમણે પૂછયું, ક્યાં જાવ છો ? તેણે જવાબ આપ્યો, બજાર. તો આપે ફર્માવ્યું કે જો તમે પરત થવા પહેલાં મારા માટે મૌત ખરીદીને લાવી શકો તો લાવી આપશો.

**(૨૬)** ઈબ્ને અબી દુન્યા અને તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી અને ઈબ્ને અસાકિરે ઉરવા બિન ક઼દીમની સનદથી અને તેમણે અરબાઝ બિન સારિયાથી, આ (અરબાઝ) હુઝૂર ﷺના એક ઘરડા સહાબી હતા અને મૌતની ઈચ્છા કરતા હતા અને આ દુઆ કરતા હતા, હે અલ્લાહ ! મારી ઉંમર વધી ગઈ અને હાડકાં અશક્ત થઈ ગયાં. તું મને મૌત દે. અરબાઝ કહે છે કે એક દિવસ હું દમિશ્કની મસ્જિદમાં નમાઝ પછી પોતાની આ જ દુઆમાં વ્યસ્ત હતો કે એક ખૂબસૂરત સબ્ઝ કપડાં પહેરેલ નવયુવાન આવ્યો અને કહ્યું કે શું દુઆ કરો છો ? મેં કહ્યું કે બીજી શું દુઆ કરું ? તો તેણે જવાબ આપ્યો કે આમ કહો, હે અલ્લાહ ! અમલ સારા કર અને ઉંમર વધુ કર. મેં પૂછયું, અલ્લાહ તમારા પર રહમ કરે તમે કોણ છો ? તેણે જવાબ આપ્યો હું ઈતાઈલ છું જે મો'મિનનોનાં દુઃખ દૂર કરે છે. પછી જ્યારે મેં ધ્યાનથી જોયું તો કોઈ ન હતું.

## ★ મૌતની ફઝીલતનું વર્ણન ★

ઉલમા ફર્માવે છે કે મૌત કેવળ અસ્તિત્વ ગુમ થવું અને ફક્ત ફનાનું નામ નથી, મૌત તો દેહ સાથે રૂહનો સંબંધ ખતમ થઈ જવાનું નામ છે અને એક પડદો છે જે રૂહ અને દેહની વચ્ચે ખડો થઈ જાય છે અને એક ઘરથી બીજા ઘર તરફ બદલી થવાનું નામ છે.

**(૧)** અબૂ શૈખે પોતાની તફસીરમાં અને અબૂ નેએમે બિલાલ બિન સઅદ થકી રિવાયત કરી કે તેમણે પોતાના વાઅઝમાં કહ્યું, હે જિંદગી અને હંમેશગીના ચાહવાવાળાઓ ! તમે નષ્ટ થવા માટે નથી પેદા કરવામાં આવ્યા. તમે હમેશાં રહેવા માટે પેદા થયા છો, એક ઘરથી બીજા ઘર તરફ બદલી થવા માટે પેદા થયા છો.

**(૨)** તિબ્રાનીએ કબીરમાં હાકિમે મુસ્તદરકમાં ઉમર બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી તમે હમેશાં રહેવા માટે પેદા થયા છો. એક ઘરથી બીજા ઘર તરફ બદલી થાવ છો.

**(૩)** હાકિમે મુસ્તદરકમાં અને તિબ્રાનીએ કબીરમાં અને ઈબ્ને મુબારકે ઝોહ્દમાં અને બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં અબ્દુલ્લાહ બિન તહરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મૌત મો'મિનની ભેટ છે. આ જ પ્રકારની હદીષ દૈલમીએ મુસ્નદે ફિરદૌસમાં નકલ કરી.

**(૪)** દૈલમીએ હુસેન બિન અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે મૌત મો'મિનનું ફૂલ છે.

**(૫)** દૈલમી તથા બયહકી[૧]એ શોઅ્બુલ્ ઈમાનમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૌત કદર કરવાને પાત્ર છે. ગુનાહ મુસીબત છે, મોહતાજી રાહત છે, માલદારી અઝાબ છે, બુદ્ધિ અલ્લાહની ભેટ છે, જેહાલત ગુમરાહી છે, જુલ્મ શરમિંદગી છે, ફર્માંબરદારી (આજ્ઞાપાલન) આંખોની ઠંડક છે, ખુદાના ડરથી રડવું નજાત છે અને હસવું હલાકત (બરબાદી) છે અને ગુનાહોથી તૌબા કરવાવાળો તેની જેમ છે જેમ બેગુનાહ હોય.

**(૬)** અહમદ અને સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં સહીહ સનદ થકી મેહમૂદ બિન બસયાથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું કે બે ચીજોને ઈન્સાન ખરાબ સમજે છે. મૌતને બુરી સમજે છે : જ્યારે કે મૌત તેના માટે ફિત્નાથી શ્રેષ્ઠ છે, માલની કમીને બુરી સમજે છે, જ્યારે કે માલની કમીથી કયામતમાં હિસાબમાં કમીનો સબબ થશે.

*૧. ભલે પોતે જ તેને લખી.*



શરહુસ્સુદૂર એટલે મૌત તથા કબ્રના હાલાત

**(૭)** બયહકીએ શોઅ્બુલ્ ઈમાનમાં ઝરઆ બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું કે માનવ પોતાના માટે જિંદગીને શ્રેષ્ઠ સમજે છે, જ્યારે કે મૌત તેના માટે શ્રેષ્ઠ છે અને માલની કમીને બુરી સમજે છે જ્યારે કે આ હિસાબની કમીનો સબબ છે.

**(૮)** શૈખેને[૧] અબૂ કતાદાથી રિવાયત કરી, નબી ﷺની પાસેથી એક જનાઝો પસાર થયો. આપે ફર્માવ્યું કે મુસ્તરીહ કે મુસ્તરાહ છે. સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ ''મુસ્તરીહ'' કે ''મુસ્તરાહ''થી શું મુરાદ (હેતુ) છે ? આપે ફર્માવ્યું કે મો'મિન ઈન્સાન દુનિયાની તકલીફોથી અલ્લાહની રહમત તરફ ચાલ્યો જાય છે અને રાહત પામે છે (તો તે મુસ્તરીહ છે) અને ગુનેહગારથી શહેર, બંદા, ઝાડ જાનવર મુક્તિ મેળવે છે. (તો તે મુસ્તરાહ છે.)

**(૯)** ઈબ્ને અબી શૈબાએ યઝીદ બિન બતારમાદથી રિવાયત કરી, એક જનાઝો અબૂ હુઝૈફા رضی اللہ عنہ પાસેથી ગુજર્યો તો આપે ફર્માવ્યું કે એણે તો આને ક્યાં પામી અથવા બંદાઓએ તેનાથી રાહત પામી.

**(૧૦)** ઈબ્ને મુબારક અને તિબ્રાનીએ અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે દુનિયા મો'મિન માટે જેલખાનું અને દુકાળ છે.

**(૧૧)** ઈબ્ને મુબારકે અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું દુનિયા મો'મિન માટે કેદખાનું અને કાફિર માટે જન્નત છે. મો'મિનની રૂહ જ્યારે નીકળે છે તો તેનું દષ્ટાંત તે શખ્સની જેમ છે જે કેદખાનામાં હતો અને પછી કાઢવામાં આવ્યો તો હવે તે જમીનમાં ખૂબ સહેલ અને તફરીહ (સૈર) કરે છે.

**(૧૨)** ઈબ્ને અબી શૈબાએ પોતાની મુસન્નફમાં અબ્દુલ્લાહ બિન અમ્ર થકી રિવાયત કરી કે દુનિયા મો'મિનનું કેદખાનું અને કાફિરની જન્નત છે. જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો તેનો માર્ગ પહોળો કરી દેવામાં આવે છે, તે જન્નતમાં જ્યાં ઈચ્છે છે ફરે છે.

*૧. ઈમામ બુખારી رضی اللہ عنہ અને ઈમામ મુસ્લિમ رضی اللہ عنہ એઓ શૈખેન અને તેમની બંને કિતાબોને સહીહૈન કહે છે.*

**(૧૩)** અબૂ નુએમે ઈબ્ને ઉમર رضي الله عنهથી રિવાયત કરી કે નબી صلى الله عليه وسلمએ અબૂઝર رضي الله عنهને ફર્માવ્યું કે, હે અબૂઝર ! દુનિયા મો'મિન માટે કેદખાનુ છે અને કબ્ર સુકૂનની જગા છે અને જન્નત તેનું ઠેકાણુ છે. હે અબૂઝર ! દુનિયા કાફિર માટે જન્નત છે અને કબ્ર તેનો અઝાબ છે અને જહન્નમ તેનું ઠેકાણું છે.

**(૧૪)** નસઈ, તિબ્રાની અને ઈબ્ને અબી દુન્યાએ ઉબાદા બિન સામતથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે કોઈ પણ જીવ ધરતી પર મૃત્યુ પામે છે તેના માટે તેના રબની પાસે ભલાઈ છે અને તે પરત આવવા નથી માંગતી ભલે તેને આખી દુનિયા અને જે કાંઈ તેમાં છે આપવામાં આવે, સિવાય શહીદ, કેમ કે તે વારંવાર આવવાની ઈચ્છા કરે છે જેથી મહાન સવાબ પ્રાપ્ત થાય.

**(૧૫)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને મરુઝીએ જનાઈઝમાં અને તિબ્રાનીએ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે દુનિયામાં હવે કાંઈ સ્વચ્છ નથી રહ્યું દરેક જગ્યાએ ઉદાસીનતા છે તો મૌત દરેક મુસલમાનનો તોહફો (ભેટ) છે.

**(૧૬)** મરૂઝી, ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ શોઅ્બુલ્ ઈમાનમાં ઈબ્ને મસ્ઊદ رضي الله تعالى عنهથી રિવાયત કરી કે બે બુરી વસ્તુઓ ખૂબ જ શ્રેષ્ઠ છે : મોહતાજી અને મૌત.

**(૧૭)** ઈબ્ને અબી શૈબા અને મરૂઝીએ તાઉસ رحمة الله عليهથી રિવાયત કરી કે મો'મિન આદમીના દીનને કોઈ ચીજ નથી બચાવી શકતી જે હિફાઝત કરે, સિવાય મૌતના ખાડાના.

**(૧૮)** ઈબ્ને મુબારકે ઝોહ્દમાં અને ઈબ્ને અબી શૈબાએ અને મરૂઝીએ રબીઅ બિન ખુષૈમથી રિવાયત કરી કે મો'મિન માટે કોઈ ભલાઈ છુપાયેલ નથી જેની તે રાહ જુએ અને તે મૌતથી શ્રેષ્ઠ હોય.

**(૧૯)** ઈબ્ને અબી દુન્યાએ માલિક બિન મગૂલથી રિવાયત કરી કે સૌ પ્રથમ વસ્તુ ખુશીની જે મો'મિનને હાંસલ થશે તે મૌત છે, કારણ કે તેમાં તે અલ્લાહનો સવાબ અને તેનો કરમ જુએ છે.

**(૨૦)** અહમદે ઝોહ્દમાં અને ઈબ્ને અબી દુન્યા, ઈબ્ને મસ્ઊદથી





રિવાયત કરે છે કે મો'મિન માટે અલ્લાહની મુલાકાતથી શ્રેષ્ઠ કોઈ નેઅમત નથી.

**(૨૧)** સઅદ બિન મન્સૂર તથા ઈબ્ને જરીરે અબૂ દરદાથી રિવાયત કરી કે પ્રત્યેક મો'મિન માટે મૌત બેહતર છે અને પ્રત્યેક કાફિર માટે મૌત બદ્તર છે. જેથી અલ્લાહ તઆલા ફર્માવે છે, ''જે અલ્લાહ પાસે છે તે નેક લોકો માટે શ્રેષ્ઠ છે. અને કદી વહેમ ન કરે કાફિર કે અમે જે એમને ઢીલ (શિથિલતા) દઈએ છીએ તે તેઓ માટે બેહતર છે.

**(૨૨)** ઈબ્ને શૈબાએ મુસન્નફમાં તથા અબ્દુર્રઝઝાકે પોતાની તફસીરમાં અને હાકિમે મુસ્તદરકમાં, તિબ્રાની તથા મરૂઝીએ જનાઈઝમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી, દરેક નેક બંદા માટે મૌત બેહતર છે. જો નેક છે તો અલ્લાહની પાસે નેક લોકો માટે ખૂબ શ્રેષ્ઠ બદલો છે અને બુરો છે તો તેના માટે અલ્લાહે ફર્માવ્યું કે કાફિર એવું ન સમજે કે અમારી ઢીલ તેમના હક્કમાં બેહતર છે, અમે ઢીલ[1] એટલા માટે દઈએ છીએ કે તેમના ગુનાહ વધારે થઈ જાય.

**(૨૩)** ઈબ્ને માલિક તથા અહમદે ઝોહ્દમાં હબ્બાન બિન અબી હીલાથી રિવાયત કરી કે અબૂ દરદાએ કહ્યું, તમે મૃત્યુ માટે ઔલાદ પેદા કરો છો, વેરાન કરવા માટે આબાદ કરો છો, ફના થવાવાળી ચીજ પર લાલચી બનો છો અને બાકી રહેવાવાળી ચીજને નથી માનતા. સાંભળો ! ત્રણ બુરી ચીજો છે, જે સારી છે : મૌત, મોહતાજી તથા બીમારી. અહમદે ઝોહ્દમાં ઈબ્ને મસ્ઊદ થકી આવી જ રિવાયત કરી.

**(૨૪)** ઈબ્ને અબી દુન્યાએ જાઅ્ફર અહમદથી રિવાયત કરી કે જેના માટે મૌતમાં ભલાઈ નથી તેના માટે જિંદગીમાં પણ ભલાઈ નથી.

**(૨૫)** ઈબ્ને સઅદે તબકાતમાં અને બયહકીએ શોઅબુલ્ ઈમાનમાં અબૂ દરદાથી રિવાયત કરી તેમણે કહ્યું કે હું મોહતાજીને સૌની બારગાહમાં તવાઝોઅ (આજિઝી પ્રદર્શિત) કરવા માટે સારી સમજુ છું અને મૌતને પોતાના રબની મુલાકાત માટે સારું સમજું છું અને બીમારીને પોતાના ગુનાહોના ખતમ થઈ જવાના કારણે પસંદ કરું છું.

*૧. એટલે સુખ, ચેન તથા લાંબી વયમાં ઢીલ આપવી.*

**(૨૬)** ઈબ્ને સઅદ અને ઈબ્ને અબી શૈબાએ તથા અહમદે ઝોહ્‌દમાં અબૂ દરદાથી રિવાયત કરી કે આપ પોતાના પસંદીદા શખ્સ માટે શું પસંદ કરો છો ? કહ્યું કે મૌત ! લોકોએ પૂછયું, જો ન મરે તો ? આપે ફર્માવ્યું, તેનો માલ અને તેની ઔલાદ ઓછી થઈ જાય.

**(૨૭)** ઈબ્ને અબી શૈબાએ ઉબાદા બિન સામતથી રિવાયત કરી કે હું પોતાના દોસ્ત માટે પસંદ કરું છું કે તેને મૌત જલ્દી આપે અને તેનો માલ ઓછો થાય.

**(૨૮)** અહમદે ઝોહ્‌દમાં અને ઈબ્ને અબી દુન્યાએ અબૂ દરદાથી રિવાયત કરી કે મારા દોસ્તો તરફથી જે ભેટો (મને) પહોંચે છે તેમાં સલામ સર્વ શ્રેષ્ઠ છે અને સર્વ શ્રેષ્ઠ ખબર તેની મૌત છે.

**(૨૯)** ઈબ્ને અબી દુન્યાએ મુહમ્મદ બિન અબ્દુલ અઝીઝ તૈમીથી રિવાયત કરી કે અબ્દુલ આ'લા તૈમીને કહેવામાં આવ્યું કે તમે પોતાના અને પોતાનાં ઘરવાળાઓ માટે શું પસંદ કરો છો ? કહ્યું કે મૌત !

**(૩૦)** તિબ્રાનીએ અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, **હે અલ્લાહ ! જે લોકો મને રસૂલ માને છે તેમના દિલમાં મૌતની મહોબ્બત નાખી દે !**

**(૩૧)** અહમદે રિવાયત કરી કે મલકુલ મૌત علیہ السلام ઈબ્રાહીમ علیہ السلامની પાસે આવ્યા કે તેમની રૂહ કાઢે. તો ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું કે શું તમે કદી એક દોસ્તને બીજા દોસ્તની રૂહ કાઢતાં જોયો છે ! જેથી મલકુલ મૌત ખુદાની બારગાહમાં હાજર થયા તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ ! ઈબ્રાહીમ (علیہ السلام)ને કહી દો કે શું તમે કદી એક દોસ્તને બીજા દોસ્તની મુલાકાતને બુરી માનતાં પામ્યો ? તો ઈબ્રાહીમ علیہ السلامએ કહ્યું, મારી રૂહ હમણા જ કબ્ઝ કરી લો !

**(૩૨)** ......એ તરગીબમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જો તમે મારી વસિયત યાદ રાખો તો તે આ છે કે મૌતથી વધુ પસંદીદા ચીજ તમારી નજીક કોઈ ન હોય.

**(૩૩)** ઈબ્ને સઅદે હસનથી રિવાયત કરી કે જ્યારે હુઝૈફા رضی اللہ عنہના મૃત્યુનો સમય નજીક આવ્યો ત્યારે આપે ફર્માવ્યું કે ખૂબ રાહ જોયા





પછી મહબૂબ આવ્યો, જે શર્મિંદા થાય તે કામ્યાબ નથી. અલ્લાહનો શુક્ર છે કે જેણે મને ફિત્નાથી પહેલાં બોલાવી લીધો. સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે મૌતની ઈચ્છા ત્રણ માણસો જ કરી શકે છે : (૧) જેને મૃત્યુ પછીની પરિસ્થિતિની ખબર ન હોય (૨) અલ્લાહની નિયુક્ત કરેલ તક્દીરથી નાસી જવાવાળો (આપઘાત કરનાર) (૩) અને અલ્લાહની મુલાકાતનો આતૂર. હબ્બાન બિન અસ્વદે કહ્યું કે મૌત એક પુલ છે જે એક દોસ્તને બીજા દોસ્ત સાથે મિલાવવાનો ઝરીયો છે. અબૂ ઉષ્માને કહ્યું કે શોખની નિશાની એ છે કે રાહત છતાં મૌતથી મહોબ્બત કરવી. અમુક હઝરાતે કહ્યું કે મુશ્તાક (અલ્લાહની મુલાકાતનો આતૂર) મૌતની મીઠાશ મધથી વધુ પામે છે.

**(૩૪)** ઈબ્ને અસાકિરે ઝુન્નૂન મિસ્રીથી રિવાયત કરી કે શોખથી સૌથી ઉચ્ચ દરજો હુબ્બ (મહોબ્બત) છે, આના પર બંદો પહોંચે છે તો તે મૌત મોડેથી આવવાને બુરું સમજે છે. કેમ કે તે મહબૂબની મુલાકાતની દરેક ક્ષણે ઈચ્છા કરતો રહે છે અને તેના દીદાર માટે દરેક ક્ષણે આતૂર.

**(૩૫)** ઈબ્ને અબી દુન્યાએ ઉત્બા ખૌલાની સહાબીથી રિવાયત કરી કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મલિક પ્લેગથી નાસીને ક્યાંક ગયો તો તેમણે કહ્યું કે اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ હું એવા જમાના સુધી જીવંત રહ્યો જેમાં આવી વાત સાંભળી. હું તમને તમારા ગુજરી ગયેલ ભાઈઓની પરિસ્થિતિ સંભળાવું છું, પ્રથમ તો એ કે ખુદાની મુલાકાત તેમને મધથી વધુ મીઠી લાગી હતી. બીજી વાત એ કે તે દુશ્મનથી ક્યારેય ન ડરતા હતા ચાહે ઓછા હોય કે વધારે. ત્રીજી વાત એ કે તે દુનિયાની મોહતાજી તથા ફાકાથી ડરતા ન હતા. તેમને ખુદા પર સંપૂર્ણપણે વિશ્વાસ હતો કે તેમને જરૂર રિઝ્ક આપશે. ચોથી વાત એ કે જ્યારે પ્લેગ આવતો હતો ત્યારે નાસતા ન હતા, ખુદા જે ફેંસલો ફર્માવે તે તેમને મંઝૂર હતો.

**(૩૬)** અબૂ નુએમે હિલયામાં ઈબ્ને અબ્દરબાથી રિવાયત કરી કે તેમણે મકહૂલને કહ્યું કે શું તમે જન્નતને પસંદ કરો છો ? તેમણે કહ્યું કે જન્નતને કોણ પસંદ ન કરે ? તો તેમણે કહ્યું કે મૌતથી મહોબ્બત કરો કેમ કે જન્નતને મૃત્યુ વિના નથી જોઈ શકતા.

**(૩૭)** અબ્દુર્રહ્માન બિન યઝીદ બિન જાબિરથી મરવી છે કે અબ્દુલ્લાહ બિન અબી ઝકરિયા કહેતા હતા કે જો મને ખબર પડે કે અલ્લાહે મને અધિકાર આપ્યો છે કે ચાહે હું સો વરસ જીવંત રહું અથવા આજે જ મરી જાઉં તો આજે જ મરવાનું પસંદ કરત. જેથી અલ્લાહ અને તેના રસૂલ ﷺ અને સહાબા رضوان الله تعالیٰ علیهم اجمعین સાથે મુલાકાત કરી શકું.

**(૩૮)** અબૂ નુએમ અને ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં અહમદ બિન અબીલ્ હવ્વારીથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે મેં અબ્દુલ્લાહ નબ્બાજીને કહેતાં સાંભળ્યું કે જો મને દુનિયાની હલાલ લિજ્જતોથી લાભ ઉઠાવવાનું અને પોતાની રૂહના નીકળી જવાનો અધિકાર આપવામાં આવે તો રૂહના નીકળી જવાને પસંદ કરીશ. (પછી) કહ્યું, તમને એ વાત[૧] પસંદ નથી કે તેની મુલાકાત કરો કે જેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરો છો !

**(૩૯)** અબૂ નુએમ તથા બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં હઝરત અનસ رضی الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૌત દરેક મુસલમાન માટે કફ્ફારો છે. કુર્તબીએ કહ્યું કે તેનું કારણ એ છે કે મુસલમાન મૃત્યુના સમયે તકલીફો પામે છે તે તેના ગુનાહોની માફીનો સબબ બની જાય છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **મુસલમાનને જો કાંટો કે તેનાથી નાની વસ્તુ પણ વાગી જાય તો તે પણ તેના ગુનાહોને મિટાવી દે છે. તો જ્યારે કાંટાનો આ હાલ છે તો પછી સકરાતનો શું હાલ હશે જેમાં તલ્વારના ત્રણસો ઘાથી વધુ તકલીફ થાય છે.**

**(૪૦)** ઈબ્ને મુબારકે ઝોહ્દમાં અને ઈબ્ને અબી દુન્યાએ મસર્રુકથી રિવાયત કરી કે મને એ ખબર સિવાય કોઈ ચીજ પર રશ્ક નથી આવ્યો કે મો'મિન પોતાની ક઼બ્રમાં અઝાબથી સુરક્ષિત હોય અને દુનિયાની તકલીફોથી છૂટકારો પામી લે. ઈબ્ને અબી શૈબાએ પણ આ જ વિષયની હદીષ બયાન કરી.

**(૪૧)** ઈબ્ને મુબારક, હુષૈમ બિન માલિકથી રિવાયત કરે છે કે તેમણે

*૧. એટલે અલ્લાહની મુલાકાત જેથી ઈતાઅતનો સવાબ પામી શકો.*





કહ્યું કે અમે અયફઅ બિન અબદાની પાસે વાતો કરી રહ્યા હતા. અને ત્યાં જ અબૂ અતિયા ફદબૂહ પણ હતા તો નેઅમતોની વાત ચાલી. લોકોએ પૂછયું કે **સૌથી વધુ નેઅમતોમાં કોણ શખ્સ છે ?** અમુકે કહ્યું કે ફલાણો અને અમુકે કહ્યું કે ફલાણો ! અયફએ કહ્યું કે હે અબૂ અતિયા ! શું આપ સારા છો ? તેમણે કહ્યું **તે શરીર જે ક઼બ્રમાં હોય અને અઝાબથી સુરક્ષિત થઈ ગયું હોય.**

**(૪૨)** ઈબ્ને મુબારકે મુહારિબ બિન વષ્ષારથી રિવાયત કરી તે કહે છે કે મને ખુષૈમાએ કહ્યું કે શું તમને મૌત ખુશ કરે છે ? કહ્યું કે ના ! તો તેમણે ફર્માવ્યું કે મૌત અધુરા માણસને જ નાપસંદ હોય છે.

**(૪૩)** ઈબ્ને મુબારકે અબૂ અબ્દુર્રહમાનથી રિવાયત કરી કે એક શખ્સે અબુલ અઅ્વર સલ્મીની બેઠકમાં કહ્યું કે ખુદાની ક઼સમ ! મૌતથી વધુ પસંદીદા ચીજ મારા માટે પેદા જ નથી કરી. તો અબુલ અઅ્વરે કહ્યું કે જો હું તમારી જેમ[૧] થઈ જાઉં તો મારી નજીક આ લાલ ઊંટોથી અધિક શ્રેષ્ઠ છે.

**(૪૪)** ઈબ્ને અબી દુન્યાએ સફ્વાન બિન સલીમથી રિવાયત કરી કે મૌત દુનિયાની તકલીફોથી રાહત આપે છે ભલે ખૂદ તેમાં તકલીફો છે.

**(૪૫)** ઈબ્ને અબી દુન્યાએ મુહમ્મદ બિન ઝિયાદથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મને અમુક હકીમોએ કહ્યું કે બુદ્ધિશાળી માનવી પર મૌત, ગાફેલ આલિમની ભૂલથી આસાન છે.

**(૪૬)** ઈબ્ને અબી દુન્યાએ સુફિયાનથી રિવાયત કરી કે મૌત આબિદ (ઈબાદત ગુઝાર) માટે રાહત છે.

## ★ મૌતનો ઉલ્લેખ અને તેની તૈયારી ★

**(૧)** તિર્મિઝીએ અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લિજ્જતોને તોડવાવાળી ચીજને ખૂબ યાદ કરો એટલે મૌતને. અબૂ નુએમે પણ ઉમર બિન ખત્તાબથી આવી જ હદીષ રિવાયત કરી.

**(૨)** બઝ્ઝારે હઝરત અનસ رضی الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ

*૧. એટલે જેવી રીતે તમે મૌતથી નથી ડરતા હું પણ એવી રીતે ન ડરું.*

صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે લિજ્જતોને તોડવાવાળી ચીજ એટલે મૌતને વધુને વધુ યાદ કરો કેમ કે જે મોહતાજ તેને યાદ કરે છે તેના પર કુશાદગી (રિઝ્ક વધે) થાય છે અને જે આરામ પસંદ તથા રિઝ્ક વિશાળ હોય છે તેના પર તંગી થાય[૧] છે.

**(૩)** ઈબ્ને માજાએ હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે **સૌથી વધુ બુદ્ધિશાળી કોણ છે ?** આપે ફર્માવ્યું **જે મૌતને સૌથી વધુ યાદ રાખે અને મૌત પછીના માટે સૌથી સારી તૈયારી કરે એ જ છે બુદ્ધિશાળી !**

**(૪)** તિર્મિઝીએ શદાદ બિન ઔસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે **બુદ્ધિશાળી તે છે જે પોતાના નફ્સને પોતે બદલો આપે[૨] અને મૃત્યુ પછીના માટે કામ કરે અને લાચાર તે છે જે નફ્સની પેરવી કરે અને અલ્લાહથી જાત જાતની ઈચ્છાઓ[૩] કરે.**

**(૫)** ઈબ્ને અબી દુન્યાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે મૌતને ખૂબ યાદ કરો તે ગુનાહોને મિટાવી દે છે અને દુનિયામાં ત્યાગવૃત્તિ પેદા કરે છે અને તમે માલદારીની સ્થિતિમાં યાદ કરશો તો એ તેને ખતમ કરી દેશે અને મોહતાજીની હાલતમાં યાદ કરશો તો તમારી જિંદગીથી રાજી કરી દેશે.

**(૬)** ઈબ્ને અબી દુન્યાએ અતા ખુરાસાનીથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم એક એવી મેહફિલથી પસાર થયા જેમાં ખૂબ હંસી મજાક થઈ રહી હતી. આપે ફર્માવ્યું કે **તમારી મેહફિલમાં લિજ્જતોને તોડવાવાળી ચીજની મિલાવટ પણ કરો !** પૂછવામાં આવ્યું, **તે શું છે ?** આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે **મૌતની યાદ.**

**(૭)** ઈબ્ને અબી દુન્યાએ સુફયાનથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ

*૧. હેતુ એ કે મૌત ઈન્સાનને દરમ્યાની માર્ગ પર લઈ આવે છે. ગરીબની ગરીબાઈ હતી જ નહીં જેમ થઈ જાય છે અને માલદારોનો માલ બેકિંમત.*

*૨. એટલે નફ્સની પકડ કરતો રહે.*

*૩. એવી ઈચ્છાઓ જે તેની શાનના લાયક નથી અથવા આ કે નફ્સની ઈચ્છાઓની પેરવી કરે અને તે છતાં પણ પોતાને સવાબનો હક્કદાર સમજે.*





صلی اللہ علیہ وسلمએ એક શખ્સને વસિયત ફર્માવી કે **મૌતને ખૂબ યાદ કરો તો અન્ય ચીજોને ભૂલી જશો.**

**(૮)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં ઝૈદ સલમીથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم પોતાના સહાબા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَને જયારે ગફલતમાં પામતા હતા તો ઊંચા અવાજથી પોકારીને કહેતા હતા કે, **હે લોકો ! તમારી પાસે મૌત આવી ગઈ અથવા તો સદનસીબીનો સંદેશો બનીને અથવા બદ્નસીબીનો.**

**(૯)** બયહકીએ ઈબ્ને અતાથી રિવાયત કરી કે જયારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم લોકોમાં ગફલત જોતા તો દરવાજો પકડીને ત્રણવાર ફર્માવતા **یاھل الا سلام اتتکم المیتة---- الخ** એટલે હે મુસલમાનો ! મૌત આવી ગઈ ! તેને જે કાંઈ પોતાની સાથે લાવવું હતું લઈ આવી. ખુશી અને રાહત લાવી, અલ્લાહના દોસ્તો માટે અને તે લોકો માટે જે જન્નતમાં રહેશે તેઓના માટે બરકતની ખુશખબરી લઈ આવી. સાંભળો ! દરેક પ્રયત્ન કરવાવાળાની હદ છે અને દરેક પ્રયત્ન કરવાવાળાની હદ મૌત છે. કોઈ આગળ જાય છે અને કોઈ પાછળ.

**(૧૦)** તિબ્રાનીએ અમ્મારથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, નસીહત કરવા માટે મૌત પૂરતી છે.

**(૧૧)** હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે શું શહીદો સાથે કોઈ અન્યનો પણ હશ્ર થશે ? આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હા ! તેનો જે રાત દિવસમાં મૌતને વીસ વાર યાદ કરશે. તદ્ઉપરાંત હઝરત સુદી رحمۃ اللہ علیہ આયતે કરીમા **خَلَقَ الْمَوْتَ وَالْحَیٰوۃَ لِیَبْلُوَکُمْ اَیُّکُمْ اَحْسَنُ عَمَلًا** ની[૧] તફસીરમાં મરવી છે કે કોણ મૌતને તમારામાંથી વધુ યાદ કરે છે અને કોણ તેના માટે અધિક તૈયારી કરે છે અને કોણ વધુ ડરે છે.

ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅ્બુલ્ ઈમાનમાં પણ આ હદીષને રિવાયત કરી.

**(૧૨)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને ઈમામ અહમદે

*૧. તેણે મૌત અને જિંદગીને પૈદા કરી જેથી આજમાવે કે તમારામાંથી કોણ.... સારો અમલ કરે છે.*

ઝોહ્દમાં ઈબ્ને સાબિતથી રિવાયત કરી કે એક શખ્સની હુઝૂર ﷺ સમક્ષ ખૂબ પ્રશંસા કરવામાં આવી. આપે પૂછયું કે તે મૌતને પણ યાદ કરે છે કે નહીં ? અર્ઝ કરવામાં આવી ના ! આપ ﷺએ ફર્માવ્યું, તો પછી તે એવો નથી જેવો તમે કહો છો !

**(૧૩)** અમુક બુઝુર્ગાને દીનનું કહેવું છે કે જેણે મૌતને ખૂબ યાદ કરી તેને ત્રણ ઈનામો મળશે : (૧) તૌબાની જલ્દી તૌફીક઼ થશે. (૨) દિલમાં કનાઅત (થોડા પર રાજી થવું) નસીબ થશે. (૩) ઈબાદતમાં ખુશી થશે. અને જેણે મૌતને ભૂલાવી દીધી તેના પર ત્રણ મુસીબતો નજીક થશે : (૧) તૌબામાં મોડુ (૨) બેસબરી (૩) ઈબાદતમાં સુસ્તી. તૈમીએ કહ્યું, બે ચીજોએ મારી સમક્ષ દુનિયાની લિજ્જતોને બે અસલ બનાવી દીધી : મૌતની યાદ અને અલ્લાહની બારગાહમાં ખડા થવું. ઈબ્ને અબી દુન્યાએ તેને રિવાયત કરી અમુક હઝરાતે અલ્લાહ તઆલાનું ફર્માન وَلَا تَنسَ نَصِيبَكَ مِنَ الدُّنْيَاની[1] તફસીર (સ્પષ્ટીકરણ) કફનથી કરી છે અને તેની અગાઉની આયતમાં ફર્માવ્યું કે[2] وَابْتَغِ فِيمَا آتَاكَ اللَّهُ الدَّارَ الْآخِرَةَ દુનિયાની ચીજોને એવા માર્ગો પર ખર્ચ કરો કે જેના બદલામાં આખેરતના ઘરમાં જન્નત મળે છે અને યાદ રાખો કે તમે દરેક વસ્તુ છોડીને ચાલ્યા જશો, સિવાય પોતાના હિસ્સા (ભાગ)ના અને તે કફન છે. કોઈ શાયરે કેટલું સારું કહ્યું છે :–

(અર્થ) : જે કાંઈ તેં તમામ જમાનામાં જમા કરી લીધું તેમાં તારો ભાગ માત્ર તે બે ચાદરો છે જેમાં તને લપેટવામાં આવશે અને ખૂશ્બુ.

**(૧૪)** અબૂ નુએમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે એક શખ્સ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ હું મૌતને પસંદ નથી કરતો. આપે ફર્માવ્યું, શું તારી પાસે માલ છે ? તેણે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, પ્રથમ તેને મારી નાંખો ! કેમ કે મો'મિનનું દિલ તેના માલની સાથે છે. જો તે તેને પહેલાં મારી નાંખે તો તેનું દિલ પણ તેની પાછળ થઈ જશે, નહીંતર તે તેની જ

*૧. અને તું પોતાના દુનિયાના હિસ્સાને ન ભૂલતો એટલે કફનને દરેક ક્ષણે યાદ રાખજે, મુરાદ મૌત છે.*

*૨. અને જે અલ્લાહે તને દીધું છે તેના બદલામાં આખેરતને ખરીદ.*





સાથે રહેશે.

**(૧૫)** સઈદ બિન મન્સૂરે અબૂ દરદાથી રિવાયત કરી, આપે ફર્માવ્યું, (ﷺ) પૂરજોશ નસીહત પછી તરત જ ગાફેલ થઈ જાય છે. મૌત નસીહત કરવા માટે પૂરતી છે. જમાનો જુદાઈ નાખવા માટે પૂરતો છે. આજે આપણે ઘરોમાં છીએ અને કાલે ક઼બ્રોમાં હશે.

**(૧૬)** ઈબ્ને અબી દુન્યાએ રિજા બિન હયાતથી રિવાયત કરી કે **જે બંદો મૌતને ખૂબ જ યાદ કરશે તે ખુશી અને ઈર્ષા છોડી દેશે.** ઈબ્ને અબી શૈબા તથા અહમદે પણ આવી જ રિવાયત કરી.

**(૧૭)** તિબ્રાની, તારિક મુહારબીથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૌત માટે મૌતના આગમન પહેલાં તૈયાર થઈ જાવ.

**(૧૮)** ઈબ્ને અબી શૈબા ઔન બિન અબ્દુલ્લાહથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું કે જે શખ્સ મૌતને સારી રીતે જાણે છે તો તે આવતી કાલને પોતાની જિંદગીમાં નથી ગણતો કારણ કે ઘણા તે લોકો જે દિવસના શરૂ હિસ્સામાં જીવંત હોય છે તેને પૂરો કરવા નથી પામતા અને ઘણા કાલના ઉમ્મેદવાર પોતાની ઉમ્મીદ સુધી નથી પહોંચતા અને **જો તું મૌત અને તેની ગતિને જોઈ લેત તો તારી ઉમ્મીદ અને ઘમંડ ખતમ થઈ જાત.**

**(૧૯)** ઈબ્ને અબી શૈબાએ અબૂ હાઝિમથી રિવાયત કરી, તેમણે ફર્માવ્યું કે **જે કામના કારણે તમે મૌતને બુરી સમજવા લાગો તેને ત્યજી દો, તો મૃત્યુ બાદ એ તમારી તકલીફનું કારણ નહીં બને.**

**(૨૦)** અબૂ નુએમે ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہથી રિવાયત કરી કે **મૌત જે શખ્સના દિલથી નજીક થઈ ગઈ તો તે પોતાના માલને વધારે સમજવા લાગે છે.**

**(૨૧)** અબૂ નુએમે રિજા બિન નૂહથી રિવાયત કરી કે ઉમર બિન અબ્દુલ અઝીઝે પોતાનાં ઘરવાળાઓને લખ્યું કે જો તમે રાત દિવસ મૌતનું ભાન રાખશો તો દરેક ફના થવાવાળી ચીજ તમને બુરી લાગશે

અને બાકી રહેવાવાળી ચીજથી મહોબ્બત થઈ જશે.

**(૨૨)** અબુ નુએમે મજમએ તૈમીથી રિવાયત કરી કે મૌતની યાદ માલદારી તથા લાપરવાહીનો સબબ છે.

**(૨૩)** તેમણે જ સમીતથી રિવાયત કરી કે **જેણે મૌતને પોતાનો અસલી હેતુ બનાવી લીધો તો તેને દુનિયાની ગરીબીની ચિંતા હશે અને ન ખુશાલીની.**

**(૨૪)** તેમણે જ કઅબથી રિવાયત કરી કે **જેણે મૌતને ઓળખી લીધી તેના પર દુનિયાની મુસીબતો, આફતો આસાન થઈ ગઈ.**

**(૨૫)** ઈબ્ને અબી દુન્યાએ હસનથી રિવાયત કરી કે જેણે મૌતને વધુ પ્રમાણમાં યાદ કરી તેની નજરોમાં દુનિયા બેઅસલ થઈ જશે.

**(૨૬)** તેમણે જ કતાદાથી રિવાયત કરી કે જે મૌતને યાદ રાખે તેના માટે શુભ ખબર છે.

**(૨૭)** તેમણે જ માલિક બિન દીનારથી રિવાયત કરી કે મૌતની યાદ અમલની જિંદગી માટે પૂરતી છે.

**(૨૮)** તેમણે જ સફિયાથી રિવાયત કરી કે એક સ્ત્રીએ હઝરત આઈશા رضی الله عنہا પાસે ફરિયાદ કરી કે મારું દિલ સખત થઈ ગયું છે. આપે ફર્માવ્યું કે મૌતની યાદ[1] ખૂબ કરો.

**(૨૯)** તેમણે જ અબૂ હાઝિમથી રિવાયત કરી. હે માનવી ! મૃત્યુ બાદ તને ખબર પડશે.

**(૩૦)** ઈબ્ને અસાકિરે હઝરત અલી کرم الله وجهه الکریم થી રિવાયત કરી કે **દુનિયા અમલની જગ્યા છે, મૃત્યુ બાદ અમને અને તમને[2] ખબર પડશે.**

**(૩૧)** દૈલમીએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું કે **દુનિયામાં શ્રેષ્ઠ મુજાહેદો મૌતની યાદ છે અને શ્રેષ્ઠ ઈબાદત ચિંતન છે જેને મૌતની યાદ ભયભીત કરતી હોય**

*૧. જે શખ્સ મૌતને યાદ રાખશે સાચે જ તે નેક અમલમાં અતિશય પ્રયત્ન તથા મહેનત કરશે.*

*૨. એટલે આંખોથી જોઈને જાણી જશો કે હક્ક઼ શું હતું.*





**તેની ક઼બ્ર જન્નતનો બાગ બની જશે.** હઝરત અલી کرم الله وجهه الکریم એ ફર્માવ્યું, લોકો સૂઈ રહ્યા છે જ્યારે મરી જશે તો જાગી ઉઠશે. હાફિઝ અબુલ ફઝલ ઈરાકીએ શું ખૂબ કહ્યું છે :–

(અર્થાત) : લોકો સૂતેલા છે જે તેઓમાંથી મૃત્યુ પામશે મૌત તેમની ઊંઘને ખતમ કરી દેશે.

**(૩૨)** તિર્મિઝીએ અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું કે જે પણ મૃત્યુ પામે છે શર્મિંદા થાય છે. લોકોએ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی الله علیه وسلم તેની શર્મિંદગી શું છે ? આપે ફર્માવ્યું કે જો તે નેક છે તો એ વાત પર શર્મિંદા થશે કે વધુ નેકીઓ શા માટે ન કરી લીધી ! અને જો બુરો હશે તો આ વાત પર શર્મિંદા થશે કે બુરાઈઓ કેમ છોડી ન દીધી !

## ★ મૌતની યાદમાં મદદરૂપ બનતી ચીજો ★

**(૧)** મુસ્લિમે અબૂ હુરૈરહ્ رضی الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું કે ક઼બ્રોની ઝિયારત કરો ! કેમ કે તે મૌતની યાદ અપાવે છે.

**(૨)** ઈબ્ને માજા તથા હાકિમે ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું કે મેં તમને ક઼બ્રોની ઝિયારતથી રોક્યા[1] હતા, હવે ઝિયારત કરો કેમ કે એ દુનિયામાં પરહેઝગારી અને આખેરતની યાદ પેદા કરે છે.

**(૩)** હાકિમે અબૂ સઈદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ફર્માવ્યું તમને ક઼બ્રોની ઝિયારતથી મેં રોક્યા હતા. હવે તેની ઝિયારત

*૧. હુઝૂર صلی الله علیه وسلم નું ક઼બ્રોની ઝિયારતથી પહેલાં મનાઈ કરવા અને પછી ઈજાઝત આપવાનાં ઘણા કારણો હતાં. તેમાંથી એક એ છે કે શુરૂ ઈસ્લામકાળમાં લોકો મૂર્તિની પૂજા છોડીને નવા નવા ઈસ્લામમાં પ્રવેશ્યા હતા. એટલા માટે ફસાદનો દરવાજો બંધ કરવા માટે ફર્માવ્યું કે ક઼બ્રોની ઝિયારત ન કરો એટલે કે ક્યાંક એવું ન થાય કે પથ્થરની પૂજા છોડીને લોકો ક઼બ્રની પૂજામાં સપડાય જાય. પરંતુ જ્યારે લોકો ઈસ્લામની વાસ્તવિક્તા અને તૌહીદની લિજ્જતથી ખબરદાર થઈ ગયા તો ક઼બ્રોની ઝિયારતના અસંખ્ય ફાયદાઓના કારણે ઈજાઝત આપવામાં આવી તો હુકમ આપવો તથા મનાઈ કરવી સંજોગોના ફેરફારના કારણે છે.*

કરો કેમ કે આ ઈબ્રત હાંસલ કરવાનો ઝરીયો છે.

(૪) તેમણે જ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે **મેં તમને ક઼બ્રોની ઝિયારતથી રોક્યા હતા હવે તેની ઝિયારત કરો કેમ કે એ દિલને નરમ કરે છે અને આંખોમાં આંસૂ લાવે છે અને બિભત્સ વાતો ન કહો.**

(૫) તેમણે જ બુરૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મેં તમને ક઼બ્રોની ઝિયારતથી રોક્યા હતા, હવે તેની ઝિયારત કરો કેમ કે એ ભલાઈમાં અધિક્તાનો સબબ છે.

(૬) અબૂ ઝરથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે **ક઼બ્રોની ઝિયારત કરો જેથી આખેરતની યાદ આવે અને મુડદાંને નવડાવો કેમ કે ફના થયેલ (મૃત) શરીરને સ્પર્શ કરવું બહુ મોટી નસીહત છે. અને જનાઝાની નમાઝ પઢો જેથી એ તમને ઉદાસ કરી દે, કેમ કે ઉદાસ ઈન્સાન અલ્લાહના સાયામાં હોય છે અને નેકીનું કામ કરે છે.**

## ★ ખુદાથી સારો ખયાલ રાખવા અને તેનાથી ડરતા રહેવાનું વર્ણન ★

(૧) શૈખેને જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને વફાતના ત્રણ દિવસ અગાઉ ફર્માવતાં સાંભળ્યું કે **તમે લોકો અંતિમ □ાસ સુધી ખુદાથી નેક ગુમાન (સારી ધારણા) રાખજો.**

(૨) ઈબ્ને અબી દુન્યાએ હુસ્નુઝ ઝનમાં રિવાયત કરી કે અમુક ક઼ૌમોને અલ્લાહે એટલા માટે જ હલાક કરી કે તે અલ્લાહ તઆલા વિશે બુરો ખયાલ રાખનાર હતી. જેથી અલ્લાહે ફર્માવ્યું :–

وَذٰلِکُمۡ ظَنُّکُمُ الَّذِیۡ ظَنَنۡتُمۡ بِرَبِّکُمۡ اَرۡدٰاکُمۡ فَاَصۡبَحۡتُمۡ مِّنَ الۡخٰسِرِیۡنَ

(અર્થાત) : આ તમારી હલાકત તમારા તે ગુમાનના કારણે છે જે તમે પોતાના રબથી કર્યું તો તમે નુકસાન ઉઠાવવાવાળા થઈ ગયા.

(૩) અહમદ, તિર્મિઝી અને ઈબ્ને માજાએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એક નવયુવાન શખ્સ પાસે સકરાતની ક્ષણે





તશરીફ લાવ્યા અને તેને પૂછયું, શું હાલ છે ? તેણે જણાવ્યું કે અલ્લાહના સવાબનો ઉમેદવાર છું અને પોતાના ગુનાહોથી ડરું છું. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે આ બંને ચીજો જે શખ્સના દિલમાં એકત્ર થશે અલ્લાહ તઆલા તેની ઉમ્મીદ પૂરી કરશે અને તેને ભયથી સુરક્ષિત ફર્માવી દેશે.

(૪) હકીમ તિર્મિઝીએ નવાદિરુલ્ ઉસૂલમાં હસન થકી રિવાયત કરી. તે કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે તમારો રબ કહે છે કે હું પોતાના બંદા પર બે ભય એકત્ર કરીશ નહીં અને ન બે અમન (ચૈન), તો જે મારાથી દુનિયામાં ડરશે તેને હું આખેરતમાં બે ખૌફ (ભયહીન) કરીશ. અને **જે દુનિયામાં મારાથી બે ખૌફ રહેશે તેને ક઼યામતમાં ભયભીત કરીશ.** આ જ હદીષ અબૂ નુઐમે શદાદ બિન ઓસથી રિવાયત કરી.

(૫) ઈબ્ને મુબારકે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે જ્યારે તમે કોઈ શખ્સને સકરાતની હાલતમાં જુઓ તો તેને બતાવો કે તે પોતાના રબ સાથે સારું ગુમાન રાખીને મળે અને જ્યારે કોઈ જીવંતને જુઓ તો તેને અલ્લાહના અઝાબથી ડરાવો.

(૬) ઈબ્ને અસાકિરે હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે **દરેક શખ્સને જોઈએ કે અલ્લાહ તઆલાથી નેક ગુમાન રાખે કે આ જ જન્નતની કિંમત છે.**

(૭) ઈબ્ને અબી દુન્યાએ ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી કે બુઝુર્ગાને દીન જ્યારે કોઈ શખ્સ પાસે સકરાતના સમયે જતા તો તેને સારાં કામો યાદ અપાવતા જેથી તે પોતાના રબથી સારું ગુમાન રાખે.

(૮) ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે તે ફર્માવે છે, ખુદા વહદહુ લા શરીકની ક઼સમ ! કે બંદો અલ્લાહથી જે સારું ગુમાન રાખશે ખુદા તેને પૂર્ણ ફર્માવશે.

(૯) અહમદે વાષલાથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યું કે હું પોતાના બંદાના ખયાલની નજીક છું તો તે જેવો ખયાલ ઈચ્છે મારી સાથે રાખે. આવી જ રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી છે.

**(૧૦)** ઈબ્ને મુબારક, અહમદ તથા તિબ્રાનીએ કબીરમાં મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અગર તમે ઈચ્છો તો હું તમને બતાવું કે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે સૌ પ્રથમ મો'મિનોને શું કહેશે અને મો'મિન તેને શું જવાબ આપશે ? અમે અરજ કરી કે હા, યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવશે, શું તમે મારી મુલાકાતને પસંદ કરી ? તો તેઓ જવાબ આપશે, હા ! તો પૂછશે, કેમ ? તેઓ અર્ઝ કરશે કે અમે તારી બખ્શિશની તથા માફીની આશા પર ઈચ્છા કરી. અલ્લાહ તઆલા ફર્માવશે તો મારી મગફેરત તમારા માટે વાજિબ (અનિવાર્ય) થઈ ગઈ.

**(૧૧)** ઈબ્ને મુબારક ઉતબા બિન મુસ્લિમથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, બંદાની ટેવોમાંથી અલ્લાહને સૌથી વિશેષ એ ટેવ ગમે છે કે તે તેની મુલાકાતને પસંદ કરે.

**(૧૨)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅબુલ્ ઈમાનમાં અને ઈબ્ને અસાકિરે અબૂ ગાલિબથી રિવાયત કરી છે, તે ફર્માવે છે કે હું સિરીયામાં કૈસના એક સજ્જન વ્યક્તિ પાસે ગયો. તે શખ્સનો એક તોફાની ભત્રીજો હતો તે તેને બહુ નસીહત કરતો હતો પરંતુ તે સીધા માર્ગ પર ન આવતો હતો. ઓચિંતો તે બીમાર થઈ ગયો તેણે તેના કાકાને બોલાવ્યો પરંતુ તેણે ના પાડી દીધી પણ હું તેને મજબૂર કરીને લઈ આવ્યો. તેણે આવતાં જ ભત્રીજાને ગાળો આપવાની શરૂ કરી દીધી અને કહેવા લાગ્યો કે, હે અલ્લાહના દુશ્મન ! શું તેં આવું નથી કર્યું અને તેવું નથી કર્યું ?! તો તે યુવાને પૂછયું કે, હે કાકા ! એ તો બતાવો કે જો અલ્લાહ મને મારી માંને સુપ્રત કરી દે તો તે શું કરતી ? તો કાકાએ જવાબ આપ્યો કે તે તને જન્નતમાં દાખલ કરત ! તો નવજવાને જવાબ આપ્યો કે ખુદાની ક઼સમ ! ખુદા મારા પર મારી માંથી અધિક રહમ કરવાવાળો છે ! ટૂંકમાં, તે યુવાન મૃત્યુ પામી ગયો અને તેના કાકાએ તેને દફન કરી દીધો. જ્યારે તેના પર ઈંટો મૂકવામાં આવી રહી હતી તો એક ઈંટ પડી ગઈ તો તેના કાકા કૂદીને એક બાજુ હટી ગયા. મેં પૂછયું, હે ભાઈ ! શું મામલો છે ? તેણે ઉત્તર આપ્યો કે તેની ક઼બ્ર તો નૂરથી ભરાઈ ગઈ અને નજર પહોંચે ત્યાં સુધી તેને પહોળી કરી દેવામાં આવી !





**(૧૩)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅ્બુલ્ ઈમાનમાં હમીદથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મારો એક ભાણયો નાફર્માન હતો તે બીમાર થઈ ગયો. તો તેની માંએ મને બોલાવ્યો. જ્યારે હું પહોંચ્યો તો જોયું કે તેની માં માથા પાસે ઊભી રહી છે. તો તે છોકરાએ મને પૂછયું કે, હે મામા ! આ કેમ રડી રહી છે ? મેં જવાબ આપ્યો કે આ તમારી બુરાઈઓના કારણે રડી રહી છે. છોકરાએ કહ્યું કે શું મારી માં મારા પર રહમ ન કરતી હતી ? મેં કહ્યું કે કેમ નહીં ? તો તેણે કહ્યું કે અલ્લાહ તઆલા મારા પર મારી માંથી અધિક રહમ કરવાવાળો છે. જ્યારે તે મૃત્યુ પામી ગયો તો મેં અને કેટલાક અન્ય લોકોએ તેને ક઼બ્રમાં ઉતાર્યો. જ્યારે અમે તેના પર ઈંટો મૂકી તો મેં ડોક્યું કાઢીને ક઼બ્રમાં જોયું તો જણાયું કે તે દૃષ્ટિની હદ સુધી પહોળી કરી દેવામાં આવી ! મેં પોતાના સાથીઓને પૂછયું કે શું તમે પણ આ જોયું જે હું જોઈ રહ્યો છું ? તેમણે કહ્યું કે હા ! તો હું સમજી ગયો કે આ તે જ વાક્યના કારણથી છે જે તેણે મૃત્યુ સમયે કહ્યું હતું.

## ★ મૌતના ભયનું વર્ણન ★

**(૧)** કુર્તબીએ કહ્યું કે અમુક રિવાયતોમાં છે કે નબી ﷺએ મલકુલ મૌતને પૂછયું કે તમારી પાસે કોઈ સંદેશાવાહક નથી જેને આપ પોતાના આવતા પહેલાં રવાના કરી દો જેથી લોકો ડરી જાય. તો મલકુલ મૌતે કહ્યું કે ખુદાની ક઼સમ ! મારી પાસે ઘણા સંદેશાવાહક છે જેમ કે સબબો, બીમારી, ઘડપણ, કાનો તથા આંખોમાં ફરક થઈ જવું. જ્યારે લોકો તે ચીજોથી પણ નસીહત નથી હાંસલ કરતા તો હું એલાન કરું છે કે હે શખ્સ ! શું એક પછી બીજા મારા સંદેશવાહકો તારી પાસે નથી આવતા રહ્યા, હવે હું ખૂદ આવું છું કે મારા પછી કોઈ સંદેશવાહક નહીં આવે.

**(૨)** અબૂ નુએૈમે હિલયામાં મુજાહિદથી રિવાયત કરી કે જ્યારે ઈન્સાન પર કોઈ બીમારી આવે છે તો મલકુલ્ મૌતનો સંદેશવાહક તેની પાસે હોય છે. જ્યારે તેની બીમારી અંત સુધી પહોંચે છે તો મલકુલ મૌત તશરીફ લાવે છે અને કહે છે કે, હે માનવી ! તારી પાસે મારા સંદેશાવાહક એક પછી એક આવતા રહ્યા પરંતુ તેં પરવા ન કરી. હવે તારી પાસે એવો સંદેશાવાહક આવ્યો છે જે તારું નિશાન પણ આ

દુનિયાથી મિટાવી દેશે.

**(૩)** બુખારીએ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સની ઉંમર સાઈઠ વર્ષની થઈ ગઈ, ખુદા તેના માટે કોઈ બહાનું[૧] નહીં છોડે.

### ★ સારા ખાતમાની નિશાની ★

**(૧)** તિર્મિઝી તથા હાકિમે અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જ્યારે અલ્લાહ તઆલા પોતાના કોઈ બંદા સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે તો તેને મૃત્યુ પહેલાં નેક અમલની તૌફીક઼ આપે છે.** આ જ પ્રકારની હદીષ હાકિમથી પણ મરવી છે.

**(૨)** ઈબ્ને અબી દુન્યાએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદા સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે તો તેના મૃત્યુથી એક વરસ પહેલાં એક ફરિશ્તો નિયુક્ત ફર્માવી દે છે જે તેને સીધા રસ્તા પર ચલાવતો રહે છે, એટલે સુધી કે તે ભલાઈ પર મૃત્યુ પામે છે અને લોકો કહે છે કે ફલાણો માણસ સારી સ્થિતિમાં મૃત્યુ પામ્યો. જ્યારે એવો શખ્સ મરવા લાગે છે તો તેનો પ્રાણ નીકળવામાં જલ્દી કરે છે તો તે સમયે તે ખુદા સાથે મુલાકાત પસંદ કરે છે અને ખુદા તેની મુલાકાતને. અને જ્યારે અલ્લાહ કોઈની સાથે બુરાઈનો ઈરાદો કરે છે તો મૃત્યુથી એક વરસ અગાઉ તેના પર એક શૈતાન નિયુક્ત કરી દે છે જે તેને ગુમરાહ કરતો રહે છે ત્યાં સુધી કે તે પોતાના બદ્તરીન સમયમાં મૃત્યુ પામે છે. તેની પાસે જ્યારે મૌત આવે છે તો તેની જાન અટકવા લાગે છે. એ ખુદા સાથે મળવાને પસંદ નથી કરતો અને ખુદા તેની સાથે મળવાને.

**ખુલાસો** : ઉલમાએ ફર્માવ્યું, બુરા ખાતમાનાં ચાર કારણો છે : (૧) નમાઝમાં સુસ્તી (૨) શરાબ પીવું (૩) માં બાપની નાફર્માની (૪) મુસલમાનોને ઈજા પહોંચાડવી.

*૧. એટલે તેણે જિંદગીના દરેક યુગને જોઈ લીધા હવે પણ ઈબાદત નહીં કરે તો કોઈ બહાનાનો મોકો નહીં રહેશે.*





### ★ મૌતની નજીક હોવું અને તેની સખ્તીનું વર્ણન ★

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "આવી ગઈ મૌતની સકરાત હક્કની સાથે." અને ફર્માવ્યું, "કાશ ! તમે જાલિમોને મૌતની સખ્તીમાં જોઈ લેતા...." વગેરે આયતો.

**(૧)** બુખારીએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે હુઝૂર ﷺ સમક્ષ પાણીનું એક પાત્ર હતું જેમાં આપ હાથ નાખીને પોતાના ચેહરા પર લગાડતા હતા અને ફર્માવતા હતા : **لا الٰہ الّا اللہ ان للموت سکرات** "અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. બેશક ! મૌતની પણ સખ્તીઓ હોય છે.

**(૨)** તિર્મિઝીએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ના માથા પર મૃત્યુની તકલીફ જોયા બાદ હું કોઈના સહેલાઈથી મૃત્યુ પામવા પર રશ્ક નહીં કરીશ. બુખારીએ પણ આવી જ રિવાયત કરી.

**(૩)** અબ્દુલ્લાહ બિન અહમદે ઝવાઈદુઝ્ ઝોહદમાં ષાબિતથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ મૃત્યુની બેચૈનીમાં ફર્માવતા હતા કે આદમની ઔલાદ જો આ ક્ષણ માટે નેક કામ કરતો તો તે તેના લાયક હતું.

**(૪)** લુકમાન હફ્ી અને યૂસુફ બિન યાકૂબ હનફીથી મરવી છે કે જ્યારે બશીર, હઝરત યાકૂબ علیہ السلامની પાસે આવ્યા તો તેમણે કહ્યું કે હું એટલા માટે આવ્યો છું જેથી અલ્લાહ મૌતની તકલીફો આપ પર આસાન કરી દે. (એટલે યૂસુફ علیہ السلامના વસ્ત્રો દ્વારા આપને રાહત મળે.)

**(૫)** તિબ્રાનીએ કબીરમાં અને અબૂ નુઐમે ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનની રૂહ એવી રીતે નીકળે છે જેમ કે કોઈ ચીજ છલકે છે અને કાફિરની રૂહ વહીને નીકળે છે. **મો'મિન જ્યારે કોઈ ગુનોહ કરે છે તો મૃત્યુ સમયે સખ્તીના ઝરીએ તેનો કફ્ફારો થઈ જાય છે અને કાફિર જ્યારે કોઈ નેક કામ કરે છે તો મૃત્યુના સમયે આસાન કરીને તેનો બદલો દઈ દેવામાં આવે છે.**

**(૬)** દીનૂરીએ મજાલિસામાં વહબ બિન હદદથી રિવાયત કરી કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે હું કોઈ બંદા પર રહમ કરવા ચાહું છું તો તેની દરેક બુરાઈનો બદલો દુનિયામાં જ આપુ છું કદી બીમારીથી, ક્યારેક ઘરવાળાઓમાં મુસીબત નાખીને, કોઈકવાર રિઝ્કની તંગીથી. છતાં પણ જો કાંઈ વધે છે તો મૃત્યુ સમયે તેના પર સખ્તી કરું છું એટલે સુધી કે જ્યારે તે મારી સાથે મુલાકાત કરે છે તો ગુનાહોથી એવો પાક હોય છે જેવો કે તે દિવસે હતો જ્યારે તેની માંએ તેને પેદા કર્યો. અને મને મારી ઈજ્જત તથા જલાલની કૃસમ ! કે હું જે બંદાને આપવાનો ઈરાદો કરું છું તેને તેની દરેક નેકીનો બદલો દુનિયામાં જ દઉં છું ક્યારેક શરીરની તંદુરસ્તીથી, ક્યારેક રિઝ્કની રેલમછેલથી, ક્યારેક બાળબચ્ચાઓની ખુશહાલીથી. છતાં પણ જો કાંઈ રહી જાય છે તો મૃત્યુ સમયે તેના પર આસાની કરવામાં આવે છે, એટલે સુધી કે જ્યારે તે મારી સાથે મળે છે તો તેની નેકીઓમાંથી કાંઈપણ નથી રહેતું કે તે જહન્નમથી બચી શકે ! ઈબ્ને અબી દુન્યાએ ઝૈદ બિન અસ્લમથી પણ આવી જ રિવાયત કરી.

**(૭)** ઈબ્ને માજાએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, મો'મિનને દરેક ચીજમાં સવાબ મળે છે, ત્યાં સુધી કે મૃત્યુ સમયે જે તકલીફ થાય છે તેમાં પણ.

**(૮)** તિર્મિઝી, ઈબ્ને માજા, હાકિમ તથા બયહકીએ રિવાયત કરી કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મો'મિન કપાળના પસીનાથી મૃત્યુ પામે છે.

**(૯)** હકીમ તિર્મિઝીએ નવાદિરુલ ઉસૂલમાં અને હાકિમે સલમાન ફારસીથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું આપ ફર્માવતા હતા કે મૃત્યુ પામવાવાળામાં ત્રણ નિશાનીઓ જુઓ, જો તેના કપાળ પર પસીનો આવે, આંખોમાં આંસૂ આવે અને નસકોરાં પહોળાં થઈ જાય તો આ અલ્લાહની રહમત છે અને જો તે એવી રીતે અવાજ કાઢે જેવી રીતે જુવાન ઊંટ જેનું ગળું દબાવવામાં આવ્યું હોય, રંગ ફીકો પડી જાય અને ફીણ નીકળવા માંડે તો આ અલ્લાહનો અઝાબ નાઝિલ થવાની નિશાની છે.

**(૧૦)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને મરૂઝીએ





જનાઈઝમાં ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે મો'મિનના ગુનાહોથી જો કોઈ ગુનોહ બાકી રહી જાય છે તો મૃત્યુ વેળા પેશાનીનાં પસીનાથી તેનો કફ્ફારો કરી દેવામાં આવે છે. બયહકીએ પણ આ જ રિવાયત અલકમા બિન કૈસથી કરી.

**(૧૧)** મરુઝીએ ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી. તેમણે કહ્યું, અલકમાએ અસ્વદને વસિયત કરી કે મૃત્યુ સમયે તમે મારી પાસે રહેજો, મને કલમાની તલકીન કરજો અને જ્યારે મારા કપાળ પર પસીનો જુઓ તો મને ખુશખબરી આપજો.

**(૧૨)** ઈબ્ને અબી શૈબા અને મરુઝીએ સુફિયાનથી રિવાયત કરી કે બુઝુર્ગાને દીન મૈયતની પેશાનીના પસીનાને નેક ફાલ સમજતા હતા. ઉલમાએ ફર્માવ્યું કે પેશાની પર પસીનાનું આવવું એ વાતની નિશાની છે કે તે પોતાનાં કરેલાં કામો પર શરમિંદા છે અને કાફિરમાં હયાનું નામ નથી હોતું જેથી તેના પર આ નિશાની જાહેર નથી થતી.

**(૧૩)** ઈબ્ને અબી શૈબાએ પોતાની મુસ્નદમાં, અહમદે ઝોહ્દમાં અને ઈબ્ને અબી દુન્યાએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે બની ઈસ્રાઈલના પ્રસંગો બયાન કર્યા કરો, કેમ કે તેઓમાં આશ્ચર્યજનક વાતો થઈ છે. પછી આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બની ઈસ્રાઈલની એક જમાઅત કબ્રસ્તાનમાં ગઈ અને તેમણે મશ્વેરો કર્યો કે બે રકાત પઢીને ખુદા પાસે દુઆ કરવી જોઈએ કે તે કોઈ મુડદાને જીવંત કરી દે જે આપણને હાલતો જણાવે. જેથી તેઓ આ કામ કરી રહ્યા હતા કે અચાનક એક કાળો શખ્સ ઉપસ્થિત થયો તેની પેશાની પર સજદાની નિશાનીઓ હતી. તેણે કહ્યું કે, હે લોકો ! તમે મને કેમ પરેશાન કર્યો અને મૃત્યુ પામવાને ૧૦૦ વરસો પસાર થઈ ગયા પરંતુ મૌતની ગરમી હજી સુધી અનુભવી રહ્યો છું. તો અલ્લાહથી દુઆ કરો કે તે મને પ્રથમ સ્થિતિ પર લાવી દે. આ જ પ્રકારની હદીષ અહમદે ઉમર બિન હબીબથી રિવાયત કરી.

**(૧૪)** અબૂ નુઐમે કઅબથી રિવાયત કરી કે મુડદુ જ્યાં સુધી કૃબ્રમાં રહે છે મૌતની તકલીફ તેને મેહસૂસ થાય છે, મો'મિન પર વધુ અને કાફિર પર ઓછી.

**(૧૫)** ઈબ્ને અબી દુન્યાએ અવઝાઈથી રિવાયત કરી કે મો'મિન મૌતની તકલીફ કૃબ્રથી ઉઠવા સુધી પામશે.

**(૧૬)** ઈબ્ને અબી દુન્યાએ કૃવી સનદ થકી હસનથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ મૌતની તકલીફનો ઉલ્લેખ ફર્માવતાં ઈર્શાદ કર્યો કે આ તલ્વારના ત્રણ ઘા સમાન છે. આ જ પ્રકારની હદીષ ઝિહાક બિન હમઝાથી મરવી.

**(૧૭)** ખતીબે તારીખમાં અનસથી રિવાયત કરી કે મલકુલ મૌતની તકલીફ તલવારના એક હજાર ઘાથી અધિક છે.

**(૧૮)** ઈબ્ને અબી દુન્યાએ અલીથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું, કૃસમ છે તેની જેના કબ્જા અને કુદરતમાં મારી જાન છે ! એક હજાર તલ્વારના ઘા મારી દષ્ટિએ પથારીમાં મરવાથી બેહતર છે.

**(૧૯)** અબૂ શૈખે કિતાબુલ્ અઝમતમાં હસનથી રિવાયત કરી કે મૂસા عليه السلامને પૂછવામાં આવ્યું કે મૌત કેવી છે ? આપે ફર્માવ્યું કે જંગલી બોરડીના ઝાડની જેમ, કે જેની ડાળીઓ જે દરેક રેસાથી ઉગી ગઈ હોય અને પછી તેને કોઈ ખેંચે. આ છે મૌતની ખૂબ આસન તકલીફ ! આ જ પ્રકારની હદીષો ઈબ્ને અબી દુન્યા, અહમદ વિગેરેથી મરવી છે.

**(૨૦)** હઝરત અનસ رضي الله عنهથી મરવી છે કે મરવાવાળા ઈન્સાનને ફરિશ્તા બાંધી દે છે નહીંતર તે જંગલોમાં નાસતો ફરે છે.

**(૨૧)** અબૂ શૈખે કિતાબુલ્ અઝમતમાં હુઝૈલ બિન અયાઝથી રિવાયત કરી કે તેમને પૂછવામાં આવ્યું કે એ કયુ કારણ છે કે મૈયતની રૂહ કાઢવામાં આવે છે અને તે ચૂપ રહે છે પરંતુ જો કોઈ ઈન્સાનના પગમાં કીડી કરડી લે છે તો તે તડપી ઉઠે છે ? આપે ફર્માવ્યું કે ફરિશ્તા તેને બાંધી દે છે.

**(૨૨)** ઈબ્ને અબી દુન્યાએ શહર બિન હૌશબથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺને મૌતની સખ્તીઓ બાબત સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે મૌતની અતિ સહેલી આસાન તકલીફનું ઉદાહરણ એ છે કે કોઈ શખ્સ કાંટાદાર[1] ડાળીને ઊનમાં નાખે અને પછી તેને

*૧. માની લો આવી જ રીતે સકરાતની ક્ષણે દરેક નસમાં કાંટા વાગે છે અને તેની સાથે રૂહ નીકળે છે.*





ખેંચે તો તે ડાળીની સાથે ઊન પણ નીકળી આવશે.

**(૨૩)** મરૂઝીએ જનાઈઝમાં મયસરાથી રિવાયત કરી કે જો મૌતની તકલીફનું એક ટીપું સમગ્ર આસ્માન તથા જમીન પર રહેવાવાળાઓ પર ટપકાવી દેવામાં આવે તો સૌ મરી જાય, પરંતુ કૃયામતમાં એક ઘડીની તકલીફ આ તકલીફથી સિત્તેર ઘણી વધુ હશે.

**(૨૪)** ઈબ્ને અબી દુન્યાથી મરવી છે કે જ્યારે હઝરત ઉમર બિન આસની વફાતનો સમય નજીક આવ્યો તો તેમના છોકરાએ તેમને કહ્યું કે, હે અબ્બા જાન ! આપ કહ્યા કરતા હતા કે કોઈ બુદ્ધિશાળી ઈન્સાન મને સકરાતની ઘડીમાં મળી જાય તો હું તેને મૌતની હાલતો પૂછું ? તો આપથી વિશેષ બુદ્ધિવાન કોણ હશે ! મહેરબાની કરીને હવે આપ જ મને મૌતની સ્થિતિ બતાવો. આપે ફર્માવ્યું, **ખુદાની કૃસમ ! હે બેટા ! એવું લાગે છે કે મારા બંને પાંસા એક તખ્ત પર છે અને હું સોયના કાણા બરાબર કાણાથી □ાસ લઈ રહ્યો છું અને એક કાંટાદાર ડાળી મારા પગો તરફથી માથા તરફ ખેંચવામાં આવી રહી છે.** આ જ હદીષ ઈબ્ને સઅદે અવાના ઈબ્ને હકમથી રિવાયત કરી.

**(૨૫)** ઈબ્ને અબી શૈબા અને ઈબ્ને અબી દુન્યા અને અબૂ નુઐમે હિલયામાં ઈબ્ને અબી મલીકાથી રિવાયત કરી કે હઝરત ઉમર رضي الله عنهએ કઅબ رضي الله عنهને કહ્યું કે મને મૌતની સ્થિતિ બતાવો. આપે કહ્યું, હે અમીરુલ મુ'મિનીન ! તે કાંટાદાર વૃક્ષની જેમ છે જે મુસલમાનની અંદર હોય અને તેની નસોમાં પ્રવેશ કરેલું હોય, હવે એક મજબૂત હાથવાળો ઈન્સાન તેને ખેંચી રહ્યો હોય.

**(૨૬)** ઈબ્ને અબી દુન્યાએ શદ્દાદ બિન ઔસથી રિવાયત કરી કે મૌત દુનિયા તથા આખેરતની ભયાનક્તાઓમાં સૌથી વધુ ભયાનક છે. આ આરાના ચીરવાથી, કાતરોના કાપવાથી, હાડકાંઓના ઉકાળ વાથી વધુ છે. જો મુડદુ જીવંત થઈને લોકોને મૌતથી સખ્તીઓ બતાવી આપત તો તેમનો આરામ અને ઊંઘ સર્વ કાંઈ ખતમ થઈ જાત. ઈબ્ને અબી દુન્યાએ આવી જ રિવાયત વહાબ બિન મુનબ્બાથી કરી છે.

**(૨૭)** અબૂ નુઐમે હિલયામાં વાષિલાથી રિવાયત કરી. રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું કે તમે પોતાનાં મુડદાંઓને કલમાએ તૌહીદની તલ્કીન કરો અને જન્નતની ખુશખબરી આપો કેમ કે તે સમયે મોટા મોટા સહનશીલ મર્દ તથા સ્ત્રીઓ હેરાન થાય છે. તે સમયે શૈતાન ઈન્સાનથી ખૂબ જ નજીક હોય છે. ખુદાની કૃસમ ! મલકુલ્ મૌતને જોવું તલ્વારના એક હજાર ઘાથી કેટલુયે અધિક છે. ખુદાની કૃસમ ! જ્યારે ઈન્સાન મૃત્યુ પામે છે તો તેની દરેક નસ અલગ અલગ રીતે તકલીફ વેઠે છે. આ જ પ્રકારની એક હદીષ ઈબ્ને અબી દુન્યાથી અબૂ હુસૈનની રિવાયતથી મરવી છે.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યા, તઅમા બિન ગૈલાન જઅફીથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તો નસો અને વેઢાઓની પણ રૂહ કાઢે છે. હે અલ્લાહ ! મારા પર તેને આસન ફર્માવી દે.

**(૨૯)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં ઉબૈદ બિન ઉમૈરથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ એક બીમારની અયાદત (બીમારપુર્સી) માટે તશરીફ લઈ ગયા. આપે ફર્માવ્યું, મૌતના કારણે તેની દરેક નસ દુઃખતી હતી પરંતુ તેના રબની તરફથી તેને આ ખુશખબરી આપવામાં આવી કે આ અઝાબ પછી કોઈ અઝાબ નથી, તો તેને રાહત મળી ગઈ.

આપ ﷺ એક બીમારની અયાદત માટે તશરીફ લઈ ગયા તો તેને પૂછયું, શું સ્થિતિ છે ? કહ્યું કે હું પોતાને એક આશાવાદી[૧] અને ડરવાવાળો અનુભવું છું. આપે ફર્માવ્યું, જે શખ્સમાં આ બે ચીજો મળી આવે તો તે જે ચીજની આશા કરશે ખુદા તેને તે અપાવશે અને જે ચીજાથી તે ડરશે ખુદા તેને તેનાથી બેખૌફ બનાવી દેશે.

**(૩૦)** અહમદે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે આખરી તકલીફ જે બંદાને પહોંચે છે મૌત છે. આ જ વિષયની રિવાયત અબૂ નુઐમ, મરૂઝી, બયહકી વગેરેથી પણ રિવાયત કરી છે.

**(૩૧)** સઈદ બિન મન્સૂરે ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી કે એક

*૧. એટલે અલ્લાહના સવાબનો ઉમ્મીદવાર અને અલ્લાહના અઝાબથી ભયભીત અને આ જ બે હાલતો ઈમાનની ખાસ નિશાનીઓમાંથી છે.*





શખ્સે કઅબ બિન અહબારને પૂછયું કે તે કઈ બીમારી છે જે લાઈલાજ છે ? આપે ફર્માવ્યું, તે મૌત છે ! ઝૈદ બિન અસ્લમ કહે છે કે મૌત એક બીમારી છે જેની દવા અલ્લાહની રઝામંદી[૧] છે.

**(૩૨)** કુશૈરીએ ''રિસાલા''માં અબુલ ફઝલ તૂસીએ ઉયૂનુલ અખ્બારમાં અને દૈલમીએ પોતાની સનદ થકી અનસથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ઈન્સાન પર જ્યારે સકરાતની હાલત છવાય જાય છે અને મૈયતની બેચૈની હોય તો તેનાં અંગો એકબીજાને સલામ કહે છે કે, اَلسَّلَامُ عَلَيْكَ تُفَارِقُنِى وَاُفَارِقُكَ اِلٰى يَوْمِالْقِيٰمِةِ ''તારા પર સલામતી હજો ! તું મારાથી જુદો થઈ રહ્યો છે અને હું તારાથી કૃયામત સુધી જુદો થઈ રહ્યો છું.

**(૩૩)** ઈબ્ને અબી દુન્યાએ હસન رحمۃ اللہ علیہથી રિવાયત કરી કે મૃત્યુ સમયે ઈન્સાનને સૌથી વધુ તકલીફ તે ક્ષણે થાય છે જ્યારે રૂહ ગળા સુધી પહોંચે છે તો તે સમયે તે બેચૈન થઈ જાય છે અને તેની નાક ઉઠી જાય છે. શહીદ આનાથી અલગ છે.

**(૩૪)** તિબ્રાનીએ અબૂ કતાદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શહીદને મૌતની તકલીફ માત્ર એટલી થાય છે જેટલી કોઈ કીડીના કરડવાથી થાય છે.

**(૩૫)** ઈબ્ને અબી દુન્યાએ મુહમ્મદ બિન કઅબ કુરજીથી રિવાયત કરી કે સૌથી છેલ્લે મલકુલ મૌતનું મૃત્યુ થશે તેમને કહેવામાં આવશે મરી જાવ ! તો તે સમયે તે એવી ચીસ પાડશે કે જેને જો જમીન આકાશવાળા સાંભળી લે તો ગભરામણથી તેમનો પ્રાણ નીકળી જાય.

**(૩૬)** ઈબ્ને અબી દુન્યાએ ઝિયાદ નુમૈરીથી રિવાયત કરી કે મલકુલ્ મૌત પર મૌતની સખ્તી સમગ્ર સૃષ્ટિની મૌતની તકલીફ કુલ મિલાવીને સખ્તીથી અધિક થશે.

**ખુલાસો** : કુર્તબીએ કહ્યું કે મૌતની સખ્તીના બે લાભ છે : એક તો ફઝીલત તથા કમાલોનું સંપૂર્ણ થવું અને દરજ્જાનું બુલંદ થવું આ કોઈ

*૧. અલ્લાહનું રાજી હોવું.*

અઝાબ ખામી નથી પણ હદીષ શરીફમાં આવ્યું છે. સૌથી અધિક અજમાઈશ અંબિયા عَلَيْهِمُ السَّلَامની પછી તેમના બાદ જે બુઝુર્ગ થયા અને પછી તેમના બાદ જે થયા છેવટ સુધી. બીજો લાભ એ છે કે મૌતની તકલીફનો અંદાજો લગાડી શકાય ભલે આ બાતિની (આંતરિક) ચીજ છે કેમ કે અમુકવાર જોવામાં આવે છે કે એક શખ્સ મૌતની સખ્તીઓમાં સપડાયેલ છે પરંતુ જોનાર એ જોઈ રહ્યો છે કે તે હાલતો પણ નથી, તે સમજે છે કે કદાચ ! રૂહ આસાનીથી નીકળી રહી છે જ્યારે કે તે તેના અંદરના મામલાને વિચારી પણ નથી શકાતો. પણ જ્યારે આ વાત માલૂમ થઈ ગઈ કે ખુદાના નિખાલસત બંદા અવલિયા તથા અંબિયા દુનિયાથી વિદાય થયા તો તેમના પર અતિ સખત તકલીફો આવી તો ઉમ્મતના ગુનેહગારો માટે આ વાત દિલાસારૂપ થઈ ગઈ. શહીદ પર આ તકલીફો નાઝિલ નહીં થાય.

**ખુલાસો** : ઉલમાની એક જમાઅતે વર્ણન કર્યું કે **મિસ્વાકનો ઉપયોગ સકરાતની ક્ષણે આસાની પેદા કરે છે.** તેના પર હઝરત આઈશા رَضِيَ اللهُ عَنْهَاની સહીહ હદીષથી દલીલ આપવામાં આવી કે સકરાતના સમયે આપે મિસ્વાક કર્યું હતું.

**ખુલાસો** : અહમદે ઝોહ્દમાં મેમૂન બિન મેહરાનથી રિવાયત કરી, તેમણે ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ મૌતની નજીક કોઈ નેક અમલ કરે છે અને મૃત્યુ સમયે તેની યાદ આવે છે તો રૂહનું નીકળવું આસાન થઈ જાય છે.

**(૩૭)** ઈબ્ને અબી હાતિમે કતાદાથી આ આયતની તફસીર નકલ કરી કે "કિતાબુલ ઉઝમા"માં હયાતથી મુરાદ જિબ્રઈલનો ઘોડો અને મૌતથી મુરાદ કાબરચીતરો મેંઢો છે. મકાતલ અને કલ્બીએ કહ્યું કે મૌતને એક એવા મેંઢાની શિક્કલમાં પેદા કરી કે જ્યારે તે કોઈ ચીજ પાસેથી પસાર થાય છે તો તે મરી જાય છે અને જિંદગીને ઘોડાની શિક્કલમાં પેદા કરી કે જ્યારે તે કોઈ ચીજ પાસેથી પસાર થાય છે તો તે ચીજ જીવંત થઈ જાય છે.

**(૩૮)** અબૂ શૈખ તથા ઈબ્ને હબ્બાને કિતાબુલ અમ્મતમાં વહબ





બિન મુનબ્બાથી રિવાયત કરી કે અલ્લાહ તઆલાએ મૌતને કાબરચીતરા મેંઢાની શક્કલમાં પેદા કરી. તેના ચાર હાથ છે, એક અર્શની નીચે, એક તહતુષ્ષરામાં, એક પૂર્વમાં અને એક પશ્ચિમમાં. અલ્લાહે તેને ફર્માવ્યું, થઈ જા ! તો તે થઈ ગયો. પછી ફર્માવ્યું કે જાહેર થઈ જા ! તો તે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام સમક્ષ જાહેર થઈ ગયો. આ ચિન્હોથી જણાય છે કે મૌત એક દેહ જે મેંઢાની શક્કલમાં છે તે અરઝ નથી. એટલા માટે સહીહૈનમાં છે કે કયામતના દિવસે મૌતને કાબરચીતરા મેંઢાની શક્કલમાં લાવીને જન્નત અને દોઝખની દરમિયાન ખડો કરી દેવામાં આવશે. પછી પૂછવામાં આવશે, શું તમે આને ઓળખો છો ? તો તેઓ કહેશે કે હા ! કેમ કે સૌ (લોકો) તેને જોઈ ચૂક્યા હશે. પછી તેને ઝબહ કરી દેવામાં આવશે.

**ખુલાસો** : બહયકીએ શોઅબુલ્ ઈમાનમાં અબ્દુલ્લાહ બિન ઉમૈદ બિન ઉમૈરથી રિવાયત કરી કે મેં હઝરત આઈશા رَضِيَ اللهُ عَنْهَاથી અચાનક મૌત આવવાના વિશે પૂછ્યું કે શું આ બુરી છે ? તો આપે ફર્માવ્યું, કેવી રીતે બુરી છે ? મેં રસૂલુલ્લાહ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمને આ બાબતે પૂછ્યું તો આપે ફર્માવ્યું કે મો'મિન માટે તો રહમત છે ! પરંતુ ગુનેહગાર માટે પસ્તાવાપાત્ર પકડ છે.

## ★ ઈન્સાન મૃત્યુ શૈયામાં શું કહે છે ? તેની પાસે શું પઢવું જોઈએ અને જ્યારે મૃત્યુ પામી જાય તો શું કહેવું જોઈએ ? ★

**(૧)** અહમદ ઈબ્ને અબી દુન્યા અને દૈલમીએ અબૂ દરદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمએ ફર્માવ્યું, જે મરનારના માથા પાસે સૂરએ યાસીન પઢવામાં આવે છે તેના પર મૌત આસાન થઈ જાય છે. ઈબ્ને અબી શૈબા અબૂ દાઉદ નસઈ તથા હાકિમથી પણ આ પ્રકારની રિવાયતો મરવી છે.

**(૨)** ઈબ્ને અબી શૈબા અને મરૂઝીએ જાબિર બિન ઝૈદથી રિવાયત કરી કે મરનાર પાસે સૂરએ રઅ્દનું પઢવું મુસ્તહબ છે. કેમ કે તેનાથી મુડદા પર આસાની થાય છે. અને હુઝૂર صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمની હયાતે મુબારકામાં

જ્યારે કોઈ મૃત્યુ પામતુ હતું તો આ[૧] કહેવામાં આવતું હતું :–

**اللّٰهُمَّ غفر لِفُلَان بن فُلَا نِ وَبَرِّدُ عَلَيه مضجعَهٗ وَوَسِّعُ عَلَيهِ قبرهٗ وَاَعْطِه الرَّاحَة بَعْدَ المَوْتَ وَالحِقهٗ بنبيّه وتولَّ كَفْنَهٗ وَصَعِّدُ رُوْحَهٗ فِیْ اَرْوَحِ الصَّالِحِيْن وَاَجْمِعْ بَيننا وبينهٖ فِیْ دَارِ تبقى فيها الصّحة وَيُذهَبُ عنا فيها النّصبُ وَ الغوبُ**

અને હુઝૂર ﷺ પર દુરૂદ પઢવામાં આવે છે અને વારંવાર આ દુઆને પઢવામાં આવતી હતી ત્યાં સુધી કે તે મૃત્યુ પામી જતો હતો.

**(૩)** ઈબ્ને અબી શૈબા અને મરૂઝીએ શઅબીથી રિવાયત કરી કે અન્સાર મૈયત પાસે સૂરએ બકરહ્ પઢતા હતા.

**(૪)** અબૂ નુઐમે કતાદા رحمۃ اللہ علیہથી **وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَهٗ مخرجًا**ની તફસીરમાં એ વર્ણન કરી કે જે અલ્લાહથી ડરતો રહે છે અલ્લાહ તેને દુનિયાની શંકાઓથી નજાત આપે છે અને મૌતની ક્ષણે બેચૈનીથી અને ક઼યામતના દિવસે ક઼યામતની ભયાનક્તાથી.

**(૫)** મુસ્લિમે અબૂ સઈદથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું કે તમે પોતાનાં મુડદાંઓને[૨] "લા ઈલાહ ઈલ્લલ્લાહ"ની તલક઼ીન કરો. અહમદ, અબૂ દાઊદ અને હાકિમે પણ આવી જ રિવાયત કરી.

**(૬)** બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે પોતાનાં બાળકોને સર્વ પ્રથમ કલમએ તૈયબા સંભળાવો અને પોતાનાં મુડદાંઓને પણ, કારણ કે જે શખ્સનો પ્રથમ તથા છેલ્લો કલમો (વાત) લા ઈલાહ ઈલ્લલ્લાહ હોય અને પછી તે હજાર વરસ પણ જીવંત રહે તો તેને કોઈ ગુનાહ વિશે નહીં પૂછવામાં આવે.

**(૭)** અબૂ ક઼ાસિમ કુશૈરીએ પોતાની અમાલીમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે જ્યારે મરનાર પર સખતી થઈ જાય તો તેને

*૧. અર્થાત : હે અલ્લાહ ! ફલાણાના પુત્ર ફલાણાની મગફેરત કર. તેની ક઼બ્ર ઠંડી કર ! તેની ક઼બ્ર પહોળી કર ! મૃત્યુબાદ તેને આરામ આપ અને પોતાનો નબી ﷺનો સંગાથ અતા ફર્માવ અને તેને દોસ્ત રાખ, તેની રૂહને સાલેહીન (નેક લોકો)ના સ્થળે પહોંચાડ. અમને અને તેને એવા ઘરમાં એકત્ર ફર્માવ જેમાં તંદુરસ્તી બાકી રહે અને થાક દૂર થાય.*

*૨. મુડદાંઓથી મુરાદ તેઓ છે જે મૌતની નજીક હોય.*





જબરદસ્તી[૧] કલમો ન પઢાવો બલ્કે તેને તલ્ક઼ીન કરો. કેમ કે આ આ કલમા પર કોઈ મુનાફિક઼નો ખાતમો નથી થતો.

**(૮)** તિબ્રાની તથા બયહકીએ શોઅબુલ ઈમાન અને દલાઈલુન્નબુવ્વતમાં અબ્દુલ્લાહ બિન અબી ઔફા رضی اللہ عنہથી રિવાયત કરી કે એક શખ્સ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો અને અરજ કરી કે અહીંયાં એક છોકરો છે જેની મૌતનો સમય નજીક છે, પરંતુ તે કલમો નથી પઢી શકતો. તો આપે ફર્માવ્યું, શું તે જિંદગીમાં આ કલમો ન પઢતો હતો ? તેણે કહ્યું, હા ! જિંદગીમાં પઢતો હતો. તો હુઝૂર ﷺ સૌની સાથે તેની પાસે તશરીફ લઈ ગયા. આપે તે છોકરાને ફર્માવ્યું, **લા ઈલાહ ઈલ્લલ્લાહ** પઢો ! તેણે કહ્યું કે હું આની શક્તિ નથી ધરાવતો. આપે ફર્માવ્યું, કેમ ? કહેવા લાગ્યો કે હું પોતાની માંની નાફર્માની કરતો હતો. આપે ફર્માવ્યું, શું તે ઝિંદા છે ? તેણે કહ્યું, હા ! જેથી તે સ્ત્રી બારગાહે રિસાલતમાં પેશ કરવામાં આવી. આપે તેણીને પૂછયું, શું આ તમારો પુત્ર છે ? તેણે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, જો એક વિશાળ આગ સળગાવવામાં આવે અને તમને કહેવામાં આવે કે અમે આ છોકરાને આગમાં નાખીએ છીએ નહીંતર તમે માફ કરી દો તો શું તમે માફ કરી દેશો ? તે કહેવા લાગી, હા ! આપે ફર્માવ્યું કે તો અમને અને ખુદાને સાક્ષી બનાવીને કહી દો કે હું તેનાથી રાજી થઈ ગઈ. જેથી તેણે કહી દીધું કે હું રાજી થઈ ગઈ. પછી આપે છોકરાને ફર્માવ્યું કે હવે કલમો પઢો. જેથી તે કલમો પઢવા લાગ્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, **الحَمْدُ لِلّٰه الَّذِیْ انقذه بِیْ مِنَ النَّار** "તે ખુદાનો શુક્ર છે કે જેણે મારા સદક઼ામાં તેને જહન્નમના અઝાબથી નજાત અપાવી."

**(૯)** ઈબ્ને અસાકિરે અબ્દુર્રહ્માન મુહારબીથી રિવાયત કરી કે એક શખ્સના મૃત્યુનો સમય નજીક આવી ગયો. તો તેને કલમએ તૈયબા પઢવા માટે કહેવામાં આવ્યું. તેણે જવાબ આપ્યો કે હું આને પઢવાની

*૧. હેતુ એ છે કે આ તકલીફની હાલતમાં જો મુડદાને કલમો પઢવાનો હુકમ આપવામાં આવે અને તે મનાઈ કરી દે તો કાફિર થઈ જશે. એટલા માટે માત્ર તેની સમક્ષ કલમો પઢો જેથી તે સાંભળી લે.*

શક્તિ નથી ધરાવતો[1] કારણ કે હું એવા લોકો સાથે ઉઠતો બેસતો હતો જેઓ મને અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ની ગુસ્તાખી કરવાની તલ્ક઼ીન કરતા હતા.

**(૧૦)** અબૂ લયલા તથા હાકિમે સહીહ સનદ દ્વારા તલ્હા અને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી કે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા, હું એવા ત્રણ કલમાને જાણું છું કે જ્યારે મરનાર તે પઢી લે તો તેની રૂહ અત્યંત આરામથી જુદા થઈ જાય છે અને ક઼યામતના દિવસે તેના માટે નૂર બની જાય છે.

**(૧૧)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ મુખ્તદ઼રીનમાં અને તિબ્રાની તથા બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં અબૂ હુરૈરહ્થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મલકુલ મૌત علیہ السلام એક મરનાર શખ્સ પાસે આવ્યા તો તેના અંગો ચીરીને જોયાં પણ કોઈ નેક અમલ ન પામ્યો. પછી તેનું દિલ ચીર્યું કોઈ સારો અમલ ન પામ્યો, પછી તેના ગાલ ચીર્યા તો જોયું કે તેની જીભની અણી તાળવા સાથે લાગેલ છે અને તે લા ઈલાહ ઈલ્લલ્લાહ કહી રહ્યો છે, તો આ કલમાના કારણે તેની મગફેરત કરી દેવામાં આવી !

**(૧૨)** અબૂ નુઐમે ફરકદ સન્જીથી રિવાયત કરી કે જ્યારે કોઈના મૃત્યુનો સમય નજીક થાય છે તો ડાબી બાજુનો ફરિશ્તો કહે છે કે અઝાબમાં કમી કર ! તો જમણી બાજુનો ફરિશ્તો કહે છે કે ઓછો નહીં કરું કેમ કે કદાચ[2] આ તકલીફના કારણે આ કલમએ તૈયબા પઢી લે અને બક્ષી દેવામાં આવે.

**(૧૩)** તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે જે મૃત્યુ સમયે આ કલમા પઢે તો તેને આગ કદી નહીં ખાશે.

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكۡبَرُ وَلَاحَوۡلَ وَلَا قُوَّةَ اِلَّا بِا للّٰهِ الۡعَلِیِّ الۡعَظِیۡمِ

---

*૧. અલ્લાહુ અકબર ! કેટલો મહાન છે આ હઝરાતનો દરજ્જો ! જ્યારે આ બુઝુર્ગોને બુરા કહેવાવાળા લોકો સાથે ઉઠવા બેસવાની આ સજા છે, તો જેઓ ખૂદ બુરા કહે છે તેમની શું સજા હશે ?!*

*૨. આ મો'મિન માટે છે કેમ કે કાફિર જો આ સ્થિતિમાં કલમો પઢશે તો તે સ્વીકાર્ય નથી.*





**અર્થ** : "અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને અલ્લાહ મહાન છે. અને કોઈ તાક઼ત અને શક્તિ નથી પરંતુ અલ્લાહની મદદથી જે મહાન અને અઝમતવાળો છે."

**(૧૪)** હાકિમે સઅદ બિન અબી વક્ક઼ાસથી રિવાયત કરી કે નબીએ કરીમ علیہ السلام એ ફર્માવ્યું કે શું હું તમને ઈસ્મે આ'ઝમ બતાવું તે ઈસ્મે આ'ઝમ યૂનુસ علیہ السلام ની દુઆ છે : لَآاِلٰهَ اِلَّا اَنۡتَ سُبۡحٰنَكَ اِنِّیۡ كُنۡتُ مِنَ الظّٰلِمِیۡنَ
**અર્થ** : "તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તું દરેક ઐબ (ઉણપ)થી પાક છે, નિઃશંક ! હું જુલ્મ કરવાવાળાઓમાં હતો."

જે શખ્સે પોતાની બીમારીમાં આ દુઆ ચાલીસવાર પઢી લીધી અને પછી તે જ બીમારીમાં તેનું મૃત્યુ થઈ ગયું તો તેને શહીદનો સવાબ મળશે અને જો તંદુરસ્ત થઈ ગયો તો ગુનાહોથી પાક થઈ જશે.

**(૧૫)** ઈબ્ને અબી દુન્યા કિતાબુલ્ મરઝ વલ્ કફ્ફારાતમાં અને ઈબ્ને મુનબ્બાએ પોતાની મુસ્નદમાં અબૂ હૂરૈરહ્ની મરફૂઅ હદીષથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! શું હું તમને એવી હક્ક઼ વાત ન બતાવું કે જેને બીમાર બીમારીની શરૂઆતમાં પઢી લે તો અલ્લાહ તઆલા તેને જહન્નમથી મુક્તિ આપશે. મેં અર્ઝ કરી, હા ! હે અલ્લાહના રસૂલ ! (صلی اللہ علیہ وسلم) જણાવો. આપે ફર્માવ્યું કે તે કલમા (દુઆ) આ છે :–

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ يُحۡیِ وَيُمِيۡتُ وَهُوَ لَا يَمُوۡتُ وَسُبۡحَانَ اللّٰهِ رَبِّ الۡعِبَادِ وَالۡبِلَادِ وَ الۡحَمۡدُ لِلّٰهِ حَمۡدًا كَثِيۡرًا طَيِّبًا مُبَارَكًا فِيۡهِ عَلٰی كُلِّ حَالٍ وَ اللّٰهُ اَكۡبَرُ كَبِيۡرًا كِبۡرِيَاءُهٗ وَجَلَالَهٗ وَقُدۡرَتَهٗ بِكُلِّ مَكَانٍ اللّٰهُمَّ اِنۡ كُنۡتَ اَمۡرَضۡتَنِیۡ لِتَقۡبِضَ رُوۡحِیۡ فِیۡ مَرَضِیۡ هٰذَا فَاجۡعَلۡ رُوۡحِیۡ فِیۡ اَرۡوَاحِ مَنۡ سَبَقَتۡ لَهُمۡ مِنۡكَ الۡحُسۡنٰی وَاَعِذۡنِیۡ مِنَ النَّارِ كَمَا اَعَذۡتَ اُولٰٓئِكَ الَّذِيۡنَ سَبَقَتۡ لَهُمۡ مِنۡكَ الۡحُسۡنٰی۔

"અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી. તે જ જીવંત કરે છે તે જ મારે છે, તે જીવંત છે નહીં મરે તે દરેક ઐબથી પાક છે. બંદાઓ અને શહેરોના રબ, સર્વ પ્રશંસા અલ્લાહ માટે છે, એવી પ્રશંસા જે બરકત તથા પાકીવાળી છે. તેની દરેક સ્થિતિમાં પ્રશંસા છે. હું તેની મહાનતાનો એકરાર કરું છું, તેની બુઝુર્ગી અને કુદરત મહાન છે. હે અલ્લાહ !

અગર તેં મને એટલા મને બીમાર કર્યો છે કે મૌત આપે, તો મારી રૂહને તે હઝરાતનો સાથ નસીબ ફર્માવજે જેને તેં જન્નત અતા ફર્માવી છે અને જહન્નમથી મુક્તિ આપ.

તો જો તમે તમારી એ જ બીમારીમાં મૃત્યુ પામશો તો તમારા માટે અલ્લાહની રઝામંદી અને જન્નત છે અને જો તમે ગુનેહગાર છો તો તમારા ગુનાહ માફ કરી દેવામાં આવશે.

**(૧૬)** ઈબ્ને અસાકિરે અલી كرم الله تعالىٰ وجهه الكريم થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ને તેમણે ફર્માવતાં સાંભળ્યું કે જે શખ્સે મૃત્યુ સમયે આ[1] કલમા પઢી લીધા તો જન્નતમાં દાખલ થઈ જશે. ત્રણવાર **لَآاِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْم۔** ત્રણવાર **اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ** ત્રણવાર **تَبَارَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ يُحْيِ وَيُمِيْتُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ**

**(૧૭)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને બઝ્ઝારે અબૂ હુરૈરહ્ رضى الله عنه થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ ફર્માવે છે કે મો'મિન મારી દૃષ્ટિએ સંપૂર્ણ ભલાઈ છે કે હું તેની રૂહ કબ્ઝ કરું છું અને તે મારી પ્રશંસા કરે છે. આ જ પ્રકારની રિવાયત બયહકીએ કરી.

**(૧૮)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં, મરૂઝી, મુસ્લિમ, ઈબ્ને અબી શૈબાએ ઉમ્મુલ હસનથી રિવાયત કરી કે હું ઉમ્મે સલ્માની ખિદમતમાં હાજર હતી કે એટલામાં એક શખ્સે આવીને ખબર આપી કે, ફલાણો આદમી મૃત્યુ પામી રહ્યો છે. તો આપે ફર્માવ્યું, જાવ ! તેના મૃત્યુનો સમય નજીક હોય તો કહેજો :–

**سَلَامٌ عَلَى الْمُرْسَلِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ** **અર્થ** : "રસૂલો પર સલામ હજો અને તમામ તા'રીફ (પ્રશંસા) અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે."

---

*૧. અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી તે માફી તથા કરમવાળો છે સર્વ તારીફ અલ્લાહ રબ્બુલ્ આલમીન માટે છે. બરકતવંત છે તે ઝાત કે જેના કબ્ઝા તથા કુદરતમાં બાદશાહત છે. તે જીવંત કરે અને મારે છે. અને તે દરેક ચીજ પર શક્તિ ધરાવે છે.*





**(૧૯)** તિબ્રાનીએ અવસતમાં અબૂબક્રથી રિવાયત કરી કે હુઝૂર صلى الله عليه وسلم અબૂ સલમા પાસે તેમના મૃત્યુ વેળામાં તશરીફ લાવ્યા તો જ્યારે તેમની આંખો ફાટવા લાગી તો હુઝૂરે તેને બંધ ફર્માવી દીધી. તો ઘરવાળાઓ ચીસો પાડવા લાગ્યા. આપે તેઓને ચૂપ કરી દીધા અને ફર્માવ્યું, જ્યારે રૂહ નીકળે છે તો નજર તેનો પીછો કરે છે. **જ્યારે કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો ફરિશ્તાઓ હાજર થાય છે અને ઘરવાળા જે કાંઈ કહે છે તેઓ તેના પર આમીન કહે છે.** પછી આપે ફર્માવ્યું, હે અલ્લાહ ! અબૂ સલમાને હિદાયત પામેલ લોકોના દરજામાં પહોંચાડ અને તેમના વારસદારો માટે તેમનો નાયબ નિયુક્ત ફર્માવ. અમારી અને તેમની કૃયામતના દિવસે બખ્શિશ ફર્માવ.

**(૨૦)** હાકિમે શદ્દાદ બિન ઔસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે જ્યારે કોઈ મૃત્યુ પામવા લાગે તો તેની આંખો બંધ કરી દો. કેમ કે જ્યારે રૂહ નીકળે છે તો દૃષ્ટિ તેનો પીછો કરે છે અને ફરિશ્તાઓ[1] ત્યાં હાજર રહે છે તો જ્યારે ઘરવાળા જે કહે છે તેઓ તેના પર આમીન કહે છે.

**(૨૧)** બયહકીએ શોઅબુલ ઈમાનમાં અને અબૂ નુઐમે હિલયામાં મુજાહિદ થકી રિવાયત કરી, કે કહે છે કે મને ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે **જુઓ ! વુઝૂ વિના કદાપિ ન સૂતા ! કેમ કે રૂહને જે હાલતમાં[2] કબ્ઝ કરવામાં આવે છે તે જ હાલતમાં રાખવામાં આવે છે.**

**(૨૨)** તિબ્રાનીએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે **જે શખ્સની રૂહ મલકુલ્ મૌતે દુનિયાના આલમમાં વુઝૂની હાલતમાં કૃબ્ઝ કરી તો તે કૃયામતમાં શહાદતનો દરજ્જો પામશે.**

**(૨૩)** મરૂઝીએ બકર બિન અબ્દુલ્લાહ મુઝનીથી રિવાયત કરી

---

*૧. તો એવા મૌકૃા પર સારી વાત અને સારી દુઆ જ કરવી જોઈએ.*

*૨. તો જાણે જ્યારે તમે સૂઈ જશો અને તમારી રૂહ તમારાથી વુઝૂની હાલતમાં જુદા થઈ જશે તો હવે બે સ્થિતિઓ છે, ક્યાં તો આ જ દુનિયામાં પરત ફરશે અથવા તો આખેરતમાં. હવે જ્યારે પરત ફરશે તો તે જ સ્થિતિ પર જેમાં ઊંઘ આવી હતી.*

કે જયારે તમે કોઈ મુડદાંની આંખો બંધ કરો તો કહો કે, بِسۡمِ اللّٰهِ وَعَلٰی مِلَّةِ رَسُوۡلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ ۔

## ★ મલકુલ મૌત તથા તેમના મદદગારોનું વર્ણન ★

અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે : આપ ફર્માવી દો કે, તમને મૌતનો ફરિશ્તો મૌત આપે છે જે તમારા પર નિયુક્ત છે. તદુપરાંત ફર્માવ્યું કે ત્યાં સુધી કે જ્યારે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય નજીક આવી જાય છે તો અમારા ફરિશ્તા તેને મૌત આપે છે અને સુસ્તી નથી કરતા.

**(૧)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને ઈબ્ને અબી હાતિમે ઈબ્ને અબ્બાસ رضي الله عنهماની તફસીરમાં વર્ણન કર્યું છે કે **રુસૂલ**થી હેતુ મલકુલ મૌતના મદદ કરનારા ફરિશ્તાઓ છે. અબૂ શૈખે પણ આ જ પ્રકારની રિવાયત કરી.

**(૨)** અબૂ શૈખે કિતાબુલ અઝમતમાં વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે જે ફરિશ્તા ઈન્સાનોને મૌત આપવા આવે છે તે જ ઈન્સાનની મૌતનો સમય લખી દે છે હવે જ્યારે કોઈ નફ્સની મૌતનો સમય હોય છે. તેઓ તેની રૂહ મલકુલ મૌતના હવાલે (સુપ્રત) કરી દે છે.

**(૩)** ઈબ્ને અબી હાતિમે અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે જ્યારે અલ્લાહ તઆલાએ આદમ عليه السلامને પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો તો અર્શ ઉઠાવવાવાળા ફરિશ્તાઓમાંથી એકને મોકલ્યો કે જમીન પરથી થોડી માટી લઈ આવો. જ્યારે ફરિશ્તો માટી લેવા આવ્યો તો જમીને ફરિશ્તાને કહ્યું, હું તને તે ઝાતની કસમ દઉં છું જેણે તને મારી પાસે મોકલ્યો. તું મારી માટી ન લઈ જા જેથી કાલે તેણે આગળમાં સળગવું પડે. જ્યારે તે ખુદાની બારગાહમાં પહોંચ્યો તો તેને પૂછયું કે માટી કેમ ન લાવ્યા ? ફરિશ્તાએ જમીનનો જવાબ સંભળાવી દીધો છે કે, હે મૌલા ! જ્યારે તેણે તારી અઝમતનો વાસ્તો અપાવ્યો તો મેં તેને છોડી દીધી ! તો અલ્લાહ તઆલાએ બીજા ફરિશ્તાને મોકલ્યો. તેની સાથે પણ આ જ મામલો થયો. એટલે સુધી કે મલકુલ મૌત عليه السلامને મોકલ્યા, જમીને





તેમને પણ આ જ જવાબ આપ્યો. તો આપે ફર્માવ્યું, હે જમીન ! જે ઝાતે મને તારી પાસે મોકલ્યો છે તે તારાથી અધિક આજ્ઞાપાલનને પાત્ર છે, હું તેના ઉદ્દેશ સમક્ષ તારી વાતો કેવી રીતે સ્વીકારી શકુ છું ! જેથી આપે જમીનના વિવિધ ભાગોમાંથી થોડી થોડી માટી લીધી અને અલ્લાહની બારગાહમાં હાજર થયા. તો ખુદાએ તેને જન્નતના પાણીથી ગુંદી તો તે કાદવ થઈ ગઈ. પછી અલ્લાહ તઆલાએ તેનાથી આદમ عليه السلامને પેદા કરી દીધા. ઈબ્ને ઈસ્હાક તથા ઈબ્ને અસાકિર વગેરે એ પણ આ જ રિવાયત થોડા ફેરફાર સાથે બયાન કરી.

**(૪)** ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને અબી શૈબા તથા અબૂ શૈખે અઝમતમાં અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી કે દુનિયાનું વ્યવસ્થા તંત્ર ચાર ફરિશ્તાઓના સુપ્રત[1] છે. જિબ્રઈલ عليه السلامના સુપ્રત લશ્કરો તથા હવાઓનું કામ છે. મીકાઈલ عليه السلامના સુપ્રત વરસાદ અને વનસ્પતિનું કામ છે. ઈઝરાઈલ عليه السلام રૂહ કબ્ઝ કરવાના કામ પર લાગેલ છે અને ઈસ્રાફીલ આ સર્વને અલ્લાહનો હુકમ પહોંચાડે છે.

**(૫)** અબૂ શૈખ ઈબ્ને હબ્બાને કિતાબુલ અઝમતમાં રબીઅ બિન અનસથી રિવાયત કરી કે મલકુલ મૌત વિશે તેમને પૂછવામાં આવ્યું કે, શું તે એકલા રૂહ કબ્ઝ કરે છે ? તો તેમણે ફર્માવ્યું કે મલકુલ મૌતના મદદગાર છે અને તેમના તાબેદાર કરનારા છે, અને તે તેઓના સરદાર છે. અને મલકુલ મૌતનો એક પગ પૂર્વથી પશ્ચિમ સુધી છે અને મો'મિનોની રૂહો સિદરા પાસે હોય છે.

**(૬)** ઈબ્ને અબી દુન્યાએ ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી فَالْمُدَبِّرَاتِ اَمْرًاની[2] તફસીર રિવાયત કરી કે તેનાથી મુરાદ તે ફરિશ્તા છે જે મલકુલ મૌતના સાથે મૈયત પાસે રૂહ કબ્ઝ કરવાના સમયે હાજર હોય છે. તેઓમાંથી કોઈ રૂહને લઈને ચઢે છે અને કોઈ આમીન કહે છે, કોઈ નમાઝે જનાઝા થતા સુધી મૈયત માટે મગફેરતની દુઆ કરતો રહે છે.

---

*૧. તે ફરિશ્તાઓ માટે કુર્આન فَالْمُدَبِّرَاتِ اَمْرًا નો શબ્દ આવ્યો છે.*
*૨. એટલે, અને કહેવામાં આવ્યું કે કોણ છે ચઢાવનાર ?*

**(૭)** ઈબ્ને અબી દુન્યાએ ઈકરમા رضی اللہ عنہથી وَقِيْلَ مَنْ رَّاقٍની[1] આ તફસીર રિવાયત કરી કે મલકુલ મૌત علیہ السلامના મદદગાર ફરિશ્તા એકબીજાને કહે છે કે આ શખ્સની રૂહને પગથી લઈને નાક સુધી કોણ ચઢાવશે.

**(૮)** તિબ્રાનીએ કબીરમાં અબૂ નુઐમ અને ઈબ્ને સયદાએ અસ્સકાબીયામાં ખઝરજ رحمۃ اللہ علیہથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને એક મૈયત પાસે જોયા કે આપ મલકુલ મૌત علیہ السلام સાથે વાત કરી રહ્યા હતા કે, હે મલકુલ મૌત ! મારા સાથી સાથે નરમી કરો ! કેમ કે તે મો'મિન છે. તો મલકુલ મૌતે જવાબ આપ્યો કે આપની આંખો ઠંડી થાય અને દિલ ખુશ થાય ! હું તો દરેક મો'મિન પર નરમી કરું છું. હે મુહમ્મદ ! ﷺ કે જ્યારે આદમીની રૂહ કબ્ઝ કરું છું તો ચીસો પાડનારા ચીસો પાડે છે તો હું કહું છું કે ખુદાની ક઼સમ ! અમે તેના પર જુલ્મ નથી કર્યો, ન તેને સમય પહેલાં મૌત આપી અને અમે તેને મૌત દઈને કોઈ ગુનોહ નથી કર્યો. તો જો તમે અલ્લાહના કરેલા પર રાજી થાવ તો સવાબના હક્ક઼દાર થશો, નહીંતર અઝાબના લાયક અને અમારે તો વારંવાર આવવાનું જ છે એટલા માટે ડરતા રહો, તંબુવાળા હોય કે કાચા મકાનવાળા, નેક હોય કે બુરા, પહાડી વિસ્તારમાં રહેવાવાળા હોય કે સપાટ વિસ્તાર પર રહેવાવાળા, હું **દરેક રાત્રી અને દરેક દિવસ તેઓમાંથી એક એકના મોઢાને ધ્યાનથી જોઉં છું એટલા માટે હું દરેક નાના મોટાને તેઓથી વિશેષ ઓળખું છું. ખુદાની ક઼સમ ! અગર હું મચ્છરની રૂહ પણ કબ્ઝ કરવા ઈચ્છું તો અલ્લાહની ઈજાઝત વિના કબ્ઝ નથી કરી શક્તો.** જાઅફર બિન મુહમ્મદ કહે છે કે **મલકુલ મૌત** علیہ السلام **પાંચ ટાઈમની નમાઝોના સમયોમાં ચેહરા જુએ છે તો જો જુએ છે કે કોઈ નેક તથા નમાઝી ઈન્સાનનો મૃત્યુનો સમય નજીક આવી ગયો છે તો શૈતાનને તેનાથી દૂર ફર્માવે છે અને તેને કલ્માએ તૈયબાની તા'લીમ આપે છે.**

*૩. સુબ્હાનલ્લાહ ! મુહમ્મદ મુસ્તફા ﷺનો મકામ કેટલો ઉચ્ચ છે કે ફરિશ્તાઓ પણ જ્યારે આપની સાથે વાત કરે છે તો આટલા પ્યારા શબ્દોથી વાતચીતની શરૂઆત કરે છે.*





**(૯)** ઈબ્ને અબી દુન્યા અને અબૂ શૈખની રિવાયતમાં છે કે મલકુલ મૌત દિવસમાં ત્રણવાર લોકોના ચેહરા જુએ છે જેની ઉંમર પૂરી થઈ જાય છે અને જેનું રિઝ્ક દુનિયાથી ખત્મ થઈ જાય છે, તેની રૂહ કબ્ઝ ફર્માવે છે. ઘરવાળા રડવા લાગે છે. મલકુલ મૌત દરવાજો પકડીને ઊભા થઈને ફર્માવે છે કે મેં તમારો કોઈ કસૂર નથી કર્યો, હું તો અલ્લાહ તરફથી નિયુક્ત છું, ન મેં તેનું રિઝ્ક ખાધુ અને ન તેની રૂહ કબ્ઝ કરી અને મારે તો તમારી પાસે વારંવાર આવવાનું છે. એટલે સુધી કે તમારામાંથી કોઈ બાકી ન રહે. હસન ફર્માવે છે કે લોકો જો તે ફરિશ્તાને જોઈ શક્તા અને તેના કલામ (વાત)ને સાંભળવા પામે તો મૈયતને ભૂલીને પોતે પોતાને જ રડવા લાગી જાય.

**(૧૦)** ઝુબૈર બિન બક્કાર અને ઈબ્ને અસાકિર તથા મરૂઝીએ મયમૂનના વાલિદથી રિવાયત કરી, તે ફર્માવે છે કે હું મુત્તલિબ બિન અબ્દુલ્લાહ બિન હન્તબના મૃત્યુ સમયે મુમ્બજમાં તેમની પાસે જ હતો. તો એક શખ્સે તેમની તકલીફ જોઈને કહ્યું, હે મલકુલ મૌત ! તેના પર નરમી કરો ! તો મરનાર જેના પર બેભાની છવાયેલી હતી તે કહેવા લાગ્યા કે, "હું દરેક મો'મિન પર નરમી કરવાવાળો છું."

**(૧૧)** ઈબ્ને અબી દુન્યાએ ઉબૈદ બિન ઉમૈરથી રિવાયત કરી કે ઈબ્રાહીમ علیہ السلام એક દિવસ પોતાના ઘરમાં તશરીફ ફર્મા હતા કે અચાનક ઘરમાં એક સુંદર શખ્સ દાખલ થયો. આપે પૂછયું કે અલ્લાહના બંદા ! તને આ ઘરમાં કોણે દાખલ કર્યો ? તેણે કહ્યું કે ઘરવાળાએ. આપે ફર્માવ્યું કે નિઃશંક ! ઘરવાળાને તેનો અધિકાર છે. એ તો જણાવો કે તમે કોણ છે ? તેમણે કહ્યું કે મલકુલ મૌત છું. આપે ફર્માવ્યું કે મને તમારી કેટલીક નિશાનીઓ બતાવવામાં આવી છે પરંતુ તમારામાં તેનાથી એક પણ નથી. તો મલકુલ મૌતે પીઠ ફેરવી. હવે જે આપે જોયું તો તેમના શરીર પર આંખો જ આંખો દેખાવા લાગી અને શરીરનો દરેક વાળ અણીદાર તારની જેમ ઉભો હતો. ઈબ્રાહીમ علیہ السلامએ તરત તઅવ્વુઝ[1] પઢયું અને તેમને કહ્યું કે આપ પોતાની પ્રથમ શિક્લમાં તશરીફ લાવો. મલકુલ મૌતે ફર્માવ્યું કે ઈબ્રાહીમ علیہ السلام જ્યારે અલ્લાહ તઆલા એવા શખ્સને

*૧. એટલે ખુદાના અઝાબથી પનાહ માંગે અને ભયાનક ફરિશ્તાથી.*

મૌત આપે છે જે તેની મુલાકાતને શ્રેષ્ઠ જાણે છે તો મલકુલ મૌતને આ જ શક્કલમાં મોકલવામાં આવે છે જેમાં હું હાજર થયો. અને બીજી રિવાયતમાં છે કે જ્યારે તેમણે પીઠ ફેરવી તો તેની તે શક્કલ આવી જેનાથી તે બુરા લોકોની રૂહ કબ્ઝ કરે છે.

**(૧૨)** ઈબ્ને મસઊદ તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمની રિવાયતમાં આ જ પ્રમાણે છે કે ઈબ્રાહીમ علیہ السلامએ સવાલ કર્યો કે મલકુલ્ મૌત ! આપ મને તે શક્કલ બતાવો જેમાં આપ કાફિરોની રૂહોને કબ્ઝ કરો છો, તો મલકુલ મૌતે કહ્યું કે આ આપની શક્તિથી બહાર છે. પરંતુ આપની જીદ પર તેમણે તે શક્કલ બતાવવી શરૂ કરી અને ફર્માવ્યું કે આપ પોતાનું મોઢું ફેરવી લો. હવે જ્યારે જોયું તો એક કાળો શખ્સ છે, માથામાંથી આગના શોલા નીકળી રહ્યા છે તેના જિસ્મથી વાળના બદલે મોમાં આગ લીધેલ ભડકા નીકળી રહ્યા છે. તેના કાનોથી પણ આગ નીકળી રહી છે. આ સ્થિતિ જોઈને આપ પર બેહોશી છવાઈ ગઈ. હવે જ્યારે જોયું તો આપ પોતાની શક્કલમાં મૌજૂદ હતા. આપે મલકુલ મૌતને કહ્યું કે જો કાફિરને માત્ર તમારી શક્કલ જ જોવાની તકલીફ વેઠવી પડે તો આ બહુ મોટી તકલીફ છે. હવે જરાક એ બતાવો કે મો'મિનની રૂહ કયા રૂપમાં થઈને આપ કાઢો છો ?! ફરિશ્તાએ કહ્યું કે જરાક મોઢું ફેરવો. આપે મોઢું ફેરવીને જ્યારે જોયું તો આપની સમક્ષ એક હસીન નવયુવાન હતો જેનું શરીર મહેકી રહ્યું હતું, જેનાં કપડાં સફેદ હતાં. ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું કે જો મો'મિનને ફક્ત આપના દીદારની દૌલત દેવામાં આવી તો પૂરતી છે.

**(૧૩)** અહમદે ઝોહ્દમાં અબૂ શૈખે અઝમતમાં અને અબૂ નુઐમે મુજાહિદથી રિવાયત કરી કે જમીન મલકુલ મૌત માટે થાળની જેમ કરી દેવામાં આવી છે કે જ્યાંથી ઈચ્છે જેને ઈચ્છે ઉઠાવી લે તેમનાં કેટલાક મદદગાર છે જે રૂહો કબ્ઝ કરીને તેમના હવાલે કરે છે.

**(૧૪)** ઈબ્ને અબી દુન્યા તથા અબૂ શૈખે અશઅ્ષ બિન સલીમથી રિવાયત કરી કે ઈબ્રાહીમ علیہ السلامએ મલકુલ મૌતને પૂછયું કે બીમારી (જે હવાના દુષણથી ફેલાય છે)ના જમાનામાં કોઈ પૂર્વમાં હોય અને કોઈ પશ્ચિમમાં તો આપ શું કરો છો ? તો તેમણે કહ્યું કે હું રૂહોને અલ્લાહ





તઆલાના હુકમથી બોલાવું છે તો તે મારી આ બે આંગળીઓની વચ્ચે આવી જાય છે અને ધરતીને થાળની જેમ કરી દેવામાં આવી છે જ્યાંથી ઈચ્છું ઉઠાવું છું.

**(૧૫)** દીનૂરીએ મુજાલિસામાં રિવાયત કરી કે મલકુલ મૌતને કહેવામાં આવ્યું કે આપ રૂહોને કેવી રીતે કબ્ઝ કરો છો ? આપે ફર્માવ્યું, હું તેમને પોકારું છું તે લબ્બૈક કહેતી હાજર થઈ જાય છે.

**(૧૬)** ઈબ્ને અબી દુન્યા અબૂ શૈખ અને અબૂ નુઐમે શહર બિન હૌશબથી રિવાયત કરી કે **મલકુલ મૌત બેઠેલા હતા અને દુનિયા તેમના બે ઘૂટણો સમક્ષ છે અને લૌહે મહફૂઝ જેમાં ઉંમરો છે તો તેમની સમક્ષ છે અને તેમની ખિદમતમાં કેટલાક ફરિશ્તાઓ ઊભા છે. જેવો કોઈના મૃત્યુનો સમય આવે છે તો ફરિશ્તાઓને તેની રૂહ કબ્ઝ કરવાનો હુકમ આપે છે.**

**(૧૭)** ઈબ્ને અબી હાતિમ અને અબૂ શૈખે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી. તેમને સવાલ કરવામાં આવ્યો કે **બે શખ્સ એક ક્ષણમાં મૃત્યુ પામે છે કે એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં તો પછી મલકુલ મૌત કેવી રીતે રૂહો કબ્ઝ કરે છે ?! તો આપે જવાબ આપ્યો કે મલકુલ મૌતની શક્તિ પૂર્વ તથા પશ્ચિમવાળામાં એવી છે જેમ કોઈ શખ્સ પાસે દસ્તરખાન હોય હવે તે જે ઈચ્છે તેમાંથી લઈ લે.**

**(૧૮)** જુવૈબરે પોતાની તફસીરમાં પોતાની સનદ થકી ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે મલકુલ મૌત જ સમગ્ર ધરતીવાળાને મૌત આપે છે અને તેમને સૌ ધરતીવાળા પર એવી રીતે મુસલ્લત કરવામાં આવ્યા છે જેમ કે તમારામાંથી કોઈ પોતાની હથેળીવાળી વસ્તુ પર. જ્યારે તે કોઈ પાક નફ્સને કબ્ઝ કરે છે તો તેની રૂહ રહમતના ફરિશ્તાઓને સુપ્રત કરે છે અને જ્યારે કોઈ નાપાક રૂહ કબ્ઝ કરે છે તો તે અઝાબના ફરિશ્તાઓના હવાલે કરી દે છે. ઈબ્ને અબી દુન્યા અને અબૂ હાતિમ વગેરેએ આ જ રિવાયત થોડા ફેરફારથી રિવાયત કરી.

**(૧૯)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં ખુષૈમાથી રિવાયત કરી કે મલકુલ મૌત સુલૈમાન علیہ السلامની ખિદમતમાં આવ્યા તો સુલૈમાને તેમને

પૂછયું, હે મલકુલ મૌત ! તમે એક ઘરમાં રહેવાવાળા તમામ ઈન્સાનોને મારી નાંખો છો અને તેના પાડોશીઓ પર આંચ સુદ્ધાં નથી આવતી ? હઝરત મલકુલ મૌતે જવાબ આપ્યો કે મને કંઈ ખબર નથી હોતી કે કોને મારવાનું છે હું તો અલ્લાહના અર્શની નીચે હોવ છું તો મને મરનારાના નામોની યાદી આપવામાં આવે છે તેમાં જેનું નામ હોય છે તેને મૌત દઉં છું અને જેનું નથી તેને નહીં.

**(૨૦)** ઈબ્ને અબી શૈબાએ આ જ સનદ દ્વારા રિવાયત કરી કે મલકુલ મૌત સુલૈમાન عليه السلامની બારગાહમાં આવ્યા અને તેમના સાથીઓમાંથી એકને ખૂબ ધ્યાનથી જોવા લાગ્યા. જ્યારે આપ ચાલ્યા ગયા તો તે શખ્સે સુલૈમાન عليه السلامને પૂછયું કે આ શખ્સ કોણ હતો ? આપે ફર્માવ્યું, આ મલકુલ મૌત હતા ! તેણે અર્ઝ કરી કે સરકાર ! એવું લાગે છે કે તે મારી રૂહ કાઢવાનો ઈરાદો ધરાવતા હતા. આપે ફર્માવ્યું કે તો તમારો શું ઈરાદો છે ? તેણે અર્ઝ કરી કે હઝરત હવાઓને હુકમ આપો કે તે મને ભારતની ધરતી પર પહોંચાડી દે. આપે હુકમ આપ્યો અને હવાઓ તે શખ્સને હિંદની ધરતી પર છોડી આવી. પછી મલકુલ મૌત તશરીફ લાવ્યા તો હઝરત સુલૈમાન عليه السلامએ તેમને પૂછયું કે તમે મારા એક સાથીને ધ્યાનથી કેમ જોતા હતા ?! તેમણે કહ્યું કે હઝરત ! હું તેના પર આશ્ચર્ય કરી રહ્યો હતો કે મને હુકમ આપવામાં આવ્યો છે કે હું તેની રૂહ હિંદ[1]માં કબ્ઝ કરું અને આ તમારી પાસે બેઠો છે તો કેવી રીતે હિંદ પહોંચશે ?!

**(૨૧)** ઈબ્ને અબી હાતિમે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે એક ફરિશ્તાએ ઈજાઝત માંગી કે તે ઈદ્રીસ عليه السلام પાસે જાય જેથી તે તેમની ખિદમતમાં આવ્યો અને સલામ કરી. ઈદ્રીસ عليه السلامએ તેને પૂછયું કે આપનો મલકુલ મૌત સાથે પણ કંઈ સંબંધ છે ? તેણે કહ્યું, હા ! તે

*૧. હદીષ શરીફમાં છે કે જે શખ્સ જે માટીથી પેદા થાય છે તેમાં જ દફન થાય છે અને કોઈ ન કોઈ બહાને પોતાના મદફન સુધી પહોંચી જ જાય છે. અને આ આયતમાં પણ એની જ તરફ સંકેત છે કે : مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً اُخْرٰى "અમે તમને આ માટીથી પેદા કર્યા એમાં જ પરત કરશું અને તેમાંથી જ ફરીવાર ઉઠાડશું." ત્રણે ઝમીરોનો મરજઅ એક જ છે.*





મારા ભાઈ છે. ઈદ્રીસ عليه السلامએ પૂછયું, શું મને તેમનાથી કોઈ લાભ પહોંચાડી શકો છો ?! ફરિશ્તાએ કહ્યું કે જો આપ ઈચ્છો કે મૌત આગળ પાછળ થઈ જાય તો એ અશક્ય છે, અલ્બત્ત તેમને એ કહીશ કે મૃત્યુ સમયે આપ પર નરમી કરે. જેથી ફરિશ્તાએ ઈદ્રીસ عليه السلامને પોતાના હાથ પર બેસાડયા અને આસ્માન પર પહોંચાડયા. ત્યાં મલકુલ મૌત સાથે મુલાકાત થઈ. ફરિશ્તાએ કહ્યું કે મને આપથી એક કામ છે. મલકુલ મૌતે ફર્માવ્યું મને તમારો હેતુ ખબર છે, તમે ઈદ્રીસ عليه السلامની બાબત વાત કરવા ઈચ્છો છો. તેમનું નામ તો જીવંત લોકોમાંથી મિટાવી દેવામાં આવ્યું છે હવે તેમની જિંદગીનો અડધો શ્વાસ બાકી રહ્યો છે. જેથી હઝરત ઈદ્રીસ عليه السلام ફરિશ્તાના હાથોમાં જ વફાત પામી ગયા.

**(૨૨)** મરૂઝી, ઈબ્ને અબી દુન્યા અને અબૂ શૈખે જાબિર બિન ઝૈદથી રિવાયત કરી કે મલકુલ મૌત પહેલાં લોકોને કોઈ પીડા અને બીમારી વિના મૌત આપતા હતા, તો લોકો તેમને ધિક્કારતા અને ગાળો દેતા. જેથી આપે ખુદાની બારગાહમાં ફરિયાદ કરી તો અલ્લાહ તઆલાએ બીમારીઓ પેદા કરી. હવે લોકો કહે છે કે ફલાણો માણસ ફલાણી બીમારીના કારણે મૃત્ય પામ્યો, મલકુલ મૌતનું નામ કોઈ નથી લેતું. અબૂ નુઐમે અઅ્મશથી આવી જ રિવાયત કરી.

**(૨૩)** અહમદ, બઝ્ઝાર અને હાકિમે અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી. તે નબીએ કરીમ صلى الله عليه وسلمથી રિવાયત કરે છે કે પહેલાં મલકુલ મૌત લોકો પાસે ખુલ્લે આમ આવતા હતા. પરંતુ જ્યારે મૂસા عليه السلامની પાસે આવ્યા તો તેમણે એક થપ્પડ મારીને તેમની એક આંખ ફોડી નાખી ! તો તે ખુદાની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, હે અલ્લાહ ! તારા બંદા મૂસાએ મારી આંખ ફોડી નાખી ! જો તે તારા બુઝુર્ગ બંદા ન હોત તો હું તેમના પર સખ્તી કરત. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ ! મારા બંદાને કહો કે તે પોતાનો હાથ બળદની પીઠ પર મૂકી દે, તેમના હાથ નીચે જેટલા વાળ આવશે દરેક વાળના બદલામાં એક વર્ષની ઉંમર લાંબી કરવામાં આવશે. મલકુલ મૌતે આ સંદેશો તેમને આપ્યો. મૂસા عليه السلامએ પૂછયું કે ત્યાર બાદ શું થશે ? કહ્યું કે મૌત ! (મૂસા عليه السلامએ) કહ્યું કે જો મૌત જ છે તો પછી હમણા જ રૂહ કબ્ઝ કરી લ્યો ! જેથી

હઝરત મલકુલ મૌતે તેમને સૂંધ્યા અને તેમની મૌત થઈ ગઈ, અને આ બાજુ હઝરત ઈઝરાઈલ علیہ السلامની આંખ ફરી પરત કરી દેવામાં આવી. બસ તે જ દિવસથી હઝરત મલકુલ મૌત છુપાઈને આવવા લાગ્યા.

**(૨૪)** અબૂ હુઝૈફા ઈસ્હાકે કિતાબુશ્શદાઈદમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે ફરિશ્તાઓએ કહ્યું કે હે અલ્લાહ ! તારા બંદા ઈબ્રાહીમને મૌતથી ખૂબ ડર લાગે છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેમને કહી દો કે જ્યારે દોસ્તોને મળવાનો વધુ મુદ્દત થઈ જાય છે તો એકબીજાની મુલાકાત માટે આતૂર બની જાય છે. હઝરત ઈબ્રાહીમને આ ખબર મળી તો આપે અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી કે હે મૌલા તઆલા ! હું તારી મુલાકાત માટે આતૂર છું. અલ્લાહ તઆલાએ એક ફૂલ તેમના માટે મોકલ્યું. આપે તે સૂંઘ્યું અને સૂંઘતાની સાથે રૂહ કબ્ઝ થઈ ગઈ.

**(૨૫)** અબૂ શૈખે રિવાયત કરી કે મલકુલ મૌતે ઈબ્રાહીમ علیہ السلامને અર્ઝ કરી, અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે આપની રૂહને ખૂબ આસાનીથી કબ્ઝ કરી લઉં. ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું કે રબની પાસે મારા બાબત વાત કરો. મલકુલ મૌત ખુદાની બારગાહમાં આવ્યા અને વાત કરી. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારા દોસ્તને કહી દો કે તમારો રબ કહે છે કે દોસ્ત તો દોસ્તની મુલાકાતને પસંદ કરે છે ! મલકુલ મૌતે ખુદાનો સંદેશ ઈબ્રાહીમ علیہ السلامને આપ્યો તો ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, સારું રૂહ કબ્ઝ કરી લો. મલકુલ મૌતે કહ્યું કે, ઈબ્રાહીમ ! શું તમે કદી શરાબ પીધી છે ? આપે ફર્માવ્યું, ના ! મલકુલ મૌતે થોડીક શરાબ (દારૂ) સૂંઘાડી દીધી અને આપની રૂહ તરત કબ્ઝ થઈ ગઈ.

**(૨૬)** અહમદે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે દાઊદ علیہ السلام ખૂબ જ બાહયા હતા. જ્યારે ઘરેથી નીકળતા તો દરવાજાઓમાં તાળા મારી દેતા જેથી કોઈ ઘરમાં ન જાય. એક દિવસ જ્યારે પરત તશરીફ લાવ્યા તો જોયું કે ઘરમાં એક શખ્સ ઊભો છે. આપે પૂછયું, તમે કોણ છો ?! કહ્યું, હું તે છું જે બાદશાહોથી નથી ડરતો, કોઈ આડ મારા માટે આડ નથી. દાઊદ علیہ السلامએ કહ્યું,





ખુદાની કૃસમ ! તમે મલકુલ મૌત લાગો છો. હું તમને ખુશ આમદિદ ! (આવકાર માટેનો શબ્દ) કહું છું. આપે ધાબળો ઓઢયો અને આપની રૂહ કબ્ઝ થઈ ગઈ.

**(૨૭)** તિબ્રાનીએ હુસૈનથી રિવાયત કરી કે હુઝૂર علیہ السلامની વફાતના દિવસે જિબ્રઈલ علیہ السلام ખિદમતમાં હાજર થયા અને તબિયત પૂછી. આપે ફર્માવ્યું કે હું બેચૈન અને ઉદાસ છું એટલામાં મલકુલ મૌતે હાજર થવાની મંઝૂરી માંગી. **જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી કે આ મલકુલ મૌત હાજરીની ઈજાઝત માંગે છે, આથી પહેલાં કોઈથી ઈજાઝત નથી માંગી અને આપના બાદ પણ કોઈથી ઈજાઝત નહીં માંગે.** આપ صلی اللہ علیہ وسلمએ ઈજાઝત આપી તો હાજર થયા અને આપની સમક્ષ ખડા થઈ ગયા અને અર્ઝ કરી કે અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું આપની આજ્ઞાપાલન કરું તો જો આપ ફર્માવો તો આપની રૂહ કબ્ઝ કરું અને જો ન ઈચ્છો તો કૃબ્ઝ ન કરું ! આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે મલકુલ મૌત ! શું આપ સાચે જ આના પર નિયુક્ત છો ?! તેમણે કહ્યું, હા ! જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ખુદા આપની મુલાકાતનો મુશ્તાક્ છે. આપે ફર્માવ્યું, હે મલકુલ મૌત ! તમે અલ્લાહના હુકમ પર અમલ કરો. જેથી તેમણે રૂહ કબ્ઝ કરી લીધી.

**(૨૮)** અહમદે ઝોહ્દમાં અને સઈદ બિન મન્સૂરે અતા બિન યસ્સારથી રિવાયત કરી કે **મલકુલ મૌત દરેક ઘરવાળાઓને દરરોજ પાંચવાર ધ્યાનથી જુએ છે કે શું તેમને કોઈ રૂહને કબ્ઝ કરવાનો હુકમ દેવામાં આવ્યો છે કે નહીં ?**

ઈબ્ને અબી હાતિમ, અબૂ શૈખ ઈબ્ને અબી શૈબા વગેરેએ થોડાક ફેરફારો સાથે તેને રિવાયત કરી.

**(૨૯)** અબૂલ ફઝલ તૂસીએ ઉયૂનુલ અખ્યારમાં અને ઈબ્ને નજ્જારે તારીખે બગદાદમાં હઝરત અનસથી રિવાયત કરી કે **મલકુલ મૌત બંદાઓના ચેહરાને દરરોજ સિત્તેરવાર જુએ છે. જ્યારે કોઈ બંદો હસે છે તો મલકુલ મૌત કહે છે કે નવાઈની વાત છે કે તેની રૂહ કબ્ઝ કરવા માટે આવ્યો છું અને આ હસી રહ્યો છે !**

**(૩૦)** અબૂ શૈખ અને અકૃીલી તથા દૈલમીએ હઝરત અનસથી

રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પ્રાણીઓ તથા કીડા મકોડાની રૂહો તસ્બીહમાં છે. જ્યારે તેમની તસ્બીહ પૂરી થઈ જાય છે તેમની મૌત આવી જાય છે. તેમની મૌત[1] મલકુલ મૌતના ક઼બ્ઝામાં નથી. ખતીબે પોતાની સનદ થકી મઅ્મરા કલાબીથી રિવાયત કરી તે કહે છે કે હું માલિક બિન અનસની ખિદમતમાં આવ્યો અને તેમને પૂછયું, શું મચ્છરોની રૂહ પણ મલકુલ મૌત કબ્ઝ કરે છે ?! તો તેમણે પૂછયું, શું તેમનામાં જીવ છે ? મેં કહ્યું, હા ! તો આપે ફર્માવ્યું, બસ ! તો તેમની રૂહ પણ મલકુલ મૌત કબ્ઝ કરે છે. કેમ કે કુર્આનમાં છે : اللّٰهُ يتوفى الانفس حِيْنَ موتها જુવેબરે પોતાની તફસીરમાં ઝહાકથી રિવાયત કરી કે મલકુલ મૌત ઈન્સાનોની રૂહ ક઼બ્ઝ કરે છે અને એક ફરિશ્તો જિન્નાતની અને એક શૈતાનોની અને એક પક્ષીઓ, પ્રાણીઓ, પશુઓ અને માછલીઓ, કીડા મકોડાઓની અને ફરિશ્તાઓ ખૂદ પહેલીવાર સૂર ફૂંકાશે તેમાં મરી જશે અને મલકુલમૌત તેમની રૂહ કબ્ઝ કર્યા બાદ મરી જશે. અને જે ખુદાના માર્ગમાં દરિયાનો સફર કરે છે અને શહીદ થઈ જાય ખૂદા પોતે તેમની રૂહો કબ્ઝ કરે છે કેમ કે તેઓ ખૂબ જ મહાન છે કે સમુદ્રની ઊંડાઈની પરવા નથી કરતા અને તેમાં સવાર થયા અને જેહાદ કર્યો. ઈબ્ને માજાએ પણ તેને રિવાયત કરી.

**(૩૧)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં રિવાયત કરી કે અગાઉની ઉમ્મતોમાં એક શખ્સ હતો જેણે ચાલીસ વર્ષ સુધી ખુશ્કી (સૂકી જમીન)માં ખુદાની ઈબાદત કરી. પછી તેણે દુઆ કરી, હે અલ્લાહ ! મને શોખ છે કે હું તારી ઈબાદત સમુદ્રમાં કરું. જેથી તે સમુદ્રના કિનારે આવ્યો અને લોકોને કહ્યું કે મને પણ નૌકામાં બેસાડો. તેમણે બેસાડી દીધો. નૌકા ચાલતી ચાલતી એક ઝાડ પાસે પહોંચી ગઈ. આ ઝાડ પાણીના એક કિનારા પર હતું. તેણે (આબિદે) કહ્યું કે મને આ ઝાડ પર બેસાડો ! લોકો તેને બેસાડીને આગળ ચાલ્યા. હવે એક ફરિશ્તો

**૧.** ઈબ્ને અતિયા અને કુર્તબીએ તેનો અર્થ એ બતાવ્યો કે અલ્લાહ તે ચીજોનું જીવન મલકુલ મૌતના વાસ્તા વગર ખતમ ફર્માવી દે છે પરંતુ ઈન્સાનની અઝમતને નજર સમક્ષ રાખી તેની રૂહ કબ્ઝ કરવા માટે મલકુલ મૌત અને તેમના મદદગાર નિયુક્ત ફર્માવ્યા છે.





આસમાન પર ચઢયો અને દર વખતની જેમ કંઈક વાત કરવા ઈચ્છી પરંતુ વાત ન કરી શક્યો તે સમજી ગયો કે મારાથી કોઈ ભૂલ થઈ ગઈ છે. જેથી તે પેલા ઝડાવાળા પાસે આવ્યો કે તમે મારી શફાઅત કરી દો તેણે દુઆ કરી અને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે અલ્લાહ મારી રૂહ કબ્ઝ કરવા માટે આ ફરિશ્તાને નિયુક્ત ફર્માવજે. જ્યારે તેના મૃત્યુનો સમય નજીક આવ્યો તો તે જ ફરિશ્તો આવ્યો અને તેણે કહ્યું કે જે રીતે તમે મારી સિફારિશ કરી હતી તેવી રીતે મેં પણ તમારી સિફારિશ કરી છે. હવે તમે જ્યાંથી ઈચ્છો તમારી રૂહ કબ્ઝ કરું જેથી તેણે એક સજદો કર્યો તેની આંખથી આંસૂ ટપક્યું અને તેની સાથે તેની રૂહ કબ્ઝ થઈ ગઈ.

**ખુલાસો** : ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં અબૂ ઝરઆથી રિવાયત કરી કે મને નજીબ બિન અબી ઉબૈદે કહ્યું કે મેં મલકુલ મૌતને સ્વપ્નમાં જોયા કે તે કહી રહ્યા છે કે પોતાના બાપને કહો કે તે મારા પર દુરૂદ પઢે જેથી હું તેમના પર નરમી કરું. મેં આ વાત મારા બાપને કહી. તેમણે કહ્યું કે હે મારા પુત્ર ! હું મલકુલ મૌતથી તારી માંથી પણ વધુ ધ્યાનિત છું.

**(૩૨)** ઈબ્ને અસાકિરે ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી. તેમણે પોતાના બાપથી રિવાયત કરી કે મારા બાપે કહ્યું કે મને એક હદીષ યાદ આવી. જે હઝરત ઉમર رضی اللہ عنہએ રિવાયત કરી કે મુસલમાન માટે જાઈઝ નથી કે તે પોતાની વસિય્યત પોતાના સિરહાને મૂક્યા વિના ત્રણ રાતો ગુજારી દે. તો મેં ક઼લમ તથા શાહી મંગાવી જેથી વસિયત લખું. પરંતુ હું તે સર્વ ચીજોને પોતાનાં સિરહાને મૂકીને સૂઈ ગયો. મેં સ્વપ્નમાં જોયું એક શખ્સ સફેદ કપડાવાળો જેના શરીરથી ખૂશ્બુ મહેકી રહી હતી તશરીફ લાવ્યો. મેં કહ્યું કે જનાબને મારા ઘરમાં આવવાની કોણે ઈજાઝત આપી ? કહેવા લાગ્યા કે ઘરવાળાએ. મેં કહ્યું, કોણ છો ? કહ્યું, મલકુલ મૌત. હું આ સાંભળીને તેમનાથી પાસુ ફેરવવા લાગ્યો. તેમણે કહ્યું કે મારાથી મોં ન ફેરવો હું તમારી રૂહ કબ્ઝ કરવા માટે નથી આવ્યો. મેં કહ્યું કે મારા માટે જહન્નમની આગથી મુક્તિનો પરવાનો (દસ્તાવેજ) લખી દો. તેમણે કહ્યું કે ક઼લમ શાહી લાવો. મેં તેમને ક઼લમ તથા શાહી

તથા કાગળ ઉઠાવીને દઈ દીધો જે સિરહાને મૂકીને સૂઈ ગયો હતો. તો તેમણે લખ્યું કે بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ۔ اَسۡتَغۡفِرُ اللّٰہ، اَسۡتَغۡفِرُ اللّٰہ અને તેનાથી જ કાગળના બંને ભાગ ભરી દીધા અને કાગળ મને દઈ દીધો. અને કહ્યું કે આ છે તમારું નજાતનામું. હું ગભરાઈને ઉઠયો અને દીવો મંગાવીને તે કાગળ ઉઠાવીને જોયો જે સિરહાને મૂક્યો હતો અને તેના પર આ જ લખાણ મૌજૂદ હતું.

વિભાગ : અમુક આયતોમાં વફાત આપવાનો સંકેત મલકુલ મૌત તરફ છે જેમ કે : قُلۡ یَتَوَفّٰکُمۡ مَلَکُ الۡمَوۡتِ અને અમુકમાં છે, تَوَفَّتۡهُ رُسُلُنَا અને અમુકમાં : تَتَوَفّٰهُمُ الۡمَلٰٓئِکَةُ આ બધી આયતોથી ખબર પડે છે કે વફાત ફરિશ્તા આપે છે અને અમુકમાં છે : اَللّٰهُ یَتَوَفَّی الۡاَنۡفُسَ આનાથી ખબર પડે છે ખુદા ખૂદ વફાત આપે છે. જાહેરમાં આ આયતોમાં તફાવત લાગે છે પરંતુ કુર્તબીએ કહ્યું કે તેમાં કોઈ તફાવત નથી કેમ કે મલકુલ મૌત રૂહ કબ્ઝ કરવાવાળા છે અને જ્યારે કે અન્ય ફરિશ્તાઓ મદદગાર છે અને ખુદા હક઼ીક઼ી વફાત આપવાવાળો છે.

કલ્બી કહે છે કે મલકુલ મૌત જિસ્મથી રૂહ કાઢે છે અને પછી ફરિશ્તાઓને સોંપી દે છે. નેકોની રહમતના ફરિશ્તાઓને અને બુરાઓની અઝાબના ફરિશ્તાઓને. રહ્યો એ મામલો કે મલકુલ મૌત નેકો પાસે કઈ શકલમાં આવે છે અને બુરાઓ પાસે કઈ સૂરતમાં તેનું કારણ શું છે ? તો તેનું કારણ જાહેર છે કે ફરિશ્તા વિવિધ શિક્કલો ધારણ કરી શકે છે.

## ★ દર વર્ષે ઉંમરોનું પૂરુ થવું ★

**(૧)** દૈલમીએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શાબાન સુધી ઉંમરો પૂરી કરવામાં આવે છે, ત્યાં સુધી કે આદમી નિકાહ કરે છે અને તેને ત્યાં ઔલાદ થાય છે, જ્યારે કે અલ્લાહની પાસે તેનું નામ મુડદાંઓની યાદીમાં આવી ચૂક્યુ હોય છે[૧].

**(૨)** અબૂ યઅલાએ પોતાની સનદ થકી આઈશા رضی اللہ عنہاથી

*૧. એટલે :–*

*આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં–સામાન સો બરસ કા હૈ પલ કી ખબર નહીં*





રિવાયત કરી કે નબી ﷺ પૂરા શાબાનના રોઝા રાખતા. મેં તેમને પૂછયું તો આપે ફર્માવ્યું કે આ વર્ષે મૃત્યુ પામનારા દરેક આદમીનું નામ આ મહીને લખવામાં આવે છે તો હું પસંદ કરું છું કે જ્યારે ખુદા તઆલા સાથે મળું તો રોઝાદાર હોઉં.

**(૩)** ઈબ્ને અબી દુન્યાએ અતા બિન યસ્સારથી રિવાયત કરી કે જ્યારે નિસ્ફ શાબાન (પંદરમી)ની રાત હોય છે તો મલકુલ મૌતને એક સહીફો દેવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તેમાં જેટલા માનવો છે તેમની રૂહો કબ્ઝ કરો. કેમ કે ઈન્સાન ઝાડ રોપે છે, નિકાહ કરે છે, ઘર બનાવે છે અને તેને ત્યાં ઔલાદ થાય છે, જ્યારે કે તેનું નામ મુડદાંઓમાં લખાઈ ગયું છે.

**(૪)** ઈબ્ને જરીરે ઉમર (જે અફરાના ગુલામ હતા)થી રિવાયત કરી કે લયલતુલ ક઼દ્રમાં મરવાવાળાઓનાં નામ લખવામાં આવે છે. ઈન્સાન ઝાડ ઉગાડવા અને નિકાહ કરવામાં વ્યસ્ત છે જ્યારે કે તેનું નામ મુડદાંઓમાં છે.

**(૫)** ઈબ્ને જરીરે ઈકરમાથી રિવાયત કરી કે શાબાનની પંદરમીથી લઈને બીજી શાબાન સુધીના સર્વે કામો પૂરાં થઈ ચૂક્યાં હોય છે. ઝિંદાઓ તથા મુડદાંઓની યાદી અને હાજીઓની યાદી પછી તેમાં વધારે અને ઘટાડો નથી થતો.

**(૬)** દીનૂરીએ મુજાલિસામાં રિવાયત કરી કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે નિસ્ફ શાબાનની રાત્રીમાં અલ્લાહ તઆલા ફરિશ્તાઓને વહી કરે છે કે જે નફ઼્સ (જીવ)ને આ વર્ષે કબ્ઝ કરવાનો છે કરી લો.

**(૭)** ઈબ્ને અબી દુન્યા તથા હાકિમે મુસ્તદરકમાં ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંદાઓની મૌતની જાણ સૌ પ્રથમ હાફિઝ[૧]ને થાય છે. કેમ કે તે બંદાઓનો અમલ લઈને ચઢે છે અને રિઝ્ક લઈને ઉતરે છે તો જ્યારે બંદાનું રિઝ્ક બંધ થઈ જાય છે તો તે જાણી લે છે કે હવે આ મૃત્યુ પામવાનો છે.

**(૮)** અબૂ શૈખે પોતાની તફસીરમાં મુહમ્મદ બિન હમ્માદથી રિવાયત

*૧. એક ફરિશ્તો હતો.*

કરી કે અલ્લાહ તઆલાના અર્શની નીચે એક ઝાડ છે તેમાં દરેક મખ્લૂકનું એક પાંદડુ છે. જે બંદાનું પાંદડુ તૂટીને પડે છે તેની રૂહ નીકળી જાય છે. આ જ અર્થ છે. અલ્લાહ તઆલાના આ ફર્માનનો કે : وَمَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا يَعْلَمُهَا "જે પાંદડુ તૂટીને પડી જાય છે અલ્લાહ તઆલા તેને જાણે છે.

## ★ મૈયત પાસે ફરિશ્તોઓનું આવવું તેની ખુશખબરીનું મળવું અને ડર સંભળાવવામાં આવવું તથા જે કાંઈ મૃત્યુ સમયે જુએ છે તેનું વર્ણન ★

**(૧)** અહમદ, ઈબ્ને અબી શૈબા, અબૂ દાઊદ, હાકિમ, ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ તથા બયહકી વગેરેએ સહી સનદ થકી બરાઅથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક જનાઝામાં સામેલ થયા. હજી કબર ન ખોદવામાં આવી હતી અને અમે પહોંચી ગયા. અમે સૌ હુઝૂરે અકરમ ﷺની આસપાસ એવા બેસી ગયા કે જેમ અમારા માથાઓ પર પક્ષી છે. આપના હાથ મુબારકમાં એક લાકડી હતી જેનાથી આપ જમીન ખોતરી રહ્યા હતા. પછી આપે મુબારક માથુ ઉઠાવતાં બે કે ત્રણવાર ઈર્શાદ ફર્માવ્યો, اِسْتَعِيذُوا بِاللّٰهِ مِنْ عَذَابِ الْقَبْرِ એટલે અલ્લાહની પનાહ માંગો કૃબ્રના અઝાબથી. પછી આપે ફર્માવ્યું કે જે મો'મિન બંદો દુનિયાથી વિદાય થવાનો હોય છે અને આખેરત તરફ ધ્યાનિત થાય છે તેના પર સફેદ ચેહરાવાળા ફરિશ્તા નાઝિલ થાય છે, તેમના ચેહરા સૂર્યની જેમ ચમકતા હોય છે. તેમની પાસે જન્નતી કફન અને ખુશ્બૂઓ હોય છે. તે દષ્ટિની હદ સુધી બેસી જાય છે. પછી મલકુલ મૌત આવીને મૃત્યુ પામનારના સિરહાને બેસી જાય છે અને ફર્માવે છે કે હે સંતોષી નફ્સ ! અલ્લાહની રઝામંદી અને બખ્શિશ તરફ નીકળ ! તો તેનો નફ્સ એવી રીતે વહીને નીકળી જાય છે જેવી રીતે મશકથી ટીપું. જેવા મલકુલ મૌત તેના નફ્સને પોતાના કબ્ઝામાં લે છે, ફરિશ્તા તરત તેમનાં કબ્ઝામાંથી લઈ લે છે

*૨. આ સહાબાએ કિરામના અદબનો કમાલ હતો કે એવી રીતે બેસતા જેમ કે માથા પર પક્ષીઓ છે, જ્યારે કોઈનું પાલતુ પક્ષી તેના માથા પર બેસે છે તો તે માથુ નમાવી લે છે.*





અને તેને તે જન્નતી કફનો અને ખૂશ્બૂઓમાં મૂકી દે છે પછી તેનાથી જમીનની બેહતરીન મુશ્કની જેમ ખૂશ્બૂ મહેકે છે. પછી તેને લઈને મલાએ આ'લા તરફ રવાના થાય છે. મલાએ આ'લાના રહેવાવાળા પૂછે છે કે આ ખૂશ્બૂઓ કેવી છે ? ફરિશ્તાઓ તેનું નામ બતાવે છે જે દુનિયામાં તેનું શ્રેષ્ઠ નામ હતું, ત્યાં સુધી કે તેઓ તેને દુનિયાના આસ્માન પર લઈને પહોંચે છે અને આસ્માન ખોલાવે છે તો દરેક આસ્માનના મુકૃર્રબ ફરિશ્તા તેની પાછળ નજીકવાળા આસ્માન સુધી જાય છે. ત્યાં સુધી કે સાતમા આસમાને પહોંચે છે તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે મારા બંદાની કિતાબ જન્નતીઓમાં લખો અને તેને ધરતી પર લઈ જાવ કેમ કે મેં તેને માટીથી પેદા કર્યો, માટીમાં પરત કરીશ અને તે જ માટીથી ફરીવાર ઉઠાવીશ. પછી મુડદાની રૂહ તેના શરીરમાં પરત આવી જાય છે અને બે ફરિશ્તા આવીને તેને બેસાડે છે અને પૂછે છે કે તારો રબ કોણ છે ? તે કહે છે, અલ્લાહ ! પછી પૂછે છે, તારો દીન કયો છે ? તે કહે છે, ઈસ્લામ. તો તે પૂછે છે, આ શખ્સ જે તમારામાં મોકલવામાં આવ્યા કોણ છે ? તે કહે છે, તે મુહમ્મદ ! ﷺ છે. પછી તે પૂછે છે તમારું ઈલ્મ શું છે ? તે કહે છે, મેં અલ્લાહની કિતાબને પઢી અને તેના પર ઈમાન લાવ્યો અને તેને સાચી ઠરાવી. તો આસ્માનથી એક પોકારવાવાળો પોકારે છે કે મારા બંદાએ સાચુ કહ્યું તેના માટે જન્નતનો બિસ્તર (પથારી) પાથરો અને જન્નતનો જ લિબાસ પહેરાવો અને જન્નતનો દરવાજો ખોલો ! તો જન્નતની હવા અને ખૂશ્બૂઓ આવશે અને તેના માટે દષ્ટિની હદ સુધી કૃબ્રમાં પહોળાઈ કરી દેવામાં આવશે. પછી તેની પાસે એક ખૂબસૂરત ચેહરો, સારા કપડાં અને ખૂશ્બુવાળો શખ્સ આવશે અને આવીને કહેશે કે તને ખુશખબરી હજો આ તારા વાયદા પૂરા કરવાનો દિવસ છે. મુડદો પૂછશે, તું કોણ છે ? કે તારા ચેહરાથી ભલાઈ જાહેર થાય છે. તે જવાબ આપશે કે હું તારો અમલ છું. તો મુડદો કહેશે કે, હે ખુદા ! કૃયામત ખડી કરી દે જેથી હું[૧] મારાં ઘરવાળાઓ પાસે જઈ શકું. અને જ્યારે કાફિર મૃત્યુની નજીક હોય છે તો આસ્માનથી કાળા ચેહરાવાળા ફરિશ્તા ધાબળો લઈને ઉતરે છે અને

*૧. જેથી ઘરે જઈને પોતાનાં સંબંધીઓને બતાવી શકું કે કુર્આન તથા હદીષમાં જે વાયદા હતા તે સત્ય હતા.*

દષ્ટિની હદ સુધી બેસી જાય છે. પછી મલકુલ મૌત તેના સિરહાને બેસીને કહે છે કે નાપાક જાન ! અલ્લાહના ગઝબ અને નારાઝગી તરફ નીકળી આવ ! તો તે રૂહ શરીરમાં ફેલાય જાય છે અને તે ફરિશ્તો તે રૂહને શરીરથી એવી રીતે ખેંચી લે છે જેમ કે સીખ (કબાબ શેકવાનો લોખંડનો સળીયો)ને કબાબથી. જ્યારે તે રૂહ કાઢે છે તો ફરિશ્તા તરત જ તેને લઈ લે છે અને ધાબળામાં લપેટી લે છે. તો તેમાંથી અતિ બદ્તરીન મુરદારની દુર્ગંધ નીકળે છે. પછી ફરિશ્તા તેને લઈને મલાએ આ'લામાં પહોંચે છે તો ત્યાંના રહેવાવાળા પૂછે છે કે આ નાપાક રૂહ કોણ છે ? તે ફરિશ્તા તેનું તે અતિ બદ્તરીન નામ લે છે જેનાથી તે દુનિયામાં યાદ કરવામાં આવતો હતો. પછી તેને તેઓ દુનિયાના આસ્માન (પ્રથમ આસ્માન) પર લઈને પહોંચે છે અને તેને ખોલવા ઈચ્છે છે પણ નથી ખોલવામાં આવતું. પછી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ આ આયત પઢી કે لَا تُفَتَّحُ لَهُمْ اَبْوَابُ السَّمَآءِ એટલે ''તેમના માટે આસ્માનના દરવાજા નહીં ખોલવામાં આવે.'' પછી અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવશે કે તેની કિતાબ (નામાએ આમાલ)ને નીચલી જમીનના સિજ્જીન (જહન્નમ)માં લખો ! જેથી તેની રૂહને સિજ્જીનમાં ફેંકી દેવામાં આવે છે. પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ આ આયત તિલાવત કરી કે :–

وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَكَاَنَّمَا خَرَّ مِنَ السَّمَآءِ فتحطفة الطيرا وتهْوِىْ بِهِ الرِّيح فِىْ مَكَانٍ سَحِيْق

''જેણે અલ્લાહ તઆલા સાથે ભાગીદાર ઠરાવ્યો તો જેમ કે તે આસ્માનથી પડી ગયો તેને પક્ષીઓએ ઝપટમાં લઈ લીધો કે હવાઓએ તેને દૂર ફેંકી દીધો.''

પછી તેની રૂહ તેના શરીરમાં પરત કરી દેવામાં આવે છે. પછી બે ફરિશ્તા તેને બેસાડીને પૂછે છે કે, مَنْ رَبُّكَ તારો રબ કોણ છે ? તો તે કહે છે, هاه هاه لَاادرى અફસોસ ! કે હું નથી જાણતો. ફરિશ્તા પૂછે છે કે, مَادِيْنُكَ તારો દીન કયો છે ? તો કહેશે કે, હાય અફસોસ ! હું નથી જાણતો. પછી ફરિશ્તા પૂછશે કે આ શખ્સ વિશે શું ખયાલ છે જે તમારી તરફ મોકલવામાં આવ્યો. તો જવાબ આપશે કે, હાય અફસોસ ! હું આ પણ નથી જાણતો. તો આસ્માનથી એક અવાજ આપનાર અવાજ





આપે છે કે મારા આ બંદાએ જૂઠુ બોલ્યું છે એટલા માટે જહન્નમનો બિસ્તર પાથરો, જહન્નમનો પોશાક પહેરાવો અને જહન્નમનો દરવાજો તેની બાજુ ખોલી નાખો તો તેની લપેટો ત્યાં સુધી આવશે. પછી તેની કબ્ર એટલી સાંકડી કરી દેવામાં આવશે કે તેની પાંસળીઓ પીસાઈને ચૂર થઈ જાય છે. પછી તેની પાસે એક બુરી શિક્કલવાળો શખ્સ આવશે જેનો લિબાસ ખૂબ બુરો હશે, તેને કહેશે, તને જાણ થવી જોઈએ કે તને તે અઝાબ મળશે જેનો દુનિયામાં તારાથી વાયદો કરવામાં આવ્યો હતો. તે કહેશે કે તું કોણ છે ? કેમ કે તારો ચેહરો બુરાઈ જાહેર કરે છે. તો તે શખ્સ કહેશે કે, رَبِّ لَاتُقِمِ السَّاعَةَ ''હે રબ ! કયામત બરપા ન કર.''

અબૂ યઅલાએ પોતાની મુસ્નદમાં અને ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી તમીમદારી رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે, હે મલકુલ મૌત ! મારા વલી પાસે જાવ અને તેને લઈ આવો. કેમ કે મેં તેને મુસીબત તથા રાહત બંનેથી અજમાવ્યા છે. અને તેને પોતાની રઝા પ્રમાણે પામ્યા તો હું ઈચ્છું છું કે તેને દુનિયાના ગમોથી છૂટકારો અપાવું. તો મલકુલ મૌત પાંચસો ફરિશ્તાઓની જમાઅત સાથે ચાલે છે તેમની સાથે જન્નતની ખૂશ્બુઓવાળા કફન હોય છે અને તેમની પાસે ફૂલોની ડાળીઓ હોય છે જેનાથી વિવિધ ખૂશ્બુ મહેકે છે અને એ વીસ રંગોની હોય છે. તેમની પાસે મુશ્કમાં વસેલા સફેદ રેશમ હોય છે તો મલકુલ મૌત ફરિશ્તાઓ સાથે બેસી જાય છે. દરેક ફરિશ્તો પોતાનો હાથ તેના એક એક અંગ પર મૂકી દે છે અને મુશ્કમાં વસેલા તે રેશમને તેની દાઢી નીચે પાથરી દેવામાં આવે છે અને એક દરવાજો જન્નત તરફ ખોલી દેવામાં આવે છે. હવે તેનું દિલ જન્નત તરફ લલચાય છે. કદી પાક બીવીઓ તરફ કદી કપડા તરફ અને કદી ફળો તરફ. જેમ કે ઘરવાળા રડતાં બાળકનું દિલ બેહલાવે છે તેવી રીતે તેનું દિલ બેહલાવવામાં આવે છે અને તેની જન્નતી પત્નીઓ તે સમયે ખુશ થઈ રહી હોય છે. તેની રૂહ કૂદે છે. ફરિશ્તો કહે છે કે હે પાક નફ્સ ! સારા ઝાડો, લાંબા છાંયડા અને વહેતા પાણીઓની તરફ ચાલ ! મલકુલ મૌતને તેના પર માં થી પણ અધિક મહેરબાની કરે છે. તે જાણે છે કે આ રૂહ અલ્લાહની નજીક

મહબૂબ છે તો તે આ રૂહ પર નરમી કરીને ખુદાની રઝામંદી ઈચ્છે છે તો તેની રૂહ એવી રીતે નીકળી જાય છે જેવી રીતે આટાથી વાળ. આપે ફર્માવ્યું, આ બાજુ તેની રૂહ નીકળે છે અને તે બાજુ તમામ ફરિશ્તાઓ કહે છે[1] : سَلَامٌ عَلَيْكُمُ اُدْخُلُوا الْجَنَّهَ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ આ જ સાર છે અલ્લાહ તઆલાના આ ફર્માનનો કે તે લોકો જેને ફરિશ્તો મૌત દે છે પાકીની હાલતમાં. બીજા સ્થળે ફર્માવ્યું કે જો મો'મિન છે ત્યારે તો રાહત અને ખૂશબુઓ તથા નેઅમતોથી ભરપૂર જન્નતો હોય છે. જ્યારે મલકુલ મૌત તેની રૂહ કાઢે છે તો રૂહ શરીરને મુબારકબાદ આપે છે અને કહે છે કે હે શરીર ! તું મને અલ્લાહની ફર્માબરદારી તરફ જલ્દી લઈ જતો હતો અને ગુનાહોથી બચાવતો હતો તો આજે તને મુબારક હજો કે તેં પોતે પણ મુક્તિ પામી અને મને પણ મુક્તિ અપાવી. દેહ પણ રૂહને આ જ કહે છે અને જમીનમાં તે ભાગો જેના પર આ નેક બંદો ઈબાદત કરતો હતો તેના પર રડે છે અને દરેક તે આસ્માની દરવાજા જેનાથી તેના નેક અમલ ચઢતા હતા અને રિઝ્ક નાઝિલ થતું હતું તે સૌ ચાલીસ દિવસ સુધી રડે છે. જ્યારે તેની રૂહ નીકળી જાય છે તો પાંચસો ફરિશ્તા તેની પાસે ઊભા થઈ જાય છે. જ્યારે ઈન્સાન તેને કોઈ પાસા પર સૂવાડવા ઈચ્છે છે તો ફરિશ્તા પહેલાં સૂવાડી દે છે અને ઈન્સાનોના કફન પહેલાં જ કફન પહેરાવી આપે છે અને તેમની સુગંધથી પહેલાં સુગંધ લગાડી આપે છે. અને તેના ઘરના દરવાજાથી કૃબ્રના દરવાજા સુધી ફરિશ્તાઓની બે બાજુ લાઈનો ઊભી થઈ જાય છે અને તેના માટે મગફેરતની દુઆ કરે છે. તે ક્ષણે શૈતાન એટલા જોરથી ચીસ પાડે છે કે મુડદાના શરીરના અમુક હાડકા તેનાંથી તૂટી જાય છે ! શૈતાન પોતાના લશ્કરને કહે છે કે તમારું બુરું થાય ! આ બંદાએ કેવી રીતે મુક્તિ પામી લીધી ? તેઓ કહે છે કે આ તો ગુનાહોથી બચતો હતો. જ્યારે મલકુલ મૌત તેની રૂહ આસ્માન પર પહોંચાડે છે તો જિબ્રઈલ علیہ السلام સ્વાગત કરે છે અને સિત્તેર હજાર ફરિશ્તાઓ તેમની સાથે હોય છે, દરેક ફરિશ્તો તે શખ્સને ખુશખબરી આપે છે. જ્યારે મલકુલ મૌત રૂહને લઈને અર્શની પાસે પહોંચે છે તો તે ખુદાની બારગાહમાં સજદો કરે છે.

૧. *તમારા પર સલામતી હજો જન્નતમાં દાખલ થાવ પોતાના અમલના કારણે.*





અલ્લાહ તઆલા મલકુલ મૌતને ફર્માવે છે કે મારા બંદાની રૂહને લીલાંછમ ઝાડો અને વહેતાં પાણીમાં મૂકી દો.

જ્યારે તેને કૃબ્રમાં મૂકવામાં આવે છે તો નમાઝ તેની જમણી બાજુ આવે છે અને રોઝા, ડાબી બાજુ અને કુર્આન તથા ઝિક્ર તેના માથા પાસે અને તેનું નમાઝો તરફ ચાલવું (મસ્જિદ જવું) પગો તરફ આવે છે અને સબ્ર કૃબ્રના એક ખૂણામાં આવે છે. પછી અલ્લાહ તઆલા અઝાબ મોકલે છે તો નમાઝ કહે છે કે પાછળ હટ ! કેમ કે આ આખી જિંદગી તકલીફો વેઠતો રહ્યો હવે નિરાંતે સૂતો છે. હવે અઝાબ ડાબી બાજુથી આવે છે તો રોઝા આ જ જવાબ દે છે. માથાની બાજુથી આવે છે તો આ જ જવાબ મળે છે તો અઝાબ ડાબી બાજુથી તેની પાસે નથી પહોંચતો. જે રસ્તેથી જવા ઈચ્છે છે એ બાજુથી અલ્લાહ તઆલાના દોસ્તને સુરક્ષિત પામે છે તો અઝાબ તેને સુરક્ષિત પામીને પરત થઈ જાય છે. તે સમયે સબ્ર સર્વે અમલોને કહે છે કે હું એટલા માટે ન બોલ્યો કે જો તમો સૌ લાચાર થઈ જાત તો હું બોલતો પરંતું હું હવે પુલસિરાત અને મિઝાન પર કામ આવીશ. પછી અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને મોકલશે જેમની દૃષ્ટિ ઊંચકી લેવાવાળી વીજળીની જેમ હશે અને અવાજ કડક વીજળીની જેમ, દાંત શિંગડાઓની જેમ, શ્વાસ શોલાની જેમ, તેઓ પોતાના વાળોને કચડતા ચાલતા હશે. તે બંનેના ખભાઓ દરમ્યાન ખૂબ જ અંતર હશે. મો'મિનો સિવાય તેમના દિલ કોઈના માટે મહેરબાની અને રહમ કરનારા નહીં હોય, તેમનું નામ છે મુન્કર અને નકીર ! તેઓમાંથી દરેકના હાથમાં એક હથોડો હશે, જો જિન્નાત તથા માનવજાત એકત્ર થઈ જાય તો તેને ન ઉઠાવી શકે. પછી મુડદાને કહેશે બેસી જા ! તે બેસી જશે અને તેના કફન કપડાં તેનાં શરીરથી પડીને નીચે આવી જશે. પછી તેઓ પૂછશે કે તમારો રબ કોણ છે ? ધર્મ શું છે ? રસૂલ કોણ છે ? આ કહેશે કે મારો રબ અલ્લાહ છે, અને ધર્મ ઈસ્લામ અને રસૂલ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે અને તે ખાતમન્નબીય્યીન છે તે બંને કહેશે કે તેં સાચુ કહ્યું ! પછી તેને કૃબ્રમાં રાખીને કૃબ્રને દરેક બાજુથી પહોળી કરી દેવામાં આવશે. પછી તેને કહેશે કે જરાક ઉપર તો જુઓ. હવે જ્યારે જોશે તો

જન્નત તરફ દરવાજો ખુલ્લો હશે. પછી તે કહેશે, હે અલ્લાહના વલી ! જન્નતમાં તારો આ મકામ છે, કેમ કે તું અલ્લાહ તઆલાની ફર્માંબરદારીમાં રહ્યો.

અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહની ક઼સમ ! તે ક્ષણે તેને એવી ખુશી હશે કે તેને કદાપિ નહીં ભૂલે. હવે તેને કહેવામાં આવશે કે જરાક નીચે જો ! તો જહન્નમ તરફ એક દરવાજો ખુલશે તે બંને ફરિશ્તા કહેશે કે હે અલ્લાહના વલી ! તેં આનાથી છૂટકારો પામી લીધો. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ખુદાની ક઼સમ ! તે સમયે તેને એવી પ્રસન્નતા હશે જે કદી ખતમ નહીં થાય. તેના માટે સિત્તોતેર (૭૭) દરવાજા જન્નતના ખોલવામાં આવશે જેનાથી જન્નતની ઠંડકો અને સુગંધો આવશે, ત્યાં સુધી કે તેને હશ્રના દિવસે ક઼બ્રથી ઉઠાવવામાં આવશે. પછી હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે, હે મલકુલ મૌત ! હવે મારા દુશ્મનની પાસે જાવ કે મેં તેના રિઝ્કમાં કુશાદગી કરી અને નેઅમતોથી માલાદાર કર્યો પરંતુ તે મારા શુક્રને હમેશાં નકારતો રહ્યો છે, તો આજે તેને લાવો જેથી હું તેની સાથે બદલો લઉં ! તો મલકુલ મૌત તેની પાસે અતિશય બુરી શિક્લમાં પહોંચે છે. તેમની બાર આંખો હોય છે અને જહન્નમના કાંટાઓના સળીયા હોય છે, તેમની સાથે પાંચસો ફરિશ્તા હોય છે. દરેકની પાસે તાંબુ, જહન્નમની ચિંગારીઓ અને ભડકતા કોરડા હોય છે. તો મલકુલ મૌત આ કાંટાદાર સળીયાઓ એવી રીતે મારે છે કે દરેક કાંટો જડ સુધી તે શખ્સની નસેનસમાં પ્રવેશી જાય છે. પછી તે સળીયાઓને સખ્તીથી વાળે છે તો તેની રૂહ તેના પગોના નખોથી નીકળે છે અને તે સમયે અલ્લાહના દુશ્મન પર બેભાની છવાયેલી હોય છે અને તેના ફરિશ્તા તેની પીઠ અને મોઢા પર કોરડા મારે છે અને મારતા મારતા તેના ગળા સુધી આવે છે. પછી તે તાંબુ અને ચિંગારીઓ તેની દાઢીની નીચે પાથરી દેવામાં આવે છે. પછી મલકુલ મૌત ફર્માવે છે કે મલઊન ! (ધૃત્કારવામાં આવેલ) ગરમ હવા, ગરમ પાણી, ગરમ છાયડાં તરફ આવ ! જ્યારે મલકુલ મૌત રૂહ કાઢી લે છે તો રૂહ શરીરને કહે છે કે, હે શરીર ! અલ્લાહ તને મારા તરફથી ખૂબ બુરી સજા આપે. કેમ કે તું મને ગુનાહો





તરફ જલ્દી લઈ જતો હતો અને નેકીથી પાછળ રાખતો હતો. તું પોતે પણ હલાક થયો અને મને પણ હલાકતમાં નાંખ્યો. શરીર પણ રૂહને આ જ કહે છે. જમીનના તે ભાગો જેના પર તે નજર કરતો હતો તેના પર લા'નત કરે છે. ઈબ્લીસનું લશ્કર ઈબ્લીસની પાસે જઈને તેને ખુશખબરી આપે છે કે તેમણે એક ઈન્સાનને જહન્નમમાં પહોંચાડી દીધો. જ્યારે તેને ક઼બ્રમાં મૂકવામાં આવે છે તો તેની ક઼બ્રને સાંકડી કરી દેવામાં આવે છે ત્યાં સુધી કે તેની એક બાજુની પાંસળીઓ બીજી બાજુ નીકળી જાય છે. અલ્લાહ તઆલા તેની પાસે કાળો સાપ મોકલે છે જે તેને કરડવાનું શરૂ કરી દે છે. પછી ખુદા તરફથી બે ફરિશ્તા આવીને તેને પૂછે છે, તારો રબ કોણ છે ? તારો ધર્મ કયો છે ? તારા નબી કોણ છે ? તે કહે છે મને ખબર નથી ! ફરિશ્તા કહે છે કે તેં જાણવા ઈચ્છયું જ ક્યારે હતું ?! પછી તેઓ તેને એવા હથોડા મારે છે કે ક઼બ્રમાં ચિંગારીઓ ઉડે છે ! પછી કહે છે, જરાક ઉપર જો ! જ્યારે તે ઉપર જુએ છે તો જન્નતનો દરવાજો દેખાય છે. ફરિશ્તાઓ કહે છે કે જો તું અલ્લાહની ફર્માંબરદારી કરત તો તારું રહેઠાણ અહીંયા હોત ! હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ખુદાની ક઼સમ ! તે સમયે તેના દિલમાં એવો પસ્તાવો પેદા થાય છે જે કદી ખતમ નહીં થાય. પછી તેને જહન્નમનો દરવાજો ખોલીને દેખાડવામાં આવે છે અને કહેવામાં આવે છે કે હે અલ્લાહના દુશ્મન ! નાફર્માનીઓના કારણે હવે તારું રહેઠાણ આ છે અને સિત્તોતેર દરવાજા જહન્નમના ખોલી દેવામાં આવે છે જેનાથી ગરમી અને લૂ આવે છે અને આ સિલસિલો ક઼યામત સુધી ચાલુ રહેશે.

**(૨)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અલી બિન અબી તાલિબ رضی اللہ عنہથી રિવાયત કરી કે وَالنَّازِعَاتِ غَرُقًاથી મુરાદ તે ફરિશ્તાઓ છે જે કાફિરોની રૂહને કાઢે છે. અને وَالنَّاشِطَاتِ نَشُطًا થી મુરાદ તે ફરિશ્તાઓ છે જે કાફિરોની રૂહોને લોહી અને નખોની વચ્ચે ખેંચે છે. અને وَالسَّابِحَاتِ سَبُحًاથી મુરાદ તે ફરિશ્તાઓ છે જે મુસલમાનોની રૂહોને લઈને આસ્માન તથા જમીનની વચ્ચે તરે છે. અને فَالسَّابِقَاتِ سَبُقًاથી મુરાદ તે ફરિશ્તાઓ છે જે મુસલમાનોની રૂહોને લઈને એકબીજાથી આગળ વધવા ઈચ્છે છે.

**(૩)** ઈબ્ને અબી હાતિમે ઈબ્ને અબ્બાસથી رضی اللہ عنہما ની તફસીરમાં ફર્માવ્યું, તેનાથી મુરાદ કાફિરોની રૂહોને આગમાં ડૂબાડનારા ફરિશ્તા છે.

**(૪)** જુવૈબરે પોતાની તફસીરમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી અલ્લાહ તઆલાના ફર્માન وَالنّٰزِعٰتِ غَرْقًا ના વિષયમાં રિવાયત કરી કે તેનાથી મુરાદ કાફિરોની રૂહો છે. જ્યારે તે મલકુલ મૌતને જુએ છે તો મલકુલ મૌત તેમને અલ્લાહની નારાજગીની ખબર આપે છે અને તેમની રૂહોને માંસ અને સ્નાયુઓથી કાઢે છે. અને وَالسّٰبِحٰتِ سَبْحًا થી મુરાદ મો'મિનોની રૂહો છે, જ્યારે તે મલકુલ મૌતને જુએ છે તો મલકુલ મૌત કહે છે કે હે પવિત્ર રૂહ ! રહમત તથા ફૂલો તરફ આવ અને તે ખુદાની બારગાહમાં ચાલ જે રાજી છે ! રૂહો આ સાંભળીને ખુશીથી તરવા લાગે છે અને જન્નતની તરફ શોખ વ્યક્ત કરે છે. અને وَالسّٰبِقٰتِ سَبْقًا થી મુરાદ એ છે કે તે ખુદા તઆલાની કરામતની તરફ ચાલે છે.

**(૫)** ઈબ્ને અબી હાતિમે રબીઅ બિન અનસથી રિવાયત કરી કે وَالنّٰزِعٰتِ غَرْقًا وَ النّٰشِطٰتِ نَشْطًا આ બંને આયતો કાફિરો વિશે નાઝિલ થઈ. સકરાતના સમયે ફરિશ્તા તેને સખ્તીથી ખેંચે છે. وَالسّٰا بِحٰتِ سَبْحًا فَا السّٰا بِقٰتِ سَبْقًا એ મો'મિનના બારામાં નાઝિલ થઈ.

**(૬)** ઈબ્ને અબી હાતિમે સુદી رحمۃ اللہ علیہ થી રિવાયત કરી કે وَالنّٰزِعٰتِ غَرْقًا થી મુરાદ એ છે કે માનવનું નફ્સ મૃત્યુ સમયે સીનામાં ડૂબી જાય છે. والنّٰا شِطٰتِ نَشْطًا એટલે ફરિશ્તાઓ રૂહને આંગળીઓ અને પગોથી ખેંચે છે. وَالسّٰابِحٰتِ سَبْحًا એટલે જ્યારે નફ્સ મૃત્યુ સમયે સીનામાં તરે છે. અબ્દુર્રહીમ અરમનીએ કિતાબુલ્ ઈખ્લાસમાં પોતાની સનદથી રિવાયત કરી કે ઝિહાક رحمۃ اللہ علیہ એ કહ્યું કે જ્યારે મો'મિન ઈન્સાન મૃત્યુ પામે છે તો તેની રૂહ મુક઼ર્રબીનની સાથે આસ્માન પર લઈ જવામાં આવે છે. રાવી કહે છે કે મેં પૂછયું કે મુક઼ર્રબીન કોણ છે ? તો તેમણે જવાબ આપ્યો કે જેનો દરજ્જો બીજા આસ્માનથી નજીક છે, પછી એક પછી બીજા સૌ આસ્માનો પરથી પસાર થતાં સિદરતુલ મુન્તહા સુધી પહોંચે છે અને અહીં જ અલ્લાહ તઆલાના આદેશની પ્રત્યેક વસ્તુ પહોંચીને અટકી જાય છે. ફરિશ્તા કહે છે કે આ તારો





ફલાણો બંદો છે, જો કે અલ્લાહને ખબર છે. પછી તેને અઝાબથી મુક્તિનો સિક્કો મારેલ દસ્તાવેજ આપવામાં આવે છે, એ જ હેતુ છે અલ્લાહ તઆલાના આ ફર્માનનો કે :—

**كَلَّا اِنَّ كِتَابَ الْاَبْرَارِ لَفِىْ عِلِّيِّيْنَ وَمَا اَدْرَاكَ مَا عِلِّيُّوْنَ كِتَابٌ مَّرْقُوْمٌ يَشْهَدُهُ الْمُقَرَّبُوْنَ**

**(અર્થાત)** : "કદાપિ નહીં ! નિઃશંક ! નેકોની કિતાબ ઈલ્લીય્યૂનમાં છે (જન્નતમાં) અને તમે શું જાણો કે ઈલ્લિય્યૂન શું છે. આ એક લખેલ કિતાબ છે જેના પર મુક઼ર્રબૂન સાક્ષી છે."

**(૭)** મુસ્લિમે ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે શબે મેઅરાજ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم જ્યારે સિદ્રતુલ્ મુન્તહા પર પહોંચ્યા જ્યાં રૂહો પહોંચે છે તો આપને કહેવામાં આવ્યું કે આ સિદરા છે, અહીંયા આપના દરેક ઉમ્મતીની રૂહ પહોંચે છે. ઈબ્ને અબી હાતિમ અને જરીર વિગેરએ પણ તેને રિવાયત કરી.

**(૮)** અબુલ્ ક઼ાસિમ બિન મુંદાએ કિતાબુલ્ એહવાલિ વલ્ ઈમાનિ બિસસુવાલિમાં રિવાયત કરી કે અબૂ સઈદ ખુદરીએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે મો'મિન દુનિયાથી કૂચ કરવા લાગે છે તો ખુદાના ફરિશ્તા જેમના ચેહરા સૂરજની જેમ ચમકેલ છે નાઝિલ થાય છે, તેમની સાથે જન્નતી સુગંધો અને કફન હોય છે તેઓ એવી જગ્યાએ બેસે છે જ્યાંથી મુડદો તેમને જુએ છે. જ્યારે તેની રૂહ ઉડ્ડયન કરે છે ત્યારે દરેક ફરિશ્તો તેના માટે મગફેરતની દુઆ કરે છે.

**(૯)** મુસ્લિમ તથા બયહકીએ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે જ્યારે મો'મિનની રૂહ ઉડ્ડયન કરે છે તો બે ફરિશ્તા તેનું સ્વાગત કરે છે અને તેને આસ્માનની તરફ લઈ જાય છે. આસ્માનવાળા કહે છે કે, પવિત્ર રૂહ છે જે જમીન તરફ આવે છે. પછી તેઓ તેના માટે મગફેરતની દુઆ કરે છે. પછી તેને અલ્લાહની બારગાહમાં પેશ કરવામાં આવે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, જાવ તેને ક઼યામત સુધી પરત લઈ જાવ. અને જ્યારે કોઈ કાફિર મૃત્યુ પામે છે તો તેમાંથી દુર્ગંધ નીકળે છે અને ફરિશ્તા તેના પર લા'નત કરે છે. આસ્માનવાળા કહે છે કે નાપાક રૂહ જમીનવાળાની તરફથી આવે છે. પછી તેને પણ ક઼યામત સુધી માટે

પરત કરી દેવામાં આવે છે.

**(૧૦)** અહમદ, નસઈ, ઈબ્ને હબ્બાન, હાકિમ તથા બયહકીએ રિવાયત કરી અબૂ હુરૈરહથી કે નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે મો'મિનના મૃત્યુનો સમય નજીક આવે છે તો રહમતના ફરિશ્તા સફેદ રેશમ લઈને આવે છે અને રૂહને કહે છે, હે રૂહ ! અલ્લાહ તઆલાની રહમત તથા મહેરબાની તરફ અને રબની રઝામંદી તરફ આવ ! તો તે એવી રીતે નીકળે છે જેમ કે ખૂબ શ્રેષ્ઠ સુગંધ મહેકે છે. એટલે સુધી કે ફરિશ્તા તેને લઈને એકબીજાને સૂંઘાડે છે પછી તેને આસમાનો તરફ લઈ જાય છે. જે આસ્માન પર પહોંચે છે તો આસ્માનવાળા કહે છે કે શું પવિત્ર રૂહ જમીનવાળા તરફથી આવે છે ! પછી તેને અન્ય મો'મિન રૂહો તરફ લઈ જાય છે. તો તેમને તેનાથી અધિક ખુશી થાય છે જેમ કે કોઈનો ખોવાયેલ સંબંધી પરત આવી જાય. જ્યારે તેને પૂછે છે કે હે ફલાણાના પુત્ર ! ફલાણાની શું હાલત છે ? તો તે રૂહ કહે છે તે છોડો ! તે દુનિયાના ગમમાં છે, થોડા સમયમાં જ રાહત હાંસલ કરી લેશે. અને અમુકના વિશે તે રૂહ કહે છે કે ફલાણાનો પુત્ર ફલાણો શું હજી તમારી પાસે નથી પહોંચ્યો ? તે રૂહ જવાબ આપે છે કે તેનો ઉલ્લેખ છોડો ! તે તો જહન્નમ પહોંચ્યો. અને જ્યારે કાફિરની રૂહ નીકળે છે તો ફરિશ્તાઓ તેની પાસે આવે છે અને કહે છે કે હે રૂહ ! અલ્લાહના અઝાબની તરફ નીકળ, તું ખુદાથી નારાજ અને ખુદા તારાથી નારાજ ! તો એ દુર્ગંધમય મુડદાની જેમ નીકળે છે. ફરિશ્તા તેને જમીનના દરવાજા પર લઈ જાય છે તો જે દરવાજા પર પહોંચે છે આ જ પોકારે આવે છે કેટલી દુર્ગંધિત છે આ રૂહ ! ત્યાં સુધી કે તેને કાફિરોની રૂહોમાં લઈને મિલાવી દે છે.

**(૧૧)** ઈબ્ને માજા અને બયહકીએ અબૂ હુરૈરહથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માણસ નેક હોય છે તો ફરિશ્તા તેની પાસે આવીને કહે છે કે હે પવિત્ર શરીરમાં રહેવાવાળી પવિત્ર રૂહ ! તું પોતાના રબની રહમત અને મહેરબાનીની તરફ આવ ! અને તે રબ તરફ આવ જે તારાથી રાજી છે. જ્યારે તે નીકળે છે તો આસ્માનની તરફ લઈ જાય છે. જ્યારે દરવાજો ખોલે છે તો પૂછવામાં આવે છે કે આ કોણ છે ? તો એવું કહે છે કે ફલાણાનો પુત્ર ! ફલાણો ! તો અંદરથી





ખુશ આમદિદ ! (ભલે પધારો !) કહેવામાં આવે છે અને અંદર આવવાની ગુઝારિશ કરવામાં આવે છે. આ રીતે તે સાતમા આસ્માન પર પહોંચે છે અને જ્યારે આદમી ગુનેહગાર હોય છે તો ફરિશ્તા કહે છે, હે નાપાક શરીરમાં રહેવાવાળી નાપાક રૂહ ! અને ગરમ પાણી તથા ગરમ હવાની ખુશ ખબરીમાં તે રબની તરફ આવ જે નારાજ છે. જ્યારે તે નીકળી આવે છે તો તેને આસ્માન પર લઈ જવામાં આવે છે. જ્યારે દરવાજો ખોલવામાં આવે છે તો પૂછવામાં આવે છે કોણ છે ? આ બાજુથી જવાબ જાય છે કે ફલાણાનો પુત્ર ! ફલાણો ! તો અંદરથી જવાબ આવે છે કે ખુશ આમદિદ ન હજો હે નાપાક રૂહ ! તારા માટે આસ્માનના દરવાજા નહીં ખોલવામાં આવે. પછી તેને ત્યાંથી પરત કરવામાં આવે છે અને તે કબ્ર તરફ આવે છે.

**(૧૨)** બઝ્ઝાર અને ઈબ્ને મરદૂયાએ અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે મો'મિનના મૃત્યુનો સમય નજીક આવે છે તો ફરિશ્તાઓ રેશમ તથા સુગંધિત ડાળીઓ લઈને આવે છે અને તેની રૂહને એવી રીતે કાઢે છે જેમ કે આટાથી વાળ અને તેને કહે છે કે, હે શાંત નફ્સ ! અલ્લાહ તઆલાની રહમત તથા કરામતની તરફ નીકળી આવ ! જ્યારે તેની રૂહ નીકળે છે તો તેને મુશ્ક અને ખૂશ્બુઓ પર મૂકવામાં આવે છે અને રેશમમાં લપેટીને ઈલ્લિય્યીનમાં લઈ જાય છે અને જ્યારે કાફિરની રૂહ નીકળવાની હોય છે તો ફરિશ્તા ધાબળામાં ચિંગારીઓ મૂકીને લાવે છે અને સખ્તીથી તેની રૂહને કાઢે છે અને કહે છે કે હે નાપાક નફ્સ ! તું ખુદાથી નારાજ અને ખુદા તારાથી નારાજ છે. તું બેઈજ્જતી તથા અલ્લાહના અઝાબની તરફ ચાલ ! જ્યારે તેની રૂહ નીકળે છે તો તેને ચિંગારીઓ પર મૂકીને સેકવામાં આવે છે અને પછી તેને સિજ્જીનમાં લઈ જવામાં આવે છે.

**(૧૩)** હમ્માદ અને ઈબ્ને સુદીએ કિતાબુઝ્ ઝોહદમાં અને અબ્દ બિન હમીદે પોતાની તફસીરમાં અને તિબ્રાનીએ કબીરમાં એવી સનદ દ્વારા વર્ણન કરી કે જેના રાવી સૌ ષિક્હ છે. અને અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهએ ફર્માવ્યું કે જ્યારે ઈન્સાન અલ્લાહના માર્ગમાં શહીદ થાય છે તો સર્વ પ્રથમ ટીપુ જે ધરતી પર પડે છે તેના બદલે અલ્લાહ

તેના સર્વ ગુનાહોને માફ ફર્માવે છે. પછી આસ્માનથી એક ચાદર આવે છે જેમાં તેના નફ્સને લેવામાં આવે છે અને એક શરીરમાં તેની રૂહને રાખવામાં આવે છે. પછી ફરિશ્તાઓની[૧] સંગમાં તેને જન્નતની તરફ લઈ જવામાં આવે છે જાણે હમેશા આ (રૂહ) તે ફરિશ્તાઓની સાથે જ રહેતો હતો. પછી તેને અલ્લાહની બારગાહમાં હાજર કરવામાં આવે છે તો આ ફરિશ્તાઓ પહેલાં સજદા કરે છે અને પછી ફરિશ્તાઓ સજદો કરે છે. પછી તેની બખ્શિશ કરવામાં આવે છે અને તેને પવિત્ર કરી દેવામાં આવે છે. પછી હુકમ થાય છે કે તેને શહીદોની પાસે લઈ જાવ, શહીદોને લીલાછમ વૃક્ષો અને રેશમના ગુંબદોમાં પામશે, એ બળદ અને માછલીને ખાશે, પરંતુ વિશિષ્ટ અંદાજથી કે માછલી જન્નતની નહેરોમાં ફરી રહી હશે કે સાંજે બળદ લાગ પામીને તેને હલાક કરી દેશે તો જન્નતવાળા તેનાં માંસને ખાશે અને તેમાં જન્નતની સુગંધો પામશે અને સાંજના સમયે બળદ જન્નતની ચરવાની જગ્યામાં ચરી રહ્યો હશે કે માછલી તેના પર પોતાની પૂછડી મારશે અને તેને હલાક કરી દેશે. જન્નતવાળા તેને ખાશે તો જન્નતના દરેક ફળની સુગંધ તેમાં પામશે અને તેઓ પોતાના દરજ્જાઓને જોઈને ક઼યામતને[૨] જલ્દી ક઼ાયમ કરવાની દુઆ કરશે. જ્યારે અલ્લાહ તઆલા દરેક મો'મિનને વફાત દેવાનો ઈરાદો ફર્માવે છે તો તેની તરફ બે ફરિશ્તા જન્નતના કપડાં લઈને આવે છે અને તેની પાસે જન્નતના ફૂલોમાંથી ફૂલ હોય છે. આ ફરિશ્તાઓ કહે છે કે, હે પવિત્ર રૂહ ! રબની રહમત અને મહેરબાનીની તરફ આવ અને તે રબની તરફ જે તારાથી રાજી અને ખુશ છે. તારા કરેલા આમાલ શ્રેષ્ઠ છે તો તે અતિ શ્રેષ્ઠ મહકતી સુગંધની જેમ નીકળે છે. તે બાજુ આસ્માનના કિનારા પર ફરિશ્તાઓ કહે છે કે સુબ્હાનલ્લાહ ! આજે જમીનથી પવિત્ર રૂહ આવી છે તે જે દરવાજા પર પસાર થાય છે ખોલી દેવામાં આવે છે. જે ફરિશ્તા પાસેથી તેનો ગુજર થાય છે તે તેના માટે બખ્શિશની દુઆ અને શફાઅત કરે છે. હવે અલ્લાહની બારગાહમાં હાજર થાય છે. અને તેના સજદો કરતાં પહેલાં

*૧. એટલે તે તેઓમાં એટલી હદે મળી જાય છે જાણે તેની તેઓની સાથે જૂની દોસ્તી છે.*

*૨. કેમ કે તેમને ખબર છે કે હમેશાંની નેઅમતો તે જ સમયે થશે.*





ફરિશ્તાઓ સજદામાં માથુ નમાવીને અર્ઝ કરે છે કે બારે ઈલાહી ! આ તારો બંદો અમે તેને વફાત આપી અને તું એનાથી વિશેષ જાણવાવાળો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેને સજદો કરવાનો આદેશ આપો, તો તે સજદો કરે છે. પછી મીકાઈલ علیہ السلام ને બોલાવીને અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે આ રૂહને પણ મો'મિનોની રૂહો સાથે સામેલ કરી દો જેથી તેના વિશે ક઼યામતના દિવસે હું તારાથી સવાલ કરું. પછી તેની ક઼બ્રમાં વિશાળતા કરવામાં આવે છે. સિત્તેર[૧] લંબાઈ અને સિત્તેર પહોળાઈ કરવામાં આવે છે. તેમાં ફૂલ નાંખી દેવામાં આવે છે અને રેશમ પાથરી દેવામાં આવે છે અને જો તેણે કાંઈ કુર્આન પઢયું હોય છે તો તે જ તેના માટે ક઼બ્રમાં નૂર બની જાય છે, નહીંતર તેને સૂરજની[૨] જેમ નૂર આપવામાં આવે છે. પછી એક દરવાજો જન્નતની તરફ ખોલી દેવામાં આવે છે જેથી તે પોતાનું જન્નતવાળુ ઠેકાણું સવાર સાંજ નિહારતો રહે. અને જ્યારે અલ્લાહ તઆલા કોઈ કાફિરને મૃત્યુ આપવા ઈચ્છે છે તો તેની તરફ બે ફરિશ્તા મોકલે છે અને તેની તરફ એક અતિ બુરી દુર્ગંધમય ચાદરનો ટુકડો મોકલવામાં આવે છે જે ખૂબ જ સખ્ત ખરબચડો હોય છે તો ફરિશ્તાઓ કહે છે કે, હે નાપાક નફ્સ ! જહન્નમ અને સખત અઝાબની તરફ આવ અને તે રબની બારગાહમાં ચાલ જે તારા પર નારાજ છે. કેમ કે તારાં કરતૂત ખૂબ જ બુરાં છે ! તો તે અતિશય દુર્ગંધમય મુડદાની જેમ નીકળે છે. દરેક આસ્માનના કિનારાઓ પર ફરિશ્તા કહે છે, સુબ્હાનલ્લાહ ! કેટલી નાપાક રૂહ આસ્માનોની તરફ જમીનથી આવી રહી છે ! તો તેના માટે આસ્માનોના દરવાજા નથી ખોલવામાં આવતા. પછી તેના દેહને ક઼બ્રમાં નાખીને ક઼બ્રને સાંકડી કરી દેવામાં આવે છે. અને બુખ્તી ઊંટો (એક પ્રકારનું મોટું ઊંટ)ની ગરદનોની જેમ સાપ ક઼બ્રમાં ભરી દેવામાં આવે છે જે તેના

*૧. શરીઅતમાં ઘણી બધી વસ્તુઓની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને મઅદૂદ (જેની ગણત્રી કરવામાં આવે)નો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો અને આ મુબાલેગા (કોઈ વાતને ખૂબ વધારીને બયાન કરવી તે) છે દા.ત. એ કે જો નમાઝીના સામેથી પસાર થનાર એવું જાણી લેત કે તેને કેટલો અઝાબ થશે તો ચાલીસ વરસ સુધી ઊભો રહેત.*

*૨. આ નૂર કુર્આનના નૂરથી ઓછું છે.*

માંસને હાડકા પરથી[1] છોલીને ખાતા રહે છે. પછી હથોડા લીધેલ એવા ફરિશ્તા આવે છે જે દષ્ટિ નથી ધરાવતા કે તેની ખરાબ સ્થિતિને જોઈને રહમ કરે અને સાંભળતા નથી કે તેની દર્દનાક અવાજો સાંભળીને દયા ખાય અને તેઓ તે હથોડા તેને મારે છે. પછી જહન્નમનો એક દરવાજો ક઼બ્ર સુધી ખોલવામાં આવે છે જેથી તે પોતાના જહન્નમના ઠેકાણાની જગ્યાને સવાર સાંજ નિહારી શકે. જહન્નમના અઝાબની સખ્તીને જોઈને અલ્લાહ તઆલાથી તે સવાલ કરશે કે મને આ જ ક઼બ્રના અઝાબમાં રહેવા દે જે જેથી હું તે સખ્ત અઝાબને ન ચાખું.

**(૧૪)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં બયહકી અને લાલકાઈએ અબૂ મૂસા અશ્અરીથી રિવાયત કરી કે મો'મિનની રૂહ જે મુશ્કથી અધિક સુગંધિત છે. જ્યારે નીકળે છે તો મૌત આપવાવાળા ફરિશ્તા તેને આસ્માન તરફ લઈ જાય છે. તદુપરાંત આસ્માનથી અન્ય ફરિશ્તાઓની એક જમાઅત મળે છે અને પૂછે છે કે આ કોણ છે ? તો ફરિશ્તા તે રૂહની પ્રસંશા કરે છે અને તેની સારી વાતો વર્ણવે છે. આ ફરિશ્તાઓ તા'ઝીમથી સલામ કરે છે અને આસ્માનનો દરવાજો ખુલી જાય છે અને તે શખ્સનો ચહેરો ચમકી ઉઠે છે. હવે તેને ખુદાનો દીદાર થાય છે. અને જ્યારે કાફિરની રૂહ નીકળે છે તો તેમાં બદ્તરીન મુડદાની જેમ દુર્ગંધ આવે છે, તેને મૌત આપવાવાળા ફરિશ્તાઓ આસ્માન પર લઈ જાય છે. રસ્તામાં ફરિશ્તાઓની એક જમાઅતથી મુલાકાત થાય છે. તેઓ પૂછે છે, આ કોણ છે ? આ ફરિશ્તાઓ જવાબ આપે છે કે આ ફલાણાનો પુત્ર ફલાણો બદકાર શખ્સ છે ! અને તેની બુરાઈઓ બયાન કરે છે. ફરિશ્તાઓ કહે છે કે તેને જમીન પર જ પરત લઈ જાવ, અલ્લાહે તેના પર જુલ્મ નથી કર્યો. પછી અબૂ મૂસાએ આ આયત પઢી[2] وَلَا يَدۡخُلُوۡنَ الۡجَنَّةَ حَتّٰى يَلِجَ الۡجَمَلُ فِىۡ سَمِّ الۡخِيَاطِ આ હદીષને અબૂ દાઊદ તિયાલિસીએ વધારા ઘટાડા સાથે આ જ શબ્દોથી વર્ણન કરી .

૧. સાપોના ખાવાથી માંસ ખતમ નહીં થાય બલ્કે તરત જ બીજુ માંસ તેની જગ્યા લઈ લે છે, જેથી અઝાબમાં વધારો થાય.

અલ્લાહ તઆલાનું ફર્માન : كلّما فضجت ضلودهم جلودا غيرها

૨. એટલે તેઓ જન્નતમાં નહીં પ્રવેશે એટલે સુધી કે ઊંટ સોયના નાકામાં દાખલ ન થઈ જાય. મતલબ કે તેમનું જન્નતમાં પ્રવેશવું અશક્ય છે.





**(૧૫)** ઈબ્ને મુબારકે ઝોહ્દમાં રિવાયત કરી. ઈબ્ને અબ્બાસે કઅબ અહબારને પૂછયું કે اِنَّ الۡاَبۡرَارَ لَفِىۡ عِلِّيِّيۡنَનો અર્થ શું છે ? તો આપે ફર્માવ્યું કે જ્યારે મો'મિનની રૂહ ક઼બ્ઝ થાય છે તો ફરિશ્તાઓ તેને લઈને આસ્માનની તરફ જાય છે અને અન્ય ફરિશ્તાઓની ટોળીઓ આવીને તેને જન્નતની ખુશખબરી સંભળાવે છે એટલે સુધી કે તેને અલ્લાહના અર્શ સુધી લઈ જાય છે. પછી ફરિશ્તાઓ અર્શની નીચેથી એક કિતાબ લાવે છે તેના પર કાંઈક લખીને અને સિક્કો મારીને ત્યાં જ મૂકી દેવામાં આવે છે જેથી હિસાબના દિવસે તેની મુક્તિ આ કિતાબના ઝરીયે થાય. તો આ જ કિતાબ છે જેનો ઉલ્લેખ દર્શાવેલ આયતમાં છે અને كَلَّاۤ اِنَّ كِتٰبَ الۡفُجَّارِ لَفِىۡ سِجِّيۡنٍનો અર્થ એ છે કે જે ફાજિરોની[1] રૂહને આસ્માનની તરફ લઈ જવામાં આવશે તો આસ્માન સ્વીકાર કરવાથી ઈન્કાર કરી દેશે, જેથી જમીનની તરફ તેને ફેંકી દેવામાં આવશે તો જમીન પણ સ્વીકાર કરવાથી ઈન્કાર કરી દેશે. તો તેને સાતેવ જમીનોની નીચે સિજ્જીલમાં લઈ જવામાં આવશે. અને આ શૈતાનનો ખાડો છે તેમાંથી એક કિતાબ કાઢવામાં આવશે અને તેના પર કાંઈક લખીને એક સિક્કો મારીને તેની બરબાદીના દસ્તાવેજને હિસાબના દિવસ માટે ઈબ્લીસના ખાડામાં મૂકી દેવામાં આવશે.

**(૧૬)** અબ્દુલ્લાહ બિન અહમદે ઝવાઈદુઝ્ ઝોહ્દમાં અબ્દુલ અઝીઝ બિન રફીઅથી રિવાયત કરી કે જ્યારે મો'મિનની રૂહને આસ્માનની તરફ લઈ જવામાં આવે છે તો ફરિશ્તાઓ કહે છે કે પાક છે તે ખુદા કે જેણે આ બંદાને શૈતાનથી મુક્તિ અપાવી.

**(૧૭)** ઈબ્ને અબી દુન્યા અને ઈબ્ને અબી હાતિમે ઈબ્ને અબ્બાસની રિવાયતથી અલ્લાહ તઆલાના આ ફર્માન وقيلَ مِن رَّاقٍની તફસીર આ પ્રમાણે બતાવી કે ક્યાં તો રહમતના ફરિશ્તા મુડદાંની રૂહને લઈને ચઢે છે અથવા અઝાબના ફરિશ્તા.''

**(૧૮)** ઝિહાકથી અલ્લાહ તઆલાના આ ફર્માન[2] وَالتفتِ اسَّاقُ با السَّاقِની તફસીરમાં આ મુજબ વર્ણન કરી કે લોકો તો મુડદાના શરીરને તૈયાર કરે છે અને ફરિશ્તાઓ તેની રૂહને. આ રીતે

*૧. મુરાદ કાફિર.  ૨. અને પીંડલી બીજી પીંડલી સાથે મળશે.*

ઈન્સાનોની પીંડલીઓ ફરિશ્તાઓની પીંડલીઓ સાથે મળે છે.

**(૧૯)** અબૂ નુઐમે મુઆવિયા બિન અબૂ સુફયાનથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે એક શખ્સ સતત ગુનાહ કરતો હતો. તેણે અટ્ઠાણુ (૯૮) માણસો ક઼ત્લ કરી દીધા અને સૌ નિર્દોષ હતા તો તે એક ચર્ચમાં પહોંચ્યો કે શું તેની તૌબા ક઼બૂલ થશે કે નહીં ? પાદરીએ જવાબ આપ્યો, નહીં ! તેણે પાદરીને પણ મારી નાખ્યો. પછી બીજા પાદરી પાસે આવ્યો. અને તેને પણ આ જ સવાલ કર્યો તો તેણે જવાબ આપ્યો કે ખુદાની ક઼સમ ! જો હું એવું કહીશ કે અલ્લાહ તઆલા તૌબા કરવાવાળાઓની તૌબા ક઼બૂલ નથી કરતો તો હું જૂઠો બનીશ. અહીંયા એક મસ્જિદ જેમાં અલ્લાહના ઈબાદતગુઝાર બંદાઓ રહે છે, તું તેમની પાસે ચાલ્યો જા અને તેમની સાથે રહીને અલ્લાહની ઈબાદત કર. તો આ શખસ તૌબા કરીને તે મસ્જિદે રવાના થયો. હજી રસ્તામાં જ હતો કે તેની મૌત આવી ગઈ અને તે મૃત્યુ પામી ગયો. તો અલ્લાહ તઆલાએ અઝાબ તથા રહમતના ફરિશ્તાઓને મોકલ્યા, આ બંનેવ ટુકડીઓ આપસમાં ઝગડો કરવા લાગ્યા, તો અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને જજ બનાવીને મોકલ્યો કે એ જુઓ કે જો એ ગુનેહગારોની વસ્તીથી નજીક છે તો ગુનેહગારોમાં સામેલ કરી દો અને અઝાબના ફરિશ્તાઓને સુપ્રત કરી દો અને જો નેક બંદાઓની વસ્તીની નજીક છે તો રહમતના ફરિશ્તાઓના હવાલે કરો. હવે જ્યારે માપ્યું તો નેકોની વસ્તીની નજીક હતો. કેવળ એક બેડકાની માત્રામાં ! તો તેની મગફેરત થઈ ગઈ. આ હદીષની અસલ સહીહૈનમાં છે. અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ બુરા લોકોની વસ્તીને હુકમ આપ્યો કે તું દૂર થઈ જા ! અને નેક લોકોની વસ્તીને હુકમ આપ્યો કે નજીક[1] થઈ જા ! (આ હદીષ અબૂ અમ્ર, મિકદામ બિન મઅદી કરબ

*૧. આ હદીષ સહીહૈનમાં થોડી વિસ્તૃત રીતે છે જેમ કે સહીહૈનમાં છે કે આ શખ્સે નવ્વાણુ માણસોને ક઼ત્લ કર્યા અને પછી પાદરીથી નાઉમ્મીદીનો જવાબ સાંભળીને તેને પણ મૌતને ઘાત ઉતાર્યો અને પછી આલિમથી ઉમ્મીદનો જવાબ પામીને ઔલિયા અલ્લાહની વસ્તી માટે રવાના થયો. હજી તે વસ્તીની નજીક પણ ન પહોંચ્યો હતો ને મૌત આવી ગઈ. તેણે પોતાનો સી* વધુ પેજ નં. ૪૯.....પર





અને અબૂ હુરૈરહ્થી પણ મરવી છે.)

**(૨૦)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને ઈબ્ને અબી દુન્યાએ હસનથી રિવાયત કરી કે જ્યારે મો'મિનની વફાતનો સમય નજીક થાય છે તો પાંચસો ફરિશ્તાઓ આવીને તેની રૂહને ક઼બ્ઝ કરે છે અને તેને આસ્માના જગત તરફ લઈ જાય છે. માર્ગમાં ગુજરી ગયેલ મો'મિનોની રૂહોથી મુલાકાત થાય છે. રૂહો ફરિશ્તાઓને પૂછે છે તો ફરિશ્તા કહે છે કે આ બહુ મોટી બેચૈનીથી છૂટકારો પામીને આવ્યો છે. પછી તે રૂહો બીજી વાતો તેને પૂછે છે એટલે સુધી કે ભાઈ તથા દોસ્તો વિશે પૂછે છે, તે જવાબ આપે છે કે આ લોકો એવા જ છે જેવા તમે જોયા હતા (વગેરે) એટલે સુધી કે એવા શખ્સની બાબત પૂછે છે જે આ આવનારી રૂહથી પહેલાં મૃત્યુ પામી ચૂક્યો છે. આ રૂહ કહે છે કે શું તે તમારી પાસે નથી પહોંચ્યો ? તેઓ પૂછે છે, શું ખરેખર તે મૃત્યુ પામ્યો ? તો જવાબ આપે છે ખુદાની ક઼સમ ! તે મૃત્યુ પામી ગયો. તો તેઓ કહે છે કે અમારો ખયાલ છે કે તે હાવિયા (જહન્નમનું નામ)માં ચાલ્યો ગયો અને તે ખૂબ જ બુરું ઠેકાણુ છે.

**(૨૧)** ઈબ્ને અબી દુન્યાએ ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી. તેમણે કહ્યું કે અમને હદીષ પહોંચી કે જ્યારે મો'મિનની રૂહ ઉડ્ડયન કરવાની હોય છે તો તેની પાસે રેશમ અને જન્નતની સુગંધો લાવવામાં આવે છે. જ્યારે રૂહ નીકળી આવે છે તો તેને રેશમમાં લપેટવામાં આવે છે અને તેના પર તે સુગંધો છાંટી દેવામાં આવે છે પછી તેને ફરિશ્તાઓ ઈલ્લિય્યીનમાં લઈ જાય છે.

પેજ નં. ૪૮ નું ચાલુ... *આગળ કર્યો અને તે રીતે મૃત્યુ પામ્યો. હવે જ્યારે જમીન માપવામાં આવી તો જેટલો સીનો આગળ કર્યો હતો તેટલો જ નજીક નીકળ્યો. આ હદીષથી અમુક વાતો જાણવા મળી : (૧) આલિમે દીન બેઅમલ સૂફીથી અફઝલ છે. (૨) ખુદા દરેક સ્થળે છે પરંતુ તેની રહમતો નેક લોકોની વસ્તી પર હોય છે. (૩) દુઆની ક઼બૂલિયત માટે નેક લોકોની વસ્તી તરફ મુસાફરી કરવી જાઈઝ છે. (૪) તેમની વસ્તીમાં પહોંચવું તો મોટી વાત છે, જો તે બાજુ મોઢું કરી લેવામાં આવે તો મગફેરત થઈ જાય છે. (૫) નેક બંદાઓના લીધે જમીનનું અંતર અધિક પણ કરવામાં આવી શકે છે અને ઓછું પણ, જેમ કે નેક વસ્તીનું અંતર ઓછું થયું અને બુરાઓની વસ્તીનું વધુ.*

**(૨૨)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે મો'મિનની રૂહ ક઼બ્ઝ થવા પહેલાં તેને ખુશખબરી સંભળાવવામાં આવે છે. જ્યારે તેની રૂહ ક઼બ્ઝ થાય છે તો તે પોકારે છે અને ઈન્સાન તથા જિન્નાત સિવાય તેના અવાજને ઘરમાં રહેનાર દરેક નાનુ મોટુ જાનવર સાંભળે છે. અવાજ એ હોય છે કે મને જલ્દી અરહમુર્રાહિમિનની બારગાહમાં લઈ જાવ ! જ્યારે તેને તેના જનાઝામાં મૂકવામાં આવે છે તો કહે છે કે જવામાં મોડુ કેમ કરો છો ? જ્યારે તેને ક઼બ્રમાં દાખલ કરવામાં આવે છે તો તેને બેસાડવામાં આવે છે. અને તેને જન્નત તથા સર્વ તે ચીજો તેની સાથે વાયદો કરવામાં આવ્યો હતો દેખાડવામાં આવે છે અને તેની ક઼બ્ર પુષ્પો તથા સુગંધોથી ભરી દેવામાં આવે છે. તે ખુદાને અર્ઝ કરે છે કે હે ખુદાવંદ ! મને જલ્દી મોકલી દે ! અલ્લાહ તઆલા ફર્માવે છે, હજી સમય નથી થયો, તારા ઘણા ભાઈ બહેન હજી તારી પાસે નથી. હા, તારી આંખો ઠંડી થશે, તું સૂઈ જા ! હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ફર્માવે છે કે ખુદાની ક઼સમ ! દુનિયામાં કોઈ શખ્સ એટલી મીઠી ઊંઘ નહીં સૂતો હોય જેટલી મીઠી ઊંઘ તેને પ્રાપ્ત થાય છે એટલે સુધી કે ક઼યામતના દિવસે ખુશખબરી સાંભળવા માટે જાગશે.

**(૨૩)** ઈબ્ને મરદૂયા અને ઈબ્ને મુંદાએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે કોઈ શખ્સ જન્નત કે જહન્નમમાં પોતાનું ઠેકાણુ જોયા વિના દુનિયાથી રૂખ્સત નથી થતો. પછી આપે ફર્માવ્યું, જ્યારે તે મૃત્યુની નજીક હોય છે તો ફરિશ્તાઓની બે લાઈનો ઊભી થઈ જાય છે. તેમના ચેહરા સૂર્યની જેમ ચમકેલ હશે, તે મુડદો તેમને જુએ છે અને અન્ય કોઈ નહીં, જ્યારે કે તમે એવું સમજો છો કે મુડદુ તમારી તરફ જોઈ રહ્યું છે, દરેક ફરિશ્તાની પાસે જન્નતી કફન અને સુગંધો હોય છે. હવે જો મરનાર મો'મિન છે તો ફરિશ્તાઓ તેને જન્નતની ખુશખબરી આપીને કહે છે કે, હે શાંત નફ્સ ! અલ્લાહની રઝા અને તેની જન્નતની તરફ નીકળી આવ. કેમ કે અલ્લાહ તઆલાએ તારા માટે તે ઈનામો રાખ્યાં છે જે દુનિયા અને જે કાંઈ તેમાં છે તેમાંથી શ્રેષ્ઠ છે. ફરિશ્તાઓ ખૂબ જ નરમી અને મહેરબાનીથી તેને આ





ખુશખબરીઓ સંભળાવે છે અને પછી એક પછી બીજો દરેક નખ અને દરેક સાંધાથી તેની રૂહ કાઢી લે છે અને આ તેના પર આસાન હોય છે જ્યારે કે તમે તેને સખત સમજો છો એટલે સુધી કે રૂહ દાઢી સુધી પહોંચી જાય છે. હવે તે શરીરથી નીકળવાને તેનાથી વધુ બુરું જાણે છે જેટલું બાળક માંના પેટથી નીકળવાને. તે ફરિશ્તાઓ અંદરો અંદર ઝઘડે છે કે કોણ તેની રૂહને ઉઠાવવાનો શર્ફ હાંસલ કરે. છેવટે મલકુલ મૌત તેને લઈ લે છે પછી રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ આ આયત પઢી કે, قُلْ يَتَوَفّٰكُم مَلَكُ الْمَوْتِ الَّذِىْ وُكِّلَ بِكُمْ અર્થ : આપ કહી દો કે તમને મૌતનો ફરિશ્તો મૌત આપે છે. જેને તમારા પર નિયુક્ત કરવામાં આવેલ છે. મલકુલ મૌત તેને સફેદ કપડામાં લઈને પોતાના ખોળામાં એવી રીતે દબાવે છે કે માં પણ પોતાના બાળકને એટલી મહોબ્બતથી નથી દબાવતી. પછી તેનાથી મુશ્કથી શ્રેષ્ઠ ખૂશ્બુઓ નીકળે છે જેને ફરિશ્તાઓ સૂંઘે છે અને કહે, હે પવિત્ર રૂહ ! હે પવિત્ર ખૂશ્બુઓ ! ખુશ આમદિદ ! અને તેના માટે બખ્શિશની દુઆ કરે છે અને એકબીજાને ખુશખબરી આપે છે અને તેના માટે આસ્માનના દરવાજા ખુલે છે, જે દરવાજા પર પહોંચે છે તેના ફરિશ્તા તેના માટે બખ્શિશની દુઆ કરે છે એટલે સુધી કે અલ્લાહની બારગાહમાં હાજર થાય છે તો તે ઈર્શાદ ફર્માવે છે, હે પાક નફ્સ ! અને હે પાક શરીર ! જેનાથી તું નીકળીને આવી છે, ખુશ આમદિદ ! અને જ્યારે ખુદા તઆલા કોઈને ખુશ આમદિદ કહે છે તો કાએનાતની દરેક ચીજ તેને ખુશ આમદિદ કહે છે અને તેની સર્વ તંગી દૂર થઈ જાય છે. પછી ઈર્શાદ થાય છે કે આ પાક નફ્સને જન્નતમાં લઈ જઈને તેનું ઠેકાણુ દેખાડો અને તેની સર્વ તે નેઅમતો દેખાડો જે મેં તેના માટે તૈયાર કરી છે. અને પછી તેને જમીન તરફ લઈ જાવ કેમ કે હું ફેંસલો કરી ચૂક્યો છું કે હું તેને જમીનથી પેદા કરીશ, જમીનમાં દાખલ કરીશ અને પછી જમીન પર જ પરત કરીશ. તો હવે તે જમીનની તરફ જવાને શરીરથી નીકળવાથી પણ વધુ બુરું સમજશે અને પૂછશે કે શું હવે તમે મને ફરી તે જ શરીરની તરફ લઈ જાવ છો જેનાથી છૂટકારો મેળવીને હું આવી હતી ? ફરિશ્તા કહેશે કે અમને આ જ આદેશ આપવામાં આવ્યો છે. તે ફરિશ્તા તે રૂહને એટલીવારમાં પરત લાવશે

જેટલી વારમાં લોકો શરીરના ગુસ્લ તથા કફનથી ફારિગ થશે. પછી તે રૂહને તેના શરીર અને કફનમાં દાખલ કરી દેશે.

**(૨૪)** ઈબ્ને અબી હાતિમે સુદ્દીથી રિવાયત કરી કે કાફિરોની રૂહ જ્યારે નીકળે છે તો ફરિશ્તાઓ તેને લઈને જમીનથી પછાડે છે ત્યાં સુધી કે તે આસ્માનની તરફ ઉઠે છે, જ્યારે તે આસ્માનની તરફ ઉઠે છે તો આસ્માનના ફરિશ્તા તેને મારે છે તો તે જમીનના સૌથી નીચલા દરજામાં પહોંચી જાય છે.

**(૨૫)** ઈબ્ને અબી શૈબાએ રબઈ બિન હિરાશથી રિવાયત કરી, તે કહે છે કે જ્યારે હું ઘરમાં પહોંચ્યો તો મને ખબર મળી કે મારો ભાઈ મૃત્યુ પામી ગયો છે. હું દોડીને આવ્યો તો જોયું કે તેને કપડામાં લપેટી દેવામાં આવ્યો છે તો હું તેના સિરહાને ઊભો ઈસ્તિગફાર (મગફેરતની દુઆ) અને ઈસ્તિરજાઅમાં (اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ પઢવામાં) વ્યસ્ત હતો એટલામાં તેણે અચાનક કપડું ઉઠાવીને કહ્યું, અસ્સલામુ અલયકુમ ! તો અમે કહ્યું, વઅલયકુમુસ્સલામ. સુબ્હાનલ્લાહ ! તો તેણે પણ કહ્યું કે સુબ્હાનલ્લાહ ! હું તમારાથી જુદો થઈને અલ્લાહ તઆલાની બારગાહમાં પહોંચ્યો, અહીંયાં મેં પોતાના રબથી મુલાકાત કરી જે મારાથી રાજી હતો, તેણે મને રેશમ, સુન્દુસ (એક પ્રકારનું શ્રેષ્ઠ રેશમ) અને ઈસ્તબરક્ (એક પ્રકારનું રેશમ)ના કપડાં પહેરાવ્યાં અને મેં તેનાથી મામલો આસાન પામ્યો જેટલો કે તમે સમજતા હતા. હવે મોડુ ન કરો કેમ કે મેં ખુદા તઆલાથી ઈજાઝત માંગી હતી કે તમને ખુશખબરી દઈ આવું, જલ્દી કરો અને મને રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં લઈ ચાલો કેમ કે તેમણે મારી સાથે વાયદો ફર્માવ્યો હતો કે મારા પરત ફરતા સુધી મારી રાહ જોશે. પછી આટલુ કહીને તે પહેલાંની માફક મૃત્યુ પામી ગયો.

**(૨૬)** અબૂ નુઐમે રબઈથી રિવાયત કરી, તે કહે છે કે અમે ચાર ભાઈ હતા અને મારા ભાઈ રબીઅ અમારાથી અધિક રોઝા તથા નમાઝોનો પાબંદ હતો તેનો ઈન્તેકાલ થઈ ગયો. અમે લોકો તેની આસપાસ હતા એટલામાં અચાનક તેણે કપડું ઉઠાવીને કહ્યું, અસ્સલામુ અલૈકુમ ! અમે કહ્યું, વ અલયકુમુસ્સલામ ! શું મૃત્યુ બાદ પણ ! તેણે



શરહુસ્સુદૂર એટલે મૌત તથા કૃબ્રના હાલાત
કહ્યું ? હા ! તેણે કહ્યું કે મેં તમારાથી જુદા થયા બાદ પોતાના રાજી અને પ્રસન્ન અલ્લાહ તઆલાથી મુલાકાત કરી તો તેણે મને પોતાની રહમત અતા કરી અને રેશમનો જોડો પહેરાવ્યો. સાંભળો ! અબુલ ક઼ાસિમ (મુહમ્મદ ﷺ) નમાઝ માટે મારી રાહ જોઈ રહ્યા છે, જલ્દી કરો ! પછી તે આટલું કહીને પહેલાંની જેમ ચૂપ થઈ ગયો. આ વાત હઝરત આઈશા رضی اللہ عنہا સુધી પહોંચી ગઈ તો તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા કે મારી ઉમ્મતમાં એક શખ્સ મૃત્યુ બાદ પણ વાતચીત કરશે. અબૂ નુઐમ કહે છે કે આ હદીષ મશ્હૂર છે. બયહકીએ આ હદીષને દલાઈલુન્ નુબુવ્વતમાં વર્ણન કરી અને કહ્યું કે આ સહીહ છે અને તેના સહીહ હોવામાં કોઈ શંકા નથી.

**(૨૭)** જુવૈબરે પોતાની તફસીરમાં અબ્બાન બિન અબી અય્યાશથી રિવાયત કરી કે મોરેક ઉજલીની વફાતના સમયે અમે હાજર હતા. જ્યારે તેમને કફન પહેરાવવામાં આવ્યું તો અમે જોયું કે તેમના માથાથી એક નૂર નીકળ્યું જે સિલિંગને ચીરીને નીકળી ગયું. પછી અમે જોયું કે એવું જ એક નૂર પગો તરફથી નીકળ્યું પછી એક વચ્ચેથી નીકળ્યું. તો અમે થોડીવાર અટકી ગયા તો તેમણે પોતાના મોઢા પરથી કપડું હટાવીને કહ્યું કે શું તમે કશું જોયું ? અમે કહ્યું, હા ! અને જે જોયું બતાવી દીધું. તેમણે કહ્યું કે આ સૂરએ સજદા છે જે હું રોજ રાત્રે પઢતો હતો અને જે નૂર તમે મારા માથાથી નીકળતું જોયું એ તેની શરૂની ચૌદ આયતો છે અને જે તમે પગોની તરફથી જોયું એ સૂરતની છેવટની ચૌદ આયતનોનું નૂર હતું અને જે તમે વચ્ચે જોયું એ ખૂદ સૂરએ સજદા હતી. એ ઉપર શફાઅત કરવા માટે ગઈ અને સૂરએ તબારક મારી શફાઅત અને હિફાઝત માટે બચી રહી. આમ કહીને ફરી ચૂપ થઈ ગયા.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબ **"મન આશ બઅદલ મૌત"**માં હઝરત ઉજલીથી રિવાયત કરી, તે કહે છે કે અમે એક બેભાન શખ્સની બીમારપુર્સી માટે ગયા તો અમે જોયું કે એક નૂર તેના માથાથી નીકળ્યું અને સિલિંગ ફાડીને ઉપર ચાલ્યુ ગયું. પછી તેની ડૂંટીથી એ જ રીતે નૂર નીકળી ગયું, પછી તે શખ્સ ભાનમાં આવી ગયો તો અમે તેને પૂછયું કે જે મામલો તારી સાથે થયો છે તેની તમને જાણ છે ? તેણે કહ્યું, હા ! જે

નૂર મારા માથાથી નીકળ્યું હતું તે અલીફ લામ મીમ તન્ઝીલની ચૌદ આયતોનું હતું અને જે મારી ડૂંટીથી નીકળ્યું તે આયતે સજદાનું હતું અને જે પગોથી નીકળ્યું હતું એ સૂરએ સજદાની છેવટનું હતું. આ સર્વ મારી શફાઅત માટે ગઈ અને સૂરએ તબારક મારી હિફાઝત માટે રહી ગઈ. હું તેને દર રાત્રે પઢતો હતો.

**(૨૯)** ઈબ્ને અબી દુન્યાએ અને ઈબ્ને સઅદે ષાબિત બનાનીથી રિવાયત કરી કે તે અને એક શખ્સ મુતરફ બિન અબ્દુલ્લાહ બિન શંજરની બીમારપુર્સી માટે ગયા તો તેમને બેહોશીની હાલતમાં પામ્યા તો તેમનાથી ત્રણ નૂર ચમક્યાં. એક માથાથી અને બીજું પગથી અને ત્રીજુ દરમ્યાનથી. જ્યારે તેમને ભાન આવ્યું તો અમે તેનું કારણ તેમને પૂછયું. તેમણે જણાવ્યું કે મારા માથાથી અલિફ લામ મીમ સજદાની પ્રથમ આયતોનું નૂર ચમક્યું અને દરમ્યાની આયતોનું દરમ્યાનથી અને છેલ્લી આયતોનું પગોથી અને એ સૌ મારી શફાઅત માટે ગઈ. સૂરએ તબારક હિફાઝત માટે રહી ગઈ છે. આમ કહીને ઈન્તેકાલ કરી ગયા.

**(૩૦)** અબુલ હસન બિન સિર્રીએ કિતાબુલ્ અવલિયામાં રિવાયત કરી કે ઈબ્ને મુન્કદિર પોતાની સાથે એક નૂર જોતા હતા. જ્યારે તેમના મૃત્યુનો સમય નજીક થયો તો તેમને પૂછવામાં આવ્યું કે તે નૂરનું શું થયું ? તો આપે ફર્માવ્યું કે તે નૂર આ છે.

**(૩૧)** ઈબ્ને અબી દુન્યાએ હારિષ ગનવીથી રિવાયત કરી કે રબીઅ બિન હિરાશે ક઼સમ ખાધી કે હસવામાં તેમના દાંત તે સમય સુધી નહીં જોવા પામો જ્યાં સુધી કે તેમને આખેરતમાં પોતાનું ઠેકાણુ માલૂમ ન થઈ જાય. તો તે મૃત્યુ બાદ હસ્યા. તેમના ભાઈ રબઈએ તેમના બાદ ક઼સમ ખાધી કે તે નહીં હસે ત્યાં સુધી કે તેમને ખબર ન પડી જાય કે તે જન્નતમાં જશે કે જહન્નમમમાં. તો રાવી કહે છે કે તેમને ગુસ્લ દેવાવાળાએ મને જણાવ્યું કે જ્યાં સુધી અમો તેમને ગુસ્લ દેતા રહ્યા તે હસતા રહ્યા.

**(૩૨)** મુગૈરા બિન ખલફથી મરવી છે કે રૂબા છોકરી અચાનક મૃત્યુ પામી ગઈ. લોકોએ તેને ગુસ્લ દીધું અને કફન પહેરાવ્યું પછી તેમણે જોયું કે તે હલી રહી છે અને કહી રહી છે કે ખુશ થઈ જાવ ! જેવું તમે સમજતા હતા મેં મામલો તેનાંથી સહેલો પામ્યો અને મને ખબર થઈ કે





જન્નતમાં સગપણ તોડનાર અને શરાબની ટેવ ધરાવનાર અને મુશ્રિક દાખલ નહીં થશે.

**(૩૩)** ખલફ બિન હૌશબથી મરવી છે કે મદાઈનમાં એક શખ્સ મૃત્યુ પામી ગયો અને તેને કફન પહેરાવવામાં આવ્યું થોડીવાર પછી તેમાં હલન ચલન થઈ અને તેણે કહ્યું, કેટલાક લોકો દાઢીઓ રંગેલા છે, આ મસ્જિદમાં અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને લા'નત કરે છે. (ગાળો દે છે) અને તેઓને બુરુ ભલુ કહે છે અને જે મારી રૂહ કબ્ઝ કરવા આવ્યા છે તેઓ તેમનાથી નફરત કરે છે અને તેમના પર લા'નત કરે છે. આમ કહીને ફરી તે મૃત્યુ પામી ગયો. આ જ રિવાયત બીજા શબ્દોથી પણ વર્ણન છે.

**(૩૪)** ઈબ્ને અસાકિરે અબૂ મઅશરથી રિવાયત કરી કે મદીનામાં એક શખ્સનું મૃત્યુ થઈ ગયું. જ્યારે તેને પાટલા પર નવડાવવા માટે સૂવડાવવામાં આવ્યો તો સીધો બેસી ગયો અને હાથથી આંખો તરફ ઈશારો કરીને ત્રણવાર કહ્યું કે મારી આંખો જોઈ રહી છે, અબ્દુલ મલિક બિન મરવાન અને હજ્જાજ બિન યૂસુફની તરફ કે તેમનાં આંતરડાં આગમાં ખેંચવામાં આવી રહ્યાં છે. આમ કહીને પોતાની પ્રથમ સ્થિતિ પર આવી ગયો.

**(૩૫)** ઈબ્ને અસાકિર તથા ઈબ્ને અબી દુન્યાએ ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી કે મિસ્વર બિન મુખરમા પર બેભાની છવાઈ ગઈ. પછી ભાન આવ્યું તો કહ્યું કે હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, અબ્દુર્રહમાન બિન અવફ રફીકે આ'લામાં છે અને અબ્દુલ મલિક બિન મરવાન અને હજ્જાઝ બિન યૂસુફ પોતાનાં આંતરડાને જહન્નમમાં ઘસેડી રહ્યા છે.

આ પ્રસંગ અબ્દુલ મલિક તથા હજ્જાજની પેદાઈશથી ઘણા મુદ્દત પહેલાંનો છે. કેમ કે હઝરત મિસ્વરે મક્કામાં સ.હિ. ૬૪માં વફાત પામી અને હજ્જાજની પેદાઈશ તો સ.હિ.૭૦ બાદ છે.

**(૩૬)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે અમે અમારા એ બીમારની આસપાસ બેઠા હતા કે અચાનક તે ઠંડો થઈ ગયો અને મૃત્યુ પામી ગયો અને તેને કપડામાં લપેટી દીધો અને કફન

દફનનો સામાન મંગાવવા માટે માણસ મોકલી દીધો. જ્યારે અમે તેને ગુસ્લ આપવા લાગ્યા તો તેમાં હલન ચલન પેદા થઈ. અમે કહ્યું કે સુબ્હાનલ્લાહ ! અમે તો એ જ સમજતા હતા કે તમે મૃત્યુ પામી ગયા ! તેણે કહ્યું કે હા, હું મરી ચૂક્યો અને મને ક઼બ્રમાં પહોંચાડવામાં આવ્યો. એક રૂપાળા અને ખૂશ્બુદાર ઈન્સાને મને ક઼બ્રમાં મૂકીને કાગળોથી ઢાંકી દીધો એટલામાં એક દુર્ગંધિત કાળી સ્ત્રી આવી અને તેણે તે બુઝુર્ગ ઈન્સાનની સમક્ષ મારા ગુનાહ ગણાવવા શરૂ કરી દીધા કે ખુદાની ક઼સમ ! તેણે આવુ કર્યું, તેવું કર્યું, મને ખૂબ શરમ આવી. મેં તે નેક માણસને કહ્યું કે હું તમને ખુદાનો વાસ્તો દઉં છું કે તમે મને અને આને એકલા છોડી દો. જેથી તેમણે એવું જ કર્યું. પછી તેણે કહ્યું કે ચાલો હું તમારી સાથે મુકદ્દમો લડીશ. તે એક વિશાળ મકાનમાં લઈ ગઈ જેમાં એક તરફ તે ચાંદીનું ઝરણું હતું અને બીજા ખૂણામાં મસ્જિદ હતી. એક સાહબ ઊભા ઊભા નમાઝ પઢી રહ્યા હતા. તેમણે સૂરએ નહલ પઢી તેમાં તેમને કંઈક ભૂલ ગઈ મેં લુકમો દીધો. તો તે તરત મારી તરફ ધ્યાનિત થઈને કહેવા લાગ્યા કે શું તમને આ સૂરત યાદ છે. મેં કહ્યું હા ! તો તે કહેવા લાગ્યા કે આ તો નેઅમતોવાળી સૂરત છે. અને એમણે પોતાની નજીકથી જ એક પુઠ્ઠુ ઉઠાવ્યું અને સહીફો કાઢીને તેને જોવા લાગ્યા, એટલામાં કાળી સ્ત્રી દોડીને આવી અને કહેવા લાગી કે આને આવું કર્યું અને તેવું કર્યું અને સારા ચહેરાવાળા માણસે મારી નેકીઓ ગણાવવાની શરૂ કરી દીધી. તો તે નમાઝ પઢનાર માણસે કહ્યું કે, છે તો આ જાલિમ પરંતુ અલ્લાહે તેને માફ કરી દીધું, તેની મૌતનો સમય હમણા નથી તેની મૌતનો સમય સોમવારના દિવસે છે. આવું કહીને તે શખ્સે કહ્યું કે જો હું સોમવારના દિવસે મૃત્યુ પામું તો સમજી લેજો કે આવુ વાત સત્ય છે, નહીંતર સમજશો કે આ સર્વ કાંઈ અર્થ વિનાની વાત હતી. જ્યારે સોમવારનો દિવસ થયો તો તે શખ્સ સંપૂર્ણ ઠીક હતો પરંતુ જેવો દિવસ પૂરો થવાની નજીક થયો તો અચાનક મૃત્યુ પામી ગયો.

**(૩૭)** ઈબ્ને અબી દુન્યાએ અતા ખુરાસાનીથી રિવાયત કરી કે બની ઈસ્રાઈલના એક માણસે ચાલીસ (વરસો સુધી) ક઼ાઝીનો હોદ્દો





નિભાવ્યો. તેને એક બીમારી લાગુ પડી તો તેણે લોકોને કહ્યું કે હું પોતાની આ બીમારીમાં મૃત્યુ પામીશ, જ્યારે હું મૃત્યુ પામું તો તમે ચાર, પાંચ દિવસ મને તમારી પાસે જ રાખજો જો તમે મારામાં કંઈ વિશિષ્ટ વાત જુઓ તો તમારામાંથી કોઈ એક મને પોકારજો. તો જ્યારે તે મૃત્યુ પામી ગયો તો લોકોએ તેને એક તાબૂતમાં મૂકી દીધો. જ્યારે ત્રણ દિવસ ગુજર્યા તો તેમાંથી એક હવા આવી, તો એક શખ્સે તેનું નામ પોકારીને કહ્યું કે આ હવા કેવી છે ? તો તેને બોલવાની પરવાનગી મળી અને તેણે કહ્યું કે, હે લોકો ! મેં તમારામાં ચાલીસ (વરસો સુધી) ક઼ાઝીનો હોદ્દો નિભાવ્યો તો મને બે શખ્સોના સિવાય કોઈએ શંકામાં ન નાંખ્યો, તેઓમાંથી એકથી મને મહોબ્બત હતી હું તેની વાત આ[૧] કાનથી વધુ સાંભળતો હતો જે તેની નજીક હતો આ હવા તેનાથી આવી રહી છે, આમ કહીને મૃત્યુ પામી ગયો.

**(૩૮)** ઈબ્ને અસાકિરે કુર્રા બિન ખાલિદથી રિવાયત કરી કે અમારા કુટુંબમાં એક સ્ત્રી મૃત્યુ પામી ગઈ, પરંતુ અમે તેને દફન ન કરતા હતા કારણે કે તેમાં એક નસ હતી જે હલી રહી હતી. તે બોલવા લાગી કે જાઅફર બિન ઝુબૈરે શું કર્યું ? જ્યારે કે જાઅફરનો ઈન્તેકાલ એવા જમાનમાં થયો જે તે સ્ત્રીને ખબર પણ ન હતી. મેં કહ્યું કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો ! તેણીએ કહ્યું કે ખુદાની ક઼સમ ! મેં તેમને જોયા કે તે સાતમા આસ્માન પર છે અને ફરિશ્તા તેમને ખુશખબરી દઈ રહ્યા છે અને હું તેમને તેમના કફનમાં ઓળખી રહી છું અને ફરિશ્તા કહી રહ્યા છે કે શ્રેષ્ઠ અમલ કરવાવાળો આવ્યો ! શ્રેષ્ઠ અમલ કરવાવાળો આવ્યો !

**(૩૯)** ઈબ્ને અબી દુન્યાએ સાલેહ બિન યહ્યાથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મને મારા એક પડોશીએ ખબર આપી કે એક શખ્સની રૂહ ઉડ્ડયન કરી ગઈ પછી તેના પર તેના આમાલ પેશ કરવામાં આવ્યા તો તેણે જે ગુનાહોથી તૌબા અને માફી માંગી લીધી હતી તે ભૂંસાય ગયા અને જેનાથી માફી ન માંગી હતી તે તેમજ મૌજૂદ હતા, એટલે સુધી કે

*૧. હેતુ એ છે કે ન્યાયનો એટલો ખયાલ રાખવો જોઈએ કે બંને કાનોથી બરાબર વાત સાંભળે. જો એક કાનને વધુ ધ્યાનિત કર્યો તો શિક્ષાનો હક્ક઼દાર થશે.*

દાડમનો[1] એક દાણો જેને મેં ઉઠાવીને ખાઈ લીધો તેના બદલામાં પણ એક નેકી લખવામાં આવી અને એક દિવસ હું નમાઝ ઊંચા સ્વરે પઢી રહ્યો હતો કે મારો પાડોશી સાંભળીને નમાઝ પઢવા લાગ્યો તેના બદલામાં પણ એક નેકી લખી, અને એકવાર હું કેટલાક લોકો પાસે હતો એટલામાં એક શખ્સ આવ્યો. મેં એક દિરહમ[2] કેવળ તે લોકોની મહેમાનનવાઝી માટે આપ્યો તો તે પણ મૌજૂદ હતો, પરંતુ તેનાથી મને નફો થયો ન નુકસાન.

**(૪૦)** ઈબ્ને અસાકિરે ઈબ્ને માજશૂનથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મારા વાલિદ માજશૂનનો ઈન્તેકાલ થઈ ગયો તો અમે તેમને પાટલા પર નવડાવવા માટે રાખ્યા. હવે જ્યારે ગુસ્લ આપનાર પ્રવેશ્યો તો તેમણે જોયું કે તેની એક નસ હલી રહી છે. આ નસ તેમના પગના નીચલા ભાગની હતી જેથી અમે દફન ન કર્યા. ત્રણ દિવસ પછી તે ઉઠીને બેસી ગયા અને કહ્યું કે સત્તુ લાવો ! અમે આપ્યું તો તેમણે પી લીધું. અમે કહ્યું કે જે તમારી પાસે થયું છે તેની અમને ખબર આપો. તેમણે કહ્યું કે મારી રૂહને ફરિશ્તાઓ લઈને આસ્માનની દુનિયા પર આવ્યા અને તેમણે દરવાજો ખોલાવ્યો તો દરવાજો ખુલ્યો. આ રીતે સાંતેવ આસ્માનો પર ગયા. જ્યારે આસ્માન પર પહોંચ્યા તો ફરિશ્તાને પૂછવામાં આવ્યું કે તમારી સાથે કોણ છે ? ફરિશ્તાએ કહ્યું કે માજશૂન. તેમણે કહ્યું કે હજી તો તેમનો સમય નથી થયો ! હજી તેમની ઉંમર આટલી આટલી બાકી છે. પછી હું નીચે આવ્યો. તો હુઝૂર ﷺ અને તેમના જમણે ડાબે અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما પામ્યા અને ઉમર બિન અબ્દુલ અઝીઝને તેમની સમક્ષ પામ્યા. મેં પોતાની સાથેવાળા ફરિશ્તાને પૂછયું કે આ કોણ છે ? કહ્યું કે તમે એમને નથી ઓળખતા ? મેં કહ્યું કે હું પાકી જાણ હાંસલ કરવા માંગુ છું. તેણે જવાબ આપ્યો કે

*૧. મુરાદ આ છે કે ખાવાની વસ્તુ અગર જમીન પર પડી જાય અને નાપાક ન હોય તો તેને બેઅદબીથી બચાવવા ખાઈ લેવું સવાબનો સબબ છે અને તેનું નાખવું ઘમંડથી છે.*

***૨.** આ ચીજ ખૂબ જ ધ્યાનપાત્ર છે કે આજકાલ ઘણા લોકો તદ્દન આવા જ અંદાજથી ફકીરોને આપે છે એ બેકાર છે અને અમુક સંજોગોમાં ગુનોહ છે.*





આ ઉમર બિન અબ્દુલ અઝીઝ છે. મેં કહ્યું કે એ હુઝૂર علیہ السلامથી વધુ નિકટમાં છે ! તેણે જવાબ આપ્યો, કેમ ન હોય ! કેમ કે તેમણે જુલ્મ તથા જબર જોરના યુગમાં હક્ક તથા ન્યાય પર અમલ કર્યો અને અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہ એ હક્કના યુગમાં હક્ક પર અમલ કર્યો.

**(૪૧)** ઈબ્ને અબી દુન્યા અને હાકિમે મુસ્તદરકમાં અને બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં અને ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી રિવાયત કરી કે અબ્દુર્રહ્માન બિન ઔફ પર બીમારીના કારણે બેભાની છવાઈ ગઈ એટલે સુધી કે લોકો સમજ્યા કે આપની વફાત થઈ ગઈ. જેથી સૌ ઉઠી ગયા અને તેમને એક કપડામાં લપેટી દીધા. પછી અચાનક તે ભાનમાં આવી ગયા અને ફર્માવવા લાગ્યા કે મારી પાસે બે કડક સ્વભાવના ફરિશ્તા આવ્યા અને કહ્યું કે અમારી સાથે ચાલો જેથી ખુદાની સમક્ષ ફેંસલો કરાવીએ. તેઓ મને લઈને ચાલ્યા. રસ્તામાં બે મહેરબાન ફરિશ્તા મળ્યા તેમણે પૂછયું કે ક્યાં જઈ રહ્યા છો ? તેમણે જવાબ આપ્યો કે અલ્લાહની બારગાહમાં ફેંસલા માટે જઈએ છીએ. તે મહેરબાન ફરિશ્તાએ કહ્યું કે આને છોડી દો ! કેમ કે પહેલાં જ તેના ભાગ્યમાં ખુશનસીબી લખવામાં આવી ચૂકી છે, આ માંના પેટથી જ ખુશનસીબ (ભાગ્યશાળી) જન્મ્યા છે. ત્યાર બાદ આપ એક માસ જીવંત રહીને વફાત પામી ગયા. (رضی اللہ عنہ)

**(૪૨)** અબૂબક્ર શાફઈએ ગૈલાનિયાતમાં સલામ બિન સલામ થકી રિવાયત કરી તેમણે કહ્યું કે હું ફઝલ બિન અતિયાની સાથે મક્કા સુધી ગયો. જ્યારે અમે ફીદાના સ્થળ પર પહોંચ્યા તો અડધી રાત્રે મને જગાડી દીધો. મેં કહ્યું કે શું ઈચ્છો છો ? તેમણે કહ્યું કે હું આપને વસિય્યત કરવા ચાહું છું. મેં કહ્યું કે તમે તો તંદુરસ્ત છો. તેમણે કહ્યું કે મેં સ્વપ્નમાં જોયું છે કે ફરિશ્તાઓ કહી રહ્યા છે કે અમને તમારી રૂહ કૃબ્ઝ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મેં ફરિશ્તાઓને કહ્યું કે કેટલું સારું થાત કે તમે મને હજ્જ પૂરી કરવાની રજા આપતા ! તેમણે કહ્યું કે અલ્લાહ તઆલાએ તમારી હજ્જને કૃબૂલ કરી લીધી. પછી એકે બીજાને કહ્યું કે તમે તમારા કલમાની આંગળી અને વચ્ચેવાળી આંગળી ખોલો. જ્યારે તેણે આંગળીઓ ખોલી તો તેમાંથી બે કીડા નીકળ્યા તેની લીલાશ જમીન

તથા આસ્માનની વચ્ચે ફેલાઈ ગઈ. પછી તે બંનેએ કહ્યું કે આ તમારું જન્નતી કફન છે. પછી તે ફરિશ્તાએ લપેટીને પોતાની બંને આંગળીઓની વચ્ચે મૂકી લીધું. રાવી કહે છે કે અમે હજી ઘરે પરત ફરવા પણ ન પામ્યા હતા કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો !

**(૪૩)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં પોતાની સનદ થકી રિવાયત કરી કે સલમાનને ક્યાંકથી મુશ્ક મળી ગઈ તે તેમણે પોતાની પત્ની પાસે મૂકાવી દીધી. જ્યારે તેમની વફાતનો સમય નજીક આવ્યો તો તેમણે પત્નીને પૂછયું કે પેલી મારી અમાનત ક્યાં છે ? તેમણે કહ્યું કે તે આ રહી. આપે કહ્યું કે તેને પલાળીને મારી પથારીની આસપાસ છાંટી દેજો ! કેમ કે મારી પાસે તે શખ્સિયતો છે જે ન પાણી પીએ છે અને ન ખાવા ખાય છે, હા ! સુગંધને અનુભવે છે.

**(૪૪)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ બક્રથી રિવાયત કરી. તેમણે કહ્યું કે જ્યારે કોઈનો મૃત્યુનો સમય આવે છે તો મલકુલ મૌતને કહેવામાં આવે છે કે તેના માથાને સૂંઘો ! તે સૂંઘીને બતાવે છે કે હું તેના માથામાં કુર્આનની ખૂશ્બુ પામું છું. પછી કહેવામાં આવે છે કે તેના દિલને સૂંઘો, તે બતાવે છે કે તેના દિલમાં રોઝાની સુગંધ છે. પછી કહેવામાં આવે છે કે તેનાં પગોને સૂંઘો, તે જણાવે છે કે તેનાં પગોમાં કયામની સુગંધ છે. પછી કહેવામાં આવે છે કે તેણે પોતાના નફ્સની હિફાઝત કરી તો અલ્લાહે પણ તેને સુરિક્ષત કરી દીધો.

**(૪૫)** અબૂ નુએમે સુફયાનથી રિવાયત કરી અને તેમણે દાઊદ બિન હિંદથી રિવાયત કરી. તેમણે બયાન કર્યું કે મને પ્લેગ લાગુ પડી ગયો અને તેના કારણે બેભાની છવાઈ ગઈ. જ્યારે ભાન આવ્યું તો બે ફરિશ્તા મારી પાસે આવ્યા. તેમાંથી એકે બીજાને કહ્યું કે તમે શું અનુભવો છો ? તેમણે કહ્યું કે તસ્બીહ અને તકબીર તથા મસ્જિદની તરફ કૃદમ ધપાવવું અને કંઈક કુર્આન પઢવું.

**(૪૬)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબ 'મન્ આશ બઅદલ્ મૌત'માં રિવાયત કરી કે દાઊદ બિન હિંદ સખત બીમાર થઈ ગઈ ગયા. તેમણે જોયું કે એક શખ્સ મોટુ માથુ, પહોળા ખભાવાળો જેમ કે પહેલવાન હોય આવી રહ્યો છે. મેં તેને જોઈને اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢયું અને





તેને કહ્યું કે શું તમે મને મારવા ચાહો છો ? શું હું કાફિર છું ?! કેમ કે મેં સાંભળ્યું છે કે કાફિરની રૂહ એક કાળા રંગનો ફરિશ્તો કાઢશે ? હજી હું આ જ સ્થિતિમાં હતો કે અચાનક ઘરની સિલિંગ ફાટી. મેં આસ્માનની તરફ જોયું કે એક સફેદ કપડાં પહેરેલ મારી તરફ ઉતરી રહ્યા છે અને તેના પછી બીજો. આ બંનેએ કાળાને ચીસ પાડીને પોકાર્યો તો તે દૂર ભાગી ગયો અને દૂરથી જોવા લાગ્યો, અને તેઓ તેને વઢતા રહ્યા. હવે તેમાંથી એક માથા પાસે અને બીજો પગોની પાસે બેસી ગયો. માથાવાળાએ પગવાળાને કહ્યું કે અડકીને જુઓ તો તેણે મારી આંગળીઓ અડકીને જોઈ અને કહ્યું કે આના ઝરીએ આ શખ્સ વધુ પ્રમાણમાં નમાઝો માટે જતો હતો. પછી પગવાળાએ માથાવાળાને કહ્યું કે તમે અડકો ! તેણે માથાને અને ગાલની પાસેનો ભાગ અડકીને કહ્યું, આ અલ્લાહના ઝિક્રથી ભીના છે.

**(૪૭)** લાલકાઈએ સુન્નતમાં રિવાયત કરી કે અબૂ કલાબા જર્મીનો એક ભત્રીજો હતો અને તેને ગુનાહની આદત પડી ગઈ હતી. જ્યારે મૃત્યુનો સમય નજીક આવ્યો તોને તેની પાસે બે પક્ષી સફેદ રંગના ગધેડા જેવાં આવ્યાં અને ઘરની બારીમાં બેસી ગયાં. એક પક્ષીએ બીજાને કહ્યું કે ઉતરીને જુઓ. તો તેણે પોતાની ચાંચ મુડદાના પેટમાં દાખલ કરી દીધી. જ્યારે કે અબૂ કલાબા જોઈ રહ્યા હતા. પછી તેણે કહ્યું કે અલ્લાહુ અકબર ! હે મારા સાથી ! નીચે ઉતર ! કેમ કે મેં તેનાં પેટમાં તકબીર પામી જે તેણે ઈન્તાકિયાની દીવાલ પર કહી હતી. પક્ષીએ આ સાંભળીને સફેદ કપડું કાઢયું અને તેની રૂહને તેમાં લપેટી લીધી. પછી બંને પક્ષીએ કહ્યું કે, હે અબૂ કલાબા ! પોતાના ભત્રીજાને દફન કરી દો ! કેમ કે આ જન્નતી છે ! અબૂ કલાબા લોકોમાં ખૂબ જ પ્રતિષ્ઠિત હતા. તેમણે લોકોને સર્વ પ્રસંગ બયાન કર્યો. રાવીએ કહ્યું કે પછી તે શખ્સના જનાઝામાં એટલી બધી પબ્લિક હતી કે મેં કોઈના જનાઝામાં આટલી નથી જોઈ.

**(૪૮)** હકીમ તિર્મિઝીએ આ જ રિવાયતનું થોડા ફેરફાર સાથે અર્થઘટન કર્યું છે. તેમાં એ છે કે પક્ષી ઉતર્યું અને મુડદાનું માથુ, પેટ અને પગોને સૂંઘ્યા અને પોતાના સાથીને જઈને કહ્યું કે તેનું માથુ સૂંઘ્યું

પરંતુ કુર્આનની ખૂશ્બુ ન પામી, પેટ સૂંઘ્યું તેમાં રોઝાની ખૂશ્બુ ન પામી, પગ સૂંઘ્યા તેમાં રાત્રે નમાઝ પઢવાની ખૂશ્બુ ન પામી, પછી તેનો સાથી આવ્યો. અને તેણે પણ આ રીતે સૂંઘ્યું અને કહ્યું કે ખૂબ આશ્ચર્યની વાત છે કે આ શખ્સ ઉમ્મતે મુહમ્મદિયા ﷺથી છે અને આ ટેવોમાંથી એક પણ તેમાં નથી ! પછી તેણે મુડદાની જીભ કાઢીને તેને નીચોવીને સાંભળ્યું તો તે કહી રહ્યો હતો કે اَللّٰهُ اَكْبَر (અલ્લાહુ અકબર !) આ તકબીર તે હતી જે ખૂબ નિખાલસતાથી તેણે ઈન્તાકિયામાં કહી હતી, તેનાથી મુશ્કની ખૂશ્બુઓ આવી રહી હતી જેથી તેની રૂહ કબ્ઝ કરી લીધી. પછી તે ચાલ્યા ગયા અને જોયું કે આ સફેદ ફરિશ્તો કાળા ફરિશ્તાઓને કહી રહ્યો છે કે તમે પરત થઈ જાવ, કેમ કે તમારા માટે તેના માટે માર્ગ નથી. પછી હકીમ તિર્મિઝીએ જનાઝામાં અધિક પબ્લિકનો પ્રસંગ લખ્યો.

**(૪૯)** લાલકાઈએ મુસ્નદમાં મૈમૂન મુરાદીથી રિવાયત કરી છે કે અમારા ઘરે એક બદ્ચલન શખ્સ મૃત્યુ પામ્યો. લોકોએ તેને રસ્તામાં નાખી દીધો અને તેનાથી બચવા લાગ્યા. હું તેના વિશે વિચારવા લાગ્યો. એટલામાં મને ઊંઘ આવી ગઈ. મારી પાસે બે સફેદ પક્ષી આવ્યાં. એકે બીજાને કહ્યું કે તેને જુઓ શું તેમાં કોઈ ભલાઈ છે ? તો માથાથી પ્રવેશીને પાખાનાની જગાથી નીકળ્યું અને કહ્યું કે મેં તો તેનામાં કોઈ ભલાઈ નથી પામી. પક્ષીએ કહ્યું કે જલ્દી ન કરો ! હવે બીજુ તેના માથાથી પ્રવેશીને પગોથી નીકળ્યું અને કહ્યું કે અલ્લાહુ અકબર ! એક કલમો તેની તિલ્લી સાથે ચોંટેલ છે એટલામાં મુડદો બોલી ઉઠયો કે, اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ મેં લોકોને બોલાવીને કહ્યું કે જુઓ !

**(૫૦)** ઈબ્ને અબી દુન્યા અને ઈબ્ને અસાકિરે શહર બિન હૌશબથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મારો એક નાબાલિગ ભત્રીજો હતો તેની સાથે હું જેહાદમાં ગયો. તે મૃત્યુ પામી ગયો. હું એક ઈબાદતગાહમાં પ્રવેશી નમાઝ પઢવા લાગ્યો. એટલામાં તે ઈબાદતગાહ ફાટી અને બે સફેદ ફરિશ્તા નાઝિલ થયા. તેમની સાથે બે કાળા ફરિશ્તા નાઝિલ થયા. સફેદ જમણી તરફ અને કાળા ડાબી તરફ બેસી ગયા. એક સફેદ ફરિશ્તાએ કહ્યું કે આને અમે લઈ જઈશું અને કાળા ફરિશ્તાએ કહ્યું કે





અમે લઈ જઈશું. એક સફેદ ફરિશ્તાએ પોતાની આંગળી તેના માથામાં મૂકી અને તકબીર કહીને જણાવ્યું કે અમે તેના વધુ હક્ક઼દાર છીએ, કેમ કે ઈન્તાકિયાના યુદ્ધમાં વિજયના દિવસે એક નારએ તકબીર લગાવ્યો હતો. તો શહર બિન કૌશબ નીકળ્યા અને લોકોને નમાઝે જનાઝા માટે ખબર આપી. લોકોએ જનાઝાની નમાઝમાં હાજરી આપી.

**(૫૧)** તિબ્રાનીએ કબીરમાં મયમૂન બિન્તે સઅદથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે જો કોઈ નાપાક થઈ જાય અને ગુસ્લ કર્યા વિના સૂઈ શકે છે કે નહીં ? આપે ફર્માવ્યું કે હું પસંદ નથી કરતો કે ગુસ્લ કર્યા વિના સૂએ, કેમ કે તે કદાચ એ જ હાલતમાં મૃત્યુ પામે અને જિબ્રઈલ علیہ السلامતેની પાસે ન આવે.

**(૫૨)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ્ મુખ્તસરીનમાં રિવાયત કરી કે ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું કે પોતાનાં મુડદાંઓની પાસે બેસીને તેમને ખુદાની યાદ અપાવો કારણ કે તેઓ એવી ચીજો જુએ છે જે તમે નથી જોતા.

**(૫૩)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને મરૂઝીએ રિવાયત કરી કે ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે પોતાના મુડદાઓને કલમએ તૈયબાની તલ્ક઼ીન કરો અને જે તમારી તલ્ક઼ીન પર અમલ કરે તેમની વાતો ધ્યાનથી સાંભળો[1] કેમ કે તેમની સાચી વાતો જાણવા મળે છે.

**(૫૪)** ઈબ્ને માજાએ અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે મરનાર ઈન્સાનોને ઓળખવાનું ક્યારથી ખત્મ કરી દે છે ? આપે ફર્માવ્યું કે જ્યારે જોઈ લે છે. કુર્તબી કહે છે કે એટલે મલકુલ મૌત અને અન્ય ફરિશ્તાઓ.

**(૫૫)** ઈબ્ને અબી દુન્યા અને અબૂ નુઐમે હિલયામાં લૈષ બિન અબી અકબાથી રિવાયત કરી કે ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ મરજુલ મૌતમાં માથુ ઉઠાવ્યું અને આંખોથી જોયું તો લોકોએ તેનું કારણ

*૧. કેમ કે મરનારની સમક્ષ આલમે ગૈબ આલમે શહાદત બની જાય છે. એટલા માટે મરનાર જે કહે તેને ધ્યાનથી સાંભળો.*

પૂછયું, આપે ફર્માવ્યું કે હું એવી મખ્લૂક઼ (સૃષ્ટિ)ને જોઈ રહ્યો છું જે ન માનવી છે, ન જિન્નાત. ત્યારબાદ તેમનો ઈન્તેકાલ થઈ ગયો.

**(૫૬)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ મુખ્તસરીનમાં ફુઝાલા બિન દીનારથી રિવાયત કરી કે મુહમ્મદ બિન વાસેઅની વફાતના સમયે હું આપની પાસે હાજર હતો. તો તે કહી રહ્યા હતા કે હે મારા રબના ફરિશ્તાઓ ! ભલે પધારો ! وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ મેં એવી સુગંધ મેહસૂસ કરી કે જિંદગીભર કદાપિ એવી સુગંધ મેહસૂસ નથી કરી. પછી તેમની આંખો ફાટી ગઈ અને મૃત્યુ પામી ગયા.

**(૫૭)** હાફિઝ અબૂ મુહમ્મદ ખલ્લાલે કિતાબ ''કરામાતુલ અવલિયા''માં હસન બિન સાલેહથી અને ઈબ્ને મુંદાએ કિતાબુલ અહ્વાલિ વલ્ ઈમાનિ બિસ્સુવાલમાં અને અબુલ હુસૈન બિન આરિફે પોતાની ફવાઈદમાં હસન બિન સાલેહ સમાજીથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મને મારા ભાઈ અલી બિન સાલેહે કહ્યું પોતાની વફાતની રાત્રીએ, હે મારા ભાઈ ! મને પાણી પીવડાવો. હું નમાઝમાં વ્યસ્ત હતો. નમાઝ પઢીને મેં પાણી આપ્યું અને કહ્યું લો પીવો ! તો તેમણે કહ્યું, મેં હમણા જ પીધું છે. મેં કહ્યું, ઓરડામાં તો કોઈ નથી ! તમને કોણે પાણી પીવડાવ્યું ! તેમણે કહ્યું કે હમણા જિબ્રઈલ આવ્યા હતા તેમણે પીવડાવ્યું છે અને કહ્યું છે કે તમે તમારા ભાઈ અને તમારી માં તે હઝરાતની સાથે હશે જેમના પર અલ્લાહ તઆલાએ ઈનામ કર્યું છે. એટલે નબી, સિદ્દીક઼, શહીદો તથા સાલેહીન. આમ કહીને મૃત્યુ પામી ગયા.

**(૫૮)** ઈબ્ને અસાકિરે અબ્દુર્રહ્માન બિન ગ઼નમ અશ્અરીથી રિવાયત કરી કે મઆઝ બિન જબલના સાહબઝાદાને અમવાસના વરસે એક ભાલો વાગ્યો તો કહ્યું કે મહબૂબ ! ઘણા ઈંતેઝાર પછી આવ્યો જે શર્મિંદા થાય, કામયાબ ન થાય. મેં પૂછયું, હે મઆઝ ! શું કંઈક જોઈ રહ્યા છો ?! તેમણે કહ્યું કે હા ! મારા રબે મને સબ્રે જમીલ પર બદલો અતા કર્યો. મારા પુત્રની રૂહ મારી પાસે આવી અને મને ખુશખબરી આપી કે મુહમ્મદ ﷺ મુક઼ર્રબ (અલ્લાહની નિકટતા પામેલ) ફરિશ્તાઓ અને શહીદો તથા સાલેહીનની સૌ સફો (લાઈનો)માં ઊભા





રહી મારા માટે રહમતની દુઆ કરી રહ્યા છે અને ફરિશ્તા મને જન્નતની તરફ લઈ જઈ રહ્યા છે, આમ કહીને આપ બેભાન થઈ ગયા. મેં જોયું કે આપ હાથ લાંબો કરીને જાણે કોઈની સાથે મુસાફો કરી રહ્યા છે અને કહી રહ્યા છે, ભલે પધારો ! હું તમારી પાસે આવી રહ્યો છું ! આમ કહીને તેમનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યારબાદ મેં તેમને સ્વપ્નમાં જોયા કે તેમની આજુબાજુ એવી પબ્લિક છે જેવી કે કાબરચીતરા ઘોડાની આજુબાજુ હોય છે જેના પર સફેદ લિબાસ પહેરેલ સવાર હોય, તે પોકારીને કહી રહ્યા છે, હે સઅદ ! જે ભાલા અને તીરોની વર્ષામાં છે, સર્વ પ્રશંસા તે ખુદા તઆલા માટે છે જેણે અમને જન્નત અતા ફર્માવી, જ્યાં ઈચ્છે તેમાં રહે, તો અમલ કરનારાઓનો અંજામ ખૂબ જ ઉત્તમ છે. પછી હું જાગી ગયો.

**(૫૯)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ શોઅ્બુલ ઈમાન તથા અબૂ નુઐમે મુજાહિદથી રિવાયત કરી. જ્યારે પણ કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો તેનો સાથી તેના પર પેશ કરવામાં આવે છે જો તે અલ્લાહની યાદ કરનારાઓમાંથી છે તો ઝિક્રવાળા અને જો ખેલકૂદવાળો હોય છે તો તેઓને પેશ કરવામાં આવે છે.

**(૬૦)** ઈબ્ને અબી શયબાએ પોતાની સનદ થકી યઝીદ બિન બરઅથી રિવાયત કરી જ્યારે પણ કોઈ મૃત્યુ પામે છે તો તેની મેહફિલવાળા તેના પર પેશ કરવામાં આવે છે જો ખેલકૂદવાળો છે તો તે અને ઝિક્રવાળો છે તો તે.

**(૬૧)** બયહકીએ શોઅબુલ્ ઈમાનમાં રબીઅ બિન બુર્રાથી રિવાયત કરી. (આ બસરાના ઈબાદતગુઝાર હતા) કે મૃત્યુ[૧] સમયે એક શખ્સને કહેવામાં આવ્યું કે لَا اِلٰهَ اِلَّا اللّٰهُ **(લાઈલાહ ઈલ્લલ્લાહ)** કહો તો તેણે કહ્યું કે મને પણ શરાબ પીવડાવો અને પોતે પણ પીઓ. અને અહવાઝમાં એક શખ્સને કલમો પઢવાની તલ્ક઼ીન કરવામાં આવી તો કહેવા લાગ્યો, દસ, અગ્યાર, બાર. અને બસરામાં એક શખ્સને

*૧. આ રિવાયતનો હેતુ એ છે કે ઈન્સાન જેવો જિંદગીમાં હોય છે. મૃત્યુશૈયાએ પણ તે જ વિચારો તેની સમક્ષ આવે છે, શરાબીની સામે શરાબની વાતો, જૂગારીની સામે જૂગારની વાતો, બદ્ચલનની સામે બદ્કારીની વાતો.*

કલમાની તલ્ક઼ીન કરવામાં આવી તો તે આ શાયરી પઢવા લાગ્યો :–

**અર્થાત** : ઘણી તે સ્ત્રીઓ જે થાકીને ગુસ્લખાનાનો રસ્તો પૂછે છે મને યાદ આવી રહી છે.

અબૂબક્ર કહે છે કે તે શખ્સથી એક સ્ત્રીએ ગુસ્લખાનાનો રસ્તો પૂછયો તો તેણે તેને પોતાના ઘરનું સરનામુ આપી દીધું. તો મૃત્યુ સમયે પણ આ જ વાક્ય કહેવા લાગ્યો.

**(૬૨)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ જા'ફર બિન અલીથી રિવાયત કરી કે જ્યારે પણ કોઈ મૃત્યુ પામે છે તો મૃત્યુ સમયે તેના સારા અને બુરા અમલો દષ્ટાંતો રૂપો તેની સમક્ષ પેશ કરવામાં આવે છે, તો તે પોતાની નેકીઓને આંખો ફાડીને જુએ છે અને બુરાઈઓને જોઈને માથુ નમાવી લે છે.

**(૬૩)** હસને અલ્લાહ તઆલાના ફર્માન يُنَبَّؤُا الْاِنْسَانُ بِمَا قَدَّمَ وَاَخَّرَ ની તફસીર આ વર્ણન કરી કે, મૃત્યુ સમયે તેની હિફાઝત કરવાવાળા ફરિશતાઓ ઉતરે છે અને સારા અમલ તથા બુરા અમલ પેશ કરે છે. જ્યારે મુડદુ સારા અમલને જુએ છે તો તેનો ચેહરો ખીલી ઉઠે છે અને જ્યારે બુરા અમલને જુએ છે તો ચેહરો ઉદાસ બની જાય છે અને બદ્‌મિજાઝી અપનાવે છે.

**(૬૪)** હન્ઝલા બિન અસ્વદથી રિવાયત છે. તેમણે કહ્યું કે મારા ગુલામ (ચાકર)નો મૃત્યુનો સમય આવ્યો તો કદી તે પોતાનું માથુ ઢાંકતો હતો અને કદી ખોલતો હતો. તો મેં મુજાહિદને આ વાત બયાન કરી. તેમણે ફર્માવ્યું કે જ્યારે મો'મિનનો પ્રાણ નીકળે છે તો તેનાં સારા અને બુરા અમલો તેના પર પેશ[1] કરવામાં આવે છે.

**(૬૫)** બઝ્ઝાર અને તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી. હઝરત સલ્માનથી કે હુઝૂર ﷺ એક મૃત્યુશૈયાએ પડેલ અન્સારીની બીમારપુર્સી માટે તશરીફ લાવ્યા. આપે તેમને પૂછયું કે શું અનુભવો છો ? તેમણે કહ્યું કે ભલાઈ ! અને તેમણે કહ્યું કે મારી પાસે બે ફરિશ્તા

*૧. તેમનો મકસદ (હેતુ) એ હતો કે જ્યારે તે સારા અમલને જોતો તો મોઢુ ખોલતો હતો અન બુરા અમલ જોઈને ચેહરો ઢાંકી લેતો હતો.*





આવ્યા છે, એક કાળો અને બીજો સફેદ. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તારાથી કોણ નજીક છે ? કહ્યું કે કાળો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું કે નેકીઓ ઓછી અને બુરાઈઓ વધુ છે. તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મને પોતાની દુઆથી[1] સરફરાઝ ફર્માવો ! આપે દુઆ માંગી કે, હે અલ્લાહ ! આના અધિક ગુનાહોને માફ ફર્માવી દે અને ઓછી નેકીઓને પૂર્ણ ફર્માવી દે. પછી ફર્માવ્યું, હવે શું જુઓ છો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હવે તો નેકીઓને વધતી જોઈ રહ્યો છું ! મારા માં બાપ આપ પર કુર્બાન હજો ! યા રસૂલલ્લાહ ! ﷺ અને બુરાઈઓને ખતમ થતી જોઈ રહ્યો છું ! હવે કાળો ફરિશ્તો દૂર થઈ ચૂક્યો છે. આપે ઈર્શાદ ફર્માવ્યો કે તમારો કયો અમલ ઉમ્મીદ બંધાવે છે ? અર્ઝ કરી કે હું પાણી પીવડાવતો હતો. આપે ફર્માવ્યું, આ શખ્સને જે તકલીફ થઈ રહી છે તેને જાણું છું તેની કોઈ નસ એવી નથી જે મૃત્યુનો દર્દ ન અનુભવતી હોય.

**(૬૬)** ઈબ્ને અબી દુન્યા વુહેબ બિન દરાથી રિવાયત કરે છે કે અમને ખબર પહોંચી કે જ્યારે પણ કોઈ શખ્સ મૃત્યુ પામવા લાગે છે. તો તેની હિફાઝત કરવાવાળા બે ફરિશ્તા તેની સામે થઈ જાય છે. જો તેણે તેઓની સાથે રહીને અલ્લાહ તઆલાની ફર્માંબરદારી કરી છે તો તેઓ કહે છે કે અમારા શ્રેષ્ઠ સાથી ! અલ્લાહ તને બેહતર બદલો આપે, કેમ કે ઘણી બધી સચ્ચાઈની મેહફિલોમાં તું અમારી સાથે હાજરી આપતો રહ્યો અને ઘણા નેક કામો વખતે તેં અમને બોલાવ્યા અને ખૂબ જ સારી વાતો સંભળાવી. અને જો મરનારે આ બંને ફરિશ્તાઓ સાથે સારો વર્તાવ ન કર્યો તો આ પ્રશંસાના વાક્યો જ બદલી નાખે છે અને કહે છે કે તને ખુદા બેહતર બદલો ન આપે ! કેમ કે તેં અમારી સાથે અતિ બુરી મેહફિલોમાં હાજરી આપી અને ખૂબ જ બુરાં કૃત્યો કર્યાં અને ખૂબ જ બુરી વાતો સંભળાવી. આપે ફર્માવ્યું કે મુડદુ તે જ ફરિશ્તાઓને જોઈને પોતાની આંખો ફાડે છે અને આ દુનિયા તરફ ફરી કદાપિ પરત નહીં ફરશે.

*૧. સુબ્હાનલ્લાહ ! શું ઈમાન હતું જ્યારે કે પોતે દુઆ માંગી શકતા હતા પરંતુ તેમને ખબર હતી કે સરકાર ﷺના માંગવાનો અસર કઈ ઔર છે !*

**(૬૭)** ઈબ્ને અબી દુન્યાએ સુફિયાનથી રિવાયત કરી કે જયારે મો'મિનની રૂહ કબ્ઝ કરવાનો સમય આવે છે તો તેની સાથે રહેવાવાળા બે ફરિશ્તાઓ કહે છે કે ઘરવાળાઓ ન રડો ! અમને અમારી જાણકારી પ્રમાણે આ શખ્સની પ્રશંસા કરવા દો ! તો તેઓ કહે છે કે હે મુડદા ! અલ્લાહ તારા પર રહમ કરે અને શ્રેષ્ઠ બદલો આપે કેમ કે તું અલ્લાહ તઆલાની ફર્માંબરદારીમાં જલ્દી કરવાવાળો હતો અને તેની નાફર્માનીથી પીછેહઠ કરવાવાળો હતો. અને તું તે લોકોમાં હતો કે અમે તારી આંતરિક વસ્તુઓની હિફાઝત કરતા હતા. તો હવે અમે તમારી રૂહ લઈને ઉપર જઈએ છીએ, હવે તમે અમને ફરિશ્તાઓ સાથે ઝિક્ર કરવાથી ન રોકો. અને જયારે બદ્કાર બંદાની મૌતનો સમય નજીક આવે છે અને ઘરવાળાઓ ચીસો પાડે છે તો બંને ફરિશ્તાઓ એવું કહીને ઊભા થાય છે કે છોડી દો ! અમે અમારી જાણ મુજબ તેનાં ગુણો બયાન કરીએ છીએ. હે બુરા આદમી ! અલ્લાહ તઆલા તને બદલો આપે તું બુરો હતો, અલ્લાહ તઆલાની ફર્માંબરદારીમાં મોડુ કરવાવાળો હતો. અને તેની નાફર્માનીમાં જલ્દી કરવાવાળો હતો અને અમે તારી પીઠ પાછળ હિફાઝત ન કરતા હતા. પછી તે બંનેવ તે રૂહને લઈને આસ્માન પર ચઢી જાય છે.

**(૬૮)** શૈખાને ઉબાદા બિન સામતથી રિવાયત કરી કે રસૂલૂલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અલ્લાહથી મુલાકાત કરવાને પસંદ ફર્માવે છે. અલ્લાહ તેની મુલાકાતને પસંદ ફર્માવે છે અને જે અલ્લાહની મુલાકાતને બુરી જાણે છે અલ્લાહ તઆલા તેની મુલાકાતને બુરી જાણે છે. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી કે અમે મૌતને બુરી સમજીએ છીએ. આપે ફર્માવ્યું એ અર્થ નથી, પરંતુ જયારે મૃત્યુ પામવા લાગે છે તો અલ્લાહની રઝા અને તેની ખુશ્નુદીની ખુશખબરી તેને આપવામાં આવે છે તો હવે કોઈ વસ્તુ તેના માટે તેના ભવિષ્યકાળમાં તેનાથી શ્રેષ્ઠ નથી જે તેની સમક્ષ છે અને એ અલ્લાહથી મહોબ્બત કરે છે અને કાફિર જયારે મૃત્યુ પામવા લાગે છે તો અઝાબની અને સજાની ખુશખબરી તેને આપવામાં આવે છે તો તેની નજીક આવવાવાળી ચીજો સૌથી બુરી હોય છે. અલ્લાહ તઆલાથી એટલા માટે તે મુલાકાત કરવું





પસંદ નથી કરતો અને અલ્લાહ તઆલા પણ તેનાથી મળવું પસંદ નથી કરતો.

**(૬૯)** આદમ બિન અબી યાસે પોતાની સનદ થકી ઈબ્ને અબી લયલાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ આ આયત[૧] તિલાવત કરી, فَلَوْلَا اِذَا بَلَغَتِ الْحُلْقُومَ فَرَوْحٌ وَّرَيْحَانٌ وَّ جَنَّةُ نَعِيْمٍ ـ થી લઈને فَنُزُلٌ مِنْ حَمِيْمٍ وتَصْلِيَةُ جَحِيْمٍ સુધી પછી ફર્માવ્યું, જયારે માણસ મૃત્યુની નજીક હોય છે તો તેને એ જ કહેવામાં આવે છે એ જમણી બાજુવાળાઓમાંથી છે તો તે અલ્લાહની મુલાકાતને પસંદ કરશે અને અલ્લાહ તઆલા તેની મુલાકાતને પસંદ કરશે અને જો ડાબી બાજુવાળાઓમાંથી છે તો તે અલ્લાહ તઆલાની મુલાકાતને નાપસંદ કરશે અને અલ્લાહ તઆલા તેની મુલાકાતને.

**(૭૦)** અહમદે પોતાની સનદ થકી અબ્દુર્રહ્માન બિન અબી લયલાથી રિવાયત કરી કે તે એક જનાઝાની સાથે ચાલી રહ્યા હતા કે તેમણે ફર્માવ્યું કે મને હદીષ પહોંચી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અલ્લાહની મુલાકાતને પસંદ કરશે અલ્લાહ તઆલા તેની મુલાકાતને પસંદ કરશે અને જે અલ્લાહની મુલાકાતને નાપસંદ કરશે. અલ્લાહ તઆલા તેની મુલાકાતને નાપસંદ કરશે. તો લોકો રડવા લાગ્યા. આપે ફર્માવ્યું, કેમ રડો છો ? અર્ઝ કરી, અમે મૌતને નાપસંદ કરીએ છીએ. આપે ફર્માવ્યું, એ અર્થ નથી બલ્કે જયારે મૃત્યુનો સમય હોય છે તો જો નિકટવાળા લોકોમાંથી છે તો રહ્મત તથા સુગંધો છે અને નેઅમતવાળી જન્નતો. તો જયારે મૃત્યુ પામનારને તે ચીજોની ખુશખબરી સંભળાવામાં આવે છે તો તે મૃત્યુને પસંદ કરે છે અને અલ્લાહની મુલાકાતને શ્રેષ્ઠ જાણે છે. અને જો જૂઠાડવાવાળા અને ગુમરાહોમાંથી છે તો ઉકળતું પાણી અને જહન્નમમાં પહોંચે છે તો જયારે આ ખબર તેને મળે છે, તો તે અલ્લાહની મુલાકાતને બુરી જાણે છે અને ખુદા તેનાથી પણ અધિક તેની મુલાકાતને નાપસંદ ફર્માવે છે.

---

*૧. એટલે જ્યારે રૂહ ગળા સુધી પહોંચી જાય તો રહ્મત અને ફૂલપત્તી અને નેઅમતોવાળી જન્નત છે. ......તો તૈયાર કરેલ ગરમ પાણી અને જહન્નમમાં પહોંચાડવું.*

**(૭૧)** ઈબ્ને જરીર અને ઈબ્ને મુન્ઝરે પોતાની તફસીરોમાં ઈબ્ને જરીરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યું, જ્યારે મો'મિન, ફરિશ્તાઓને જુએ છે તો ફરિશ્તાઓ કહે છે કે અમે તમને દુનિયામાં પરત કરીશું. તો તે કહે છે શું ફિકરો અને મુસીબતોના ઘરની તરફ પરત કરશો ?! ના, ના હું તો હમેશાં ખુદાની બારગાહમાં રહીશ ! જ્યારે કાફિરને કહે છે કે અમે તમને દુનિયાની તરફ પરત કરીશું તો તે કહે છે કે મને પરત કરી દો જેથી હું તે સારા કામ કરું જે ન કર્યા હતા !

**(૭૨)** મરૂઝીએ હસનથી રિવાયત કરી કે મો'મિનનો પ્રાણ એક ફૂલમાં નીકળે છે. પછી આ આયત પઢી :–

فَامَّا انْ كَانَ مِنَ الْمُقَرَّبِيْنَ فرُوْحٌ وَّرَيْحَانٌ وَّجَنَّةُ نَعِيْم۔

**(૭૩)** ઈબ્ને જરીર અને ઈબ્ને અબી હાતિમે કતાદાથી અલ્લાહ તઆલાના આ ફર્માનની તફસીરમાં આ રિવાયત કરી કે અલ્લાહ તઆલાનું ફર્માન فُرُوحٌ وَّرَيْحَانٌ આ મૃત્યુ સમયે ઈન્સાનને અતા થાય છે.

**(૭૪)** ઈબ્ને અબી દુન્યાએ બક્ર બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે જ્યારે મલકુલ મોતને મો'મિનની રૂહ કૃબ્ઝ કરવાનો આદેશ આપવામાં આવે છે તો તેમને જન્નતના ફૂલ દઈને કહેવામાં આવે છે કે તેની રૂહ આ ફૂલોમાં મૂકીને લાવો. અને કાફિરની રૂહ કબ્ઝ કરવાનો હુકમ થાય છે તો એક આગની ચાદર આપવામાં આવે છે કે તેની રૂહ તેમાં લાવો.

**(૭૫)** અબ્દુલ્લાહ બિન અહમદે ઝવાઈદુઝ્ ઝોહદમાં અને ઈબ્ને અબી દુન્યાએ અબૂ ઈમરાનથી રિવાયત કરી, અમને જાણ થઈ કે મો'મિનની રૂહ જ્યારે કૃબ્ઝ કરવામાં આવે છે તો જન્નતથી ફૂલવાળી ડાળીઓ આવે છે અને તેની રૂહ તેમાં મૂકવામાં આવે છે.

**(૭૬)** ઈબ્ને અબી દુન્યાએ મુજાહિદથી રિવાયત કરી કે મો'મિનની

---

*૧. હેતુ એ કે મૌત ઈન્સાનને દરમ્યાની માર્ગ પર લઈ આવે છે. ગરીબની ગરીબાઈ હતી જ નહીં જેમ થઈ જાય છે અને માલદારોનો માલ બેકિંમત.*

*૨. એટલે નફ્સની પકડ કરતો રહે.*

*૩. એવી ઈચ્છાઓ જે તેની શાનના લાયક નથી અથવા આ કે નફ્સની ઈચ્છાઓની પેરવી કરે અને તે છતાં પણ પોતાને સવાબનો હક્કૃદાર સમજે.*





રૂહ જન્નતમાં રેશમમાં મૂકવામાં આવે છે.

**(૭૭)** ઈબ્ને જરીર તથા ઈબી હાતિમે અબૂલ આલિયાથી રિવાયત કરી કે જ્યારે પણ કોઈ મુકર્રબ બંદાની રૂહ કૃબ્ઝ થાય છે તો તેની પાસે જન્નતી ફૂલોની ડાળીઓ લાવવામાં આવે છે, તે સૂંઘે છે અને તેની રૂહ ઉડી જાય છે.

**(૭૮)** ઈમામ અહમદ ઝોહદમાં રબીઅ બિન ખુષૈમથી રિવાયત કરી કે فَامَّا انْ كَانَ مِنَ الْمُقَرَّبِيْنَ فرُوْحٌ وَّرَيْحَانٌ આ મૃત્યુના સમય માટે છે અને આખેરતમાં તેના માટે જન્નત છે.

وَامَّاانْ كَان مِنَ الْمُكذِّبِيْنَ الضَّآلِيْنَ فنُزل مِنْ حَمِيْم وتصلية الجحِيْم۔ આ મૃત્યુના સમય માટે છે અને આખેરતમાં જહન્નમ છે.

**(૭૯)** અબૂ નુઐમે દલાઈલુન્નબુવ્વતમાં અને ઈબ્ને અસાકિરે અદી બિન અબી હાતિમ તાઈથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે મેં હઝરત ઉષ્માન رضی اللہ عنہની શહાદતના દિવસે એક અવાજ સાંભળ્યો, હે ઈબ્ને અફ્ફાન ! રહમત અને ફૂલોની ખુશખબરી કૃબૂલ કરો ! રબની રઝાની ખુશખબરી કૃબૂલ હજો ! રિઝવાન તથા મગફેરતની ખુશખબરી કૃબૂલ હજો ! જ્યારે હું અવાજની તરફ ધ્યાનિત થયો તો કોઈને ન પામ્યું.

**(૮૦)** અબુલ કૃાસિમ બિન મુંદાએ કિતાબુલ્ એહવાલિ વલ્ ઈમાનિ બિસ્સુવાલમાં હસનથી અલ્લાહ તઆલાના ફર્માન فَرُوحٌ وَّ رَحيَانٌની તફસીર આ પ્રમાણે નકૃલ કરી કે ખુદાની કૃસમ ! આ વાત મૃત્યુ સમયે સંભળાવવામાં આવશે.

**(૮૧)** અબુલ કૃાસિમે સલ્માનથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺથી ફર્માવ્યું, સર્વ પ્રથમ ખુશખબરી મૃત્યુ સમયે رَوْحٌ ورَّيحَانની હોય છે અને નેઅમતોવાળી જન્નતની અને સર્વ પ્રથમ ખુશખબરી મો'મિન માટે કૃબ્રમાં એ છે કે અલ્લાહની રઝામંદીથી ખુશ થઈ જાવ ! અને **જન્નતમાં એ છે કે ભલે આવ્યા ! અને જે તમને કૃબ્ર સુધી પહોંચાડવા આવ્યા, અલ્લાહ તઆલાએ તેમને પણ બખ્શી દીધા !** અને જેણે તમારા માટે ગવાહી આપી તેણે સાચી વાત કરી અને જેણે તમારી મગફેરત ઈચ્છી તેની દુઆ કૃબૂલ થઈ.

**(૮૨)** ઈબ્ને ઈબી હાતિમે ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡہُمَاથી અલ્લાહ તઆલાના ફર્માન فَنُزُلٌ مِن حَمِيمٍનો અર્થ બતાવ્યો કે કાફિર દુનિયાથી નીકળવાથી પહેલાં ગરમ જહન્નમી પાણીનો પ્યાલો જરૂર પીશે.

**(૮૩)** તેમણે જ ઝિહાકથી રિવાયત કરી કે **જે શરાબી થઈ મૃત્યુ પામે છે તો તેના ચેહરા પર જહન્નમનું ગરમ પાણી નાંખવામાં આવે છે.**

**(૮૪)** અહમદે ઝોહ્દમાં અબૂ ઈમરાન જવનીથી રિવાયત કરી કે **કાફિર તથા સખ્ત ગુનેહગાર દુનિયાથી તરસ્યા નીકળશે અને ક઼બ્રોમાં તરસ્યા દાખલ થશે અને ક઼યામતના દિવસે તરસ્યા હાજર થશે અને જહન્નમમાં તરસ્યા નાખવામાં આવશે.**

**(૮૫)** અબુલ ક઼ાસિમ મુંદાએ કિતાબુલ્ એહવાલમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી, જ્યારે અલ્લાહ તઆલા મો'મિનની રૂહ કબ્ઝ કરવા ચાહે છે તો મલકુલ મૌતને ઉદ્દેશ આપે છે કે આ બંદાને મારા સલામ કહેજો, જેથી મલકુલ મૌત તે બંદાને ખુદાના સલામ પહોંચાડે છે.

**(૮૬)** મરૂઝી અને અબૂશ શૈખે પોતાની તફસીરમાં અને ઈબ્ને અબી દુન્યાએ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે મલકુલ મૌત રૂહ ક઼બ્ઝ કરવા માટે જ્યારે આવે છે તો મો'મિનને ખુદા તઆલાના સલામ કહે છે.

**(૮૭)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં ઈબ્ને અબી દુન્યા અને હાકિમે બરા બિન આઝિબથી રિવાયત કરી (બહયકીએ તેને સહીહ કહી) تَحِيَّتُهُمۡ يَوۡمَ يلقو نه سَلَامٌ۔ એટલે જે દિવસે મલકુલ મૌતથી તે મુલાકાત કરશે તો દરેક મો'મિન જેની રૂહ ક઼બ્ઝ કરવામાં આવશે તેઓ ફરિશ્તાને સલામ કરશે.

**(૮૮)** ઈબ્ને મુબારક તથા બયહકીએ શોઅ્બમાં અને અબૂશૈખે કિતાબુલ્ અઝમતમાં અને અબુલ ક઼ાસિમે કિતાબુલ્ એહવાલમાં મુહમ્મદ બિન કઅબ હુરઝીથી રિવાયત કરી કે જ્યારે મો'મિનની રૂહ ઉડવા લાગે છે તો મલકુલ મૌત આવીને કહે છે, اَلسَّلَامُ عَلَيۡكَ يَاوَلِیَّ اللّٰهِ۔ "હે અલ્લાહના દોસ્ત તમને સલામ !" આપનો રબ આપને સલામ કહે છે. પછી આ આયતથી દલીલ કાયમ કરવામાં આવી કે,





اَلَّذِيۡنَ تَتَوَفّٰهُمُ الۡمَلٰٓئِكَةُ ـ ـ ـ طَيِّبِيۡنَ يَقُوۡلُوۡنَ سَلَامٌ عَلَيۡكُمۡ તે પવિત્ર લોકો જેમને ફરિશ્તાઓ વફાત આપે છે તે કહે છે, "તમારા પર સલામતી હજો !"

**(૮૯)** ક઼ાઝી અબુલ હુસૈન બિન અરીફે ફવાઈદમાં અને અબૂર્રબીએ પોતાની ફવાઈદમાં અનસ બિન માલિકથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે મલકુલ મૌત અલ્લાહના વલી પાસે આવે છે તો સલામ કરે છે અને કહે છે ઉઠ ! આ ઘરથી જે તેં વેરાન કર્યું, તે ઘરની તરફ જેને તેં આબાદ કર્યું. અને જ્યારે મરનાર અલ્લાહનો વલી નથી હોતો તો ફરિશ્તો કહે છે કે ઉઠ ! પોતાની આ દુનિયાથી જે તેં આબાદ કરી રાખી હતી, તે દુનિયા તરફ જે તેં વેરાન કરી રાખી હતી.

**(૯૦)** અબૂ નુઐમે મુજાહિદથી રિવાયત કરી કે મો'મિનને તેની ઔલાદ નેક હોવાની ખબર આપવામાં આવી છે. જેથી તેની ખુશી પામે.

**(૯૧)** ઈબ્ને અબી શૈબા, ઈબ્ને અબી દુન્યા, ઈબ્ને મુંદા અને ઈબ્ને જરીરે ઝિક્રથી રિવાયત કરી لَهُمُ الۡبُشۡرٰى فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَفِى الۡاٰخِرَةِ۔. "એટલે તેઓના માટે દુનિયા અને આખેરત બંનેની જિંદગીમાં ખુશ ખબરી છે."

**(૯૨)** ઈબ્ને અબી દુન્યા અને ઈબી શૈબાએ ઈસા બિન અબી તાલિબથી રિવાયત કરી દુનિયાથી કોઈનું પણ સહી સલામત નીકળવું હરામ છે જ્યાં સુધી તે એવું ન જાણી લે કે તેનું ઠેકાણું ક્યાં છે ?!

**(૯૩)** ઈબ્ને અબી દુન્યા અને ઈબ્ને મુંદાએ જાબિર બિન અબ્દુલ્લાહ رَضِیَ اللّٰہُ عَنۡہُથી રિવાયત કરી કે એક ગામડીયા માણસે રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે, لَهُمُ الۡبُشۡرٰى فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَفِى الۡاٰخِرَةِનો અર્થ શું છે ? તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું فِى الۡحَيٰوةِ الدُّنۡيَاનો અર્થ છે તે શ્રેષ્ઠ સ્વપ્ન જે મુસલમાન જોઈને ખુશ થાય છે અને فِى الۡاٰخِرَةِથી મુરાદ તે ખુશખબરી છે જે મૃત્યુ સમયે ઈન્સાનને આપવામાં આવે છે કે **અલ્લાહે બખ્શી દીધો અને તેને પણ જે તેને ઉઠાવીને તારી ક઼બ્ર સુધી લાવ્યો.**

**(૯૪)** બહયકીએ મુજાહિદથી અલ્લાહના ફર્માન

اِنَّ الَّذِیۡنَ قَالُوۡا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسۡتَقَامُوۡا...الخ ની તફસીર બતાવી એ મૃત્યુના સમયે થશે. સુફયાનથી પણ આવી જ રિવાયત છે.

**(૯૫)** ઈબ્ને અબી હાતિમ તથા ઈબ્ને મુંદાએ મુજાહિદથી રિવાયત કરી કે لَا تَخَافُوۡ ન ડરો ! તે ચીજથી જે આવી રહી છે એટલે મૌત અને આખેરતનો મામલો, وَلَا تَحۡزَنُوۡ ચિંતા ન કરો તેના પર જે તમે છોડીને આવ્યા એટલે ઔલાદ અને દેવું, કેમ કે અલ્લાહ તઆલા તેના પર નાયબ બનાવશે.

**(૯૬)** ઈબ્ને અબી હાતિમે ઝૈદ બિન અસ્લમથી આ જ આયતની બાબત રિવાયત કરી કે આ આયતથી મૃત્યુ સમયે, કબ્રમાં અને કબ્રથી ઉઠવાના સમયે નેક મો'મિનને ખુશખબરી આપવામાં આવશે અને તે જ જન્નતમાં આ ખુશખબરીની લિજ્જતને અનુભવશે.

**(૯૭)** ઈબ્ને મુંદાએ કબીર બિન અબી કષીર ઈબ્ને અબ્બાસના ખાદિમથી રિવાયત કરી, જન્નતવાળાઓમાંથી પ્રત્યેક માટે ફરિશ્તો રક્ષક છે. જન્નતની જ્યારે તેને ખુશખબરી આપવામાં આવે છે તો ફરિશ્તો પોતાનો હાથ તેના દિલ પર મૂકી દે છે કે ખુશીની અધિક્તાના કારણે તેનું દિલ નીકળી ન જાય.

**(૯૮)** ઈબ્ને અબી હાતિમ અને અબૂ નુઐમે સઈદ બિન જુબૈરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺની સમક્ષ આ આયત પઢવામાં આવી કે يٰۤاَيَّتُهَا النَّفۡسُ الۡمُطۡمَئِنَّةُ તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ કહ્યું કે આ તો સારી વાત છે. હુઝૂર અકરમ ﷺએ ફર્માવ્યું કે ફરિશ્તો મૃત્યુ સમયે એ પ્રમાણે કહેશે.

**(૯૯)** ઈબ્ને અબી હાતિમે હુસ્નથી આ આયતના વિશે રિવાયત કરી કે આપથી જ્યારે આ આયતના સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે અલ્લાહ જ્યારે તેના મો'મિન બંદાની રૂહ કબ્ઝ કરવા ઈચ્છે છે તો નફસ અલ્લાહ તઆલાની તરફથી સંતૃષ્ઠ થાય અને અલ્લાહ બંદા તરફથી. અને હાફિઝ સલફીએ મશીખા બગદાદીયામાં કહ્યું, અબૂ સઈદ હસન બિન અલી વાએઝને મેં કહેતાં સાંભળ્યું કે તે કહી રહ્યા હતા કે મારા વાલિદ ફર્માવતા હતા કે અલ્લાહ તઆલા મલકુલ મૌતના





હાથ પર આ શબ્દો જાહેર ફર્માવશે بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ આ નૂરાની અક્ષરથી લખેલું હશે. પછી તેને કહેવામાં આવશે કે જ્યારે આરિફ બિલ્લાહની વફાતનો સમય નજીક આવે તો એ પોતાનો હાથ ફેલાવી દે. અને આ લખેલું તેમને દેખાડે. જ્યારે આરિફ (વલી)ની રૂહ તેને જોશે તો જરાય વિલંબ વિના ઉડીને તેની (મલકુલ મૌત) તરફ આવશે પલક ઝપકવાથી પણ પહેલાં ફિરદૌસમાં. ઈબ્ને અબ્બાસથી મરવી છે (મરફૂન હદીષ થકી) કે અલ્લાહ તઆલા જ્યારે ઉમ્મતના ગુનેહગારોની રૂહ કબ્ઝ કરવાનો હુકમ આપે છે તો ફર્માવે છે, તેમને જન્નતની ખુશખબરી આપો પરંતુ જણાવી દે જો કે ગુનાહોની સજા ભોગવ્યા બાદ અને જહન્નમનો સ્વાદ ચાખ્યા બાદ ! (અલ્લાહ આપણને જહન્નમથી બચાવે !)

**(૧૦૦)** અબૂ નુઐમે રબીઅ બિન રાશિદથી રિવાયત કરી કે જો મો'મિનની ઉમ્મીદો ખુદાથી વાબાસ્તા ન હોત તો દુનિયામાં તેમની રાહો ફાટી જાત અને દુનિયામાં તેમનાં પેટ ફાટી જાત. (એટલે કે ફક્ત ખૌફે ખુદા હોત અને તેના વાયદા ન હોત તો ઈન્સાન અલ્લાહના ડરના કારણે ચાલવા ફરવાથી લાચાર થઈ જાત.)

**(૧૦૧)** અસ્બહાનીએ હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે જુમ્આના દિવસે એક હજાર વખત મારા પર દુરૂદ પઢશે તો તે જરૂર મૃત્યુ પહેલાં પોતાનું ઠેકાણુ જન્નતમાં જોઈ લેશે.

**(૧૦૨)** ઈબ્ને અસાકિરે શહર બિન હોશબ થકી રિવાયત કરી કે એમને પૂછવામાં આવ્યું કે وَاِنۡ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ اِلَّا لَيُؤۡمِنَنَّ بِهٖ قَبۡلَ مَوۡتِهٖ થી[1] મુરાદ શું છે ? તો આપે ફર્માવ્યું કે, આ યહૂદીઓના વિશે છે. જ્યારે મલકુલ્ મૌત તેઓની રૂહ કબ્ઝ કરવા માટે આવે છે તો તેમની સાથે એક ફરિશ્તો આગના શોલા લઈને તેમની પાસે હોય છે, તે ફરિશ્તો આ શોલા તેના મોઢા અને ગુદા પર મારે છે અને કહે છે કે બતાવો ! માનો છો કે ઈસા علیہ السلام અલ્લાહના બંદા અને રસૂલ છે કે નથી ? તે

*૧. પ્રત્યેક યહૂદી તથા ઈસાઈ ઈસા علیہ السلام ની વફાતથી તેમના પર જરૂર ઈમાન લાવશે.*

આમ જ કરતો રહે છે ત્યાં સુધી કે તે માની લે છે. જ્યારે તે એકરાર કરે છે તો મલકુલ્ મૌત તેની રૂહ કબ્જ કરી લે છે.

**(૧૦૩)** મુસ્લિમે અબૂ હુરૈરહ્ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, શું તમે નથી જોતા કે જ્યારે માનવ મરવા લાગે છે તો તેની આંખો ફાટી જાય છે ?! સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ ફર્માવ્યું, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, આ તે સમયે થાય છે જ્યારે તેની રૂહ ઉડ્ડયન કરે છે અને તેની નિગાહ તેનો પીછો કરે છે.

**(૧૦૪)** ઈબ્ને સઅદ અને ઈબ્ને અબીદુન્યાએ પણ પોતાની સનદો થકી આવી જ રિવાયત કરી.

**(૧૦૫)** દીનૂરીએ 'મજાલિસહ'માં સુફયાન ષૌરી થકી રિવાયત કરી કે જ્યારે મલકુલ્ મૌત ઈન્સાનોની ત્રણ નસો (ગળાની) દબાવે છે તો તે ઈન્સાનોને ઓળખવાનું અને વાત કરવાનું બંધ કરી દે છે અને દુનિયા તથા જે કાંઈ તેમાં છે ભૂલી જાય છે. જો તેના પર સકરાતનો આલમ ન હોય તો તે તકલીફના કારણે પોતાની નજીકવાળાઓને તલ્વાર લઈને મારવા લાગે !

**(૧૦૬)** ઈબ્ને અબી હાતિમે ઝહરી બિન મુહમ્મદથી રિવાયત કરી કે મલકુલ્ મૌત જમીન અને આસ્માનની વચ્ચે સીડી પર બેસે છે અને તેમના કેટલાક કામ કરવાવાળા ફરિશ્તા છે. જ્યારે પ્રાણ ગળામાં હોય છે તો તે મલકુલ્ મૌતની સીડી તરફ જુએ છે અને મલકુલ્ મૌત પોતાની સીડી પરથી તેને જુએ છે અને આ મુડદાનો આખરી ટાઈમ હોય છે.

**(૧૦૭)** ઈબ્ને અબીદુન્યાએ હકમ બિન અદનાનથી રિવાયત કરી કે હઝરત ઈકરમાને પૂછવામાં આવ્યું, આંધળો પણ મલુકલ્ મૌતને જુએ છે ? આપે ફર્માવ્યું, હા !

**(૧૦૮)** અબૂ નુઐમે મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત કરી કે મલકુલ્ મૌતની પાસે એક ધાર્યુ છે જે પૂર્વથી લઈને પશ્ચિમ સુધી લાંબુ છે ! જ્યારે કોઈ ઈન્સાનની જિંદગીની મુદ્દત પૂરી થાય છે તો તે આ ધાર્યાને તેના માથા પર મારે છે અને કહે છે હવે તમે મૌતના લશ્કરને જોઈ લેશો !




**(૧૦૯)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં પોનાની સનદ થકી ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી (મરફૂઅ) કે મલકુલ્ મૌતની પાસે એક ઝહરીલો નેજો છે જેનો એક કિનારો પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં છે તેનાથી તે જિંદગીની દોરીને કાપે છે.

**(૧૧૦)** ઈબ્ને મુન્ઝર અને અબ્દુર્રઝ્ઝાકે પોતાની તફસીરમાં વહબ બિન મુનબ્બહથી રિવાયત કરી કે ઈન્સાનને ત્રણ પ્રાણ તેના દરેક અંગમાંથી નીકળે છે જેટલો કે તે અંગનો હોય છે અને જિસ્મનું ઉદાહરણ કમીસની જેમ છે જેને ઈન્સાન ઉતારી દે છે. બસ કમીસને જેટલો કોઈ ચીજનો એહસાસ થાય છે જિસ્મને પણ એટલો જ થાય છે. અસલ રાહત તથા તકલીફ અનુભવવાવાળી તે રૂહ છે (હેતુ એ છે કે રંજ તથા રાહતનું દર્દ વાસ્તવમાં રૂહ પર છે અને શરીર તેનો ઝરીયો છે.)

# વિભાગ

## ★ કોની તૌબા ક઼બૂલ થાય છે ? ★

આ વિભાગમાં આ વાત વર્ણન કરવામાં આવી છે કે તૌબા તેમની જ ક઼બૂલ થાય છે જે અજાણમાં ગુનોહ કરી લે છે અને પછી તરત જ તૌબા કરી લે છે.

**(૧)** ઈબ્ને અબી હાતિમ તથા ઈબ્ને જરીરે ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا થકી રિવાયત કરી કે અલ્લાહનું ફર્માન, ثُمَّ يَتُوبُوْنَ مِنْ قَرِيْبٍ આનાથી મુરાદ મલકુલ્ મૌતને જોવા સુધીનો સમય છે.

**(૨)** અહમદ, તિર્મિઝી અને ઈબ્ને માજાએ ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે, જ્યાં સુધી પ્રાણ ગળામાં ન આવી જાય તે ક્ષણ સુધી અલ્લાહ તઆલા બંદાની તૌબા ક઼બૂલ ફર્માવે છે. અબ્દુર્રઝ઼્ઝાકે આવી જ હદીષ પોતાની તફસીરમાં ઈબ્ને ઉમર થકી નક઼લ કરી.

**(૩)** ઈબ્ને મુંઝરે નખઈથી રિવાયત કરી કે તૌબા બંદા માટે ખુલ્લી છે જ્યાં સુધી મૌતની નિશાનીઓ જાહેર ન થાય.

**(૪)** ઈબ્ને અબી હાતિમે અલ્લાહ તઆલાના ફર્માન حَتّٰى اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ ની તફસીરમાં ફર્માવ્યું કે, ''જ્યારે મૌતને જુએ.''

**(૫)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ મિજલઝ رحمة الله عليه થી રિવાયત કરી કે જ્યાં સુધી બંદો મૌતના ફરિશ્તાઓને ન જુએ, તૌબા ક઼બૂલ થાય છે.

**(૬)** ઈબ્ને અબીદુન્યાએ બક્ર બિન અબ્દુલ્લાહ મુઝ઼ની થકી રિવાયત કરી કે બંદો જ્યાં સુધી ફરિશ્તાઓને ન જુએ તૌબા ક઼બૂલ થાય છે અને જ્યારે ફરિશ્તાઓને જોઈ લે છે તો ઓળખ પારખ ખતમ થઈ જાય છે.





**(૭)** ઈબ્ને મરદૂયાએ અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنه થી રિવાયત કરી. મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે જેને તૌબાની તૌફીક઼ થઈ તેની તૌબા ક઼બૂલ પણ થશે, કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે : هُوَ الَّذِىْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ ـ وَاللّٰهُ اَعْلَمُ

## ★ જ્યારે મુડદાંની રૂહ નીકળે છે તો તેની સાથે અન્ય રૂહો મળે છે અને પૂછપરછ કરે છે ★

**(૧)** ઈબ્ને અબીદુન્યા અને તિબ્રાનીએ 'અવસત'માં અબૂ ઐયૂબથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે જ્યારે ઈન્સાનની રૂહ ક઼બ્ઝ કરવામાં આવે છે તો અલ્લાહના રહમ કરવાવાળા બંદાઓ એવી રીતે મુલાકાત કરે છે જેમ ખુશ ખબરી લાવવાવાળા સાથે મુલાકાત કરે છે. અને કહે છે કે જુઓ તમારા સાથીએ દુનિયાની મુસીબતોથી મુક્તિ પામી. પછી તેનાથી દુનિયાવાળાઓની હાલત પૂછે છે કે ફલાણાએ શું કર્યું ? શું ફલાણી સ્ત્રીએ બીજી શાદી કરી કે નહીં ? પછી તે એક એવા શખ્સ વિશે પૂછે છે જે તે શખ્સથી પહેલાં મૃત્યુ પામ્યો હોય છે. જ્યારે આ તેના મૃત્યુની ખબર આપે છે તો તે કહે છે કે, اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ તે જહન્નમમાં સિધાર્યો. આપ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે તમારા આમાલ તમારા મૃત્યુ પામનારા પોતાના તથા રિશ્તેદારની સામે પેશ કરવામાં આવે છે, જો સારા કૃત્ય હોય છે તો તે સાંભળીને ખુશ થાય છે અને જો બદ્ કૃત્યો હોય છે તો સાંભળીને ગમગીન થાય છે. સદ્ કૃત્યો જોઈને કહે છે કે, હે અલ્લાહ ! આ તારા રહેમો કરમ છે ! તું તેના પર પોતાની નેઅમત પૂર્ણ કર અને તેના પર તેને વફાત દે. અને બદ્ કૃત્યો જોઈ કહે છે કે, હે ખુદાવંદ ! આને એવા કામો કરવાની હિદાયત દે જેનાથી તું રાજી થાય અને જે તેને તારો કુર્બ નસીબ કરે.

**(૨)** ઈબ્ને અબીદુન્યાએ અબી લબીબહથી રિવાયત કરી કે, જ્યારે બિશ્ર બિન બરાઅ બિન મઅરૂરહનો ઈન્તેકાલ થયો તો તેની માં આ વાત પર ખૂબ ઉદાસ થઈ. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم બનૂ સલમા (કબીલાનું નામ)માંથી કોઈને કોઈ મર્યા જ કરે છે. બતાવો, શું આ રૂહો એકબીજાને ઓળખે છે ?! જો આમ છે તો હું બિશ્રને કોઈના ઝરીએ સલામ મોકલું ? તો આપ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! જેમ

પક્ષીઓ વૃક્ષોની ડાળીઓ પર એકબીજાને ઓળખે છે આમ મુડદાં એકબીજાને ઓળખે છે. હવે પછી જ્યારે કોઈ શખ્સ બનૂ સલ્માનો મૃત્યુ પામે તો બિશ્રની માં તેની પાસે આવતી અને કહેતી, હે ફલાણા ! તારા પર સલામતી હજો, તે (મુડદો) કહેતો 'વ અલય કુમુસ્ સલામ' પછી આ કહેતી કે, 'બિશ્રને સલામ પહોંચાડી આપજે.'

**(૩)** ઈબ્ને માજાએ મુહમ્મદ બિન મુન્કદરથી રિવાયત કરી કે, હું જાબિર બિન અબ્દુલ્લાહની વફાતની ક્ષણે તેની નજીક ગયો અને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં મારા સલામ પહોંચાડજો !

**(૪)** બુખારીએ પોતાની ઈતિહાસની કિતાબમાં ખાલિદા બિન્તે અબ્દુલ્લાહ બિન અનીસથી રિવાયત કરી કે, ઉમ્મુલ બનીન બિન્ત અબી કૃતાદા પોતાના વાલિદની વફાતના પંદર દિવસ પછી અબ્દુલ્લાહ બિન અનીસ પાસે આવી, તે બીમાર હતા. એમને કહ્યું કે, હે કાકા ! મારા વાલિદને મારા સલામ પહોંચાડ જો !

**(૫)** ઈબ્ને અબી શૈબાહે અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત કરી. જન્નત સૂરજનાં શિંગડા સાથે લટકેલી છે. વર્ષમાં એકવાર ખોલવામાં આવે છે અને મો'મિનોની રૂહો પક્ષીઓનાં પેટોમાં છે, તે એકબીજાને ઓળખે છે અને જન્નતના મેવાઓથી તેમને રિઝ્ક મળે છે.

**(૬)** અહમદ અને હકીમ તિર્મિઝીએ 'નવાદિરુલ્ ઉસૂલ'માં અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, બે મુસલમાનોની રૂહો એક દિવસના ફાસલાથી જોઈને એકબીજાથી મળી જાય છે, ભલે જિંદગીમાં એમણે એક બીજાને ન જોયા હોય.

**(૭)** બઝ્ઝારે સહીહ સનદ થકી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી (મરફૂઅન) કે, જ્યારે મો'મિનોની મૌત આવે છે તે અદ્ભૂત ચીજો જુએ છે, અને પસંદ કરે છે કે અહીંયા જ તેની રૂહ નીકળી જાય, અને ખુદા તેની મુલાકાતને પસંદ કરે છે. અને જ્યારે મો'મિનની રૂહ આસ્માન પર લઈ જવામાં આવે છે તો મો'મિનોની રૂહો તેની પાસે આવીને પોતાના જાણ ઓળખાણના માણસોના વિશે પૂછે છે. જ્યારે તે કહે છે કે હું ફલાણાને દુનિયામાં છોડીને આવ્યો છું તો આ વાત તેમને





આશ્ચર્યજનક લાગે છે. જ્યારે તે કહે છે કે ફલાણો મૃત્યુ પામ્યો છે તો તેઓ કહે છે કે પરંતુ તે અમારી પાસે નથી આવ્યો. આદમ બિન અબીયાસે આ હદીષના ખુલાસામાં ફર્માવ્યું કે જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો તેની મુલાકાત અન્ય રૂહો સાથે થાય છે અને તે રૂહો દુનિયાવાળઓ વિશે પૂછે છે. જ્યારે તે કહે છે કે, ફલાણો તો મારાથી પણ પહેલાં મૃત્યુ પામ્યો છે ! તો તે કહે છે કે તેને હાવિયા (જહન્નમનું નામ)માં લઈ ગયા અને તે ખૂબ જ બુરું ઠેકાણુ છે અને એમાં જવાવાળો.

**(૮)** ઈબ્ને અબીદુન્યાએ સઈદ બિન જુબૈરથી રિવાયત કરી કે, જ્યારે કોઈ મૃત્યુ પામે છે તો તેનું બાળક સ્વાગત કરે છે જેમ કે ખોવાઈ ગયેલનું સ્વાગત કરવામાં આવે છે. (એટલે જો કોઈ બાળક મૃત્યુ પામી ગયું હોય તો નહીંતર અન્ય રિશ્તેદાર)

**(૯)** ઈબ્ને અબીદુન્યાએ ષાબિત બનાનીથી રિવાયત કરી કે જ્યારે કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો તેનાં નિકટવર્તીઓ તેનું સ્વાગત કરે છે તો તે એકબીજાને મળીને તેનાથી વધુ ખુશ થાય છે જેટલું કે કોઈના આવવાથી ખુશ થાય છે.

**(૧૦)** ઈબ્ને અબી શૈબાએ 'મુસન્નફ'માં અને ઈબ્ને અબીદુન્યાએ ઉબૈદ બિન ઉમૈર رضی اللہ عنہથી રિવાયત કરી. કૃબ્રવાળા મુર્દા સાથે એવી રીતે મળે છે જેમ કોઈ સવાર સાથે લોકો મુલાકાત કરે છે. જ્યારે તે એવા શખ્સ વિશે પ્રશ્ન કરે છે જે તે શખ્સ પહેલાં મૃત્યુ પામ્યો, તો આ શખ્સ કહે છે કે શું તે હજુ સુધી તમારી પાસે નથી પહોંચ્યો ?! તો તેઓ કહે છે اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ તેને કોઈ અન્ય રસ્તા પર લઈ જવામાં આવ્યો છે, તેને હાવિયામાં લઈ ગયા છે.

**(૧૧)** ઈબ્ને અબી દુન્યાએ સાલેહ મુર્રીથી રિવાયત કરી કે, મને હદીષ પહોંચી કે મૃત્યુ બાદ રૂહો આપસમાં મુલાકાત કરે છે તો મુડદાંઓની રૂહો નવી રૂહને દુનિયાનો હાલ પૂછે છે અને એવું પૂછે છે કે તમે પાક જિસ્મમાં હતા કે ખબીષ જિસ્મમાં ?

**(૧૨)** ઈબ્ને અબી દુન્યાએ ઉબૈદ બિન ઉમૈર થકી રિવાયત કરી, રૂહો એ રીતે હાલાત (દુનિયાની સ્થિતિ)ની જાણ કરે છે જેમ કે

આવવાવાળા સવારથી જાણ કરવામાં આવે છે કે ફલાણાની શી હાલત છે ? ફલાણાનું શું ?! ષઅલબી رحمۃ اللہ علیہએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ થકી આ જ પ્રકારની રિવાયત કરી. આ રિવાયતના છેવટમાં છે કે એટલે સુધી કે તે ઘરવાળાંઓ વિશે પૂછે છે અને ઘરની બિલાડી સુધી પૂછે છે ! કુર્તબી رحمۃ اللہ علیہએ કહ્યું કે, હુઝૂર صلی اللہ علیہ وسلمનું ફર્માન, (અર્થાત) : '' રૂહોના લશ્કર છે જે એકબીજાને ઓળખે છે. તે મળે છે અને જે નથી ઓળખતાં તે નથી મળતાં.''ની તફસીર આમ કરવામાં આવી છે કે સૂતેલાઓની રૂહો મુડદાંની રૂહો સાથે મુલાકાત કરે છે.

**(૧૩)** અહમદે 'ઝોહદ'માં અને ઈબ્ને અબીદુન્યાએ ઉબૈદ બિન ઉમૈરથી રિવાયત કરી, તે કહે છે કે જો મને પોતાના મર્હૂમો સાથે મુલાકાતની ઉમ્મીદ ન હોત તો હું અફસોસથી મરી ચૂક્યો હોત.

**(૧૪)** ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી અબ્દુર્રહ્માન બિન મહદીથી રિવાયત કરી કે જ્યારે સુફયાનની બીમારીમાં વધારો થયો તો તે ખૂબ જ ગભરાવા લાગ્યા. તો મર્હૂમ બિન અબ્દુલ અઝીઝ તેમની પાસે આવ્યા અને કહ્યું કે અલ્લાહના બંદા ! આ ગભરાહટ કેવી ?! તમે પોતાના રબની બારગાહમાં જઈ રહ્યા છો જેની તમે સાઈઠ વર્ષ ઈબાદત કરી, નમાઝ પઢી અને રોઝા રાખ્યા અને હજો કરી. તમે વિચારો ! જો તમારો કોઈ શખ્સ પર એહસાન હોત તો શું તમે તેને મળવામાં ખુશી ન અનુભવતા ?! આ સાંભળી તેમનો ગમ દૂર થયો. અબૂ નુઐમ કહે છે કે જ્યારે હસન બિન અલીની તકલીફ વધી તો તેમની પાસે એક શખ્સ આવ્યો અને કહ્યું, હે અબૂ મુહમ્મદ ! આ ગભરામણ કેવી ? આ તો ફક્ત આટલી વાત છે કે તમારી રૂહ જિસ્મથી અલગ થઈ રહી છે. હવે તમે પોતાના વાલિદ અલી અને વાલિદા ફાતિમા અને દાદા નબી صلی اللہ علیہ وسلم અને દાદી ખદીજા رضی اللہ عنہا અને કાકા હમઝા તથા જાફર તથા અલી અને મામા કાસિમ, તૈયબ, તાહિર તથા ઈબ્રાહીમ અને માસી રુકૈયા, ઉમ્મે કુલ્ષૂમ તથા ઝૈનબ સાથે મળવાના છો ! આ સાંભળી એમની તકલીફ દૂર થઈ.

**(૧૫)** અબૂ નુઐમે લૈષ બિન સઅદથી રિવાયત કરી કે એક શખ્સ શામવાળાઓમાંથી શહીદ થઈ ગયો તો તે દર જુમ્આની રાતે સ્વપ્નમાં





પોતાના બાપ પાસે આવતા અને તેમની સાથે વાતચીત કરતા. પરંતુ એક જુમ્આની રાત્રે ન આવ્યા અને પછી બીજા જુમ્આએ આવ્યા. બાપે તેને ફરિયાદ કરી કે કેમ ન આવ્યો. તેણે કહ્યું, કારણ એ હતું કે દરેક શહીદોને હુકમ આપવામાં આવ્યો હતો કે તેઓ ઉમર બિન અબ્દુલ અઝીઝના જનાઝામાં શરીક થાય. આ બનાવ ઠીક ઉમર બિન અબ્દુલ્ અઝીઝની વફાતના સમયે બન્યો.

**(૧૬)** બયહકીએ 'શોઅબુલ્ ઈમાન'માં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી કે, બે મો'મિન દોસ્ત હતા અને બે કાફિર. મો'મિનોમાંથી એક મૃત્યુ પામ્યો તો તેને જન્નતની ખુશખબરી આપવામાં આવી તો તેને તરત પોતાના દોસ્તની યાદ આવી. તો તેણે અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી કે, હે અલ્લાહ ! મારો ફલાણો દોસ્ત તારા અને તારા રસૂલની ફર્માંબરદારીનો હુકમ આપતો હતો અને નેકીની તરફ બોલાવતો અને બુરાઈથી રોકતો હતો અને મને બતાવતો હતો કે મને તારી સાથે જરૂર મળવાનું છે, તો હે અલ્લાહ ! તું મારા પછી તેને ગુમરાહ ન કરતો ! ત્યાં સુધી કે તે મારી સાથે મુલાકાત કરે અને તું એનાથી એવી રીતે રાજી થઈશ જેવી રીતે તું મારાથી રાજી થયો. એટલામાં બીજો પણ મૃત્યુ પામે છે. પછી તેઓ બંનેવ એક બીજાને મળે છે તો હુકમ થાય છે કે તમારામાંથી બંને એકબીજાની પ્રશંસા કરો ! જેથી બંને એકબીજાની પ્રશંસા કરે છે અને કહે છે કે, તમે ખૂબ જ સારા ભાઈ છો અને ખૂબ જ સારા સાથી. અને જ્યારે બે કાફિર દોસ્તોમાંથી કોઈ મૃત્યુ પામે છે અને તેને જહન્નમની ખબર આપવામાં આવે છે. તો તે પોતાના દોસ્તને યાદ કરે છે અને કહે છે કે, અલ્લાહ ! મારો દોસ્ત મને તારી અને તારા રસૂલ صلی اللہ علیہ وسلمની અવગણનાનો હુકમ આપતો હતો, બુરાઈનો હુકમ આપતો હતો અને ભલાઈથી રોકતો હતો અને બતાવતો હતો કે મને તારી સાથે કદી મળવાનું નથી. તો હે ખુદાવંદ ! તું તેને મારા પછી હિદાયત ન આપ ! એટલે સુધી કે તે મારી સાથે મળી ન જાય (મૃત્યુ પામે). અને તું એના પર પણ આ જ રીતે નારાજ થઈશ જેમ તું મારાથી નારાજ થયો. એટલામાં બીજો મૃત્યુ પામે છે અને બંનેવ આપસમાં મુલાકાત કરે છે તો કહેવામાં આવે છે કે હવે બંનેવ એકબીજાનો હાલ વર્ણન કરી નાંખો ! તો બંનેવ કહે છે કે તું બુરો સાથી અને બુરો ભાઈ હતો.

### ★ મૈયતનું પોતાનાં ગુસ્લ આપનારા, દફન કરવાવાળા અને કફન પહેરાવવાવાળા તથા પોતાના વિશે કહેવામાં આવતી વાતોનું સાંભળવું અને ઓળખવું ★

**(૧)** અહમદ તથા તિબ્રાનીએ 'અવસત'માં ઈબ્ને અબીદુન્યા, મરૂઝી તથા ઈબ્ને મુંદાએ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, મૈયત પોતાને ગુસ્લ દેવાવાળા, ઉઠાવવાવાળા, કફન પહેરવાવાળા અને ક઼બ્રમાં ઉતારવાવાળાઓને ઓળખે છે.

**(૨)** અબુલ હુસૈને 'કિતાબુર્રરોઝા'માં ઝઈફ સનદ થકી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મુડદુ પોતાના ગુસ્લ આપવાવાળાઓને ઓળખે છે. અને જો મૃત્યુ સમયે તેને રૂહ તથા ઈમાનની ખુશ ખબરી આપવામાં આવી છે તો પોતાના ઉઠાવવાવાળાઓને જલ્દી ચાલવા કહે છે. અને જો જહન્નમ રસીદ (જહન્નમમાં પહોંચવું) થવાની તેને ખબર આપવામાં આવી છે તો તે રોકાય રહેવાની દરખાસ્ત કરે છે.

**(૩)** ઈબ્ને અબીદુન્યાએ મુજાહિદ થકી રિવાયત કરી કે જ્યારે મુડદુ મરણ પામે છે તો તે પોતાના ગુસ્લથી લઈને ક઼બ્ર સુધી જવાના હાલને જુએ છે. ઈબ્ને અબી શૈબાએ પણ આ જ પ્રકારની રિવાયત કરી.

**(૪)** અબૂ નુઐમે ઉમર બિન દીનારથી રિવાયત કરી કે જે પણ મૃત્યુ પામે છે તેની રૂહ એક ફરિશ્તાના કબ્જામાં રહે છે જે તેના જિસ્મ તરફ જુએ છે કે કેવી રીતે ગુસ્લ આપવામાં આવે છે અને કેવી રીતે એને લઈ જવામાં આવે છે. અને તે ફરિશ્તો તે શખ્સને કહે છે કે લોકોની તારીફ (પ્રશંસા) તારા વિશે સાંભળ.

**(૫)** ઈબ્ને અબીદુન્યાએ બકર બિન અબ્દુલ્લાહ મુઝ્નીથી રિવાયત કરી. મને ખબર પડી છે કે જ્યારે કોઈ શખ્સ મરી જાય છે તો તેની રૂહ એક ફરિશ્તાના કબ્જા હેઠળ રહે છે અને તે શખ્સ પોતાના ગુસ્લ અને કફનની હાલત જોતો રહે છે. અને જો તે વાત કરી શકત તો લોકોને રડવાથી રોકત.

**(૬)** સુફયાનથી ઈબ્ને અબીદુન્યાએ રિવાયત કરી કે મૈયત પ્રત્યેક





વસ્તુને પારખે છે. એટલે સુધી કે પોતાના ગુસ્લ આપવાવાળાઓને કહે છે કે ધીરે ધીરે ગુસ્લ દો ! અને ફરિશ્તો તેના તખ્તા પર કહે છે કે લોકોની પ્રશંસા સાભળ.

**(૭)** ઈબ્ને અબીદુન્યાએ હુઝૈફાથી રિવાયત કરી કે માનવની રૂહ મલકુલ મૌતના હાથમાં રહે છે અને તે ફરિશ્તો ક઼બ્ર સુધી સાથે રહે છે. જ્યારે ક઼બ્ર બરાબર કરવામાં આવે છે તો તે તેમાં દાખલ થઈને મુડદા સાથે વાતચીત કરે છે. બયહકી વિગરેએ પણ આ જ પ્રકારની રિવાયતો વર્ણન કરી.

**(૮)** શૈખેને અનસથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺ જંગે બદ્રમાં ક઼ત્લ થયેલ કાફિરોની પાસે ઉભા થયા અને કહ્યું કે, હે ફલાણા જે તમારા રબે તમારી સાથે વાયદો કર્યો, શું તે તમે પામ્યો ? કેમ કે મેં પોતાના રબના વાયદાને સત્ય પામ્યો. (શું તમે જહન્નમ પામી લીધી ! મારાથી મારા રબે વિજયનો વાયદો કર્યો હતો તે મેં પામ્યો) હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એવાં શરીરો સાથે કલામ ફર્માવી રહ્યા છો જેમાં રૂહ નથી ! આપ ﷺએ ફર્માવ્યું કે તમે મારી વાત આમનાથી વધારે નથી સાંભળતા. હા ! તફાવત એ છે કે આ જવાબ નથી દઈ શકતા.

**(૯)** અબૂ શૈખે (મુરસલ) ઉબૈદ બિન મઝરૂકથી રિવાયત કરી કે મદીનામાં એક સ્ત્રી હતી જે મસ્જિદની સ્વચ્છતા કરતી હતી. તે મૃત્યુ પામી ગઈ અને હુઝૂર ﷺને ખબર ન થઈ. એક દિવસ તેણીની ક઼બ્ર પર ગુજર થયો. પૂછયું કે આ ક઼બ્ર કોની છે ? સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ કહ્યું કે, ઉમ્મે મુહજ્જનની. આપે ફર્માવ્યું કે તે જ જે મસ્જિદનું કામ કરતી હતી ? અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ તો આપે સફ બનાવી અને તેણીની નમાઝે જનાઝા અદા ફર્માવી. (કેમ કે આપ પ્રત્યેક મો'મિન તથા મો'મિનાનાં વલી હતા અને વલી (ઘરના વડા)ને હક્ક઼ છે કે તે મુડદાની ક઼બ્ર પર નમાઝ અદા કરે, માટે આપ ﷺએ નમાઝ અદા ફર્માવી. અને ગેરવલી કોઈ નથી) પછી પૂછયું કે, હે સ્ત્રી ! **કયો અમલ શ્રેષ્ઠ** પામ્યો ? સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, શું તેણી સાંભળે છે ?! આપ

ﷺએ ફર્માવ્યું, કે તમે તેનાથી અધિક સાંભળવાવાળા નથી ! મરવી છે કે તેણીએ જવાબ આપ્યો કે **મસ્જિદની સ્વચ્છતા.**

**(૧૦)** શૈખેને અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે જનાઝાને લોકો પોતાના ખભાઓ પર ઉઠાવે છે તો જો નેક હોય છે તો કહે છે કે જલ્દી ચાલો ! અને બુરો (કનિષ્ઠ) હોય છે તો કહે છે, અફસોસ ! ક્યાં લઈ જાવ છો. ઈન્સાન સિવાય દરેક ચીજ તેના અવાજને સાંભળે છે, અને જો ઈન્સાન તેને સાંભળી લ્યે તો બેભાન થઈ જાય.

**(૧૧)** શૈખેને અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે જનાઝાને જલ્દી લઈને ચાલો ! કેમ કે જો સારો છે તો ભલાઈની તરફ તમે તેને વધારી દો ! અને જો સારો નથી તો પોતાની ગરદનો પરથી જલ્દી ઉતારી દો !

**(૧૨)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે તેમણે મૈયતના વિષયમાં ફર્માવ્યું કે તેને જલ્દી તેના ખાડા તરફ લઈ જાવ, કેમ કે તે જ તેનું ઠેકાણુ છે જેથી તેમાં જઈને તે ભલાઈ બુરાઈને જોઈ લે.

**(૧૩)** ઈબ્ને અબીદુન્યાએ બકર મુઝનીથી રિવાયત કરી કે, મૈયત જલ્દી ક઼બ્રમાં પહોંચવાથી ખુશ થાય છે. અબૂ ઐયૂબથી પણ આ જ રિવાયત છે.

**(૧૪)** ઈબ્ને અબીદુન્યાએ 'અલ્ કુબૂર'માં ઉમર બિન ખત્તાબથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે મૈયતને તેના તખ્ત પર રાખીને ત્રણ ક઼દમ ચાલવામાં આવે છે તો તે વાત કરે છે. ઈન્સાન અને જિન્ન સિવાય જે ચાહે તેની વાતને સાંભળી શકે છે. મુડદુ કહે છે કે, હે મારા ભાઈઓ ! હે મારી લાશને ઉઠાવવાવાળાઓ ! દુનિયા તમને ધોકામાં ન નાંખી દે ! જેમ મને નાંખ્યો, જમાનો તમારી સાથે ખેલ ન કરે જેમ મારી સાથે કર્યો. જે કાંઈ મારી પાસે હતુ તે વારસદારો માટે છોડી દીધું અને કર્ઝખ્વાહ (કરજ આપનાર) ક઼યામતના દિવસે મારી સાથે ઝઘડો કરશે અને હિસાબ કરશે અને તમે મને છોડીને જઈ રહ્યા છો !

અહમદે 'ઝોહદ'માં ઉમ્મે દરદાથી આ જ પ્રકારની રિવાયત કરી.





તારીખ ઈબ્ને નજજારમાં અબૂ મુહમ્મદ બિન નજજારથી (આ મરૂઝીના સાથીઓમાં હતા, બલ્કે ખલાલ તેમને મરૂઝીથી અફઝલ કહેતા હતા) મરવી છે. તે કહે છે કે મેં એક મુડદાને ગુસ્લ આપ્યું. હું ગસ્લ દઈ રહ્યો હતો કે એકાએક તેણે આંખો ખોલી અને મારો હાથ પકડીને કહ્યું, હે અબૂ મુહમ્મદ ! આ દિવસ માટે સારી તૈયારી કરી લો ! (અલ્લાહ બેહતર જાણનાર છે.)

## ★ ફરિશ્તાઓનું જનાઝામાં ચાલવાનું વર્ણન અને તેઓ શું કહે છે ? ★

**(૧)** સઈદ બિન મન્સૂરે ઈબ્ને ગફલહથી રિવાયત કરી કે ફરિશ્તાઓ જનાઝાની આગળ આમ કહેતા જાય છે કે, ફલાણાએ આખિરત માટે શું કર્યુ ?! અને લોકો કહે છે કે તેણે અમારા માટે શું છોડયું ?!

**(૨)** ઈબ્ને અબીદુન્યાએ 'અલ્ કુબૂર'માં અબૂલ્ ખુલ્દથી રિવાયત કરી. તેઓ કહે છે કે, મેં દાઊદ عليه السلامની દુઆ પઢી. તે રબથી અર્ઝ કરી છે કે, હે અલ્લાહ ! જે જનાઝાનો સાથ કેવળ તારી રઝામંદી માટે આપ તેનો બદલો શું છે ? અલ્લાહ તઆલા એ ફર્માવ્યું કે, જે દિવસે તે મરશે તો ફરિશ્તાઓ તેના જનાઝાની સાથે ચાલશે અને હું તેની મગફેરત કરીશ. આ જ રિવાયત અસાકિરે ઈબ્ને મસઊદ رضي الله عنهماથી કરી.

**(૩)** બયહકીએ 'શોઅ્બુલ ઈમાન'માં અને દૈલમીએ અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો ફરિશ્તાઓ કહે છે કે આખિરત માટે તેણે શું કર્યુ ? અને ઈન્સાન કહે છે કે અમારા માટે શું છોડયું ?!

## ★ મો'મિનની મૌત પર આસ્માન અને જમીનનું રડવું ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ

**(૧)** તિર્મિઝી, અબૂ નુઐમે, અબૂ યઅ્લા તથા ઈબ્ને અબીદુન્યા તથા ઈબ્ને અબી હાતિમે હઝરત અનસ رضي الله عنهથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, પ્રત્યેક માનવના બે દરવાજા છે, એક

તો તે જેનાથી તેના અમલ ચઢે છે તથા બીજો તે જેનાં વડે તેનું રિઝ્ક ઉતરે છે. જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો તે બંને રડે છે.

**(૨)** ઈબ્ને જરીરે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે તેમને પૂછવામાં આવ્યું, શું કોઈના પર આસ્માન તથા જમીન રડે છે ? આપે ફર્માવ્યું, હા ! દરેક મનુષ્ય માટે બે દ્વારો છે, એક તો તે જેનાથી તેના અમલ જાય છે. બીજો એ જેનાથી તેનું રિઝક્ ઉતરે છે. જ્યારે તે મૃત્યુ પામે છે તો આ બંને તેના પર રડે છે. કેમ કે તે બંધ થઈ જાય છે. આમ તે જમીન જેના પર આ નમાઝ પઢતો હતો અને ઝિક્રે ખુદા કરતો હતો તે રડે છે. અને ફિરઓનની કૌમ માટે જમીનમાં સારી નિશાનીઓ ન હતી અને ન તો તેમનો કોઈ અમલ સારો હતો જે આસ્માન પર જાય. માટે તેમના મૃત્યુ પર ન આકાશ રડ્યું અને ન પૃથ્વી, આ જ હેતુ છે અલ્લાહના ફર્માન : فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ નો. અલ્લાહ બેહતર જાણે છે.

**(૩)** ઈબ્ને જરીર, ઈબ્ને અબીદુન્યા તથા બયહકીએ 'શોઅ્બ'માં શરીહ બિન ઉબૈદ હઝરમી رحمۃ اللہ علیہ થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, જે પણ મો'મિન મુસાફરીની સ્થિતિમાં મરણ પામે છે અને તેના પર રડવાવાળીઓ નથી હોતાં તો તેના પર આસ્માન અને જમીન રડે છે. પછી આપ صلی اللہ علیہ وسلم એ આ આયત પઢી, فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ અને ફર્માવ્યું, એ કાફિરો પર નથી રડતાં (અર્થ) : "તો તેમના પર ન તો આસ્માન રડે અને ન જમીન." હેતુ એ છે કે આ આયતમાં કાફિરોની મૌત પર આસ્માન તથા જમીનનું ન રડવું વર્ણવલ છે, જેનાથી સમજાયું કે મો'મિનની મૌત પર આસ્માન તથા જમીન રડે છે.

**(૪)** સઈદ બિન મન્સૂર અને અબૂ નુઐમે મુજાહિદ થકી રિવાયત કરી. જ્યારે પણ કોઈ મો'મિન મૃત્યુ પામે છે તો ચાલીસ દિવસ સુધી સવારે જમીન તેના પર રડે છે.

**(૫)** અબૂ નઈમે અતા ખુરાસાનીથી રિવાયત કરી. જે મુસલમાન જમીનના કોઈ ખૂણામાં પણ ખુદાની બારગાહમાં સજદામાં પડે છે તે ખૂણો તેની મૌત પર રડે છે અને કયામતના દિવસે તેના હક્કમાં સાક્ષી




આપશે.

**(૬)** ઈબ્ને અબીદુન્યા, ઈબ્ને અબી હાતિમ અને બયહકીએ 'શોઅબ'માં હઝરત અલી كرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે, જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો તેની નમાઝની જગા તેના પર રડે છે અને તેના અમલ ચઢવાની જગા રડે છે, પછી એ વર્ણવેલ આયત પઢી.

**(૭)** ઈબ્ને અબીદુન્યા અને હાકિમે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે, જમીન મો'મિનના મરણ પર ચાલીસ સવાર રડે છે.

**(૮)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ ઉબૈદા (સુલેમાન બિન અબ્દુલ માલિકના સાથી)થી રિવાયત કરી કે, મો'મિન મૃત્યુ પામે છે તો જમીનનો ખૂણે ખૂણો પોકારીને કહે છે, અલ્લાહનો બંદો મૃત્યુ પામ્યો તેથી જમીન તથા આસ્માન બંને તેના પર રડે છે. તો અલ્લાહ عزوجل પૂછે છે, તમે કેમ રડો છો ?! તો તેઓ કહે છે કે, હે અમારા રબ ! તે જે ખૂણેથી પસાર થતો હતો તો તે તારી યાદ કરતો હતો.

**(૯)** મુહમ્મદ બિન કઅબથી મરવી છે. જમીન તે શખ્સ પર રડે છે જે જમીન પર ઈબાદત કરતો હતો અને તે શખ્સ પર રડે છે જે તેના પર ગુનાહ કરતો હતો (રડે છે એટલે કે નાપસંદ કરે છે તેને).

**(૧૦)** સઈદ બિન મન્સૂર તથા ઈબ્ને અબીદુન્યાએ મુહમ્મદ બિન મતીનથી રિવાયત કરી કે, આસ્માન અને જમીન મો'મિનની મૌત પર રડે છે. આસ્માન કહે છે કે તેની નેકીઓ બરાબર આવતી રહેતી હતી અને જમીન કહે છે કે આ બરાબર મારા ઉપર નેક કામો કરતો હતો.

**(૧૧)** ઈબ્ને જરીરે ઝિહ્હાકથી રિવાયત કરી કે, મો'મિન બંદાની મૌત પર જમીનના તે ભાગો રડે છે જેના પર તેની નિશાનીઓ છે અને આસ્માનના તે ભાગો રડે છે જેનાથી નેક અમલ જાય છે.

**(૧૨)** અતાથી મરવી છે કે આસ્માનના રડવાથી મુરાદ તેના કિનારાઓનું લાલ થવું છે.

**(૧૩)** સુફિયાન ષૌરી થકી મરવી છે કે આસ્માનની આ લાલાશ મો'મિન પર તેના રડવાની નિશાની છે.

**(૧૪)** હસનથી મરવી છે કે જ્યારે કોઈ મુસાફિર સફરની હાલતમાં મૃત્યુ પામે છે તો અલ્લાહ તઆલા તે મુસાફરીના કારણે તેને અઝાબ નથી કરતો અને તેના રડવાવાળા ન હોવાથી આસ્માનના ફરિશ્તાઓ તેના પર રડે છે.

## ★ ઈન્સાનનું તે જ જમીનમાં દફન થવું જેનાથી તે પેદા થયો છે ★

**(૧)** બઝ્ઝાઝ, હાકિમ અને બયહકીએ 'શોઅબ'માં અબૂ સઈદથી રિવાયત કરી. એકવાર રસૂલુલ્લાહ ﷺ મદીનામાં પસાર થયા તો શું જોયું કે કેટલાક લોકો કબ્ર ખોદી રહ્યા છે. તો આપે તેના વિશે પૂછયું તો તેમણે બતાવ્યું કે એક શખ્સ હબ્શાથી આવ્યો હતો, અહીંયાં મૃત્યુ પામ્યો છે. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તેને તેની પોતાની જમીનથી કાઢીને આ જમીન તરફ મોકલવામાં આવ્યો કે જેનાથી પેદા થયો હતો."

**(૨)** તિબ્રાનીએ કબીરમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہ થકી રિવાયત કરી કે, એક હબ્શી મદીનામાં દફન થયો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે જમીનથી પેદા થયો તેમાં જ દફન થયો. આ જ પ્રકારની હદીષ તિબ્રાનીએ 'અવસત'માં રિવાયત કરી. તથા હકીમ તિર્મિઝીએ પણ એને જ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થકી 'નવાદિરુલ્ ઉસૂલ'માં રિવાયત કરી.

**(૩)** અબૂ નુઐમે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થકી રિવાયત કરી કે, દરેક બાળક પર તેની કબ્રની માટીનો થોડો ભાગ છાંટવામાં આવે છે.

**(૪)** હકીમ તિર્મિઝીએ 'નવાદિરુલ ઉસૂલ'માં ઈબ્ને મસ્ઊદ થકી રિવાયત કરી કે, એક ફરિશ્તો ગર્ભાશય પર નિયુક્ત છે. તે વિર્યને ગર્ભથી લઈ હાથ પર મૂકે છે અને કહે છે કે, હે રબ ! આને પેદા કરવામાં આવશે કે નહીં ? જો અલ્લાહ عزوجل ફર્માવે છે કે પેદા થશે. તો એવું પૂછે છે કે આનો ખોરાક શું છે ? અસર શું છે ? મૌતનો વખત શું છે ? અમલ શું છે ? અલ્લાહ جل جلاله ફર્માવે છે, લોહે મેહફૂઝમાં જુઓ ! તો તે લોહે મેહફૂઝમાં જુએ છે તો સર્વે વાતો લખેલી જુએ છે. પછી તે તેની દફનની જગાની માટી લઈ તેમાં તેના નુત્ફાને ગુંદે છે, આ જ હેતુ





છે અલ્લાહ તઆલાના ફર્માન مِنْهَا خَلَقْنَاكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْથી.

**(૫)** દીનોરીએ 'મજાલિસહ'માં હિલાલ બિન યસ્સાર થકી રિવાયત કરી કે, દરેક બાળકની ડૂંટીમાં તેના મૃત્યુની જગ્યાની માટી હોય છે.

**(૬)** તિર્મિઝીએ મતર બિન મસ્ઊદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાની મૌતનો ફેંસલો કોઈ જમીનમાં કરી લે છે તો તેની કોઈને કોઈ જરૂરત તે જમીન તરફ પેદા કરી દે છે.

**(૭)** હાકિમ અને બયહકીએ શોઅબમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે તમારામાંથી કોઈની મૌત જે જમીનમાં લખેલ હોય છે તો તેને અલ્લાહ તઆલા કોઈપણ કામના બહાને ત્યાં મોકલે છે, અને તેની રૂહ ત્યાં નીકળે છે તો કયામતના દિવસે જમીન કહેશે કે, હે અલ્લાહ ! આ અમાનત તારી છે.

**(૮)** તિર્મિઝીએ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થકી રિવાયત કરી કે એક ફરિશ્તો ગર્ભાશય પર નિયુક્ત છે. જ્યારે વિર્ય ગર્ભમાં ઠરે છે તો ફરિશ્તો તેને પોતાના હાથમાં લઈને પૂછે છે, હે અલ્લાહ ! આ પેદા થવાવાળો છે કે નહીં ? તો જો તે કહે છે કે, પેદા થવાવાળો નથી તો ગર્ભ તેને ફેંકી દે છે, અને જો કહે છે કે પેદા થવાનો છે તો ફરિશ્તો પૂછે છે, હે અલ્લાહ ! મર્દ છે કે સ્ત્રી ?! બદ્બખ્ત છે કે નેકબખ્ત ? તેની મૌતનો સમય શું છે ? અસર શું છે ? રિઝ્ક શું છે ? કઈ જમીનમાં મૃત્યુ પામશે ? અલ્લાહ તઆલા ફર્માવશે કે આ સર્વે લોહે મેહફૂઝમાં જુઓ ! તો નુત્ફાને પૂછવામાં આવે છે કે તારો રબ કોણ છે ? તે કહે છે, અલ્લાહ ! ફરી પૂછવામાં આવે છે કે, તારો રાઝિક (રિઝ્ક આપનાર) કોણ છે ? કહે છે કે, અલ્લાહ ! તો તેને પેદા કરવામાં આવે છે. તે પોતાના ઘરવાળાઓમાં જીવંત રહે છે અને પોતાનું રિઝ્ક ખાય છે અને પોતાના કદમોનાં નિશાન બનાવે છે. અને જ્યારે મૌત આવે છે તો મરી જાય છે અને તે જ જમીનમાં દફન થાય છે. જેનાથી તે પેદા કરવામાં આવ્યો હતો.

**(૯)** અબૂ નુઐમે તથા ઈબ્ને મુન્દાએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, તમે પોતાના મુડદાંઓને

નેક લોકોની વચ્ચે દફન કરો ! કારણ કે મુડદાંને પણ ખરાબ પડોશીથી એવી રીતે તકલીફ થાય છે જેવી રીતે ઝિંદાને. ઈબ્ને અસાકિર પોતાની તારીખમાં અને માલૈનીએ 'મોતલ્લફ'માં પણ આ જ પ્રકારની રિવાયત કરી.

**(૧૦)** માલૈનીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, જ્યારે તમારામાંથી કોઈ મરી જાય તો તેને સારું કફન આપો અને તેની વસિય્યત જલ્દી પૂરી કરો અને ક઼બ્ર ઊંડી ખોદો અને ખરાબ પડોશીથી બચાવો. અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું મુડદાને સારો સાથી લાભ આપે છે ? આપે ફર્માવ્યું કે, શું સારો સાથી ઝિંદાને લાભ આપે છે ? અર્ઝ કરવામાં આવ્યું, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તો આપે ફર્માવ્યું કે, બસ ! એવી જ રીતે આખિરતમાં પણ લાભ આપે છે.

**(૧૧)** દૈલમી તથા ઈબ્ને મુન્દાએ અબૂ સલ્માનથી મરફૂઅ હદીષથી રિવાયત કરી કે પોતાના મુડદાંઓને સારું કફન આપો અને ચીસો પાડીને પોતાના મુડદાંને તકલીફ ન આપો. અને વસિય્યત પૂરી કરવામાં વાર લગાડીને અને ન રિશ્તા તોડીને (એટલે કે જે લોકોથી મુડદાંને રિશ્તેદારી હતી તમે પણ તેનાથી રિશ્તેદારી રાખો.) તેના કર્ઝની અદાઈગીમાં જલ્દી કરો અને તેને બુરા પડોશીઓથી બચાવો !

**(૧૨)** ઈબ્ને અબીદુન્યાએ કુબૂરમાં અબ્દુલ્લાહ બિન નાફેઅ થકી રિવાયત કરી કે, એક શખ્સ મદીનામાં મૃત્યુ પામ્યો તો તેને એક શખ્સે જોયો કે તે જહન્નમી છે, તો તેને દુઃખ થયું. પછી સાત કે આઠ દિવસ પછી તે સ્વપ્નમાં દેખાયો તો એવો લાગતો હતો કે તે જન્નતીઓમાંથી છે. તેમનાથી પ્રસંગ પૂછયો તો જાણવા મળ્યું કે તેની સાથે એક માણસ દફન કરવામાં આવ્યો છે જેણે ચાલીસ માણસો માટે શફાઅત કરી, એમાંથી એક આ પણ હતો.

**(૧૩)** ઈબ્ને સઅદે મુઆવિયા બિન સાલેહ થકી રિવાયત કરી કે, જ્યારે ઉમર બિન અબ્દુલ અઝીઝની વફ઼ાતની ઘડ઼ી નજીક આવી તો આપે વસિય્યત કરી કે મારી ક઼બ્ર ઊંડી ન ખોદશો કેમ કે જમીનનો સૌથી બદ્તર હિસ્સો નીચલો છે. ઈબ્ને અસાકિરે ઉમર બિન અબ્દુલ





અઝીઝના ભાઈના વિશે પણ આ જ પ્રકારની રિવાયત કરી.

**(૧૪)** હકીમ, તિર્મિઝી, ઈબ્ને અદી, ઈબ્ને અસાકિર તથા ઈબ્ને મુન્દાએ (ઝઈફ સનદ થકી) ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો ક઼બરોને પોતાને શોભાસ્પદ બનાવી લ્યે છે અને જમીનનો દરેક ભાગ ઈચ્છા કરે કે મારા અંદર દફન કરવામાં આવે. અને જ્યારે કાફિર મરણ પામે છે તો જમીનનો દરેક ભાગ ખુદાથી પનાહ માંગે છે કે આ ઈન્સાન તેનામાં ન દફન કરવામાં આવે.

**(૧૫)** ઈબ્ને નજ્જારે તારીખે બગદાદમાં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અસદી થકી રિવાયત કરી. તે કહે છે કે, અબ્દુસ્સમદ બિન અલીના ખાનદાનના એક શખ્સના જનાઝામાં શરીક થયો તો તે લોકોને જલ્દી કરવા ઉત્તેજીત કરી રહ્યા હતા કે સાંજથી અમને આરામ અપાવો. તો એને પૂછયું કે, શું આ વિશે કોઈ રિવાયત છે. તેમણે કહ્યું કે, હા ! મારા દાદાએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ થકી રિવાયત કરી અને તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી કે આપે ફર્માવ્યું કે, દિવસના ફરિશ્તા રાતના ફરિશ્તાઓથી વધારે રહમ કરવાવાળા છે.

**(૧૬)** ઈબ્ને અસાકિરે વહબ ખૌલાનીની થકી રિવાયત કરી. તેઓ કહે છે કે, અમે અમ્ર બિન આસની સાથે પહાડની ઊંચાઈ પર ચાલી રહ્યા હતા અને અમારી સાથે મક઼ૂકસ હતા. તો આપ صلی اللہ علیہ وسلمએ તેને કહ્યું કે હે મક઼ૂકસ ! તમારા મુલ્કના પહાડ ટાલ્યા છે ન તેના પર વૃક્ષ છે, ન ઘાસ છે જેમ કે શામના પહાડ છે. તેણે કહ્યું કે, અલ્લાહ તઆલાએ અહીંયાવાળાઓને આ નીલ (દરિયાએ નીલ)ના લીધે માલદાર કરી દીધા છે. પરંતુ આ પહાડની નીચે એક એવી ચીજ છે જે આ નીલથી પણ શ્રેષ્ઠ છે અને તે એ છે કે અલ્લાહ તઆલા એની નીચે એક એવી ક઼ૌમને દફન ફર્માવશે કે જેના પર ક઼યામતના દિવસે હિસાબ નહીં થાય. તો અમ્ર બિન આસ رضی اللہ عنہએ દુઆ માંગી કે, હે અલ્લાહ ! મને પણ આનામાં કરી આપ ! હરમલા કહે છે, મેં અમ્ર બિન આસ, અબૂ નઝ્રહ ગિફ઼ારી અને ઉકબા બિન આમિરની ક઼બરો જોઈ.

**(૧૭)** દૈલમીએ અને તૂસીએ 'ઉયૂનુલ અખ્બાર'માં અનસ થકી

રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એક જનાઝાની સાથે ચાલ્યા. પછી આપે એક કપડુ કાઢીને કબ્ર પર પાથરી દીધું અને ફર્માવ્યું કે આને હટાવીને અંદર ન જોવું, કેમ કે આ અમાનત છે, કારણ કે કદાચ તમે તેના ગળામાં કાળો સાપ વિટાએલો જુઓ અથવા તેના પગમાં સાંકળો નાખવાનો હુકમ આપવામાં આવે અને તમે તેનો અવાજ સાંભળો.

**(૧૮)** તૂસી અને દૈલમીએ મુસ્નદે ફિરદૌસમાં રિવાયત કરી. હઝરત અનસ થકી (મરફૂઅન) કે જનાઝાની સાથે જવાવાળાઓ પર અલ્લાહ તઆલા એક ફરિશ્તો નિયુક્ત ફર્માવે છે તો તેઓ ગમગીન રહે છે. અને જ્યારે તેઓ તેને કબ્રને સોંપીને પરત કરે છે તો ફરિશ્તો એક મુટ્ઠી માટી તેમના પર ફેંકીને કહે છે કે જાઓ તમે પોતાની દુનિયાની તરફ, ખુદા તમને મૌત ભૂલાવી દે ! તો તે લોકો પોતાના મુડદાને ભૂલી જાય છે અને પોતાના ધંધામાં પડી જાય છે. જેમ કે તેમનો તેનાથી કોઈ રિશ્તો જ ન હતો. અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે અલ્લાહનો એક ફરિશ્તો કબરો પર નિયુક્ત છે. જ્યારે લોકો તેના પર માટી બરાબર કરીને પરત આવે છે તો તેઓ એક મુટ્ઠી માટી લઈને ફેંકે છે અને કહે છે કે જાવ ! પોતાની દુનિયાની તરફ અને પોતાનાં મુડદાંઓને ભૂલાવી દો ! અલ્લાહ બેહતર જાણે છે.

## ★ દફન અને તલ્કીન વખતે શું કહેવું જોઈએ ? ★

**(૧)** બઝ્ઝાઝે અલીથી રિવાયત કરી કે જ્યારે જનાઝો કબ્ર પર પહોંચી જાય અને લોકો બેસી જાય તો તમે ન બેસો. બલ્કે તે કબ્રના કિનારા પર ઊભા થઈ જાવ. જ્યારે મુડદાને કબ્રમાં ઉતારવામાં આવે તો કહો :–

بِسۡمِ اللّٰهِ وَ عَلیٰ مِلَّةِ رُسُوۡلِ اللّٰهِ، اَللّٰهُمَّ عَبۡدُكَ نزلَ بكَ وَاَنۡتَ خَيۡر منزول بهٖ خَـلَفَ الـدّنيا خَلُفَ ظهره مَا جعَل مَا قَدِمَ عَلَيۡهِ خَيۡرًا فَمَا خَلَفَ فانك قلتَ مَا عِنۡدَا الله خَيۡرٌ لِلۡاَبۡرَارِ

"અલ્લાહ તઆલાના નામથી શરૂ કરું છું અને રસૂલુલ્લાહ ﷺના દીન પર. હે અલ્લાહ ! તારો બંદો તારી પાસે આવે છે. અને તું સર્વ





શ્રેષ્ઠ મેઝબાન (મહેમાન નવાઝ) છે, દુનિયાને પોતાની પીઠ પાછળ છોડીને આવ્યો છે, તો જેની તરફ તે આવ્યો છે, તેને તેના માટે બેહતર બનાવ ! કેમ કે તેં ફર્માવ્યું છે કે જે અલ્લાહ ﷻ પાસે છે તે નેકો માટે સારું છે.

**(૨)** તિબ્રાની અને બૈહકીએ 'શોઅબુલ'માં ઈબ્ને ઉમરથી રિવાયત કરી. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે કોઈ મૃત્યુ પામે તો તેને રોકી ન રાખો ! બલ્કે જલ્દી કબ્ર તરફ લઈ જાવ ! અને તેના માથા તરફ સૂરએ ફાતિહા અને તેની કબ્રના પગ તરફ સૂરએ બકરહ્‌ની આખરી આયતો પઢવી જોઈએ.

**(૩)** તિબ્રાનીએ અબ્દુર્રહ્‌માન બિન અલા બિન જલાહ્‌ થકી રિવાયત કરી. તેમણે કહ્યું કે મારા વાલિદે મને વસિય્યત કરી કે, હે મારા દીકરા ! જ્યારે તમે મને કબ્રમાં રાખો તો આ પ્રમાણે કહેજો, بسم الله وعلیٰ ملّة رسُول الله صلّی الله عَلَيۡهِ سَولّم પછી મારા પર માટી નાખજો ! પછી મારા સિરહાને સૂરએ બકરહ્‌ની શરૂઆતની આયતો અને છેલ્લી આયતો પઢવી. કેમ કે મેં રસૂલુલ્લાહ ﷺથી આ જ સાંભળ્યું છે.

**(૪)** ઈબ્ને અબી શૈબાહે કતાદા થકી રિવાયત કરી કે અનસે પોતાનો એક પુત્ર દફન કર્યો તો કહ્યું કે, હે અલ્લાહ ! જમીનને તેના બંને કિનારાથી સૂકી કરી દે અને જન્નતના દરવાજા તેના માટે ખોલી દે અને તેને તેના ઘરથી શ્રેષ્ઠ ઘર અતા ફર્માવ !

**(૫)** સઈદ બિન મન્સૂરે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી. જ્યારે તે મૈયતને કબ્રમાં રાખતા તો આમ ફર્માવતા કે, હે અલ્લાહ ! કબ્રને તેના બંને પાસાંઓથી દૂર કર અને તેની રૂહને ઉપર ચઢાવ અને તેના પર રહમત નાઝિલ ફર્માવ.

**(૬)** ઈબ્ને માજા અને બયહકીએ પોતાની સુનનમાં ઈબ્ને મુસય્યબથી રિવાયત કરી. તેમણે કહ્યું કે, હું હઝરત ઉમર સાથે તેમની પુત્રીના જનાઝામાં શરીક થયો તો તેમણે તેને કબ્રમાં ઉતારતી વખતે કહ્યું, بِسۡمِ اللّٰهِ وَفِیۡ سَبِيۡلِ اللّٰهِ "અલ્લાહના નામથી શરૂ કરું છું અને અલ્લાહના

માર્ગમાં.'' અને જ્યારે માટી બરાબર કરી તો કહ્યું :–

اَللّٰهُمَّ أَجِرهَا مِن الشَّيطٰنِ وَعَذَابِ الْقَبْرِ ''હે અલ્લાહ ! એને શૈતાન અને કૃબ્રના અઝાબથી સુરક્ષિત રાખ.'' જ્યારે સર્વ કામ પૂરાં થઈ ગયાં ત્યારે રેતીના ટેકરાની એક બાજુ ઊભા થઈ ગયા અને કહ્યું કે, હે અલ્લાહ ! એનાં બંને પાસાંઓથી જમીનને દૂર કરી દે અને એની રૂહને ઉપર બોલાવી લે અને પોતાની રઝામંદી તેને અતા ફર્માવ. પછી ફર્માવ્યું કે, આ મેં રસૂલલ્લાહ ﷺથી સાંભળ્યું છે.

**(૭)** ઈબ્ને અબી શૈબાહે મુજાહિદ رحمۃ اللہ علیہ થકી રિવાયત કરી કે તે દફનના વખતે કહેતા હતા :–

بِسْمِ اللّٰهِ وَفِىْ سبِيْلِ اللّٰه اللّٰهُمَّ اَفْسَحْ لَهٗ فِىْ قَبْرِهٖ ونوّرلهٗ فيه والحقهُ بِنَبِيّهٖ

''અલ્લાહના નામથી શરૂ અને તેનાં માર્ગમાં. હે અલ્લાહ ! તેની કૃબ્ર કુશાદા (પહોળી) ફર્માવ અને મુનવ્વર ફર્માવ અને એને એના નબી ﷺ સાથે મિલાવી દે.''

**(૮)** હકીમે અમ્ર બિન મુર્રહથી રિવાયત કરી કે બુઝુર્ગાને દીન મુડદાને કૃબ્રમાં ઉતારતી વખતે મુસ્તહબ સમજતા હતા કે આમ કહે : اَللّٰهُمَّ أَعِذهُ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ''હે અલ્લાહ ! તું તેને મરદૂદ શૈતાનથી બચાવ !''

**(૯)** ઈબ્ને અબી શૈબાહે 'મુસન્નફ'માં ખુશૈમહ્થી રિવાયત કરી કે, બુઝુર્ગાને દીન મૈયતને કૃબ્રમાં ઉતારતી વખતે :–

بسم اللّٰه وفى سبيل اللّٰه وَعلىٰ ملّة رَسُول اللّٰه اَللّٰهُمَّ أجره من عذاب القبرومن عذاب النّار ومن شرّ الشّيطٰنِ الرَّجِيْم۔ કહેવું પસંદ કરતા હતા.

**(૧૦)** તિબ્રાનીએ 'કબીર'માં અને ઈબ્ને મુન્દાએ અબૂ અમામાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે તમારામાંથી કોઈ મૃત્યુ પામે અને તમે તેના પર માટી નાખી ચૂકો તો કોઈ એક માણસ કૃબ્રના સિરહાને ઊભો થઈ પોકારે, હે ફલાણીના પુત્ર ! ફલાણા (આ પ્રસંગ પર ખાસ કરીને માંની તરફ સંબોધિત કરવામાં આવશે) મુડદુ આપે આ વાત સાંભળશે પણ જવાબ નહીં દે. પછી ફરીવાર આમ જ પોકારે તો તે ઉઠીને બેસી જશે. ફરી આમ જ પોકારે તો કહેશે કે,





ખુદા તારા પર રહમ કરે ! મને હિદાયતની વાત બતાવ. પરંતુ તમે તેનો અવાજ નહીં સાંભળી શકો તો બહારવાળાએ કહેવું જોઈએ કે તે જ કલમો યાદ કર જે પઢતાં પઢતાં તું દુનિયાથી આવ્યો છે. એટલે કે اشهدُ اَن لَّآ اللّٰهُ وَاشهَد اَنَّ مُحمدًا عَبدهٗ وَرَسُوْلهٗ અને આ વાત કહે કે મેં રાજી ખુશી ખુદાને પોતાનો રબ અને મુહમ્મદ ﷺને નબી, અને ઈસ્લામને દીન અને કુર્આનને ઈમાન માની લીધું છે. કારણ કે આમ કહેવાથી મુન્કર નકીર એકબીજાનો હાથ પકડીને કહે છે કે ચાલો ! આવા આદમીની પાસે બેસીને શું કરીશું ? જેને તેની દલીલ બતાવી દેવામાં આવી છે ! તો અલ્લાહ જ એનાથી પૂછપરછ કરશે. એક શખ્સે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ જો કોઈની માંનું નામ ખબર ન હોય તો ? આપ ﷺએ ફર્માવ્યું, તેને જનાબે હવ્વાની તરફ સંબોધિત કરી દો.

**(૧૧)** ઈબ્ને મુન્દાએ અબૂ ઉમામા બાહલીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે જ્યારે તમે મને દફન કરી ચૂકો તો એક શખ્સ મારા સિરહાને ખડો થઈને કહે કે :–

ياصدى بن عجلان اذكرما كنت عليه فى الدّنيا شهادة ان لّآاِلٰه اِلّا اللّٰهُ وانُ محّمد رّسُول اللّٰه ﷺ

હે સદી બિન ઉજલાન ! તે કલમો યાદ કરો જે તમે દુનિયામાં પઢતા હતા.

**(૧૨)** સઈદ બિન મન્સૂરે રાશિદ બિન સઅદ થકી અને ઝમરા બિન હબીબ તથા હકીમ બિન ઉમૈર થકી કહ્યું કે જ્યારે મૈયતની કૃબ્ર બની જાય તો તે વખતે આ કહેવું મુસ્તહબ છે : يافلان قل لَّآ اِلٰه اِلّا اللّٰهُ એવું ત્રણવાર કહેવામાં આવે : يافلان قل ربّى الله ودينى الاسُلام ونبىّ محمّد ﷺ પછી આવી જાય.

**(૧૩)** આજરીએ કહ્યું કે દફન પછી થોડીવાર કૃબ્ર પર રોકાવું મુસ્તહબ છે અને એ પણ મુસ્તહબ છે કે મૈયતની તરફ ધ્યાનિત થઈ તેના માટે દુઆ કરવામાં આવે કે, હે અલ્લાહ ! આ તારો બંદો છે, તું અમારાથી વધુ તેને જાણે છે અને અમે તેને સારો જ સમજતા હતા.

અને હે અલ્લાહ ! તેં તેને સવાલ માટે બેસાડયો છે તો હે અલ્લાહ ! તેને સાચી વાતથી અડગ રાખ જેમ કે તેં દુનિયામાં અડગતા અતા ફર્માવી. હે અલ્લાહ ! તેના પર રહમ કર અને પોતાના નબી ﷺની મુલાકાત તેને અતા કર. જે મુહમ્મદ ﷺએ કહ્યું અને અમને તેના પછી ગુમરાહ ન કર અને તેને સવાબથી મેહરૂમ ન કર.

તિર્મિઝીએ કહ્યું કે દફનાવ્યા બાદ મૈયતની ક઼બરે રોકાવું અને અડગતાની દુઆ માંગવી, મૈયતની મદદ છે ખાસ જમાઅતની નમાઝ બાદ, કેમ કે જમાઅત મુસલમાનો માટે લશ્કરની જેમ છે જે બાદશાહના દરવાજા પર શફાઅત માટે આવ્યું હોય. અને આ ઘડી મૈયત માટે ખૌફનાકીની છે કારણ કે આ સવાલની ઘડી છે.

**(૧૪)** ઈબ્ને સઅદે ઝિહ્હાકથી રિવાયત કરી તેમણે કહ્યું કે, મને નઝાલ બિન સબરાએ કહ્યું કે તમે જયારે મને ક઼બ્રમાં ઉતારો તો કહેજો, હે અલ્લાહ ! આ ક઼બ્રમાં અને તેમાં દાખલ થનારામાં બરકત અતા ફર્માવ.

## ★ ક઼બ્ર દરેકને દબાવશે ★

**(૧)** અહમદ અને હકીમ તિર્મિઝીએ 'નવાદિરુલ્ ઉસૂલ'માં અને બયહકીએ 'કિતાબુલ ક઼બ્ર'માં હુઝૈફાથી રિવાયત કરી. તે કહે છે કે અમે હુઝૂર ﷺની સાથે એક જનાઝામાં શરીક થયા. જયારે આપ ક઼બ્ર પર પહોંચ્યા તો તેની એક બાજુ બેસી ગયા અને તેને જોવા લાગ્યા અને ફર્માવવા લાગ્યા કે એમાં મો'મિનને એ રીતે દબાવવામાં આવે છે કે તેની પાંસળીઓ તૂટી જાય અને કાફિર માટે એ આગથી ભરાઈ જાય છે.

**(૨)** અહમદ તથા ઈબ્ને જરીર 'તઝહીબુલ્ આષાર'માં અને બયહકીએ આઈશાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ક઼બ્ર દબાવે છે, અને જો તેનાથી કોઈને મુક્તિ મળી શકતી હતી તો સઈબ બિન મઆઝ હતા.

**(૩)** અહમદ અને તિર્મિઝી, તિબ્રાની તથા બયહકીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ અને સહાબા





رضوان الله تعالى عليهم اجمعينએ સઅદ બિન મઆઝમાં દફન પછી ઘણીવાર સુધી 'સુબ્હાનલ્લાહ' કહ્યું અને પછી 'અલ્લાહુ અકબર' કહ્યું. સહાબાએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે, આ નેક ઈન્સાનની ક઼બ્ર સાંકડી થઈ ગઈ હતી તો અલ્લાહે તેના લીધે પહોળી કરી દીધી.

**(૪)** સઈદ બિન મન્સૂર, હકીમ તિર્મિઝી, તિબ્રાની તથા બયહકીએ ઈબ્ને અબ્બાસ થકી રિવાયત કરી કે જો કોઈ ક઼બ્રના અઝાબથી બચી શકતો હતો તો તે સઅદ બિન મઆઝ હતા, પરંતુ ક઼બરે તેમને પણ દબાવ્યા અને પછી છોડી દીધા.

**(૫)** નિસાઈ અને બયહકીએ અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ સઅદ બિન મઆઝ માટે ફર્માવ્યું, આ તે છે કે અલ્લાહનો અર્શ તેના માટે હલ્વા માંડયો અને જન્નતના દરવાજા ખુલી ગયા અને સિત્તેર હજાર ફરિશ્તા ઉતરી આવ્યા, પછી ક઼બરે તેમને દબાવ્યા અને છોડી દીધા. હસન કહે છે કે અર્શ તેમની રૂહના આગમનથી ખુશ થયો અને હરકત કરવા લાગ્યો. સઅદ બિન મઆઝના વિશે કેટલીક હદીષો રિવાયત છે લગભગ આ જ વિષયની છે.

**(૬)** હકીમ તિર્મિઝી અને બયહકીએ ઈબ્ને ઈસ્હાકની સનદ થકી રિવાયત કરી કે મને ઉસૈદ બિન અબ્દુલ્લાહે વર્ણન કર્યું કે હઝરત સઅદના કુટુંબમાંથી કોઈને પૂછવામાં આવ્યું કે આ સંબંધે (ક઼બ્રના અઝાબ) તમને હુઝૂર ﷺનું કયુ ફર્માન યાદ છે ? તો તેણે જવાબ આપ્યો કે અમને ખબર પડી છે કે હુઝૂર ﷺને આ વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે પેશાબનાં છાંટાથી બચવામાં થોડી કસર કરતા હતા. (એટલે સઅદ બિન મઆઝ)

**(૭)** તિબ્રાનીએ અનસથી રિવાયત કરી કે ઝૈનબ બિન્તે રસૂલુલ્લાહ رضی اللہ عنہاનો ઈન્તેકાલ થઈ ગયો તો અમે તેમના જનાઝામાં આપની સાથે હતા. આપ ખૂબ જ ઉદાસ હતા. તો આપ થોડીવાર ક઼બ્ર પર બેસીને આસ્માન તરફ જોવા લાગ્યા. પછી ક઼બ્રથી ઉતરી આવ્યા અને દુ:ખ અધિક થઈ ગયું. થોડીવાર બાદ દુ:ખ ખતમ થઈ ગયું અને સ્મિત ફર્માવવા લાગ્યા. પૂછવા પર બતાવ્યું કે હું ક઼બ્રના દબાવવાને યાદ કરી

રહ્યો હતો અને ઝૈનબની કમજોરીને ! આ વાત મારા પર સખત ગુજરી. તો પ્રથમ ખુદાની બારગાહમાં દુઆ કરી કે કૃબ્રના દબાવવામાં કમી કરવામાં આવે, તો દુઆ કૃબૂલ થઈ પરંતુ તો પણ કૃબ્રે ઝૈનબ رضی اللہ عنہا ને એટલી દબાવી કે તેને દબાવવાના અવાજને ઈન્સાન તથા જિન્નાત સિવાય દરેક ચીજે સાંભળ્યો.

**(૮)** તિબ્રાનીએ સહીહ સનદ થકી અબૂ ઐયૂબથી રિવાયત કરી કે એક બાળક દફન કરવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે જો કૃબ્રના દબાવવાથી કોઈ બચી શકત તો આ બાળક બચી જાત. તિબ્રાની અવસતમાં પણ હઝરત અનસ رضی اللہ عنہ થી આવી જ રિવાયત છે.

**(૯)** નિહાદ બિન સિર્રીએ 'ઝોહદ'માં ઈબ્ને અબી મુલેકા થકી રિવાયત કરી કે કૃબ્રના દબાવવાથી કોઈ ન બચ્યું, ત્યાં સુધી કે સઅદ બિન મઆઝ પણ કે જેમનો એક રૂમાલ પણ દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેનાથી બેહતર છે.

**(૧૦)** અલી બિન મુઈદે 'કિતાબુત્ તાઅતિ વલ્ ઈસ્યાન'માં એક શખ્સથી રિવાયત કરી. તે કહે છે કે, હું આઈશા પાસે હતો તો એક બાળકનો જનાઝો ગુજર્યો તો એ રડવા લાગ્યાં. મેં કહ્યું, આપ કેમ રડો છો ? ફર્માવ્યું કે, આ બાળકને મહબ્બતથી કૃબ્રના દબાવવાથી.

**(૧૧)** ઉમર બિન અબી શૈબાદે 'કિતાબુલ મદીના'માં અનસ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કૃબ્રના દબાવવાથી કોઈએ મુક્તિ ન પામી સિવાય ફાતમા બિન્તે અસદના. તો અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અને ન આપના પુત્ર કૃાસિમે (મુક્તિ પામી) ? આપે ફર્માવ્યું, હા ! અને ન ઈબ્રાહીમે ! (આપના નાના પુત્ર હતા).

**(૧૨)** ઈબ્ને અસાકિરે અને ઈબ્ને અબીદુન્યાએ અબ્દુલ મજીદ બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી કે અબ્દુલ અઝીઝે કહ્યું કે, અબ્દુલ્લાહ બિન ઉમરના ગુલામ નાફેઅની વફાતનો વખત જ્યારે નજીક આવ્યો તો તે રડવા લાગ્યા. તો તેમને તેનું કારણ પૂછવામાં આવ્યું, તો તેમણે કહ્યું કે, હું સઅદ ! અને કૃબ્રના દબાવવાને યાદ કરીને રડી રહ્યો છું.

**(૧૩)** સિયૂતીએ સઅદ બિન મઆઝનો પ્રસંગ લખીને કહ્યું કે અંબિયા علیہم السلام પર કૃબ્રનું દબાવવું નથી હોતું.





**(૧૪)** અબુલ્ કૃાસિમ સઅદીએ 'કિતાબુર્રુહ'માં કહ્યું કે કૃબ્રના દબાવવાથી ન સારો સલામત રહેશે અને ન બુરો. પરંતુ તફાવત એ છે કે કાફિર પર આ સ્થિતિ હમેશાં રહેશે અને મુસલમાનને શરૂઆતમાં દબાવશે અને પછી પહોળી થઈ જશે. અને કૃબ્રના દબાવવાથી મુરાદ એ છે કે તેના બંને કિનારા આપસમાં મળી જશે.

**(૧૫)** હકીમ તિર્મિઝી ફર્માવે છે કે કૃબ્રનું દબાવવું એટલા માટે હોય છે કે કોઈ માણસ ગમે તેટલો નેક કેમ ન હોય તેનાથી કોઈને કોઈ ખતા જરૂર થાય છે, તો આ કૃબ્રનું દબાવવું તેનો બદલો છે ત્યાર બાદ અલ્લાહની રહમત આવી જાય છે. જેમ કે સઅદ પેશાબના બારામાં અધ્યાનિત રહેતા હતા. પરંતુ અંબિયા علیہم السلام માટે કૃબ્રના દબાવવા વિશે અમને ખબર નથી. અને ન તેમના સવાલના અંગે કોઈ માહિતી છે, કેમ કે તેઓ મા'સૂમ છે. (કોઈપણ શરઈ દલીલ તેમને કૃબ્રના દબાવવા તથા સવાલ થવા પર કૃાઈમ નથી અને ન અક્કલનો તકાઝો છે કે આ બંને હોય, કારણ કે તેઓ મા'સૂમ છે.)

**(૧૬)** સુબ્કીએ 'બહરુલ કલામ'માં ફર્માવ્યું કે ફર્માંબરદાર મો'મિન માટે કૃબ્રનો અઝાબ નહીં હોય, પરંતુ કૃબ્રનું દબાવવું હશે જેથી તે તેની ખૌફનાકી (ભય)ને પામશે કારણ કે તેણે અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા ન કર્યો.

**(૧૭)** ઈબ્ને અબીદુન્યાએ મુહમ્મદ તૈનીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે કૃબ્રના દબાવવાનું મૂળ કારણ એ છે કે લોકોને આ જ માટીથી પેદા કર્યા. અને હવે એક લાંબી મુદ્દત સુધી તેનાથી વિખૂટો થયા બાદ પછી મળે છે, તો તે તેને બિલ્કુલ આમ જ દબાવશે જેમ કે માં પોતાના મુદ્દતથી છૂટેલા બાળકને દબાવે છે, તો જે અલ્લાહના ફર્માંબરદાર હોય છે તેને મહોબ્બતની રીતે દબાવે છે અને જે નાફર્માન હોય છે તેને નારાજગીની રીતે દબાવે છે.

**(૧૮)** બયહકી, ઈબ્ને મુન્દા, દૈલમી તથા ઈબ્ને નજ્જારે સઈદ બિન મુસૈયબથી રિવાયત કરી કે આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم જ્યારથી આપે મુન્કર નકીરનો અવાજ અને કૃબ્રના દબાવવાનું વર્ણન કર્યું છે ત્યારથી મને કોઈ વસ્તુમાં મજા નથી આવતી.

આપ ﷺએ ફર્માવ્યું કે, હે આઈશા ! (رضی اللہ عنہا) મુન્કર નકીરનો અવાજ મો'મિનોના કાનોમાં એવો છે જેવો કે ઈષ્મદનો સૂરમો આંખોમાં, અને કબ્રનું દબાવવું એમના માટે એવું છે, જેમ કે માં પોતાના તે બાળકનું માથુ દબાવે છે જેના માથામાં દુઃખાવો હોય. પરંતુ તે લોકો જે અલ્લાહના વિશે શંકા કરે છે તેમની હલાકત થાય ! કબ્ર તેઓને આમ કચડશે જેમ કે પથ્થર ઈંડાને.

**(૧૯)** કેટલાક ઉલમાએ કિરામે ફર્માવ્યું કે ઈન્સાનના ગુનાહ દસ ચીજો થકી માફ થાય છે : (૧) તૌબા કરે અને તૌબા કબૂલ થાય (૨) ઈસ્તિગફાર કરે અને મગફેરત થઈ જાય (૪) અથવા નેકીઓ કરે જેથી બુરાઈઓ તેનાથી ખતમ થઈ જાય (૪) અથવા દુનિયામાં મુસીબતો આવે જેનાથી આખેરતની મુસીબતો ખતમ થાય. (૫) અથવા કબ્રનો અઝાબ થાય અને ગુનાહો માફ થાય. (૬) અથવા તેનો મુસલમાન ભાઈ તેના માટે બખ્શિશની દુઆ કરે (૭) અથવા પોતાનાં સદ્કૃત્યોના બદલે મળે જેનાથી તેને લાભ થાય. (૮) અથવા કયામતના મેદાનમાં તેના પર એવો ખૌફ (ડર) છવાઈ જાય જેનાથી તેના ગુનાહ ખતમ થઈ જાય. (૯) અથવા તેને નબી ﷺની શફાઅત નસીબ થાય. (૧૦) અથવા અલ્લાહની રહમત નસીબ થાય.

**(૨૦)** અબૂ નઈમે 'હુલિયા'માં અબ્દુલ્લાહ બિન શખીરથી રિવાયત કરી. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે પોતાની મૃત્યુ શૈયાએ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢી લીધી તે કબ્રના દબાવવાથી સુરક્ષિત રહેશે અને ફરિશ્તો તેને પોતાની પાંખો પર ઉઠાવીને પુલ સિરાત પાર કરાવી દેશે.

**(૨૧)** ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબુલ કુબૂર'માં વલીદ બિન ઉમર બિન વસાજ થકી રિવાયત કરી કે સૌ પ્રથમ ઈન્સાનને પોતાના પગ પાસે હરકત જણાય છે તો તે પૂછે છે કે તું કોણ છે ? જવાબ મળે છે કે, હું તારો અમલ છું.

**(૨૨)** ઈબ્ને અબીદુન્યાએ યઝીદ કાશી થકી રિવાયત કરી. તેમણે કહ્યું કે, મૈયત પાસે સૌ પ્રથમ તેના આ'માલ આવે છે. પછી અલ્લાહ جَلَّ جَلَالُهٗ તેને બોલવાની શક્તિ અર્પણ કરે છે, તો તે કહે છે કે હે કબ્રના





ખાડામાં એકલો વસનાર બંદા ! આજે તારા નિકટવર્તી અને દોસ્ત ખતમ થઈ ગયા, હવે અમારા સિવાય તારો સાથી અને હમદર્દ કોઈ નથી !

**(૨૩)** ઈબ્ને અબીદુન્યાએ અતા બિન યસ્સારથી રિવાયત કરી કે જ્યારે મૈયતને કબ્રમાં રાખવામાં આવે છે તો સર્વ પ્રથમ તેના અમલ આવીને તેની ડાબી જાંગને હલાવે છે અને કહે છે કે, હું તારો અમલ છું ! મુડદુ પૂછે છે કે, મારા ઘરવાળાં ક્યાં છે ? અને મારી માલ મિલ્કત ક્યાં છે ? તો અમલ કહે છે કે, આ સર્વ તારી પીઠ પાછળ રહી ગયાં અને સિવાય મારા તારી કબ્રમાં કોઈ ન આવ્યું ! અહમદ બિન અબી હવ્વારી કહે છે કે અમને ઈબ્રાહીમ બિન ફઝલે વર્ણન કર્યું તેમણે અબુલ મલીહ થકી રિવાયત કરી કે જ્યારે ઈન્સાન કબ્રમાં પ્રવેશ કરે છે તો તે દરેક ચીજો તેને ડરાવવા માટે આવી જાય છે જેનાથી તે દુનિયામાં ડરતો હતો અને અલ્લાહથી ડરતો ન હતો.

## ★ કબ્રની મુડદાં સાથે વાતચીત ★

**(૧)** તિર્મિઝીએ અબૂ સઈદ થકી રિવાયત કરી (અને તેને હસન કહી) કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લિજ્જતોને તોડવાવાળી ચીજનું ઝિક્ર વધુ પ્રમાણમાં કરો, કેમ કે કબ્ર દરરોજ વાતચીત કરે છે કે હું એકલતા અને મુસાફરીનું ઘર છું, હું કીડા અને માટીનું ઘર છું અને જ્યારે મો'મિન દફન થાય છે તો કબ્ર 'મર્હબા !' કહે છે, અને કહે છે કે હું મારી પીઠ પર ચાલવાવાળાઓમાં સૌથી અધિક મહબૂબ હતો અને હવે તું મારામાં સમાય ગયો છે. તો હવે તું મારું વર્તન તારી સાથે જોઈશ. પછી તે કબ્ર તેનાં માટે જ્યાં સુધી નજરો પહોંચી શકે ત્યાં સુધીની પહોળી થઈ જાય છે અને તેના માટે જન્નત સુધી એક દરવાજો ખુલી જાય છે અને જ્યારે ગુનેહગાર તથા કાફિર ઈન્સાન દફન થાય છે. તો કબ્ર નાખૂશી વ્યક્ત કરે છે અને કહે છે કે તું મારી પીઠ પર ચાલવાવાળાઓમાં મારી દૃષ્ટિ સૌથી બુરો હતો અને હવે તું મારામાં સમાઈ ગયો તો હવે તું મારું વર્તન પોતાની સાથે જોઈશ. તો હવે તે કબ્ર તેના પર બંધ થઈ જાય છે અને તેની પાંસળીઓ એકબાજુથી બીજી બાજુ નીકળી જાય છે. રાવી કહે છે કે હું હુઝૂર ﷺએ પોતાની અમુક આંગળીઓને અમુકમાં નાખીને તે મંઝર દેખાડયો. અને ફર્માવ્યું કે અલ્લાહ جَلَّ جَلَالُهٗ તેના પર

સિત્તેર અજગર નિયુક્ત ફર્માવે છે તેમાંનો જો કોઈ એક પણ જમીન પર એક ફેણ મારે તો તે કદી લીલોતરી ન ઉગાડે, એવા અજગર તેને ડસે છે, એટલે સુધી કે કયામતનો દિવસ આવી જાય છે. રાવી કહે છે કે રસૂલુલ્લાહ عليه السلامએ ફર્માવ્યું કે કબ્ર અથવા તો જન્નતના બાગોમાંનો એક બાગ છે, ક્યાં તો જહન્નમના ખાડાઓમાંનો એક ખાડો છે.

**(૨)** તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહ્ رضي الله عنه થકી રિવાયત કરી. તેમણે વર્ણન કર્યું કે અમે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની સાથે એક જનાઝામાં શરીક થયા. તો આપે ફર્માવ્યું કે એક દિવસ એવો આવશે કે જ્યારે આ (કબ્ર) ફસીહ જબાન (શુદ્ધ, ઉચ્ચ બોલી)માં પોકારીને કહેશે કે, હે માનવ ! તેં મને કેટલા પ્રમાણમાં ભૂલાવી દીધી ! જ્યારે કે પ્રત્યેક માણસ માટે હું એકલતા, મુસાફરી, ડર અને કીડા મકોડાનું ઘર છું, તે શખ્સ સિવાય જેના માટે અલ્લાહ મને વિશાળ કરી આપે. પછી આપે ફર્માવ્યું કે કબ્ર જન્નતના બાગોમાંનો એક બાગ છે અથવા જહન્નમના ખાડાઓમાંનો એક ખાડો છે.

**(૩)** ઈબ્ને અબીદુન્યા, હકીમ, તિર્મિઝી, અબૂયઅ્લા, અબૂ અહમદ તથા હાકિમે 'કુના'માં અને તિબ્રાનીએ 'કબીર'માં તથા અબૂ નુઐમે અબુલ હિજાઝ ષમાનીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ عليه السلامએ ફર્માવ્યું કે જ્યારે કબ્રમાં મુડદુ રાખવામાં આવશે તો કહેશે કે, શું તું નથી જાણતો ? તારી ખરાબી થાય ! હું ફિત્ના, અંધારા અને કીડા મકોડાનું ઘર છું. હે માનવી ! તું મારી પાસેથી અકડાઈને પસાર થતો હતો ! જો નેક હશે તો કબ્રમાં જવાબ આપવાવાળા ફરિશ્તા જવાબ આપશે કે જો આ મુડદો નેકીનો હુકમ આપનાર અને બુરાઈથી રોકનાર હોય તો શું થશે ? કબ્ર કહેશે કે ત્યારે તો હું તેના માટે લીલીછમ બની જઈશ અને તેનું શરીર મુનવ્વર થઈ જશે અને તેની રૂહ અલ્લાહની બારગાહમાં ચાલી જશે.

**(૪)** ઈબ્ને મુન્દાએ 'કિતાબુલ્ અરવાહ'માં મુજાહિદની સનદ થકી રસૂલુલ્લાહ صلى الله عليه وسلمથી રિવાયત કરી કે આપ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે જ્યારે મો'મિનની મૌતનો સમય હોય છે તો એક ફરિશ્તો સારી શકલ અને ખુશબૂમાં સુવાસિત આવે છે અને તેની રૂહ કબ્ઝ કરવા માટે બેસી જાય છે. અને તેની પાસે બે ફરિશ્તા જન્નતની ખુશબૂ અને કફન લાવે છે અને





તેનાથી થોડે દૂર બેસી જાય છે તો મલકુલ મૌત તેની રૂહ કાઢે છે. જેવી તે રૂહ મલકુલ્ મૌતની પાસે આવે છે. જલ્દી જલ્દી તે બંને ફરિશ્તા તેને લઈ લે છે અને તેને જન્નતની ખુશબૂ અને કફનમાં મૂકીને જન્નતની તરફ લઈ જાય છે તો તેના માટે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને આસ્માનના ફરિશ્તા તેને જોઈ ખુશ થાય છે. અને તેઓ તેનું સારું નામ લઈ કહે છે, આ ખુશ્બૂદાર (સુગંધિત) રૂહ કોની છે ? તો બતાવવામાં આવે છે કે આ ફલાણા બંદાની રૂહ છે. હવે તેઓ જે આસ્માન પરથી પસાર થાય છે ત્યાંના મુકર્રબ ફરિશ્તા તેની સાથે થઈ જાય છે, જઈને અલ્લાહના અર્શની નીચે અલ્લાહની સમક્ષ રાખવામાં આવે છે. તેના આ'માલ ઈલ્લિય્યૂનથી કાઢવામાં આવે છે. ત્યારે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ગવાહ બનાવીને ફર્માવી છે કે ગવાહ રહો, મેં આ અમલવાળાની બખ્શિશ ફર્માવી દીધી. અને તેના આ'માલની કિતાબને મોહર (સિક્કો) લગાડીને ઈલ્લિય્યૂનમાં મૂકી દેવામાં આવે છે. પછી અલ્લાહ جل جلاله ફર્માવે છે કે, મારા બંદાની રૂહને જમીન તરફ પરત લઈ જાવ, કારણ કે મેં તેનાથી વાયદો કર્યો છે કે હું તેમને તે જ માટીથી ઉઠાવીશ, તો જ્યારે મુડદાને કબ્રમાં મૂકવામાં આવે છે તો જમીન કહે છે કે જ્યારે તું મારી પીઠ પર ચાલતો હતો ત્યારે તું મારી દષ્ટિએ પસંદીદા હતો. હવે જ્યારે તું મારા પેટમાં આવી ગયો છે તો શું હાલ થશે ? હવે હું તને બતાવું છું કે હું તારી સાથે શું કરવાની છું. તો તેના માટે તેની કબ્ર જ્યાં સુધી નજર પહોંચી શકે છે ત્યાં સુધીની પહોળી કરી દેવામાં આવે છે. અને તેના પગ પાસે એક દરવાજો જન્નત તરફનો ખોલી દેવામાં આવે છે. તેને કહેવામાં આવે છે કે જે અલ્લાહ તઆલાએ તારા માટે તૈયાર કર્યું છે તેને જો, અને એક દરવાજો માથા તરફ ખોલવામાં આવે છે અને કહેવામાં આવે છે કે હવે તે જો ! જે અલ્લાહ جل جلالهએ તારાથી ટાળી દીધું. પછી તેની નજીક સૌથી પસંદીદા ચીજ એ હોય છે કે કયામત જલ્દી કાયમ થઈ જાય.

**(૫)** ઈબ્ને અબીદુન્યાએ અબ્દુલ્લાહ બિન ઉબૈદ થકી રિવાયત કરી કે જ્યારે મુડદા સાથે આવેલા પરત ફરે છે તો મુડદુ બેસીને તેમનાં કદમોનો અવાજ સાંભળે છે. અને તેની સાથે તેની કબ્ર પહેલાં કોઈ

અન્ય વાતચીત નથી કરતું. ક઼બ્ર કહે છે કે, હે ઈબ્ને આદમ ! શું તેં મારી સ્થિતિ ન સાંભળી હતી ? શું તને મારી તંગી, દુર્ગંધ, ખૌફનાકી, તથા કીડાઓથી ડરાવવામાં ન આવ્યો હતો ? જો એવું હતું તો પછી તેં શું તૈયારી કરી ?!

**(૬)** ઈબ્ને અબી શૈબાહે 'મુસન્નફ'માં અબ્દુલ્લાહ બિન અમ્ર થકી રિવાયત કરી કે ઈન્સાનને જ્યારે ક઼બ્રમાં રાખવામાં આવે છે તો ક઼બ્ર તેને કહે છે કે શું તને ખબર ન થઈ હતી કે હું અંધારા, એકલતા તથા ભયંકરતાનું ઘર છું ! હે ઈબ્ને આદમ ! તું મારી આસપાસ ચાલવા છતાંય કઈ ચીજ પર ગર્વ કરતો હતો ?! તો જો મુડદો મો'મિન હોય છે તો તેની ક઼બ્રમાં વિશાળતા કરવામાં આવે છે અને તેના પ્રાણને આસમાન પર પહોંચાડવામાં આવે છે.

**(૭)** ઈબ્ને અબીદુન્યાએ યઝીદ બિન શજરા થકી રિવાયત કરી કે ક઼બ્ર સખ્ત ગુનેહગાર તથા કાફિરને કહેશે કે શું તેં મારા અંધારા, મારા ડર, એકલતા, તંગી અને દુ:ખને યાદ કર્યું ?

**(૮)** ઈબ્ને અબીદુન્યાએ ઉબૈદ બિન ઉમેર رضی اللہ عنہથી રિવાયત કરી કે ક઼બ્ર મુડદાને કહે છે કે જો તું પોતાની જિંદગીમાં અલ્લાહ ﷻનો મુતીઅ અને આજ્ઞાંક્તિ હતો તો આજે હું તારા પર મહેરબાની કરીશ, અને જો નાફર્માન હતો તો હું તારા માટે અઝાબ છું. હું તે ઘર છું કે જે મારામાં ફર્માંબરદાર બનીને પ્રવેશ કરે છે તો તે મારાથી ખુશ થઈને નીકળશે અને જે નાફર્માન તથા ગુનેહગાર હતો તે મારાથી બરબાદ થઈને નીકળશે.

**(૯)** ઈબ્ને અબીદુન્યાએ જાબિર થકી મરફૂઅન રિવાયત કરી કે ક઼બ્રની એક ઝબાન છે જેનાથી તે કહે છે કે, હે માનવ ! તેં મને કેમ કરીને ભૂલાવી દીધી ? શું તું મારા વિશે ન જાણતો હતો કે હું ડર, મોહતાજી, કીડા, તંગીઓનું ઘર છું !

**(૧૦)** અબૂબક્ર બિન અબ્દુલ અઝીઝ બિન જા'ફર ફક઼ીહ હંબલી 'કિતાબુલ્ મષાની ફિલ ફિક઼્હ'માં ફર્માવે છે કે અમને ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ શીરાઝીએ બયાન કર્યું અને તેમણે પોતાની સનદ થકી બરાઅ رضی اللہ عنہથી રિવાયત કરી કે અમે હુઝૂરે અકરમ ﷺની સાથે એક





જનાઝામાં શિર્કત કરી. ક઼બ્રસ્તાન પહોંચીને ખબર પડી કે ક઼બ્ર હજી સુધી ખોદાઈ નથી તો અમે આપની સાથે ક઼બ્રની આસપાસ બેસી ગયા. તો આપે ફર્માવ્યું કે જ્યારે મુડદાને ક઼બ્રમાં રાખીને ઈંટો બરાબર કરવામાં આવે છે તો ક઼બ્ર કહે છે કે, હે મુડદા ! શું તને ખબર ન હતી કે હું મોહતાજી, એકાંત, તથા કીડીઓનું ઠેકાણુ છું ? તો તેં શું તૈયારી કરી છે ?

બયહકીએ 'શોઅબ'માં અને દૈલમીએ ઈબ્ને અબ્બાસ થકી આ જ પ્રકારની રિવાયતો વર્ણન કરી છે.

**(૧૧)** ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં અને ઈબ્ને મુન્દાએ ઉમર બિન નૂરથી રિવાયત કરી કે જ્યારે મો'મિન ક઼બ્રમાં દાખલ થાય છે તો તે તેને પોકારીને કહે છે કે ફર્માંબરદાર છે કે નાફર્માન ? જો તે નેક હોય છે તો ક઼બ્રના ખૂણાથી એક પોકારનારો, પોકારીને કહે છે, હે ક઼બ્ર ! તું તેના માટે લીલીછમ થઈ જા અને તેના માટે રહમત બની જા ! કેમ કે આ અલ્લાહનો સૌથી સારો બંદો હતો અને હવે એ ઈજ્જત તથા અઝમતનો હક્ક઼દાર છે.

**(૧૨)** ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં મુહમ્મદ બિન સબીહથી રિવાયત કરી કે જ્યારે મુડદાને ક઼બ્રમાં રાખવામાં આવે છે અને તેને અઝાબ થાય છે તો તેના પડોશી મુડદાં તેને પોકારીને કહે છે કે, હે દુનિયાથી આવવાવાળા ! શું તેં અમારાથી નસીહત પ્રાપ્ત ન કરી, શું તેં ન જોયું કે અમારા આ'માલ કેવા ખતમ થયા અને તને અમલ કરવાનો મોકો હતો પરંતુ તે ટાઈમ બરબાદ કર્યો ?! ક઼બ્રના ખૂણામાંથી તેને પોકારીને કહે છે કે, હે જમીન પર અકડાઈને ચાલવાવાળા ! શું તેં મરવાવાળાથી સબક હાંસલ ન કર્યો ?! શું તેં ન જોયું કે કેવી રીતે તારા નિકટવર્તીઓને લોકો ક઼બરો સુધી લઈ ગયા ?!

**(૧૩)** બયહકીએ 'શોઅબુલ્ ઈમાન'માં અનસ બિન માલિકથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું કે, શું હું તમને બે દિવસો અને બે રાત્રીઓની ખબર ન આપું ? એક દિવસ તો તે જ્યારે 'બશીર' (ખૂશખબરી સંભળાવનાર) તમારી પાસે આવશે, ક્યાં તો અલ્લાહ ﷻની રઝામંદી અને ક્યાં તો તેની નારાજગીનો સંદેશ લઈને, અને

બીજો દિવસ તે જ્યારે કે તમે અલ્લાહની બારગાહમાં ઊભા હશે અને તમારા નામએ આ'માલ તમારા હાથમાં આપવામાં આવશે, ક્યાં તો જમણા હાથમાં ક્યાં તો ડાબા હાથમાં. એક રાત તે જ્યારે મૈયત પોતાની ક઼બ્રમાં પ્રથમ રાત ગુજારશે તે એ રાત હશે કે તેનાથી પહેલાં એવી રાત કદી ન આવી હશે, અને બીજી રાત તે કે જેની સવારે ક઼યામત ક઼ાયમ થશે કે તેના પછી કોઈ રીત નહીં આવે.

## ★ ક઼બ્રના ફિત્ના તથા ફરિશ્તાના સવાલનું વર્ણન ★

આ ક્રમમાં મુતવાતિર હદીષો મૌજૂદ છે. નીચે પ્રમાણે સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ની રિવાયતોના આધારે આ હદીષોનું સમર્થન તથા મજબૂતાઈ થાય છે. અનસ, બરાઅ, તમીમદારી, બશીર બિન કમાલ, ષૌબાન, જાબિર બિન અબ્દુલ્લાહ, અબ્દુલ્લાહ બિન રવાહા, ઉબાદહ બિન સામત, હુઝૈફા, જમરા બિન હબીબ, ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર, ઈબ્ને મસ્ઊદ, ઉષ્માન બિન અફ્ફાન, ઉમર બિન ખત્તાબ, અમ્ર બિન આસ, મઆઝ બિન જબલ, અબૂ ઉમામા, અબૂ દરદા, અબૂ રાફેઅ, અબૂ સઈદ ખુદરી, અબૂ કતાદા, અબૂ હુરૈરહ્, અબૂ મૂસા, અસ્મા તથા આઈશા. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن)

**(૧)** શૈખેને હઝરત અનસ થકી રિવાયત કરી કે લોકો જ્યારે મુડદાને ક઼બ્રમાં દફનાવીને જાય છે તો તે મુડદુ તેમનાં પગરખાનો અવાજ સાંભળે છે. પછી બે ફરિશ્તાઓ આવીને તેને બેસાડે છે અને કહે છે કે તારો આ પવિત્ર વ્યક્તિ વિશે શું ખયાલ છે જે તમારા લોકોમાં જ રહેતા હતા જેમનું નામ મુહમ્મદ હતું ? તો જો તે મો'મિન હોય છે તો કહે છે કે હું સાક્ષી આપુ છું કે અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. પછી તેને કહેવામાં આવશે કે તું પોતાનું જહન્નમનું ઠેકાણું નિહાર, કે અલ્લાહે તેના બદલ જન્નત અર્પણ કરી છે, તો તે બંનેને જુએ છે અને તેની ક઼બ્ર સિત્તેર મિટર પહોળી કરી દેવામાં આવે છે અને તેમાં લીલુછમ કરી દેવામાં આવે છે. અને મુનાફિક કે કાફિરને પણ આ જ પ્રશ્ન થાય છે, તો તે જવાબ દે છે કે હું તો કાંઈ નથી જાણતો ! જે લોકો કહેતા હતા હું તે જ કહેતો હતો. આ સાંભળીને ફરિશ્તો તેનો ઉત્તર આપે છે કે તને તો કશી જ ખબર નથી ! પછી તેને લોખંડના હથોડાથી એવો માર પડે છે





જેને મનુષ્ય તથા જિન્નાત સિવાય સૌ સાંભળે છે. અહમદ તથા અબૂ દાઊદે પણ આવી જ રિવાયત કરી છે.

**(૨)** દૈલમીએ હઝરત અનસ رَضِیَ اللهُ عَنْه થકી રિવાયત (મરફૂઅન) કરી કે મુન્કર નકીર મૈયતની ક઼બ્રમાં આવીને તેને બેસાડે છે. તો જો તે મો'મિન હોય છે તો તેને પૂછવામાં આવે છે કે : مَنْ رَبُّكَ તો કહે છે : الله પછી પૂછે છે : مَنْ نَبِيُّكَ તે કહે છે : محمد (صلّى اللهُ عَلَيه وسلّم) પછી પૂછે છે : مَنْ اِمَامُكَ (તારો ઈમામ કોણ છે ?) તે કહે છે : قُرْاٰن પછી તેઓ તેની ક઼બ્ર વિશાળ બનાવી દે છે. પછી આ જ સવાલો કાફિરને પણ કરવામાં આવે છે. પરંતુ તે દરેક સવાલના જવાબમાં لَا اَدْرِیْ (હું નથી જાણતો) કહે છે, તો તેઓ તેને એવો માર મારે છે કે જેનાંથી ભડકા નીકળીને આખી ક઼બ્રને પ્રકાશિત કરી દે છે અને ક઼બ્રમાં તેના પર એવી તંગી (સંકડામણ) થાય છે કે તેની પાંસળીઓ તૂટી જાય છે.

**(૩)** બઝ્ઝાઝ તથા તિબ્રાનીએ બશીર બિન કમાલથી રિવાયત કરી અને તેમણે પોતાના પિતા કમાલ થકી રિવાયત કરી, તે કહે છે કે બનૂ મુઆવિયામાં કાંઈ મતભેદ થઈ ગયો તો હુઝૂર صَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّم સમાધાન કરાવવા માટે તશ્રીફ લઈ ગયા. તો આપે એક ક઼બ્ર તરફ ધ્યાનિત થઈ لَا دَرَیْتَ (તું કાંઈ ન જાણે) ફમાવ્યું. તો સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن એ પૂછયું કે આ શું વાત છે ? તો આપ صَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّم એ ફર્માવ્યું કે આ ક઼બ્રવાળાને મારા વિશે પૂછવામાં આવી રહ્યું હતું તો તેણે કહ્યું, لَا اَدْرِیْ (હું કાંઈ નથી જાણતો !)

**(૪)** અબૂ નુઐમે ષૌબાન થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّم એ ફર્માવ્યું કે, જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો નમાઝ તેના માથા તરફ, સદકો જમણી બાજુ અને રોઝા છાતી તરફ હોય છે.

**(૫)** અહમદ અને તિબ્રાની તથા બયહકીએ તથા ઈબ્ને અબીદુન્યાએ ક઼બ્રની હદીષમાં જાબિર થકી આ વધુમાં રિવાયત કરી કે મો'મિનને જ્યારે બતાવવામાં આવે છે કે, અલ્લાહ جَلَّ جَلَالُه એ તારા માટે જહન્નમના બદલે જન્નત કરી દીધી છે, તો તે ખુશીથી કહે છે કે મને રજા આપો જેથી હું મારા ઘરવાળાઓને બતાવીને આવી જઉં ! પરંતુ ફરિશ્તાઓ તેને ત્યાં જ રહેવાનો હુકમ આપે છે. અને કાફિરને બતાવવામાં આવે

છે કે અલ્લાહ તઆલાએ તારા માટે જન્નતને બદલે જહન્નમ કરી દીધી છે. હઝરત જાબિર ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ જે સ્થિતિમાં દુનિયાથી ગયો છે તેવી જ હાલતમાં ઉઠશે. મો'મિન ઈમાન પર અને મુનાફિક પોતાના નિફાક પર.

**(૬)** ઈબ્ને માજા, ઈબ્ને અબીદુન્યા તથા ઈબ્ને આસિમે 'અસ્સુન્નહ્'માં જાબિર થકી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે મો'મિનને તેની ક઼બ્રમાં દાખલ કરવામાં આવશે તો તેને સૂર્યનો પ્રકાશ દેખાશે જેવો કે આથમતી વેળા હોય છે, તો તે મુડદુ આંખો મસળતુ મસળતુ કહેશે કે, મને છોડી દો જેથી હું નમાઝ પઢું !

**(૭)** ઈબ્ને અબીદુન્યા અને અબૂ નુઐમે જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઈન્સાનને ખબર નથી કે તેના માટે કઈ ચીજાને પેદા કરી. જ્યારે અલ્લાહ તઆલા ઈન્સાનને પેદા કરવાનો ઈરાદો ફર્માવે છે તો ફર્માવે છે કે તેનું રિઝ્ક લખો, તેના પગોનાં નિશાન લખો, તેની મૌતની ઘડી લખો, તેની નેક બખ્તી અથવા બદ્બખ્તી લખો. પછી એક ફરિશ્તાને મોકલે છે જે તેને મેહફૂઝ કરી લે છે. પછી અલ્લાહ عزوجل તેના પર બે ફરિશ્તાઓને નિયુક્ત કરી દે છે જે તેની નેકીઓ અને બુરાઈઓ લખે છે. હવે જ્યારે તેની મૌતનો સમય નજીક આવે છે તો તે બંને ફરિશ્તો તેનો સાથ છોડી દે છે અને મલકુલ મૌત તશરીફ લાવે છે. જે તેની રૂહ ક઼બ્ઝ કરે છે. પછી જ્યારે તે શખ્સને ક઼બ્રમાં દાખલ કરવામાં આવે છે તો તેની રૂહ મલકુલ મૌત પરત કરી દે છે. હવે કબ્રવાળા ફરિશ્તા આવીને તેને પ્રશ્ન કરે છે, અને પરીક્ષા લે છે. પછી જ્યારે ક઼યામત હશે તો નેકીઓનો ફરિશ્તો ઉતરશે અને તેની સાથો સાથ બુરાઈઓનો પણ. પછી તેઓ ગળે બાંધેલી કિતાબને ખોલે છે, એકનું નામ સાઈક (ભગાડવાવાળો) છે અને બીજાનું નામ શહીદ (સાક્ષી) છે. પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારી સમક્ષ બહુ મોટો મામલો છે જેથી તમે શક્તિ નથી ધરાવતા તો અલ્લાહથી જ મદદ માંગો !

**(૮)** અબૂ નુઐમે જમરા બિન હબીબથી રિવાયત કરી કે ક઼બ્રમાં અજમાઈશ કરવાવાળા ત્રણ છે : અન્કર, નાકોર અને રૂમાન.





**(૯)** ઈબ્ને લાલ અને ઈબ્ને જૌઝીએ 'મૌજૂઆત'માં જમરા બિન હબીબ થકી મરફૂઅન્ રિવાયત કરી કે ક઼બ્રમાં અજમાવવાવાળા ચાર છે. મુન્કર નકીર, નાકોર અને તેમના સરદાર રૂમાન છે. શૈખુલ ઈસ્લામ ઈબ્ને હજરથી પૂછવામાં આવ્યું કે, શું ક઼બ્રમાં મૈયતની આજમાઈશ માટે કોઈ ફરિશ્તો આવે છે જેનું નામ રૂમાન છે ? તો તેમણે કહ્યું કે, હા ! આ એક ઝઈફ હદીષ થકી જણાય છે.

**(૧૦)** ઈબ્ને અબીદુન્યાએ 'તહજ્જુદ'માં અને ઈબ્નુલ ફરીસે 'ફઝાઈલુલ કુર્આન'માં અને હમીદ બિન નજવિયાએ 'ફઝાઈલુલ્ આ'માલ'માં ઉબાદા બિન સામાત થકી રિવાયત કરી કે જ્યારે તમે રાત્રે કુર્આન પઢો તો ઊંચા અવાજે પઢો, કારણ કે તેનાથી શૈતાન તથા સરકશ જિન્નાત ભાગી જાય છે. અને હવામાં રહેવાવાળા ફરિશ્તા તથા ઘરમાં રહેવાવાળા સાંભળે છે. અને જ્યારે કોઈ કુર્આન નમાઝમાં પઢે છે તો લોકો તેને જોઈ નમાઝ પઢે છે અને ઘરવાળા પણ પઢે છે. જ્યારે આ રાત પસાર થઈ જાય છે, આ રાત આગામી રાતને વસિય્યત કરી દે છે કે આ ઈબાદતગુઝાર બંદાને આ રીતે જગાડજે અને તેના માટે તું સરળ બની જજે. પછી જ્યારે મૃત્યુનો સમય આવે છે તો કુર્આન તેના માથા પાસે આવીને ઠરી જાય છે. જ્યારે લોકો તેને ગુસ્લ દઈને ફારિગ થાય છે, તો કુર્આન તેના સીના અને કફનમાં દાખલ થઈ જાય છે અને જ્યારે ક઼બ્રમાં તેની પાસે મુન્કર નકીર આવે છે તો કુર્આન બંદા અને તેમની (ફરિશ્તાઓ) વચ્ચે આડ બની જાય છે. તો તેઓ કહે છે કે તું વચ્ચેથી હટી જા ! અમે તેનાથી પૂછપરછ કરવા માંગીએ છીએ. તો કુર્આન કહે છે કે, અલ્લાહની ક઼સમ ! હું આ શખ્સનો પીછો તે ક્ષણ સુધી નહીં છોડું જ્યાં સુધી કે એ જન્નતમાં ન પ્રવેશી જાય ! તો જો તમને તેના બારામાં કંઈ હુકમ આપવામાં આવ્યો છે તો તેને પૂર્ણ કરો. પછી કુર્આન મુડદા તરફ જોઈને કહે છે કે તેં મને જોઈને ઓળખ્યો કે નથી ઓળખ્યો ? તે કહેશે કે નહીં ! કુર્આન કહેશે કે, હું કુર્આન છું જે તને રાતભર જગાડતો હતો અને દિવસે તરસ્યો રાખતો, નફ્સની વાસનાઓથી રોકતો, એ પછી આંખની હોય કે કાનની, તો હવે તું મને સર્વ શ્રેષ્ઠ મિત્ર અને સાચો ભાઈ પામીશ. તો હવે તું ખુશખબરી સાંભળ કે તને મુન્કર નકીરના

સવાલ નહીં થાય ! પછી મુન્કર નકીર તેની પાસેથી ઉઠી જાય છે. અને કુર્આન અલ્લાહ ﷻની બારગાહમાં હાજર થાય છે અને તે મુડદા માટે બિછાનું અને ચાદર માંગીને લાવે છે. જન્નતની ફાનસ તથા ચમેલીના ફૂલ એક હજાર મુક઼ર્રબ ફરિશ્તાઓ ઉઠાવીને લાવે છે, પરંતુ કુર્આન તેઓ પ્રથમ ક઼બ્રમાં પહોંચે છે અને કહે છે કે, શું તું મારી ગેરહાજરીમાં ભયભિત તો નથી થયો ? હું તો કેવળ એટલા માટે અલ્લાહની બારગાહમાં ગયો હતો કે તેની પાસેથી બિસ્તર અને ચાદર તથા ચિરાગની માંગ કરું, હવે આ સર્વ વસ્તુઓ લઈને હાજર થયો છું. પછી ફરિશ્તાઓ આવીને તેની પથારી કરે છે, ચાદર પગની નીચે મૂકે છે અને ચમેલીના પુષ્પો છાતી પાસે. તે શખ્સ તેને ક઼યામત કાયમ થવા સુધી સૂંઘતો રહેશે. પછી તે પોતાનાં ઘરવાળાઓ પાસે દરરોજ એક અથવા બેવાર આવે છે અને તેમના માટે પ્રતિષ્ઠા તથા ભલાઈની દુઆ કરે છે. જો તેના સંતાનમાંથી કોઈ કુર્આન યાદ કરે છે તો તેનાથી તે પ્રસન્ન થાય છે અને જો કોઈ બુરો થઈ જાય છે તો તે તેના પર તે અફસોસ કરે છે અને રડે છે. અને આ કાર્ય સૂર ફુંકાતા સુધી રહેશે. હાફિઝ અબૂ મૂસા મદની કહે છે કે આ ખબર હસન છે, તેને અહમદ બિન હંબલ તથા અબૂ ખુષૈમાએ રિવાયત કરી.

**(૧૧)** બયહકીએ કિતાબ 'અઝાબુલ ક઼બ્ર'માં ઈબ્ને અબ્બાસ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, હે ઈબ્ને ઉમર બતાવો ! તે ક્ષણે તમારી શું સ્થિતિ હશે કે જ્યારે તમારા માટે ત્રણ હાથ અને એક વેંત લાંબો અને એક હાથ એક વેંત પહોળો ખાડો ખોદવામાં આવશે, ત્યારબાદ તમારી પાસે મુન્કર નકીર કાળી શક્કલવાળા પોતાના વાળોને ઘસેડતા આવશે, તેમની અવાજો કડાકામય વીજળીની માફક હશે અને આંખો મુશ્કેલીમાં મૂકી દેનાર વીજળીની જેમ. તેઓ જમીનને પોતાના દાંતો વડે ખોદશે અને તમને બેસાડશે અને ડરાવશે. તો ઈબ્ને ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ શું હું તે સમયે પણ આ જ સ્થિતિ (ઈમાન તથા પરહેઝગારી)માં હોઈશ ?! આપે ફર્માવ્યું, હા ! તો તેમણે કહ્યું કે, ત્યારે તો હું ખુદાના હુકમથી કાફી થઈ જઈશ. (પછી મૂળ કિતાબમાં બે હદીષો મુન્કર નકીર સંબંધે સરખી છે.)




**(૧૨)** ઈબ્ને અબી હાતિમ તથા બયહકીએ ઈબ્ને અબ્બાસ થકી રિવાયત કરી કે, જ્યારે મો'મિનના મૃત્યુનો સમય હોય છે તો તેની પાસે ફરિશ્તાઓ આવે છે અને તેને સલામ કરીને જન્નતની ખુશખબરી આપે છે. અને જ્યારે તે મૃત્યુ પામે છે તો તેના જનાઝા સાથે ચાલે છે. અને લોકોની સાથે તેના જનાઝાની નમાઝ પઢે છે. અને જ્યારે તેને ક઼બ્રમાં દાખલ કરવામાં આવે છે તો તેને પૂછવામાં આવે છે કે તારો રબ કોણ છે ? તે કહે છે, 'અલ્લાહ !' પછી પૂછે છે કે, રસૂલ કોણ છે ? તે કહે છે કે, 'મુહમ્મદ ﷺ' પછી તેઓ પૂછે છે કે, તારી સાક્ષી શું છે ? તે કહે છે કે, 'اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ' અને આ જ હેતુ છે આ આયતે કરીમાનો કે, يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ "અલ્લાહ તઆલા અડગ રાખશે ઈમાનવાળાઓને અટલ ક઼ૌલ પર, એટલે દુનિયાની શહાદત (ગવાહી) આખેરતમાં પણ યાદ રહેશે."

પછી જ્યાં સુધી દષ્ટિ પહોંચે ત્યાં સુધી તેની ક઼બ્ર વિશાળ કરવામાં આવે છે. પણ કાફિરને કોઈ પ્રશ્નનો જવાબ નહીં આવડે. આ જ આશય છે અલ્લાહ તઆલાના આ ફર્માનનો કે, وَيُضِلُّ اللّٰهُ الظّٰلِمِيْنَ "અલ્લાહ ગુમરાહ કરી દેશે જાલિમોને."

**(૧૩)** જુવૈબરે પોતાની તફસીરમાં ઝહ્હાક થકી રિવાયત કરી અને તે ઈબ્ને અબ્બાસ થકી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ ﷺની સંગાથે અમે એક અન્સારીના જનાઝામાં શરીક થયા. જ્યારે ક઼બ્રસ્તાન પહોંચ્યા તો હજી ક઼બ્ર ન ખોદાઈ હતી તો એક ક઼બ્ર પાસે બેસી ગયા, તો લોકો પણ બેસી ગયા, એવું જણાતું હતું કે તેમનાં માથાઓ પર પક્ષીઓ બેઠાં હોય. પછી આપ જમીન પ્રતિ જોવા લાગ્યા અને નાની લાકડીથી ખોદવા લાગ્યા પછી આસ્માન તરફ બરકતવંત આંખો ઉઠાવીને ત્રણવાર ફર્માવ્યું કે, اَعُوْذُ بِاللّٰهِ مِنْ عَذَابِ الْقَبْرِ "હું ક઼બ્રના અઝાબથી અલ્લાહની પનાહ માંગું છું." પછી ફર્માવ્યું કે, જ્યારે મો'મિનના મૃત્યુનો સમય નજીક આવે છે તો તેની પાસે મલકુલ મૌત આવે છે અને માથા તરફ બેસી જાય છે. અને અન્ય ફરિશ્તાઓ જન્નતી ભેટો લઈને સાથે જન્નતી ખુશબૂઓ લઈને ઉપસ્થિત થાય છે અને જન્નતી પહેરવેશ લાવે છે પછી લાઈનસર જ્યાં સુધી નજર પહોંચી શકે ત્યાં સુધી બેસી જાય છે. પછી

મલકુલ મૌત ખુશખબરી સંભળાવવાનું ચાલુ કરે છે અને ત્યાર બાદ તમામ ફરિશ્તા ખુશખબરી સંભળાવે છે તો તેની રૂહ એવી રીતે વહી જાય છે જેમ કે મુશ્કથી ટીપું. હવે જેવી મલકુલ મૌત તેની રૂહ કાઢે છે તે ફરિશ્તાઓ તરત તેની રૂહ લઈને તે જન્નતી ભેટોની વચમાં મૂકી દે છે. તેની ખુશ્બૂ એટલી મહેકે છે કે જમીન તથા આસ્માનની ફઝાઓ સુવાસિત થઈ જાય છે. તો ફરિશ્તાઓ કહે છે કે આ સુગંધ કેવી છે ? તો જમીનના ફરિશ્તાઓ કહે છે કે આ ફલાણા મો'મિનની રૂહની સુગંધ છે જેનો આજે ઈન્તેકાલ થઈ ગયો છે ! તો ફરિશ્તાઓ તેના માટે મગફેરતની દુઆ કરે છે. ફરિશ્તા જ્યારે તેને આસ્માનના દ્વારે લઈ જાય છે, દ્વારો ખુલી જાય છે, દરેક દ્વાર ઈચ્છા ધરાવતો હોય છે કે તે તેનામાંથી પ્રવેશ કરે, એટલે સુધી કે તે તેના આ'માલના દરવાજાથી પ્રવેશે છે તો તે દરવાજો રડે છે. તે જે દરવાજાથી પસાર થાય છે ફરિશ્તાઓ કહે છે કે કેટલી ખુશ્બૂદાર છે આ રૂહ જેણે પોતાના રબના હુકમોનું પાલન કર્યું. એટલે સુધી કે તે સિદરતુલ્ મુન્તહા સુધી પહોંચે છે તો મલકુલ મૌત અને તે ફરિશ્તા જેઓ તેની રૂહ ક઼બ્ઝ કરતી વખતે હાજર હતા તેઓ કહે છે કે, હે અમારા રબ ! અમે ફલાણાંના પુત્ર ! ફણાલાની રૂહ ક઼બ્ઝ કરી છે (જ્યારે કે તે સારી રીતે જાણવાવાળો છે.) તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે, તેને જમીન તરફ લઈ જાવ ! કેમ કે મેં તેને તેનાથી પેદા કર્યો અને તેમાં જ મિલાવીશ અને બીજીવાર તેનાથી જ ઉઠાવીશ. તે મુડદુ લોકોનાં પગારખાંનો અવાજ અને હાથ ખંખેરવાનો અવાજ પણ સાંભળે છે. અને જ્યારે લોકો તેને દફનાવીને પરત ફરે છે તો તેની પાસે ત્રણ ફરિશ્તા આવી જાય છે, બે રહમતના ફરિશ્તા અને એક અઝાબનો ફરિશ્તો. પરંતુ તેની નેકીઓ તેને ઘેરી લે છે, નમાઝ પગો પાસે હોય છે, રોઝા સીના પાસે હોય છે, ઝકાત જમણી બાજુ અને સદક઼ો ડાબી બાજુ તથા સારા સંસ્કાર છાતીમાં. તો જે તરફથી અઝાબનો ફરિશ્તો આવે છે તે તરફનો અમલ તેને ભગાડી દે છે. ત્યારે તે એક એટલો મોટો હથોડો લઈને ઊભો હોય છે કે જો સઘળા મીનાવાળા મળીને પણ તેને ઉંચકવાનો પ્રયાસ કરે  તે ન ઉંચકી શકે. પછી તે કહે છે કે હે નેક બંદા ! જો તારી નમાઝ, રોઝા, ઝકાત, સદક઼ા તને ન ઘેરી લેત તો હું આ હથોડો તને





મારત અને તેના મારથી તારી ક઼બ્ર આગથી ભરાઈ જાત ! હે રહમતના ફરિશ્તાઓ ! આ તમારા માટે છે અને તમે તેને લઈ જઈ શકો છો. પછી અઝાબનો ફરિશ્તો પરત ચાલ્યો જાય છે અને તે ફરિશ્તાઓ આપસમાં એકબીજાને કહે છે કે, અલ્લાહના વલીની સાથે નરમાશથી વર્તો કારણ કે તે સખત ભયાનક્તાથી પસાર થઈને આવી રહ્યો છે. પછી પૂછે છે, તારો રબ કોણ છે ? તે કહે છે, મારો રબ અલ્લાહ છે. પછી પૂછે છે, તારો ધર્મ કયો છે ? તે કહે છે કે, ઈસ્લામ. પછી સવાલ થાય છે કે તારો નબી કોણ છે ? તે કહે છે કે, મુહમ્મદ ﷺ. પછી પૂછે છે કે, તારું જ્ઞાન શું છે ? તે કહે છે કે, હું અલ્લાહની કિતાબ પર ઈમાન લાવ્યો અને તેને સત્ય ઠરાવી. આ પ્રશ્નો થોડા કડક અંદાજમાં હોય છે અને આ જ મો'મિન માટે ક઼બ્રની કસોટી છે. પછી આસ્માનથી અવાજ આવશે કે મારા બંદાએ સાચુ કહ્યું ! તેના માટે જન્નતનું બિછાનુ પાથરો, અને જન્નતનાં કપડાં પહેરવો અને જન્નતની ખુશ્બૂઓ લગાડો અને જ્યાં સુધી દષ્ટિ પહોંચી શકે ત્યાં સુધી તેની ક઼બ્રને વિશાળ કરો, જન્નતનો એક દરવાજો પગો બાજુ અને બીજો માથા તરફ ખોલી દો. અને પછી ફરિશ્તો કહે છે કે હવે એ રીતે સૂઈ જા જે રીતે કે દુલ્હન પોતાના ઓરડામાં સૂવે છે, તને ક઼બ્રનો અઝાબ બિલ્કુલ નહીં મળશે. તે કહેશે કે, હે અલ્લાહ ! ક઼યામત કાયમ ફર્માવી દે જેથી હું મારા ઘરવાળાઓમાં ચાલ્યો જાઉં અને તારી અર્પણ કરેલ નેઅમતોને હાંસલ કરી લઉં, તો તે ક઼યામતના જ સમયે સફેદ ચહેરાવાળાઓમાં ઉઠાવવામાં આવશે.

**(૧૪)** બયહકીએ 'ઝોહદ'માં અને ઈબ્ને અસાકિરે મુન્કતઅ સનદ થકી ઈબ્ને ઉમરથી રિવાયત કરી. તેમણે એક શખ્સને કહ્યું કે, હે ભાઈ ! શું તમે જાણતા નથી કે મૌત તમારી સમક્ષ ક્યારે પણ આવી જાય ? ચાહે સવારે કે સાંજે. રાત્રે કે દિવસે, પછી ક઼બ્ર અને તે નીકળવાની જગ્યા છે અને મુન્કર નકીર અને પછી ક઼યામત જેમાં બાતિલના પૂજકોને એકત્ર કરવામાં આવશે.

**(૧૫)** દૈલમીએ ફિરદૌસમાં ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, પોતાની ઝબાનોને આ કલમાની ટેવ પાડો : لَآاِلٰهَ اِلَّا اللّٰهُ، مُحَمَّدَ رَّسُوْلُ اللّٰهِ، اَللّٰهُ رَبَّنَا، اَلْاِسْلَامُ دِيْنَنَا، مُحَمَّدُ نَبِيَّنَا

કેમ કે આ પ્રશ્નો ક઼બ્રમાં કરવામાં આવશે.

**(૧૬)** અહમદ, તિબ્રાની અને ઈબ્ને અદીએ સહીહ સનદ થકી રિવાયત કરી અને ઈબ્ને અબીદુન્યા અને આજરીએ ‘શરીઅત’માં ઈબ્ને ઉમર થકી રિવાયત કરી. ઈબ્ને ઉમરે પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ﷺ શું ક઼યામતના દિવસે અમારી બુદ્ધિઓ પરત કરવામાં આવશે ? તો આપે ફર્માવ્યું, હા ! તદ્દન એવી જ જેવી આજકાલ છે.

**(૧૭)** અબૂ દાઊદ, હાકિમ તથા બયહકીએ ઉષ્માનથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺ એક જનાઝા સાથે ક઼બ્રસતાન પહોંચ્યા તો એક મુડદાને દફન કરવામાં આવતો હતો. આપે ફર્માવ્યું કે પોતાના ભાઈ માટે મગફેરત તથા ષાબિત કદમી (અડગતા)ની દુઆ કરો, કારણ કે એનાથી હવે સવાલ કરવામાં આવશે.

**(૧૮)** મુસ્લિમે અમ્ર બિન આસથી રિવાયત કરી કે તેમણે વસિય્યત કરી કે, જ્યારે તમે મને દફનાવો તો મારા પર માટી નાખીને એટલો સમય રોકાશો કે જેટલા સમયમાં ઊંટ ઝબહ કરીને તેનાં માંસની વહેંચણી કરવામાં આવે છે, જેથી મને સાથ મળી રહે અને હું અલ્લાહના ફરિશ્તાઓને જવાબ દઈ શકું.

**(૧૯)** બઝ્ઝારે મઆઝ બિન જબલ થકી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **જે ઘરમાં કુર્આન શરીફ પઢવામાં આવે છે તેના પર નૂરના તંબુ હોય છે, તે તંબુના પ્રકાશને જોઈને ફરિશ્તાઓ રસ્તાની જાણ કરે છે. જેમ કે સમંદરના અંધકારમાં સમંદરી મુસાફર તથા રણના અંધકારમાં વટેમાર્ગુ સિતારા જોઈને માર્ગ પામે છે. પરંતુ જ્યારે કુર્આન પઢવાવાળો મૃત્યુ પામે છે તો તે નૂર (પ્રકાશ) ગાયબ થઈ જાય છે અને ફરિશ્તા તેને નથી જોતા તો દરેક આસ્માનના ફરિશ્તાઓ તેના માટે મગફેરતની દુઆ ગુજારે છે, આ સિલસિલો ક઼યામત સુધી ચાલુ રહેશે.** અને જ્યારે પણ કોઈ મુસલમાન કુર્આન પઢે છે અને પછી કોઈ રાતમાં ઊભો થઈ નમાઝમાં તેની તિલાવત કરે છે તો તે રાત આવતી રાતને વસિય્યત કરે છે કે, તેને નિયુક્ત સમયે જગાડજે અને તેના માટે આસાન થજે. જ્યારે તે મૃત્યુ પામે છે તો લોકો તો તેના કફનની તૈયારીમાં





હોય છે પણ કુર્આન સુંદર રૂપમાં તેના માથા પાસે આવીને ઊભુ રહે છે. પછી જ્યારે કફનમાં લપેટી દેવામાં આવે છે તો કુર્આન સીના પાસે આવે છે, પછી જ્યારે તેને ક઼બ્રમાં રાખીને તેના પર માટી બરાબર કરવામાં આવે છે તેની પાસે મુન્કર નકીર આવે છે અને તેને બેસાડે છે. પરંતુ કુર્આન મુડદા અને તેઓના વચ્ચે આડ બની જાય છે. તે બંને (મુન્કર નકીર) કહે છે કે એક તરફ થઈ જા ! કુર્આન કહે છે, કા'બાના રબની ક઼સમ ! એવું કદાપિ નહીં થાય ! કેમ કે આ મારો દોસ્ત છે અને હું એને નિરાધાર નહીં છોડીશ જ્યાં સુધી કે તે જન્નતમાં પ્રવેશે. પછી કુર્આન સાહિબે કુર્આન (મુડદા) તરફ જુએ છે અને કહે છે કે, હું તે જ કુર્આન છું જેને તું ઊંચા અવાજે પઢતો હતો અને ક્યાંક તો ધીમા અવાજે પઢતો હતો અને મારાથી મહોબ્બત કરતો હતો, માટે હવે હું તારાથી મહોબ્બત કરું છું અને જેનાથી હું મહોબ્બત કરું છું અલ્લાહ પણ તેનાથી મહોબ્બત કરે છે. મુન્કર નકીરના સવાલ પછી તારા પર ન કોઈ ગમ છે અને ન ડર. મુન્કર નકીર સવાલ કર્યા બાદ ચાલ્યા જાય છે. હવે તે મુડદુ હોય છે અને કુર્આન. કુર્આન કહે છે કે, હું તારા માટે નરમ તથા આરામ પાત્ર બિસ્તર પાથરીશ અને સુંદર ચાદરો દઈશ અને એ એટલા માટે છે કે તું રાત્રે મારા માટે જાગતો હતો અને દિવસભર મારા માટે થાકતો હતો. પછી કુર્આન પળવારમાં આસ્માન તરફ રવાના થાય છે અને અલ્લાહથી આ સર્વ વસ્તુઓ માંગે છે અને અલ્લાહ તઆલા આ બધી ચીજો અતા ફર્માવે છે. જેથી છટ્ટા આસ્માનના એક હજાર મુકર્રબ ફરિશ્તાઓ નાઝિલ થાય છે અને કુર્આન આવીને તે શખ્સને પૂછે છે કે, શું તું આટલીવારમાં ભયભીત તો નથી થયો ? પછી ફરિશ્તાઓ કહે છે કે, ઉઠી જાવ ! જેથી અમે તમારા માટે બિસ્તર કરી દઈએ, અને તેની ક઼બ્રને ચારસો વરસની મુસાફરી સુધી પહોળી કરી દેવામાં આવે છે. પછી તેના માટે એક એવો ગાદલો પાથરવામાં આવે છે જેનું અસ્તર લીલા રેશમનું છે અને તેમાં મુશ્ક ભરેલી છે. અને માથા અને પગો પાસે સુન્દુસ (રેશમ) તથા ઈસ્તબરક (સબ્ઝ રંગના રેશમી કપડા)ના તકિયા મૂકવામાં આવે છે. અને જન્નતના નૂરના બે દીવા તેના માથા અને પગો તરફ સળગાવવામાં આવે છે જે ક઼યામત સુધી પ્રકાશિત રહેશે.

પછી તેને જમણા પાસા પર મોઢું કિબ્લા તરફ કરી ફરિશ્તાઓ સૂવડાવે છે પછી જન્નતની ચમેલીનાં ફૂલ તેના પર ચઢાવે છે, હવે તે (મુડદુ) અને કુર્આન કૃયામત સુધી સાથે રહેશે. કુર્આન દિવસ રાત્રી તેની ખબર તેનાં ઘરવાળાઓને આપે છે અને કુર્આન તેની સાથે એવી રીતે રહે છે જેમ કે મહેરબાન બાપ પોતાના પુત્ર સાથે, હવે જો તેની ઔલાદમાંથી કોઈ કુર્આન પઢે છે તો કુર્આન તેને ખુશખબરી આપે છે અને જો તેની ઔલાદમાંથી બુરો હોય છે તો તેના સુધારાની દુઆ કરે છે. આ હદીષ ગરીબ છે અને સનદમાં ઈન્કેતાઅ (રાવીના નામ કપાઈ ગયાં છે) છે.

**(૨૦)** ઈબ્ને મુબારકે 'ઝોહદ'માં અને ઈબ્ને અબી શૈબાહે અને આજરીએ 'શરીઅત'માં અને બયહકીએ અબૂ દર્દાથી રિવાયત કરી કે એક શખ્સે તેમને અર્ઝ કરી કે મને એક એવી વિદ્યા શિખાવાડો કે જેનાથી આખિરતમાં અલ્લાહ તઆલા મને લાભ અતા ફર્માવે. આપે ફર્માવ્યું કે જરા એવું વિચારો કે જ્યારે તમારા માટે જમીન ચાર હાથ લાંબી અને બે હાથ પહોળી જગ્યા હશે તો તારા ઘરવાળા અને ભાઈ આ પ્રમાણે કરશે જે તારી જુદાઈને નાપસંદ કરતા હતા તે તને તેમાં દાખલ કરીને ઉપરથી ઈંટો નાંખી દેશે અને પછી ઘણી માટી નાખી દેશે. પછી તારી પાસે લીલી આંખોવાળા અને ઘુંઘરું વાળવાળા બે ફરિશ્તા આવશે એમનું નામ મુન્કર નકીર છે (પછી સવાલ જવાબનું વર્ણન છે) તો જો તેં ઠીક જવાબ દીધા તો ખુદાની કૃસમ ! તું નજાત પામીશ અને આ માત્ર અલ્લાહની તરફથી આપેલ અડગતાથી થઈ શકે છે. અને જો તેં لَا اَدْرِیْ "હું નથી જાણતો !" કહ્યું તો તું નાકામ થયો.

**(૨૧)** અહમદ, બઝ્ઝાર, ઈબ્ને અબીદુન્યા તથા ઈબ્ને અબી આસિમે પોતાની સનદ થકી અને બયહકીએ સહીહ સનદ થકી અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે, હું રસૂલુલ્લાહ ﷺ સાથે એક જનાઝામાં શરીક થયો તો આપે ફર્માવ્યું કે આ ઉમ્મતને પોતાની કૃબ્રોમાં અજમાઈશમાં નાખવામાં આવશે. જ્યારે ઈન્સાનને દફન કરવાવાળા દફનાવીને ચાલ્યા જશે તો મલકુલ મૌત પોતાના હાથમાં એક હથોડો લઈને આવે છે અને તેને બેસાડે છે અને પૂછે છે કે, તમે આ શખ્સ (મુહમ્મદ ﷺ) વિશે શું કહો છો ? તો અગર મો'મિન હશે





તો કહેશે કે : اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

ફરિશ્તો આ સાંભળીને કહેશે કે તેં આ સાચુ કહ્યું. પછી તેની સામે એક દ્વાર જહન્નમનો ખોલવામાં આવશે અને તેને કહેવામાં આવશે કે જો તું ઈમાન ન લાવત તો તારું ઠેકાણું આ હતું, પરંતુ હવે તેના બદલે તારું ઠેકાણુ જન્નતમાં કરી દેવામાં આવ્યું છે. તે જન્નતનો દરવાજો નિહાળી તેના તરફ જશે જેથી પ્રવેશી જાય, ત્યારે તેને કહેવામાં આવશે કે હમણા અહીં થોભો ! પછી તેની કૃબ્ર પહોળી કરી દેવામાં આવશે. પરંતુ જો તે શખ્સ કાફિર તથા મુનાફિક્ હશે તો તેને પૂછવામાં આવશે કે તું આ વ્યક્તિ વિશે શું કહે છે ? તો જવાબ આપશે કે, હું તો કાંઈ નથી જાણતો, લોકો જે કહેતા હતા તે હું પણ કહેતો હતો. પછી તેને કહેવામાં આવશે કે તે કાંઈ પણ ન જાણ્યું અને તને હિદાયત ન મળી. પછી તેના માટે જન્નતની તરફ એક દરવાજો ખોલી આપવામાં આવશે અને કહેવામાં આવશે કે જો તું ઈમાન લાવત તો તારું ઠેકાણું આ હતું ! પરંતુ હવે જ્યારે કે તેં કુફ્ર કર્યું છે, માટે જન્નતના બદલે તારું ઠેકાણું જહન્નમ છે. પછી એક દરવાજો જહન્નમની તરફ ખોલવામાં આવશે અને ફરિશ્તો એક હથોડો એટલા જોરથી તેને મારશે કે માનવી તથા જિન્નાત સિવાય પ્રત્યેક વસ્તુ તેનો અવાજ સાંભળશે. જ્યારે સરકારે દો આલમ ﷺએ આ ફર્માવ્યું ત્યારે કોઈકે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે ફરિશ્તો તે હથોડો લઈને ઊભો હશે તો કોણ હશે કે જેના પર ભય ન છવાય ? આપ ﷺએ ફર્માવ્યું કે જે લોકો ઈમાન લાવ્યા, અલ્લાહ તેને ષાબિત કૃદમ (અડગ) રાખે સત્ય બોલના કારણે (એટલે કે કલમએ તૈયબના કારણે.)

**(૨૨)** તિબ્રાની અને અબૂ નુઐમે દલાઈલે નબુવ્વતમાં અબૂ રાફેઅથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺનો એક કૃબ્ર પર ગુજર થયો તો આપે ફર્માવ્યું, "ઉફ ! ઉફ ! ઉફ !" મેં અર્ઝ કરી કે, મારા માં બાપ આપ પર કુર્બાન ! યા રસૂલલ્લાહ ! ﷺ આપની સાથે મારા સિવાય કોઈ નથી તો આપ કોને 'ઉફ ! ઉફ !' કહી રહ્યા છો ? આપે ફર્માવ્યું કે, હું આ કૃબ્રવાળાને કહી રહ્યો હતો. કેમ કે જ્યારે તેને મારા વિશે પૂછવામાં આવ્યું તો શંકા કરવા લાગ્યો. એને બયહકીએ પણ રિવાયત કરી. ત્યાર

બાદ લેખકે થોડી હદીષો મુત્તહિદતુલ્ મઅ્ની (જેનો ભાવાર્થ એક સરખો) મુન્કર નકીરના પ્રશ્નોની વર્ણન કરી. જેને અહીંયા વારંવાર લખવાના કારણે કટ કરવામાં આવી છે, કારણ કે પહોંચાડવા માટે આ જ બસ છે.

**(૨૩)** તિબ્રાનીએ 'અવસત'માં અને ઈબ્ને મુન્દહએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી (મરફૂઅન) કે ઈન્સાન પર તેની ક઼બ્રમાં અઝાબ આવે છે. જ્યારે માથા તરફથી આવે છે તો કુર્આન દૂર કરી દે છે અને હાથો તરફથી સદક઼ો અને પગો તરફથી તેનું મસ્જિદ પ્રતિ ચાલીને જવું અને સબ્ર કરવું અલગ ખૂણામાં હોય છે, તે કહે છે કે હું એટલા માટે ખામોશ ઊભો છું કે જો કાંઈ ખામી જોઉં તો પૂરી કરી દઉં.

**(૨૪)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે, જ્યારે મૈયતને ક઼બ્રમાં રાખવામાં આવે છે તો તે નેક અમલો તેને ઘેરી લે છે. હવે જો ગુનાહ તેના માથા તરફથી આવે છે તો કુર્આન પઢવું તેને બચાવે છે અને જો પગો તરફથી આવે છે તો તેનો ક઼િયામ બચાવે છે, જો હાથ તરફથી આવે છે તો હાથ કહે છે કે ખુદાની ક઼સમ ! આ અમને સદક઼ા માટે ખોલતો હતો તથા દુઆ માટે, એટલા માટે તને કોઈ રસ્તો નથી ! જો મોં તરફથી આવે છે તો તેનું ઝિક્ર કરવું તથા રોઝા રાખવું આગળ આવે છે, એવી રીતે નમાઝ તથા સબ્ર એક તરફ ઊભા રહે છે કે જો કોઈ ખામી રહી જાય તો પૂરી કરી દે. મતલબ કે તેનાં સદ્કૃત્યો તેનાથી અઝાબ એવી રીતે દૂર કરશે જેમ કે કોઈ શખ્સ પોતાના પરિવારથી મુસીબત દૂર કરે છે. ત્યારબાદ તેને કહેવામાં આવશે કે અલ્લાહ તને બરકત અર્પે, સૂઈ જા ! કેમ કે તારા સાથી ખૂબ જ સારા છે.

**(૨૫)** ઈબ્ને અબીદુન્યા અને ઈબ્ને મુન્દાએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથકી રિવાયત કરી કે, મૌતના સમયે જ્યારે ઈન્સાનની રૂહ નીકળે છે તો ફરિશ્તાઓ કહે છે કે, પવિત્ર રૂહ પવિત્ર શરીફ તરફ આવી. પછી જ્યારે તેને ઘરેથી ક઼બ્ર તરફ લઈ જાય છે તો તે જલ્દી જવું પસંદ કરે છે. જ્યારે તેને ક઼બ્રમાં રાખવામાં આવે છે તો આવનાર આવે છે અને તેનું માથુ પકડવા ઈચ્છે છે પરંતુ તેનો સજદો કરવો વચ્ચે આવી જાય છે, અને





પેટ પકડવા આવે છે તો રોઝો આડ થઈ જાય છે. હાથ પકડવા આવે છે તો સદક઼ો વચમાં આવી જાય છે, પગ પકડવા આવે છે તો તેનું નમાઝ માટે ચાલવું અને ક઼યામ કરવું વચમાં આવી જાય છે. ત્યારબાદ મો'મિન કદી નહીં ગભરાશે. પછી જ્યારે તેને પોતાનું ઠેકાણુ તથા તે ચીજો દેખાય છે જે તેના માટે તૈયાર કરવામાં આવી છે તો કહે છે કે, હે મારા રબ ! મને મારા ઠેકાણે જલ્દી પહોંચાડ ! તો તેને કહેવામાં આવે છે કે તારા કેટલાક ભાઈઓ તથા બહેનો છે જે હજી સુધી તારી સાથે સામેલ નથી થયા, માટે તું શાંતિથી સૂઈ જા ! અને જ્યારે કાફિરની રૂહ નીકળે છે તો ફરિશ્તાઓ કહે છે કે આ નાપાક રૂહ નાપાક શરીરેથી નીકળીને આવી છે. પછી જ્યારે તેને તેના ઘરેથી કાઢવામાં આવે છે તો જેટલા પ્રમાણમાં ક઼બ્ર સુધી પહોંચવામાં વાર લાગે છે તેને તે પસંદ કરે છે અને ચીસો પાડીને કહે છે કે મને ક્યાં લઈ જાવ છો ? પછી જ્યારે ક઼બ્રમાં તે જુએ છે જે તેના માટે તૈયાર કરવામાં આવ્યું છે તો કહે છે કે, હે મારા રબ ! મને પરત કરી દે જેથી હું નેક આ'માલ કરું ! તો તેને કહેવામાં આવે છે કે જેટલી દુનિયાને આબાદ કરવાની હતી તું આબાદ કરી ચૂક્યો. પછી તેની ક઼બ્ર તેના પર એટલી હદે તંગ કરી દેવામાં આવે છે કે તેની પાંસળીઓ તૂટી જાય છે. તેની સ્થિતિ તે શખ્સની જેમ હોય છે કે જેને સાપ કરડે તો તે સૂતેલી હાલતમાં પણ ગભરાય છે અને ઝેરીલા કીડા, મકોડા તેની તરફ વધે અને દોડે છે.

**(૨૬)** બઝ્ઝાર તથા ઈબ્ને જરીરે 'તેહઝીબુલ્ આષાર'માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થકી મરફૂઅન રિવાયત કરી કે, મો'મિનની મૌતનો સમય જ્યારે નજીક હોય છે અને તે આશ્ચર્યજનક ચીજોને જુએ છે તો તે ઈચ્છે છે કે તેનો પ્રાણ જલ્દી નીકળી જાય. કારણ કે અલ્લાહ તેની મુલાકાતને પસંદ કરે છે. અને મો'મિનની રૂહ જ્યારે આસ્માન પર જાય છે તો અન્ય રૂહો તેને સવાલ કરે છે કે અમારા ઓળખીતા લોકો શી સ્થિતિમાં છે ? જ્યારે તે કહે છે કે ફલાણાને દુનિયામાં છોડી આવ્યો છું તો આ વાત તેઓને સારી લાગે છે અને જ્યારે તે કહે છે કે ફલાણો શખ્સ મૃત્યુ પામ્યો, તો તેઓ હેરાન થઈ કહે છે કે તેની રૂહ તો અમારી પાસે નથી આવી ! કેમ કે તેની રૂહને જહન્નમ તરફ પહોંચાડી દેવામાં

આવી છે. (ત્યારબાદ લેખકે ક઼બ્રના સવાલ જવાબનું વર્ણન કર્યું.

**(૨૭)** ઈબ્ને માજાએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત કરી કે તેમણે કહ્યું કે નબીએ કરીમ علیہ السلامએ ફર્માવ્યું કે, મો'મિન મુડદુ પોતાની ક઼બ્રમાં અતિશય શાંતિ અને સુકૂનથી બેસી જાય છે. પછી તેને દીન તથા રસૂલ (صلی اللہ علیہ وسلم) વિશે પ્રશ્ન કરવામાં આવે છે, તે સહીહ જવાબ આપે છે. પછી તેને પૂછવામાં આવે છે કે તને ખુદાનો પતો કઈ રીતે મળ્યો ? શું તેં ખુદાને જોયો છે ? તે કહે છે, ખુદાને કોણ જાઈ શકે છે ?! પછી તેને જન્નત તથા જહન્નમ દેખાડવામાં આવે છે. આ જ પ્રકારની હદીસો વિવિધ સનદો સાથે હઝરત અસ્મા رضی اللہ عنہاથી પણ મરવી છે.

**(૨૮)** અહમદ અને બયહકીએ સહીહ સનદ થકી હઝરત આઈશા رضی اللہ عنہا થકી રિવાયત કરી. તેણી ફર્માવે છે કે : એક યહૂદી સ્ત્રી મારા દરવાજા પર આવી અને કહેવા લાગી કે, મને ખાવા ખવડાવો ! અલ્લાહ તમને દજ્જાલના ફિત્ના અને અઝાબે ક઼બ્રના ફિત્નાથી સુરક્ષિત રાખે. મેં તેણીને રોકી રાખી. જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم તશરીફ લાવ્યા તો મેં તેણીને આગળ કરી. આપે ફર્માવ્યું કે, આ શું કહે છે ? મેં તેની વાત કહી સંભળાવી. તો આપ صلی اللہ علیہ وسلمએ હાથ ઉઠાવી દજ્જાલના ફિત્ના તથા ક઼બ્રના અઝાબથી (મુક્તિની) દુઆ કરી અને ફર્માવ્યું કે દરેક નબીએ પોતાની ઉમ્મતને દજ્જાલથી ડરાવી અને હું પણ તમને ડરાવું છે અને એવા શબ્દોથી કોઈ નબીએ એવા શબ્દોથી નથી ડરાવી. તે કાંણો છે તેની બંને આંખો વચ્ચે શબ્દ 'કાફિર' લખેલ હશે, જેને પ્રત્યેક મો'મિન પઢી શકશે. પછી આપે ક઼બ્રની અજમાઈશનું વર્ણન ફર્માવ્યું.

**(૨૯)** બઝ્ઝારે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી અને તેમણે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ ઉમ્મત ક઼બ્રમાં અજમાવવામાં આવશે તો મારું શું થશે ? હું તો એક અશક્ત સ્ત્રી છું ! તો આપે આ આયત તિલાવત કરી કે, અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને સત્ય ક઼ોલ (વાત) દ્વારા તથા આખિરતની જિંદગીમાં અડગતા અતા ફર્માવશે.

**(૩૦)** અહમદે 'ઝોહદ'માં અબૂ નઈમે 'હુલિયા'માં તાઉસથી





રિવાયત કરી કે મુડદાઓ પોતાની ક઼બ્રોમાં સાત દિવસ સુધી અજમાઈશમાં સંડોવાયેલાં રહે છે એટલા માટે ઉલમાએ કિરામ સારું સમજતા હતા કે મુડદાની તરફથી સાત દિવસ સુધી ફકીરોને ખાણુ ખવડાવવામાં આવે.

**(૩૧)** અબૂ નુઐમે અનસ બિન માલિકથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના એક સહાબીની ક઼બ્ર પર ઉભા થયા અને ફર્માવ્યું કે اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْن હે અલ્લાહ ! આ તારી પાસે આવ્યો છે તેન સારી રીતે રાખજે અને ક઼બ્રને તેનાં બંને પાંસાઓથી હટાવી દેજે અને તેની રૂહ માટે આસ્માનના દરવાજા ખોલી દેજે અને તેને સારી રીતે ક઼બૂલ ફર્માવજે અને સવાલના સમયે તેની બોલવાની શક્તિને અડગતા અતા ફર્માવજે.

**(૩૨)** હકીમે 'નવાદિરુલ્ ઉસૂલ'માં સુફયાન ષૌરીથી રિવાયત કરી. જ્યારે મુડદાથી આ સવાલ થાય કે, مَنْ رَّبُّكَ તો શૈતાન એક ખાસ શક્કલમાં આવીને પોતાની તરફ ઈશારો કરે છે કે કહી દે, હું તારો રબ છું ! હકીમ તિર્મિઝીએ કહ્યું કે શૈતાનનું ક઼બ્રમાં આવવાનું સબૂત તેનાથી પણ મળે છે કે હુઝૂર علیہ السلامએ અન્ય હદીસોમાં ફર્માવ્યું કે, اَللّٰھُمَّ اَجِرہ مِنَ الشَّیْطٰن "હે અલ્લાહ ! આ (મૈયતને) શૈતાનથી પનાહ દે !" ઈબ્ને શાહીને 'અસસુન્નહ્'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે પોતાનાં બાળકોને હુજ્જત શીખવાડો (એટલે કે મુન્કર નકીરના પ્રશ્નોના ઉત્તરો) તો આ હુકમનો એટલો ચર્ચો થયો કે અન્સારમાંથી જ્યારે કોઈ પર મૌત આવતી તો તેને મુન્કર નકીરના જવાબો બતાવતા હતા અને જ્યારે બાળક થોડું સમજદાર થતુ હતું તો તેને શિખવાડતા હતા.

**(૩૩)** સલફીએ 'તુયૂરાત'માં સહલ બિન અમ્મારથી રિવાયત કરી. મેં યઝીદ બિન હારૂનને તેના મૃત્યુ પછી સ્વપ્નમાં જોયો. મેં તેમને પૂછયું કે, તમારી સાથે તમારો રબે શું કર્યું ? તો તેમણે જવાબ આપ્યો કે મારી પાસે બે સખત દિલ શક્તિશાળી ફરિશ્તા આવ્યા અને તેમણે મને પ્રશ્નો કરવાના શરૂ કર્યા. તો મેં પોતાની સફેદ દાઢી પકડી કહ્યું કે, મારા જેવા આદમીને તમે આ સવાલો કરો છો ! મેં એંસી વર્ષ સુધી લોકોને

તમારા જવાબો શિખવાડયા છે. પછી તે ચાલ્યા ગયા અને જતાં જતાં કહેવા લાગ્યા કે તમે જરીર બિન ઉષ્માનથી કંઈ લખતા શીખ્યું ? મેં કહ્યું, હા ! તેઓ કહેવા લાગ્યા કે તે ઉષ્માનથી દુશ્મની રાખતો હતો માટે ખુદાએ તેનાથી દુશ્મની રાખી. પછી ફરિશ્તાઓએ કહ્યું કે, હવે તમે દુલ્હનની જેમ સૂઈ જાવ ! તમારા પર આજ પછી કોઈ ભય નથી. એને લાલકાઈએ પણ રિવાયત કરી.

**(૩૪)** ઈબ્ને અબીદુન્યા અને ઈબ્ને જરીરે પોતાની 'તેહઝીબ'માં યઝીદ બિન તરીફ બજલીથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે મારા ભાઈનો જ્યારે ઈન્તેકાલ થઈ ગયો તો મેં પોતાના કાનને તેની ક઼બ્ર સાથે લગાવ્યા, તો મેં મુન્કર નકીરના સવાલોનો અવાજ સાંભળ્યો અને પોતાનાં ભાઈના જવાબો પણ સાંભળ્યા.

**(૩૫)** તારીખ બિન નજ્જારમાં અબૂલ ક઼ાસિમ બિન હિબતુલ્લાહ બિન સલામ મુફસ્સિરથી મરવી છે કે અમારા એક ઉસ્તાદ હતા જેમના એક મિત્રનો ઈન્તેકાલ થઈ ગયો. તો શૈખે તેમને સ્વપ્નમાં જોયા અને પૂછયું કે, અલ્લાહે તમારી સાથે શો વર્તાવ કર્યો ? કહ્યું કે, અલ્લાહ તઆલાએ મારી બખ્શિશ કરી દીધી. શૈખે પૂછયું કે મુન્કર નકીર સાથે કેવી ગુજરી ? તો તેમણે કહ્યું કે હે શૈખ ! જ્યારે તેમણે મને બેસાડયો અને પ્રશ્નો કર્યા તો અલ્લાહે મને ઈલ્હામ (દિલમાં વાત નાંખી) ફર્માવ્યું કે હું તેમને કહી દઉં કે અબૂબક્ર અને ઉમર (رَضِيَ اللهُ عَنْهُمَا)ના વસીલાથી તમે મને છોડી દો ! તો તેમનામાંથી એકે બીજાને કહ્યું કે આને ખૂબ જ બુઝર્ગ હસ્તીઓનો વસીલો પેશ કર્યો છે માટે એને છોડી દો ! જેથી તેઓએ મને છોડી દીધો અને ચાલ્યા ગયા !

**(૩૬)** લાલકાઈએ 'અસ્સુન્નહ'માં પોતાની સનદ થકી રિવાયત કરી. તે કહે છે કે, મારા પિતા જનાઝાની નમાઝ પઢવાના ખૂબ જ શોખીન હતા. તે દરેકની નમાઝ પઢતા હતા, એ પછી તે તેમને ઓળખતા હોય કે ન ઓળખતા હોય. તો તેમણે બતાવ્યું કે એક દિવસ હું એક શખ્સની નમાઝે જનાઝામાં શરીક થયો. જ્યારે તેઓ તેને દફન કરી ચાલ્યા ગયા તો મેં જોયું કે તેની ક઼બ્રમાં બે શખ્સ ઉતર્યા તેમાંથી એક તો પરત નીકળી આવ્યો અને બીજો અંદર જ રહી ગયો. મેં લોકોને કહ્યું, શું તમે ઝિંદાને પણ





મુડદા સાથે દફન કરો છો ? તેમણે કહ્યું કે ક઼બ્રમાં કોઈ ઝિંદા તો છે નથી ! મેં પોતાનાં દિલમાં વિચાર્યું કે કદાચ મારી ભૂલ થઈ ગઈ. પછી જ્યારે હું પરત ફર્યો તો મારા દિલે કહ્યું કે, નિઃશંક ! મેં બે આદમીઓને જતા અને એક પરત નીકળતા જોયો છે અને હું જરૂર આ ભેદ જાણીને રહીશ. જેથી હું ક઼બ્ર પર ફરી ગયો અને આ વખતે યાસીન અને તબારકલ્લઝી પઢીને દુઆ કરી અને રડયો કે જે મેં જોયું છે તેને મારા માટે ખોલી દે કેમ કે મને પોતાની અક્કલ તથા દીનનો ખતરો લાગે છે. હજી દુઆ કહેવા જ પામ્યો હતો કે એક શખ્સ ક઼બ્રથી નીકળ્યો અને પીઠ ફેરવીને જવા લાગ્યો. મેં કહ્યું કે તને તારા મઅબૂદની ક઼સમ થોભી જા ! અને મને પ્રસંગ બતાવ ! ત્રણવાર કહેવા પર તે મારી તરફ ધ્યાનિત થયો અને કહેવા લાગ્યો કે તમે નસ્ર સોની છો ? મેં કહ્યું, હા ! તેણે કહ્યું કે તમે મને નથી ઓળતા ? મેં કહ્યું, ના ! તેણે કહ્યું કે અમે રહમતના ફરિશ્તા છીએ અહલે સુન્નત પર નિયુક્ત કરવામાં આવ્યા છીએ કે તેમની ક઼બ્રોમાં જઈને તેમને તેમની દલીલની તલ્ક઼ીન કરીએ. આ કહીને તે ગાયબ થઈ ગયો.

શૈખ અબ્દુલ ગફ્ફાર કૌસીએ 'કિતાબુત્તૌહીદ'માં રિવાયત કરી કે, હું શૈખ નાસિરુદ્દીન અને શૈખ બહાઉદ્દીન અખ્મિમીના ઘરની નજીક હતો તો મેં તેમના ચામડાના કોટને પોતાના ખભા પર ઉઠાવી લીધો તો તેમણે મને જણાવ્યું કે અબૂ યઝીદનો ખાદિમ તેમના કોટને પોતાના ખભા પર રાખતો હતો અને તે બહુ નેક આદમી હતો. વાતથી વાત નીકળે છે જેથી રહેતા રહેતા મુન્કર નકીરની વાત ચર્ચાઈ તો તેમણે કહ્યું કે જો મને મુન્કર નકીર સવાલ કરશે તો હું કહી દઈશ કે હું અબૂ યઝીદનો ચાકર છું. તો અમે પૂછયું કે અમને કેવી રીતે જણાશે કે તમે શું જવાબ આપ્યો ? તો તેમણે કહ્યું કે તમે મારી ક઼બ્ર પાસે બેસી જજો તો સાંભળી લેશો. જેથી જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો અમે તેમની ક઼બ્ર પાસે બેસી ગયા. તો અમે સાંભળ્યું કે તે કહી રહ્યા છે કે તમે મને કેમ સવાલ કરો છો ? હું તો અબૂ યઝીદના નોકરોમાં છું ! જેથી તેઓ (ફરિશ્તાઓ) આ જવાબ સાંભળીને તેમને છોડીને ચાલ્યા ગયા.

## ★ અમુક લાભનું વર્ણન ★

**(૧)** કુર્તબી કહે છે : અમુક રિવાયતોમાં બે ફરિશ્તાનું સવાલ કરવાનું વર્ણન છે. જ્યારે કે અન્ય કેટલીક રિવાયતોમાં કેવળ એક જ સવાલનું વર્ણન છે તો તેમાં બરાબરીની સ્થિતિ એ છે કે અમુક લોકોની પાસે બે ફરિશ્તા એક સાથે સવાલ કરવા આવશે જેથી તેના પર વધુ ભય છવાઈ જાય. અને આ સવાલ સર્વ લોકોના ગયા બાદ થશે જેથી ભયાનક્તામાં વધારો થાય. અને કોઈની પાસે દફન કરવાવાળાના જતા પહેલાં જ સવાલ થશે જેથી (ભય) ઓછો થઈ જાય અને કોઈની પાસે એક જ ફરિશ્તો આવે છે જેથી તેને વધુ સવાલ ન થાય. અને એ પણ શક્ય છે કે આવનાર બે હોય અને સવાલ એક જ કરે અને આ જ તાવીલ વધુ સહીહ અને ઠીક છે કેમ કે વધુ પ્રમાણની હદીષોમાં બે જ ફરિશ્તાઓનું વર્ણન છે.

**(૨)** કુર્તબીએ એ પણ વર્ણન કર્યું કે હદીષોમાં વિવિધ પ્રશ્નોનું વર્ણન છે, કોઈથી તમામ એ'તેકાદી મસ્અલાઓનું ઝિક્ર થાય છે અને કોઈથી માત્ર અમુક વાતો પૂછવામાં આવે છે. અને એ પણ શક્ય છે કે અમુક રાવીઓએ સૌ પ્રશ્નો સંપૂર્ણ વર્ણન કર્યા હોય, જ્યારે કે અન્યોએ કોઈક એકના ઝિક્ર પર જ બસ કરી લીધુ હોય. અને આ જ વધુ સહીહ છે, કારણ કે આના પર અધિક હદીષોનો ઈત્તેફાક છે. પરંતુ અબૂ દાઊદ અને ઈબ્ને મરદૂયાની રિવાયતમાં આ શબ્દ મૌજૂદ છે કે **فلا يسئل عن الشّئ غيرها** આનાથી જણાય છે કે એ'તેકાદાત સિવાય મુશ્કેલીઓનો સવાલ નહીં થશે. અને બયહકીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે, અલ્લાહ તઆલાનું ફર્માન કે **وَيُثَبِّتُ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا**થી મુરાદ શહાદતનો સવાલ કરવામાં આવશે ઈકરમાથી પૂછવામાં આવ્યું કે શહાદતથી મુરાદ શું છે ? તો તેમણે ફર્માવ્યું કે અલ્લાહને એક મઅબૂદ માનવું અને હુઝૂર ﷺની રિસાલત પર ઈમાન લાવવું મુરાદ છે.

**(૩)** કુર્તબીએ કહ્યું કે અમુક રિવાયતોથી જણાય છે કે આ પ્રશ્નો ત્રણ ત્રણવાર થશે જ્યારે કે અન્ય રિવાયતોમાં સંખ્યા વર્ણવેલ નથી તો તેમાં પણ સંખ્યા માન્ય રહેશે. અથવા એ કે લોકોના સંબંધથી સવાલોની





સંખ્યામાં મતભેદ થશે કેમ કે તાઉસ رحمة الله عليه થકી મરવી છે કે મુડદાઓને સાત દિવસ સુધી અજમાઈશમાં નાખવામાં આવશે.

**(૪)** કાઝી કહે છે કે જે લોકો કોઈ કારણસર કબ્રમાં દફન ન કરવામાં આવી શકાયા તેઓથી પણ સવાલ થશે અને અઝાબ પણ થશે. પરંતુ ઈન્સાન તથા જિન્નાત આ દશ્યને નથી જોઈ શકતા, જેમ કે ઈન્સાન ફરિશ્તાઓ તથા જિન્નાતોને નથી જોતા.

કેટલાક આલિમોએ કહ્યું કે ફાંસી પામેલને જીવંત કરવામાં આવે છે, પરંતુ આપણે તેને નથી પારખતા, જેમ કે બેભાન જીવંત હોય છે, પરંતુ આપણને ખબર નથી હોતી. અને તેના પર જમીનની પહોળાઈ એવી જ રીતે તંગ હોય છે જેમ કે મુડદા પર કબ્ર, જેના દિલમાં ઈમાન હશે તે આમાંથી કોઈ વાતનો ઈન્કાર નહીં કરશે. અથવા જે શખ્સના શરીરના ટુકડા થઈ જાય છે તેના શરીરના ટુકડાઓમાં જાન નાખવામાં આવે છે. કેટલાક આલિમોએ ફર્માવ્યું કે આ સર્વ કાંઈ તેનાથી અધિક આશ્ચર્યજનક નથી કે અલ્લાહ તઆલાએ આદમ عليه السلامની પીઠના હાડકામાંથી ઔલાદ કાઢી અને તેમને પૂછયું કે, શું હું તમારો રબ નથી ? તો સૌએ કહ્યું કે, "કેમ નહીં !"

**(૫)** ઈબ્ને અબ્દુલ્લાહે કહ્યું કે, પ્રશ્નો ઈમાનના દાવા કરનારને જ થશે, કાફિરને સવાલ નહીં થાય. પરંતુ કુર્તુબી તથા ઈબ્ને કૈય્યિમે વિરુદ્ધતા દર્શાવી અને કહ્યું કે સવાલની હદીષો આમ છે. પણ હું કહું છું કે આ બંને હઝરાતની વાત સહીહ નથી, કારણ કે કોઈ હદીષમાં મુસ્લિમ સાથે કાફિરનો ઉલ્લેખ નથી. હા ! અમુક હદીષમાં મુનાફિકના બદલે શબ્દ કાફિર છે અને તેનાથી મુરાદ (હેતુ) મુનાફિક જ છે જેમ કે હઝરત અસ્મા رضى الله عنهاની હદીષમાં છે કે **اما المنافق او المرتاب**---الخ અને અબૂ હુરૈરહની હદીષમાં તેનો ખુલાસો છે.

**(૬)** હકીમ તિર્મિઝીએ કહ્યું કે કબ્રના સવાલ આ ઉમ્મતની સાથે જ ખાસ છે. કેમ કે આગલી ઉમ્મતો જ્યારે રસૂલોને જૂઠાડતી હતી તો તેઓ પર તરત જ અલ્લાહનો અઝાબ આવી જતો હતો અને પોતાના બદ્કૃત્યોની શિક્ષા પામતી હતી. પરંતુ જ્યારે મુહમ્મદ ﷺ તશરીફ લાવ્યા તો તેમના સદકામાં આ ઉમ્મતથી અલ્લાહનો અઝાબ રોકી

લેવામાં આવ્યો અને તેમને તલ્વાર દેવામાં આવી (એટલે કે જ્યારે ઈસ્લામ વૃદ્ધિ પામ્યો ત્યારે ન માનવાવાળાઓ માટે તલ્વાર દેવામાં આવી નહીંતર ઈસ્લામ તલ્વારથી નથી ફેલાયો) જેથી તેમના રૂઆબથી લોકો આ દીનને કબૂલ કરતા અને પછી ઈમાન તેઓના દિલમાં મજબૂત થઈ જતુ હતું. તે સમયથી નિફાક શરૂ થયો કે લોકો ઈમાન જાહેર કરતા અને કુફ્ર છુપાવતા અને મુસલમાનો માટે તેનાથી પર્દો હતો (મુસલમાન ન જાણી શકતા) હવે જ્યારે કે તેઓ મરણ પામ્યા તો અલ્લાહ તઆલાએ તેઓ પર બે આજમાઈશ કરવાવાળા નિયુક્ત કરી દીધા જેથી દુષ્ટ પવિત્રથી અલગ થઈ જાય અને કેટલાક આલિમોએ તે મતભેદ કર્યો અને કહ્યું કે આ સવાલ પ્રત્યેક ઉમ્મતને થશે. ઈબ્ને અબ્દુલ બિર્રે કહ્યું છે કે આ વિશિષ્ટતા પર હુઝૂર ﷺની હદીષ દલીલ દર્શાવે છે કે, اوحی الی انّکم تفتنون فی قُبُورِکُم અને આપનો કૌલ : فبی تفتنون وعنی تسئلون ''મને વહી કરવામાં આવી છે કે તમે પોતાની કબ્રોમાં અજમાવવામાં આવશો. મારા વિશે તમને અજમાવવામાં આવશે અને મારા જ વિશે તમને સવાલ કરવામાં આવશે.''

**(૭)** હકીમ તિર્મિઝીએ કહ્યું કે પ્રશ્નકર્તા ફરિશ્તાઓને فتّا فی القبر એટલા માટે કહે છે કે તેમના સવાલમાં ધમકીઓ હોય છે અને તેમની સિરતમાં કાંઈક સખ્તાઈ છે, અને તેમને مُنکَرُ نَکِیرِ એટલા માટે કહે છે કે તેમની શિક્કલ ઈન્સાનોથી મળતી આવતી નથી. અને ન ફરિશ્તાઓ, જાનવરો તથા કીડા મકોડાથી બલ્કે તેમની શિક્કલ કંઈક અજીબ જ છે. અલ્લાહ તઆલાએ તેમને મો'મિન માટે ઈજ્જત તથા તા'ઝીમનો સબબ અને દિલની જાગૃતિનો સબબ બનાવ્યા છે. જ્યારે કે આ મુનાફિક માટે એબ ખોલવાનો સબબ હશે. ઈબ્ને યુનૂસ જે અમારા શાફઈ સાથીઓમાં છે તેમણે બતાવ્યું કે મો'મિનની પાસે આવનાર ફરિશ્તાઓનું નામ મુબશ્શિર અને બશીર છે.

**(૮)** કુર્તબીએ કહ્યું કે બે ફરિશ્તા દૂર દૂર જગ્યાઓ પર ફેલાયેલ મુડદાઓને કેમ કરીને પોકારશે ? તેનો ઉત્તર એ છે કે તેમનું શરીર એટલી હદે મોટુ હશે કે તે એકવાર એક જ સમયે સંપૂર્ણ સૃષ્ટિને એક અવાજ દેશે તો પ્રત્યેક આમ જ સમજશે કે આ વાતચીત ખાસ કરીને મારી સાથે જ





છે. અને અલ્લાહ તઆલા એકબીજાનો જવાબ સાંભળવાથી મુડદાઓને મનાઈ કરશે, પણ હું કહું છું કે એ પણ શક્ય છે કે આ કાર્ય પર કેટલાક ફરિશ્તાઓ નિયુક્ત હોય જેમ કે હફઝા વિગેરે, જેથી અમારા સાથીઓમાં હલીમી આ જ તરફ ગયા છે.

**(૯)** એક સવાલ એ છે કે મો'મિનની કબ્રની પહોળાઈ વિશે વિવિધ હદીષો છે. જવાબ એ છે કે કોઈ વાંધો નથી કેમ કે આ દરેક મો'મિનની શાન પ્રમાણે હશે.

## ★ અબુલ ફઝ્લથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો ★

**(૧૦)** શું મૈયતને સવાલો (કરતી) વેળા બેસાડવામાં આવશે કે સૂતામાં જ સવાલો થઈ જશે ? આપે ફર્માવ્યું કે બેસાડવામાં આવશે. પછી પૂછવામાં આવ્યું કે શું સવાલના સમયે રૂહને પહેલાં જેવું શરીર અર્પણ કરવામાં આવશે ? આપે ફર્માવ્યું કે, હા ! પરંતુ સ્પષ્ટપણે લાગે છે કે રૂહ તે શખ્સના શરીરના અડધા ઉપલા ભાગમાં આવશે. પછી પૂછવામાં આવ્યું કે શું બાળકોને પણ કબ્રમાં પ્રશ્ન થશે ? તો જવાબ આપ્યો કે સ્પષ્ટ એ છે કે પ્રશ્ન બુદ્ધિશાળી બાલિગને જ થશે. ઈબ્ને કય્યિમે કહ્યું કે કબ્રમાં શરીરની અંદર રૂહ પરત આવશે પરંતુ તેનાથી પ્રથમની જેમ જિંદગી હાંસલ નહીં થાય કે જેમાં ખાવા પીવાની ઈચ્છાઓ સામેલ હોય બલ્કે તેનાથી એક પ્રકારની જિંદગી મળશે જેને સવાલ થઈ શક્શે જેમ કે સૂતેલાની જિંદગી, જાગતાની જિંદગી જુદી છે. એ જ પ્રમાણે કબ્રવાળાની જિંદગી આમ લોકોની જિંદગીથી અલગ છે, આ એક એવી જિંદગી છે જેમાં અસ્તિત્વ માટે મૌતનો શબ્દ પણ ઠીક લાગે છે. આ મૌત તથા જિંદગી વચ્ચે એક દરજો છે. હદીષમાં એવું ક્યાંય નથી કે આ જિંદગી બાકી રહેશે. હદીષથી તો તેની રૂહનું શરીર સાથે વાબસ્તા હોવું જણાય છે અને આ રૂહ, શરીરના ફુલી જવા તથા વિભિન્ન થઈ જવા બાદ પણ વાબસ્તા (સંબંધિત) છે. ઈબ્ને તૈયમિયા કહે છે કે સવાલના સમયે રૂહનું શરીરમાં આવવું અહાદીષે મુતવાતિરાથી સાબિત છે. એક ગિરોહ (તબકા)નું કહેવું છે કે આ સવાલ વિના રૂહે કરવામાં આવશે આ ગિરોહ (તબકા)માં ઈબ્ને ઝાગવાની છે અને ઈબ્ને જરીર વિશે પણ એ જ સાંભળવામાં આવ્યું છે. પરંતુ જમહૂર આ કૌલને

નકારે છે અને એમના વિરોધમાં અમુક હઝરાત કહે છે કે સવાલ માત્ર રૂહથી જ થશે. આને માન્ય રાખનાર ઈબ્ને હઝમ, ઈબ્ને અક્ીલ ઈબ્ને જૌઝી વિગેરે છે, પરંતુ આ (માન્યતા) ખોટી છે કેમ કે જો આ જ વાત છે તો પછી સવાલ અને જવાબનું કૃબ્રમાં ખાસ હોવાનું કારણ શું છે ?

**(૧૧)** રૌઝુર્રિયાઝીન (યાફઈ)માં શફીક્ બલ્ખી થકી રિવાયત છે. તે ફર્માવે છે કે અમે પાંચ વસ્તુઓની શોધ કરી તો તેને પાંચ વસ્તુઓમાં પામી : (૧) ગુનાહો છોડવાને ચાશ્તની નમાઝમાં (૨) કૃબ્રોની રોશનીને તહજ્જુદમાં (૩) મુન્કર નકીરના જવાબને કુર્આનની તિલાવતમાં (૪) પુલસિરાત પરથી પસાર થવાને રોઝા તથા સદક્ામાં (૫) અર્શના સાયાને એકલતામાં.

**(૧૨)** અબુલ ફઝ્લ તૂસીએ 'ઉયૂનુલ્ અખ્યાર'માં પોતાની સનદ થકી અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. મૈયત મલકુલ મૌતને બેભાનીમાં જુએ છે અને મુન્કર નકીરને તે જ સ્થિતિમાં.

**(૧૩)** આપણા શૈખ ઈલ્મુદ્દીન બલકીનીના ફતાવામાં છે, મૈયત કૃબ્રમાં મુન્કર નકીરના સવાલોના જવાબો સૂર્યાની (ભાષા)માં આપશે, પરંતુ મને આની સનદ નથી મળતી. અને ઈબ્ને હજરે ફર્માવ્યું કે હદીષથી સ્પષ્ટ જણાય છે કે આ જવાબો અરબીમાં હશે અને એ પણ શક્ય છે કે દરેક શખ્સથી તેની ભાષામાં સવાલ થાય.

**(૧૪)** બઝ્ઝારી હનફીએ પોતાના ફતાવામાં વર્ણન કર્યું કે મૈયત જે જગ્યાએ ઠહેરશે, ત્યાં તેનાથી સવાલ થશે. જેમ કે જો કોઈ પ્રાણીના પેટમાં હશે તેનાથી ત્યાં સવાલ થશે અને જેને કોઈ જનાઝામાં મૂકવામાં આવશે તો તેનાથી તે સમય સુધી સવાલ નહીં થાય જ્યાં સુધી તેને કૃબ્રમાં દફન ન કરવામાં આવે.

## ★ તે લોકોનું વર્ણન જેમનાથી કૃબ્રમાં સવાલ નહીં થાય ★

**(૧)** અબુલ કાસિમ સઅદીએ 'કિતાબુર્રુહ'માં કહ્યું કે સહીહ રિવાયત થકી એ વાત સાબિત છે કે કેટલાક હઝરાતથી કૃબ્રમાં સવાલ નહીં થાય અને મુન્કર નકીર તેઓની પાસે આવશે નહીં અને અથવા તો તે શખ્સની





અંગત વિશિષ્ટતા છે અથવા તો મૌતના સમયની સખ્તીના કારણે અથવા તો મુબારક જમાનાના કારણે.

**(૨)** નિસાઈમાં પોતાની સનદ થકી રિવાયત કરી. એક શખ્સે રસૂલુલ્લાહ ﷺથી પૂછયું, આ શું વાત છે કે શહીદ સિવાય પ્રત્યેક મો'મિન કૃબ્રમાં અજમાઈશમાં નાખવામાં આવશે ? તો આપે ફર્માવ્યું, તલ્વારની વીજળી તેના માટે કૃબ્રના અઝાબની બદલ થઈ ગઈ.

**(૩)** નિસાઈ તથા તિબ્રાનીએ 'અવસત'માં અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, જેણે દુશ્મન (કાફિર) સાથે સબ્રથી યુદ્ધ કર્યું ત્યાં સુધી કે પરાજય થયો અથવા શહીદ થયો તો તેને કૃબ્રનો અઝાબ નહીં થશે.

**(૪)** મુસ્લિમે સલ્માન (ફારસી) થકી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા કે એક દિવસ રાત અલ્લાહ તઆલાના માર્ગમાં યુદ્ધ માટે જે સરહદ પર લાગેલ રહ્યો (તો તેનું આ કાર્ય) એક મહિનાની નમાઝ તથા રોઝાથી શ્રેષ્ઠ છે અને જો તે સ્થિતિમાં મૃત્યુ પામ્યો તો તેના અમલ જારી કરી દેવામાં આવશે અને તેનું રિઝ્ક પણ, બીજું કે મુન્કર નકીરથી પણ મુક્તિ મળી જશે. (એટલે કે તેના અમલમાં વધારો થતો રહેશે કેમ કે તે કૃયામત સુધી નમાઝ, રોઝા વગેરેની સ્થિતિમાં રહેશે.)

**(૫)** તિર્મિઝીએ ફુઝાલા બિન ઉબૈદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દરેક મૈયતના અમલ ખતમ થઈ જાય છે સિવાય તે શખ્સના જે અલ્લાહના માર્ગમાં યુદ્ધની તૈયારીમાં હોય, કેમ કે તેનો આ અમલ કૃયામત સુધી વધતો જ રહેશે અને તે કૃબ્રના ફિત્નાથી સુરક્ષિત થઈ જશે. ઈબ્ને માજાની રિવાયતમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી ઉલ્લેખ થયેલ છે કે કૃયામતની ગભરામણથી પણ સુરક્ષિત રહેશે. અહમદ, તિબ્રાની, બઝ્ઝાર, ઈબ્ને અસાકિર વિગેરેએ આ જ વિષયની રિવાયતો પોતાની સનદ થકી કરી.

**(૬)** ઈબ્ને માજા તથા બયહકીએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે બીમારીમાં મૃત્યુ પામ્યો તે

શહીદ થયો અને ક઼બ્રના અઝાબથી બચ્યો અને સવાર સાંજ તેનું રિઝ્ક જન્નતથી લાવીને પેશ કરવામાં આવશે. કુર્તબી કહે છે કે ભલે એ બીમારી સામાન્ય છે, પરંતુ અન્ય હદીષોથી તેમાં શરત જણાય છે કે જેને જલંદર અથવા ઝાડાની બીમારી હોય છે તેને કબ્રમાં અઝાબ નહીં થશે અને તેનું કારણ એ છે કે આવો માનવ હરહંમેશ ભાનમાં મરે છે, તો હવે તેનાથી વધુ સવાલ નહીં થાય, અન્ય રોગોમાં મૃત્યુ પામનારાઓથી ઉલ્ટુ, કારણ કે તેમની બુદ્ધિ (ભાન) ગુમ થઈ જાય છે.

**(૭)** મરવી છે કે જે શખ્સ દર રાત્રે سُوْرَةُ تَبَارَكَ ''સૂરએ તબારક'' પઢશે તેનાથી મુન્કર નકીર સવાલ નહીં કરે.

**(૮)** જુબૈરે પોતાની તફસીરમાં ઈબ્ને મસઊદ થકી રિવાયત કરી. જેણે સૂરએ મુલ્ક દર રાત્રે તિલાવત કર્યું તે ક઼બ્રના ફિત્નાથી મેહફૂઝ રહેશે અને જે પાબંદીથી اِنِّىۡ اٰمَنۡتُ بِرَبِّكُمۡ فَاسۡمَعُوۡنِ પઢતો રહે તો તેના પર મુન્કર નકીરના સવાલ સરળ થઈ જશે. કઅબ رضی اللہ عنہથી પણ આવી જ રિવાયત છે.

**(૯)** અહમદ, તિર્મિઝી, ઈબ્ને અબીદુન્યા તથા બયહકીએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે જે મુસલમાન જુમ્આના દિવસે અથવા જુમ્આની રાત્રે મરણ પામશે તે ક઼બ્રના ફિત્નાથી સુરક્ષિત રહેશે.

**(૧૦)** કુર્તબી કહે છે કે આ હદીષો વર્ણવેલ હદીષોથી વિરુદ્ધ નથી બલ્કે તે હદીષોનાં ગુણો તરફ સંકેત કરે છે. અને એ બતાવે છે કે જે શખ્સ દુનિયામાં આ તકલીફો વેઠી ચૂક્યો છે તે સવાલથી મેહફૂઝ રહેશે. આ વાતોમાં કયાસ તથા બુદ્ધિને દખલ નથી બલ્કે અહીંયા તો અનુસરણ સિવાય કોઈ ઈલાજ નથી. કેમ કે સ્પષ્ટ છે કે **જે શખ્સ યુદ્ધના મેદાનમાં ગયો અને તેની સમક્ષ મૌત આવી અને તલ્વાર ટકરાવાનો અવાજ સાંભળ્યો છતાંય જામેલો રહ્યો તો આ તેની સાચા મો'મિન હોવાની નિશાની છે. કારણ કે જો મુનાફિક઼ હોત તો મુનાફિક઼ આવા સમય પર કદાપિ જામીને રહી શકતો નથી બલ્કે મેદાન છોડીને ભાગી જાય છે.** આ તો સાચા મો'મિનની શાન છે. હવે જયારે કે યુદ્ધના મેદાનમાં તેણે પોતાના પવિત્ર અક઼ીદાનું ખુલ્લમ ખુલ્લુ સબૂત દઈ દીધું, તો સવાલ દોહરાવવું





ક઼બ્રમાં કેમ કરીને થશે ? કુર્તબી કહે છે કે જયારે શહીદથી સવાલ નહીં થશે તો સિદ્દીક઼ તો તેનાથીય મર્તબામાં ઉચ્ચ છે. તેનાથી વધુ તે શખ્સ જેણે યુદ્ધ પણ ન કર્યું બલ્કે કેવળ પોતાનો ઘરબાર ત્યજીને સરહદની સુરક્ષા માટે આવ્યો તે પણ સવાલથી મેહફૂઝ રહેશે. તો સિદ્દીક઼નું તે પછી શું કહેવું ? હકીમ તિર્મિઝીએ સ્પષ્ટતા કરી દીધી કે 'સિદ્દીક઼ીનથી સવાલ નહીં થાય તેમના પોતાના શબ્દો આ છે કે, وَيَفۡعَلُ اللّٰهُ مَا يَشَآءُ ''અને અલ્લાહ તઆલા જે ઈચ્છે છે કરે છે.'' અને તેનો ભાવાર્થ એ સમજીએ છીએ કે અલ્લાહ તઆલાની મરજી એ છે કે કેટલાક લોકોના મર્તબા એટલા ઉચ્ચ ફર્માવી દે કે તેમને ક઼બ્રના સવાલ (કરવા)થી અલગ કરી દે જેમ કે સિદ્દીક઼ીન તથા શહીદો. હકીમ તિર્મિઝીથી જે વાત નકલ થયેલ છે તેનાથી જાણ થાય છે કે આ ઈનામ યુદ્ધના મેદાનમાં શહીદ થવાવાળાઓ સાથે જ ખાસ છે, પરંતુ હદીષોથી આ તરફ માર્ગદર્શન મળે છે કે આ દરેક પ્રકારના શહીદ માટે આમ છે. ઈબ્ને હજરે 'બિ ઝિલ્લિલ્ માઊન ફી ફઝ્લિત્ તાઊન'માં વિશ્વાસથી કહ્યું કે પ્લેગથી મૃત્યુ પામનાર પણ ક઼બ્રના સવાલથી અલગ કરેલ છે. કારણ કે તે યુદ્ધમાં શહીદ થવાવાળાની જેમ છે કે જે આ રોગમાં સબ્ર કરે છે તે યક઼ીન કરી લે છે કે તેને તે મુસીબત પહોંચી શકે છે જે અલ્લાહની તરફથી પ્રથમથી લખાયેલ હોય છે. આ રીતે તેના દિલની સત્યતા જાહેર થઈ જાય છે પછી તેનાથી ફરીવાર સવાલની શું જરૂર ? હકીમ તિર્મિઝીએ ફર્માવ્યું કે જે શખ્સ અલ્લાહના માર્ગમાં સરહદોની હિફાઝત કરે છે તેનાથી સવાલ ન થવાનું કારણ એ છે કે તેણે ખૂદને અલ્લાહના દુશ્મનો સાથે મુકાબલો કરવા માટે રોકી રાખ્યો છે. હવે જયારે કે તે આ જ સ્થિતિમાં મૃત્યુ પામ્યો તો તેના દિલની સત્યતા સ્પષ્ટ થઈ જશે અને ક઼બ્રના ફિત્નાથી સુરક્ષિત થઈ જશે. અને જે શખ્સ જુમ્આએ મરણ પામે છે તેના પર તે ઈનામોથી પર્દાઓ ઉઠી જાય છે જે અલ્લાહે તેના માટે તૈયાર કર્યું છે. કારણ કે જુમ્આના દિવસે જહન્નમ ભડકાવવામાં નથી આવતી અને ન જહન્નમના દરવાજા ખુલે છે, તે દિવસે અલ્લાહ તઆલાના કોઈ મો'મિન (બંદા)ની રૂહ કબ્ઝ થવી તેના નેક હોવાની દલીલ પૂરતી છે. જે શખ્સ જુમ્આના દિવસે મૃત્યુ પામે છે તેને શહીદ

જેવો સવાબ મળે છે, બીજુ કે ક઼યામતના દિવસે તેના પર શહીદનો સિક્કો હશે.

**(૧૧)** હુમેદે પોતાની "તરગીબ"માં અયાસ બિન બુકેરથી રિવાયત કરી કે જે શખ્સ જુમ્આના મુત્યુ પામ્યો તેને શહીદનો સવાબ મળશે અને ક઼બ્રના અઝાબથી મેહફૂઝ રહેશે.

**(૧૨)** હુમૈદે પોતાની સનદથી અતા બિન યસ્સારથી વર્ણવેલ રિવાયત વધારા સાથે રિવાયત કરી. પરંતુ જો શહીદમાં વધુ સામેલ કરી લેવામાં આવે તો ખૂબ જ સારું થાય કેમ કે શહીદો ત્રીસથી વધુ (પ્રકારના) છે. મેં તેને એક સંપૂર્ણ પુસ્તકમાં લખ્યું છે. આ પ્રશ્ન વધુ પ્રમાણમાં કરવામાં આવે છે કે કે શું ક઼બ્રમાં બાળકોને પણ સવાલ થશે ? તો આ સમસ્યાને ઈબ્ને ક઼ય્યિમ 'કિતાબુર્રરૂહ'માં વર્ણવતાં હંબલીઓના બે ક઼ૌલ વર્ણન કર્યા છે. પ્રથમ તો એ કે સવાલ થશે કારણ કે હદીષમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ એક બાળકની નમાઝે જનાઝા પઢાવી અને દુઆ કરી કે, હે અલ્લાહ ! તું આને ક઼બ્રના અઝાબથી બચાવજે. કુર્તબીએ પણ આના પર યક઼ીન પ્રદર્શિત કર્યું છે અને કહ્યું કે તે સમયે તેમની બુદ્ધિ સંપૂર્ણ કરી દેવામાં આવે છે જેથી તે પોતાની ખુશ નસીબીને પારખી શકે અને તેને સવાલોના જવાબો પણ ઈલ્હામ થકી બતાવી દેવામાં આવે છે. ઝિહ્હાકે પણ આ જ કહ્યું. ઈબ્ને જરીરે જુબૈરથી રિવાયત કરી કે ઝિહ્હાક બિન મઝાહિમનો છ મહિનાનો પુત્ર મૃત્યુ પામ્યો તો આપે ફર્માવ્યું કે, જ્યારે મારા પુત્રને તેની ક઼બ્રમાં રાખો તો તેનું મોઢું ખોલી આપજો અને ગાંઠ પણ ખોલી નાખશો, કારણ કે મારા પુત્રને બેસાડવામાં આવશે અને સવાલ કરવામાં આવશે. મેં પૂછયું કે તેનાથી શું સવાલ થશે ? તો તેમણે કહ્યું કે, આદમ علیہ السلامની પીઠમાં જે ઈકરાર લેવામાં આવ્યો હતો.

દ્વિતિય ક઼ૌલ એ છે કે સવાલ નહીં થાય, કેમ કે સવાલ તો તેને થશે કે જે રસૂલ ﷺ અને તેના મોકલનારને સમજતો હોય તો તેને પૂછવામાં આવશે કે તેણે તેની ફર્માબરદારી કરી કે નહીં ? અને હદીષનો જવાબ એ છે કે ક઼બ્રના અઝાબથી મુરાદ ન ક઼બ્રનો અઝાબ છે અને ન સવાલ, બલ્કે તે તકલીફ છે જે રંજ અને અફસોસ તથા ભયના કારણે થશે અને





આ બાળકોને પણ છે. આ ક઼ૌલ દુરુસ્ત તથા સત્ય છે. નસફીએ 'બહરુલ ક઼લામ'માં કહ્યું કે અંબિયા તથા મો'મિનોના બાળકોથી હિસાબો કિતાબ નહીં થાય અને ન મુન્કર નકીરના સવાલ થાય. અમારા શાફઈ ઉલમાએ ફર્માવ્યું કે દફન બાદ બાળકને તલ્ક઼ીન ન કરવામાં આવે, એ ફક્ત બાલિગ માટે છે. જેથી અલ્લામા નૌદીએ 'અર્ર રોઝા'માં પણ વર્ણન કર્યું અને આ એ વાતની દલીલ છે કે બાળકોથી સવાલ નહીં થશે. અને હાફિઝ ઈબ્ને હજરનો પણ આ જ ફત્વો છે.

**ફાયદો** : ઈબ્ને જૌઝીએ અનસની હદીષથી મરફુઅન રિવાયત કરી જે શખ્સ દાઢીમાં ખિઝાબ (એટલે તે ખિઝાબ જે સુન્નત છે અને તે મહેંદી વગેરેનો હોય, ન કે કાળા કેમિકલનો ખિઝાબ જેને ફિરઓને લગાડયો હતો) લગાડતો હતો તે મૃત્યુ પામ્યો તો તેનાથી મુન્કર નકીર સવાલ નહીં કરે. મુન્કર કહેશે, હે નકીર ! હું આ શખ્સને કેમ કરીને સવાલ કરું કે જેના ચેહરા પર ઈસ્લામનું નૂર ચમકે છે !

## ★ ક઼બ્રની ગભરામણ અને તેનું મો'મિન માટે વિશાળ થવું અને આસાન થવું ★

**(૧)** હાકિમ, બયહકી, ઈબ્ને માજા અને હનાદે 'ઝોહદ'માં ઉષ્માનના ગુલામ હાનીથી રિવાયત કરી. હઝરત ઉષ્માન જ્યારે ક઼બ્ર પાસે ઊભા રહેતા તો એટલા રડતા કે આપની દાઢી ભીની થઈ જતી. તો તેમને કહેવામાં આવ્યું કે આપ જહન્નમનું ઝિક્ર કરો છો અને નથી રડતા પરંતુ ક઼બ્રને જોઈને રડો છો ?! તો આપે ફર્માવ્યું, ક઼બ્ર પહેલી મંઝિલ છે, જેણે તેનાથી નજાત મેળવી તો બાદવાળી મંઝિલો તેના માટે આસાન છે. અને જો તેણે નજાત ન પામી તો બાદવાળી મંઝિલો તેનાથીયે વધુ કપરી અને મુશ્કેલ છે. અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, ક઼બ્રનો મંઝર દરેક મંઝરથી અધિક બિહામણો છે.

**(૨)** ઈબ્ને માજાએ બરાઅ્થી રિવાયત કરી અને રસૂલુલ્લાહ ﷺ સાથે એક જનાઝામાં શરીક હતા તો આપ ક઼બ્રના કિનારા પર બેસી ગયા અને પોતે પણ રડયા અને અન્યોને પણ રડાવ્યા એટલે સુધી કે માટી ભીની થઈ ગઈ. પછી ફર્માવ્યું, હે ભાઈઓ ! આના માટે તૈયારી કરો !

**(૩)** અહમદ, નિસાઈ તથા ઈબ્ને માજાએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી. એક શખ્સનો મદીનામાં ઈન્તેકાલ થઈ ગયો. આપે ફર્માવ્યું, કાશ ! કે આનું મૃત્યુ તેના વતનમાં થાત ! તો લોકોએ અર્ઝ કરી કે તે કેમ ? તો આપે ફર્માવ્યું, એટલા માટે કે **જ્યારે ઈન્સાન પોતાની જન્મભૂમિ સિવાય અન્ય જગાએ મૃત્યુ પામે છે તો તેને જન્નતમાં એટલા અંતર જેટલી જગા આપવામાં આવશે.** (ઈબ્ને મસઊદથી પણ આવી જ મરવી છે.)

**(૪)** બયહકીએ 'અઝાબે કબ્ર'માં અને ઈબ્ને અબીદુન્યાએ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થકી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કબ્ર ક્યાં તો જહન્નમનો ખાડો છે ક્યાં તો જન્નતનો ટુકડો છે. (ઈબ્ને અબી શૈબાહે પણ આ જ રિવાયત કરી.)

**(૫)** ઈબ્ને મુંદાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મો'મિન પોતાની કબ્રમાં સિત્તેર હાથની લીલીછમ ઘાસમાં ફરતો રહે છે અને ચૌદમીના ચંદ્રની જેમ કબરો હોય છે.

**(૬)** અલી બિન મઅ્બદે મઆઝાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં હઝરત આઈશા رضی اللہ عنہاથી પૂછયું કે, એ બતાવો કે મુડદા સાથે શું થાય છે ? તો આપે ફર્માવ્યું, જો તે મો'મિન છે તો તેની કબ્ર ચાલીસ હાથ પહોળી કરી દેવામાં આવે છે. કુર્તબીએ કહ્યું કે આ મામલો કબ્રના દબાવ્યા અને સવાલ બાદ થશે અને કાફિરની કબ્ર લગાતાર સાંકડી જ રહેશે. હુઝૂર صلی اللہ علیہ وسلمનું ફર્માન رَوضَةٌ مِّن رِيَاضِ الجنَّة او حُفرةٌ مِّن حُفَرِ النَّارِ આપણી નજીક હકીકત પર આધારિત છે. તેનાથી હકીકત વિરુદ્ધ અર્થ મુરાદ નથી અને મો'મિનની કબ્ર હરીયાળીથી ભરાઈ જાય છે. અને અમુક આલિમોએ તેનો હકીકત વિરુદ્ધ અર્થ મુરાદ લીધો એટલે કે મો'મિન પર સવાલનું સરળ થઈ જવું અને શાંતિ તથા આરામથી રહેવું મતલબ કે દષ્ટિની હદ સુધી વિશાળતા ફેલાયેલી હોય છે. કુર્તબી કહે છે સહીહ પ્રથમ વાત જ છે.

**(૭)** અહમદે 'ઝોહદ'માં અને ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબુલ્ કુબૂર'માં વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી. હઝરત ઈસા علیہ السلام





પોતાના હવ્વારીઓ સાથે એક કબ્ર પાસે ઊભા હતા તો લોકોએ કબ્રની ભયાનક્તા, અંધારા અને સંકડામણનો ઉલ્લેખ કર્યો તો આપે ફર્માવ્યું કે, તમે તેનાથીયે વધુ તંગ જગ્યામાં હતા એટલે માંના પેટમાં.

**(૮)** ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબુલ્ મખ્તસરીન'માં અબૂ ઉમામાના મિત્ર અબૂ ગાલિબથી રિવાયત કરી કે શામ (દેશ)માં એક શખ્સના મૃત્યુનો સમય આવ્યો તો તેણે પોતાના કાકાને કહ્યું કે જો મને અલ્લાહ મારી માતા તરફ પરત કરે તો બતાવો કે તે મારી સાથે શું વર્તન કરશે ? તેમણે કહ્યું કે, ખુદાની કસમ ! તે તમને જન્નતમાં દાખલ કરશે. તો તે શખ્સે કહ્યું, અલ્લાહ મારા પર માતાથીયે અધિક મહેરબાન છે ! પછી તે નવજવાનનો આ વાતચીત પછી ઈન્તેકાલ થઈ ગયો તો હું તેના કાકા સાથે કબ્રમાં પ્રવેશ્યો તો અચાનક એક ઈંટ પડી ગઈ તો તેના કાકા કૂદીને આગળ વધ્યા, પછી થંભી ગયા. મેં કહ્યું, શું છે ? તો તેણે જવાબ આપ્યો, તેની કબ્ર નૂરથી ભરપૂર છે અને દષ્ટિની હદ સુધી પહોળી છે.

**(૯)** ઈબ્ને અબીદુન્યાએ મુહમ્મદ બિન અબ્બાનથી રિવાયત કરી અને તેમણે હુમૈદથી. તેમણે કહ્યું, મારી એક ભત્રીજી હતી અને તેમણે પણ (એક રિવાયત) ઉપરોક્ત હિકાયતની જેમ સંભળાવી, પરંતુ તેમણે કહ્યું કે મેં કબ્રમાં ડોકીયુ કરીને જોયું તો તે મારી દષ્ટિની હદ સુધી પહોળી હતી તો મેં પોતાના સાથીને કહ્યું, શું તમને પણ તે દેખાયું જે મને દેખાયું હતું ? તો તેમણે કહ્યું કે, હા ! મેં કહ્યું કે તમને અભિનંદન !

**(૧૦)** ઈબ્ને અબીદુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી. તે કહે છે, બનૂ હઝરમીના બુઝુર્ગોમાં એક બુઝુર્ગ શખ્સ બસરામાં રહેતો હતો. તેનો એક ભત્રીજો હતો જે બદ્ચલન સ્ત્રીઓની સોહબતમાં રહેતો હતો. બુઝુર્ગ હમેશાં પોતાના તે ભત્રીજાને નસીહત કરતા હતા. અચાનક ! તે પુત્ર મરણ પામ્યો. જ્યારે તેને કબ્રમાં ઉતારવામાં આવ્યો તો કંઈક શંકા થઈ. જેથી એક ઈંટ સરકાવીને અંદર જોવામાં આવ્યું તો જણાયું કે તેની કબ્ર બસરાના ઘોડાદોડના મેદાનથી પણ વધુ પહોળી છે અને તે વચ્ચે ઊભો છે. પછી ઈંટને પાછી લગાવી દેવામાં આવી અને ઘરે આવીને તેની પત્નીને તેના અમલો વિશે પૂછવામાં આવ્યું તો તેણીએ કહ્યું કે આ જ્યારે બાંગીની શહાદતો સાંભળતો હતો તો કહેતો કે, 'જેની તું સાક્ષી

આપે છે તેની સાક્ષી હું પણ દઉં છું.' અને અન્યોને પણ કહેતો હતો કે આમ કહો.

**(૧૧)** મને અબ્દુર્રહ્માન બિન અહમદ જઅફીએ પોતાની સનદ થકી વર્ણન કર્યું કે હું કૂફામાં એક જવાનની નમાઝે જનાઝામાં શરીક થયો. હવે જ્યારે તેની કબ્ર ઠીક કરવા માટે પ્રવેશ્યો તો ઈંટો લગાડવામાં એક ઈંટ પડી ગઈ તો મને અંદર કા'બા અને તવાફનું દશ્ય દેખાયું !

**(૧૨)** અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ બિન અબી સુફયાનની 'કિતાબુદુન્યા'માં છે કે મને એક કબ્ર ખોદવાવાળાએ બતાવ્યું કે હું બે કબ્રો ખોદી ચૂક્યો તો ત્રીજી કબ્રમાં લાગી ગયો. તડકો ખૂબ સખત હતો તો મેં ખાડાની ઉપર ચાદર નાંખી દીધી અને હું અંદર બેસી ગયો. એટલામાં બે શખ્સ સફેદ ઘોડાઓ પર સવાર થઈને આવ્યા. અને પહેલી કબ્ર પાસે ઊભા થઈ ગયા. પછી તેઓમાંથી એકબીજાને કહ્યું કે લખો ! તેણે કહ્યું કે શું લખું ? તેણે કહ્યું, ચારેકોર ત્રણ માઈલ લખો. પછી બીજી કબ્ર પર પહોંચ્યા અને કહ્યું કે લખો ! દષ્ટિની હદ સુધી ! પછી તે કબ્ર પર આવી ગયા જેમાં હું હતો તો એકે બીજાને કહ્યું કે લખ ! તેણે કહ્યું કે શં લખું ? કહ્યું કે લખ : فَتَرٌ فِى فَتَرٌ (કમજોરીમાં કમજોરી) હવે હું બેસીને જનાઝાઓની રાહ જોવા લાગ્યો તો એક જનાઝો થોડા ઈન્સાનો સાથે આવ્યો અને પહેલી કબ્ર પર રોકી દેવામાં આવ્યો. મેં કહ્યું કે આ કોની મૈયત છે ? જવાબ મળ્યો કે એક પાણી ભરવાવાળાની છે, વધુ ઉંમરનો હતો મૃત્યુ પામી ગયો. અમે ચંદો કર્યો અને તેના દફનની વ્યવસ્થા કરી દીધી. મેં કહ્યું, હું કાંઈ નહીં લઈશ, આ તેનાં બાળકોને દઈ દેજો. મેં તેને તેમની સાથે મળીને દફન કરી દીધો. પછી બીજો જનાઝો આવ્યો તેની સાથે માત્ર તેના ઉઠાવવાવાળા જ હતા. આ તે (કબ્ર) પર જેના વિશે કહેવામાં આવ્યું હતું કે, 'દષ્ટિના અંત સુધી' રોક્યો. મેં પૂછ્યું, આ કોની કબ્ર છે ? તેમણે કહ્યું, એક વટેમાગુ છે જે ઘોડા પર મૃત્યુ પામ્યો હતો. હવે ઈશા નજીક એક સરદારની ઔરતને લાવ્યા, મેં દફન કર્યા બાદ પૈસા માંગ્યા તો તેમણે મારા માથા પર ચંપ્પલ માર્યા અને ચાલ્યા ગયા.

**(૧૩)** ઈબ્ને અબીદુન્યાથી મરવી છે. એક શખ્સ એવા સમયે આવ્યો




જ્યારે કે મૈયતને તેની કબ્રમાં સૂવડાવવામાં આવી રહી હતી. તો તેણે કહ્યું કે જે માંના પેટમાં બાળક પર આસની કરે છે તે તારા પર પણ આસાની કરી શકે છે.

**(૧૪)** ઈબ્ને અબીદુન્યાથી મરવી છે. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કબ્રની તારીકી અને તંગીનો શું હાલ હશે ? આપે ફર્માવ્યું, ઈન્સાન જે સ્થિતિ પર હોય છે તે જ સ્થિતિ પર તેનું મૃત્યુ થાય છે.

**(૧૫)** આજરીએ 'કિતાબુલ્ ગુર્બા'માં રિવાયત કરી. એક શખ્સે વર્ણન કર્યું કે મેં બેહરૈનમાં એક મૈયતને ગુસ્લ આપ્યું તો તેના માંસ પર લખેલ હતું : طوبى لك ياغريب મેં ધ્યાનથી જોયું તો આ લખાણ ચામડી અને માંસની વચ્ચે હતું.

**(૧૬)** ઈબ્ને અસાકિરે પોતાની 'તારીખ'માં ઉકબા બિન અબી મુઈત થકી રિવાયત કરી. તે કહે છે, હું અહનફ બિન કૈસના જનાઝામાં શરીક થયો અને તેની કબ્રમાં ઉતર્યો તો મેં જોયું કે તેને દષ્ટિના અંત સુધી પહોળી કરી દેવામાં આવી છે. તો મેં સાથીઓને બતાવ્યું પરંતુ જે મેં જોયું તેઓ ન જોઈ શક્યા.

**(૧૭)** અબુલ્ હસન બિન સુરલીએ 'કિતાબ કરામાતુલ્ ઔલિયા'માં રિવાયત કરી. હજ્જાજે માહાન હનફીને તેના દરવાજા પર ફાંસી દીધી. કારણ કે તેની ટેવ હતી કે કારીઓને તેમના દરવાજા પર જ ફાંસી દેતો હતો, તો અમે રાત્રીના સમયે ત્યાં રોશની જોતા હતા.

**(૧૮)** ઈબ્ને અબી શૈબાહે 'મુસન્નફ'માં અને અબૂ દાઊદે પોતાની 'સુનન'માં આઈશા رضی اللہ عنہا થકી રિવાયત કરી કે, જ્યારે નજ્જાશીનું મૃત્યુ થઈ ગયું તો અમે તેની કબ્ર પર હમેશાં નૂર જોતા હતા.

**(૧૯)** અબૂ નુઐમે મુગીરહ્ બિન હબીબથી રિવાયત કરી, અબ્દુલ્લાહ બિન ગાલિબ દાની એક યુદ્ધમાં શહીદ થઈ ગયા. જ્યારે તેમને દફન કરવામાં આવ્યા તો તેમની કબ્રથી મુશ્કની સુગંધ આવી.

એકવાર તેમના કોઈ ભાઈએ તેમને સ્વપ્નમાં જાયા તો પૂછયું, તમારી સાથે શું વર્તન થયું ? કહ્યું, ખૂબ સારું ! પછી પૂછયું, શું ઠેકાણું મળ્યું ?

કહ્યું, જન્નત ! પછી પૂછયું, શા કારણે ? કહ્યું, ભલી ઉમ્મીદો અને તહજ્જુદની નમાઝ તથા તરસા રહેવું (રોઝા રાખવા). પૂછયું કે, સુગંધ તમારી કબ્રમાંથી શાની આવતી હતી ? કહ્યું, આ તિલાવત અને રોઝાના કારણથી છે.

**(૨૦)** અહમદે 'ઝોહદ'માં માલિક બિન દીનારથી રિવાયત કરી. હું અબ્દુલ્લાહ બિન ગાલિબની કબ્રમાં ઉતર્યો અને થોડી માટી હાથમાં લીધી તો તે મુશ્કની જેમ હતી. હવે લોકો તે કબ્રના કારણે ફિત્નામાં સપડાઈ ગયા (એટલે કે કબ્ર સાથે સહી ઈસ્લામી તરીકાથી પેશ ન આવ્યા) તો તેમને ઢગલો કરી દેવામાં આવ્યા.

**(૨૧)** ફિરદૌસ દૈલમીમાં છે, આખિરતના ન્યાયની પ્રથમ મંઝિલ કબ્ર છે જેમાં નેક તથા બદ્દમાં કોઈ તફાવત નથી.

**(૨૨)** ઈબ્ને અબ્બાસથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બંદાની સૌથી અધિક રહમ કરવાને પાત્ર હાલત તે હોય છે જ્યારે તેનાં ઘરવાળાઓ તેને દફન કરીને પરત જાય છે.

**(૨૩)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ આસિમ હંબલીથી મરફૂઅન રિવાયત કરી કે સૌ પ્રથમ તોહફો મો'મિનને તેની કબ્રમાં એ મળે છે કે, 'તું ખુશ થઈ જા !' કેમ કે જે લોકોએ તારા જનાઝાનો સાથ આપ્યો તેમની બખ્શિશ થઈ ગઈ. (જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થકી પણ આવી જ રિવાયત છે.)

આ વિષયની ઘણી હદીષો અન્ય હઝરાતથી મરવી છે.

## ★ કબ્રના અંધકારનું નિવારણ ★

**(૧)** મુસ્લિમે ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ અબૂ સલ્માના મૃત્યુ પર ફર્માવ્યું, હે અલ્લાહ ! તેના માટે ફર્રાખી (વિશાળતા) અતા ફર્માવ અને તેની કબ્રને મુનવ્વર ફર્માવ.

**(૨)** મુસ્લિમે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, કબ્રો અંધકારમાં ડૂબેલી છે. અલ્લાહ તઆલા લોકો પર મારી દુઆ કરવાના લીધે તેને મુનવ્વર ફર્માવશે.

**(૩)** દૈલમીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે, મસ્જિદમાં





હસવું કબ્રમાં તારીકી (અંધકાર)નો સબબ છે.

**(૨૪)** ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબુત્તહજ્જુદ'માં સિર્રી બિન ફહલદથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબૂઝરથી ફર્માવ્યું, જ્યારે તમે ક્યાંક સફર પર જતા હોય તો કેટલી તૈયારી કરો છો ?! તો કયામતના સફરની તૈયારીની સ્થિતિ શું હશે ? હે અબૂઝર ! હું તમને એવી ચીજ બતાવું છું જે તમને ફાયદો આપે. અબૂઝરે અર્ઝ કરી કે મારા માં બાપ આપ પર કુર્બાન ! બતાવો ! તો આપે ફર્માવ્યું, **સખત ગરમીની ઋતુમાં હશ્ર માટે રોઝા રાખો અને રાત્રીના અંધકારમાં બે રકાતો પઢયા કરો જેથી કબ્રમાં રોશની થાય.**

**(૫)** દૈલમી અને ખતીબે 'સર્-રૂઆ્યા'માં માલિકથી અને અબૂ નુઐમ તથા ઈબ્ને અબ્દુલ્લાહે 'તમ્હીદ'માં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે દરરોજ સો વખત لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْمَلِكُ الْحَقُّ الْمُبِيْن પઢયું તો તે મોહતાજીથી મેહફૂઝ રહેશે. કબ્રમાં ગભરામણ નહીં થાય. અને જન્નતના દરવાજા તેના માટે ખોલી દેવામાં આવશે. (ખતીબે પણ આને હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી.)

**(૬)** દૈલમીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જ્યારે આલિમ મૃત્યુ પામે છે તો તેનું ઈલ્મ કયામત સુધી કબ્રમાં તેને હુંફ આપવા માટે શક્લ ધારણ કરીને રહે છે અને જમીનના કીડાને દૂર કરે છે.**

**(૭)** ઈમામ અહમદે 'ઝોહદ'માં અને ઈબ્ને અબ્દુલ્લાહે 'કિતાબુલ્ ઈલ્મ'માં પોતાની સનદ થકી કઅબથી રિવાયત કરી કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને વહી ફર્માવી કે ભલાઈની વાતો ખૂદ પણ શીખો અને અન્યોને પણ શિખવાડો કારણ કે હું ભલાઈના શીખવા અને શીખડાવવાવાળાઓની કબ્ર મુનવ્વર કરીશ જેથી તેમને ભય ન લાગે.

**(૮)** લાલકાઈએ સુન્નહ્માં ઈબ્રાહીમ બિન અદહમથી રિવાયત કરી. મેં એક જનાઝાને ઉઠાવ્યો તો કહ્યું, અલ્લાહ તઆલા મારા માટે મૌતમાં બરકત દે ! તો કોઈ બોલવાવાળો મૈયતના તખ્તા પરથી બોલ્યો, 'અને મૃત્યુ પછી પણ ! આ સાંભળી મારા પર ખૂબ ડર છવાઈ ગયો. જ્યારે

લોકો દફન કરી ચૂક્યા તો હું ક઼બ્ર પાસે ચિંતાજનક બેસી ગયો કે એકાએક ક઼બ્રથી એક શખ્સ જાહેર થયો જેનાં કપડાં સાફ હતાં, સુંદર ચહેરો હતો અને ખુશ્બૂ મહેકી રહી હતી. તેણે મને કહ્યું, હે ઈબ્રાહીમ ! મેં કહ્યું, લબ્બૈક ! આપ કોણ છો ? અલ્લાહ આપ પર રહમ ફર્માવે ! તેણે કહ્યું, તખ્તા પરથી 'મૌત પછી પણ' કહેવાવાળો હું જ છું. મેં કહ્યું, આપનું નામ શું છે ? તો તેમણે કહ્યું, મારું નામ સુન્નત છે, હું દુનિયામાં ઈન્સાનની હોઉં છું અને ક઼બ્રમાં નૂર, સાથી તથા ગમ દૂર કરનાર અને ક઼યામતમાં જન્નતનું માર્ગદર્શન આપનાર હોઉં છું.

**(૯)** મુહમ્મદ બિન લાલ અને અબુશૈખે 'અશ્ર–ષવાબ'માં તથા ઈબ્ને અબીદુન્યાએ જા'ફર બિન મુહમ્મદથી, તેમણે પિતાથી, તેમણે દાદાથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ કોઈ મો'મિનને ખુશીની વાત સંભળાવે છે તો અલ્લાહ તેનાથી એક ફરિશ્તો પેદા ફર્માવે છે જે અલ્લાહની ઈબાદત તથા તૌહીદ બયાન કરે છે. અને જ્યારે આ મૃત્યુ પામે છે તો ખુશીનો આ ફરિશ્તો તેની ક઼બ્રમાં આવે છે અને પૂછે છે, શું તમે મને ઓળખો છો ? તો તે બંદો પૂછે છે કે તમે કોણ છો ? તે કહે છે, હું તે ખુશીની શક્કલ છું જે તેં ફલાણા મો'મિનને અતા કરી હતી. હવે હું તારી તન્હાઈમાં તારો સાથી છું અને હું તને તારી દલીલ બતાવીશ અને સત્ય ક઼ૌલથી તને અડગતા અતા કરીશ અને ક઼યામતમાં તારી પાસે આવીશ અને તારા માટે શફાઅત કરીશ અને તારું ઠેકાણું તને જન્નતમાં દેખાડીશ.

**(૧૦)** ઈબ્ને મુન્દાએ અબૂ કાહિલથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબૂ કાહિલા ! સારી પેઠે **જાણી લો કે જે લોકોને તકલીફ પહોંચાડવાથી દૂર રહ્યો તો અલ્લાહ તેને ક઼બ્રની તકલીફથી જરૂર મેહફૂઝ રાખશે.**

**(૧૧)** અબુલ ફઝ્લ તૂસીએ 'ઉયૂનુલ્ અખ્બાર'માં ઉમર થકી મરફૂઅન રિવાયત કરી કે, જેણે અલ્લાહની મસ્જિદોને રોશન કરી અલ્લાહ તેની ક઼બ્રોને રોશન કરશે અને જેણે તેમાં ખુશ્બૂઓ રાખી તો અલ્લાહ તઆલા જન્નતમાં તેના માટે ખુશ્બૂ તૈયાર ફર્માવશે.

**(૧૨)** દૈલમીએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنهથી રિવાયત કરી.





રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૂસા عليه السلامએ અલ્લાહ તઆલાને અર્ઝ કરી કે બીમારની ખબરગીરી કરનારને શું સવાબ મળશે ? તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેના માટે બે ફરિશ્તાઓ નિયુક્ત કરવામાં આવશે જે ક઼બ્રમાં દરરોજ તેની ખબરગીરી કરશે ત્યાં સુધી કે ક઼યામત આવી જશે. સઈદ બિન મન્સૂરે પણ આવી જ રિવાયત કરી.

**(૧૩)** હકીમ તિર્મિઝીએ અબૂ હુઝૈફાથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું, ક઼બ્રમાં પણ હિસાબ (થાય) છે અને આખિરતમાં પણ હિસાબ છે. તો જેનો હિસાબ ક઼બ્રમાં થઈ ગયો તેને નજાત થઈ ગઈ અને જેનો ન થયો તેને ક઼યામતમાં અઝાબ થશે. તો મો'મિનનો હિસાબ ક઼બ્રમાં થાય છે કે કાલે હશ્રના મેદાનમાં સરળતા થાય.

**(૧૪)** અહમદે હઝરત આઈશા رضي الله عنهاથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ શખ્સ એવો નહીં થાય કે તેનો હિસાબ હશ્રમાં થાય અને તેની મગફેરત કરવામાં આવે. મુસલમાન પોતાના અમલ ક઼બ્રથી જ જોઈ લેશે.

**(૧૫)** ઈબ્ને અસાકિરે પોતાની 'તારીખ'માં હુઝૈફાથી રિવાયત કરી. ક઼સમ છે તે જાતની કે જેના કબ્જા તથા કુદરતમાં મારો પ્રાણ છે ! જે શખ્સ ઉષ્માનના કત્લથી રજકણ બરાબર તરફદારી રાખશે, જો તે દજ્જાલનો જમાનો પામશે તો તેના પર ઈમાન લાવશે, નહીંતર તે તેના પર ક઼બ્રમાં ઈમાન લાવશે.

## ★ ક઼બ્રના અઝાબનું વર્ણન ★

અમે ક઼બ્રના અઝાબથી અલ્લાહની પનાહ માંગીએ છીએ. ક઼બ્રના અઝાબનો ઉલ્લેખ કુર્આન મજીદમાં ઠેર ઠેર છે જેમ કે મેં પોતાની કિતાબ 'ઈકલિલ્ ફી ઈસ્તમ્બાતિલ્ તન્ઝીલ'માં વર્ણન કર્યું.

**(૧)** બુખારીએ હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી. **રસૂલુલ્લાહ ﷺ દુઆ ફર્માવતા હતા :**

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِكَ مِنْ عَذَابِ الْقَبْرِ **"હે મારા રબ ! હું અઝાબે ક઼બ્રથી તારી પનાહ માંગુ છું !"**

**(૨)** બુખારીએ હઝરત આઈશા رضي الله عنهاથી રિવાયત કરી.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼બ્રનો અઝાબ હક્ક઼ છે.

**(૩)** ઈબ્ને અબી શૈબા તથા મુસ્લિમે ઝૈદ બિન ષાબિતથી રિવાયત કરી. હુઝૂર ﷺ બનૂ નજ્જારના બાગમાં પોતાના ખચ્ચર પર સવાર હતા અને અમે આપની સાથે હતા કે એટલામાં ખચ્ચર ઉછળવા લાગ્યો. હવે જે જોયું એ કે છ કે પાંચ કે ચાર ક઼બ્રો તેની નજીક હતી. હુઝૂર عليه السلامએ પૂછ્યું, આ ક઼બ્રવાળાઓને કોણ ઓળખે છે ? તો એક શખ્સ બોલ્યો, હું ઓળખું છું. આપે ફર્માવ્યું, આ ક્યારે મૃત્યુ પામ્યા ? તો તેણે કહ્યું, શિર્કની હાલતમાં મર્યા. તો આપે ફર્માવ્યું, આ લોકોને ક઼બ્રમાં અઝાબ થઈ રહ્યો છે (જાણે આપની સવારીએ આલમે બરઝખમાં થતા અઝાબને જોઈ લીધો કે સાંભળી લીધો અને ઉછળવા લાગી). જો તમારા મૃત્યુનો ખતરો ન હોત તો હું દુઆ કરત કે આ અઝાબ તમને સંભળાવવામાં આવે. અહમદ અને બઝ્ઝારે જાબિરથી આ જ રિવાયત કરી.

**(૪)** ઈબ્ને અબી શૈબા તથા શૈખૈને હઝરત આઈશા رضي الله عنهاથી રિવાયત કરી. નબી ﷺએ ફર્માવ્યું, ક઼બ્રવાળાઓને એવો અઝાબ આપવામાં આવે કે જેને ચોપગાં સાંભળે છે.

**(૫)** અહમદ, અબૂ યઅ્લા તથા આજરીએ અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **કાફિર પર તેની ક઼બ્રમાં ક઼યામત સુધી નવ્વાણુ અજગર નિયુક્ત કરવામાં આવે છે જે તેને ડંસતા રહે છે.**

**(૬)** અબૂ યઅ્લા, આજરી તથા ઈબ્ને મુન્દાએ અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **મો'મિનની ક઼બ્રમાં બાગ હોય છે અને ક઼બ્ર સિત્તેર મિટર તેના માટે પહોળી કરી દેવામાં આવે છે. અને તેમાં ચૌદમીના ચંદ્રની જેમ ઉજાશ હોય છે.** પછી આપે ફર્માવ્યું, શું તમને આ આયત **فَاِنَّ لَهٗ مَعِيْشَةً ضَنْكًا** વિશે માલૂમ છે કે કોના માટે નાઝિલ થઈ ? સહાબાએ અર્ઝ કરી, **اَللّٰهُ وَرَسُوْلُهٗ اَعْلَمُ** "અલ્લાહ અને તેના રસૂલ જાણવાવાળા છે." તો આપે ફર્માવ્યું, આ કાફિરના અઝાબે ક઼બ્રના વિશે નાઝિલ થઈ. ક઼સમ છે તેની જેના ક઼બ્ઝા તથા કુદરતમાં મારો પ્રાણ છે ! કાફિર પર તેની ક઼બ્રમાં નવ્વાણુ અજગરો




નિયુક્ત કરી દેવામાં આવે છે જે ક઼યામત સુધી તેને ફેણો માર્યા કરશે અને કરડતા રહેશે.

**(૭)** અહમદે હઝરત આઈશા رضي الله عنهاથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કાફિર પર બે સાપ નિયુક્ત થશે એક માથા તરફ અને બીજો પગ તરફ તે તેને ક઼યામત સુધી ડંસતા રહેશે.

**(૮)** ઈબ્ને અબી શૈબા, ઈબ્ને અબીદુન્યા અને આજરીએ અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "પેશાબના છાંટાઓથી બચો કેમ કે વધુ પ્રમાણમાં ક઼બ્રનો અઝાબ આના કારણે જ થાય છે."

**(૯)** ઈબ્ને અબી શૈબા તથા શૈખેને ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ બે ક઼બ્રો પાસેથી પસાર થયા તો આપે ફર્માવ્યું, આ બંનેવ ક઼બ્રોમાં અઝાબ થઈ રહ્યો છે અને કોઈ મોટી વાતમાં નથી, આમાંથી એક તો પેશાબથી ન બચતો હતો અને બીજો ચુગલખોરી કરતો હતો. પછી આપે એક લીલી ડાળી લીધી અને તેના બે ટુકડા કર્યા અને દરેક ક઼બ્ર પર એક એક લાકડી લગાડી. સહાબાએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આમ કેમ કર્યું ? તો આપે ફર્માવ્યું, ઉમ્મીદ (રસૂલની ઉમ્મીદ પણ યક઼ીન બરાબર હોય છે) છે કે જ્યાં સુધી આ સૂકાશે નહીં અલ્લાહ તેમના અઝાબમાં કમી ફર્માવે. ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ હઝરત મૈમૂના رضي الله عنها થકી આવી જ રિવાયત કરી.

**(૧૦)** અહમદે અનસ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ હઝરત અબૂ તલ્હાના ખજૂરના બાગમાં ફરી રહ્યા હતા અને હઝરત બિલાલ આપની પાછળ હતા. આપે ફર્માવ્યું, હે બિલાલ ! શું તમે સાંભળી રહ્યા છો જે હું સાંભળી રહ્યો છું ? આ ક઼બ્રવાળાઓને અઝાબ આપવામાં આવી રહ્યો છે ! પછી તેના વિશે પૂછવા પર જાણવા મળ્યું કે તે યહૂદી હતો.

**(૧૧)** બયહકીએ હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી. રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼બ્રના અઝાબમાં ત્રણ સબબ હોય છે : (૧) પેશાબ (૨) ગીબત (૩) ચુગલખોરી.

**(૧૨)** ઈબ્ને અબી શૈબાહે ઈકરમાથી અલ્લાહ તઆલાનું ફર્માન

كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحٰبِ الْقُبُوْرِ ની તફસીરમાં આ મુજબ વર્ણન કરી કે, કાફિરો જયારે ક઼બ્રમાં ઝિલ્લતભર્યા અઝાબને નિહાળશે તો અલ્લાહની રહમતથી મેહરૂમ થઈ જશે. (આયતનો અર્થ કાફિરો એટલે ક઼બ્રવાળાઓ નિરાશ થઈ જશે.)

**(૧૩)** તિબ્રાનીએ 'અવસત'માં અને ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ કુબૂર'માં લાલકાઈએ 'મુસ્નદ'માં ઈબ્ને મુન્દાએ ઈબ્ને ઉમર થકી રિવાયત કરી, હું બદ્રની નજીકથી પસાર થઈ રહ્યો હતો કે અચાનક એક શખ્સ ખાડામાંથી નીકળ્યો જેના ગળામાં સાંકળ હતી. તેણે મને પોકાર્યો કે હે અબ્દુલ્લાહ ! મને પાણી પીવડાવો ! હવે મને ખબર નથી કે તેણે મારા નામથી પોકાર્યો કે અરબના તરીક઼ા પર પોકાર્યો. તેની પાછળ એક માણસ કોરડો લઈને નીકળ્યો. તેણે મને કહ્યું કે હે અબ્દુલ્લાહ ! તમે આને પાણી ન પીવડાવશો ! કેમ કે આ કાફિર છે ! પછી તેને કોરડાથી માર્યો ત્યાં સુધી કે તે પોતાના ખાડાની તરફ પરત ચાલ્યો ગયો. તો હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને પ્રસંગ અર્ઝ કર્યો તો આપે ફર્માવ્યું કે શું તમે તેને જોયો ? મેં કહ્યું, હા ! તો આપે ફર્માવ્યું કે તે અલ્લાહનો દુશ્મન અબૂ જહલ હતો અને આ તેનો અઝાબ છે ક઼યામત સુધી !

**(૧૪)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબ મન્ આશ બઅદલ મૌત'માં ઈબ્ને ઉમરથી રિવાયત કરી, હું એક સફરના મોકા પર ઝમાનાએ જાહિલિય્યતના ક઼બ્રસ્તાન પાસે પસાર થયો તો એક ક઼બ્રથી એક આદમી નીકળ્યો જેના પર આગના ભડકા ભડકી રહ્યા હતા અને ગળામાં આગની સાંકળ હતી. મારી પાસે પાણીનું એક વાસણ હતું. જ્યારે તેણે મને જોયો તો કહ્યું કે, હે અબ્દુલ્લાહ ! મને તૃપ્ત કરો ! એટલામાં તેની પાછળ એક આદમી બીજો ક઼બ્રથી નીકળ્યો અને કહ્યું, હે અબ્દુલ્લાહ ! તમે આને તૃપ્ત ન કરશો, કારણ કે આ કાફિર છે. પછી તેણે તેને કોરડાથી માર્યો અને ખેંચીને ક઼બ્રમાં ધકેલી દીધો. પછી મેં રાત એવી ઘરડી સ્ત્રી પાસે પસાર કરી જેના ઘરની નજીક એક ક઼બ્ર હતી તો મેં ક઼બ્રથી અવાજ સાંભળ્યો, بَوْل وَمَابَوْل، شن وماشن મેં ઘરડી સ્ત્રીને પૂછયું કે આ શું છે ? તેણે કહ્યું, આ મારો પતિ છે, જ્યારે પેશાબ કરતો હતો તો તેના





છાંટાઓથી ન બચતો હતો, હું તેને કહેતી હતી કે ઊંટ જયારે પેશાબ કરે છે તો તું છાંટાથી બચતો નથી, પણ તે સાંભળતો ન હતો. તો હવે જયારથી મૃત્યુ પામ્યો છે કહી રહ્યો છે કે, بول ومابول (પેશાબ, પેશાબ શું છે ?) મેં કહ્યું, الشن وماالشن (બહાનું બહાનું શું છે ?) તેણે જવાબ આપ્યો કે તેની પાસે એક તરસ્યો શખ્સ આવ્યો તો તેણે કહ્યું કે મને પાણી પીવડાવો ! તેણે કહ્યું કે કૂંજો લઈ લો ! જયારે તે શખ્સે કૂંજો ઉઠાવ્યો તો તે ખાલી હતો. તે શખ્સ તેને ખાલી જોઈ બેભાન થઈ ગયો અને પછી મૃત્યુ પામ્યો, તો આ તે દિવસથી પોકારી રહ્યો છે, કૂંજો ! કુંજો ! પછી **જ્યારે હું હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો તો આપે એકલા સફર કરવાની મનાઈ ફર્માવી.**

**(૧૫)** ઈબ્ને અબી શૈબાહે કુબૂરમાં હુરૈષ બિન રબાબથી તદ્દન યથાવત પ્રસંગ વર્ણન કર્યો. એમાં આટલા શબ્દો અધિક છે કે જયારે હું આ આશ્ચર્યજનક પ્રસંગ જોઈ ચૂક્યો તો સવારે ઉમર ફારૂક઼ رضي الله عنهની બારગાહમાં હાજર થયો અને પ્રસંગ સંભળાવ્યો તો આપે ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! હું તને જૂઠલાવતો નથી, તેં મને સાચો પ્રસંગ સંભળાવ્યો. પછી હઝરત ઉમર رضي الله عنهએ કેટલાક બુઝુર્ગોને બોલાવ્યા જે જાહિલિયતનો જમાનો પામી ચૂક્યા હતા. જયારે તેઓ આવ્યા તો આપે હુરૈષને કહ્યું, આખો પ્રસંગ આ બુઝુર્ગોને સંભળાવો ! જેથી તેમણે સંભળાવ્યો. તે બુઝુર્ગો સાંભળીને કહેવા લાગ્યા કે, હે અમીરુલ મો'મિનીન ! ક઼બ્રવાળા આદમીને અમે ઓળખી લીધો. આ બનૂ ગફ્ફારનો એક શખ્સ છે જે જાહિલિયતના જમાનામાં મૃત્યુ પામી ચૂક્યો હતો, આ શખ્સ મહેમાનોનો કોઈ હક્ક઼ પોતાના પર ન રાખતો હતો.

**(૧૬)** અહમદ તથા નિસાઈ, ઈબ્ને ખુઝૈમા તથા બયહકીએ અબૂ રાફેઅથી રિવાયત કરી. તે કહે છે કે, હું રસૂલુલ્લાહ ﷺની સાથે બક઼ીઅમાં પસાર થયો તો આપે ફર્માવ્યું, ઉફ ! ઉફ ! તો મેં વહેમ કર્યો કે કદાચ આપ મારો ઈરાદો ફર્માવે છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું મારાથી કોઈ ભૂલ થઈ ?! આપે ફર્માવ્યું, નહીં ! બલ્કે આ ક઼બ્રવાળા શખ્સને મેં બનૂ ફલાણાની પાસે ઝકાત વસૂલ કરવા મોકલ્યો હતો તો એણે બખ્તર ખયાનત રીતે બચાવી. હવે તે બખ્તર આગની થઈ

ગઈ છે અને તેને પહેરાવવામાં આવી છે.

**(૧૭)** ઈબ્ને અબી શૈબા, હન્નાદ તથા ઈબ્ને અબીદુન્યાએ ઉમર બિન શુરજીલ થકી રિવાયત કરી, એક એવા શખ્સનો ઈન્તતેકાલ થઈ ગયો જેને લોકો પરહેઝગાર સમજતા હતા. જ્યારે તે પોતાની ક઼બ્રમાં આવ્યો તો ફરિશ્તાઓએ કહ્યું, અમે તને અલ્લાહના અઝાબના સો કોરડા મારીશું ! તેણે કહ્યું, કેમ મારશો ? જ્યારે કે હું તો પરહેઝગારી ઈખ્તિયાર કરેલ હતો. તો તેઓએ કહ્યું, સારું ચાલો ! પચાસ જ મારીએ ! પછી તે બરાબર જીદ કરતો રહ્યો ત્યાં સુધી કે તે ફરિશ્તાઓ એક કોરડા પર આવી ગયા અને **તેઓએ એક કોરડો માર્યો જેનાથી આખી ક઼બ્ર ભડકી ઉઠી અને તે શખ્સ સળગીને રાખ થઈ ગયો.** પછી તેને જીવંત કરવામાં આવ્યો તો તેણે પૂછયું કે હવે તો બતાવો કે તમે આ કોરડો કેમ માર્યો ? તો તેઓએ જવાબ આપ્યો, **એક દિવસ તેં વિના વુઝૂએ નમાઝ પઢી લીધી હતી અને એક દિવસ એક મઝલૂમ તારી પાસે ફરિયાદ લઈને આવ્યો પરંતુ તેં ફરિયાદ ન સાંભળી.** અબૂશૈખે 'અત્તૌબીબ'માં ઈબ્ને મસઊદથી આવી જ રિવયાત કરી.

**(૧૮)** બુખારી તથા બયહકીએ સુમરા બિન જુન્દુબથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺ પોતાના સહાબાને ઘણીવાર પૂછતા હતા, શું તમારામાં કોઈ કે આજે સ્વપ્ન જોયું છે ? તો એક દિવસ આપે ફર્માવ્યું કે આજે રાત્રે મારી પાસે બે શખ્સ આવ્યા અને તેમણે મને કહ્યું કે અમારી સાથે ચાલો ! હું તેની સાથે થઈ ગયો. તેઓ મને ફિલિસ્તીનમાં લઈ આવ્યા અને મેં જોયું કે એક શખ્સ સૂતેલ છે અને તેના માથા પાસે એક શખ્સ પથ્થર ઉઠાવી ઊભો છે અને એક પછી એક પથ્થરોથી તેના માથાને કચડી રહ્યો છે. માથુ દરેક વખત કચડાઈને ઠીક થઈ જતુ હતું. મેં ફરિશ્તાઓને કહ્યું, સુબ્હાનલ્લાહ ! આ કોણ છે ? તેમણે કહ્યું, આગળ ચાલો ! જેથી અમે એક એવા શખ્સ પાસે પહોંચ્યા જે બોચીભેર સૂઈ રહ્યો હતો અને એક શખ્સ લોખંડનો ચેપીયો લઈ તેની પાસે ઊભો હતો અને તે તેની મૂછો તરફનો ભાગ એકબાજુથી પકડીને તેની ગરદન તરફ ખેંચતો હતો અને તેના નસ્કોરા અને આંખો પણ ગરદન તરફ અને બીજી બાજુથી પણ આવું જ કરતો હતો. હજી એકબાજુથી તે પોતાનું




કામ પૂરુ કરવા પામતો હતો કે બીજી બાજુ ઠીક થઈ જતું. પછી તે તે જ કામમાં લાગી જતો. મેં તેમને પૂછયું, આ કોણ છે ? તેમણે કહ્યું, આગળ ચાલો ! અમે આગળ ચાલીને એક ભટ્ટી પર બેઠા જેમાંથી ચીસોનો અવાજ આવી રહ્યો હતો. અમે અંદર ડોકિયું કરીને જોયું તો તેમાં પુરૂષો અને સ્ત્રીઓ નગ્ન હતાં. નીચેથી તેમના તરફ ભડકા લપકતા હતા. જ્યારે ભડકા તેમની તરફ વધતા હતા તો તેઓ ધમાલ મચાવતાં હતાં. મેં પૂછયું, આ કોણ છે ? કહ્યું, આગળ ચાલો ! ચાલો અમે આગળ ચાલીને એક નહેર પાસે પહોંચ્યા, જે લાલ લોહીની હતી. નહેરમાં એક આદમી તરી રહ્યો હતો અને કિનારા પર ઘણા બધા પથ્થર લઈ એક આદમી ઉભો હતો. આ તરવાવાળો શખ્સ તે કિનારાવાળા શખ્સની સામે આવીને મોઢું ફાડતો હતો તો આ તેના મોઢામાં એક પથ્થર નાખી દેતો હતો. પછી તે થોડીવાર તરીને પરત આવતો અને મોઢું ફાડતો હતો અને આ ફરી તેના મોઢામાં પથ્થર મૂકી દેતો હતો. આ ક્રમ બરાબર જારી હતો. મેં તેમને પૂછયું, આ કોણ છે ? તેમણે કહ્યું, આગળ ચાલો ! પછી અમે આગળ આવીને એક ખૂબ જ બુરી શક્લના આદમી પાસે પહોંચ્યા. તેની પાસે આગ હતી, તે તેની આસપાસ ચક્કર લગાડતો હતો. મેં તેમને પૂછયું, આ કોણ છે ? તેમણે કહ્યું, આગળ ચાલો ! પછી અમે એક હરીયાળા બાગમાં પહોંચ્યા જેમાં વસંત ઋતુનાં દરેક ફૂલ હતાં અને બાગમાં એક શખ્સ એટલો લાંબો હતો કે તેનું માથુ આસમાન સાથે લાગતુ હતું અને તેની પાસે કેટલાંક બાળકો હતાં જેને મેં કદી ન જોયાં હતાં. તેમણે કહ્યું, આગળ ચાલો ! તો અમે એક ખૂબ મોટા બાગમાં પહોંચ્યા કે એનાથી મોટો બાગ મેં કદી ન જોયો હતો, અને ન તેનાથી વધુ ખૂબસૂરત બાગ કદી દષ્ટિએથી ગુજર્યો હતો. તેમણે મને કહ્યું, આમાં ચાલો ! અમે તેની અંદર પ્રવેશ્યા તો અમે એક એવા શહેરમાં પહોંચી ગયા જે સોના ચાંદીની ઈંટોથી બનેલ હતું. અમે શહેરના દરવાજા પર જઈ તેને ખોલાવ્યો. જ્યારે અંદર દાખલ થયા તો ત્યાંના લોકો કાંઈક અજીબ જ હતા, તેમનું થોડુ શરીર તો ખૂબ જ હસીન હતું અને થોડું ખૂબ જ બદસૂરત ! આ બંને ફરિશ્તાઓએ તેમને કહ્યું, જાવ અને તે નહેરમાં દાખલ થઈ જાવ ! સામે એક નહેર હતી જેનું પાણી ખૂબ સફેદ

હતું તેઓ તેમાં દાખલ થઈ ગયા. જ્યારે પરત આવ્યા તો તેમની બદસૂરતી ખૂબસૂરતીમાં બદલાઈ ચૂકી હતી. તે બંને ફરિશ્તાઓએ કહ્યું, આ 'જન્નાતે અદન' છે, આ આપણુ ઠેકાણું છે. હવે જો મેં નજર ઉઠાવી જોયું તો એક મહેલ સફેદ વાદળની જેમ હતો. મેં તેમને કહ્યું, બારકલ્લાહ ! હવે મને છોડી દો જેથી હું પોતાના મહેલમાં પ્રવેશી જાઉં ! તો તેમણે કહ્યું, આમાં દાખલ તો થશો પણ હમણા નહીં. મેં તેમને કહ્યું, તે સર્વ ચીજો જે રાત્રે જોઈ હતી તેની સ્પષ્ટતા કરો. તેમણે કહ્યું, પહેલો શખ્સ જે તમે જોયો હતો તે એ હતો જેણે કુર્આન પઢીને છોડી દીધું હતું અને ફર્ઝ નમાઝોના સમયે સૂઈ જવાનો આદી હતો. તેની સાથે આ વર્તાવ કયામત સુધી થશે. અને નગ્ન પુરૂષો ઝિનાખોર અને સ્ત્રીઓ બદ્ચલન હતી અને નહેરમાં તરવાવાળો વ્યાજખોર હતો અને તે આગની પાસે ચક્કર લગાડવાવાળો શખ્સ માલિક છે જે જહન્નમ પર નિયુક્ત છે. અને બાગમાં ઊભો રહેવાવાળો ઊંચા કદવાળો શખ્સ ઈબ્રાહીમ علیہ السلام છે અને તેમની પાસે ઊભા રહેવાવાળાં બાળકો તે છે જે જન્મ્યે જ મૃત્યુ પામ્યાં. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું તેમાં મુશ્રિકોનાં બાળકો પણ સામેલ છે ? આપે ફર્માવ્યું, હા ! અને તે લોકો જે અડધા ખૂબસૂરત અને અડધા બદ્સૂરત હતા તે સારા, બુરા બંને કામ કરવાવાળા હતા. અલ્લાહે તેમને માફ ફર્માવ્યું અને હું જિબ્રઈલ છું અને આ મારા સાથી મીકાઈલ છે.

ઉલમા ફર્માવે છે, આ સ્વપ્ન 'બરઝખના અઝાબ'માં નસ છે કારણ કે અંબિયા علیہم السلامનાં સ્વપ્ન વહી હોય છે.

**(૧૯)** ખતીબ તથા ઈબ્ને અસાકિરે અબૂ મૂસા અશઅરીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે **મેં કેટલાક એવા આદમીઓ જોયા જેમની જીભો આગની કાતરોથી કાપવામાં આવી રહી હતી. મેં પૂછયું કે આ કોણ છે ? તો બતાવવામાં આવ્યું આ તે લોકો છે જે એવી ચીજોથી ઝીનત હાંસલ (શણગાર) કરતા હતા જે તેમના માટે જાઈઝ ન હતી. સાથે મેં એક ખાડો જોયો જેમાં ચીસોનો અવાજ આવી રહ્યો હતો. મેં પૂછયું કે આ શું છે ? તો મને બતાવવામાં આવ્યું કે આ તે સ્ત્રીઓ છે જે**





**નાજાઈઝ ચીજોથી ઝીનત હાંસલ કરતી હતી.** અને કેટલાક લોકો એવા જોયા જે આબે હયાતમાં ગુસ્લ કરી રહ્યા હતા. આ તે લોકો હતા જેમણે સારા અને બુરા બંને પ્રકારના અમલો કર્યા હતા.

**(૨૦)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી. ફર્માવે છે કે હુઝૂર علیہ السلامએ અમને એક દિવસ ફજરની નમાઝ પઢાવી. નમાઝ પછી આપ અમારા પ્રતિ ધ્યાનિત થયા અને ફર્માવ્યું કે રાત્રે મારી પાસે બે ફરિશ્તા આવ્યા અને મને દુન્યવી આસ્માન તરફ લઈ ગયા છેવટે સુધી. (આ હદીષમાં લગભગ તે જ અઝાબોનો ઉલ્લેખ છે જે વર્ણવેલ લાંબી હદીષમાં ગુજર્યા.)

**(૨૧)** બયહકીએ દલાઈલમાં અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ હદીષે અસરામાં વર્ણન ફર્માવ્યું કે પછી મારો ગુજર એવી જગ્યાએ થયો જેમાં કેટલાક થાળ રાખ્યા હતા જેમાં બેહતરીન ગોશ્ત હતો, પરંતુ તેની પાસે કોઈ ફરકતુ ન હતું અને સામે જ બીજા દસ્તરખાનોમાં કાંઈક **સડેલો ગોશ્ત મૂકેલો હતો જેને કેટલાક લોકો ખાઈ રહ્યા હતા !** મેં જિબ્રઈલને પૂછયું કે આ કોણ છે ? તો તેમણે જણાવ્યું કે **આ તે લોકો છે જે હલાલ છોડીને હરામની તરફ આવતા હતા.** પછી હું આગળ વધ્યો તો મેં કેટલાક એવા લોકો જોયા જેમનાં પેટ ઘડાની જેમ મોટાં હતાં. જ્યારે તેમનામાંથી કોઈ ઊભુ થતું તો તરત પડી જતા ! અને કહેતા કે હે મારા રબ ! કયામત કાયમ ન કરીશ. આ લોકો ફિરઓનની કૌમના પસાર થયાના માર્ગ પર પડેલા છે, જ્યારે કોઈ કૌમ પસાર થાય છે તો તેમને કચડી નાખે છે. તેઓ અલ્લાહની બારગાહમાં રૂદન કરી રહી છે. મેં પૂછયું કે હે જિબ્રઈલ ! કોણ છે ? તેમણે કહ્યું કે આ આપની **ઉમ્મતના વ્યાજખોર** છે. પછી હું આગળ વધ્યો તો જોયું કે કેટલાક લોકો ઊંટોની જેવાં હોઠવાળા છે તેઓ પોતાનાં મોઢાં ખોલી રહ્યા છે અને આગ ખાઈ રહ્યા છે. પછી તે આગ તેમના નીચેથી નીકળી રહી છે. મેં પૂછયું આ કોણ છે ? કહ્યું કે આ **યતીમોનો માલ ખાનારા** છે. પછી થોડા આગળ ચાલીને જોયું કે કેટલીક સ્ત્રીઓ જેમની છાતીઓ લટકી રહી છે. મેં પૂછયું કે આ કોણ છે ? તેમણે કહ્યું કે આ **ઝિનાખોર**

**સ્ત્રીઓ** છે ! પછી હું આગળ ચાલ્યો તો જોયું કે કેટલાક લોકો છે જેમના પાસાંઓ પરથી માંસ કાપવામાં આવી રહ્યો છે અને કહેવામાં આવી રહ્યું છે કે આ એવી રીતે ખા જેવી રીતે તું પોતાનાં ભાઈનો માંસ ખાતો હતો. મેં કહ્યું, આ કોણ છે ? તો તેમણે જણાવ્યું કે આ **ગીબત કરવાવાળા** અને **એબ શોધનારા** છે.

**(૨૨)** ઈબ્ને અદી તથા બયહકીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેઅરાજની રાત્રે મેં કેટલાક લોકો જોયા જેમનાં માથાં પથ્થરોથી કચડવામાં આવી રહ્યાં છે મેં પૂછયું કે આ કોણ છે ? તેમણે બતાવ્યું કે આ તે લોકો છે જેમનાં માથાં નમાઝ પઢવાથી ભારી થતાં હતાં. પછી મેં એવા લોકોને જોયા જેની આગળ અને પાછળ શર્મગાહ પર કેટલાંક ચિથરાં લપેટેલાં હતાં. તેઓ ઝકૂમ તથા કાંટાદાર ઝાડ એવી રીતે ચરી રહ્યા છે જેમ કે ઊંટ કે ગાય બળદ ચરે છે. મેં પૂછયું, આ કોણ છે ? તેમણે જણાવ્યું, આ તે લોકો છે જે પોતાના સદકા અદા નથી કરતા. પછી એવા લોકો પાસે આવ્યા જેમની પાસે એક વાસણમાં થોડો રાંધેલો ગોશ્ત હતો અને બીજા વાસણમાં કાચો ગોશ્ત હતો. તો તેમણે રાંધેલો ગોશ્ત છોડી દીધો અને કાચો ખાવા લાગ્યા. મેં પૂછયું, આ કોણ છે ? તેમણે કહ્યું, આ તે પુરૂષો અને સ્ત્રીઓનું દષ્ટાંત છે જે પાક પત્નીઓ તથા પતિઓ હોવા છતાં અન્યો પાસે રાતવાસો કરે છે. પછી એક શખ્સને જોયો જે લાકડીઓની પોટલી ઉઠાવી રહ્યો હતો પરંતુ તેનાથી ઉઠી શકતી ન હતી. મેં પૂછયું કે આ કોણ છે ? તો તેમણે કહ્યું, આ તે શખ્સ છે જેની પાસે લોકોની અમાનતો હોય અને તેને અદા કરવાની તાકત નથી ધરાવતો છતાંય વધુ અમાનતો લેતો જાય છે. પછી **એવા લોકો જોયા જેમની જીભો લોઢાની કાતરોથી કાપવામાં આવી રહી હતી.** મેં પૂછયું, આ કોણ છે ? તો તેમણે કહ્યું, **આ ફિત્ના પેદા કરનાર ખતીબ તથા મુકર્રિર છે.** (ઝકૂમ : ઝેરીલુ કાંટાદાર વૃક્ષ જહન્નમીઓનો ખોરાક છે.)

**(૨૩)** અબૂ દાઊદે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શબે મેઅરાજમાં મારો ગુજર એવા લોકો પર થયો જેનાં નખો લોઢાના હતા. તે પોતાનું મોઢું તથા છાતી ખોતરી



શરહુસ્સુદૂર એટલે મૌત તથા કબ્રના હાલાત

રહ્યા હતા. મેં પૂછયું, આ કોણ છે ? જિબ્રઈલે કહ્યું કે **આ તે લોકો છે જે લોકોને બેઈજ્જત કરતા હતા.**

**(૨૪)** ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં મરફૂઅન હસનથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે મારા સહાબામાંથી કોઈને ગાળ આપતો મર્યો તો અલ્લાહ તેના પર એક જાનવરને નિયુક્ત કરી દેશે જે તેનાં માંસને ખાશે અને તે તેની તકલીફ કયામત સુધી પામશે.**

**(૨૫)** ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન, હાકિમ, તિબ્રાની તથા ઈબ્ને મરદૂયાએ પોતાની તફસીરમાં બયહકીએ અબૂ ઉમામાથી રિવાયત કરી કે તેમણે કહ્યું : હુઝૂરે અકરમ ﷺએ એક દિવસ ફજરની નમાઝ પછી ફર્માવ્યું, મેં આજે એક સ્વપ્ન જોયું છે અને તે સત્ય છે. તમે તેને ખૂબ સારી રીતે સમજી લો. આજે રાત્રે એક આવવાવળો મારી પાસે આવ્યો અને મારો હાથ પકડીને એક લાંબા સરખા પહાડ પાસે લઈ આવ્યો અને મને કહ્યું કે એના પર ચઢો ! મેં કહ્યું, આ મારા બસની વાત નથી. તેણે કહ્યું, આપ ચઢો હું આસાન કરી દઈશ. પછી હું તેના પર ચઢવા લાગ્યો ત્યાં સુધી કે અમે પહાડના વચલા ભાગે પહોંચી ગયા. તો મેં કેટલાક **એવા પુરૂષ તથા સ્ત્રીઓ જોઈ જેમનાં મોઢાં ચીરેલાં હતાં.** પૂછવા પર જણાયું કે એઓ **તે છે જે કહેતા હતા અને કરતા ન હતા.** પછી મેં કેટલાક એવા લોકોને જોયા જેમની આંખો અને કાન ખીલાઓથી ખોસેલા હતા. પૂછવા પર જાણવા મળ્યું કે આ તે લોકો છે જે તે જુએ છે જે તમે નથી જોતા અને તે સાંભળે છે જે તમે નથી સાંભળતા. પછી મેં કેટલીક એવી સ્ત્રીઓ જોઈ જેમની પુઠો લટકેલી અને માથુ નમેલું હતું, તેમની છાતીઓને સાપ દંશી રહ્યા હતા. જાણ કરવા પર જણાયું કે **આ તે સ્ત્રીઓ છે જે પોતાનાં બાળકોને દૂધ ન પીવડાવતી હતી.** પછી મેં કેટલાક પુરૂષો તથા સ્ત્રીઓ નિહાળી જેમની પુઠો લટકેલી હતી અને માથાં નમેલાં હતાં અને થોડું સરખુ પાણી ચાટી રહ્યાં હતાં. પૂછવા પર જણાયું કે તે લોકો છે જે રોઝા સમય પહેલાં ઈફતાર કરી લે છે. પછી કેટલાક જોયા જે ખૂબ જ બદ્સૂરત, ખરાબ પહેરણ અને અતિશય દુર્ગંધવાળા હતા. પૂછવા પર જાણ થઈ કે આ

ઝિનાખોર પુરૂષો તથા સ્ત્રીઓ છે. પછી મેં કેટલાક પુરૂષો જોયા જે ખૂબ જ ફૂલેલા તથા બદ્‌બૂદાર હતા. પૂછવા પર જણાયું કે આ કાફિરોના મૃત લોકો છે. પછી મેં જોયું કે કેટલાક લોકો વૃક્ષોની છાયામાં છે. પૂછવા પર જણાયું કે આ મુસલમાનોના મૃત લોકો છે. પછી અમે આગળ ચાલ્યા તો જોયું કે કેટલાક છોકરા તથા છોકરીઓ બે નહેરોની વચ્ચે રમવામાં લીન છે. મેં પૂછયું, આ કોણ છે ? જાણવા પર મળ્યું કે આ મો'મિનોની ઔલાદ છે. પછી અમે ખૂબસૂરત ચહેરા, ઉમદા કપડા તથા અત્યંત હસીન ખૂશ્બોવાળા માનવ જોયા. મેં પૂછયું, આ કોણ છે ? જણાયું આ સિદ્દીક઼ીન અને શહીદો તથા સાલેહીન છે.

**(૨૬)** હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન મરવી છે કે જે કૌ઼મે લૂતની જેમ કાર્ય કરતો રહ્યો અને મૃત્યુ પામ્યો તો તેનો હશ્ર તેઓ સાથે થશે.

**(૨૭)** તારીખ ઈબ્ને અસાકિરમાં તેમની સનદ થકી અમ્ર બિન અસ્લમ દમશ્કીથી મરવી છે કે અમારે ત્યાં સરહદ પાસે એક શખ્સનું મૃત્યુ થઈ ગયું તેને ત્યાં જ દફનાવી દેવામાં આવ્યો. પછી ત્રીજા દિવસે ખોદવામાં આવી તો જણાયું કે કબ્રની ઈંટો તેમજ લાગેલી હતી અને તે શખ્સ ગાયબ છે. તો વકીઅ બિન જર્રાહથી આ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે અમે સાંભળ્યું છે કે જે લૂતની કૌ઼મ જેમ કાર્ય કરે છે તેને તેની કબ્રથી બદલી કરવામાં આવે છે અને લૂતીઓ પાસે પહોંચાડી દેવામાં આવી છે જેથી તેનો હશ્ર તેમની સાથે થાય.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યાએ મસરૂક થકી રિવાયત કરી કે જે શખ્સ ચોરી, શરાબખોરી તથા ઝિનામાં સંડોવાયને મૃત્યુ પામે છે તે તેના પર બે સાપ નિયુક્ત કરી દેવામાં આવે છે જે તેનું માંસ ખોતરીને ખાતા રહે છે.

**(૨૯)** ઈબ્ને અસાકિરે વાષલા બિન અસ્કઅથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જો ફિરકએ કદ્‌રિય્યા કે મરજીયામાંથી કોઈ મુડદાની કબ્ર ત્રણ દિવસ પછી ખોદવામાં આવે તો તેનું મોઢું કિબ્લાથી ફરેલું મળશે.

**(૩૦)** અસ્બહાનીએ તરગીબમાં ઔન ઈબ્ને હૌશબથી રિવાયત કરી. તેમણે કહ્યું કે એકવાર હું એક કબીલામાં આવ્યો તો કબીલાના એક





તરફ એક કબ્રસ્તાન હતું. અસર બાદ તે કબ્રસ્તાનની એક કબ્ર ફાટતી હતી અને તેમાંથી એક શખ્સ નીકળતો હતો જેનું માથુ ગધેડાની જેમ હોતું અને શરીર માનવની જેમ. તે ગધેડાની જેમ ત્રણવાર ગધેડા જેવો અવાજ કાઢીને કબ્રમાં ગાયબ થઈ જતો હતો. મેં તેના વિશે લોકોથી પૂછયું તો લોકોએ જણાવ્યું કે એ શરાબનો આદી હતો. જ્યારે શરાબ પીતો તો તેની માં કહેતી કે, "હે મારા દીકરા ! અલ્લાહથી ડર !" તો તે જવાબ આપતો કે, "તું ગધેડાની જેમ હોંચી ! હોંચી ! કરે છે !" તો તે અસર પછી મૃત્યુ પામ્યો તો દરરોજ અસર પછી નીકળે છે અને ત્રણવાર હોંચી ! હોંચી ! કરે છે અને પછી ગાયબ થઈ જાય છે.

**(૩૧)** ઈબ્ને અબીદુન્યાએ મુર્ષદ બિન હૌશબથી રિવાયત કરી. હું યૂસુફ બિન અમ્ર પાસે બેઠો હતો અને તેમની બાજુમાં એક શખ્સ બેઠો હતો જેના ચહેરાનો થોડો ભાગ લોઢાનો બનેલો હતો, તો યૂસુફે તેને કહ્યું જે કાંઈ પણ તમે જોયું છે મુર્ષદને સંભળાવો. તો કહ્યું કે મેં એક શખ્સની કબ્ર ખોદી. રાત્રીના સમયે જ્યારે લોકો તેને દફનાવીને ચાલ્યા ગયા તો બે સફેદ રંગનાં પક્ષી આવ્યાં જે શક્કલમાં ઊંટની જેવાં હતાં. એક તો માથા તરફ પડયું અને બીજું કિનારા પર ઊભુ રહ્યું. હું તે કબ્રની નજીક આવી ગયો જેથી બનાવ જોઉં. મેં સાંભળ્યું કે તે પક્ષી કબ્રવાળાને કહી રહ્યું છે કે, હે ઈન્સાન ! શું તું તે જ નથી જે કિંમતી બનાવટનાં કપડાં પહેરી તકબ્બુરથી ચાલતો પોતાની સાસરીએ જતો હતો. તેણે કહ્યું, હું આને સહન કરવાથી લાચાર છું ! (મુડદાએ અઝાબને જોઈ હોહાકાર મચાવ્યો) તો તેને એક એવો ઘા માર્યો કે કબ્રનું પાણી અને તેલ સુધી નીકળી આવ્યું ! અને આ રીતે ત્રણ વાર માર્યા પછી માથુ ઉઠાવી મારા પ્રતિ જોયું અને કહ્યું કે જુઓ પેલા ક્યાં બેઠાં છે ! અલ્લાહ તેને બેઈજ્જત કરે ! પછી તેણે મારા મોં પર એકબાજુ ઘા માર્યો તો હું આખી રાત બેભાન પડી રહ્યો, જ્યારે સવારે ઉઠયો તો આ આફત હતી જે આપે જોઈ રહ્યા છો.

**(૩૨)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ ઈસ્હાકથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં એક મૈયતને ગુસ્લ આપ્યું, હવે જ્યારે મેં કપડાં હટાવીને જોયું તો તેના ગળામાં એક સાપ વીંટાયેલો છે. તે લોકોએ જણાવ્યું કે આ

સહાબાએ કિરામને ગાળો આપતો હતો. (અલ્લાહથી પનાહ !)

**(૩૩)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ જરીસથી અને તેમણે પોતાની માંથી રિવાયત કરી કે જ્યારે અબૂ જા'ફરે કૂફાની ખાઈ ખોદી તો લોકોએ પોતાનાં મુડદાઓની જગ્યા બદલી કરવાની શરૂ કરી, તો એક યુવાન કૃબ્રમાં એ સ્થિતિમાં હતો કે પોતાના એક હાથને કરડી રહ્યો હતો.

**(૩૪)** ઈબ્ને અબીદુન્યાએ અબૂ ઈસ્હાક ફઝ્ઝારીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, હું કૃબ્રો ખોદવા પર નિયુક્ત હતો. હવે **અમુક કૃબ્રો એવી જોઈ જેમાં મુડદાંનાં મોઢાં કિબ્લાથી ફરેલાં હતાં.** તો મેં અવઝાઈને પૂછયું તો તેમણે જવાબ આપ્યો કે **આ સુન્નત પર અમલ ન કરવાના કારણે** આ અઝાબમાં ગિરફતાર છે.

**(૩૫)** ઈબ્ને અબીદુન્યાએ અબ્દુલ મુ'મિનીન બિન અબ્દુલ્લાહ બિન ઈસાથી રિવાયત કરી કે એક કફનચોરે તૌબા કરી લીધી તો તેણે પૂછયું કે તેં પોતાનાં જમાનામાં જે ખૂબ આશ્ચર્યજનક ચીજ જોઈ હોય તે વર્ણન કર. તેણે કહ્યું, મેં એક શખ્સની કૃબ્ર ખોદી તો તેના સંપૂર્ણ શરીરમાં ખીલીઓ લાગેલી હતી અને એક મોટી ખીલી માથામાં પ્રવેશતી હતી અને બીજી બંને પગોમાં. બીજા કફનચોરને પૂછવામાં આવ્યું તો તેણે જણાવ્યું કે મેં એક ખોપરી જોઈ જેમાં સીસુ (એક પ્રકારની ધાતુ) પીગાળીને ભરવામાં આવ્યું હતું.

**(૩૬)** ઈબ્ને અબીદુન્યાએ ફઝ્લ બિન યૂનુસથી રિવાયત કરી. તેમણે કહ્યું કે અમને જાણવા મળ્યું કે ઉમર બિન અબ્દુલ અઝીઝે મુસ્લિમા બિન અબ્દુલ મલિકને કહ્યું કે હે મુસ્લિમા ! તારા પિતાને કોણે દફન કર્યા ? તેણે કહ્યું, મારા ફલાણા ગુલામે. પછી તેમણે પૂછયું, વલીદને કોણે દફન કર્યા ? તેણે કહ્યું, મારા ફલાણા ગુલામે (બંનેને એક જ ગુલામે દફન કર્યા હતા). તો આપે કહ્યું, હવે હું તને એ જણાવું છે જે તેમના દફન કરવાવાળાઓએ મને જણાવ્યું, તેણે મને જણાવ્યું કે જ્યારે તારા પિતા અને વલીદને કૃબ્રમાં રાખવામાં રાખ્યા અને તેમની ગાંઠ ખોલવા ઈચ્છયું તો જોયું કે તેમનાં મોઢાં ગરદન તરફ ફરી ગયા હતાં.

**(૩૭)** ઈબ્ને અબી દુન્યાએ અને બયહકીએ 'શોઅબુલ ઈમાન'માં અબ્દુલ હમીદ બિન મેહમૂદથી રિવાયત કરી. હું ઈબ્ને અબ્બાસ પાસે




બેઠો હતો તો તેમની પાસે કેટલાક લોકો આવ્યા અને તેમણે બતાવ્યું કે અમે હજ્જ માટે ગયા. અમારી સાથે અમારો એક સાથી પણ હતો. જ્યારે અમે ઝાતુસ્-સફાહની જગ્યાએ પહોંચ્યા તો તેનું મૃત્યુ થઈ ગયું જેથી અમે તેના દફન કફનની વ્યવસ્થા કરી. જ્યારે કૃબ્ર ખોદી તો સાપોથી ભરેલી હતી જેથી અમે તે કૃબ્ર છોડીને બીજી કૃબ્ર ખોદી તો તે પણ યથાવત ભરેલી હતી. જેથી અમે હવે આપની ખિદમતમાં હાજર થયા છીએ. તો ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, આ બધું તે કપટના કારણે છે જે તે પોતાના દિલમાં રાખતો હતો. અને બયહકીના શબ્દો આ છે કે આ તેના અમલોની સજા છે. જાવ ! તમે તેને એ બંનેમાંથી કોઈ એકમાં દફન કરી દો કારણ કે ખુદાની કૃસમ ! જો તમે તેના માટે આખી જમીન પણ ખોદી નાખશો તો પણ તે (સાપો)એ કૃબ્રોમાં આવી જશે ! તો અમે તેને ત્યાં જઈ દફન કરી દીધો. પરત આવીને અમે તેની પત્નીને તેના આ'માલ વિશે સવાલ કર્યો તો તેણે જણાવ્યું કે **એ ખાણુ વેચતો હતો અને તેમાંથી પોતાનાં ઘરવાળાઓ માટે કંઈક કાઢી લેતો હતો અને કમી પૂર્ણ કરવા માટે તેમાં એટલી જ મિલાવટ કરી દેતો હતો.**

**(૩૮)** લાલકાઈએ સદકૃામાં ખાલિદથી અને તેમણે પોતાના મશાઈખથી રિવાયત કરી કે અમો એકવાર હજ્જ માટે જઈ રહ્યા હતા કે માર્ગમાં અમારા એક સાથી મરણ પામ્યો. અમે કોઈથી એક પાવડો માંગ્યો, કૃબ્ર ખોદી અને તેને તેમાં દફન કરી દીધો અને પાવડો પણ કૃબ્રમાં જ રહી ગયો. તો અમે કૃબ્ર ખોદી જેથી પાવડો કાઢી લઈએ. હવે મેં અંદર જોયું તો તે શખ્સના હાથ પગ પાવડાનાં આસપાસ વિંટટાયેલા છે ! અમે કૃબ્ર તરત બંધ કરી દીધી અને પાવડાવાળાને થોડા પૈસા દઈને જાન છોડાવી. પછી જ્યારે અમે પરત આવ્યા તો તેની પત્નીને તેના અમલો વિશે સવાલ કર્યો તો તેણીએ જણાવ્યું કે **એકવાર તેની સાથે એક ધનવાન શખ્સે સફર કર્યો અને માર્ગમાં તેણે પેલાને મારી નાખ્યો હવે એ હજ્જ તથા જેહાદ સર્વ તેના જ માલથી કરતો હતો.**

(૩૯) ઈબ્ને અસાકિરે અઅ્મશથી રિવાયત કરી કે એક શખ્સે હસન

બિન અલીની ક઼બ્ર પર પાખાનું કરી દીધું તો તે પાગલ થઈ ગયો અને કૂતરાની જેમ ભસતો ફરતો હતો. પછી તે મૃત્યુ પામ્યો પરંતુ તેની ક઼બ્રથી પણ એવા જ અવાજો આવતા રહેતા હતા.

**(૪૦)** ઈબ્ને અસાકિરે યઝીદ બિન ઝિયાદ અને અમ્મારા બિન ઉમૈરથી રિવાયત કરી કે જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ અને તેના સાથી ક઼તલ થઈ ગયા તો તેમનાં મસ્તક લાવવામાં આવ્યાં તો એક ખૂબ મોટો સાપ આવ્યો. લોકો ડરીને એક બાજુ થઈ ગયા. તે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નાકમાં પ્રવેશ્યો, મોઢેથી નીકળ્યો. આ પ્રમાણે ઘણીવાર કર્યું. પછી ખબર ન પડી કે ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો. આને તિર્મિઝીએ રિવાયત કરી અને કહ્યું કે સહીહ છે.

**(૪૧)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન સઈદથી રિવાયત કરી કે મુસ્લિમ બિન ઉકબા મુર્રી મદીના આવ્યો અને લોકોને યઝીદની બયઅતની દા'વત આપી અને કહ્યું કે તમે સૌ અલ્લાહની ફર્માંબરદારી અને નાફર્માનીમાં માત્ર ગુલામ છો તો લોકો તેની દા'વતની તરફ આવ્યા. એક શખ્સ જે કુરૈશી હતો અને તેની માતા ઉમ્મે વલદ હતી, તેણે કહ્યું કે કેવળ અલ્લાહની ફર્માંબરદારીમાં પરંતુ મુસ્લિમ બિન ઉકબાએ તેની વાત ન માની અને તેને ક઼તલ કરી દીધો તો તેની માંએ ક઼સમ ખાધી કે જો મુસ્લિમ જીવંત અથવા મૃત મળી ગયો તો તેણી તેને સળગાવી દેશે ! જ્યારે મુસ્લિમ મદીનાથી નીકળ્યો તો તેની બીમારી જોર કરી ગઈ અને તે મરી ગયો, તો કુરૈશની માં પોતાના ગુલામો સાથે લઈને તેની ક઼બ્રની તરફ ગઈ અને ખોદવાનો હુકમ આપ્યો. હવે અંદર જોયું તો એક અજગર તેના ગળામાં વીંટાયેલો હતો અને તેનું નાક ચૂંસી રહ્યો હતો, અને આ ઘટના જોઈ લોકો હટી ગયા.

**(૪૨)** તમામ બિન મુહમ્મદ રાઝીએ કિતાબુર્રહ્માનમાં વર્ણન કર્યું અને ઈબ્ને અસાકિરે પણ રિવાયત કરી. અસ્મા બિન અબ્બાદ કહે છે કે હું કોઈ જંગલમાં ફરી રહ્યો હતો કે મેં એક ચર્ચ જોયું. ચર્ચમાં એક મહરાબની અંદર એક રાહિબ (પાદરી) હતો. મેં તેને કહ્યું, તમે જે જગ્યાએ સૌથી વધુ આશ્ચર્યચક્તિ ચીજ જોઈ હોય તે મને જણાવો. તેણે કહ્યું, સાંભળો ! હું એક દિવસ અહીંયા હતો અને મેં એક પક્ષી સફેદ





રંગનું શુતુરમુર્ગ (આફ્રિકાનું એક પક્ષી જેની ડોક ઊંટની જેમ લાંબી હોય છે.) બરાબર જોયું. તે એક પથ્થર પર બેસી ગયું પછી તેણે ઉલ્ટી કરી તેમાં એક માથુ નીકળ્યું તે યથાવત ઉલ્ટી કરતું રહ્યું અને માનવનાં અંગો નીકળતાં રહ્યાં અને વીજળી જેવી તેજીથી તે (અંગો) એક બીજા સાથે જોડાતાં રહ્યાં ત્યાં સુધી કે તે સંપૂર્ણ આદમી બની ગયો ! હવે જ્યારે તેણે ઉઠવાનો ઈરાદો કર્યો તો પક્ષીએ તેને ચાંચ મારી અને તેના ટુકડે ટુકડા કરી દીધા અને પછી ગળી ગયું અને તે ઘણા દિવસ સુધી આ કાર્યમાં મશ્ગૂલ રહ્યું અને મારું યક઼ીન ખુદાની કુદરત પર વધી ગયું અને હું સમજી ગયો કે અલ્લાહ તઆલા મારીને જીવંત કરવા પર કુદરત ધરાવે છે. એક દિવસ હું તે પક્ષીની તરફ ધ્યાનિત થયો અને તેને પૂછયું , હે પક્ષી ! હું તને તે ઝાતની ક઼સમ દઈને કહું છું જેણે તને પેદા કર્યું ! હવે જ્યારે તે ઈન્સાન સંપૂર્ણ થઈ જાય તો તેને બાકી રહેવા દે જેથી હું તેનાથી તેના અમલ વિશે પૂછી શકું. તો ફરિશ્તાએ ફસીહ અરબી ભાષામાં મને જવાબ આપ્યો, "મારા રબ માટે જ બાદશાહત તથા હમેશગી છે, દરેક ચીજ નષ્ટ થવાવાળી છે અને તે જ હમેશાં રહેવાવાળો છે. હું તેનો એક ફરિશ્તો છું હું આના પર મુસલ્લત કરવામાં આવ્યો છું જેથી તેના ગુનાહની સજા દેતો રહું." હું તે શખ્સ ધ્યાનિત થયો અને પૂછયું, હે પોતાની ઝાત પર જુલમ કરનાર માનવી ! તારો કિસ્સો શું છે ? અને તું કોણ છે ? તેણે જવાબ આપ્યો, હું અબ્દુર્રહ્માન બિન મુલ્જિમ છું, હઝરત અલી كرم الله تعالى وجهه الكريم નો ખૂની. જ્યારે હું મૃત્યુ પામ્યો તો અલ્લાહ તઆલા સમક્ષ મારી રૂહ હાજર થઈ. તેણે મારું આમાલનામુ મને આપ્યું જેમાં મારા જન્મથી લઈને હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના ક઼તલ સુધી દરેક નેકી તથા બુરાઈ લખેલી હતી. પછી અલ્લાહે આ ફરિશ્તાને મને અઝાબ આપવાનો ક઼યામત સુધી હુકમ આપ્યો. આટલું કહીને તે ચૂપ થઈ ગયો અને પક્ષીએ તેના પર ચાંચ મારી અને તેને ગળી ગયું અને ચાલ્યુ ગયું. આ પ્રસંગને ઘણા બુઝુર્ગોએ વર્ણન કર્યો અને આમાં ચર્ચા કરી.

**(૪૩)** ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબ મન આશ બઅ્દલ મૌત'માં પોતાની સનદ થકી અબ્દુલ્લાહ નામી એક શખ્સથી રિવાયત કરી કે તે અને તેની ક઼ૌમના અન્ય શખ્સો દરિયાઈ સફર માટે રવાના થયા. ઓચિંતું

થોડા દિવસ સુધી દરિયાઈ માર્ગ તેમના પર અંધકરામય રહ્યો. થોડા દિવસ પછી અજવાળુ થયું તો એક વસ્તી આવી ગઈ. અબ્દુલ્લાહ કહે છે કે હું પાણીની શોધમાં નીકળ્યો તો વસ્તીના દરવાજા બંધ હતા, મેં ખૂબ બૂમો પાડી, કોઈ જવાબ ન આવ્યો એટલામાં બે ઘોડે સવાર જાહેર થયા. તેમાંથી દરેકની નીચે એક સફેદ ચાદર હતી. તેમણે કહ્યું, હે અબ્દુલ્લાહ ! આ ગલીમાં દાખલ થઈ જાવ તો તમને પાણીનો એક હોજ મળશે તેમાંથી પાણી લઈ લેશો અને ત્યાંના દશ્યને જોઈ ડરશો નહીં. તો મેં તેમને તે બંધ દરવાજા વિશે પૂછયું જેમાં હવાઓ ચાલી રહી હતી. તો તેમણે જણાવ્યું કે આ મુડદાંની રૂહો છે. હું હોજ પર પહોંચ્યો તો મેં જોયું કે એક શખ્સ મોઢાભેર પાણી પર લટકી રહ્યો છે અને પોતાના હાથથી પાણી લેવા ઈચ્છે છે પણ નિષ્ફળ થઈ જાય છે. મને જોઈ પોકારવા લાગ્યો કે, હે અબ્દુલ્લાહ ! મને પાણી પીવડાવ ! મેં વાસણ લઈ પાણી ડબોડયું જેથી તેણે પાણી પીવડાવી શકું. પરંતુ કોઈએ મારો હાથ પકડી લીધો. મેં તેને પૂછયું, હે અલ્લાહના બંદા ! તેં જોયું કે મેં પોતાની તરફથી પ્રયાસ કર્યો હતો કે તેને પાણી પીવડાવું, પરંતુ મારો હાથ પકડી લેવામાં આવ્યો, તો તું મને ઘટના બતાવ. તેણે કહ્યું, હું આદમ عليه السلامનો પુત્ર છું જેણે દુનિયામાં સૌ પ્રથમ ખૂન વહાવ્યું.

**(૪૪)** અબૂ નુઐમે પોતાની સનદ થકી ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી. એક શખ્સ નૌકામાં જઈ રહ્યો હતો અને નૌકા તૂટી ગઈ. તો તે એક તખ્તા સાથે ચોંટી રહ્યો. તખ્તો તેને એક એવી જગ્યાએ જઈ ફેંક્યો જે ટાપુ હતો. તેણે જોયું કે એક શખ્સને સાંકળોથી જકડીને પાણી પર લટકાવેલ હતો પરંતુ તેનું મોં સખત કોશિશ કરવા છતાંય પાણી સુધી ન પહોંચતું. તેણે મને અર્ઝ કરી કે હું તેને પાણી પીવડાવું. મેં કહ્યું, તારી હાલત આવી કેમ છે ? તેણે જવાબ આપ્યો, હું આદમ عليه السلامનો પુત્ર ! સૌ પ્રથમ મેં જ ભારા ભાઈનું ખૂન વહાવ્યું, હવે જ્યારે કોઈ પણ ખૂન વહાવે છે મને જરૂર સજા મળે છે.

**(૪૫)** ઈબ્ને જૌઝીએ 'કિતાબ ઉયૂનુલ હિકાયાત'માં પોતાની સનદ થકી રિવાયત કરી. અબુ સિનાન કહે છે કે, હું એક શખ્સની પાસે તેના ભાઈની માતમપુર્સી માટે ગયો તો જોયું કે તે ખૂબ ગભરાયેલ છે. પૂછવા





પર બતાવ્યું કે જ્યારે હું તેને દફન કરીને ફારિગ થયો તો મેં ક઼બ્રમાંથી કણસવાનો અવાજ સાંભળ્યો. મેં જલ્દી ક઼બ્રને ખોલી તો મને કોઈએ કહ્યું, હે અલ્લાહના બંદા ! ક઼બ્ર ન ખોદ ! જેથી મેં ફરી માટી યથાવત કરી દીધી. હજી થોડે દૂર જ જવા પામ્યો હતો ને ફરી તે જ અવાજ આવ્યો. પછી મેં આવીને થોડી માટી હટાવી પરંતુ અવાજ આવ્યો, હે અલ્લાહના બંદા ! ક઼બ્ર ન ખોદ ! પછી જ્યારે પરત જવા લાગ્યો તો તે જ અવાજ આવ્યો. મેં કહ્યું કે અલ્લાહની ક઼સમ ! હવે જરૂર ખોદીશ ! હવે જ્યારે મેં ક઼બ્ર ખોદીને જોયું તો તેના ગળામાં આગનો હાર હતો અને આખી ક઼બ્ર આગથી પ્રકાશિત હતી. તો મેં ઈચ્છયું કે એ હાર તેના ગળામાંથી દૂર કરી દઉં તો મેં તેના પર હાથ માર્યો તો મારી આંગળીઓ સળગીને રાખ થઈ ગઈ. તેણે અમને પોતાનો હાથ દેખાડયો તો તેની ચાર આંગળીઓ ગાયબ હતી. તો મેં અવઝાઈને આ આખી ઘટના કહી અને વાંધો ઉઠાવ્યો કે યહૂદી, નસરાની તથા મજૂસી (અગ્નિપૂજક) મૃત્યુ પામે છે તો તેમની આ સ્થિતિ નથી જોવામાં આવતી અને ગુનેહગાર મુસલમાનનો આ હાલ છે ! તો આપે ફર્માવ્યું, તેમના જહન્નમી હોવામાં તો કોઈ શકાં જ નથી પરંતુ અલ્લાહને એક માનવાવાળાની આ હાલત દેખાડવામાં આવે છે જેથી તે ઈબ્રત હાંસલ કરે.

**(૪૬)** હાફિઝ અબૂ મુહમ્મદ ખલાલે 'કિતાબ કરામતુલ્ આલિયા'માં પોતાની સનદ થકી રિવાયત કરી. મને અબ્દુલ્લાહ બિન હાશિમે કહ્યું કે હું એક મૈયતને નવડાવવા ગયો. જ્યારે મેં તેના શરીરનાં કપડાં કાઢયાં તો તેનાં ગળામાં સાપ વીતાએલા હતા. મેં તેમને કહ્યું કે તમને આના પર મુસલ્લત કરવામાં આવ્યા છે અને ગુસ્લ દેવું અમારે ત્યાં મસ્નૂન છે તો જો તમે રજા આપો તો અમે આને ગુસ્લ દઈએ અને પછી તમે તમારી જગ્યાએ પરત આવી જજો. તો તે સાપ હટીને એક ખૂણામાં થઈ ગયા અને જ્યારે અમે ગુસ્લથી ફારિગ થયા તો તે પોતાની જગ્યાએ પરત આવી ગયા. આ શખ્સ બેદીનીમાં પ્રખ્યાત હતો.

**(૪૭)** ઈબ્ને જૌઝીએ અબ્દુલ્લાહ બિન મુહમ્મદ મદીનીએ રિવાયત કરી તે પોતાના એક મિત્રથી રિવાયત કરે છે, હું એકવાર પોતાની જમીન

પર ગયો તો એક કબ્રસ્તાન પાસે મગરિબનો સમય થઈ ગયો. મેં ત્યાં મગરિબની નમાઝ અદા કરી. થોડીવાર પછી એક તરફથી રડવાનો અવાજ આવ્યો. હું તે કબ્ર પાસે ગયો જેનાથી અવાજ આવતો હતો. કોઈ કહી રહ્યો હતો કે હાય ! હું નમાઝ પઢતો હતો અને રોઝા રાખતો હતો, હું પોતાના મિત્રની નજીક ગયો તો તેણે પણ આ જ અવાજ સાંભળ્યો. પછી હું પોતાની જમીન પર પરત આવી ગયો અને બીજા દિવસે ફરી તે જ જગાએ જઈને નમાઝ પઢી જ્યાં પહેલા દિવસે પઢી હતી. અને મગરિબની રાહ જોવા લાગ્યા અને ફરી નિયુક્ત સમયે કબ્રથી તે જ અવાજ આવ્યો. હવે જ્યારે હું ઘરે પરત આવ્યો તો બે મહિના સુધી બીમાર પડી રહ્યો.

**(૪૮)** હિશામ બિન અમ્મારે ''કિતાબુલ્ બઅ્ષ''માં પોતાની સનદ થકી રિવાયત કરી કે એક શખ્સ જેનું અડધુ માથુ અને અડધી દાઢી સફેદ હતી ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો. હઝરત ઉમર رضی اللہ عنہએ આવવાનું કારણ પૂછયું તે કહ્યું કે હું ફલાણા કબીલાના કબ્રસ્તાનથી પસાર થયો તો મેં જોયું કે એક શખ્સ આગનો કોરડો લઈને બીજા શખ્સને પકડી રહ્યો છે અને જ્યારે તે તેને પકડી લે છે તો મારે છે. જ્યારે મારતો હતો તો માથાથી લઈને પગ સુધી આગમાં તે ઈન્સાન ડૂબી જતો હતો. તે શખ્સ દોડીને મારી પનાહમાં આવ્યો અને કહ્યું કે, હે અલ્લાહના બંદા ! મારી મદદ કર ! તો પકડવાવાળાએ કહ્યું કે, હે અલ્લાહના બંદા ! તેની મદદ ન કરીશ, કારણ કે આ ખૂબ જ બુરો કાફિર છે. તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, એટલા જ માટે તમારા નબી ﷺએ એકલા સફર કરવાની મનાઈ કરી છે.

**(૪૯)** ઈબ્ને અબીદુન્યાએ અમ્ર બિન દીનારથી રિવાયત કરી. મદીનામાં એક શખ્સની બહેન મરણ પામી અને તેઓ તેને દફન કરી આવ્યા. જ્યારે ઘરે પહોંચ્યા તો ઘરવાળાઓને કહ્યું કે મારી પાસે એક થેલી હતી જે હું કબ્રમાં ભૂલી આવ્યો છું. હવે જ્યારે થોડી કબ્ર ખોદી તો કબ્રથી આગ ભડકી રહી હતી. તેણે કબ્રને આમ જ બંધ કરી દીધી અને પોતાની માં પાસે આવીને બહેન વિશે સવાલ કર્યો તો તેણે જણાવ્યું કે નમાઝ સમયસર ન પઢતી હતી બલ્કે મારો ખયાલ છે કે વગર વુઝૂએ




પઢતી હતી. અને રાત્રે લોકોના દરવાજે ઊભી રહીને તેમની વાતો સાંભળતી હતી.

**(૫૦)** હાફિઝ ઈબ્ને રજબ અને હૈષમ બિન અદીએ પોતાની સનદ થકી અબ્દુલ્લાહ બજલીથી રિવાયત કરી કે અમારો એક પાડોશી મરણ પામ્યો તો અમે તેના કફન, દફનમાં શરીક થયા. જ્યાં કબ્ર ખોદવામાં આવી તો તેમાં બિલાડાની જેમ કોઈ ચીજ હતી અને તેને મારી છતાં તે ન હટી, કબ્ર ખોદવાવાળાએ એક પથ્થર તેના માથા પર માર્યો તો યે ન હટી જેથી બીજી કબ્ર ખોદવામાં આવી તો તેમાં પણ તે જ બિલાડો મૌજૂદ હતો, તેની સાથે પણ તેમ જ કર્યું જે પહેલાં સાથે કરવામાં આવ્યું હતું પરંતુ તે પોતાની જગ્યાએથી ન હલ્યો. તો લોકોએ સલાહ આપી કે હવે એને આમાં જ દફન કરી દો. જ્યારે તેને દફન કરવામાં આવ્યો તો કબ્રમાં ખૂબ ભયાનક અવાજ સંભળાયો. તો અમે તેની પત્ની પાસે ગયા અને તેને તેના અમલ વિશે પૂછયું કે તેનો અમલ શું હતો ? તેણીએ જણાવ્યું કે **તે મોટા ભાગે જનાબતનું ગુસ્લ કરતો ન હતો.**

**(૫૧)** ઈબ્ને ફારસીએ પોતાની તારીખમાં રિવાયત કરી કે તેમણે સ.હિ. ૫૯૦માં બગદાદમાં એક સડેલો મુડદો પામ્યો તેમાં હાડકા સિવાય કશુંય ન હતું, તેના હાથ, પગમાં લોખંડની સાંકળો હતી. એક ખીલી તેની નાકમાં અને એક તેના કપાળમાં પ્રવેશતી હતી. તે અત્યંત બદ્સૂરત અને ભારે હાડકાવાળો હતો. તેના નીકળવાનું કારણ એ હતું કે તલ્લ અહમરની પહાડી પાસે પાણીની અધિકતાથી તે લાશ નીકળી આપી.

**(૫૨)** ઈબ્ને કૈય્યિમે કિતાબુર્રૂહમાં પોતાની સનદ થકી રિવાયત કરી. એક શખ્સ બગદાદના લુહારી બજારમાં આવ્યો અને નાની નાની ખીલીઓ વેચી. લુહારે તેને પીગળવાની ખૂબ જ કોશિશ કરી પરંતુ નિષ્ફળ રહ્યો. છેવટે તેણે વેચનારને શોધ્યો અને પૂછયું કે આ ખીલીઓ તમને ક્યાંથી મળી ? પ્રથમ તો તેણે બતાવવામાં બહાનાં કર્યાં અને પછી તેણે બતાવ્યું કે મેં એક કબ્ર ખુલ્લી જોઈ તેમાં એક મુડદાનાં હાડકાંઓમાં આ ખીલીઓ લાગેલ હતી. મેં કાઢવાની કોશિશ કરી પણ ન નીકળી. છેવટે મેં પથ્થરથી હાડકાઓને તોડયાં અને આ ખીલીઓ

એકત્ર કરી લીધી.

**(૫૩)** ઈબ્ને કૈય્યિમે પોતાની સનદ થકી અબૂ અબ્દુલ્લાહ હરાનીથી રિવાયત કરી કે તે અસર પછી પોતાના ઘરેથી (જે આમદમાં હતું) બતાન તરફ નીકળ્યો, મગરિબથી થોડા સમય પહેલાં તેનો ગુજર ક઼બ્રસ્તાનમાં થયો તો એક ક઼બ્ર લુહારની ભટ્ટીની જેમ લાલ હતી અને મુડદુ તેના દરમ્યાન હતું. મેં ક઼બ્રવાળા વિશે લોકોને પૂછયું તો જાણવા મળ્યું કે તે સંગ્રહખોર હતો (માલને સંગ્રહી માંગ વધારે થવા પર મોંઘા ભાવે વેચનાર હતો) જે આજે જ મૃત્યુ પામ્યો છે.

**(૫૪)** હાફિઝ અબૂ મુહમ્મદ ક઼ાસિમે પોતાની સનદ થકી પોતાની તારીખમાં વર્ણન કર્યું કે અબ્દુલ્ કાફીએ વર્ણન કર્યું કે તે એક જનાઝામાં શરીક થયો તો એક કાળા રંગનો આદમી તેમની સાથે જનાઝામાં શરીક હતો. પછી જ્યારે અમે નમાઝ પઢી તો તેણે ન પઢી અને મારા પ્રતિ જોઈ કહ્યું કે હું તેનો અમલ છું. આમ કહીને તે ક઼બ્રમાં પ્રવેશી ગયો અને પછી મને કંઈ ન દેખાયું.

**(૫૫)** હાફિઝ શરફુદ્દીન દસાતીએ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમથી રિવાયત કરી. તેમણે કહ્યું કે અમારી પાસે એક અંધ કફન ચોર હતો (તે પછીથી અંધ થઈ ગયો હતો) લોકોથી ભીખ માંગતો હતો અને કહેતો હતો જે મને કંઈ આપશે તો એક અદ્‌ભૂત વાત સંભળાવીશ અને જે વધુ આપશે તેને અદ્‌ભૂત વસ્તુ દેખાડીશ. રાવી કહે છે કે કોઈએ તેને કંઈક દીધું તો હું તેની પાસે ઊભો થઈ ગયો. તેણે પોતાની આંખો દેખાડી. મેં જોયું તો ગરદન સુધી ઉતરેલી હતી, તેના મોઢાથી ગરદનની પાછળનો મંઝર દેખાતો હતો. પછી તેણે બતાવ્યું કે હું પોતાના શહેરનો કફનચોર હતો અને લોકો મારાથી ડરતા હતા. હું કોઈની પરવા કરતો ન હતો. ઓચિંતો શહેરનો ક઼ાઝી બીમાર પડી ગયો અને તેને બચવાની કોઈ ઉમ્મીદ ન રહી તો તેણે સો દીનાર મારી પાસે મોકલ્યા અને કહેવડાવ્યું કે હું મારા એબ ખુલવાને તારાથી આ સો દીનારમાં ખરીદવા માંગુ છું, મેં તે લઈ લીધા. એકાએક તે તંદુરસ્ત થઈ ગયો અને પછી બીમાર થઈને મૃત્યુ પામ્યો. મેં કહ્યું કે તે રકમ તો પ્રથમ બીમારીની હતી, એટલે મેં તેની ક઼બ્ર ખોદી તો ક઼બ્રમાં અઝાબનો અસર હતો અને ક઼ાઝી





વિખરાએલ વાળ, લાલ આંખોએ બેઠલો છે. અને અચાનક મેં મારા ઘૂટણોમાં પીડા અનુભવી અને કોઈકે મારી આંખોમાં આંગળીઓ નાખી મને આંધળો કરી દીધો અને કહ્યું કે, હે અલ્લાહના દુશ્મન ! તું અલ્લાહના ભેદોથી કેમ બાખબર થાય છે !

**(૫૬)** બયહકીએ કિતાબ 'અઝાબુલ્ ક઼બ્ર'માં પોતાની સનદ થકી યઝીદ બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી. એક શખ્સ એક ક઼બ્ર પાસે પહોંચ્યો તો તેણે આહ ! આહ ! નો અવાજ સાંભળ્યો. જ્યારે તેણે કાન લગાડીને સાંભળ્યું તો અવાજ આવી રહ્યો હતો કે તને તારા અમલે ઝલીલ કર્યો.

તારીખે મુકરેઝીમાં છે કે સ.હિ. ૬૯૯માં એક સંદેશવાહક આવ્યો કે એક શખ્સ જે સાહિલી ઈલાકામાં રહેતો હતો તેની પત્ની મરણ પામી તો તેને દફન કરીને આવ્યા પરંતુ એક રૂમાલ જેમાં થોડાક દિરહમ હતા ક઼બ્રમાં જ ભૂલી ગયો. જેથી તેણે શહેરના આલિમને પોતાની સાથે લીધો કે ક઼બ્ર ખોદીને રૂમાલ કાઢે. આલિમ કિનારે ઊભો થઈ ગયો. હવે જ્યારે ક઼બ્ર ખોદીને જોયું તો સ્ત્રીના પગ તેના વાળ સાથે બંધાએલા છે. હવે તેણે ખૂબ જ પ્રયાસ કર્યો કે તેને ખોલે પરંતુ નાકામ રહ્યો જ્યારે સખત પ્રયાસ કર્યો તો તેને અને તેની પત્નીને જમીનમાં ધસાવી દેવામાં આવ્યાં અને આલિમ એક દિવસ અને અને એક રાત્રિ સુધી બેશુદ્ધ પડી રહ્યો. પછી બાદશાહે આ ઘટનાની ખબર શૈખ તક઼ીયુદ્દીન બિન દક઼ીકુલ્ અબ્દને લખી મોકલી, તો તે આવ્યા અને તેમણે પોતે પણ જોયું અને લોકોને પણ દેખાડયું.

**ફાયદો** : ઉલમા ફર્માવે છે કે અઝાબે ક઼બ્ર વાસ્તવમાં અઝાબે બરઝખને જ કહે છે. પરંતુ ક઼બ્રની તરફ સંબોધન એટલા માટે કરવામાં આવ્યું છે કે મોટા ભાગે લોકો ક઼બ્રમાં જ દફન થાય છે, નહીંતર ભલે ને કોઈ શખ્સ સળગી જાય કે ડૂબી જાય કે તેને કીડા મકોડા ખાઈ જાય કે હવામાં ઉડાડી મૂકવામાં આવે, દરેક પર અઝાબે બરઝખ થશે. અહલે સુન્નતની એકમતિ છે કે અઝાબ તથા સવાબ રૂહ અને શરીર બંને માટે છે.

**(૫૭)** ઈબ્ને કૈય્યિમે કહ્યું કે ક઼બ્રના અઝાબના બે પ્રકાર છે :–

(૧) ક઼ાયમી : જે કાફિરો તથા અમુક ગુનેહગારો[1] માટે છે. (૨) ટેમ્પરરી : આ ઓછા ગુનાહવાળાઓ માટે તેમના ગુનાહ પ્રમાણે થશે પછી ખતમ થઈ જશે. આ (અઝાબ) દુઆ તથા સદક઼ા વગેરેથી પણ ઉઠી જાય છે.

**(૫૮)** યાફઈ કહે છે કે મુડદાંઓને જુમ્આના દિવસે અઝાબ નથી થતો કેમ કે આ તે દિવસની બુઝુર્ગીની સદક઼ો છે. પરંતુ આ વાત કાફિરો માટે નથી પણ ગુનેહગાર મુસલમાનો માટે છે. પરંતુ નસ્ફીએ એ મશ્હૂર રાખ્યું અને કહ્યું કે જુમ્આના દિવસે તથા રાત્રે અને રમઝાનના મહિનામાં કાફિરથી પણ અઝાબ ખતમ થઈ જાય છે અને ગુનેહગાર મુસલમાનથી જુમ્આના દિવસે અને રાત્રે અઝાબ ઉઠી જાય છે. અને પછી ક઼યામત સુધી ફરી નથી થતો અને જે જુમ્આના દિવસે તથા રાત્રે મૃત્યુ પામે છે તેને થોડીવાર અઝાબ થાય છે અને પછી હમેશાં માટે ખતમ થઈ જાય છે. એ જ પ્રમાણે થોડી વાર માટે ક઼બ્ર દબાવે છે અને પછી ખતમ થઈ જાય છે. પરંતુ આ સર્વ ચીજો દલીલની મોહતાજ છે.

**(૫૯)** ઈબ્ને કૈ઼યિમે 'બદાએઅ્'માં કહ્યું કે મેં અબૂ યઅ્લાના લખાણથી નક઼લ કર્યું કે ક઼બ્રના અઝાબનું ખતમ થવું જરૂરી છે, કારણ કે આ અઝાબ દુનિયાથી સંબંધિત છે અને દુનિયા તથા જે કંઈ તેમાં છે ફના થઈ જવાવાળુ છે. પરંતુ આ ખબર નથી કે આ કેટલા ગાળામાં ખતમ થશે. તેનું સમર્થન હન્નાદ બિન સિર્રીની રિવાયતથી થાય છે. તેમણે કહ્યું કે કાફિરોને ઊંઘ આવશે જેમાં તે ક઼યામત સુધી ઊંઘની લજ્જત અનુભવશે, જ્યારે ક઼બ્રવાળાઓને પોકારવામાં આવશે તો કાફિર કહેશે કે હાય અફસોસ ! અમને અમારી ખ્વાબગાહથી કોણે ઉઠાડયા ?! તો જે મો'મિન તેની નજીક હશે તે કહેશે કે આ તે જ વાયદો છે જે રહમાને કર્યો અને રસૂલોએ સત્ય કહ્યું.

**ફાયદો** : બદાએઅ્માં ઈબ્ને કૈ઼યિમે વર્ણન કર્યું છે કે જ્યારે કોઈ

---

*૧. આ મસ્અલો વિવાદસ્પદ છે, આપણી નજીક કોઈ મુસલમાનને હમેશાંનો અઝાબ નહીં થશે અને જ્યાં ગુનેહગારો માટે શબ્દ* خلود *છે તેનો અર્થ વધુ સમય ઠહેરવાનો છે. એટલા માટે ત્યાં* خلود *સાથે હમેશાંપણાની શરત લગાવવામાં આવી નથી.*





ઈસાઈ સ્ત્રી મૃત્યુ પામે છે કે જેના પેટમાં મુસલમાન બાળક હોય તો તે ક઼બ્રમાં અઝાબ પણ નાઝિલ થાય છે અને નેઅમત પણ, અઝાબ માં માટે અને નેઅમત બાળક માટે, અને આમાં કોઈ આશ્ચર્ય નથી. આ તો એવું જ છે જેવું કે એક ક઼બ્રમાં મો'મિન તથા કાફિર એકઠા દફન કરી દેવામાં આવે તો તે ક઼બ્રમાં અઝાબ અને નેઅમત બંનેવ હશે.

## ★ તે ચીજોનું વર્ણન જે ક઼બ્રના અઝાબથી છૂટકારો આપે છે ! ★

**(૧)** તિબ્રાનીએ 'કબીર'માં હકીમ તિર્મિઝીએ 'નવાહિર'માં અને અસ્બહાનીએ 'તરગીબ'માં અબ્દુર્રહમાન બિન સમુરાથી રિવાયત કરી કે એક દિવસ હુઝૂર عليه السلام તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે આજે રાત્રે મેં સ્વપ્ન જોયું કે એક શખ્સની રૂહ ક઼બ્ઝ કરવા માટે મલકુલ મૌત તશરીફ લાવ્યા, પરંતુ તેનું માં બાપની ફર્માંબરદારી કરવું સામે આવી ગયું અને તે બચી ગયો અને એ શખ્સ પર અઝાબ છવાઈ ગયો પરંતુ તેનાં વુઝૂએ તેને બચાવી લીધો. એ શખ્સને શૈતાનોએ ઘેરી લીધો પરંતુ અલ્લાહના ઝિક્રે તેને બચાવી લીધો. અને એક શખ્સને અઝાબના ફરિશ્તાઓએ ઘેરી લીધો પરંતુ તેને નમાઝે બચાવી લીધો. એક શખ્સને મેં જોયો કે તરસની અધિક્તાના કારણે જીભ કાઢેલ હતો અને હોઝ પર પાણી પીવા જતો હતો તો પાછો કાઢવામાં આવતો હતો કે એટલામાં તેના રોઝા આવી ગયા અને તેને સૈર કર્યો. એક શખ્સને જોયો કે અંબિયા જમાઅત બનાવી બેઠા હતા તે તેમની પાસે જવા ઈચ્છતો હતો પરંતુ ધિક્કારી દેવામાં આવતો હતો કે એટલામાં તેનું જનાબતનું ગુસ્લ આવ્યું અને તેને મારી પાસે બેસાડયો. એક શખ્સને જોયો કે તેની આસપાસ અંધારૂ જ અંધારુ હતું તો તેના હજ્જ તથા ઉમરા આવ્યા અને તેને પ્રકાશિત કરી દીધો. એક શખ્સને જોયો કે તે મુસલમાનો સાથે વાતચીત કરવા ઈચ્છે છે પરંતુ કોઈ તેને નથી બોલાવતુ તો સદ્વર્તન આવીને મો'મિનોને કહે છે કે તમે આની સાથે વાતચીત કરો. એક શખ્સને શરીર અને ચહેરા તરફ આગ વધી રહી છે અને તે પોતાના હાથથી બચાવી રહ્યો છે તો તેનો સદક઼ો આવી ગયો અને તેને બચાવી લીધો. એક શખ્સને ઝળાનીયા (ખાસ પ્રકારના ફરિશ્તા)એ ચારેબાજુથી ઘેરી લીધો પરંતુ

ભલાઈનો હુકમ આપવું અને બુરાઈથી રોકવું આવી ગયું અને તેને બચાવી લીધો અને રહમતના ફરિશ્તાઓના હવાલે કરી દીધો. એક શખ્સને જોયો ઘૂટણો પર બેઠો છે પરંતુ તેના અને અલ્લાહના દરમ્યાન હિજાબ છે પણ તેનું સદ્‌વર્તન આવ્યું અને અલ્લાહ સાથે મિલાવી દીધો. એક શખ્સને તેનું આમાલનામુ ડાબી બાજુથી આપવામાં આવ્યું તો તેનું અલ્લાહથી ડરવું આવી ગયું અને તેનું આમાલનામુ સીધા હાથમાં આપવામાં આવ્યું. એક શખ્સનો (નેકીઓનું વજન) વજન હલ્કો રહ્યું પરંતુ તેનું સખાવત કરવું આવી ગયું અને નેકીઓનું વજન વધી ગયું. એક શખ્સ જહન્નમના કિનારે ઉભો હતો પણ અલ્લાહથી ડરવું આવી ગયું અને તે બચી ગયો. એક શખ્સ જહન્નમમાં પડી ગયો પરંતુ તેનાં તે અશ્રુ આવી ગયાં જે તેણે અલ્લાહના ડરમાં વહાવ્યાં હતાં અને તે બચી ગયો. એક શખ્સ પુલસિરાત પર ઉભો હતો અને ડાળખીની જેમ કાંપી રહ્યો હતો પરંતુ તેની અલ્લાહથી સારી ઉમ્મીદ આવી અને તેને બચાવી લીધો અને તે પુલસિરાતથી પસાર થઈ ગયો. એક શખ્સ જન્નતના દરવાજા સુધી પહોંચી ગયો પણ જન્નતનો દરવાજો બંધ થઈ ગયો તો તૌહીદની ગવાહી આવી અને દરવાજો ખુલી ગયો અને તે જન્નતમાં પ્રવેશી ગયો. કેટલાક લોકોના હોઠ કાપવામાં આવી રહ્યા હતા, મેં જિબ્રઈલને પૂછ્યું કે આ કોણ છે ? તો તેમણે કહ્યું, આ લોકોના દરમ્યાન ચુગલખોરી કરવાવાળા છે. કેટલાક લોકોને તેમની ઝબાનોથી લટકવામાં આવ્યા હતા. મેં જિબ્રઈલને તેમના વિશે પૂછ્યું તો તેમણે જણાવ્યું કે આ લોકો પર વિના કારણે ગુનાહનો આક્ષેપ લગાડનારા છે. કુર્તબીએ કહ્યું છે કે આ હદીષ ખૂબ જ મોટી છે આમાં એવા આમાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે ખાસ આફતોથી સુરક્ષિત રાખશે.

**(૨)** તિર્મિઝી, ઈબ્ને માજાએ મિક઼દામ બિન મઅદીકરબથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શહીદને અલ્લાહને ત્યાં છ ચીજો મળશે : (૧) લોહીના પ્રથમ ટીપામાં જ તેની બખ્શિશ કરી દેવામાં આવે છે અને પોતાનું ઠેકાણુ જન્નતમાં જોઈ લે. (૨) ક઼બ્રના અઝાબથી મેહફૂઝ થઈ જાય છે. (૩) સૌથી મોટા ખૌફથી મેહફૂઝ થઈ જાય છે.





(૪) તેના માથા પર ઈજ્જતનો તાજ રાખવામાં આવે છે, તે તાજ એવો હોય છે કે તેનો યાકૂત (લાલ રંગના જવાહર) દુનિયા તથા જે કાંઈ તેમાં છે તેનાથી શ્રેષ્ઠ હોય છે. અને (૫) બોત્તેર હૂરોથી શાદી થાય છે અને (૬) સિત્તેર સગા સંબંધીઓના હક્ક઼માં તેની શફાઅત ક઼બૂલ કરવામાં આવે છે.

**(૩)** તિર્મિઝી તથા બયહકીએ સમ્માન બિન સરદ તથા ખાલિદ બિન અરફતાથી રિવાયત કરી છે અને તે બંનેએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે પેટની બીમારીમાં મૃત્યુ પામ્યો જન્નતમાં દાખલ થશે,** ઈબ્ને માજાએ આને હસન કહ્યું.

**(૪)** અબૂ નુઐમે સલ્માનથી રિવાયત કરી કે તેમને કોઈ યહૂદીએ જણાવ્યું કે નમાઝમાં વધુ સમય ક઼યામ કરવાથી પુલસિરાત પર અમન મળે છે અને લાંબો સજદો કરવાથી ક઼બ્રના અઝાબથી હિફાઝત થાય છે.

**(૫)** અબ્દે પોતાની મુસ્નદમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે તેમણે એક શખ્સને કહ્યું, હું તેમને એક હદીષનો તોહફો દઉં જેનાથી તમે ખુશ થઈ જાવ ?! તેણે કહ્યું કે કેમ નહીં ?! આપે ફર્માવ્યું કે સૂરએ મુલ્ક પોતે પણ પઢો અને પોતાની પત્ની, બાળકો અને ઘરમાં રહેવાવાળાં બાળકો તદ્‌પરાંત પાડોશીઓને પણ શીખવાડો કેમ કે આ નજાત અપાવનારી છે અને રબથી ઝઘડીને નજાત અપાવશે.

**(૬)** ખલ્ફ બિન હિશામે ફઝાઈલે કુર્આનમાં અને હાકિમ તથા બયહકીએ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી, સૂરએ મુલ્ક રોકવાવાળી છે એટલે કે અલ્લાહના અઝાબને રોકે છે. જ્યારે કબ્રનો અઝાબ માથા તરફ આવે છે તો તેને રોકી દેવામાં આવે છે અને કહે છે કે આની પાસે ન આવ ! કેમ કે એણે સૂરએ મુલ્ક યાદ કરી છે. જ્યારે પગો તરફથી આવે છે તો કહે છે કે હે અઝાબ ! તું પરત થઈ જા ! કારણ કે આ મને આ પગો પર ઊભો રહીને પઢતો હતો.

**(૭)** નિસાઈએ ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે જેણે સૂરએ તબારક દર રાત્રે પઢી ખુદા તેને ક઼બ્રના અઝાબથી મેહફૂઝ રાખશે અને આ

સૂરતને હુઝૂર ﷺના જમાના મુબારકથી 'માનેઆ' (અવરોધક) કહીએ છીએ.

**(૮)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં ઝઈફ સનદ થકી અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક શખ્સ મૃત્યુ પામ્યો અને તેને સૂરએ તબારક સિવાય કંઈ જ કુર્આન યાદ ન હતું. હવે ક઼બ્રના અઝાબનો ફરિશ્તો આવ્યો તો તે સૂરત હાજર થઈ તો અઝાબના ફરિશ્તાએ કહ્યું કે જ્યારે કે તું મૌજૂદ છે માટે હું પરત જાઉં છું પરંતુ હું ન તો તારા માટે ન પોતાના માટે અને ન આ શખ્સ માટે કાંઈ લાભ નુકસાનનો માલિક છું, જો તું એની નજાત ઈચ્છે છે તો અલ્લાહની બારગાહમાં જા અને એની સિફારિશ કર ! તો સૂરત ખુદાની બારગાહમાં હાજર થાય છે અને અર્ઝ કરે છે, હે મારા રબ ! તે શખ્સે મને જ તારી કિતાબમાંથી ચૂંટી લીધી હતી તો મારાથી શીખ્યો અને પઢયો તો શું તું તેને જહન્નમમાં પહોંચાડવા માંગે છે ?! જો તું તેની સાથે એવું કરવાનો છે તો મને પોતાની કિતાબથી મિટાવી દે ! તો ખુદા ફર્માવશે કે તું (કુર્આન) કદાચ નારાજ થઈ ગયું ! કુર્આન કહશે કે મને નારાજ થવાનો હક્ક઼ છે. ખુદા ફર્માવશે, જા ! મેં તેના હક્ક઼માં તારી શફાઅત ક઼બૂલ કરી. જેથી તે ફરિશ્તાને ક઼બ્રમાં આવીને ખબર આપે છે અને ફરિશ્તો અઝાબ આપ્યા વિના ચાલ્યો જાય છે. તે સૂરત આવીને તે શખ્સના મોઢા પર પોતાનું મોઢુ મૂકે છે અને કહે છે કે હે મોં ! તને ખુશખબરી કે તું મને ખૂબ પઢતો હતો અને સીનાને ખુશખબરી કે આ મને યાદ રાખતો હતો અને પગોને ખુશખબરી આ મને ઊભો રહીને પઢતો હતો અને તે તેને ક઼બ્રમાં માનૂસ કરવા (હુંફ આપવા) માટે રહે છે. જ્યારે હુઝૂરે આ ઈર્શાદ ફર્માવ્યો તો પ્રત્યેક નાના, મોટા, આઝાદ તથા ગુલામ સૌએ આ (સૂરત)ને યાદ કરી લીધી અને હુઝૂર ﷺએ આ સૂરતનું નામ મુન્જીયા (મુક્તિ અપાવનારી) રાખ્યું.

**(૯)** અબૂ ઉબૈદહએ ફઝાઈલમાં અને બયહકીએ દલાઈલમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે જ્યારે કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો તેની આસપાસ આગ સળગાવવામાં આવે છે તો આગની નજીક જે અંગ હોય છે તે તેને સળગાવી દે છે અને જો કોઈ શખ્સ મૃત્યુ પામે અને તેને




માત્ર સૂરએ તબારક પઢી હોય તો જ્યારે ફરિશ્તો માથાની તરફ આવશે તો તે કહેશે કે આ મને પઢતો હતો અને પગો તરફથી આવશે તો તે કહેશે કે આ મને પઢતો ઉભો રહેતો હતો અને પેટ તરફ આવશે તો તે કહેશે કે આ મને યાદ રાખતો હતો.

**(૧૦)** દારમીએ પોતાની મુસ્નદમાં ખાલિદ બિન મઅદાનથી રિવાયત કરી "અલિફ લામ મીમ તન્ઝીલ" ક઼બ્રમાં ક઼બ્રવાળાની તરફથી ઝઘડો કરશે કે હે અલ્લાહ ! જો હું તારી કિતાબથી છું તો આના હક્ક઼માં મારી શફાઅત ક઼બૂલ ફર્માવ. અને જો હું તારી કિતાબથી નથી તો મને પોતાની કિતાબથી મિટાવી દે અને તે પક્ષીની જેમ થઈને પોતાની પાંખો વડે તેના પર સાયો કરશે, અને સૂરએ તબારક વિશે પણ આ જ રિવાયત છે અને ખાલિદ તેને પઢયા વિના ન સૂતા હતા.

**(૧૧)** તિર્મિઝીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺ "અલિફ લામ મીમ તન્ઝીલ" અને "સૂરએ તબારક" પઢયા વિના સૂતા ન હતા.

**(૧૨)** રૌઝુર્રિયાહીનમાં અમુક યમની સાલેહીન થકી મરવી છે કે તેઓ એક મુડદાને દફન કરીને પરત થવા લાગ્યા તો તેમણે ક઼બ્રમાં મારવા પિટવાનો અવાજ સાંભળ્યો. પછી ક઼બ્રથી એક કાળો કૂતરો નીકળ્યો. શૈખે કહ્યું તારું બુરુ થાય તું કોણ છે ?! તેણે કહ્યું કે હું મૈયતનો અમલ છું. શૈખે કહ્યું કે શું તારી પિટાઈ થઈ રહી હતી ? કે મુડદાની ?! તેણે કહ્યું કે સૂરએ યાસીન અને અન્ય સૂરતો તેની પાસે હતી તે મારા અને તેના દરમ્યાન આડ થઈ ગઈ અને મને મારી ભગાડયો.

**(૧૩)** અસ્બહાનીએ 'તરગીબ'માં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે જેણે જુમ્આના દિવસે મગરિબ પછી બે રકાત નમાઝ પઢી અને દરેક રકાતમાં "સૂરએ ફાતિહા" અને "ઈઝાઝુલ ઝિલત" પંદરવાર તો અલ્લાહ તઆલા તેના પર સકરાંત અને ક઼બ્રનો અઝાબ દૂર ફર્માવશે અને ક઼યામતના દિવસે તે સરળતાથી પુલસિરાતથી પસાર થઈ જશે.

**(૧૪)** અબૂ યઅ્લાએ હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જુમ્આના દિવસે મૃત્યુ પામનાર અઝાબે ક઼બ્રથી મેહફૂઝ રહેશે.

**(૧૫)** બયહકીએ કહ્યું કે ઈબ્ને રજબે ઝઈફ સનદ થકી અનસ બિન માલિકથી રિવાયત કરી કે રમઝાન મુબારકમાં મુડદાંઓ પર ક઼બ્રનો અઝાબ નથી થતો.

**(૧૬)** રૌઝુર્રિયાહીનમાં કોઈ બુઝુર્ગથી મરવી છે કે તેમણે એક દિવસ ખુદાથી દુઆ કરી કે તેને ક઼બ્રવાળઓનાં મકામાત (ઠેકાણા) દેખાડ ! તો એક દિવસ શું જુએ છે કે ક઼બ્રો ફાટી ગઈ. હવે તેમાં કેટલાંક મુડદાં તો રેશમ પર સૂઈ રહ્યાં છે અને કેટલાંક દીબા (એક પ્રકારનું રેશમી કપડુ) પર, કેટલાંક ફૂલોની ચાદર પર અને કેટલાંક તખ્તો પર, કેટલાંક હસી રહ્યાં છે, તો કેટલાક રડી રહ્યાં છે. તો મેં અર્ઝ કરી કે હે અલ્લાહ ! તું ઈચ્છતો તો આ સર્વને એક જ મકામ અતા ફર્માવી દેતો ! તો ક઼બ્રવાળાઓમાંથી કોઈએ પોકારીને કહ્યું, હે ફલાણા ! આ ક઼બ્રો આમાલની મંઝિલો છે, જે સુન્દુસનશીન (એક પ્રકારનું શ્રેષ્ઠ શેરમ) છે તે સદ્‌વર્તન કરનાર હતા, જે હરીર વ દીબાનશીન (આ પણ એક પ્રકારનું રેશમી કાપડ) છે તે શહીદો છે, જે ફૂલોની ચાદર પર સૂતેલા છે, તે રોઝાદાર છે અને તખ્તવાળા અલ્લાહથી મહોબ્બત કરવાવાળા છે, અને રડવાવાળા ગુનેહગારો છે અને હસવાવાળા તૌબાના આદી છે.





# મુડદાંઓની હાલતનું વર્ણન

**★ તેઓ ક઼બ્રમાં માનૂસ હોય છે, નમાઝ પઢે છે, તિલાવત કરે છે, ઝિયારત કરે છે અને ખુશ થાય છે અને લિબાસ પહેરે છે ★**

**(૧)** તિબ્રાની, અબૂ યઅ્લા તથા બયહકીએ શોઅ્બમાં અને અસ્બહાનીએ 'તરગીબ'માં ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કલમો પઢનારા લોકો પર ન મૃત્યુ સમયે ભય હશે ન ક઼બ્રમાં ન હશ્રમાં.

**(૨)** અબુલ ક઼ાસિમ જેલીએ 'દીબાજ'માં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જિબ્રઈલે મને ખબર આપી કે કલમો لَا إِلٰهَ إِلَّا الله મુસલમાનો માટે મૌતના સમયે, ક઼બ્રમાં તથા ક઼બ્રથી નીકળવાનાં સમયે મહોબ્બતનો સબબ છે.

**(૩)** અબૂ યઅ્લા અને બયહકીએ અને ઈબ્ને મુન્દાએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **અંબિયા عَلَيْهِمُ السَّلَام જીવંત છે અને પોતાની ક઼બ્રોમાં નમાઝ પઢે છે.**

**(૪)** મુસ્લિમે અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ મેઅરાજની રાતે **મૂસા** علیہ السلام**ને તેમની ક઼બ્રમાં નમાઝ પઢતા જોયા.** આ હદીષને ઘણા સહાબાએ રિવાયત કરી.

**(૫)** ઈબ્ને સઅદે 'તબ્ક઼ાત'માં અને ઈબ્ને અબી શૈબાહે 'મુસન્નહ'માં અને ઈમામ અહમદે 'ઝોહ્દ'માં અફ્ફાન બિન મુસ્લિમથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે અમને હમ્માદ બિન સલમાએ કહ્યું કે ષાબિત બુનાનીએ દુઆ કરી કે, હે અલ્લાહ ! જો તું કોઈને ક઼બ્રમાં નમાઝ પઢવાની તૌફીક઼ આપે તો મને આપ !

**(૬)** અબૂ નુઐમે યૂસુફથી તેમણે અતિયાથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં ષાબિતને હુમૈદ તવીલને કહેતાં સાંભળ્યું કે, હે હુમૈદ ! શું તમને કોઈ એવી હદીષ ખબર છે જેનાથી જણાતું હોય કે અંબિયાના સિવાય અન્ય લોકો પણ પોતાની કૃબ્રોમાં નમાઝ પઢે છે ? તેમેણે કહ્યું, ના ! તેમણે કહ્યું કે પછી ષાબિતે દુઆ માંગી કે હે અલ્લાહ ! જો તું કોઈને કૃબ્રમાં નમાઝ પઢવાની ઈજાઝત આપે તો ષાબિતને જરૂર આપજે. જુબૈર કહે છે કે હું અલ્લાહની જેનો કોઈ ભાગીદાર નથી કૃસમ ખાઈને કહું છું કે મેં ષાબિત બુનાનીને કૃબ્રમાં ઉતાર્યા, મારી સાથે હુમૈદ પણ હતા. જ્યારે અમે ઈંટો મૂકી ચૂક્યા તો અચાનક એક ઈંટ પડી ગઈ અને મેં ષાબિતને જોયા કે તે પોતાની કૃબ્રમાં નમાઝ પઢી રહ્યા છે. અલ્લાહ તઆલાએ તેમની દુઆને રદ ન ફર્માવી.

**(૭)** ઈબ્ને જરીરે 'તેહઝીબુલ્ આષાર'માં અને અબૂ નુઐમે ઈબ્રાહીમ બિન સુમા મહલબીથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મને સવારના સમયે કિલ્લાની નજીકથી પસાર થવાવાળાઓએ જણાવ્યું કે જ્યારે અમે ષાબિત બુનાનીની કૃબ્ર પાસેથી ગુજર્યા તો કુર્આન પઢવાનો અવાજ આવતો હતો.

**(૮)** ઈબ્ને મુન્દાએ પોતાની સનદ થકી વર્ણન કર્યું કે અબૂ હમ્માદ જે એક પરહેઝગાર, કૃબ્ર ખોદવાવાળા હતા તેમણે જણાવ્યું કે જુમ્આના દિવસે બપોરે હું કૃબ્રસ્તાનમાં ગયો તો જે કૃબ્રથી ગુજર્યો કુર્આન પઢવાનો અવાજ સાંભળ્યો.

**(૯)** તિર્મિઝી અને બયહકીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે એક સહાબીએ કોઈ કૃબ્ર પર પોતાનો તંબુ બાંધ્યો અને તેમને ખબર ન હતી કે આ કૃબ્ર છે. તો તેમણે સાંભળ્યું કે અંદર કોઈ શખ્સ સૂરએ મુલ્ક પઢી રહ્યો છે. જ્યારે તે સંપૂર્ણ સૂરએ મુલ્ક પઢી ચૂક્યો તો તે સહાબી હુઝૂરની ખિદમતમાં આવ્યા અને પ્રસંગ વર્ણવ્યો તો આપે ફર્માવ્યું કે આ અઝાબથી મુક્તિ અપાવનારી અને અઝાબને રોકવાવાળી છે.

અબૂ કાસિમ સઅદી કહે છે. આનાથી જણાયું કે હુઝૂર ﷺએ એ વાત પર સમર્થનનો સિક્કો લગાડી દીધો કે મૈયત કૃબ્રમાં કુર્આન પઢે છે, કારણ કે આપે આ સહાબીની વાતને રદ ન ફર્માવી.





**(૧૦)** ઈમામ કમાલુદ્દીન બિન ઝમલકાનીએ 'કિતાબુલ્ અમલલ્ મકૃબૂલ ફી ઝિયારતિર્રસૂલ'માં ફર્માવ્યું કે આ હદીષ આ સંદર્ભમાં કે મૈયત કૃબ્રમાં કુર્આનની તિલાવત કરે છે અને આ રિવાયતમાં કેટલાક ઔલિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعینનું કૃબ્રમાં કુર્આનની તિલાવત કરવી અને નમાઝ પઢવું મૌજૂદ છે. તો જ્યારે ઔલિયા અલ્લાહની આ સ્થિતિ છે તો અંબિયા علیہم السلامનો શો મકામ હશે ?!

**(૧૧)** હાફિઝ ઝૈનુદ્દીન બિન રજબે 'કિતાબ અહ્લુલ્ કુબૂર'માં લખ્યું છે કે અમુક સમયે અલ્લાહ તઆલા પોતાના કેટલાક બંદાઓને કૃબ્રોમાં નેક આમાલની તૌફીકૃ આપે છે, પરંતુ તેનો સવાબ લખવામાં નથી આવતો કારણ કે દુનિયા ખતમ થઈ ચૂકી છે. આ તેના માટે હોય છે કે તે અલ્લાહની યાદ અને તેની ઈતાઅતથી લિજ્જત હાંસલ કરે. જેમ કે ફરિશ્તાઓ علیہم السلامઅને જન્નતીઓ જન્નતમાં હાંસલ કરશે કેમ કે અલ્લાહનું ઝિક્ર જન્નતીઓ માટે સૌથી મોટી નેઅમતોમાંથી છે.

**(૧૨)** અબુલ હસન બિન બરાએ 'કિતાબુર્રોઝા'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે ઈબ્રાહીમ (કૃબ્ર ખોદાવાવાળા)એ મને જાણ કરી કે મને કૃબ્ર ખોદતી વેળા એક ઈંટ મળી, હવે જ્યારે મેં તેને સુંઘી તો તેમાં મુશ્કની ખૂશ્બુ મહેકી રહી હતી. મેં કૃબ્રની અંદર જોયું તો એક વૃદ્ધ બેઠો કુર્આન પઢી રહ્યો હતો.

**(૧૩)** ઈબ્ને રજબે પોતાની સનદ થકી વર્ણન કર્યું કે અબુલ હસન સામરી જે એક પરહેઝગાર આદમી હતા અને સામરાના ખતીબ હતા. તેમણે સામરામાં કૃબ્રસ્તાનમાં એક કૃબ્ર દેખાડતાં કહ્યું કે અમે અહીંયાંથી સતત સૂરએ તબારક અને અલ્ મુલ્ક પઢવાનો અવાજ સાંભળતા હતા.

**(૧૪)** હાફિઝ અબૂબક્ર ખતીબે પોતાની સનદ થકી રિવાયત કરી કે ઈસા બિન મુહમ્મદે કહ્યું, મેં એક દિવસ અબૂબક્ર બિન મુજાહિદને સ્વપ્નમાં જોયા કે તે પઢી રહ્યા છે. મેં કહ્યું કે આપ તો મૃત છો કેવી રીતે પઢો છો ? તો તેમણે કહ્યું, હું દરેક નમાઝ પછી અને ખત્મે કુર્આન પછી દુઆ કરતો હતો કે હે અલ્લાહ ! તું મને કૃબ્રમાં તિલાવતે કુર્આનની તૌફીકૃ આપજે એટલા માટે હું પઢું છું.

**(૧૫)** ખલાલે 'કિતાબુસ્સુન્નહ'માં પોતાની સનદ થકી ઈબ્ને

અબ્બાસનો કૌલ નકલ કર્યો કે તેમણે ફર્માવ્યું કે મો'મિનને કૃબ્રમાં એક કિતાબ આપવામાં આવે છે, જેમાં જોઈ તે પઢે છે.

**(૧૬)** હાફિઝ અબુલ અલા હમદાણીને તેમના મૃત્યુ પછી કોઈએ એક એવા શહેરમાં જોયા કે જેની દીવાલો બધુ કિતાબોથી બનેલ છે. તો તેમને તેનું કારણ પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે હું અલ્લાહથી દુઆ કરતો હતો કે જેમ હું દુનિયામાં ઈલ્મમાં મશ્ગૂલ છું તેમ આખિરતમાં પણ મશ્ગૂલ રાખે, તો હવે આ કામ અહીંયા પણ મને મળી ગયું છે.

**(૧૭)** ઈબ્ને મુન્દા, અબૂ અહમદ તથા હાકિમે 'કુના'માં ઝઈફ સનદ થકી રિવાયત કરી હે તલ્બા બિન ઉબૈદુલ્લાહે કે મારો અમુક માલ જંગલમાં હતો. જેમ તેમ ત્યાં ગયો એવામાં રાત પડી ગઈ. તો હું અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હિઝામની કૃબ્ર પાસે સૂઈ ગયો તો મેં બેમિષાલ કલામપાકની તિલાવતનો અવાજ સાંભળ્યો. મેં આ પ્રસંગ હુઝૂર علیہ السلامને અર્ઝ કર્યો. તો આપે ફર્માવ્યું કે આ અબ્દુલ્લાહનો અવાજ હતો. શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ તે લોકોની રૂહો કૃબ્ઝે ફર્માવીને યાકૂત તથા ઝબરજદ (એક પ્રકારનો લીલા રંગનો કિંમતી પથ્થર)ની કન્દીલો (એક પ્રકારની ફાનસ)માં લઈને જન્નતની વચ્ચે લટકાવી આપી છે. જ્યારે રાત થાય છે તો તેમની રૂહો પરત કરી દેવામાં આવે છે અને પછી સવારે તેમને તેમની જગ્યાએ પરત કરી દેવામાં આવે છે.

**(૧૮)** નિસાઈ, હાકિમ તથા બયહકીએ 'શોઅબુલ ઈમાન'માં હઝરત આઈશા થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે હું સૂઈ ગયો તો ખૂદને જન્નતમાં પામ્યો. તો મેં એક કારીને કુર્આન પઢતાં સાંભળ્યું. મેં પૂછયું કે આ કોણ છે ? તો મને બતાવવામાં આવ્યું કે આ હારષા બિન નોઅ્માન છે. ત્યારે હુઝૂર علیہ السلامએ ત્રણેવાર ફર્માવ્યું, كذلك البر (આ જ સ્થિતિ હોય છે ફર્માંબરદારોની) અને તે પોતાની માંનાં પેટમાં જ ફર્માંબરદાર હતા.

**(૧૯)** બયહકીએ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે એકવાર સ્વપ્નમાં ખૂદને મેં જન્નતમાં જોયો. હું જન્નતમાં હતો ને મેં કુર્આન પઢવાનો





અવાજ સાંભળ્યો. પૂછયું કે આ કોણ છે ? તો મને બતાવવામાં આવ્યું કે આ હારષા બિન નોઅ્માન છે, અને આ જ રીતે ફર્માંબરદારોને બદલો મળે છે.

**(૨૦)** ઈબ્ને અબીદુન્યાએ યઝીદ રક્કાશીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે જ્યારે મો'મિન મૃત્યુ પામે છે અને કુર્આનનો થોડો હિસ્સો પઢવાનો બાકી રહી જાય છે તો અલ્લાહ તઆલા તેના પર ફરિશ્તા નિયુક્ત ફર્માવી દે છે કે તેને કૃયામત સુધી કુર્આન યાદ કરાવે જેથી તે કૃયામતના દિવસે પોતાનાં બાળબચ્ચાં સાથે ઉઠે. આ પ્રકારની અન્ય રિવાયતો પણ લખેલ છે.

**(૨૧)** ઈબ્ને મુન્દાએ આસિમ સકતીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે અમે બલ્ખમાં એક કૃબ્ર ખોદી તો તેમાં છિદ્ર હતું. જ્યારે તેમાંથી જોયું તો એક બુઝુર્ગ જે હરીયાળીથી ઢંકાયેલ હતા તે કુર્આનની તિલાવતમાં મગ્ન હતા.

**(૨૨)** ઈબ્ને મુન્દાએ અબુન્ નઝર નીશાપૂરીથી રિવાયત કરી. આ એક કૃબ્ર ખોદનાર હતા અને પરહેઝગાર આદમી હતા. મેં એક કૃબ્ર ખોદી, પરંતુ તેમાં બીજી તરફ રસ્તો નીકળી આવ્યો તો મેં જોયું કે ખૂબસૂરત, ઉમદા કપડાં અને શ્રેષ્ઠ ખૂશ્બુવાળો યુવાન તેમાં પલાંઠીવાળીને બેઠો છે અને કુર્આન પઢી રહ્યો છે. યુવાને મારા તરફ જોઈ કહ્યું કે શું કૃયામત કૃાયમ થઈ ગઈ ? મેં કહ્યું કે ના ! તો તેણે કહ્યું કે જ્યાંથી માટી હટાવી હતી ત્યાં મૂકી દો, તો મેં માટી ત્યાં જ મૂકી દીધી. મેં કહ્યું કે આને ઈબ્ને નજ્જારે તારીખે બગદાદમાં વર્ણન કરી.

**(૨૩)** અબૂ નુઐમે મુજાહિદથી فلانفسهم يمهدون ની તફસીર આ પ્રમાણે વર્ણન કરી કે તેઓ પોતાના જ નફ્સ માટે કૃબ્રમાં બિછાવે છે.

**(૨૪)** ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે જેણે અલ્લાહની ફર્માંબરદારી કરી, કૃબ્ર તેના માટે શ્રેષ્ઠ ઠેકાણુ છે.

**(૨૫)** હારિષ બિન ઓસામાએ પોતાની સનદ થકી હઝરત જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે પોતાનાં મુડદાંઓને

સારું કફન આપો ! કેમ કે તેઓ ક઼બ્રમાં એકબીજાથી મુલાકાત કરે છે અને એક બીજા પર ગર્વ કરે છે. સહીહ મુસ્લિમમાં પણ આ પ્રકારની રિવાયત છે. ઉલમા ફર્માવે છે કે સારા કફનથી મુરાદ એ છે કે તે સફેદ પાક સાફ હોય કિંમતી ન હોય. કારણ કે **હદીષ શરીફમાં વધુ કિંમતી કફનની મનાઈ ફર્માવી છે.** ખતીબ, તિર્મિઝી, ઈબ્ને માજા વગેરેએ પણ આ પ્રકારની રિવાયતો વર્ણન કરી. બયહકીએ આ હદીષ વર્ણવ્યા પછી ફર્માવ્યું કે અબૂબક્રનું ફર્માન કે કફન તો પીપ (પરૂ) વગેરે માટે છે, હદીષોથી વિરુદ્ધ નથી. કેમ કે અમારી દષ્ટિએ તો આવું જ છે પરંતુ અલ્લાહ જેવું ઈચ્છશે પોતાના ઈલ્મ પ્રમાણે ફર્માવશે. જેમ કે શહીદોનો મામલો છે કે આપણી જાહેરી દષ્ટિએ તે કાંઈ પણ કેમ ન હોય પણ અલ્લાહના ઈલ્મમાં તે એમ જ છે જેમ કે અલ્લાહે તેમના સંબંધે ખબર આપી, એમની છુપી સ્થિતિ આપણા પર જાહેર થઈ જાય તો ગૈબ પર ઈમાન જ ખતમ થઈ જાત.

**(૨૬)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ મુનામાત'માં પોતાની સનદ થકી રાશિદ બિન સઅદથી રિવાયત કરી કે એક શખ્સની પત્નીનું મૃત્યુ થઈ ગયું તો તેણે સ્વપ્નમાં ઘણી સ્ત્રીઓ જોઈ પરંતુ તેની પત્ની તેમાં ન હતી. તેણે તે સ્ત્રીનું ન આવવાનું કારણ પૂછયું તો તેણીઓએ કહ્યું કે તમે તેના કફનમાં કંજુસાઈ કરી માટે તે હવે આવવામાં શરમ અનુભવે છે. તે શખ્સ હુઝૂર عليه السلامની ખિદમતમાં હાજર થયો અને પ્રસંગ અર્ઝ કર્યો તો આપે ફર્માવ્યું કે કોઈ વિ□ાસપાત્ર આદમીનો ખયાલ રાખજો. ઓચિંતા એક અન્સારીના મૃત્યુનો સમય આવી ગયો, તેણે અન્સારીને કહ્યું કે હું પોતાની પત્નીને કફન દેવા ચાહુ છું. અન્સારીએ કહ્યું, જો મુડદુ મુડદાને ઓળખી શકે છે તો હું પહોંચાડી દઈશ. જેથી આ શખ્સ બે જાફરાની રંગનાં કપડાં લઈ આવ્યો અને અન્સારીના કફનમાં મૂકી દીધાં. હવે જ્યારે રાત્રે સ્વપ્ન જોયું તો તે સ્ત્રી તે જ કપડાં પહેરી ઊભી છે. આ હદીષ જો કે મુર્સલ છે પરંતુ તેની સનદોમાં કોઈ ઉણપ નથી.

**(૨૭)** ઈબ્ને અબી શૈબાએ ઉમેર બિન અસ્વદથી રિવાયત કરી કે મઆઝ બિન જબલ પોતાની પત્ની માટે વસિય્યત કરી ચાલ્યા ગયા. તે મૃત્યુ પામી લોકોએ તેણીને બે કપડામાં કફન દફન કરી દીધી. હવે





જ્યારે તે આવ્યા તો તેમણે પૂછયું કે, શું કફન પહેરાવ્યું ? કહ્યું કે પૂરાણાં બે કપડાં કફનમાં દીધાં. તો તેમણે કાઢીને સારું કફન આપ્યું અને કહ્યું કે પોતાના મુડદાંઓને સારું કફન આપો કારણ કે આ તે જ કફનમાં ઉઠશે.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યાએ શઅ્બીથી રિવાયત કરી કે જ્યારે મૈયતને તેની ક઼બ્રમાં રાખવામાં આવે છે તો તેના મૃત સંબંધી તેને પૂછે છે કે ફલાણા અને ફલાણી કઈ સ્થિતિમાં છોડયાં ?

**(૨૯)** મુજાહિદથી મરવી છે કે જ્યારે કોઈ મુડદાનું બાળક નેક હોય છે તો ક઼બ્રમાં મુડદાને તેની ખુશખબરી આપવામાં આવે છે. સુદીએ અલ્લાહ તઆલાનું ફર્માન وَيَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِنْ خَلْفِهِمْ "તે મુડદાંઓ તે લોકોની ખુશ ખબરીઓ પામે છે જે એમનાથી હજી સુધી મળ્યાં નથી."ની તફસીર ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો કે શહીદની પાસે એક કિતાબ લાવવામાં આવશે જેમાં તે લોકોનાં નામ લખેલ હશે જે તેનાથી મુલાકાત કરવા જલ્દી આવનાર હશે, તે આ જોઈ પ્રસન્ન થશે. બિલ્કુલ એ રીતે જેમ કે દુનિયાવાળા આપણા કોઈ આવનારના આગમનથી ખુશ થઈએ છીએ.

**(૩૦)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે મો'મિનને ક઼બ્રમાં કહેવામાં આવશે કે તું પરહેઝગારોની માફક સૂઈ જા !

**(૩૧)** ઈબ્ને અસાકિરે સઈદ બિન જુબૈરથી રિવાયત કરી કે હઝરત ઈબ્ને અબ્બાસ તાઈફમાં મરણ પામ્યા તો હું તેમના જનાઝામાં જઈને શરીક થયો. તો મેં એક સફેદ પક્ષી જોયું જે તેમની સાથે ક઼બ્રમાં દાખલ થઈ ગયું અને પછી મેં તેને નીકળતાં ન જોયું. જ્યારે તે દફન થઈ ગયા તો કોઈએ આ આયત પઢી કે :–

يٰاَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِىْ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً અને પઢવાવાળો ન દેખાયો. મોટા ભાગે આ પ્રકારનાં પક્ષીને મુડદાના અમલની મિષાલી શક્કલ સમજવામાં આવે છે.

**(૩૨)** ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી. મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمથી અર્ઝ કરી કે મેં જોયું કે આપ દહિયા કલ્બી

સાથે કલામ ફર્માવી રહ્યા છે તો મેં ઠીક ન સમજ્યું કે આપની વાતચીતને કાપી કાઢું. તો આપે ફર્માવ્યું કે તમારી દષ્ટિ જતી રહેશે અને મૃત્યુ સમયે અલ્લાહ પરત કરશે જેથી જ્યારે તેમને ગુસ્લના તખ્તા પર રાખવામાં આવ્યા તો એક પક્ષી અત્યંત સફેદ આવ્યું અને કફનમાં દાખલ થઈ ગયું. તો ઈકરમાએ આશ્ચર્યથી કહ્યું, આ શું છે ? જ્યારે તેમને દફન કરવામાં આવ્યા તો આ આયત સંભળાઈ કે, يَا اَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ۔۔ الخ છેવટ સુધી. આ જ હદીષની અન્ય રિવાયતોમાં છે કે અબ્દુલ્લાહ બિન અબ્બાસની દષ્ટિ (બીનાઈ) તેમની આખરી ઉંમરમાં ઠીક થઈ ગઈ.

**(૩૩)** ઈબ્ને અબીદુન્યા, ઈબ્ને અબી શૈબા તથા હાકિમે રિવાયત કરી કે હુઝૈફા બિન યમાન رضی اللہ عنہએ પોતાના મૃત્યુ સમયે વસિય્યત કરી કે કફન માટે એવાં બે કપડાં ખરીદજો જે વધુ મોંઘા ન હોય, જો હું નેક હશે તો તેથી સારાં પહેરાવી દેવામાં આવશે, નહીંતર તે પણ જલ્દી છીનવી લેવામાં આવશે.

**(૩૪)** ઈબ્ને અબી દુન્યાએ યહ્યા બિન રાશિદથી રિવાયત કરી કે ઉમર બિન ખત્તાબથી વસિય્યત કરી કે મારા મૃત્યુ બાદ મારું કફન મધ્યમ કક્ષાનું રાખજો, કેમ કે જો હું અલ્લાહની નજીક નેક હોઈશ તો મને તેનાથી શ્રેષ્ઠ કફન આપવામાં આવશે, નહીંતર આ પણ જલ્દી છીનવી લેવામાં આવશે. અને કૃબ્ર ખોદવામાં અધિક્તા ન કરશો કેમ કે જો અલ્લાહે મારા માટે ભલાઈ લખી છે તો તેને દષ્ટિના અંત સુધી પહોળી કરી દેવામાં આવશે, નહીંતર એટલી સાંકડી કરી દેવામાં આવશે કે મારી પાંસળીઓ એક તરફથી બીજી તરફ નીકળી જશે.

**(૩૫)** અબ્દુલ્લાહ ઈબ્ને અહમદે 'ઝવાઈહુઝ–ઝોહ્દ'માં ઉબાદા બિન સામતથી રિવાયત કરી કે જ્યારે હઝરત અબૂબક્રના મૃત્યુનો સમય નજીક આવ્યો તો તેમણે હઝરત આઈશાને વસિય્યત કરી કે મારા આ બંને કપડાંને ધોઈ નાખજો અને આમાં જ કફનાવજો, કેમ કે તમારા પિતાને ક્યાં તો આનાથી યે સારું કપડું દેવામાં આવશે અથવા તો આ પણ છીનવી લેવામાં આવશે.

**(૩૬)** સઈદ બિન મન્સૂરે આઈશા બિન અહ્બાન બિન ગિફ્ફારીથી





રિવાયત કરી કે તેમણે કહ્યું કે મારા પિતાએ વસિય્યત કરી હતી કે અમે તેમને ખમીસમાં દફન ન કરીએ. પરંતુ જ્યારે તેમનું મૃત્યુ થઈ ગયું તો અમે તેમને ખમીસમાં જ દફન કર્યા. હવે જ્યારે સવારે જોયું તો તે ખમીસ ખૂંટી પર લટકતુ હતું. તિબ્રાનીમાં પણ આ રિવાયત મૌજૂદ છે, પરંતુ તેમાં આઈશાના બદલે આઈશા બિન્ત અહ્બાન છે.

**(૩૭)** ઈબ્ને નજ્જારે પોતાની તારીખમાં ખલ્ફ બરવાનીથી રિવાયત કરી કે એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. જ્યારે કફનોમાંથી એક કફન તેના માટે પસંદ કરવામાં આવ્યું તો તે કાંઈક લાંબુ હતું. લોકોએ એટલા માપનું કાપી લીધું. તો તેને કોઈએ સ્વપ્નમાં જોયો, તે કહી રહ્યો હતો કે તમે કફનમાં કંજૂસાઈ કરી પરંતુ મારા રબે મને લાંબુ કફન આપ્યું, આમ કહીને તેણે કફન પરત કર્યું. હવે સવારે જોયું તો અન્ય કફનોમાં તે કફન પણ હતું જે તેને પહેરાવવામાં આવ્યું હતું.

**(૩૮)** અબૂ નુએમે મુસ્લિમ જુન્દીથી રિવાયત કરી, તેમણે કહ્યું કે તાઉસે પોતાના પુત્રને વસિય્યત કરી કે જ્યારે તમે મને દફન કરી દો તો થોડીવાર પછી મને કૃબ્રમાં જો જો. જો તેમાં ન પામો તો અલ્લાહ તઆલાની તારીફ કરજો, નહીંતર اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢજો. તો તેમના પુત્રએ જણાવ્યું કે મેં વસિય્યત પ્રમાણે તેમને જોયા તો ન પામ્યા અને પુત્રના ચહેરા પર ખુશીનો અસર હતો. ઈબ્ને અબીદુન્યાએ 'કુબૂર'માં આને રિવાયત કરી.

**(૩૯)** બયહકીએ દલાઈલમાં અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે હઝરત ઉમરે એક લશ્કર તૈયાર કર્યું અને તેના પર અલા બિન ખઝરમીને કમાન્ડર નિયુક્ત કર્યા. હું પણ તે યુદ્ધમાં સામેલ હતો. જ્યારે અમે પરત ફર્યા તો તેમનું મૃત્યુ નિપજ્યું અને અમે તેને દફન કરી દીધા. જ્યારે દફનથી ફારિગ થયા તો એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું કે આ જમીન મુડદાંઓને કૃબૂલ નથી કરતી ફેંકી દે છે. એક બે માઈલના અંતરે દફન કરી દો તો સારું છે. જેથી અમે તેમને કાઢવા શરૂ કર્યું. હવે જ્યારે લહદ સુધી પહોંચ્યા તો તે ત્યાં ન હતા અને કૃબ્ર નજરના છેડા સુધી પહોળી હતી તદ્પરાંત નૂરથી ભરેલ હતી. અમે માટી આમ જ નાખી દીધી અને ચાલી નીકળ્યા. અબૂ હુરૈરહ્ની રિવાયતથી પણ આ

જ પ્રસંગ મરવી છે.

**(૪૦)** અબૂલ્ હસન બિન બશ્શરાને પોતાની સનદ થકી અબ્દુલ અઝીઝ બિન અબી વારિદથી પ્રસંગ વર્ણન કર્યો કે મક્કામાં એક સ્ત્રી દરરોજ બાર હજાર વખત તસ્બીહ પઢતી હતી. જ્યારે તે મૃત્યુ પામી તો લોકો તેને ક઼બ્ર સુધી લઈ ગયા. જ્યારે ક઼બ્ર પાસે પહોંચ્યા તો તે લોકોના હાથો પરથી અદશ્ય થઈ ગઈ.

**(૪૧)** અબૂ નુએૈમે રિવાયત કરી કે જ્યારે કુરૂઝ બિન વબરહનું મૃત્યુ થઈ ગયું તો એક શખ્સે જોયું કે મુડદાં ક઼બ્રો પર નવાં કપડાં પહેરીને બેઠાં છે તો તેણે પૂછયું કે આ શું મામલો છે ? તો તેમણે જવાબ આપ્યો કે ક઼બ્રવાળાઓને કુરઝના આગમનની ખુશીમાં નવાં કપડાં પહેરાવવામાં આવ્યાં છે.

**(૪૨)** ઈબ્ને અબીદુન્યાએ 'કિતાબુર્રિક્કહ્ વલ્ બકા'માં મુસૈન બિન બક્રથી રિવાયત કરી કે મદાદ અજલીને જ્યારે દફન કરવા માટે લઈ ગયા તો આખી ક઼બ્રમાં ફૂલ જ ફૂલ પાથરેલાં હતાં. કેટલાક લોકોએ તેમાંથી ફૂલ ઉઠાવી લીધાં તો તે સિત્તેર દિવસ સુધી તાજાં રહ્યાં અને લોકો તેને જોતા રહ્યા. જ્યારે આ વાત તેમના સુધી પહોંચી તો તેમણે લોકોને વિખેરી નાખ્યા અને તે ફૂલ પોતાના કબ્જામાં લઈ લીધાં, પરંતુ તેની પાસેથી તે ગાયબ થઈ ગયાં અને ખબર ન પડી કે ક્યાં ગયાં અને કેવી રીતે ગયાં ?!

**(૪૩)** હાફિઝ અબૂબક્ર ખતીબે મુહમ્મદ બિન મુખલ્લદથી રિવાયત કરી કે મારી વાલિદાનું મૃત્યુ થઈ ગયું તો હું તેમને ક઼બ્રમાં ઉતારવા માટે ઉતર્યો તો મેં જોયું કે પાસેવાળી ક઼બ્રનો થોડો ભાગ ખુલી ગયો છે. તો મને એક શખ્સ દેખાયો જે નવું કફન પહેરેલ હતો અને તેના સીના પર ચમેલીનાં ફૂલોનો એક ગુલદસ્તો મૂકેલો હતો. તો મેં તેણે ઉઠાવ્યો તો તે બિલ્કુલ તાજો હતો. મારી સાથે અન્ય હઝરાતે પણ સુંઘ્યો પછી અમે તેને ત્યાં જ મૂકી દીધો અને કાંણાને બંધ કરી દીધું.

**(૪૪)** હાફિઝ અબુલ ફરજ બિન જૌઝીએ પોતાની સનદ થકી રિવાયત કરી કે ઈમામ અહમદની ક઼બ્ર પાસે એક ક઼બ્ર ખોદી તો એક મુડદાનાં સીના પર ફૂલ મૂકેલાં હતાં અને તે હલી રહ્યાં હતાં. તેમણે





પોતાની તારીખમાં રિવાયત કરી કે બસરામાં એક ટેકરો પડી ગયો તેમાં હૌઝની જેમ એક સ્થળ હતું, તેમાં સાત આદમી દફનાવેલ હતા. તેમાંથી દરેકનું કફન અને શરીર તંદુરસ્ત હતું અને મુશ્કની ખુશ્બૂ મહેકી રહી હતી. તેમાંથી એક યુવાન હતો જેના માથા પર વાળ હતા અને તેના હોઠ ભીના હતા જાણે તેણે હમણા જ પાણી પીધુ છે. તેની આખોમાં, સૂરમો લગાવેલ હતો, તેના પેટ પર તલ્વારનું એક નિશાન હતું તો અમુક લોકોએ તેના વાળ લેવા ઈચ્છયા તો તે વાળ જીવંત ઈન્સાનના વાળની જેમ મજબૂત હતા.

**(૪૫)** ઈબ્ને સઅદે તબ્કાતમાં અબૂ ઈદ ખુદરીથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે હું હઝરત સઅદની ક઼બ્ર ખોદવામાં સામેલ થયો, જ્યારે હું ક઼બ્ર ખોદતો હતો તો મુશ્કની ખૂશ્બુ મહેકતી હતી.

**(૪૬)** ઈબ્ને સઅદે મુહમ્મદ બિન શુરજીલ બિન હસનાથી રિવાયત કરી કે એક શખ્સે હઝરત સઅદ رضی اللہ عنہની ક઼બ્રથી એક મુટ્ઠી માટી લીધી અને ક઼બ્રમાં તેને ધ્યાનથી જોયું તો તે મુશ્ક હતી.

**(૪૭)** ઈબ્ને અબીદુન્યાએ મુગૈરહ્ બિન હબીબથી રિવાયત કરી. એક શખ્સને સ્વપ્નમાં કોઈએ જોયો, તે શખ્સની ક઼બ્રથી ખૂશ્બુઓ આવી રહી હતી. તેને પૂછવામાં આવ્યું કે આ સુગંધો કેવી છે ? તેણે કહ્યું કે **આ કુર્આનની તિલાવત અને રોઝાની સુગંધો છે.**

**(૪૮)** ઈમામ અહમદે જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે જઈ રહ્યા હતા કે એક ગામડીયો આવ્યો, અને તેણે કહ્યું કે મને ઈસ્લામની તા'લીમ આપો. આ જ રિવાયતમાં છે કે હજી આ વાતો થઈ રહી હતીને તે પોતાની સવારી પરથી પડી ગયો અને મૃત્યુ પામ્યો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે થાક્યો ઓછો અને નેઅમતો વધુ હાંસલ કરી ! (ઈસ્લામની ક઼બૂલાતની સાથે વગર નેક અમલે જન્નતમાં પ્રવેશી ગયો). મારો ખયાલ છે કે આ ભૂખ્યો મૃત્યુ પામી ગયો. નિઃશંક ! મેં તેની બંને પત્નીઓને જન્નતમાં જોઈ જે હૂરો હતી તે તેના મુખમાં જન્નતનાં ફળ મૂકી રહી હતી.

**(૪૯)** તિર્મિઝી તથા હાકિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત

કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં જા'ફરને જન્નતમાં ફરિશ્તાઓ સાથે ઉડતા જોયા.

**(૫૦)** હાકિમે ઈબ્ને અબ્બાસ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આજે રાત્રે હું જન્નતમાં દાખલ થયો તો જોયું કે જા'ફર ફરિશ્તાઓ સાથે ઉડી રહ્યા છે અને હમ્ઝા ટેકો દઈને બેઠા છે અને કેટલાક સહાબાનો વધુ ઉલ્લેખ કર્યો.

**(૫૧)** ઈબ્ને અબીદુન્યાએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે તે એક ક઼બ્રસ્તાનમાં ગયા તો જોયું કે એક ખોપરી દેખાતી હતી તો આપે હુકમ આપ્યો કે તેને છુપાવી દેવામાં આવે. પછી આપે ફર્માવ્યું કે આ શરીરોને કોઈ ચીજ તકલીફદાયક નથી, એ તો રૂહો જ છે જેને અઝાબ તથા સવાબ થાય છે.

**(૫૨)** ઈબ્ને અબી શૈબાએ અને ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ હુર્રામાં સફિયા બિન્તે શૈબાથી રિવાયત કરી કે હું અસ્મા બિન્તે અબૂબક્ર પાસે હતી. તેણીએ કહ્યું, જ્યારે કે હજ્જાજે મારા પુત્ર અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہને ફાંસી દીધી તો ઉમર બિન અબ્દુલ અઝીઝ આવ્યા અને તા'ઝીયત (માતમપુર્સી)ના રીતે કહ્યું કે તમે સબ્ર કરો ! કારણ કે આ શરીર કાંઈ નથી, નિઃશંક ! રૂહો અલ્લાહ પાસે છે. તો મેં કહ્યું કે હું સબ્ર કેમ ન કરું ?! યહ્યા બિન ઝકરિયા علیہ السلામનું મસ્તક એક બદ્ચલન સ્ત્રીને તોહફારૂપે આપવામાં આવ્યું.

**(૫૩)** ઈબ્ને સઅદે ખાલિદ બિન મઅદાનથી રિવાયત કરી કે જંગે અજનાદૈનના મોકા પર જ્યારે રૂમી હારીને એવા સ્થળે પહોંચી ગયા જેને પાર કરવું શક્ય ન હતું, તો હિશામ બિન આસ رضی اللہ عنہ તે સ્થળે પહોંચી ગયા અને તેમની સાથે જેહાદ કર્યો અને તે તરફથી હુમલા બંધ કરી દીધા પરંતુ થોડીવાર પછી શહીદ થઈ ગયા. જ્યારે મુસલમાન તે સ્થળે પહોંચ્યા જ્યાં તેમની લાશ હતી તો મુસલમાનોને એ વાતનો ખતરો થયો કે ક્યાંક તેમની લાશને ઘોડા ન કચડી નાંખે, તો અમ્ર બિન આસે કહ્યું કે અલ્લાહે તેમને શહીદ કરી દીધા છે અને તેમની રૂહને ઉઠાવી લીધી છે અને હવે આ જિસ્મ કાંઈ નથી. પછી પોતે તેમણે અને તેમના પછી અન્ય સિપાહીઓએ તેમની લાશને કચડી નાંખી અને પુલ




પાર કરી લીધો. ઈબ્ને રજબે કહ્યું કે આ રીતનો હેતુ એ નથી કે રૂહ જિસ્મથી જુદા થયા બાદ કદી તેનાથી મળતી જ નથી પરંતુ તેનો હેતુ તો કેવળ એ છે કે મૃત્યુ બાદ જિસ્મને ઈન્સાનો કે કીડા મકોડાની તકલીફ પહોંચાડવાથી કોઈ તકલીફ નથી થતી, કારણ કે ક઼બ્રનો અઝાબ દુનિયાની સજા જેમ નથી તે તો અલ્લાહની મરજી પ્રમાણે અને તેની કુદરતથી મૈયત સુધી પહોંચે છે.

## (વિભાગ)

# શહીદની ફઝીલત

**(૧)** ઈબ્ને માજાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હજી શહીદોનું લોહી જમીન પર પડયા પછી સૂકાવા પણ ન પામતું કે તેની જન્નતી બે પત્નીઓ તેનું સ્વાગત કરે છે એમાંથી દરેકના હાથમાં જન્નતી પોશાક હોય છે જે દુનિયા અને જે કાંઈ તેમાં છે તેનાથી શ્રેષ્ઠ હોય છે.

**(૨)** તિબ્રાની, બઝ્ઝાર તથા બયહકીએ 'બઅષ'માં યઝીદ બિન શજરાથી રિવાયત કરી કે શહીદના લોહીનું પ્રથમ ટીપુ જમીન પર પડતાં જ તેના સર્વ ગુનાહો માફ થઈ જાય છે. પછી તેની બે પત્નીઓ હૂરો આવીને તેના ચેહરાની માટી સાફ કરે છે. પછી તેને સો ચાદરો જન્નતી ઘાસથી તૈયાર કરેલી પહેરાવવામાં આવે છે તે એટલી નરમ હોય છે કે જો બે આંગળીઓ વચ્ચે રાખવામાં આવે તો તેમાં સમાય જાય.

**(૩)** હાકિમે સહીહ રિવાયત થકી અનસથી રિવાયત કરી. એક કાળો શખ્સ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો અને પૂછયું કે જો હું જેહાદ કરું ત્યાં સુધી કે માર્યો જાઉં તો બતાવો કે મારું ઠેકાણુ ક્યાં હશે ? તો આપે ફર્માવ્યું કે જન્નતમાં. તો તેણે જેહાદ કર્યો ત્યાં સુધી કે શહીદ થઈ ગયો. તો હુઝૂર صلی اللہ علیہ وسلم તેની પાસે આવ્યા અને કહ્યું કે અલ્લાહ તઆલાએ તારો ચેહરો રોશન કરી દીધો અને તારા અંદર ખૂશ્બુઓ પેદા કરી દીધી. પછી હુઝૂર صلی اللہ علیہ وسلم એ તે શખ્સના વિશે (અથવા તો કોઈ અન્ય વિશે) ફર્માવ્યું કે મેં તેને જન્નતમાં જોયો કે તેની હૂર પત્ની તેના ઊનના જભ્ભા વિશે તેની સાથે હંસી મજાક કરી રહી હતી અને કદી તે તેના જભ્ભામાં સંતાઈ જતી હતી. (તે શહીદ) પોતાની પત્ની સાથે ખેલકૂદ કરી રહ્યો હતો.





**(૪)** બયહકીએ હસન સનદ થકી ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે એક ગામડીયો હુઝૂર صلی اللہ علیہ وسلم સમક્ષ શહીદ થઈ ગયો તો આપ તેના સરહાને ખુશ થઈને બેસી ગયા અને સ્મિત કરવા લાગ્યા. પછી તેનાથી મોં ફેરવી લેવામાં આવ્યું. તો એના વિશે પૂછવામાં આવતાં આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ખુશ થવું તો એટલા માટે હતું કે હું જોઈ રહ્યો હતો કે અલ્લાહ તઆલાએ તેનો મર્તબો કેટલો બુલંદ ફર્માવ્યો ! અને મારું મોં ફેરવવું એટલા માટે થયું કે તેની હૂર પત્ની તેની પાસે છે.

**(૫)** બયહકીએ 'શોઅબુલ્ ઈમાન'માં પોતાની સનદ થકી ક઼ાસિમ બિન ઉષ્માન બિન જદઈથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે મેં એક શખ્સને તવાફ કરતો જોયો. હું તેની પાસે આવ્યો તો તેને આ શબ્દ કહેતાં પામ્યો કે, اَللّٰهُمّ قضيت حاجة المحتاجين وحاجتى لم تقض۔ (અર્થાત : હે અલ્લાહ ! તેં મોહતાજોની હાજત પૂરી ફર્માવી અને મારી હાજતને તેં પૂરી ન ફર્માવી.) તે તો આ જ દુઆ માંગતો હતો. આનાથી વધુ ન કરતો હતો. મેં તેને પૂછયું કે ભાઈ ! આથી વધુ દુઆ કેમ નથી માંગતા ? તેણે કહ્યું કે જનાબ આની પાછળ એક પ્રસંગ છુપાયેલ છે અને તે એ કે અમે વિભિન્ન શહેરોના રહેવાવાળા સાત મિત્ર હતા. અમે દુશ્મનના શહેરમાં જઈને જેહાદ કર્યો તો તેમણે અમને કેદ કરી લીધા અને અમને અલગ અલગ કરી દીધા જેથી ક઼તલ કરી નાંખવામાં આવે, તો મેં આસમાન તરફ નિગાહ ઉઠાવી તો શું જોઉં છું કે સાત જન્નતોના દરવાજા ખુલ્લા છે અને દરેક દરવાજે એક હૂર છે. ટૂંકમાં કે અમારા એક મિત્રને ક઼તલ કરી નાંખવામાં આવ્યો તો મેં જોયું કે એક હૂર ઉતરી જેના હાથમાં એક રૂમાલ હતો, ત્યાં સુધી કે મારા છ મિત્રો શહીદ થયા. હું જ બચી ગયો અને મારો દરવાજો પણ. હવે જ્યારે મને ક઼તલ કરવા માટે પેશ કરવામાં આવ્યો તો મને બાદશાહથી કોઈએ માંગી લીધો તો મેં હૂરને કહેતાં સાંભળ્યું કે હે મેહરૂમ ઈન્સાન ! તારાથી બહુ જ મોટી ચીજ છૂટી ગઈ ! આવું કહીને તેણીએ દરવાજા બંધ કરી લીધો. તો હે ભાઈઓ ! તેનો પસ્તાવો હજી મારા દિલમાં છે. ક઼ાસિમ બિન ઉષ્માન કહે છે કે મારી દષ્ટિએ આ શખ્સ તે સર્વથી શ્રેષ્ઠ હતો કે તેણે તે જોયું જે તેમણે (મિત્રોએ) ન જોયું અને શોખ તથા મહોબ્બતથી, કોશિશ

કરવાવાળો, નેક અમલ કરનારો થઈ ગયો.

## ★ ક઼બ્રોની ઝિયારતનું વર્ણન અને મુડદાંઓનું પોતાની ઝિયારત કરનારાઓને ઓળખવું તથા જોવું ★

**(૧)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ કુબૂર'માં હઝરત આઈશાથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ મુસલમાન પોતાના કોઈ મુસલમાનની ઝિયારત માટે જાય છે તો તે તેનાથી હૂંફ હાંસલ કરે છે અને તેની વાતોનો જવાબ પણ આપે છે.

**(૨)** ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ 'શોઅ્‌બ'માં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ મુસલમાન પોતાનાં ઓળખીતા શખ્સની ક઼બ્રથી પસાર થાય છે અને તેને સલામ કરે છે તો ક઼બ્રવાળો તેનો જવાબ આપે છે તદુપરાંત તેને ઓળખીને સલામ કરે છે. અને ઈબ્ને અબી દુન્યા થકી 'કુબૂર'માં આ રિવાયત કરી અને ઈબ્ને અબ્દુલ બર્રે 'કિતાબુલ્ અઝ્‌કાર'માં અને 'તમ્‌હીદ'માં ઈબ્ને અબ્બાસથી આ જ રિવાયત છે.

**(૩)** અક઼ીલે અબૂ હુરૈરહ્‌થી રિવાયત કરી કે તેમણે કહ્યું, રઝીને રસૂલુલ્લાહ ﷺ થી અર્ઝ કરી કે ક઼બ્રસ્તાનથી પસાર થાઉં છું તો શું કોઈ કલામ છે જે હું મુડદાંઓ સાથે કરું ? આપે ફર્માવ્યું કે તમે આ પ્રમાણે કહ્યા કરો કે :–

**السَّلامُ عَلَيْكُم يَااَهْلَ الْقبُورِ مِنَ الْمُسْلِمِيْنَ وَالْمُؤْمِنِيْنَ ! انتُم لنَا سلف ونحنُ لَكُمْ تبعٌ وَ انَّا اِنْشَاء اللّٰهُ بكُم لَاحِقُونَ**

**(અર્થાત)** : ''હે ક઼બ્રવાળા મુસલમાનો તથા મો'મિનો ! તમારા પર સલામતી હજો ! તમે અમારા પૂર્વજો અને અમે તમારા તાબેઅ, અને નિઃશંક ! અમે તમને મળવાનાં છીએ.''

અબૂ રઝીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ શું તેઓ સાંભળે છે ? આપ ﷺ એ ફર્માવ્યું કે સાંભળે છે પણ જવાબ નથી દઈ શકતા. પછી આપે ફર્માવ્યું કે હે અબૂ રઝીન ! શું તમે આ વાત પર રાજી નથી કે તેમના બદલે તેમની જ સંખ્યામાં ફરિશ્તાઓ તમને જવાબ આપે ! અને જવાબ ન દઈ શકવાથી મુરાદ એવો જવાબ છે જેને ઈન્સાન તથા





જિન્નાત ન સાંભળે, નહીંતર જવાબ જરૂર આપે છે.

**(૪)** અહમદ તથા હાકિમે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે હું પોતાના ઘરમાં ચાદર ઉતારીને દાખલ થતી અને કહેતી કે આમાં એક મારા પતિ છે અને બીજા બાપ. પરંતુ જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ દફન થયા તો હું સંભાળીને ચાદર ઓઢીને દાખલ થવા લાગી અને આ હઝરત ઉમર رضی اللہ عنہથી શરમના કારણે હતું. (જાણવા મળ્યું કે અંબિયા علیہم السلام તથા ઔલિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعینની વફાત અને હયાતમાં કાંઈ ફરક નથી, એમની સાથે આપણે જિંદગીવાળુ વર્તન કરવું જોઈએ.)

**(૫)** તિબ્રાનીએ અવસતમાં ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ઓહદથી વાપસી વખતે હઝરત મુસ્અબ બિન ઉમૈર અને તેમના સાથીઓની ક઼બ્રો પર થોભી ગયા અને ફર્માવ્યું કે **હું સાક્ષી આપુ છું કે તમે અલ્લાહની નજીક જીવંત છો, તો હે લોકો ! એમનાથી મુલાકાત કરો અને એમને સલામ કરો, કારણ કે એઓ ક઼યામત સુધી જવાબ આપે છે.**

**(૬)** અરબઈન તાઈહામાં રસૂલુલ્લાહ ﷺથી મરવી છે કે આપે ફર્માવ્યું કે મૈયતને સૌથી વધુ આકર્ષણ તે શખ્સના આવવાથી થાય છે જે તેનો દુનિયામાં બેહતર મિત્ર હોય.

**(૭)** ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ 'શોઅ્‌બ'માં મુહમ્મદ બિન વાસેઅથી રિવાયત કરી કે મને હદીષ મળી કે મૈયતને પોતાની ઝિયારત કરવાવાળાઓની જાણ જુમ્આના દિવસે અને તેનાથી એક દિવસ પહેલાં એક દિવસ પછી સુધી થાય છે.

**(૮)** ઈબ્ને અબી દુન્યાએ ઝિહ્‌હાકથી રિવાયત કરી, જેણે શનિવારના દિવસે સૂર્યોદય પહેલાં કોઈની ઝિયારત કરી તો મૈયતને તેની જાણ થાય છે. તેમને પૂછવામાં આવ્યું તો તેમણે ફર્માવ્યું કે આ એટલા માટે કે હજી સુધી જુમ્આની અસર બાકી રહે છે.

**(૯) ચેતવણી** : અલ્લામા સુબ્કીએ ફર્માવ્યું કે મૃત્યુ પછી ક઼બ્રમાં રૂહનું પોતાનાં શરીરમાં પરત આવવું દરેક મુડદા માટે સહીહ રિવાયત થકી સાબિત છે અને શહીદોનું તો શું કહેવું ? પરંતુ વાત આ હુકમમાં

છે કે શું તે રૂહો શરીરમાં બાકી રહે છે કે નહીં ? અને પછી આ જિંદગી દુનિયાની જિંદગીની જેમ હોય છે કે તેથી અલગ ? કેમ કે જિંદગી માટે રૂહનું હોવું આ એક આમ મામલો છે અકલી નથી. હવે જો આ વાત પર કોઈ મજબૂત દલીલ મળી જાય કે શરીરને દુનિયવી જિંદગી જેવી જિંદગી મળી જાય છે તો તેને સ્વીકારી લેવામાં આવશે. જેથી ઉલમાની એક જમાઅતે આ જ ક઼ૌલ લીધો છે. તથા મૂસા عليه السلامનું ક઼બ્રમાં નમાઝ પઢવું આના પર દલીલ છે, કારણ કે નમાઝ પઢવી એક જીવંત શરીરનો જ ગુણ છે. પછી એ જ રીતે અંબિયા عليهم السلام વિશે મેઅરાજની રાતમાં જે સ્થિતિઓનો ઉલ્લેખ છે તેનો ક઼ાનૂન પણ આ જ છે પરંતુ આ શારીરિક જિંદગીથી શારીરિક જરૂરતો જેમ કે ખાવુ, પીવુ વગેરેનું હોવું જરૂરી નથી, બલ્કે તેના એહકામ બદલાય જાય છે. પણ અક્કલ જેમ કે જાણવું અને સાંભળવું, તો આ નિઃશંક ! શહીદો તથા ગૈર શહીદો સૌ માટે સાબિત છે. કેટલાક હઝરાત કહે છે કે શહીદોની શારીરિક જિંદગીનો અર્થ એ છે કે તેમના પર સડવા, કહોવાની (આફત) નથી આવતી.

બયહકીએ 'કિતાબુલ્ એઅ્તેકાદ'માં કહ્યું કે મૃત્યુ બાદ અંબિયાની રૂહો પરત કરી દેવામાં આવે છે અને તે શહીદોની માફક પોતાના રબની પાસે જીવંત છે. ઈબ્ને કૈય્યિમે રૂહોની આપસમાં મુલાકાતનો મસ્અલો વર્ણન કરતાં કહ્યું કે રૂહોના બે પ્રકાર છે : કેટલીક રૂહો તો તે છે જેમના પર અઝાબ થઈ રહ્યો છે તેમને તો મુલાકાતની રજા નથી, અને કેટલીક તે છે જે અલ્લાહ તઆલાનાં ઈનામો તથા બખ્શિશમાં છે, તો તે સ્વતંત્ર છે એકબીજાથી મુલાકાત કરે છે અને દુનિયામાં જે કાંઈ થઈ ચૂક્યું તેની બહષ કરે છે અને જે દુનિયાવાળાઓ કરે છે તેના વિશે વાતચીત કરે છે, અને આપણા રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની રૂહ રફીકે આ'લામાં છે. અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે જે અલ્લાહ અને તેના રસૂલ صلى الله عليه وسلمની પેરવી કરશે તે અલ્લાહના ઈનામ પામેલા હઝરાત અંબિયા, સિદીક઼ીન, શોહદા તથા સાલેહીનની સાથે હશે અને આ હઝરાત ખૂબ જ શ્રેષ્ઠ સાથી છે અને આ સાથ દુનિયામાં પણ છે, બરઝખમાં પણ અને આખેરતમાં પણ. **ઈન્સાન આ ત્રણે જમાનામાં તેમની જ સાથે હશે જેનાથી તેમને મહોબ્બત હશે.**





શૈદલાએ 'કિતાબુલ્ બુરહાન'માં કહ્યું કે જો કોઈ શખ્સ કહે છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા તેમને તમે મુડદાં કદાપિ ન સમજો બલ્કે તેઓ ઝિંદા છે, તો એ કેવી રીતે શક્ય છે કે તેઓ મુડદાં પણ હોય અને ઝિંદા પણ ? તો તેનો ઉત્તર એ છે કે બિલકુલ શક્ય છે કે અલ્લાહ તઆલા તેમના કોઈ અંગમાં રૂહ નાખી દે જેનાથી તે અઝાબ તથા લિજ્જત બંને અનુભવે. આ બિલકુલ આ જ પ્રમાણે છે. શરીરના કોઈ ભાગમાં જો ગરમી કે ઠંડીનો અસર હોય તો તેની આખા શરીર પર અસર થાય છે. અમુક હઝરાતનું કહેવું છે કે તેમની જિંદગીથી મુરાદ એ છે કે તેમના શરીરના સાંધા નહીં ખુલે અને ન તેમનું શરીર સડશે કે કહોવાશે જેમ કે તેઓ પોતાની ક઼બ્રોમાં ઝિંદાની જેમ છે. અબૂ હબ્બાને કહ્યું કે શહીદોની જિંદગી વિશે ઉલમાએ મતભેદ કર્યો. અમુક તો કહે છે કે તેમની રૂહો બાકી રહે છે અને શરીરો ફના થઈ જાય છે. જેથી આ વાત અમારા જોવામાં આવી છે અને અમુક હઝરાત ફર્માવે છે કે શહીદનું શરીર અને રૂહ બંને ઝિંદા હોય છે અને આપણી આમ બુદ્ધિ આ સંદર્ભમાં કોઈ હક઼ીક઼ત નથી રાખતી. આ તો બિલકુલ આમ જ છે જેમ કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે તમે પહાડોને ઠરેલા જોશો જ્યારે કે તે વાદળોની જેમ ચાલી રહ્યા હશે અથવા જેમ સૂતેલાને આપણે એક જ સ્થિતિમાં જોઈએ છીએ, જ્યારે કે તે આરામ તથા તકલીફ દરેક દરેક ચીજને મેહસૂસ કરે છે અને ક્યાં ક્યાં જાય છે. અને હું કહું છું કે એટલા જ માટે શહીદોની જિંદગીમાં અલ્લાહ તઆલાએ શરત લગાડી કે, وَلٰكِن لَّا تَشْعُرُونَ (અર્થ) : ''તમે તેમની જિંદગીને નથી સમજી શકતા.'' જેમ કે અલ્લાહે ચેતવણી ફર્માવી દીધી કે તે શહીદોની જિંદગી અને ગૈર શહીદોની જિંદગીમાં આ જ ફરક છે. પછી જો શહીદની જિંદગીથી મુરાદ તેમની રૂહાની જિંદગી હોત તો તેઓમાં અને અન્યોમાં શું ફરક રહી જાય છે ? અને وَلٰكِن لَّا تَشْعُرُونَની શરત લગાવવાનો કોઈ ફાયદો ન રહેત. અને કદીક અલ્લાહ તઆલા પોતાના ઔલિયાને કશ્ફના ઝરીયે તેમની જિંદગીનો મુશાહેદો (નઝારો) કરાવે છે.

સુહેલીએ 'દલાઈલુન્ નબુવ્વત'માં અમુક સહાબાથી રિવાયત કરી

કે એક શખ્સે એક કૃબ્ર ખોદી, તેમાં એક કાંણુ બીજી કૃબ્ર તરફ ખુલી ગયું. હવે જ્યારે તેમણે જોયું તો એક બુઝુર્ગ તખ્તપર બેઠેલ છે અને તેમની સમક્ષ કુર્આન શરીફ મૂકેલ છે અને તેની સામે જ લીલા રંગનો રોઝો છે. આ ઓહદની જમીનનો પ્રસંગ છે અને આ શખ્સ શહીદ હતો કારણ કે તેમના ચહેરા પર ઘા હતા. અબૂ હબ્બાન તથા યાફઈએ પણ આ જ પ્રકારનો પ્રસંગ નકલ કર્યો.

**(૧૦)** શૈખ નઝમુદ્દીન અસ્બહાનીએ કહ્યું કે હું એક શખ્સને દફન કરવાના સમયે હાજર થયો. મૈયતને કૃલ્માની તલ્કીન માટે એક શખ્સ બેઠો અને તેને તલ્કીન કરવા લાગ્યો તો મૈયત કહેવા લાગ્યું કે, હે લોકો ! આશ્ચર્ય છે એ વાત પર કે એક મુડદુ ઝિંદાને તલ્કીન કરી રહ્યું છે.

**(૧૧)** ઈબ્ને રજબે પોતાની સનદ થકી મઆફી બિન ઈમરાન વિશે નકલ કર્યું કે એક શખ્સ તેમની કૃબ્ર પર તલ્કીન માટે કલ્મો પઢવા લાગ્યો તો કૃબ્રથી પણ કલમાનો અવાજ આવવા લાગ્યો.

**(૧૨)** યાફઈએ મુહિબ તબ્રી (જે શાફઈઓના ઈમામોમાંથી છે)થી રિવાયત કરી કે હું શૈખ ઈસ્માઈલ હઝરમીની સાથે ઝુબેદાના કૃબ્રસ્તાનમાં હતો. તો મને શૈખે કહ્યું, હે મુહિબ ! તમે મુડદાના વાત કરવા પર ઈમાન ધરાવો છો ? મેં કહ્યું, હા ! તો તેમણે કહ્યું, આ કૃબ્રવાળો કહે છે કે હું જન્નતીઓમાંથી છું !

**(૧૩)** તે જ શૈખ ઈસ્માઈલ હઝરમીથી રિવાયત કરી કે તે કૃબ્રસ્તાનથી પસાર થયા અને એક કૃબ્ર પાસે ઊભા રહીને ખૂબ રડયા અને થોડીવાર પછી ખૂદ બખૂદ હસવા લાગ્યા. તો તેનું કારણ પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે મને આ કૃબ્રસ્તાનવાળાઓની સ્થિતિ જણાઈ તો ખબર પડી કે આ લોકો પર અઝાબ થઈ રહ્યો છે તો મેં તેમના માટે અલ્લાહ તઆલાથી ફરિયાદ કરી, તો મને કહેવામાં આવ્યું કે જાવ ! અમે આ લોકો માટે તમારી શફાઅત કૃબૂલ કરી લીધી. તો આ કૃબ્રવાળી સ્ત્રી બોલી કે હે ફકીહ ઈસ્માઈલ ! હું એક ગાનારી હતી. શું મારી પણ મગફેરત થઈ ? તો મેં કહ્યું, હા ! અને તું પણ તેઓમાં જ છે. આ જ વાત મારા હંસવાનું કારણ બની.

**(૧૪)** શૈખ અબ્દુલ ગફ્ફારે 'તૌહીદ'માં લખ્યું કે મને કાઝી બહાઉદ્દીને





ખબર આપી કે શૈખ અમીનુદ્દીન જિબ્રઈલ તેમની સાથે હતા. તે કાહેરામાં પ્રવેશતા પહેલાં મૃત્યુ પામી ગયા. હવે જ્યારે તેમની મૈયતને લઈને કાહેરામાં દાખલ થવાનો ઈરાદો કર્યો તો શહેરવાળાઓએ પ્રવેશવાની પરવાનગી ન આપી કે અમે મુડદાંઓને પ્રવેશવા નથી દેતા. તો શૈખે પોતાનો હાથ ઉઠાવી આંગળી ઉઠાવી દીધી અને શહેરમાં પ્રવેશી ગયા.

**(૧૫)** યાફઈએ એક શખ્સથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે કુરાફા સ્થળે મેં એક યુવાન સાથે બુરા કામનો ઈરાદો કર્યો તો તેણે કહ્યું કે હું અહીયાં કદાપિ કોઈ ગુનો નહીં કરીશ, કેમ કે મેં એકવાર એવું કર્યું હતું તો એક કૃબ્ર ફાટી પડી હતી અને મુડદાએ કહ્યું કે શું ખુદાથી પણ શરમ નથી કરતો ?!

**(૧૬)** યાફઈએ એક પ્રસંગ વર્ણવ્યો કે અબ્દુર્રહ્માન નવીદી ફર્માવે છે, જ્યારે તે મન્સૂરામાં હતા અને દુશ્મનોએ મુસલમાનોને કેદ કરી લીધા તો અબ્દુર્રહ્માને એક દિવસ આ આયત પઢી لَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا...الخ છેવટ સુધી. પછી આપ શહીદ થઈ ગયા. જ્યારે શહીદ થઈ ગયા તો એક અંગ્રેજ આવ્યો અને તેની પાસે એક નાનો ભાલો હતો. તો તેણે આપના શરીર પર માર્યો અને કહ્યું કે હે મુસલમાનોના આલિમ ! તું કહેતો હતો કે શહીદો ઝિંદા છે ! અને તેમને રિઝ્ક આપવામાં આવે છે ? તો અબ્દુર્રહ્માને પોતાનું માથુ ઉઠાવી કહ્યું કે, હા ! કા'બાના રબની કૃસમ ! શહીદો ઝિંદા છે ! તો અંગ્રેજ પોતાના ઘોડા પરથી ઉતર્યો અને શેખનું મોં ચૂમી લીધું અને પોતાના સાથીને કહ્યું કે તેમની મૈયતને વતન લઈ ચાલો.

**(૧૭)** રિસાલએ કુશૈરીમાં તેમની સનદ થકી શૈખ અબૂ સઈદથી મરવી છે કે મેં બની શૈબાના દરવાજા પાસે એક યુવાનને મૃત સ્થિતિમાં પામ્યો. જ્યારે મેં તેને જોયો તો તે મારી તરફ જોઈને મુસ્કુરાવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, હે અબૂ સઈદ ! શહીદો ઝિંદા છે ! તેઓ તો એક સ્થળેથી બીજા સ્થળે બદલી થાય છે.

**(૧૮)** આ જ રિસાલામાં શેખ અલી રૂદબારીથી મરવી છે કે તેમણે એક ફકીરને દફન કર્યો તો તેમણે તેના માથાથી કફન હટાવ્યું અને તેનું

માથુ માટી પર મૂક્યું જેથી અલ્લાહ તેની ગરીબી પર રહમ કરે. તો તેણે આંખો ખોલીને મને જોયો અને કહ્યું કે જનાબ ! મને તેની સમક્ષ ઝલીલ ન કરો જેણે મને રાહ દેખાડી છે. તો મેં કહ્યું કે મારા સરદાર ! શું મૃત્યુ પછી પણ જિંદગી ? તો તેણે કહ્યું કે હું પણ જીવંત છું અને અલ્લાહ તઆલાનો દરેક મુહિબ્બ (મહોબ્બત કરનાર) ઝિંદા છે અને કાલે હું તમારી મદદ કરીશ.

**(૧૯)** અને તે જ રિસાલએ કુશૈરીમાં છે કે એક કફનચોર હતો. એક સ્ત્રીનો ઈન્તેકાલ થઈ ગયો. તે તેણીના જનાઝાની નમાઝમાં સામેલ થયો જેથી સાથે જઈને તેની ક઼બ્રનો પતો લગાવે. જ્યારે રાત પડી ગઈ તો તેને વૃદ્ધની ક઼બ્રને ખોદવાનું શરૂ કર્યું તો તે સ્ત્રી બોલી ઉઠી કે સુબ્હાનલ્લાહ ! એક મગ્ફૂર (બખ્શાઈ ગયેલ) શખ્સ મગ્ફૂર સ્ત્રીનું કફન ચોરે છે ! કેમ કે અલ્લાહે મારી પણ મગફેરત કરી દીધી અને તે સર્વ લોકોની જેમણે મારા જનાઝાની નમાઝ પઢી અને તું પણ તેઓમાં સામેલ હતો. આ સાંભળી તેણે ક઼બ્ર પર તરત માટી નાખી દીધી અને સાચા દિલથી તૌબા કરી લીધી.

**(૨૦)** તે જ રિસાલામાં છે કે ઈબ્રાહીમ બિન શૈબાને ફર્માવ્યું કે એક નેક નવયુવાન મારો મિત્ર બન્યો અને વહેલી તકે તેનો ઈન્તેકાલ થઈ ગયો તો મને ખૂબ દુ:ખ થયું અને તેને પોતે ગુસ્લ દેવાનો નિશ્ચય કરી લીધો. તો મેં ગમના કારણે તેને ઉંધી બાજુથી નવડાવવાનું શરૂ કર્યું તો તેણે મારો હાથ પકડી લીધો અને સીધો ભાગ આપ્યો. મેં કહ્યું કે, હે બેટા ! તું હક઼ પર છે અને ગલતી પર હું જ હતો.

**(૨૧)** તે જ રિસાલામાં અબૂ યાકૂબ મૂસાથી મરવી છે કે મેં એક મુડદાને ગુસ્લ દીધું ત્યારે તેણે મારો અંગૂઠો પકડી લીધો. તો મેં કહ્યું કે હે બેટા ! મારો અંગૂઠો છોડી દે ! કારણ કે હું જાણુ છું કે આ મરવું નથી બલ્કે એક સ્થળેથી બીજા સ્થળે બદલી થવું છે.

**(૨૨)** અને તે જ રિસાલામાં તે જ રાવીથી છે કે મારો એક મુરીદ મક્કાથી આવ્યો અને મને કહ્યું, હે ઉસ્તાદ ! હું કાલે ઝોહર વખતે મૃત્યુ પામીશ ! તો આ દીનાર લો અડધામાં ક઼બ્ર અને અડધામાં કફનની વ્યવસ્થા કરજો. જ્યારે બીજા દિવસે ઝોહરનો વખત થયો તો તેણે આવીને





તવાફ કર્યો અને પછી દૂર ઊભો થઈ ગયો અને થોડીવાર પછી મૃત્યુ પામ્યો. જ્યારે મેં તેને ક઼બ્રમાં રાખી દીધો તો તેણે આંખો ખોલી દીધી તો મેં તેને કહ્યું કે મૃત્યુ બાદ પણ જિંદગી હોય છે ?! તો તેણે કહ્યું, હું અલ્લાહનો મુહિબ્બ છું અને અલ્લાહનો પ્રત્યેક મુહિબ્બ હમેશાં માટે ઝિંદા છે.

**(૨૩)** કુશૈરી કહે છે કે મેં ઉસ્તાદ અલી દક઼્કાકને કહેતાં સાંભળ્યું કે અબૂ ઉમર બીકન્દી એક ગલીથી પસાર થઈ રહ્યા હતા તો તેમણે જોયું કે કેટલાક લોકો એક યુવાનને તેના બદ્ચલન હોવાના કારણે ઘરેથી ઘસેડીને કાઢી રહ્યા છે અને તેની માં રડી રહી છે અને તેની સિફારિશ કરી રહી છે. તો આપે કહ્યું કે આ શખ્સને મારા તરફથી આ સ્ત્રીના હવાલે કરી દો ! કેટલાક દિવસ પછી આપે તેની માંને જોઈ તો તે યુવાનનો હાલ પૂછયો. તો તેણીએ જણાવ્યું કે તે તો મૃત્યુ પામી ગયો અને તેણે મને વસિય્યત કરી હતી કે હું તેના મરણની ખબર પડોશીઓને ન દઉં જેથી તે મારા મરણ પર ખુશ ન થાય. અને જ્યારે હું મૃત્યુ પામુ તો મારા હક઼્માં રબથી સિફારિશ કરીશ જેથી મેં આમ જ કર્યું. જ્યારે હું તેની ક઼બ્રથી ચાલવા લાગી તો મેં તેનો અવાજ સાંભળ્યો કે તે કહી રહ્યો છે કે, માં ! હવે તું ચાલી જા ! કેમ કે હું કરમ કરવાવાળા રબની પાસે આવી ગયો છું.

**(૨૪)** યાફઈએ 'કિફાયતુલ્ મોઅ્તકિદ'માં લખ્યું છે કે એક નેક શખ્સે મને જણાવ્યું કે હું કદી પોતાના વાલિદની ક઼બ્ર પર જાઉં છું તો તેમની સાથે વાતચીત કરું છું.

**(૨૫)** યાફઈએ કહ્યું કે આ ખૂબ વિખ્યાત વાત છે કે ફક઼ીહ અહમદ બિન મૂસા બિન ઉજેલને તેમના કેટલાક શાગિર્દો (વિદ્યાર્થીઓ)એ ક઼બ્રમાં સૂરએ નૂર પઢતાં સાંભળ્યું.

**(૨૬)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ કુબૂર'માં પોતાની સનદ થકી ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે એક ક઼બ્રસ્તાન પર પસાર થયા તો કહ્યું, السَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ નવી ખબરો એ છે કે તમારી પત્નીઓએ નવી શાદીઓ કરી છે, તમારા ઘરોમાં અન્ય લોકો વસી ચૂક્યા છે અને તમારો માલ વહેંચાઈ ચૂક્યો છે. તો એક ગૈબથી અવાજ આવ્યો કે , હે

ઉમર ! અમારી નવી ખબરો એ છે કે **અમે જે નેક અમલ કર્યા તેનો બદલો અહીં મળ્યો અને જે ખુદાની રાહમાં ખર્ચ કરી દીધું તેનો લાભ મળ્યો અને જે છોડી આવ્યા તેમાં નુકસાન ઉઠાવ્યું.**

**(૨૭)** હાકિમે તારીખ નીશાપૂરમાં, બયહકીએ અને ઈબ્ને અસાકિરે તારીખે દમશ્કમાં પોતાની સનદથી સઈદ બિન મુસય્યબથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે અમે અલી ઈબ્ને અબી તાલિબની સાથે મદીનાના ક઼બ્રસ્તાનમાં ગયા. તો આપે કહ્યું :–

**اَسَّلَامُ عَلَیْکُمْ یَا اَحْلَ الْقُبُوْرِ وَرَحْمَۃُ اللّٰہ** શું તમે અમને પોતાની ખબર સંભળાવો છો કે અમે તમને પોતાની ખબરો સંભળાવીએ. રાવી કહે છે કે અમે એક ક઼બ્રમાંથી અવાજ સાંભળ્યો : **وَعَلَیْکُمُ السَّلَام وَرَحْمَۃُ اللّٰہِ وَبَرَکَاتُہٗ** આપ અમને બતાવો કે અમારા પછી શું થયું ? તો આપે ફર્માવ્યું કે તમારી પત્નીઓ નવી શાદીઓ કરી ચૂકી છે, તમારો માલ વહેંચાઈ ચૂક્યો છે અને ઔલાદ યતીમોની જમાઅતમાં સામેલ છે, તે ઘરો જે તમે પાકાં બનાવ્યાં હતાં હવે તેમાં તમારા દુશ્મન વસ્યા છે અને હવે તમે પોતાનો હાલ સંભળાવો. તો એક ક઼બ્રથી અવાજ આવ્યો કે કફન ફાટી ચૂક્યાં, વાળ વિખરાઈ ગયા, ચામડીઓ ટુકડે ટુકડા થઈ ગઈ અને આંખો ગાલો પર વહી ગઈ અને નસ્કોરાંનું પરૂ બની ગયું. જેવું કર્યું તેવું પામ્યું અને જે છોડીને આવ્યા તેમાં નુકસાન ઉઠાવ્યું અને આમાલનો બદલો ગીરો છે.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યાએ 'કુબૂર'માં યૂનુસ બિન અબી ફુરાતથી રિવાયત કરી કે એક શખ્સ ક઼બ્ર ખોદીને તેની છાયામાં બેસી ગયો કે એટલામાં જોરથી પવન ફૂંકાયો તે સૂઈ ગયો. તેણે નજીકમાં જ જોયું કે એક નાનુ કાંણુ છે. તેણે પોતાની આંગળીથી તેને પહોળુ કર્યું તો તેમાં એક ક઼બ્ર હતી અને દ્દષ્ટિની હદ સુધી પહોળી હતી અને તેમાં એક વૃદ્ધ ખિઝાબ લગાડી બેઠા હતો આમ લાગતુ હતું કે કાંસકી કરવાવાળીઓએ હમણા જ તેના પરથી પોતાના હાથ ઉઠાવ્યા છે.

**(૨૯)** ઈબ્ને જરીર 'તેહઝીબુલ્ આષાર'માં અને ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબ મિન આશ બઅ્દલ્ મૌત'માં અને બયહકીએ 'દલાઈલ'માં અતાફ બિન ખાલિદથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મારી માસીએ





મને જણાવ્યું કે એક દિવસ હું શહીદોના ક઼બ્રસ્તાનમાં ગઈ અને આ મારી ટેવ હતી. હું સૈયિદિના હઝરત હમ્ઝાની ક઼બ્ર પાસે જઈને થોભી અને તેની પાસે નમાઝ પઢી. ત્યાં ન કોઈ પોકરવાવાળો હતો ન જવાબ દેવાવાળો. જ્યારે હું નમાઝથી ફારિગ થઈ તો મેં કહ્યું કે, અસ્સલામુ અલૈકમ ! તો મેં સલામનો જવાબ સાંભળ્યો. અને મને એટલું યક઼ીન ! છે જેટલું કે આ વાતનું કે અલ્લાહે મને પેદા કરી અથવા રાત અને દિવસના અસ્તિત્વનું. આ હાલ જોઈ મારા જિસ્મના વાળ ધ્રુજવા લાગ્યો.

**(૩૦)** હાકિમે સહીહ રિવાયત થકી વર્ણન કર્યું અને બયહકીએ દલાઈલમાં પોતાની સનદ થકી રિવાયત કરી કે અબ્દુલ્લાહે વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઓહદના શહીદોની ઝિયારત કરી અને કહ્યું કે, હે અલ્લાહ ! તારો બંદો અને નબી ગવાહી આપે છે કે આ શહીદો છે, અને જેણે તેમની ઝિયારત કરી અથવા સલામુન્ અલૈક કહ્યું તો આ ક઼યામત સુધી તેનો જવાબ આપતા રહેશે.

**(૩૧)** બયહકીએ વાક઼િદીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ દર વર્ષે ઓહદના શહીદોની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા. જ્યારે પહાડી રસ્તા પર પહોંચતા હતા તો બુલંદ અવાજે ફર્માવતા :–

**سَلَامٌ عَلَیْکُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَی الدَّارِ** "તમારા પર સલામતી હજો ! એટલા માટે કે તમે મુસીબતો પર સબ્ર કરી અને આખેરતનું ઘર કામના અંતના લેહાજથી બેહતર છે." અને આ જ મામૂલ અબૂબક્ર અને ઉમર અને ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَનો રહ્યો અને હઝરત ફાતમા رَضِیَ اللّٰہُ عَنْہَا પણ આવીને દુઆ કરતાં હતાં અને હઝરત સઅદ બિન અબી વક્કાસ પણ આવીને સલામ કરતા અને પોતાના સાથીઓની તરફ ધ્યાનિત થઈ ફર્માવતા કે આ હઝરાતને સલામ કરો જે તમારા સવાલનો જવાબ આપે છે.

**(૩૨)** ફાતમા ખુઝાઈયાએ કહ્યું કે હું અને મારી બહેન સૂર્યાસ્ત સમયે એક ક઼બ્રસ્તાનમાં હતાં. તો મેં કહ્યું, હે મારી બહેન ! આવ ! જેથી હમઝા رَضِیَ اللّٰہُ عَنْہُની ક઼બ્ર પર સલામ કરીએ. તો તેણીએ કહ્યું કે સારું. તો અમે તેમની ક઼બ્ર પર થઈને કહ્યું :–

اَلسَّلَامُ عَلَيۡكَ يَا عم رَّسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيۡهِ وسلّم તો અમે કૃબ્રથી જવાબ સાંભળ્યો કે : "વઅલૈકુમુસ્સલામ વ રહ્મતુલ્લાહિ વબરકાતુહૂ".

**(૩૩)** બયહકીએ પોતાની સનદ થકી રિવાયત કરી કે હાશિમ બિન મુહમ્મદ ઉમરીએ કહ્યું કે મને મારા પિતા જુમ્આના દિવસે ફજરના સમયે શહીદોની ઝિયારત માટે લઈ ગયા.

જ્યારે અમે કૃબ્રસ્તાનમાં પહોંચ્યા તો તેમણે ઉંચા અવાજે કહ્યું કે سَلَامٌ عَلَيۡكُمۡ بِمَا صَبَرۡتُمۡ فَنِعۡمَ عُقۡبَى الدَّارِ તો જવાબ આવ્યો કે وَعَلَيۡكُم السَّلَام يَا اباعَبۡدَ الله તો મારા પિતાએ મારી તરફ ધ્યાનિત થઈ કહ્યું કે તેં જવાબ સાંભળ્યો ? મેં કહ્યું, ના ! પછી મારા પિતાએ મારો હાથ પકડીને પોતાની જમણી તરફ કરી લીધો અને પછી ફરી સલામ કરી તો ફરી જવાબ આપ્યો. આપે ત્રણવાર આમ જ કર્યું અને ત્રણેવાર જવાબ મળ્યો. આ સાંભળી મારા પિતાએ શુક્રનો સિજદો કર્યો.

**(૩૪)** ઈબ્ને અબી દુન્યાએ અબ્દુલ વાહિદ બિન ઝિયાદથી રિવાયત કરી કે અમે એક જેહાદમાં સામેલ હતા. જ્યારે પરત થયા તો અમારા સાથીઓમાંથી એક સાથી ઓછો હતો. જ્યારે અમે તલાશ કર્યો તો તે વૃક્ષોની ઝાડીઓમાં મૃત પડેલ છે. અને તેના માથા પર કેટલીક છોકરીઓ ઉભી ઉભી દફ વગાડી રહી છે. જ્યારે અમે નજીક પહોંચ્યા તો એ અદશ્ય થઈ ગઈ અને અમે તેમને ફરી ન જોઈ.

**(૩૫)** ઈબ્ને અબી દુન્યાએ સઈદ બિન મુસય્યબથી રિવાયત કરી. તે ફર્માવે છે કે હુર્રાના યુદ્ધના મોકે હું નબી ﷺના રોઝા પર જ હતો. તો જ્યારે પણ નમાઝનો સમય થતો તો આપની કૃબ્ર અન્વરથી અઝાનનો અવાજ આવતો હતો. ઝુબેર બિન બુકારે અખ્બારુલ્ મદીનામાં પણ આ જ રિવાયત કરી. તેમાં આટલું અધિક છે કે જ્યારે લોકો પરત આવી ગયા અને મોઅઝ્ઝિન પણ પરત થઈ ગયા તો ફરી પછી અઝાન ન સંભળાઈ.

**(૩૬)** લાલકાઈએ 'સુન્નત'માં યહ્યા બિન મુઈનથી રિવાયત કરી કે એક કૃબ્ર ખોદનારે મને જણાવ્યું કે કૃબ્રોમાં સૌથી ચમત્કારી ચીજ જે





જોઈ તે એ હતી કે એક કૃબ્રેથી એવો અવાજ આવતો હતો જેવો કે કોઈ બીમારના કણસવાનો હોય છે. અને એક કૃબ્રથી મોઅઝ્ઝિનની અઝાનના જવાબનો આવતો અને સાફ સંભળાતો હતો.

**(૩૭)** લાલકાઈએ હર્ષ બિન અસદ મુહાસબીથી રિવાયત કરી. તેમણે કહ્યું કે હું એક કૃબ્રમાં હતો કે એક કૃબ્રથી અવાજ સંભળાયો કે હું પનાહ માંગુ છું અલ્લાહના અઝાબથી.

**(૩૮)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં પોતાની સનદ થકી રિવાયત કરી કે મન્હાલ બિન અમ્રે કહ્યું કે હું દમશ્કમાં હતો તો ખુદાની કૃસમ ! મેં હુસૈનના મસ્તકને લઈ જતાં જોયું મસ્તકની સાથે એક શખ્સ સૂરએ કહફની તિલાવત કરી રહ્યો હતો. જ્યારે આ આયત પર પહોંચ્યો કે اَمۡ حَسِبۡتَ اَنَّ اَصۡحٰبَ الۡكَهۡفِ وَالرَّقِيۡمِ كَانُوۡا مِنۡ اٰيٰتِنَا عَجَبًا "શું તમે સમજો છો કે ગુફાઓવાળા અને તખ્તાવાળા અમારી નિશાનીઓમાંથી અજીબતર હતા." તો અલ્લાહ તઆલાએ મસ્તકને બોલવાની કુવ્વત અર્પણ ફર્માવી. તો ફસીહ જવાબમાં બોલ્યા, أعجب من اصحاب الكهف قتلي وحملي "અસ્હાફે કહફના વાકેઆથી આશ્ચર્યજનક મારું કૃતલ અને ઉઠાવવામાં આવવું છે."

**(૩૯)** ઝહ્બીએ તારીખમાં વર્ણન કર્યું કે અહમદ બિન નસ્ર ખુઝાઈ જે હદીષના વિષયના ઈમામ થઈ ગયા છે. તેમને ખલીફા વાષિક્ બિલ્લાહે કુર્આનને મખ્લૂક કહેવા પર મજબૂર કર્યા પરંતુ આપે ઈન્કાર કરી દીધો. ખલીફાએ હુકમ આપ્યો કે તેમને કૃતલ કરીને ફાંસી પર લટકાવવામાં આવે અને એક શખ્સને નિયુક્ત કર્યો જે તેમના ચેહરાને કિબ્લાથી ફેરવતો રહે તો જે શખ્સ આ કામ પર નિયુક્ત ન હતો તેણે વર્ણન કર્યું કે તે માથુ દર રાત્રે કિબ્લા તરફ ફરી જતું હતું અને સાફ ઝબાનમાં સૂરએ યાસીન પઢતુ હતું. આ પ્રસંગ ઘણા પ્રકારથી મરવી છે.

**(૪૦)** ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી અબૂ ઐયૂબ ખુઝાઈથી રિવાયત કરી કે હઝરત ઉમર બિન ખત્તાબના જમાનામાં એક ઈબાદતગુઝાર યુવાન હતો જે હર વખતે મસ્જિદમાં ઈબાદતમાં મશ્ગૂલ

રહેતો હતો અને હઝરત ઉમરને તે ખૂબ જ પસંદ હતો. તેનો એક વૃદ્ધ બાપ હતો. રાત્રે તે પોતાના બાપ પાસે ચાલ્યો જતો હતો. રસ્તામાં એક બદ્ચલન સ્ત્રીનું ઘર હતું તે તેના પર આશિક઼ થઈ ગઈ. જેથી દરરોજ તેના રસ્તામાં ઊભી થઈ જતી હતી, એટલે સુધી કે એક દિવસ તેને પોતાના દરવાજા પર લઈ ગઈ. જ્યારે તે દાખલ થવા લાગ્યો તો તેને અલ્લાહની યાદ આવી અને તેની ઝબાનથી બેધડક આ આયત નીકળી ગઈ કે : **اِنَّ الَّذِیۡنَ اتَّقَوۡا اذا مسھم طائفٌ مِّن الشَّیطٰن تذُکر وافَاِذَاھم مُبصرون** ''નિઃશંક ! પરહેઝગાર લોકો તે છે જે જ્યારે શૈતાનનો કોઈ વસવસો તેમની પાસે આવે છે તો તે અલ્લાહની યાદ દિલમાં લાવે છે અને સીધા માર્ગ પર આવી જાય છે.'' આ આયત પઢતાં જ યુવાન બેભાન થઈ પડી ગયો. તે સ્ત્રીએ પોતાની દાસીને બોલાવી અને બંને ઘસેડીને તેને તેના દરવાજા પર ફેંકી આવી. હવે જ્યારે બાપ તેની શોધમાં નીકળ્યો તો જોયું કે તે દરવાજા પર બેશુદ્ધ પડયો છે તો તેને ઉઠાવીને અંદર લઈ ગયો. રાત ગઈ તેને ભાન આવ્યું. બાપે પૂછયું, હે બેટા ! શું વાત છે ? તેણે કહ્યું કે ખૈરિયત છે. બાપે કહ્યું કે હું તને ખુદાનો વાસ્તો દઈને પૂછુ છું કે બતાવ કે શું વાત છે ? તેણે સર્વ કાંઈ જણાવ્યું. બાપે પૂછયું કે કઈ આયત પઢી હતી ? તેણે તે જ આયત ફરી પઢી અને હવે તે પઢતાં જ બેભાન થઈ ગયો. લોકોએ તેને હલાવ્યો તો જણાયું કે તે મૃત્યુ પામી ગયો. જેથી લોકોએ તેને રાતોરાત દફન કરી દીધો. સવારે આ પ્રસંગ હઝરત ઉમરને જણાવવામાં આવ્યો. આપ તેનાં બાપ પાસે આશ્વાસન માટે ગયા અને ફર્માવ્યું કે તેં મને ખબર કેમ ન આપી ? તેણે કહ્યું, હે અમીરુલ મો'મિનન ! રાતનો સમય હતો આપને તકલીફ થતી. આપે ફર્માવ્યું કે તેની ક઼બ્ર પર લઈ ચાલો. જેથી આપ પોતાના સાથીઓ સાથે તેની ક઼બ્ર પર આવ્યા અને કહ્યું કે, **یافلان : وَلِمَنۡ خَافَ مَقَامَ رَبِّہٖ جَنَّتَان** ''હે ફલાણા ! **જે પોતાના રબની સમક્ષ ખડા થવાથી ડર્યો તેના માટે બે જન્નતો છે.''** તો યુવાને ક઼બ્રમાંથી જવાબ આપ્યો, હે ઉમર! **قدا عطا نیھما رَبِّی فی الجنّة مرّتین** ''મારા રબે તે બંને જન્નતો મને અતા ફર્માવી.''

**(૪૧)** ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ દલાઈલુન્ નબુવ્વતમાં





પોતાની સનદ થકી ઈબ્ને મીષાઅથી રિવાયત કરી કે હું એક દિવસ ક઼બ્રસ્તાનમાં દાખલ થયો અને બે રકાત પઢીને સૂવા માટે અડખે પડખે થયો, હજી હું જાગી જ રહ્યો હતો તો મેં સાંભળ્યું કે ક઼બ્રમાંથી કોઈ કહી રહ્યું છે કે ઉઠો ! તમે મને તકલીફ પહોંચાડી. તમે લોકો કામ કરો છો અને જાણતા નથી, અમે જાણીએ છીએ પરંતુ અમલ નથી કરી શકતા. ખુદાની ક઼સમ ! જો હું તારી જેમ નમાઝ પઢત તો આ મારા માટે દુનિયા અને જે કાંઈ તેમાં છે તેનાથી શ્રેષ્ઠ અને સારું હોત.

**(૪૨)** અબૂ નુએમે પોતાની સનદ થકી 'હુલિયા'માં યૂનુસ બિન હલબીસથી રિવાયત કરી કે હું દમશકમાં ક઼બ્રસ્તાનથી જુમ્આના દિવસે સવારના સમયે પસાર થઈ રહ્યો હતો તો કોઈ ક઼બ્રમાંથી કહી રહ્યો હતો કે આ યૂનુસ બિન હલબીસ છે જે હિજરત કરીને આવ્યા છે. તમે દર મહીને હજ્જ તથા ઉમરાહ કરો છો અને નમાઝ પઢો છો અને તમે અમલ કરો છો અને જાણતા નથી. અમે જાણીએ છીએ પણ અમલ નથી કરી શકતા. તો યૂનુસ ધ્યાનિત થયા અને સલામ કરી પરંતુ જવાબ ન આવ્યો. તો યૂનુસે કહ્યું કે સુબ્હાનલ્લાહ ! હું તમારી વાતચીત સાંભળું છું પણ તમે સલામનો જવાબ નથી આપતા. તો તેમણે જવાબ આપ્યો કે અમે તમારી સલામ સાંભળી પરંતુ જવાબ આપવો એક નેકી છે અને હવે નેકી અમારાથી રોકી દેવામાં આવે છે.

**(૪૩)** ઈબ્ને અસાકિરે અવઝાઈથી રિવાયત કરી કે મયસરા બિન જલીસ બાબે તૂમાના ક઼બ્રસ્તાનથી ગુજર્યા અને આપ અંધ હતા એટલા માટે એક શખ્સ આપની સાથે હતો તો તેમણે કહ્યું કે :–

**السَّلَامُ عَلَیۡکُم یااھلَ القبورانتم لَنَا سَلَفٌ۔۔۔۔ونحنُ تَبَعٌ فرحمنا اللّٰہُ**
**وایّاکُم وَغَفَرَ لنَا وَلکُمۡ**

તો ક઼બ્રસ્તાનમાંથી એક મુડદુ બોલી ઉઠયું, હે દુનિયાવાળા ! તમને ખુશખબરી કે તમે એક મહિનામાં ચારવાર હજ્જ કરો છો ! મેં કહ્યું, એ કઈ રીતે ?! કહ્યું કે શું તમને ખબર નથી કે **દરેક જુમ્આ પર તમને હજ્જે મબરૂરનો સવાબ** મળે છે ?! મેં પૂછયું, તમારો સર્વ શ્રેષ્ઠ અમલ કયો હતો ? તેણે જવાબ આપ્યો કે ઈસ્તિગફ઼ાર. પરંતુ હવે ન તો અમારી કોઈ નેકી વધે છે અને ન કોઈ બુરાઈ ઓછી થાય છે.

**(૪૪)** ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી ઉમૈર બિન હબ્બાબ સલ્માથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, મને અને મારા આઠ સાથીઓને બનૂ ઉમૈયાના જમાનામાં રૂમીઓએ કેદ કરી લીધા. રૂમના બાદશાહે મારા આઠ સાથીઓને કતલ કરાવી નાખ્યા. પછી મને કતલ કરવા માટે પેશ કરવામાં આવ્યો તો એક રૂમી સરદાર ઉઠયો અને તેણે બાદશાહના હાથ પગ ચૂમીને મને માફ કરાવ્યો અને મને પોતાના ઘરે લઈ ગયો. ત્યાં જઈને તેણે મને એક ખૂબસૂરત છોકરી દેખાડી અને પોતાનું બેહતરીન મકાન દેખાડયું અને કહ્યું કે તમે જાણો છો કે બાદશાહને ત્યાં મારી શું ઈજ્જત છે ? જો તમે મારા ધર્મમાં દાખલ થઈ જશો તો હું પોતાની છોકરીની શાદી તમારી સાથે કરીશ અને આ સર્વ નેઅમતો તમારા માટે થઈ જશે. મેં કહ્યું કે હું પોતાનો ધર્મ અને પત્ની આ દુનિયા માટે નથી ત્યજી શકતો. તે શખ્સ થોડાક દિવસો સુધી મને પોતાનો ધર્મ પેશ કરતો રહ્યો. એક રાત્રે તેની પુત્રીએ મને એકાંતમાં એક બાગમાં બોલાવ્યો અને કહ્યું કે શું કારણ છે કે તમે મારા પિતાની પેશ કરેલી શરતોને કબૂલ નથી કરતા ?! મેં તે જ જવાબ આપ્યો કે એક ઔરતના ખાતર હું પોતાનો ધર્મ નથી છોડી શકતો ! તો તેણીએ પૂછયું કે હવે તમે શું ઈચ્છો છો ? શું અમારી પાસે રહેવા ચાહો છો કે પોતાના વતન જવા ચાહો છો ? મેં કહ્યું, મારા વતન જવા ચાહુ છું. તો તેણીએ મને આસમાનનો એક તારો દેખાડીને કહ્યું કે તમે આ તારાને જોઈને રાત્રે ચાલતા રહો અને દિવસે સંતાતા રહો તમારા દેશ પહોંચી જશો. પછી તેણીએ મને કંઈક સફરનો સામાન આપ્યો અને હું નીકળ્યો. હું ત્રણ રાતો તેણીના બતાવ્યા મુજબ ચાલતો રહ્યો અને ચોથા દિવસે હું સંતાઈને બેઠો હતો કે ઘોડાઓના આવવાનો અવાજ જણાયો. બસ મેં સમજી લીધું કે હવે તો પકડાઈ ગયો. હવે જ્યારે ધ્યાનથી જોયું તો મારા શહીદ સાથીઓ અને તેમની સાથે સફેદ ઘોડાઓ પર કેટલાક અન્ય લોકો પણ હતા. તેમણે પાસે આવીને કહ્યું, શું તમે ઉમૈર છો ?! મેં કહ્યું, હા ! હું ઉમૈર છું. તમે જણાવો કે તમે તો કતલ થઈ ચૂક્યા હતા ? તેમણે કહ્યું કે બેશક ! અમે કતલ થઈ ચૂક્યા હતા પરંતુ અલ્લાહ તઆલાએ શહીદોને ઉઠાડયા અને તેમને હુકમ આપ્યો કે તેઓ ઉમર બિન અબ્દુલ





અઝીઝના જનાઝામાં સામેલ થાય. તેઓમાંથી એક શખ્સે કહ્યું કે ઉમૈર જરા તમારો હાથ મને પકડાવો. મેં પોતાનો હાથ તેના હાથમાં આપ્યો અને તેણે મને પોતાની પાછળ બેસાડી લીધો. થોડીવાર ચાલીને તેણે મને ફેંકી દીધો અને મને ઘા ન લાગ્યો. હવે જ્યારે મેં જોયું તો મારું ઘર સાવ નજીક હતું.

**(૪૫)** ઈબ્ને જૌઝીએ 'ઉયૂનુલ્ હિકાયાત'માં પોતાની સનદ થકી અબૂ અલી જુર્રૈથી રિવાયત કરી કે ત્રણ શામી ભાઈ રૂમીઓ સાથે જેહાદ કરતા હતા. એકવાર રૂમી બાદશાહ તેમને ગિરફતાર કરવામાં સફળ થઈ ગયો. બાદશાહે કહ્યું કે હું પોતાની સત્તામાં તમને ભાગીદાર બનાવીશ અને પોતાની પુત્રીઓ તમારા નિકાહમાં દઈશ પરંતુ શરત એ છે કે તમે ઈસાઈ બની જાવ ! પરંતુ ત્રણેએ સાફ ઈન્કાર કરી દીધો. પછી બાદશાહે ત્રણ દેગો તેલની ત્રણ દિવસ સુધી આગ પર ચઢાવી રાખી અને તેમને ડરાવવા માટે દરરોજ તે દેગો દેખાડવામાં આવતી. પરંતુ તેઓ પોતાની વાત પર અટલ રહ્યા. છેવટે મોટાને તેલમાં નાંખી દેવામાં આવ્યો, પછી બીજાને પણ એ રીતે નાંખ્યો, હવે ત્રીજાનો વારો હતો. બાદશાહે તે સમયે પણ બહેકાવવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો, પરંતુ તેની અડગતામાં ફરક ન આવ્યો. એક રૂમી સરદાર ઊભો થયો અને કહ્યું, હે બાદશાહ ! હું આને તેના ધર્મથી તૌબા કરાવી શકુ છું, આ અરબવાળા સ્ત્રીઓને બહુ પસંદ કરે છે. હું એને મારી પુત્રીના હવાલે કરી દઈશ તે ખૂદ તેને બેહકાવી દેશે. જેથી બાદશાહે તેને સરદારના હવાલો કર્યો. સરદારે સર્વ મામલો પુત્રીને બતાવીને તે મુજાહિદને પુત્રીના હવાલે કરી ગયો. કેટલાક દિવસ પછી બાપે પુત્રીને પૂછયું કે શું તું તારા ઈરાદામાં સફળ થઈ ?! તેણે કહ્યું કે ના ! મારો ખયાલ છે કે જ્યારે કે તેના બંને ભાઈ આ શહેરમાં કતલ કરવામાં આવ્યા છે માટે અહીંયાં તેનું દિલ નથી લાગતું માટે અમને બંનેને અન્ય શહેરમાં મોકલી દેવામાં આવે અને અમને વધુ સમય આપવામાં આવે. જેથી તેમને બીજા શહેરમાં લઈ જવાયાં. પરંતુ તે નવયુવાન દિવસભર રોઝા રાખતો અને રાતભર નમાઝમાં મગ્ન રહેતો અને તેનું ધ્યાન તદ્દન છોકરી તરફ ન હોતું. છોકરીએ જ્યારે તેની દીનદારી જોઈ તો તે મુસલમાન થઈ

ગઈ. જેથી તે બંને એક ઘોડા પર બેસીને ત્યાંથી નાસી છૂટયાં. દિવસે સંતાતાં અને રાત્રે ચાલતાં. એક દિવસ આ બંનેએ ઘોડાઓની ટાપોનો અવાજ સાંભળ્યો. હવે જ્યારે ધ્યાનથી જોયું તો મુજાહિદના બંને શહીદભાઈ ફરિશ્તાઓની જમાઅત સાથે આવી રહ્યા છે. તે શખ્સે સલામ કરી તેમનો હાલ પૂછયો. તેમણે કહ્યું કે બસ, થોડીવાર માટે તકલીફ થઈ જે તમે જોઈ પછી અમને ફિરદૌસ (જન્નત)માં મોકલી દેવામાં આવ્યા, અને અમને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે તમારી શાદી આ છોકરી સાથે કરી દઈએ ! જેથી તે લોકો શાદી કરીને ચાલ્યા ગયા અને આ નવયુવાન શામ પહોંચ્યો અને તેની સાથે આ પ્રસંગ વિખ્યાત છે. જેથી આ જ સંદર્ભે કેટલાક કવિઓએ લખ્યું કે :–

(અર્થ) : ''સાચાઓને તેમના સત્યના તુફૈલ જિંદગી તથા મૌત બંનેમાં નજાત (મુક્તિ) આપવામાં આવશે.''

**(૪૬)** ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી મુઆવિયા બિન યહ્યાથી રિવાયત કરી કે હમ્સનો એક વૃદ્ધ માણસ મસ્જિદ જવા માટે નીકળ્યો. તેનો ખયાલ હતો કે સવાર થઈ ગઈ પરંતુ વાસ્તવમાં હજી રાત જ હતી. જ્યારે તે ગુંબદની નીચે પહોંચ્યો તો તેણે ઘોડાઓની ઘુઘરીઓનો અવાજ સંભળાયો. હવે જ્યારે તેણે જોયું તો કેટલાક સવાર છે જે આપસમાં મુલાકાત કરી રહ્યા છે. તેમનામાંથી અમુકને પૂછવામાં આવ્યું કે તમે લોકો ક્યાંથી આવ્યા ? તો તેમણે જવાબ આપ્યો કે શું તમે અમારી સાથે ન હતા ? તેમણે કહ્યું કે ના ! તેમણે જવાબ આપ્યો કે અમે બદીલ ખાલિદ બિન મઅદાનના જનાઝામાં શરીક થઈને પરત આવી રહ્યા છીએ. તેમણે હેરાનીથી કહ્યું તે ઈન્તેકાલ કરી ગયા ! અમને તેમના મૃત્યુની ખબર ન થઈ ! સવારે વૃદ્ધે લોકોને આ બનાવ જણાવ્યો અને બપોરના સમયે એક સંદેશાવાહક આવ્યો કે બદીલનો ઈન્તેકાલ થઈ ગયો.

**(૪૭)** ઈબ્ને અબી દુન્યાએ 'કુબૂર' અને ઈબ્ને અસાકિરે શઅબીથી રિવાયત કરી કે સફ્ફાન બિન ઉમય્યા સહાબી એક ક઼બ્રસ્તાનમાં બેઠા હતા એટલામાં એક જનાઝો આવ્યો તો તેમણે ક઼બ્રથી એક ઉદાસ શખ્સનો અવાજ સાંભળ્યો જે કહી રહ્યો હતો;

**(અર્થાત)** : ''હે અમીના ! ખુદા તારા સબબે મારી આંખોને ઠંડક




અતા ફર્માવે. હે અમીના ! અમારી પાસે આવ ! તું ક઼બ્રના અંધકારથી ન ગભરા ! ભલે તને માટી કેમ ન લાગી જાય.''

જ્યારે લોકોને ખબર આપવામાં આવી તો તેઓ એટલા પ્રમાણમાં રડયા કે તેમની દાઢીઓ આંસૂઓથી ભીની થઈ ગઈ. પછી તેમણે કહ્યું કે આ અમીના કોણ છે ? તો જણાયું કે અમીના તે જ સ્ત્રી છે કે જેનો જનાઝો આવી રહ્યો છે. સફ્ફાન કહે છે કે હું સમજતો હતો કે મૈયત નથી બોલતી પણ આ અવાજ ક્યાંથી આવ્યો ?!

**(૪૮)** ઈબ્ને અબી દુન્યાએ સઈદ બિન હાશિમ સલમીથી રિવાયત કરી કે કબીલાના એક શખ્સે પોતાના પુત્રની શાદી કરી અને આ પ્રસંગે એક હંસી મજાકની મેહફિલ કાયમ કરી. તે લોકોનાં મકાનો ક઼બ્રની નજીક હતાં. જ્યારે રાત્રે આ લોકો હંસીમજાકમાં તલ્લીન હતાં તો તેમણે એક બિહામણો અવાજ સાંભળ્યો કે;

**(અર્થાત)** : ''હે નષ્ટ થવાવાળા ! એશની લિજ્જતોમાં મગ્ન થવાવાળાઓ ! મૌત મસ્તી મઝાકને ખતમ કરી દે છે. કેટલાક એવા લોકો જે લિજ્જત માણવામાં મશ્ગૂલ હતા તે પોતાના ઘરવાળાઓથી એકલા સફર કરી ગયા.'' રાવી કહે છે કે ખુદાની ક઼સમ ! થોડા જ દિવસ પછી દુલ્હાનુ મૃત્યુ થઈ ગયું.

**(૪૯)** ઈબ્ને અબી દુન્યાએ સાલેહ મુર્રીથી રિવાયત કરી કે એક દિવસ સખત ગરમીની ઋતુમાં ક઼બ્રસ્તાનમાં ગયો તો મેં કહ્યું કે સુબ્હાનલ્લાહ ! તમારી રૂહો અને શરીરોને જુદા કર્યા પછી કોણ એકત્ર કરશે ? આ રીતે સડી ગયા બાદ તમને કેવી રીતે જીવંત કરી શકાશે ? તો એક ખાડામાંથી અવાજ આવ્યો કે, ''હે સાલેહ ! અલ્લાહ તઆલાની નિશાનીઓમાંથી છે કે આસ્માન તથા જમીન પોતાની જગાએ તેના જ હુકમથી ક઼ાયમ છે. પછી જ્યારે તે તમને જમીનથી બોલાવશે તો તમે તેની તરફ એકત્ર કરી દેવામાં આવશો.'' તો ખુદાની ક઼સમ ! હું બેભાન થઈને મોંઢાભેર પડી ગયો.

**(૫૦)** ઈબ્ને અબી દુન્યાએ ષાબિત બનાનીથી રિવાયત કરી કે તે ક઼બ્રસ્તાનમાં બેઠા બેઠા દિલમાંને દિલમાં વાતો કરી રહ્યા હતા કે ઓચિંતો તેમણે અવાજ સાંભળ્યો કે કોઈ કહી રહ્યું છે, ''હે ષાબિત ! તમે તેમને

ખામોશ જોઈ રહ્યા છો ! જ્યારે કે તેમાં કેટલાક ઉદાસ છે.'' પછી તેમણે ધ્યાનિત થઈ આમ તેમ જોયું તો કોઈને ન હતું.

**(૫૧)** ઈબ્ને અબી દુન્યાએ બિશ્ર બિન મન્સૂરથી રિવાયત કરી કે મને અતા અરઝકે કહ્યું કે જ્યારે તમે કૃબ્રસ્તાનમાં જાવ તો તમે પોતાના દિલને મુડદુ કરીને જાવ. રાવી કહે છે : હું કૃબ્રસ્તાનમાં હતો કે એકાએક મેં અવાજ સાંભળ્યો કે કોઈ કહી રહ્યું હતુ કે, હે નેઅમતો અને નાઝ નખરામાં ગાફેલ થઈ જવાવાળા ઈન્સાન !

**(૫૨)** ઈબ્ને અબી દુન્યાએ સવાર બિન મુસ્અબ હમદાણીથી રિવાયત કરી અને તેમણે પોતાના પિતાથી કે અમારા પાડોશમાં બે ભાઈ હતા અને તે આપસમાં અત્યંત મહોબ્બત ધરાવતા હતા. અચાનક ! મોટો (ભાઈ) અસ્ફહાન ચાલ્યો ગયો. તેની પાછળ નાના (ભાઈ)નું મૃત્યુ નિપજ્યું. જ્યારે મોટો પરત આવ્યો અને તેની કૃબ્ર પર પહોંચી રડયો તો સાત મહિના સુધી તેને આ પંક્તિઓ કૃબ્રથી સાંભળવા મળી :–

(અર્થાત) : ''હે બીજા ઈન્સાન પર રડવાવાળા ! તેને ન રડ ! પોતાની ઈસ્લાહ (સુધારો) કર ! જેની પાછળ તું રડી રહ્યો છે, નજીક છે કે તું પણ તેની સફમાં સામેલ થઈ જાય.'' પછી તેણે જોવા ઈચ્છયું તે કાંઈ ન હતું. આ શખ્સ પર ધ્રુજારી છવાઈ ગઈ અને ત્રણ દિવસ પછી મૃત્યુ પામ્યો અને તેને તેના ભાઈની પાસે દફન કરવામાં આવ્યો.

**(૫૩)** ઈમામ અહમદે 'ઝોહદ'માં અને ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે યઝીદ બિન શરીહ હેષમીએ કૃબ્રથી આ અવાજ સાંભળ્યો કે કોઈ કહે છે કે, હે લોકો ! આજે તમે અમારા જેવાની ઝિયારત માટે આવ્યા, અમે પણ તમારી જ જેમ હતા અને જિંદગીમાં તમારી જેમ હતા. હવે આ જંગલમાં અમારી શક્કલો હવા સાથે ઉડી રહી છે અને અમે કોથરી (ઓરડી)માં છીએ તમારી પાસે નથી આવી શકતા. (પહેલાંની જેમ નહીંતર રૂહાની તરીકે આવશે. સબૂત તો વર્ણનીય હદીષોથી સાબિત છે.) હવે અમારામાંનો કોઈ પરત નથી થઈ શકતો. હવે આ જ ઘર તમારું ઠેકાણુ બનવાનું છે.

**(૫૪)** ઈબ્ને અબી દુન્યાએ સુલેમાન બિન યસ્સાર હઝરમીથી




રિવાયત કરી કે કેટલાક લોકો કૃબ્રસ્તાનથી પસાર થઈ રહ્યા હતા. તેમણે કૃબ્રસ્તાનથી પંક્તિઓ સાંભળી કે;

**(અર્થાત)** : ''હે સવારો ! ચાલો તે અગાઉ કે તમારા પર એવો જમાનો આવે કે તમે ન ચાલી શકો. આ ઘર હક્ક છે ! આમાં તમે અમારી પાસે આવશો. દરેક શખ્સની નેઅમત જમાનો છીનવી લેશે અને અનેક લોકો અઝાબની જગાએ હશે અને નિઃશંક ! તે ખૂબ જ બુરું ઠેકાણું છે.''

તો જેવા તમે છો એવા અમે પણ હતા હવે જેવા અમે છીએ એવા જ તમે થઈ જશો.

**(૫૫)** ઈબ્ને જૌઝીએ કિતાબ ઉયૂનુલ હિકાયાતમાં પોતાની સનદ થકી મુહમ્મદ બિન અબ્બાસ વર્રાકે રિવાયત કરી કે એક શખ્સ પોતાના પુત્ર સાથે ગયો. માર્ગમાં પિતાનો ઈન્તેકાલ થઈ ગયો. પુત્રએ એક ઝાડની નીચે બાપને દફન કરી દીધો અને પોતાના સફર પર ચાલી નીકળ્યો. પછી પરત થતાં તે જ સ્થળેથી રાત્રિના સમયે તેનો ગુજર થયો તો તે પોતાના બાપની કૃબ્રે ન ઉતર્યો, તો કોઈ ગૈબથી બોલનારાએ કહ્યું;

(અર્થાત) : ''મેં જોયું કે તું રાતના સમયે દુવમ ઝાડની પાસેથી પસાર થઈ રહ્યો છે અને જોઈ નથી રહ્યો. તારા પર જરૂરી છે કે દુવમવાળા સાથે વાત કરે. દુવમમાં એક શખ્સ છે. કાશ ! તું તેની જગા ત્યાં રહીશ હોત. દુવમવાળા પાસે થોભીને ગુજર અને તેને સલામ કર !''

**(૫૬)** અબૂ નુએમ અને ઈબ્ને અસાકિરે સલમાથી રિવાયત કરી કે ખાલિદ બિન મઅદાન દરરોજ ચાલીસ હજારવાર તસ્બીહ પઢતા હતા અને તદુપરાંત કુર્આન મજીદની તિલાવત. જ્યારે તેમને તખ્તા પર નવડાવવા માટે રાખવામાં આવ્યા તો તે પોતાની આંગળી એ રીતે હલાવવા લાગ્યા જેમ તસ્બીહમાં હલાવવામાં આવે છે.

**(૫૭)** ઈબ્ને અસાકિરે અબૂ અબ્દુલ્લાહથી રિવાયત કરી. તેમણે કહ્યું કે અમારા વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો તો અમે તેમને તખ્તા પર રાખ્યા અને તેમનો ચેહરો ખોલ્યો તો તે મુસ્કુરાઈ રહ્યા હતા. તે લોકો

શંકામાં પડી ગયા કે ક્યાંક જીવંત તો નથી ?! લોકોએ ડોકટરને બોલાવ્યો અને અમે તેમનો ચેહેરો ઢાંકી દીધો. જ્યારે ડોકટર આવ્યો અને નબ્ઝ (હાથની નસ) જોઈ તો કહ્યું કે તેમનો ઈન્તેકાલ થઈ ચૂક્યો છે. પછી અમે ચેહરો જોયો તો તે હંસી રહ્યા હતા. ડોકટરે કહ્યું કે હું હેરાન છું કે તેમને ઝિંદા કહું કે મુડદા ! જ્યારે પણ કોઈ તેમને ગુસ્લ દેવા માટે આગળ વધતા, ડોકટર પાછળ હટી જતો. ત્યાં સુધી કે ફઝલ બિન હુસૈન જે મહાન આરિફ હતા આવ્યા અને તેમણે ગુસ્લ આપ્યું અને નમાઝ પઢીને દફન કર્યા.

**(૫૮)** બયહકીએ 'દલાઈલુન્ નબુવ્વત'માં સઈદ બિન મુસય્યબથી રિવાયત કરી કે ઝૈદ બિન ખારજા હઝરત ઉષ્માન ગનીના જમાનામાં મરણ પામ્યા. જેથી તેમને કફન પહેરાવી દેવામાં આવ્યું. પછી તેમના સીનામાં કંઈક અવાજ સાંભળવામાં આવ્યો. તે કહી રહ્યા હતા કે અહમદ ! અહમદ ! અગાઉ કિતાબોમાં લખ્યું છે. સિદ્દીકે સાચુ કહ્યું તે પોતાના નફ્સના લેહાઝથી અશક્ત છે પરંતુ અલ્લાહના મામલામાં તાકતવર છે. આ પણ પ્રથમ કિતાબોમાં છે. ઉમર બિન ખત્તાબે સાચુ કહ્યું તે પ્રથમ કિતાબોમાં તાકત તથા અમાનત સાથે ગુણવાન છે. ઉષ્માન બિન અફ્ફાને સાચુ કહ્યું આ પ્રથમ લોકોના તરીકા પર ચાલ્યા, ચાર વર્ષ થઈ ગયાં અને બે બાકી છે. ફિત્ના મચી ગયા. તાકતવરે કમજોરને ખાઈ લીધા અને કયામત આવી ગઈ. તમારા લશ્કરથી અરીસના કૂવાની ખબર આવશે અને અરીસ કૂવો શું છે ? સઈદ બિન મુસય્યબ કહે છે કે પછી ખુતમાનો એક શખ્સ મૃત્યુ પામ્યો તેનાથી પણ આવો જ અવાજ સાંભળવામાં આવ્યો અને તેણે કહ્યું કે બનૂ હારિષ બિન ખઝરજના ભાઈએ સાચુ કહ્યું. બયહકીએ કહ્યું કે આ અસ્નાદ સહીહ છે અને તેની અન્ય સાક્ષીઓ પણ છે.

ઈબ્ને અબી દુન્યાએ અને ઈબ્ને નજ્જારે પોતાની તારીખમાં નોઅ્માન બિન બશીર અબી કૂફીનું આ લખાણ નકલ કર્યું જેમાં તેમણે ઉમ્મે અબ્દુલ્લાહ બિન્તે અબી હાશિમને સંબોધન કર્યું છે. આ લખાણમાં ઝૈદ બિન ખારજાનો સંપૂર્ણ પ્રસંગ વર્ણન થયેલ છે.

બયહકીએ બીજી સનદ થકી રિવાયત કરી કે આ પ્રસંગ હઝરત





ઉષ્માન رضی اللہ عنہની ખિલાફતના બે વર્ષ પૂર્ણ થયા બાદ પેશ આવ્યો અને બાકી ચાર વર્ષમાં ઘણા ફિત્ના થયા જેમ કે અહલે ઈરાકનો ફિત્નો અને અરીસ કૂવામાં હઝરતના હાથમાં જે અંગૂઠી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની હતી, ખોવાઈ ગઈ અને પછી ન મળી અને તે જ દિવસથી ઉષ્માન رضی اللہ عنہની ખિલાફત પર ઝવાલ (પડતી)ની શરૂઆત થઈ.

**(૫૯)** ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ અને ઈબ્ને અસાકિરે પોતાની સનદ થકી રિવાયત કરી કે જેમણે મુસૈલમા કઝ્ઝાબને કતલ કર્યો તેમનામાંથી એક શખ્સ કતલ થયા બાદ કહેવા લાગ્યો કે, મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) અલ્લાહ جل جلالہના રસૂલ છે. અબૂબક્ર સિદ્દીક, ઉમર શહીદ, ઉષ્માન રહીમ પછી ચૂપ થઈ ગયો.

**(૬૦)** બુખારીએ પોતાની તારીખમાં અને ઈબ્ને મુન્દાએ પોતાની સનદથી અબ્દુલ્લાહ બિન ઉબૈદુલ્લાહ અન્સારીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે હઝરત ષાબિત બિન કૈસ શમાસ જંગે યમામામાં શહીદ થઈ ગયા તો તેમના દફન કરવાવાળાઓમાં હું પણ સામેલ હતો. જ્યારે અમે તેમને તેમની કૃબ્રમાં દાખલ કરી દીધા તો તે ફર્માવવા લાગ્યા કે મુહમ્મદ અલ્લાહના રસૂલ છે, અબૂબક્ર સિદ્દીક છે, ઉમર શહીદ છે, ઉષ્માન અમીન તથા રહીમ છે. તો અમે તેમને ધ્યાનથી જોયા પરંતુ તે મૃત્યુ પામી ચૂક્યા હતા.

**(૬૧)** તિબ્રાનીએ 'કબીર'માં પોતાની સનદ થકી અબ્દુર્રહ્માન બિન યઝીદથી રિવાયત કરી કે નોઅ્માન બિન બશીરે તેમને જણાવ્યું કે અમારામાંનો એક શખ્સ જેનું નામ ખારમ બિન ઝૈદ હતું. અમે તેને કફન વગેરે પહેરાવી દીધું. હવે હું નમાઝ પઢવા ઊભો થઈ ગયો તો મેં અવાજ સાંભળ્યો. પાછળ ફરીને જોયું તો જણાયું કે તેમાં હરકત (હલવું) પેદા થઈ છે. તે ફર્માવી રહ્યા હતા કે કૌમમાં સૌથી વધુ બળવાન અને શ્રેષ્ઠ ઉમર છે જે શરીર તથા ઈમાન બંનેમાં પાકા છે અને ઉષ્માન અમીરુલ મો'મિનીન પાકદામન અને ક્ષમાશીલ છે, બે રાતો ગુજરી ચૂકી છે અને ચાર બાકી છે. લોકોમાં મતભેદ થઈ ગયો અને હવે તેમનો કોઈ બંદોબસ્ત નથી રહ્યો. હે લોકો ! પોતાના ઈમામની વાત સાંભળો ! અને તેમની પેરવી કરો ! તે અલ્લાહના રસૂલના જાંનશીન તથા ખલીફા

છે અને રવાહના પુત્ર. પછી તેણે કહ્યું કે ઝૈદ બિન ખારજાની શું સ્થિતિ છે ? (એટલે તેમના પિતાની) પછી તે (રાવી) કહે છે કે હું અરીસ કૂવાની પાછળ થઈ ગયો તો અવાજ બંધ થઈ ગયો.

**(૬૨)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી અબૂ અબ્દુલ્લાહ શામીથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે અમે રૂમીઓ સાથે યુદ્ધ માટે નીકળ્યા તો અમારી ટોળીના લોકો દુશ્મનનો પીછો કરવા ચાલી નીકળ્યા. અચાનક ! બે આદમી ટોળીથી વિખૂટા પડી ગયા. તેમનામાંથી એકે જણાવ્યું કે અમને રૂમીઓનો એક સરદાર મળ્યો અને તેણે અમને યુદ્ધની દા'વત આપી. થોડીવાર અમે લડયા તો એક સાથી કૃતલ થઈ ગયો અને હું નાસી છૂટયો અને પોતાની ટોળીની શોધ શરૂ કરી દીધી. રસ્તામાં મને મારા નફ્સે ધિક્કારવાનો શરૂ કર્યો કે તારો સાથી તારાથી પહેલાં જ જન્નતમાં ચાલ્યો ગયો અને તું ભાગી છૂટયો છે ! જેથી હું પરત આવ્યો અને તે શખ્સથી ફરી લડવા લાગ્યો. તેણે મને એવો ઘા માર્યો કે હું પડી ગયો, તે સીના પર ચઢી બેસી ગયો અને કોઈ વસ્તુ લઈને મને કૃતલ કરવા લાગ્યો. એટલામાં મારો શહીદ સાથી આવી ગયો અને તેણે તે શખ્સને વાળોથી પકડીને ઘસેડી લીધો અને તેના કૃતલ પર મારી મદદ કરી અને અમે મળીને તેને કૃતલ કરી દીધો. પછી તે મારી સાથે ઝાડ સુધી ચાલતો રહ્યો હતો અને ત્યાં પહોંચીને પડી ગયો અને પહેલાંની જેમ મૃત થઈ ગયો. પછી હું પોતાના સાથીઓમાં પરત આવ્યો અને તેમને ખબર આપી.

**(૬૩)** ઈબ્ને અબી દુન્યાએ અબ્દુર્રહ્માન બિન યઝીદ બિન અસ્લમથી રિવાયત કરી. કેટલાક લોકો રૂમીઓથી યુદ્ધ કરી રહ્યા હતા. અચાનક ! તેઓને ગિરફતાર કરી લેવામાં આવ્યા. તેમનો બાદશાહ આવ્યો અને તેણે તેઓને હુકમ આપ્યો કે તેઓ ઈસાઈ ધર્મ સ્વીકારી લે, પરંતુ તેઓએ ઈન્કાર કરી દીધો. બાદશાહે તેમને કૃતલ કરી દેવાનો હુકમ આપ્યો. બાદશાહ ટેકરા પર નહેરના કિનારે બેસી ગયો અને એક શખ્સને કૃતલ કરાવી દીધો અને તેનું માથુ નહેરમાં નંખાવી દીધું. પરંતુ તેનું માથુ નહેરમાં ઊભુ થઈ ગયું અને તેમની તરફ ધ્યાનિત થઈ કહેવા લાગ્યું :–





يٰايتها النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِي الىٰ رَبِّكَ رَاضِيَةً مَّرْضِيَّةً ۔ فَادْخُلِىْ فِىْ
عِبَادِىْ وَادْخُلِىْ جَنَّتِى

''હે સંતુષ્ઠ જીવ ! તું તારા રબની તરફ રાજી ખુશીથી પરત થઈ જા ! અને મારા બંદાઓમાં દાખલ થઈ જા, અને મારી જન્નતમાં દાખલ થા !''

**(૬૪)** ઈબ્ને અબી દુન્યાએ સઈદ ઉમ્મીથી રિવાયત કરી. કેટલાક લોકો દરિયામાં યુદ્ધ માટે નીકળ્યા તો એક નવયુવાન આવ્યો અને તેણે અર્ઝ કરી કે તેને પણ સવાર કરી લેવામાં આવે, પરંતુ તેઓએ ના પાડી. પરંતુ જ્યારે તેણે બહુ જીદ કરી તો તેઓએ તેને બેસાડી લીધો. હવે જ્યારે દુશ્મનથી સામનો થયો તો તેણે બહાદુરીની લાયકાત દેખાડી અને શહીદ થઈ ગયો. શહીદ થયા બાદ તેનું માથુ ઊભુ થઈ ગયું અને નૌકાવાળાઓ પ્રતિ ધ્યાનિત થઈ કહેવા લાગ્યું કે; (અર્થ) : ''આ આખેરતનું ઘર તે લોકોને અમે આપીશું જેઓ જમીનમાં નાફર્માની તથા ફસાદનો ઈરાદો નથી ધરાવતા અને કાર્યનો અંજામ પરહેઝગારો માટે છે.'' પછી તે માથુ ડૂબીને અદશય થઈ ગયું.

**(૬૫)** હાફિઝ મુહમ્મદ ખલાલે કિતાબ 'કરામાતુલ ઔલિયા'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે અબૂ યૂસુફ ગસૂલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ કહ્યું કે એક દિવસ ઈબ્રાહીમ બિન અદહમ સાંજે મારી પાસે આવ્યા અને કહ્યું કે આજે મેં એક આશ્ચર્યજનક ચીજ જોઈ છે. મેં કહ્યું કે તે શું છે ? તેમણે કહ્યું કે હું એક કૃબ્ર પાસે ઊભો હતો અને અચાનક તે ફાટી ગઈ અને તેમાંથી ખિઝાબ લગાડેલ એક બુઝુર્ગ નીકળ્યા અને મને કહ્યું કે માંગો ! કેમ કે હું તમારા માટે જ નીકળ્યો છું. મેં કહ્યું કે, જણાવો અલ્લાહે તમારી સાથે શું મામલો કર્યો ? તેમણે કહ્યું કે હું અલ્લાહની બારગાહમાં બદ્કૃત્યોની સાથે ગયો હતો. પરંતુ અલ્લાહે ત્રણ કામોના કારણે મને બખ્શી દીધો. પ્રથમ તો એ કે જે ખુદાથી મહોબ્બત રાખતો હતો મેં તેનાથી મહોબ્બત રાખી. બીજી એ કે નાજાઈઝ ચીજ કદાપિ નથી પીધી. ત્રીજી એ કે (અલ્લાહે ફર્માવ્યું) કે તું મારી પાસે એ હાલમાં આવ્યો છે કે તારી દાઢીમાં ખિઝાબ હતો અને મને

ખિઝાબવાળાથી હયા આવે છે કે હું તેને જહન્નમમાં દાખલ કરું. રાવી કહે છે કે પછી ક઼બ્ર પહેલાંની જેમ બંધ થઈ ગઈ. પછી ઈબ્રાહીમે કહ્યું, હે ગસૂલી ! તઅજ્જુબ છે કે ખુદા મને ચમત્કારો દેખાડે છે.

**(૬૬)** બયહકીએ 'શઓબુલ્ ઈમાન'માં પોતાની સનદ થકી ક઼ાઝી નીશાપૂર ઈબ્રાહીમથી રિવાયત કરી કે તેમની પાસે એક શખ્સ આવ્યો. જેના વિશે બતાવવામાં આવ્યું કે આ શખ્સ તેમને કોઈ અદ્ભૂત વાત બતાવવા ઈચ્છે છે. તે શખ્સે કહ્યું પહેલાં હું કફન ચોરતો હતો. એક દિવસ એક સ્ત્રીનો ઈન્તેકાલ થઈ ગયો તો હું તેનું કફન ચોરવાના હેતુથી ગયો. જ્યારે ક઼બ્ર ખોદીને મેં તેના કફન પર હાથ નાખ્યો તો તેણીએ કહ્યું કે સુબ્હાનલ્લાહ ! એક જન્નતી શખ્સ જન્નતી સ્ત્રીનું કફન છીનવી રહ્યો છે ! મેં કહ્યું, એ કઈ રીતે ?! તો તેણીએ કહ્યું કે શું તેં મારા જનાઝાની નમાઝ નથી પઢી ?! મેં કહ્યું, હા ! સ્ત્રી કહેવા લાગી કે અલ્લાહ તઆલાએ મારાથી વાયદો ફર્માવ્યો હતો કે જે પણ મારા જનાઝાની નમાઝ પઢશે તેની મગફેરત થઈ જશે.

**(૬૭)** મુહામલીએ પોતાની 'અમાલી'માં અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી કે એક શખ્સ પોતાની પત્ની સાથે શામમાં હતો. તેનો એક પુત્ર શહીદ થઈ ચૂક્યો હતો. એક દિવસ તે શખ્સે અચાનક એક સવારને આવતો જોયો. તે શખ્સે આવીને પોતાની પત્નીને કહ્યું કે હે ફલાણી ! મારો અને તારો પુત્ર (તે શખ્સને દૂરથી તે સવાર એવો દેખાયો કે જાણે તે બંનેનો પુત્ર છે.) તો ઔરતે કહ્યું કે તું પોતાનાથી શૈતાનને દૂર રાખ ! મારો પુત્ર તો એક અરસો થયો શહીદ થઈ ચૂક્યો ! તારા દિમાગમાં ખરાબી છે, ચાલ પોતાનું કામ કર. તે શખ્સ ઈસ્તિગફાર કરતો કરતો પોતાના કામમાં લાગી ગયો. પરંતુ થોડીવાર પછી સવાર નજીક આવી ચૂક્યો હતો. હવે જ્યારે ધ્યાનથી જોયું તો શંકા દૂર થઈ કે વાસ્તવમાં તે તેમનો શહીદ પુત્ર હતો. બાપે કહ્યું, હે બેટા ! શું તું શહીદ ન થયો હતો ?! તેણે કહ્યું કે હા ! પરંતુ ઉમર બિન અબ્દુલ અઝીઝનો વિસાલ થઈ ગયો છે. શહીદોએ અલ્લાહ તઆલાથી ઈજાઝત માંગી કે તેઓ તેમના જનાઝામાં સામેલ થાય. મેં પોતાના રબથી આપને સલામ કરવાની રઝા હાંસલ કરી લીધી છે, પછી તે તેમને દુઆ દઈને ચાલ્યો



શરહુસ્સુદૂર એટલે મૌત તથા ક઼બ્રના હાલાત

ગયો. ત્યાર બાદ જાણવા મળ્યું કે વાસ્તવમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો વિસાલ તે જ સમયે થયો હતો.

આ તે રિવાયતો છે જે હદીષના ઈમામોએ પોતાની કિતાબોમાં નકલ ફર્માવી છે. મેં આને અહીંયા એટલા માટે લખ્યું છે કે અલ્લામા યાફઈએ પોતાની કિતાબમાં જે ફર્માવ્યું છે તેનું સમર્થન થઈ જાય.

**(૬૮)** યાફઈએ ફર્માવ્યું કે મુડદાંઓને સારી કે બુરી સ્થિતિમાં જોવું એક પ્રકારનું કશ્ફ છે જેનાથી ક્યારેક મામલાની ખૂશખબરીનો સંકેત હોય છે કે તેને ઈસાલે સવાબ કરવામાં આવે કે તેનું દેવું ઉતારી દેવામાં આવે અથવા તેના સિવાય કંઈક. અને પછી મુડદાઓને જોવું મોટા ભાગે સ્વપ્નની સ્થિતિમાં હોય છે અને કદી કદી જાગૃતાવસ્થામાં પણ હોય છે અને આ કરામત ઔલિયાની હોય છે. તદુપરાંત બીજા સ્થળે ફર્માવ્યું કે કેટલીક વખત રૂહો ઈલ્લિયીન (જન્નતનું નામ) કે સિજ્જીન (જહન્નમની એક ઘાટી)થી આવીને પોતાનાં દેહો સાથે ક઼બ્રમાં મળી જાય છે. ખાસ કરીને જુમ્આની રાત્રે અને રૂહો આપસમાં બેસે છે અને વાતચીત કરે છે. નેઅમતોવાળા પર ઈનામો હોય છે અને અઝાબપાત્રો પર અઝાબ હોય છે.

**(૬૯)** યાફઈએ કહ્યું કે જ્યારે રૂહો ઈલ્લિયીન કે સિજ્જીનમાં હોય છે તો અઝાબ તથા સવાબ માત્ર રૂહોને હોય છે. પરંતુ જ્યાં સુધી રૂહો ક઼બ્રોમાં હોય છે તો અઝાબ તથા સવાબ રૂહ સાથે શરીરને હોય છે.

**(૭૦)** ઈબ્ને ક઼ૈય્યિમ કહે છે કે હદીષો તથા આષારો (સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنનાં કથનો) એ વાત પર માર્ગદર્શન કરે છે કે જ્યારે કોઈ શખ્સ કોઈ ક઼બ્ર પર આવે છે તો ક઼બ્રવાળાને તેના આગમનની જાણ થાય છે અને તે તેની વાત સાંભળે છે. તદુપરાંત આકર્ષણ હાંસલ કરે છે અને તેના સલામનો જવાબ આપે છે અને આ વાત શહીદો તથા ગેર શહીદોને આમ છે અને તેમાં કોઈ સમય પણ ખાસ નથી અને આ ક઼ૌલ ઝહ્હાકના તે ક઼ૌલથી વધુ દુરુસ્ત છે જેમાં સમયની પાબંદી છે.

**(૭૧)** મુસ્લિમે અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ક઼બ્રસ્તાન તરફ નીકળ્યા અને ફર્માવ્યું :–

اسَّلَامُ عَلَيُكُمُ دَار قومٍ مُؤمِنِيِن وَا نا انُ شَاءَ اللّٰه بِكُمُ لَا حِقُون

**(૭૨)** નિસાઈ તથા ઈબ્ને માજાએ બુરૈદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم અમને એ તા'લીમ આપતા હતા કે અમે જ્યારે ક઼બ્રસ્તાનોમાં જઈએ તો આમ કહીએ કે :–

**السَّلام عَليُكم اهل الدّيار من المُسلمين وانا ان شاءَ اللّٰهُ لَا حِقون انُتم لنا فرُطًا و نحنُ لَكم تبع ---- اللّٰه لنَا و لكُم العَافيَه۔**

**(૭૩)** મુસ્લિમે આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلم થી પૂછયું કે હું ક઼બ્રસ્તાનમાં જઈને શું કહું ? તો આપે ફર્માવ્યું, તમે આમ કહ્યા કરો કે :–

**(અર્થાત)** : ''મુસલમાન શહેરવાળાઓને સલામ ! અને અલ્લાહ તઆલા આપણા આગલા પાછલા સર્વ લોકો પર રહમ કરે અને જો અલ્લાહ તઆલાએ ઈચ્છયું તો અમે તમારાથી મળવાના છે.''

**(૭૪)** તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم મદીનામાં ક઼બ્રસ્તાનથી ગુજર્યા તો તેની તરફ ધ્યાનિત થઈ ફર્માવ્યું કે :–

**(અર્થાત)** : ''હે ક઼બ્રવાળાઓ ! તમારા પર સલામતી ! તમે અમારાથી પહેલાં ચાલ્યા ગયા અને અમે તમારા પછી આવી રહ્યા છીએ.''

**(૭૫)** તિબ્રાનીએ અલી બિન અબી તાલિબથી રિવાયત કરી કે તે ક઼બ્રોની નજીક ગયા અને ફર્માવ્યું કે :–

**اَلسَّلامُ عَليُكُم يَا اَهل الدّ يَارمَن المُؤمِنينَ وَالمُسلمينَ انتم لنا سَلف فارط و نحنُ لكُم تبع عَما قليُل لَا حق اَللّٰهُمّ اغفِر لنَا وَلهُم و تجا وز بعفوك عنا وعنهم**

**(૭૬)** ઈબ્ને અબી શૈબાહે સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે જ્યારે તે પોતાની જમીનથી પરત થતા તો શહીદોની ક઼બ્રોએથી પસાર થતા તો ફર્માવતા :–

**اَلسَّلَامُ عَلَيُكُمُ وَ اِنَّا اِنُ شَاءَ اللّٰهُ بِكُمُ لَا حِقُونَ** અને પોતાના સાથીઓને પણ ફર્માવતા કે તમે શહીદોને સલામ કેમ નથી કરતા ?! તેમને સલામ કરો કારણ કે આ તમારા સલામનો જવાબ હજી આપે છે.





**(૭૭)** ઈબ્ને અબી શૈબાહે રિવાયત કરી કે હઝરત ઉમર જ્યારે પણ ક઼બરોએથી પસાર થતા તો ભલે દિવસે હોય કે રાતે હોય સલામ કરતા.

**(૭૮)** ઈબ્ને અબી શૈબાહે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે જ્યારે તમે ઓળખીતા લોકોની ક઼બ્રો પાસેથી પસાર થાવ તો આમ કહો કે :–

**السَّلَامُ عَلَيُكُمُ يَا اَهُلَ الُقُبُور** અને જ્યારે અજાણ લોકોની ક઼બ્ર પાસેથી પસાર થાવ તો કહો કે, ! **السَّلَامُ عَلَى الُمُسُلِمِينَ**

**(૭૯)** ઈબ્ને અબી શૈબાહે હસન رضی اللہ عنہ થી રિવાયત કરી કે જે ક઼બ્રસ્તાનમાં દાખલ થઈને આ કહે કે,

**(અર્થાત)** : ''હે સડેલા દેહો તથા મળેલા હાડકાઓનાં રબ ! જે દુનિયાથી ઈમાનની હાલતમાં નીકળે તો તેના પર રહમ ફર્માવ અને મારા સલામ પહોંચાડ.'' તો **આદમ علیہ السلام થી લઈને તે સમય સુધી જેટલા મો'મિન મૃત્યુ પામ્યા સૌ તેના માટે બખ્શિશની દુઆ કરશે.**

**(૮૦)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે જેણે ક઼બ્રસ્તાનમાં દાખલ થઈ ક઼બ્રવાળાઓ માટે મગફેરતની દુઆ કરી અને તેમના પર રહમતની અર્ઝ કરી તો જાણે તે શખ્સ તેમના જનાઝામાં શરીક થયો અને તેમના પર નમાઝ પઢી.

**(૮૧)** ઈબ્ને અબી દુન્યાએ અઝ્હર બિન મરવાનથી રિવાયત કરી કે બિશ્ર બિન મન્સૂરની એક ઓરડી હતી જેમાં તે નમાઝ પઢતા સમયે દાખલ થતા અને તેનો દરવાજો ક઼બ્રો તરફ ખોલી દેતા અને ત્યાંથી ક઼બ્રોને જોતા.

**(૮૨)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ 'શોઅબ'માં ઈબ્ને ઉમરથી રિવાયત કરી. જ્યારે તે કોઈ જનાઝાની નમાઝ પઢવા માટે ક઼બ્રસ્તાનમાં આવતા તો ક઼બ્રસ્તાનવાળાઓ માટે મગફેરતની દુઆ કરતા અને રહમની દુઆ કરતા.

**(૮૩)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ આસિમ હિજદરીના કુટુંબમાં એક શખ્સથી રિવાયત કરી કે તેમણે આસિમના મૃત્યુના ઘણા

વર્ષો પછી તેમને સ્વપ્નમાં જોયા તો તેમણે પૂછયું, શું તમે મૃત્યુ નથી પામ્યા ?! તેમણે જવાબ આપ્યો, હા ! તેમણે કહ્યું કે હવે ક્યાં રહો છો ? તો તેમણે જવાબ આપ્યો કે ખુદાની કૃસમ ! હું જન્નતના બાગોમાંથી એક બાગમાં છું અને હું તથા મારા સાથી દર જુમ્આની રાત્રે અને સવારે બક્ર બિન અબ્દુલ્લાહ મુઝનીની પાસે એકત્ર થઈએ છીએ અને તમારા લોકોની વાતો જાણીએ છીએ. તેમણે પૂછયું કે તમારાં શરીર આવે છે કે રૂહો ?! તો તેમણે જવાબ આપ્યો કે ના, કેવળ રૂહ જ એકઠી થાય છે. જિસ્મ તો સડી ગયું. તેમણે પૂછયું કે જ્યારે અમે તમારી ઝિયારત માટે આવીએ છીએ તો શું અમને ઓળખો છો ?! તેમણે જવાબ આપ્યો કે આ ચીજની જાણ જુમ્આનો આખી દિવસ અને રાત્રે હોય છે અને શનિવારનો સૂરજ નીકળ્યાના સમય સુધી. તેમણે પૂછયું કે માત્ર આ દિવસોની વિશિષ્ટતાનું કારણ શું છે ? તો તેમણે જવાબ આપ્યો કે આ જુમ્આની ફઝીલત છે.

**(૮૪)** ઈબ્ને અબી દુન્યાએ અને બયહકીએ બિશ્ર બિન મન્સૂરથી રિવાયત કરી કે એક શખ્સનો મામૂલ હતો કે તે કૃબ્રસ્તાનમાં આવીને બેસી જતો અને જ્યારે પણ કોઈ જનાઝો આવતો તેની નમાઝ પઢતો અને સાંજના સમયે કૃબ્રસ્તાનના દરવાજા પર ઊભો થઈને કહેતો કે, ખુદા તમને મેળાપ અર્પણ કરે અને તમારી ગરીબી પર રહમ કરે ! તમારા ગુનાહો માફ કરે અને નેકીઓ કૃબૂલ કરે. તો આ જ શબ્દો કહેતો હતો. તે જ શખ્સ રિવાયત કરે છે કે એક સાંજે હું પોતાનો મામૂલ પૂરો ન કરી શક્યો અને ઘરે આવી ગયો. હું સૂઈ રહ્યો હતો કે ઘણી બધી મખ્લૂક આવી ગઈ. મેં પૂછયું કે તમે લોકો કોણ છો ?! આપે આદત બનાવી હતી કે ઘરે આવતા પહેલાં અમને હદીયો આપતા હતા અને આજે ન આપ્યો. મેં કહ્યું કે તે હદીયો કયો હતો ? તો તેમણે કહ્યું કે તે દુઆઓનો હદીયો હતો. મેં કહ્યું કે સારું, હવે આ હદીયો તમને પછી દઈશ. પછી મેં પોતાની આ ટેવને કદી ન છોડી.

**(૮૫)** ઈબ્ને અબી શૈબાહે તથા બયહકીએ રિવાયત કરી કે મુતરફનો ઘોડો જુમ્આની રાત્રે રોશન થઈ જતો હતો તો તે રાત્રે કૃબ્રસ્તાનમાં આવતા અને પોતાના ઘોડા પર બેઠા બેઠા ઉંઘવા લાગતા તો તેમને એવું





લાગતું કે સર્વ કૃબ્રવાળા પોતાની કૃબ્રો પર બેઠા છે. કૃબ્રવાળા કહે છે કે જુઓ મુતરફ છે જે જુમ્આના દિવસે તમારી પાસે આવ્યા છે. તો તે કહેતા કે શું તમે પણ જાણો છો કે જુમ્આ પણ કોઈ દિવસ છે ? તેઓ કહેતા કે હા ! અમે પણ જાણીએ છીએ કે પક્ષી આ દિવસે શું કહે છે ? પક્ષી આ દિવસે કહે છે, (અર્થાત) : ''સલામતી હજો સારા દિવસ છે !''

**(૮૬)** ઈબ્ને અબી શૈબાહે તથા બયહકીએ પોતાની સનદ થકી સુફયાન બિન ઉયૈનાથી રિવાયત કરી, તે કહે છે કે જ્યારે મારા વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો તો હું ખૂબ જ રડયો અને હું તેમની કૃબ્ર પર દરરોજ આવતો હતો પછી થોડું ઓછું કરી દીધું તો એક દિવસે સ્વપ્નમાં જોયા કે ફર્માવી રહ્યા છે કે બેટા ! તમે કેમ મોડુ કર્યુ ? મેં પૂછયું, શું આપને મારા આવવાની જાણ થાય છે ? તેમણે ફર્માવ્યું, હું દર વખતે તમારા આવવાની જાણ કરી લેતો હતો અને જ્યારે પણ તમે આવતા હતા તો હું તમને જોઈને ખુશ થતો હતો અને મારી આસપાસવાળા પણ તમારી દુઆથી ખુશ થતા હતા. જેથી મેં પાબંદીથી જવું શરૂ કરી દીધું.

**(૮૭)** બયહકીએ અબૂ દરદાથી રિવાયત કરી, તે કહે છે કે એક આલિમે મને જણાવ્યું કે હું પોતાના બાપની કૃબ્ર પર જવાનો આદી હતો. પછી કેટલાક દિવસ બાદ મારા દિલમાં ખયાલ પેદા થયો કે આ માટી છે, આના પર જવાનો શો ફાયદો ?! જેથી મેં જવાનું છોડી દીધું તો એક દિવસ વાલિદ સાહબને સ્વપ્નમાં જોયા. તે ફર્માવતા હતા કે બેટા ! તમે આવવાનું કેમ ત્યજી દીધું ? મેં કહ્યું કે માટીના ઢગલા પર આવીને શું કરું ? તેમણે ફર્માવ્યું, હે બેટા ! આમ ન કહો ! જ્યારે તમે આવતા હતા તો મારા પડોશી મને બશારત આપતા હતા અને જ્યારે તમે પરત થતા હતા તો હું તમને જોતો રહેતો હતો ત્યાં સુધી કે તમે કૂફામાં પ્રવેશી જતા હતા.

**(૮૮)** ઈબ્ને અબી દુન્યા તથા બયહકીએ ઉષ્માન બિન સૂરહથી રિવાયત કરી કે (તેમની માંને વધુ ઈબાદતના કારણે રાહિબા કહેતા હતા) કે જ્યારે મારી માંનો ઈન્તેકાલ થઈ ગયો તો હું જુમ્આની રાત્રે તેમની પાસે આવતો હતો અને તેમના તથા કૃબ્રવાળાઓ માટે

મગફેરતની દુઆ કરતો હતો. એક રાત્રે મેં તેમને સ્વપ્નમાં જોયાં તો પૂછયું કે આપનો મિજાઝ કેમ છે ? તો તેમણે કહ્યું કે બેટા ! મૌતની તકલીફ સખત છે અને અલ્લાહનો શુક્ર છે. શ્રેષ્ઠ બરઝખમાં છું તેમાં ફૂલોનું પાથરણું છે અને સુન્દુસ તથા ઈસ્તબરકનો તકીયો મૂકુ છું. મેં કહ્યું કે શું તમને કંઈ જરૂરત છે ? તેમણે કહ્યું, હા ! મેં કહ્યું, શું ? કહ્યું, તમે મારી ઝિયારત કરવું ન છોડો, કેમ કે તમારા આવવાથી મને સંતોષ થાય છે અને જ્યારે તમે આવો છો તો અન્ય મુડદાઓ મને બશારત આપે છે કે તમારા ઘરેથી ઝિયારત કરવાવાળો આવ્યો છે, અને તેઓ પોતે પણ ખુશ થાય છે.

**(૮૯)** સલફી કહે છે કે મું અબુલ બરકાત અબ્દુર્રહ્માનને અસ્કંદરીયામાં કહેતાં સાંભળ્યું કે તે ફર્માવતા હતા કે મેં પોતાની વાલેદાને કહેતાં સાંભળ્યું કે તે ફર્માવે છે કે મેં પોતાની વાલેદાને સ્વપ્નમાં જોયાં કે તે ફર્માવી રહ્યાં છે કે હે મારા પુત્ર ! જ્યારે તું મારી ક઼બ્ર પર આવે તો મારી નજીક બેસ કે જેથી મને ઉન્સ હાંસલ થાય (હુંફ મળે) અને મારા માટે રહમતની દુઆ કરજે.

**(૯૦)** હાફિઝ ઈબ્ને રજબ ફર્માવે છે કે મને અલી ઈબ્ને અબ્દુસ્સમદે પોતાની સનદ થકી અસદ બિન મૂસાથી રિવાયત કરી. તે ફર્માવે છે, તે મને કહી રહ્યો છે કે સુબ્હાનલ્લાહ ! તમે ફલાણા શખ્સની ક઼બ્ર પર ગયા, ત્યાં બેઠા, તેના માટે બખ્શિશની દુઆ કરી અને મારી પાસે ન આવ્યા ? મેં કહ્યું કે તમને કેવી રીતે જાણ થઈ ? તેમણે કહ્યું કે જ્યારે તમે ફલાણા મિત્રની ક઼બ્ર પાસે આવ્યા તો મેં તમને જોયા. મેં કહ્યું કે આટલા મણ માટીની નીચે દબાઈ ગયા બાદ કેવી રીતે જોઈ લીધું ? તો તેમણે કહ્યું કે શું તમે નથી જાણતા કે જ્યારે પાણી કાચમાં હોય તો કેવી રીતે દેખાય છે ?

**(૯૧) ચેતવણી** : અબૂ દાઊદ, તિર્મિઝીએ સહીહ રિવાયત થકી વર્ણન કર્યું કે અબૂજરીં હેઝમી કહે છે, હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી عَلَيْكَ سَّلَامُ يَارَسُولَ الله તો આપે ફર્માવ્યું કે આમ ન કહો. કેમ કે આ મુડદાઓની સલામ છે. આનાથી જાણવા મળ્યું કે મુડદાંઓના સલામમાં શબ્દ علی અગ્રતાએ છે. પરંતુ બીજી સહીહ





હદીષથી જણાય છે કે હુઝૂર ﷺએ ખૂદ ક઼બ્રસ્તાન જઈને ફર્માવ્યું કે اَلسَّلَامُ عَلَيْكُمْ يَااَهْلَ الْقُبُوْرِ તો આ બંને હદીષોમાં સમાંતરી કરતાં અમુક હઝરાતે ફર્માવ્યું કે જે હદીષમાં શબ્દ سلام અગ્રતાએ છે તે વધુ સહી છે. અને કહ્યું કે સુન્નત એ જ છે કે શબ્દ عليكم પ્રથમ કહેવામાં આવે. પરંતુ અલ્લામા ઈબ્ને કૈ઼યિમ 'બદાએઅ્'માં કહ્યું કે બંને ફિર્કા (જમાઅતો)એ હદીષના હેતુને ન સમજવાના કારણે આ વાત કહી. વાસ્તવમાં વાત એ છે કે હુઝૂર ﷺનું ફર્માવવું કે عَلَيْكَ السَّلَام મુડદાઓની સલામ છે, આ કોઈ શરીઅતની પાબંદીના હુકમના બયાન માટે ન હતું બલ્કે આપ જમાઅતે જાહિલિય્યતના સલામના તરીક઼ાનો ઉલ્લેખ ફર્માવી રહ્યા હતા, કારણ કે જમાઅતે જાહિલિય્યતમાં લોકો શબ્દ سلامને મૈયતના નામથી પહેલાં લાવતા હતા. જેમ કે એક શાયરે કહ્યું છે : عَلَيْكَ سَّلَام الله قيس بن عاصم **(અર્થાત)** : "આપ પર સલામ હે કૈસ બિન આસિમ !"

અને એક શખ્સે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہના મર્ષિયામાં કહ્યું છે.

(અર્થાત) : "સલામ આપ પર હે અમીર ! અને અલ્લાહ તઆલા ફાટેલી ચામડીમાં બરકત અતા ફર્માવે." અને આ તરીક઼ો અરબવાળાના કલામમાં મોટા ભાગે હતો. પરંતુ કોઈ હક઼ીક઼ી મામલાની ખબર આપવી તેના જાઈઝ હોવાને સાબિત નથી કરતું. તો મુસ્તહબ હોવું કેમ કરીને સાબિત થવા લાગ્યું. એટલા માટે જણાયું કે સુન્નત તરીક઼ો એ જ છે કે મુડદાંઓની સલામ હોય કે ઝિંદાઓની શબ્દ "سلام" હર હાલમાં અગ્રતાએ છે.

ઈબ્ને કૈ઼યિમે કહ્યું કે જો કોઈ શખ્સ એમ કહે કે ઝિંદા ઈન્સાનોને સલામ કરતી સમયે શબ્દ سلام એટલા માટે અગ્રતાએ કરે છે કે તેમનાથી જવાબ (મળવાની) આશા છે એટલા માટે દુઆને મદઉલહુ (જેના માટે દુઆ કરવામાં આવી હોય) પર અગ્રતાએ કરવામાં આવી, પરંતુ મુડદાઓથી આ આશા નથી, તો તેનો જવાબ એ છે કે મુડદાંથી પણ જવાબની આશા છે, જેમ કે હદીષોથી જણાય છે.

**અદભૂત મુદ્દાઓ** : દુઆએ ખૈરમાં દુઆના શબ્દો તે શખ્સના ઝિક્ર પર અગ્રતાએ કરવામાં આવે છે જેના માટે દુઆ કરવામાં આવે છે. જેમ કે, "નૂહ عليه السلام પર સલામ.", "ઈબ્રાહીમ عليه السلام પર સલામ." "તમારા સબ્રના કારણે તમારા પર સલામ." અને એ દુઆમાં તે શખ્સનું ઝિક્ર પ્રથમ કરે છે કે જેના વાસ્તે બદ્દુઆ હોય. જેમ કે, "અને હે શૈતાન ! બેશક ! તારા પર મારી લા'નત." "અને તેના પર બુરાઈનો ઘેરો છે.", "અને તેઓ પર નારાજી છે."

## ★ રૂહોને રોકાવાનું વર્ણન ★

અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે ખુદા તે છે જેણે તમને એક જ જાનથી પેદા ફર્માવ્યા, તો કેટલાક રોકાયેલા છે અને કેટલાક અમાનત રૂપે રાખેલા છે અને અલ્લાહ તઆલા તેમને રોકવાના સ્થળ તથા તેમના અમાનતના સ્થળને જાણે છે. એટલે કે જ્યારે તે પોતાના વાલિદની પીઠમાં હોય છે અથવા જ્યારે તેઓ મૃત્યુ બાદ અમાનત થઈ જાય છે.

**(૧)** મુસ્લિમે ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શહીદોની રૂહો અલ્લાહ તઆલાની પાસે લીલા પક્ષીઓનાં પેટોમાં જન્નતની નહેરોમાં જ્યાં ઈચ્છે છે સહેલ કરે છે, પછી તે કન્દીલોમાં ગુજારો કરે છે જે અર્શની નીચે લટકેલ છે.

**(૨)** અહમદ, અબૂ દાઊદ, હાકિમ તથા બયહકીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા સાથે ઓહદના યુદ્ધમાં શહીદ થયા તો અલ્લાહ તઆલાએ તેમની રૂહોને લીલા પક્ષીઓનાં પેટોમાં મૂકી દીધી કે તે જન્નતની નહેરો પર આવે અને ત્યાં ફળ ખાય. પછી તે એવી કન્દીલોમાં ગુજારો કરે છે જે અર્શની નીચે લટકેલ છે. ઈબ્ને અબ્બાસ, અબૂ સઈદ ખુદરી વિગેરેથી પણ મરવી છે. અબૂ સઈદની રિવાયતમાં એ છે કે અલ્લાહ તઆલા ફર્માવશે, શું આ નેઅમતોથી પણ અધિક કોઈ નેઅમત સારી છે ? તો શહીદ કહેશે, હા ! મૌલા તઆલા ! હું પસંદ કરું છું કે મારા શરીરમાં મારી રૂહ પરત કરવામાં આવે અને ફરી હું તારા માર્ગમાં ક઼તલ કરવામાં આવું.

ઈબ્ને અબી હાતિમની રિવાયતમાં છે કે બાળકોની રૂહો જન્નતની





ચકલીઓના પેટોમાં હોય છે અને સહેલ કરે છે.

**(૩)** હન્નાદે 'કિતાબુઝ્ ઝોહ્દ'માં અને ઈબ્ને અબી શૈબાહે ઉબૈ બિન કઅબથી રિવાયત કરી કે શહીદો જન્નતના બાગમાં બનેલ ગુંબદમાં હશે. પછી તેમની પાસે માછલી અને બળદ મોકલવામાં આવશે, આ બંને આવીને આપસમાં લડશે તો જન્નતવાળા જોઈને ખુશ થશે. અને જ્યારે તેમને કોઈ ચીજ ખાવાની જરૂરત હશે તો તેમાંથી એકબીજાને મારી નાખશે અને તેઓ જ્યારે તેમાંથી કોઈ ચીજને ખાશે તો જન્નતની દરેક ચીજનો સ્વાદ તેમાં પામશે.

**(૪)** બુખારીએ અનસથી રિવાયત કરી કે જ્યારે હારષા رضي الله عنه શહીદ થયા તો તેમનાં માંએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ જાણો છો કે મને હારષાથી કેટલી મહોબ્બત હતી ! તો જો તે જન્નતમાં હોય તો જણાવી દો, હું જેથી સબ્ર કરી લઉં અને જો તે ત્યાં ન હોય તો જણાવો કે હું શું કરું ? તો આપે ફર્માવ્યું કે જન્નતો ઘણી છે, તે (હારષા) સૌથી ઉચ્ચ દરજાવાળી જન્નતુલ્ ફિરદૌસમાં છે !

**(૫)** માલિકે 'મોઅત્તા'માં અહમદ તથા નિસાઈએ સહીહ સનદ થકી કઅબ બિન માલિક رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનનો પ્રાણ જન્નતના પક્ષીઓનાં પેટોમાં થઈને વૃક્ષ સાથે લટકી જાય છે. પછી ક઼યામતના દિવસે તેના જિસ્મમાં પરત કરી દેવામાં આવે છે.

**(૬)** અહમદ તથા તિબ્રાનીએ હસન સનદ થકી હઝરત ઉમ્મે હાનીથી રિવાયત કરી કે તેમણે રસૂલુલ્લાહ ﷺથી પૂછયું, શું અમે મૃત્યુ પછી એક બીજાને જોઈ શકીશું ? તો આપે ફર્માવ્યું, મૃત્યુ બાદ પ્રાણ પક્ષીના પેટમાં જઈને ઝાડ સાથે લટકી જાય છે અને ક઼યામતના દિવસે તે પોતાના શરીરમાં દાખલ થઈ જશે.

**(૭)** ઈબ્ને સઅદે પોતાની સનદ થકી રિવાયત કરી કે બિશ્ર બિન બરાઅ رضي الله عنهની માંએ રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે એ જણાવો કે મૃત્યુ બાદ એકબીજાને ઓળખે છે કે નહીં ? તો આપે ફર્માવ્યું, મુત્મઈન (નચિંત) રૂહો જન્નતમાં લીલા રંગના પક્ષીઓનાં પેટોમાં હોય છે

અને આ પક્ષી જન્નતી વૃક્ષોની ડાળીઓ પર હોય છે. તો જે રીતે પક્ષી એકબીજાને ઓળખે છે તે રીતે આ રૂહો પણ એકબીજાને ઓળખે છે.

**(૮)** ઈબ્ને માજા, તિબ્રાની તથા બયહકીએ 'બઅ્ષ'માં હસન સનદ થકી રિવાયત કરી કે જ્યારે કઅબ رضی اللہ عنہની વફાતનો સમય નજીક આવ્યો તો બિશ્રની માં તેમની પાસે આવી અને કહ્યું કે હે અબ્દુર્રહમાન ! જો તમારી મુલાકાત ફલાણાથી થાય તો તેને સલામ કહેજો. તો તેમણે કહ્યું, હે બિશ્રની માં ! ખુદા તમારા પર રહમ કરે અમને આ કામની નવરાશ નથી. તો તેણીએ કહ્યું કે શું તમે આ હદીષ નથી સાંભળી કે મો'મિનની રૂહ જન્નતમાં જ્યાં ઈચ્છે છે ફરે છે અને કાફિરની રૂહ જહન્નમની વાદીમાં હોય છે.

**(૯)** ઈબ્ને મુન્દા, તિબ્રાની તથા અબૂશ્ શૈખે રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺથી મો'મિનની રૂહો વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, તે લીલા રંગના પક્ષીઓનાં પેટોમાં રહે છે, જન્નતમાં જ્યાં ઈચ્છે છે સહેલ કરે છે અને કાફિરોની રૂહો કેદ કરેલ છે.

**(૧૦)** તિબ્રાની તથા બયહકીએ શોઅબમાં અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત કરી કે સૂર્યનાં કિરણોમાં જન્નત લપેટીને રાખેલ છે. દર વર્ષે બે વાર ખોલવામાં આવે છે અને મો'મિનોની રૂહો એક ખાસ પ્રકારના પક્ષીઓનાં પેટોમાં છે.

**(૧૧)** અહમદ અને હાકિમે તથા બયહકી તથા અબૂ દાઊદે સહીહ તા'લીમ થકી 'બઅષ'માં અને ઈબ્ને અબી દુન્યાએ 'અઝા'માં અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનોના બાળકોની રૂહો જન્નતના એક પહાડ પર છે. જેમનું પાલનપોષણ હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા હાજરા સારાહ رضی اللہ عنہا કરે છે અને તેઓ કયામતના દિવસે તેમને તેમનાં માં–બાપને સુપર્દ કરશે.

**(૧૨)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ ગરા'માં ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે બાળક ઈસ્લામની ફિતરત પર પેદા થઈને મૃત્યુ પામે છે તો તે જન્નતમાં ધરાયેલો અને તૃપ્ત રહે છે અને તે દુઆ કરે છે કે અલ્લાહ ! મારા માં બાપને મારી પાસે મોકલી દે.




**(૧૩)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ ગરા'માં ખાલિદ બિન મઅદાનથી રિવાયત કરી કે જન્નતમાં એક ઝાડ છે જેને તૂબા કહે છે જેમાં આંચળ છે તો જે બાળક મૃત્યુ પામે છે તેને તે આંચળોથી દૂધ મળે છે અને તેમની પરવરિશ કરવાવાળા હઝરત ઈબ્રાહીમ علیہ السلام છે.

**(૧૪)** સઈદ બિન મન્સૂરે મકહૂલથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનોના બાળકોની રૂહો લીલા રંગની ચકલીઓના પેટોમાં છે, ઈબ્રાહીમ علیہ السلام તેમની પરવરિશ કરે છે.

**(૧૫)** ઈબ્ને અબી હાતિમે ખાલિદ બિન મઅદાનની વર્ણવેલ રિવાયતમાં એ પણ વર્ણન કર્યું કે જો કોઈ બાળક પડી જાય (કસુવાવડમાં) તો તે જન્નતની નહેરોમાં છે, તરતો રહે છે અને કયામત સુધી આમ જ થાય છે, ત્યાં સુધી કે કયામતના દિવસે તે ચાલીસ વર્ષીય થઈને આવશે.

**(૧૬)** હન્નાદ બિન સિર્રીએ 'ઝોહદ'માં રિવાયત કરી. ફિરઔનની કૌમની રૂહો કાળા રંગનાં પક્ષીઓનાં પેટોમાં છે. તે આગ પર આવજા કરે છે અને આ જ હેતુ છે તેમને સવાર, સાંજ જહન્નમ પર પેશ કરવામાં આવવાનો. અને શહીદોની રૂહો લીલા રંગનાં પક્ષીઓના પેટોમાં છે. અને મુસલમાનોનાં બાળકોની રૂહો જન્નતી ચકલીઓનાં પેટોમાં છે જ્યાં ઈચ્છે છે તે સહેલ કરતી ફરે છે.

**(૧૭)** ઈબ્ને અબી શૈબાએ ઈકરામાથી અલ્લાહ તઆલાના ફર્માન **وَلَا تَقُوۡلُوۡا لِمَنۡ يُّقۡتَلُ فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتٌ**ની તફસીરમાં વર્ણન કરતાં કહ્યું કે શહીદોની રૂહો ચમકદાર સફેદ પક્ષી છે.

**(૧૮)** અબ્દુર્રઝ્ઝાકે કતાદાથી રિવાયત કરી કે અમને માલૂમ થયું છે કે શહીદોની રૂહો સફેદ રંગનાં પક્ષીઓના પેટોમાં અલ્લાહના અર્શની નીચે છે.

**(૧૯)** ઈબ્ને મુબારકે ઈબ્ને અમ્રથી રિવાયત કરી કે કાફિરોની રૂહો સાતમી જમીનમાં છે.

**(૨૦)** ઈબ્ને મુન્દાએ ઉમ્મે કબ્શા બિન્તે મઅરૂરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺથી અમે પ્રશ્ન કર્યો કે આ રૂહો ક્યાં રહે છે ? તો

આપે એવું બયાન કર્યું કે ઘરવાળાં રડવા લાગ્યાં. આપે ફર્માવ્યું કે મો'મિનોની રૂહો જન્નતમાં લીલા રંગના પક્ષીઓનાં પેટોમાં દાખલ થઈ ખાતી પીતી રહે છે અને અલ્લાહના અર્શની નીચે લટકેલ કન્દીલોમાં ગુજારો કરે છે અને દુઆ કરે છે કે હે અલ્લાહ ! અમારા ભાઈઓને અમારાથી મિલાવી દે અને જે તેં વાયદો ફર્માવ્યો છે તે અતા ફર્માવી દે ! અને કાફિરોની રૂહો કાળા રંગના પક્ષીઓનાં પેટોમાં જહન્નમથી ખાતી પીતી રહે છે અને જહન્નમની જ એક ઓરડીમાં રહે છે અને કહે છે કે હે અમારા રબ ! અમારા ભાઈઓને અમારી સાથે મિલાવી દે અને જે ચીજથી તેં ડરાવ્યા છે તે અમને ન દઈશ.

**(૨૧)** બયહકીએ દલાઈલમાં અને ઈબ્ને મરદૂયા તથા ઈબ્ને અબી હાતિમે પોતાની તફસીરોમાં અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે મેઅરાજની રાત્રે મારી પાસે એક ખૂબસૂરત સીડી લાવવામાં આવી. આ તે જ સીડી છે જેને જોઈ મૈયતની આંખો ફાટેલી રહી જાય છે અને આ તેની ખૂબસૂરતીના કારણે છે. પછી હું અને જિબ્રઈલ ઉપર ચઢીને પહેલા આસ્માન પર ગયા, દરવાજો ખોલાવ્યો તો આદમ عليه السلام પર તેમની મો'મિન ઔલાદની રૂહો પેશ કરવામાં આવી રહી હતી અને તે ફર્માવી રહ્યા હતા કે આ પવિત્ર રૂહો અને પાક નફ્સ છે એમને ઈલ્લિય્યીન (જન્નત)માં પહોંચાડો. પછી તેમની દુષ્ટ ઔલાદની રૂહો પેશ કરવામાં આવી, આપે બદ્મિજાઝીનો દેખાવ કરતાં કહ્યું કે આ નાપાક રૂહો અને નાપાક નફ્સ છે, એમને સિજ્જીન (જહન્નમની વાદી)માં નાંખી દો.

**(૨૨)** અબૂ નઈમે ઝઈફ સનદ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનોની રૂહો સાતમા આસ્માન પર છે અને પોતાનું જન્નતી ઠેકાણુ જુએ છે.

**(૨૩)** અબૂ નુએમે હુલિયામાં વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે સાતમા આસ્માન પર એક ઘર છે જેનું નામ દારે બયઝા (સફેદ ઘર) છે એમાં મો'મિનોની રૂહો એકત્ર થાય છે અને જ્યારે કોઈ નવી રૂહ આવે છે તો એ તેનું સ્વાગત કરે છે અને તેનાથી દુનિયાવાળાઓના હાલ એ રીતે પૂછે છે જેમ કે દુનિયામાં મુસાફરથી પૂછવામાં આવે છે.





**(૨૪)** મરૂઝીએ 'જનાઈઝ'માં અબ્બાસ બિન અબ્દુલ્ મુત્તલિબથી રિવાયત કરી કે મો'મિનોની રૂહો જિબ્રઈલની પાસે છે અને તેમને કહી દેવામાં આવે છે કે તમે ક઼યામત સુધી તેમના જવાબદાર તથા રક્ષક છો.

**(૨૫)** સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને જરીરે કિતાબુલ્ અદબમાં મુગૈરહ બિન શોઅ્બાથી રિવાયત કરી કે હઝરત સલમાન ફારસીની મુલાકાત હઝરત અબ્દુલ્લાહ બિન સલામથી થઈ તો તેમણે એમને કહ્યું કે જો તમે પહેલા મૃત્યુ પામો તો મને જાણ કરજો કે તમારી સાથે શું મામલો થયો અને જો હું પહેલાં મૃત્યુ પામીશ તો તમને ખબર દઈશ. તો તેમણે કહ્યું કે મૃત્યુ પછી એકબીજાને ખબર કઈ રીતે દઈ શકાય છે ? તો તેમણે કહ્યું કે રૂહ શરીરથી અલગ થયા બાદ જમીન આસ્માનની દરમિયાન રહે છે. ત્યાં સુધી કે ક઼યામતના દિવસે પોતાના અસલી શરીરમાં પરત થાય છે તો સંજોગ એ થયો કે સલમાનનો ઈન્તેકાલ થઈ ગયો, તો અબ્દુલ્લાહ બિન સલામે તેમને સ્વપ્નમાં જોયા તો તેમને પૂછયું કે અહીંયા તમે સર્વ સારી કઈ ચીજનો બદલો પામ્યો ? તો તેમણે કહ્યું કે તવક્કુલનો (અલ્લાહ પર ભરોસાનો).

**(૨૬)** ઈબ્ને મુબારકે 'ઝોહદ'માં અને હકીમે 'નવાદિર'માં અને ઈબ્ને અબી દુન્યા તથા ઈબ્ને મુન્દાએ સઈદ બિન મુસૈયબથી, તેમણે સલમાનથી રિવાયત કરી કે મો'મિનોની રૂહો જમીનના બરઝખમાં છે જ્યાં ઈચ્છે છે આવે જાય છે અને કાફિરોની રૂહો સિજ્જીનમાં છે.

ઈબ્ને કૈ઼ય્યિમ કહે છે કે બરઝખનો અર્થ દુનિયા અને આખેરતની વચ્ચે હિજાબ (પર્દો)નો છે.

**(૨૭)** ઈબ્ને અબી દુન્યાએ માલિક બિન અનસથી રિવાયત કરી કે મને હદીષ પહોંચી છે કે મો'મિનોની રૂહો સ્વતંત્ર છે, જ્યાં ઈચ્છે છે જાય છે.

**(૨૮)** મરૂઝી તથા ઈબ્ને મુન્દાએ જનાઈઝમાં અને ઈબ્ને અસાકિરે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરથી રિવાયત કરી કાફિરોની રૂહો બરહૂત સબખામાં હજરમૂતના ઈલાકામાં જમા થાય છે અને મો'મિનોની રૂહો જાબયા બરહૂતમાં.

**(૨૯)** ઈબ્ને અસાકિરે ઉરવા બિન રદીમથી રિવાયત કરી કે જાબયામાં દરેક પાક રૂહ આવે છે.

**(૩૦)** અબૂબક્ર નજ્જારે પોતાની પ્રખ્યાત 'ખરબ'માં અલી બિન અબી તાલિબથી રિવાયત કરી કે લોકોની સર્વ શ્રેષ્ઠ વાદી વાદીએ મક્કા છે. અને બદ્તરીન વાદી એહકાફ છે, જે હજરમૂતની નજીક છે અને તેને બરહૂત કહે છે.

**(૩૧)** ઈબ્ને અબી દુન્યાએ હઝરત અલીથી રિવાયત કરી કે મો'મિનોની રૂહો ઝમઝમના કૂવામાં છે.

**(૩૨)** હાકિમે મુસ્તદરકમાં અને ઈબ્ને મુન્દાએ અખ્નસ બિન ખલીફા જિન્સીથી રિવાયત કરી કે કઅબ અહ્બારે એક સંદેશાવાહક ઈબ્ને ઉમર પાસે મોકલ્યો જેથી પૂછીને આવે કે મુસલમાનોની રૂહો ક્યાં રહે છે અને મુશ્રિકોની ક્યાં રહે છે ? તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું, મો'મિનોની રૂહો અરીહામાં રહે છે અને મુશ્રિકોની રૂહો સન્આમાં છે તો કઅબે તેને સમર્થન કર્યું.

**(૩૩)** ઈબ્ને જરીરે પોતાની તફસીરમાં પોતાની સનદ થકી રિવાયત કરી કે સફ્ફાને આમિર બિન અબ્દુલ્લાહને યમનમાં પૂછયું કે શું મો'મિનોની રૂહો ક્યાંક એકત્ર થાય છે ? તો તેમણે કહ્યું કે જમીનમાં એકત્ર થાય છે. કેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

وَلَقَدْ كَتَبْنَا فِى الزَّبُوْرِ مِنْ بَعْدِ الذِّكْرِاَنَّ الْاَرْجَ يَرِثُهَا عِبَادِىَ الصّٰلِحُوْنَ۔

''અને અમે ઝબૂરમાં પોતાના ઝિક્ર પછી લખી દીધું કે અમારી જમીનના વારસદાર જ અમારા નેક બંદા છે. કયામત સુધી મો'મિનોની રૂહો અહીંયા એકત્ર રહેશે.

**(૩૪)** ઈબ્ને અબી દુન્યાએ વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે મો'મિનોની રૂહો એક ફરિશ્તાને સુપ્રત કરવામાં આવે છે જેનું નામ રમ્યાઈલ અને તે મો'મિનોની રૂહોનો રક્ષક છે.

**(૩૫)** ઈબ્ને અબી દુન્યાએ અબ્બાન બિન ષઅ્લબથી રિવાયત કરી કે જે ફરિશ્તાના સુપ્રત કાફિરોની રૂહો કરવામાં આવે છે તેનું નામ દૂમા છે.





**(૩૬)** ઓકૈલીએ ઝઈફ સનદ થકી ખાલિદ બિન મઅદાનથી અને તેમણે કઅબથી રિવાયત કરી, ખિઝર બેહરે આ'લા અને બેહરે અસફલની દરમ્યાન એક નૂરાની નહેર પર છે અને દરિયાઈ જાનવરોને હુકમ આપવામાં આવ્યો છે કે તેમની પેરવી કરે અને સવાર તથા સાંજ તેમના પર રૂહો પેશ કરવામાં આવે છે.

**(૩૭)** ઈબ્ને કૈય્યિમ કહે છે કે રૂહોને એકત્ર થવાનો મસ્અલો બહુ જ મહાન છે તેમાં અક્કલનું કામ નથી, તેનું ઈલ્મ તો શરઈ દલીલોથી જ થઈ શકે છે. એક કૌલ એ છે કે તમામ મો'મિનોની રૂહો ભલે તે શહીદ હોય કે ગૈર શહીદ જન્નતમાં છે. હા ! જો તેનાથી કોઈ મોટો ગુનો થઈ જાય જે આ નેઅમતથી મેહરૂમ કરી દે તો તેનું ઠેકાણુ જન્નતમાં નથી રહેતું. જેમ કે કઅબ અને ઉમ્મે હાની વગેરેની હદીષોથી જાહેર છે, અને ખૂદ કુર્આનમાં છે કે :–

فَاَمَّا إِن كَانَ مِنَ الْمُقَرَّبِيْن۔ فُروحٌ وَرَّيحَانٌ وَّجَنَّةُ نَّعِيم۔

''તો જો મરણ પામનાર મુકર્રબીનમાં છે તો અલ્લાહની રહમત અને ફૂલ છે અને નેઅમતવાળી જન્નત.''

બીજી જગ્યાએ છે :–

(અર્થાત) : ''હે મુતમઈન નફ્સ ! તું પોતાના રબ તરફ રાજી ખુશી પરત જા અને મારા બંદાઓમાં સામેલ થા અને મારી જન્નતમાં પ્રવેશી જા.''

અલ્લાહ તઆલાએ રૂહોના જિસ્મથી જુદા થયા બાદ ત્રણ પ્રકાર વર્ણન ફર્માવ્યા છે : (૧) મુકર્રબીન : તેઓ જન્નતમાં છે. (૨) જમણી તરફવાળા : તેઓ અઝાબથી અમનમાં અને સુરક્ષિત રહેશે. (૩) જૂઠલાવવા તથા ગુમરાહ કરવાવાળા : તેમને જહન્નમની દા'વત મળશે અને જહન્નમમાં દાખલ થશે.

વિશેષ કુર્આન મજીદમાં છે, ફિરઔનની કૌમના મો'મિનને કહેવામાં આવ્યું કે, اُدخُلِ الْجَنَّة તું જન્નતમાં પ્રવેશી જા ! તો તેણે કહ્યું કે, يَآلَيتَ قَومِى يَّعلَمُوْنَ હે કાશ ! કે મારી કૌમને આ ઈનામ તથા ઈજ્જતની ખબર પડી જાત. અને અમુક હઝરાત કહે છે કે આ હદીષો શહીદો માટે

ખાસ છે જેમ કે બીજી રિવાયતથી સાબિત છે.

ઈબ્ને હઝ્મ કહે છે કે આ રૂહો તે જ સ્થળે પરત જતી રહેશે જ્યાં તે શરીર સાથે મૃત્યુ પામતાં પહેલાં હતી એટલે આદમ عليه السلامની જમણી બાજુ કે ડાબી બાજુ. આ વાત પર પણ કુર્આનથી દલીલ કાયમ કરવામાં આવી છે જેમ કે, ''અને યાદ કરો કે જ્યારે તમારા રબે બની આદમની પીઠોથી તેમની ઔલાદને કાઢી.'' બીજા સ્થળે છે : وَلَقَدْ خَلَقْنٰكُمْ ثُمَّ صَوَّرْنَاكُمْ ---- الخ ''અને અમે તમને પેદા કર્યા પછી તમને શક્કલ અતા કરી.'' તો જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ સૌ રૂહોને એક સાથે પેદા ફર્માવી. એટલા માટે હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે રૂહોનું લશ્કર છે જે આપસમાં એકબીજાને જાણે છે તેઓ મળી જાય છે, અને જે નથી જાણતી તે જુદી થઈ જાય છે. અને અલ્લાહ તઆલાએ રૂહોથી રબ હોવાનો અહદ લીધો છે અને તેમને ગવાહ બનાવ્યા છે, જ્યારે કે હજી તેમને ઈન્સાની શરીર પણ અર્પણ કરવામાં ન આવ્યું હતું. આ પણ એ વાતની દલીલ છે કે તેમને એકદમ પેદા કરવામાં આવી હતી અને તે બુદ્ધિશાળી હતી. પછી અલ્લાહ તઆલાએ તેમને બરઝખમાં જગા અર્પણ કરી અને શરીરોથી જુદા થયા બાદ ફરી તે બરઝખની જ તરફ કરવામાં આવશે. હવે રૂહો આલમે બરઝખથી ધીરે ધીરે એ શરીરો તરફ આવી જાય છે જે જન્મ આપનારા વજૂદથી પેદા થાય છે. તો જાણવા મળ્યું કે રૂહો જિસ્મ સાથે મળવા પહેલાં પણ ઈલ્મ તથા બુદ્ધિ ધરાવનાર છે. મૃત્યુ બાદ ફરી તેમને બરઝખમાં જ પરત કરી દેવામાં આવશે. જેમ કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ મેઅરાજની રાત્રે રૂહોને આલમે બરઝખમાં નિહાળી. નેકોની રૂહો આદમ عليه السلامની જમણી તરફ અને બુરાઓની રૂહો ડાબી તરફ અને આ સ્થળ શરીરના હિસ્સાની દુનિયાથી હતું. મો'મિન ઊંચાઈ તરફ હતા અને કાફિર નીચાણ તરફ હતા માટે બંને માટે સમાંતરીનો ખયાલ ન કરવામાં આવે, પરંતુ અંબિયા તથા શહીદોની રૂહો જન્નતમાં હોય છે. મુહમ્મદ બિન નસ્ર મરૂઝીએ ઈસ્હાક બિન રાહવિયાથી રિવાયત કરી. આજ આપણો ક઼ૌલ છે અને આના પર અહલે ઈલ્મે ઈત્તેફાક઼ દર્શાવ્યો. અને ઈબ્ને હઝ્મે કહ્યું કે આના પર જ મુસલમાનોના ઈમામોનો ઈજમાઅ છે અને આ અલ્લાહ





તઆલાના ફર્માનના બિલકુલ પ્રમાણે છે. ઈર્શાદ થાય છે કે :–

فَاَصْحَابُ الْمَيْمَنَةِ مَا اَصْحَابُ الْمَيْنَة ط واَصْحَابُ الْمَشْئَمَةِ مَا اصْحَابُ الْمَشْءَ---- ط وَالسّابِقُوْنَ السَّابِقُوْنَ اُوْلٰئِكَ الْمقرَّ فِىْ جَنّٰتِ النّعِيْمِ۔

(અર્થાત) : ''તો જમણી બાજુવાળા ? કેવા જમણી બાજુવાળા ? અને ડાબી બાજુવાળા કેવા ? ડાબી બાજુવાળા જે આગળ વધી ગયા તેઓ તો (ખરેખર) આગળ વધી ગયા તેઓ જ (અલ્લાહના) દરબારમાં નિકટતા ધરાવનારાઓ છે.''

તો فَاَمَّا اِنْ كَانَ مِنَ الْمُقَرَّبِيْنَ --- الخ છેવટ સુધીથી સાબિત થાય છે કે રૂહો અહીંયા રોકાઈ રહેશે અને થોડી થોડી શરીરો તરફ જતી રહેશે, ત્યાં સુધી કે જ્યારે સૌની સંખ્યા પૂરી થઈ જશે તો ક઼યામત કાયમ થઈ જશે અને પછી અલ્લાહ તઆલા તેને ફરીવાર શરીરો તરફ પરત કરશે. અને આ જ 'હયાતે ષાનિયહ' (બીજી જિંદગી) છે. અહીંયા સુધી ઈબ્ને હઝ્મનું કલામ હતું. અને કેટલાક હઝરાત કહે છે કે આ રૂહો પોત પોતાની ક઼બ્રોના કિનારા પર હોય છે. ઈબ્ને અબ્દુબર્રે આ ક઼ૌલને સૌથી વધુ સહી ઠરાવ્યો અને તેની દલીલ ક઼બ્રના સવાલ, ક઼બ્રનો અઝાબ, જન્નત તથા જહન્નમ વગેરેનું ક઼બ્રવાળાઓ પર પેશ કરવામાં આવવું અને ક઼બ્રોની ઝિયારત મુસ્તહબ હોવું અને તેમને સલામ કરવી અને હાજર તથા અક્કલમંદની જેમ તેમને સંબોધવું. આ સર્વ વાતો આના પર દલાલત કરે છે કે રૂહો ક઼બ્રોથી જ મળેલી રહે છે. ઈબ્ને કૈય્યિમે કહ્યું કે જો આ ક઼ૌલથી હેતુ આપનો એ છે કે રૂહો હમેશાં ક઼બ્રોથી જ મળેલી રહે છે તો આ વાત કુર્આન તથા હદીષથી વિરુદ્ધ છે અને ખોટી છે. રહ્યું એ કે (તેમનાં) ઠેકાણાંને પેશ કરવામાં આવવું, તો આ તેના પર સાક્ષી પૂરતુ નથી કે રૂહ ક઼બ્રમાં છે અથવા તેની નજીક છે. બલ્કે આ તો તે સમયે પણ શક્ય છે, જ્યારે કે રૂહનો એક ખાસ પ્રકારનો સંબંધ શરીરથી થઈ જાય, કેમ કે એવું થઈ શકે છે કે રૂહ રફીકે આ'લામાં હોવા છતાં શરીરથી સંબંધિત થઈ શકે છે. જેમ કે જ્યારે સલમાન સલામ કરે છે તો ક઼બ્રવાળો તેના સલામનો જવાબ આપે છે જ્યારે કે તે પોતાના સ્થળ પર રફીકે આ'લામાં રહે છે અને જિબ્રઈલ عليه السلامને નબી عليه السلامએ એવા જોયા કે તેમની છસો પાંખો હતી. જેમાં બે બાઝુઓએ દુનિયાને ઘેરી

લીધી છે. પછી તે (જિબ્રઈલ) આપની એટલા નજીક થઈ ગયા કે તેમણે પોતાના ઘૂટણો હુઝૂર ﷺના ઘૂટણો પર મૂકી દીધા અને પોતાના હાથ તેમની જાંગ પર. અને નિખાલસ મો'મિનોનાં દિલ એ વાત પર ઈમાન ધરાવે છે કે હઝરત જિબ્રઈલ નજીક હોવા છતાં પોતાના જ સ્થળે હતા. અને હદીષ શરીફમાં છે કે જ્યારે મેં નિગાહ ઉઠાવી તો જોયું કે જિબ્રઈલ علیہ السلام આસ્માન તથા જમીન વચ્ચે ઊભા છે, અને કહી રહ્યા છે કે, يَا مُحَمَّد! اَنْتَ رَسُوْلُ للهِ وَاَنَا جِبْرِيْل- "હે મુહમ્મદ ! (ﷺ) આપ અલ્લાહ તઆલાના રસૂલ (ﷺ) છો ! અને હું જિબ્રઈલ છું." હવે હું જે તરફ નિગાહ ઉઠાવતો હતો જિબ્રઈલ જ જિબ્રઈલ દેખાતા હતા. અને આ જ અર્થઘટન અલ્લાહ તઆલાનું આસ્માને દુનિયા (પ્રથમ આસ્માન) પર નૂઝલનો છે અથવા આ જ પ્રકારની અન્ય (દલીલો) નસોનું, કેમ કે અલ્લાહ તઆલા હરકત (હાલવા) તથા બીજી જગ્યાએ જવાથી પાક છે. આ સંદર્ભમાં તે લોકો ગલતી પર છે જે ગાયબ (અલ્લાહ)ને હાજર (દુનિયા) પર ક઼યાસ કરે છે. દા.ત. રૂહને પણ શરીરની જેમ સમજે છે કે જો તે એક જગાએ હશે તો બીજી જગાએ ગાયબ હશે.

નબીએ કરીમ ﷺએ મેઅરાજની રાત્રે મૂસા علیہ السلامને તેમની ક઼બ્રમાં જોયા કે નમાઝ પઢી રહ્યા છે અને પછી છઠ્ઠા આસ્માન પર પણ જોયા. તેનું કારણ એ જ હતું કે આપની રૂહ મિષાલી શરીરમાં ક઼બ્રની અંદર મૌજૂદ હતી અને તેને એક પ્રકારનો શરીરથી મેળાપ હાંસલ છે કે તે નમાઝ પણ અદા કરે અને સલામ કરવાવાળાને જવાબ પણ દઈ શકે અને બંને વાતોમાં કોઈ વિરોધાભાસ નથી.

અનેક હઝરાતે આ મસ્અલાના ખુલાસા માટે સૂર્ય અને તેનાં કિરણોનું ઉદાહરણ દર્શાવ્યું છે. સૂર્ય આસ્માન પર હોય છે અને તેનાં કિરણો જમીન પર, પરંતુ આ ઉદાહરણ કંઈ બંધ બેસતું નથી. કારણ કે કિરણો સૂર્ય માટે સબબ છે, પરંતુ રૂહ તો ખૂદ જમીન પર ઉતરે છે.

એ જ પ્રમાણે હુઝૂરે અકરમ ﷺનું મેઅરાજની રાત્રે અંબિયાને જોવું મિષાલી શરીરો સાથે હતું તથા હદીષોમાં અંબિયાનું ક઼બ્રમાં ઝિંદા થવું તથા નમાઝ પઢવું સાબિત છે. તથા હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે





મારી ક઼બ્રની પાસે દુરૂદ શરીફ પઢયું તો હું તેનું દુરૂદ પોતે સાંભળી લઉં છું અને જે દૂર રહીને દુરૂદ પઢે છે. તેનું દુરૂદ મારી પાસે પહોંચાડવામાં આવે છે.

બયહકીએ શોઅ્બમાં અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે અલ્લાહ તઆલાએ મારી ક઼બ્ર પર એક ફરિશ્તો નિયુક્ત કર્યો છે જે સમગ્ર દુનિયાની સાંભળવાની (શ્રવણ) કુવ્વત ધરાવે છે. ક઼યામત સુધી જેટલા લોકો મારા પર દુરૂદ મોકલશે તે ફરિશ્તો તે દુરૂદને તેમના અને તેમના બાપનાં નામો સાથે મારા સુધી પહોંચાડી દે છે. એક તરફ તો આ હદીષો જે આ વાત પર માર્ગદર્શન આપે છે કે આપની રૂહ ક઼બ્ર મુબારકમાં છે અને બીજી તરફ એ પણ યક઼ીની છે કે આપની રૂહ આ'લા ઈલ્લિય્યીનમાં, રફીકે આ'લામાં છે. તો જણાયું કે રૂહનું જન્નતમાં કે આ'લા ઈલ્લિય્યીનમાં તથા તેની સાથે ક઼બ્રમાં હોવું સલામ સાંભળવું તથા જવાબ આપવો એ વાતોમાં કોઈ વિરુદ્ધતા નથી. આ સર્વ ચીજોમાં જે કાંઈ દૂરી છે તે એટલા માટે છે કે આલમે મુશાહેદાતમાં કોઈ ચીજ નમૂનારૂપે નથી. આ ઈબ્ને કૈય્યિમની ચર્ચા હતી.

એકબીજા સ્થળે આપે ફર્માવ્યું કે રૂહનો સંબંધ શરીર સાથે પાંચ પ્રકારનો છે : (૧) માંના પેટમાં (૨) જન્મ પછી (૩) સૂતેલ સ્થિતિમાં (૪) બરઝખમાં. અહીંયાં એક પ્રકારનો સંબંધ છે. (૫) ક઼યામતના દિવસે તે સંબંધ સંપૂર્ણ સંબંધ હશે. એટલા માટે કે આ સંબંધ પછી શરીર ન ઊંઘને અને ન મૌતને અને ન ફસાદને સ્વીકારે છે. એક બીજા સ્થળે ફર્માવે છે કે રૂહ ખૂબ જ તેજ હલનચલન ધરાવે છે એટલા માટે એક જ પળમાં આસ્માનથી જમીન પર આવીને પોતાના શરીર સાથે મળી જાય છે અને સૂવાવાળાની રૂહનું દષ્ટાંત સમજવું જોઈએ કે સૂવાની સ્થિતિમાં ઈન્સાની રૂહ સાત આસમાનને પાર કરી અલ્લાહના અર્શ નીચે સજદો કરે છે અને પછી થોડીવારમાં પરત આવી જાય છે. પછી ઈબ્ને કૈય્યિમે આ હિકાયત નક઼લ કરી, એક શખ્સે વાદીએ બરહૂતમાં રાતવાસો કર્યો તો તેણે આ અવાજ સાંભળ્યો કે હે દૂમા ! હે દૂમા ! સુફયાન કહે છે કે અમે હજરમીનને પૂછયું તો તેમણે જણાવ્યું કે આ સ્થળે કોઈ શખ્સ રાત્રે સૂઈ નથી શકતો.

**(૩૮)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ કુબૂર'માં અમ્ર બિન સુલેમાનથી રિવાયત કરી. એક યહૂદી જેની પાસે મુસલમાનની અમાનત હતી, મૃત્યુ પામ્યો. યહૂદીનો પુત્ર મુસલમાન હતો તેને ખબર ન પડી કે અમાનત ક્યાં મૂકી છે. તો તેણે શોએબ જબાઈને આવીને જાણ કરી. તેણે કહ્યું, બરહૂતના ઝરણા પર જાવ અને શનિવારના દિવસે ત્યાં પહોંચીને પોતાના બાપથી જે કાંઈ માલૂમ કરવા ઈચ્છો માલૂમ કરી લેજો. જેથી તે શખ્સ બરહૂતના ઝરણા પર આવ્યો અને બે કે ત્રણવાર પોતાના બાપને પોકાર્યો અને કહ્યું કે ફલાણાની અમાનત ક્યાં મૂકી છે ? તો અંદરથી જવાબ આવ્યો કે દરવાજાની ચોખટની નીચે છે. તેની અમાનત દઈ દેશો અને તમે જે દીન પર છો તેના પર કાયમ રહેશો !

ઈબ્ને કૈય્યિમ કહે છે કે આ વાતોને ન યક઼ીની રીતે સહીહ કહી શકાય છે અને ન તેને ખોટી ઠરાવી શકાય છે. સહીહ વાત એ છે કે રૂહો પોતાના દરજ્જાના લેહાઝથી બરઝખમાં વિવિધ સ્થળો પર રહે છે એટલા માટે દલીલોમાં કોઈ વાંધો નથી. કેમ કે જ્યાં મતભેદ છે તે એટલા માટે છે કે તેમાં મર્તબાના ફરકના લેહાઝથી રૂહોના ઠેકાણાની જાણ કરવામાં આવી છે. જેમ કે અંબિયાએ કિરામ عليهم السلامની રૂહો મલાએ આલામાં ઈલ્લિય્યીનમાં છે અને વળી તે પણ મર્તબાનો તફાવત ધરાવે છે જેવું કે હદીષે અસરાથી જાહેર છે. અને કેટલાક લીલા રંગનાં પક્ષીઓનાં પેટોમાં છે અને આ અમુક શહીદોની રૂહો છે, કારણ કે કેટલાક શહીદોને જન્નતમાં પ્રવેશવાથી રોકી દેવામાં આવે છે, કરજ (દેવું) વગેરેના કારણે. દષ્ટાંરૂપે કે અબ્દુલ્લાહ બિન જહશથી મરવી છે કે એક શખ્સ રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની ખિદમતમાં આવ્યો અને પૂછયું કે જો હું અલ્લાહના માર્ગમાં શહીદ થઈ જાઉં તો મને શું બદલો મળશે ? તો આપે ફર્માવ્યું કે જન્નત ! જ્યારે તે જવા લાગ્યો તો આપે ફર્માવ્યું, વિના કરજે કે જિબ્રઈલે મને હમણા જણાવ્યું કે કરજદારને જન્નતમાં જવાથી રોકી દેવામાં આવશે અને કેટલાક જન્નતના દરવાજા પર હશે, જેમ કે ઈબ્ને અબ્બાસની હદીષમાં છે. અને કેટલાક જન્નતમાં પ્રવેશવાથી રોકી દેવામાં આવશે, જેમ કે શમલાની હદીષમાં છે કે તેના પર ક઼બ્રમાં આગ રોશન કરવામાં આવે છે. અને કેટલાક તે છે જેને જમીનમાં જ કેદ કરી લેવામાં આવે છે





અને તેની રૂહ મલાએ આલા (ફરિશ્તાઓ)ની તરફ નથી જતી કારણ કે નીચેની રૂહ છે અને તે આપણી રૂહો પાસે નથી જઈ શકતી. કેમ કે તે શરીરથી જુદી થયા બાદ પોતાના હમ અમલો સાથે મળી જાય છે. કેટલીક રૂહો વ્યભિચારીઓની ભઠ્ઠીમાં હોય છે અને કેટલીક રૂહો લોહીની નહેરમાં હોય છે. તો સર્વ રૂહોનું એક જ ઠેકાણુ નથી પરંતુ પોતાના સ્થળોનાં જુદા હોવા છતાં એક પ્રકારનો સંબંધ પોતાનાં શરીરો સાથે ધરાવે છે જેથી અઝાબ તથા સવાબ હાંસલ કરી શકે. અહીંયા ઈબ્ને કૈય્યિમની ચર્ચા સંપૂર્ણ થઈ.

ઈબ્ને કૈય્યિમનો આ ક઼ૌલ કે રૂહોનો સંબંધ શરીરો સાથે હોય છે એનું સમર્થન ઈમામ અહમદની આ રિવાયતથી થાય છે કે વહબ બિન મુનબ્બાએ કહ્યું, જનાબ ખિરકીલ عليه السلامએ ફર્માવ્યું કે મારી પાસે એક ફરિશ્તો આવ્યો અને તેણે મને એક ઉજ્જડ જમીન પર લઈ જઈને બેસાડી દીધો. ત્યાં દસ હજાર મુડદાંઓ એવા પડયાં હતાં કે તેમનાં અંગે અંગ છૂટાં પડી ગયેલ હતાં. તો મેં તેમને પોકાર્યા, મારા પોકારતાની સાથે જ દરેક અંગ તેનાં જોડથી મળી ગયો, પછી તેમનાં પર માંસ આવી ગયો અને તે માંસ પર ચામડી આવી ગઈ. પછી મને કહેવામાં આવ્યું કે તેમની રૂહોને પોકારો. મેં પોકારી તો દરેક રૂહો પોતાના શરીર તરફ પરત આવી ગઈ. જ્યારે તેઓ બેસી ગયા તો મેં પૂછયું કે આપ લોકો કઈ સ્થિતિમાં હતા ? તેઓએ કહ્યું કે જ્યારે અમે મરી ગયા અને અમારી રૂહો શરીરથી જુદી થઈ ગઈ તો અમારી પાસે એક ફરિશ્તો આવ્યો જેનું નામ મીકાઈલ હતું. તેણે કહ્યું કે તમારા અમલો લાવો અને તેનો બદલો પામો. કારણ કે અમારે ત્યાંનો ક઼ાયદો આ જ તમારાથી અગાઉના લોકોમાં હતો અને આ જ તમારામાં છે, અને આ જ તમારા બાદવાળાઓમાં હશે. તો અમારા આમાલ જોવા પર જણાયું કે અમે મૂર્તિપૂજા કરી, એટલા માટે અમારા પર કીડા મુસલ્લત કરી દેવામાં આવ્યા અને આ રીતે અમારી રૂહને પીડા પહોંચાડવામાં આવી અને રૂહો પર ગમ મુસલ્લત કરવામાં આવ્યો જેના કારણે શરીર પીડા અનુભવી રહ્યું છે. હમણા અમારા પર આ જ અઝાબ થઈ રહ્યો હતો અને આપે અમને પોકાર્યા. કુર્તબી કહે છે કે હદીષોથી જણાય છે કે

ખાસ કરીને શહીદોની રૂહો જ જન્નતમાં છે. અને કઅબ વગેરેની હદીષ પણ આના પર જ આધારિત છે. અને અન્ય લોકોની રૂહો તો કદી તે આસ્માન પર હોય છે ક્યારેક ક઼બ્ર પર. અને આ પણ ક઼ૌલ છે કે તે દર જુમ્આએ હમેશાં પોતાની ક઼બ્રોમાં રહે છે. ઈબ્ને અરબી કહે છે કે બુરૈદાની હદીષથી જણાય છે કે રૂહો ક઼બ્રોમાં સવાબ તથા અઝાબમાં સંકળાયેલ છે.

કુર્તબી કહે છે કે અમુક શહીદોની રૂહો જન્નતની બહાર પણ છે, અને એ એટલા માટે હોય છે કે તેમના પર બંદાઓના હક્કો઼માંથી કોઈ હક્ક઼ રહી જાય છે.

અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સર્વ ગુનાહોથી મોટો ગુનોહ કબીરા ગુનાહો પછી આ છે કે ઈન્સાન કરજદાર મરી જાય અને અદાયગી માટે માલ ન છોડે.

કુર્તબી કહે છે કે અમુક ઉલમા કહે છે કે સર્વ મો'મિનોની રૂહો જન્નતુલ માવામાં છે એટલા માટે તે જન્નતને જન્નતુલ માવા કહે છે. આ જન્નત અર્શની નીચે છે તેના રહેવાસી તેની લિજ્જતો અને હવાઓથી લાભ હાંસલ કરતા રહે છે. કુર્તબી કહે છે કે પ્રથમ વાત જ સહી છે.

હાફિઝ ઈબ્ને હજરે પોતાના ફતાવામાં કહ્યું કે મો'મિનોની રૂહો ઈલ્લિય્યીનમાં છે અને કાફિરોની સિજ્જીનમાં છે અને દરેક રૂહનો શરીર સાથે એક પ્રકારનો સંબંધ છે જે દુનિયવી સંબંધથી વિભિન્ન છે. તેનું દષ્ટાંત સૂવાવાળો છે કે રૂહનો સંબંધ તેના શરીર સાથે બાકી રહે છે બલ્કે ક઼બ્રવાળા સાથે જે સંબંધ છે તે આ સંબંધથી વધુ મજબૂત છે. આ વર્ણનથી સૌ હદીષોના વિરોધાભાસ ઉઠી જાય છે, કે રૂહો ભલે ઈલ્લિય્યીનમાં હોય કે સિજ્જીનમાં કે ક઼બ્રોની પાસે પરંતુ તેમને એ વાતની પરવાનગી છે કે તે પોતાનાં શરીરોથી મળી શકે છે. હવે જો મૈયતને એક ક઼બ્રથી બીજી ક઼બ્રમાં લઈ જવાય કે તેનાં અંગો વિખરાઈ જાય છતાંય આ સંબંધ બાકી રહે છે. રૂહોને ઈલ્લિય્યીનમાં રહેવાનું સમર્થન ઈબ્ને અસાકિરની આ રિવાયતથી થાય છે જે ઈબ્ને અબ્બાસથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત જા'ફરના શહીદ થયા બાદ





ફર્માવ્યું કે આજે રાત્રે મારી પાસે જા'ફર ગુજર્યા, તે ફરિશ્તાઓની એક જમાઅતની પાછળ ઉડી રહ્યા હતા, તેમને બે પાંખો હતી જેનો આગલો ભાગ લોહીથી રંગીન હતો, આ લોકો યમનના શહેર બયશાની તરફ ઉડાન કરી રહ્યા હતા.

**(૩૯)** ઈબ્ને અદીએ હઝરત અલી کرم اللہ وجہہ الکریمથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં જા'ફરને ફરિશ્તાઓની જમાઅતમાં જોઈ લીધા, તે બયશાવાળાઓ પાસે વરસાદની ખુશખબરી લઈને જઈ રહ્યા હતા.

**(૪૦)** હાકિમે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે હુઝૂર ﷺ તશરીફ ફર્મા હતા અને એમની પાસે અસ્મા બિન્ત ઉમૈસ હતાં. આપે અચાનક સલામનો જવાબ આપ્યો અને ફર્માવ્યું, હે અસ્મા ! આ જા'ફર છે, જિબ્રઈલ તથા મિકાઈલની સાથે જઈ રહ્યા હતા તો આપણને સલામ કરી અને મુશ્રિકોની સાથે યુદ્ધનો હાલ જણાવ્યો. તેમણે જણાવ્યું કે હું ફલાણાના દિવસે મુશ્રિકોની સામે થયો તો મારા શરીરમાં તોત્તેર (૭૩) નેઝા તથા તલ્વારના ઘા લાગ્યા. ઝંડો મારા જમણા હાથમાં હતો જ્યારે તે કપાઈ ગયો તો મેં ઝંડો ડાબા હાથમાં લીધો, તે પણ કપાઈ ગયો તો અલ્લાહ તઆલાએ તેના બદલામાં મને બે પાંખો આપી જેથી હું જિબ્રઈલ તથા મીકાઈલની સાથે ઉડ્ડયન કરી શકું અને જન્નતથી જ્યાં ઈચ્છું ઉતરી શકું. જન્નતના ફળોમાંથી જે ઈચ્છું ખાઈ શકું. તો હઝરત અસ્માએ કહ્યું, મુબારકબાદ જા'ફરને ! પરંતુ મને ડર છે કે લોકો આ વાતને સાચી નહીં માને. તો હુઝૂરે અકરમ ﷺએ મિમ્બર પર ચઢીને આ પ્રસંગ વર્ણન કર્યો.

**(૪૧)** કુર્તબીએ કઅબની હદીષમાં કહ્યું કે **نَسمة المؤمن طائرٌ** એ વાત સાબિત થાય છે કે મો'મિનની રૂહ ખૂદ પક્ષી બની જાય છે. એમ નહીં કે તે કોઈ પક્ષીમાં દાખલ થઈ જાય છે. જો કે આ સંદર્ભમાં રિવાયતોના શબ્દો વિવિધ છે. જેમ કે ઈબ્ને માજામાં છે કે, **ارواح الشّهداء عند الله كطيرٍ خُضرٍ** "શહીદોની રૂહ અલ્લાહની નજીક લીલા પક્ષીની જેમ છે." અને ઈબ્ને અબ્બાસની રિવાયતમાં છે :

(અર્થાત) : ''મો'મિનની રૂહો સબ્ઝ પક્ષીઓમાં ફરે છે.'' અને ઈબ્ને ઉમર رضی اللہ عنہની રિવાયતમાં છે કે **فی صور طیر بیضٍ** અને કઅબ رضی اللہ عنہના શબ્દો આ છે કે, ''શહીદોની રૂહો લીલા પક્ષી છે.'' કુર્તબીની દષ્ટિએ એ જે બતાવે છે કે રૂહો ખૂદ પક્ષી બની જાય છે તે એ રિવાયતોથી વધુ દુરુસ્ત છે જેમાં એવું છે કે રૂહો પક્ષીઓનાં પેટોમાં હોય છે.

**(૪૨)** .......કહે છે કે ઉલમાએ **فی اجواف طیور خضرٍ** ની રિવાયતનો ઈન્કાર કર્યો છે, કેમ કે તેનાથી જરૂરી થાય છે તે કેદમાં છે અને તંગીમાં છે. પરંતુ તેનો રદ આ રીતે કરવામાં આવ્યો છે કે આ રિવાયત દુરુસ્ત થઈ શકે છે અને તે આ રીતે કે **فی**ને **عَلیٰ**ના અર્થમાં કરીને તકદીર ઈબારત કરવામાં આવે **عَلیٰ اجواف طیور خضرٍ**અને આ હીલો સહીહ છે. કેમ કે કુર્આનમાં **عَلیٰ**ના અર્થમાં ઉપયોગ થઈ ચૂકેલ છે. જેમ કે, **ولأ صلّبنّکُم فِی جُذُعِ النّخُلِ** એટલે **علی جُذوع النَّخُلِ** અને આ પણ સહીહ છે કે ખૂદ પક્ષીને **جوف** કહી દેવામાં આવે કેમ કે તે **جوف** (પેટ) પર આધારિત છે. આ હીલો અબ્દુલ હક્કે કર્યો. અને અમુક હઝરાત કહે છે કે એ શક્ય છે કે રૂહો પક્ષીઓનાં પેટોમાં હોવા છતાં અલ્લાહ તઆલા પક્ષીઓના પેટોને વાતાવરણથી કેટલીયે અધિક પહોળી ફર્માવી દે.

**(૪૩)** ઈબ્ને દહિયાએ અત્તન્વીર[૧]માં ફર્માવ્યું કે તે રિવાયત જેમાં શબ્દ **فِی** છે મુન્કર છે. કેમ કે એક શરીરમાં બે રૂહો નથી હોઈ શકતી. આ કહેવાવાળાઓ મુતકલ્લિમીન છે, પરંતુ આ તેની વાસ્તવિક્તાથી અજાણતાની નિશાની છે અને અહલે સુન્નત વ જમાઅત પર વાંધો છે. આ હદીષોનો ભાવાર્થ તો બિલકુલ જાહેર છે કે અલ્લાહ તઆલા શહીદની રૂહને જે તેના શરીરના પેટમાં હતી બીજા પેટમાં મૂકી દેશે અને તે જે શરીરનો હશે તે પક્ષીની શક્કલનો હશે અને બરઝખના જમાના સુધી રહેશે, ત્યાં સુધી કે ક઼યામતના દિવસે તેને તેનાં મૂળ શરીરમાં પરત કરી દેવામાં આવશે. અને આ વર્ણન પર કોઈ બદલાવ

*૧. ઈબ્ને દહીયાની આ કિતાબ મીલાદ શરીફની બેહતરીન કિતાબ છે. એનું પૂરું નામ ''અત્તન્વીર ફી મવલુદિલ બશીર'' છે. એની સંપૂર્ણ વિગત ''તારીખ ઈબ્ને કષીર''માં જુઓ.*





નથી કારણ કે અશક્ય તો એ છે કે બે જિંદગીઓ એક જ જૌહર સાથે ક઼ાયમ હોય અને તે જૌહરને તેમનાથી જીવન પ્રાપ્ત હોય. પરંતુ આઝાદ બે રૂહોનું એક શરીરમાં હોવું કાંઈ અશક્ય નથી. આ તો એવું જ છે કે બાળક માંના પેટમાં હોય છે. હવે એક શરીરમાં બે રૂહો નિઃશંક ! છે, પરંતુ  જે રૂહથી માં જીવંત છે તે અલગ છે અને જેનાથી બાળકની જિંદગી તે જુદી છે. હદીષમાં તો **فی اجواف طیور خضرٍ** છે જેનો અર્થ છે કે તે રૂહો પક્ષીઓની શક્કલવાળા જાનવરોના પેટોમાં હશે, જેમ કહે છે કે મેં ફરિશ્તો ઈન્સાનની શક્કલમાં જોયો. આ સંદર્ભમાં અંતિમ ચર્ચા આ હતી.

**(૪૪)** શૈખ ઈઝઝુદ્દીન ઈબ્ને અબ્દુસ્સલામે પોતાની ઉમાલીમાં **وَلَا تَحسبَنَّ الّذِیْنَ قُتِلُوا فِیْ سَبِیْلِ اللّٰهِ ۔۔الخ** (છેવટ સુધી)ના ખુલાસા હેઠળ ફર્માવ્યું કે જો કોઈ શખ્સ એવું કહે કે આ સ્થિતિ તો સર્વ મુડદાંઓની છે, તો તેમાં શહીદોની શું વિશિષ્ટતા થઈ ? તો ઉત્તર એ છે કે સૌની સ્થિતિ સરખી નથી, કારણ કે મૌતનો અર્થ તો છે રૂહનું શરીરથી કાઢવું. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે અલ્લાહ મૌતની ક્ષણે રૂહને સંપૂર્ણપણે લઈ લે છે અને મુજાહિદ શહીદની રૂહ તેના શરીરથી બીજા શરીરની તરફ લઈ જવાય છે. રહી કઅબની હદીષ તો તે મુજાહેદીન પર આધારિત કરવામાં આવશે, કેમ કે રિવાયતોમાં આવે છે કે મુડદા પર ક઼બ્રમાં તેનું ઠેકાણુ પેશ કરવામાં આવે છે ભલે તે જન્નત હોય કે જહન્નમ. પછી ક઼બ્રવાળાઓને સલામ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. તો જો રૂહને પહોંચ ન હોત તો સલામનો શું ફાયદો હોત ?! મતલબ કે શૈખની નજીક પસંદીદા ક઼ૌલ આ જ છે. તો આ રૂહો પક્ષીઓનાં પેટોમાં હોય છે એવું નહીં કે તે પોતે પક્ષી બની જાય છે, તેનું સમર્થન ઈબ્ને ઉમરના ક઼ૌલથી થાય છે જે મૌકૂફ હોવા છતાં મરફૂઅનાં હુકમમાં છે કારણ કે આ એવો મામલો છે જેમાં બુદ્ધિને કોઈ દખલ નથી, પરંતુ મેં આ સંદર્ભમાં એક મરફૂઅ સાક્ષી જોયો છે.

**(૪૫)** હન્નાદ બિન સિર્રીએ કિતાબુઝ્ ઝોહ્દમાં પોતાની સનદ થકી અમુક અહલે ઈલ્મથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે શહીદો ત્રણ પ્રકારના છે. નીચા દરજાવાળો તે શખ્સ છે કે જે દિલના ન

ઈચ્છવા છતાં નીકળ્યો તેની ઈચ્છા ન ક઼તલ કરવાની હતી ન ક઼તલ થવાની કે ઓચિંતુ એક તીર આવીને વાગ્યું તો તેના શરીરનું પહેલું ટીપુ ટપકવાની સાથે જ તેના આગલા પાછલા ગુનાહો માફ થઈ જશે. પછી અલ્લાહ તઆલા એક આસ્માની શરીર ઉતારશે અને તેની રૂહ તે શરીરમાં અમાનત રાખવામાં આવશે. પછી તે શરીર આસ્માન પર ગુજરશે, જે આસ્માન પર પહોંચશે ફરિશ્તાઓ તેનો પીછો કરશે, ત્યાં સુધી કે તે ખુદાએ તઆલાની બારગાહમાં હાજર થઈ જશે અને ત્યાં પહોંચીને સજદામાં પડી જશે. પછી તેને સિત્તેર જન્નતી પોશાક પહેરાવવામાં આવશે. પછી કહેવામાં આવશે કે એને એના જન્નતી ભાઈઓ તરફ લઈ જાવ અને તેમની સાથે એને પણ છોડી દો. જ્યારે આ તેમની પાસે પહોંચશે તો જન્નતના દરવાજા પાસે સર્વ ગુંબદોમાં હશે અને તેમનો ખોરાક જન્નતથી આવી રહ્યો હશે. જ્યારે આ તેમની પાસે પહોંચશે તો તેને બિલકુલ એવી રીતે સવાલો કરશે જેમ કે ઘરે પરત ફરવાવાળા મુસાફરને સવાલો થાય છે. દૃષ્ટાંત રૂપે એવું પૂછશે કે ફલાણો કયા હાલમાં છે ? તો આ જવાબ આપશે કે તે તો ફકીર થઈ ગયો. તો પૂછશે કે તેણે તેના માલનું શું કર્યું ? તે તો ખૂબ બુદ્ધિશાળી વેપારી હતો અને રૂપિયા પૈસા જમા કરવાવાળો હતો ! પછી તે કહેશે કે મુફલિસ આપણી દૃષ્ટિએ તે નથી કે જેની પાસે રૂપિયા પૈસા ન હોય, મુફલિસ તો તે છે જેનું દામન આમાલથી ખાલી હોય. તે પૂછશે કે ફલાણા શખ્સે પોતાની પત્ની સાથે કેવું વર્તન કર્યું ? તે કહેશે કે તેણે તલાક઼ દઈ દીધી. તે પૂછશે કે તેને તો પોતાની પત્નીથી ખૂબ પ્રેમ હતો તો પછી તલાક઼ કેમ દીધી ? પછી પૂછશે, અને ફલાણા શખ્સે શુ કર્યું ? તે કહેશે કે તે તો મારાથી બહુ અગાઉ મૃત્યુ પામી ચૂક્યો છે. તો તે કહેશે કે ખુદાની ક઼સમ ! તે તો અમારી તરફથી નથી ગુજર્યો કેમ કે માર્ગો બે છે, જ્યારે કે કોઈ સારો શખ્સ મૃત્યુ પામે છે તો તે અમારી તરફથી ગુજરે છે. નહીંતર તેને બીજા માર્ગે લઈ જવાય છે.

**(૪૬)** ઈબ્ને મુન્દાએ પોતાની સનદ થકી હય્યાન બિન જબલાથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મને હદીષ પહોંચી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શહીદ જ્યારે શહીદ થાય છે તો તરત જ એક





આસ્માની શરીર ઉતરે છે અને તેની રૂહને કહેવામાં આવે છે કે આમાં દાખલ થઈ જા ! તો તે પોતાના પ્રથમ શરીર તરફ જુએ છે કે તેની સાથે શું થયું અને વાતચીત કરે છે. તે એમ સમજે છે કે લોકો તેની વાત સાંભળી રહ્યા છે અને તે તેમની તરફ જુએ છે અને સમજે છે કે લોકો તેને જોઈ રહ્યા છે, એટલામાં હૂરો આવીને તેને લઈ જાય છે.

**(૪૭)** સાહિબે અફસાહ કહે છે કે નેઅમતવાળી રૂહો વિવિધ હાલતમાં હોય છે. કેટલીક તો જન્નતમાં પક્ષી છે અને કેટલીક સબ્ઝ રંગના પક્ષીઓનાં પેટમાં છે અને કેટલીક અર્શની નીચે કન્દીલોમાં છે અને કેટલીક સફેદ પક્ષીઓનાં પેટોમાં છે અને કેટલીક ચકલીઓનાં પેટોમાં છે અને કેટલીક જન્નતી રોશન શક્કલોવાળા શખ્સોમાં છે અને પોતાના નેક અમલોની શક્કલોમાં છે અને કેટલીક પોતાનાં શરીરોમાં આવતી જતી રહે છે અને કેટલીક મુડદાંઓની રૂહોથી મુલાકાત કરે છે. કેટલીક મીકાઈલ عليه السلامની પરવરિશમાં છે, કેટલીક ઈબ્રાહીમ عليه السلامની પરવરિશમાં છે. કુર્તબી કહે છે કે આ ક઼ૌલ શ્રેષ્ઠ છે કે આનાથી સર્વ હદીષોમાં સરખામણી થઈ જાય છે. હું કહું છું આનું સમર્થન હદીષે અસરાથી પણ છે જેને બયહકીએ દલાઈલમાં અને ઈબ્ને મરદૂયાએ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે પછી હું બીજા આસ્માન પર પહોંચ્યો તો યહ્યા عليه السلام તથા ઈસા عليه السلامથી મુલાકાત કરી. તેમની સાથે તેમની ઉમ્મતના કેટલાક લોકો હતા. ત્રીજા આસ્માન પર યૂસુફ عليه السلامથી મુલાકાત કરી તેમની સાથે તેમની ઉમ્મતના કેટલાક લોકો હતા. ચોથા પર ઈદ્રીસ عليه السلامથી મુલાકાત થઈ તેમની સાથે તેમની ઉમ્મતના કેટલાક અફરાદ હતા. પાંચમાં પર હારૂન عليه السلامથી મુલાકાત થઈ તેમની સાથે તેમની ઉમ્મતના કેટલાક અફરાદ હતા. છટ્ઠા પર મૂસા عليه السلام તથા તેમની ઉમ્મતના કેટલાક લોકો હતા અને સાતમા પર ઈબ્રાહીમ عليه السلام હતા અને તેમની સાથે તેમની ઉમ્મતના કેટલાક લોકો હતા. પછી મને કહેવામાં આવ્યું કે આ આપનો અને આપની ઉમ્મતનો મક઼ામ છે. પછી આપે આયત પઢી કે :–

**"اِنَّ اولی النّاسِ بابر اهِیمَ لَلذیٖنَ تّبَعُوْهُ وَهذا النّبِیّ وَالّذِیْنَ اٰمَنُوْا" નિ:શંક !** ઈબ્રાહીમના અધિક હક્ક઼દાર તે લોકો જેમણે તેમનું અનુસરણ કર્યું અને

નબી તેમજ ઈમાનવાળા.''

મારી ઉમ્મતના બે ભાગ હતા કેટલાક તો કાગળની જેમ સફેદ કપડાં પહેરેલ હતા અને કેટલાક પર માટીનાં કપડાં હતાં. તો હદીષે અરવાહથી સ્થળોનું વિવિધ હોવું જાહેર છે તથા એ કે દરેક આસ્માન પર એક ક઼ૌમ છે.

હકીમ તિર્મિઝી કહે છે, સર્વ રૂહો બરઝખમાં ફરતી રહે છે અને દુનિયાની હાલતોને જુએ છે તથા ફરિશ્તાઓની હાલતોને પણ જુએ છે. કેટલીક રૂહો અર્શની નીચે છે, કેટલીક જન્નતમાં ફરતી રહે છે. બયહકીએ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡہُمَاની હદીષ જે શહીદો સંબંધે છે તેને વર્ણન કરતાં બયાન કર્યું કે બુખારીએ બરાઅ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمના સાહબઝાદા ઈબ્રાહીમનો ઈન્તેકાલ જયારે થયો તો આપે ફર્માવ્યું કે આને જન્નતમાં દૂધ પીવડાવા માટે એક દાયા મળશે. તો આથી જાણવા મળ્યું કે ઈબ્રાહીમ رَضِیَ اللّٰہُ عَنۡہُજે જન્નતુલ બક઼ીઅમાં દફન થયેલ છે તે જન્નતમાં દૂધ પીશે.

**(૪૮)** ઈબ્ને ક઼ૈય્યિમ કહે છે, આ હદીષમાં છે કે રૂહ પક્ષી બનીને જન્નતમાં વૃક્ષ પર બેસી જાય છે અને આ હદીષમાં કે ક઼બ્રમાં મુડદાનું ઠેકાણું પેશ કરવામાં આવે છે. બલ્કે રૂહ જન્નતની નહેરો પર હોય છે અને ફળ ખાય છે. કાંઈ વાંધો નથી, કેમ કે તે જન્નતમાં ક઼યામતથી પહેલાં દાખલ નહીં થશે. આની દલીલ એ છે કે ક઼યામતમાં જે રૂહોનું ઠેકાણુ હશે આજે બરઝખમાં તે તેમને પ્રાપ્ય નથી, જન્નતમાં પ્રવેશ સંપૂર્ણ ઈન્સાનનો થશે અને આ રૂહોનું પ્રવેશવું એક અલગ વાત છે.

**(૪૯)** નસ્ફ઼ીની 'બહરુલ્ કલામ'માં છે કે રૂહો ચાર પ્રકારની છે :–

(૧) અંબિયા عَلَیۡہِمُ السَّلَامની રૂહો કે તેમના શરીરથી નીકળીને, તેમના શરીરનો નમૂનો બની જાય છે. જેમ કે મુશ્ક તથા કાફૂર અને જન્નતમાં જઈને ખાય પીએ છે અને રાત્રે એવી કન્દીલોમાં આરામ કરે છે જે અર્શની નીચે લટકેલ છે.

(૨) ફર્માંબરદાર મો'મિનોની રૂહો. આ જન્નતના આંગણામાં હોય છે પણ ખાતી પીતી નથી પરંતુ જન્નતમાં જુએ છે.




(૩) નાફર્માન મો'મિનોની રૂહ, આ આસ્માન તથા જમીનમાં હવાની અંદર લટકેલ રહે છે.

(૪) કાફિરોની રૂહો, આ સિજ્જીનમાં રહે છે તેમને સાતમી જમીનની નીચે કાળા રંગના પક્ષીઓના પેટોમાં કરી દેવામાં આવે છે. પરંતુ તેમનો એક પ્રકારનો સંબંધ શરીરની સાથે રહે છે જેથી એ તકલીફ઼ તથા અઝાબનો એહસાસ કરી શકે છે. આ સંબંધ એવો જ છે જેમ કે આસ્માન પર સૂર્ય હોય છે, પરંતુ તેની કિરણો જમીન પર હોય છે.

હાફિઝ ઈબ્ને રજબે 'એહવાલે ક઼ુબૂર'માં નવમા પ્રકરણમાં (જ્યાં રૂહોનાં બરઝખી ઠેકાણાનું વર્ણન છે) ફર્માવ્યું કે આમાં કાંઈ શંકા નથી કે અંબિયાની રૂહો અલ્લાહની પાસે આ'લા ઈલ્લિય્યીનમાં છે. એટલા માટે સહીહ બુખારીમાં છે કે હુઝૂર عَلَیۡہِ السَّلَامએ અંતિમ વાત એ જ ફર્માવી કે હે અલ્લાહ ! મને રફ઼ીક઼ે આ'લા અતા ફર્માવજે.

એક શખ્સે ઈબ્ને મસ્ઊદને પૂછયું કે રસૂલુલ્લાહ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمની રૂહ વફાત બાદ ક્યાં ગઈ ? તો આપે ફર્માવ્યું કે જન્નતમાં.

શહીદો વિશે ઘણા ઉલમાનો ક઼ૌલ છે કે તે જન્નતમાં છે અને આ સંદર્ભમાં ઘણી હદીષો આવેલ છે. જેમ કે હઝરત અનસથી મરવી છે કે રસૂલુલ્લાહ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمને સારું સ્વપ્ન ખૂબ સારું લાગતુ હતું. આપ લોકોથી પૂછતા હતા કે શું તમે આજે કોઈ સ્વપ્ન જોયું છે ? જેથી એક દિવસ એક ઔરત હાજર થઈ અને તેણીએ અર્ઝ કરી કે મેં સ્વપ્ન જોયું છે કે હું જન્નતમાં દાખલ થઈ તો ત્યાં મેં એક અવાજ સાંભળ્યો જેનાથી જન્નત કાંપી ઉઠી ત્યાં સુધી કે મારી પાસે બાર શખ્સ આવ્યા. આ પ્રસંગ એ હતો કે આ સ્વપ્ન અગાઉ હુઝૂર صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمએ કાફિર સાથે યુદ્ધ કરવા માટે એક જમાઅત રવાના ફર્માવી. જેથી તે ઔરતો જણાવ્યું કે તે બાર આદમીઓને જન્નતમાં લાવવામાં આવ્યા. તેમના પર અત્સલનાં કપડાં હતા અને તેમનાં ગળાની નસ ફરકી રહી હતી. હુકમ આપવામાં આવ્યો કે તેમને નહેરે બેદખમાં ડૂબાડી દો ! જેથી તેમને ડૂબાડી દીધા. હવે જયારે કાઢવામાં આવ્યા તો તેમનાં ચહેરા ચૌદમીના ચાંદની જેમ ચમકદાર થઈ ગયા. પછી તેમના માટે સોનાની ખુરશીઓ લાવવામાં આવી અને તેના પર તે લોકો બેસી ગયા. પછી સોનેરી તબાખમાં ખજૂરો

પેશ કરવામાં આવી, તેમણે ખાધી અને મેં પણ તેમની સાથે ખાધી. એટલામાં તે જમાઅત તરફથી સંદેશાવાહક આવ્યો અને તેણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ યુદ્ધમાં આ આ મામલા પેશ આવ્યા અને બાર સહાબી શહીદ થયા. પછી આપે ફર્માવ્યું કે તે ઔરતને લાવો ! જ્યારે તેણી આવી તો આપે ફર્માવ્યું કે સ્વપ્ન બયાન કરો તો જ્યારે તે શખ્સે સ્વપ્ન સાંભળ્યું તો કહ્યું કે આ ઔરત સાચુ કહે છે.

હઝરત મુજાહિદથી કહે છે કે શહીદો જન્નતમાં નથી પરંતુ જન્નતનું રિઝક઼ તેમને મળે છે.

**(૫૦)** આદમ બિન અયાસે મુજાહિદ થકી અલ્લાહનું ફર્માન **وَلَا تَحسبَنَّ الَّذِيۡنَ قُتِلُوا فِيۡ سَبِيۡلِ اللّٰهِ ..الخ** છેવટ સુધી.....ની તફસીરમાં રિવાયત કરી કે તેઓ પોતાના રબની પાસે ઝિંદા છે, જન્નતમાં મેવાઓથી તેમને ફળ દેવામાં આવે છે તેમને જન્નતની ખૂશ્બુઓ પહોંચે છે. આ સંદર્ભમાં ઈબ્ને અબ્બાસની હદીષથી દલીલ ક઼ાયમ કરવામાં આવી છે કે, (અર્થાત) : "શહીદો નહેરે બારક઼ના કિનારા પર હશે અને આ નહેર જન્નતના દરવાજા પર આવેલ છે."

પરંતુ એ શક્ય છે કે આ આમ શહીદો વિશે હોય અને ખાસ શહીદો અર્શની નીચે કંદીલોમાં હોય. અને એ પણ શક્ય છે કે અહીંયાં શહીદોથી મુરાદ હક઼ીક઼ી શહીદ ન હોય બલ્કે તે શહીદ હોય જે શહીદના હુકમમાં હોય, જેમ કે પ્લેગથી મૃત્યુ પામનાર અથવા પેટની બીમારીથી મૃત્યુ પામનારા, ડૂબીને મૃત્યુ પામનારા વિગેરે અથવા આમ મો'મિન, કારણ કે સાચા મો'મિનને પણ શહીદ કહી શકાય છે. કેમ કે તેના ઈમાનની સહીહ હોવાની સાક્ષી આપવામાં આવે છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે પ્રત્યેક મો'મિન સિદ્દીક઼ તથા શહીદ છે. લોકોએ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને પૂછયું, હે અબૂ હુરૈરહ્ ! શું કહો છો? તો આપે ફર્માવ્યું કે આ આયત પઢો કે :–

**وَالَّذِيۡنَ اٰمَنُوۡا بِاللّٰهِ وَرُسُلِهٖۤ اُولٰٓئِكَ هُمُ الصِّدِّيۡقُوۡنَ وَالشُّهَدَآءُ عِنۡدَ رَبِّهِمۡ**

"અને તે લોકો જે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા તે જ સિદ્દીક઼ તથા શહીદ છે પોતાના રબની પાસે."





તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ નબી ﷺથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું કે મારી ઉમ્મતના મો'મિન શહીદો છે, પછી રસૂલુલ્લાહ ﷺએ આ જ આયત પઢી. શહીદો સિવાય બાકી મો'મિનો જેમ કે મો'મિનોનાં બાળકો તો જમ્હૂરની દૃષ્ટિએ એઓ જન્નતમાં છે.

ઈમામ અહમદે આ જ ક઼ૌલ પર ઈજમાઅ નકલ કર્યો. આ રીતે ઈમામ શાફઈએ ફર્માવ્યું કે આ ક઼ૌલ પર ઈજમાઅ છે અને આ જ જાહેર રીતે સાબિત છે. અમુક હઝરાત કહે છે કે એમાં શંકા નથી કે મો'મિનોનાં બાળકો જન્નતમાં જશે પરંતુ એ જરૂરી નથી કે કોઈ ખાસ બાળક જન્નતમાં જશે અને ન તેની સાક્ષી દઈ શકાય છે, તેનું કારણ લગભગ એ જ છે કે તે બાળકના ઈમાનની સાક્ષી નથી મળતી કેમ કે તેનું ઈમાન બાપના ઈમાનના તાબે છે અને માં બાપના ઈમાનની પછી ગવાહી નથી દઈ શકાતી તો તેના ઈમાનમાં ઢીલ, તેમનાં માં બાપમાં ઢીલના કારણે છે. ઈમામોમાં આ ક઼ૌલ જાહેર રીતે કોઈના કલામમાં નથી પામ્યો લગભગ આનાથી તેમનો હેતુ મુશ્રિકોનાં બાળકો છે. શહીદોનાં સિવાય અન્ય બુદ્ધિશાળી મો'મિનની રૂહોના વિશે પ્રથમથી જ મતભેદ છે જેથી ઈમામ અહમદે ખુલાસો કર્યો કે મો'મિનોની રૂહો જન્નતમાં છે અને કાફિરોની દોઝખમાં. આ સંદર્ભમાં તેમણે ઘણી હદીષોથી દલીલ કાયમ કરી છે તેમાંથી એક એ છે કે ઈબ્ને અબ્બાસે કઅબને પૂછયું કે ઈલ્લિય્યીન તથા સિજ્જીન શું છે ? તો તેમણે ફર્માવ્યું, ઈલ્લિય્યીન સાતમા આસ્માન પર છે તેમાં મો'મિનોની રૂહો છે અને સિજ્જીન સાતમી જમીન પર શૈતાનના ગાલની નીચે છે તેમાં કાફિરોની રૂહો છે. દલીલોથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે જન્નત સાતમા આસ્માનની ઉપર છે જ્યારે કે જહન્નમ સાત જમીનની નીચે. આ સંદર્ભમાં આ હદીષ પર દલીલ કાયમ કરવામાં આવી છે કે તિબ્રાનીએ જાબિરથી મરવી છે કે નબીએ કરીમ ﷺને હઝરત ખદીજા رضی اللہ عنہاના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે મેં તેમને જન્નતના એક મહેલમાં જોયાં. જેથી તિબ્રાનીમાં મુન્ક઼તઅ સનદ થકી હઝરત ફાતિમાના વિશે રિવાયત કરી કે તેમણે નબીએ કરીમ ﷺને પૂછયું કે અમારી માં કઈ સ્થિતિમાં છે ? તો આપે ફર્માવ્યું કે તે મોતીઓ તથા હીરાઓના ઘરમાં આસિયા

ફિરઔનની પત્ની સાથે છે. તથા અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજા તથા અબૂ દાઊદે અબૂ હુરૈરહ઼થી રિવાયત કરી કે રસૂલલ્લાહ ﷺએ જ્યારે તે અસ્લમી શખ્સને સંગસાર (પથ્થર મારી મારીને હલાક કરવું) કર્યો જેણે ખૂદ ઝિનાનો ઈકરાર કર્યો હતો તો આપે ફર્માવ્યું કે ક઼સમ છે મને તે ઝાતની જેના કબ્જામાં મારો પ્રાણ છે ! તે જન્નતની નહેરોમાં ડૂબકીઓ મારી રહ્યો છે. તદુપરાંત અહમદ, તિર્મિઝી તથા ઈબ્ને માજાએ ષૌબાનની રિવાયત થકી નબીએ કરીમ ﷺથી રિવાયત કરી કે **જે શખ્સ ત્રણ ચીજોથી બચતો રહ્યો તે જન્નતમાં દાખલ થઈ જશે : અભિમાનથી, ખયાનતથી, કરજથી.** અને અમુક લોકો કહે છે કે રૂહો જમીનમાં છે. તેમાંથી અમુકે કહ્યું કે તે ક઼બ્રોના સહેનો (આંગણા)માં હોય છે. જેમ કે વઝ઼ઝ઼ાહ઼ તથા ઈબ્ને હઝમે તેને અસ્હાબે હદીષનો મઝહબ કહ્યો. પરંતુ ઈબ્ને અબ્દુલ બર્રે આ ક઼ૌલને અગ્રિમતા આપી કે શહીદોની રૂહો જન્નતમાં છે અને આમ મો'મિનોની ક઼બ્રોના સહેનોમાં, તે જ્યાં ઈચ્છે છે આવે જાય છે. અને આ સંદર્ભમાં ઘણી હદીષોથી દલીલ ક઼ાયમ કરી છે અને તે હદીષો જેમાં મુડદા પર તેનું ઠેકાણું પેશ કરવામાં આવે છે, એ પ્રમાણે ક઼બ્રો પર સલામ કરવું એ વાતની દલીલ નથી કે સર્વ રૂહો હમેશાં ક઼બ્રમાં જ રહે છે કેમ કે સલામ તો અંબિયા તથા શહીદોની ક઼બ્રો પર પણ થાય છે જ્યારે કે તેમની રૂહો આ'લા ઈલ્લિય્યીનમાં હોય છે. તો તેનું અસલ કારણ એ છે કે જ્યારે કોઈ સલામ કરતું તો રૂહ તરત શરીરથી મળી જાય છે અને મેળાપ એટલી જલ્દીથી થાય છે કે તેની હક઼ીક઼ત અલ્લાહ તઆલા જ જાણે છે અને બસ.

આ મસ્અલા પર તે હદીષોથી રોશની પડે છે, જેમાં વર્ણનીય છે કે સૂવાવાળાની રૂહને અર્શ પર લઈ જવામાં આવે છે, પરંતુ જ્યારે તેને જગાડવામાં આવે છે તો પલક ઝપકતામાં તે શરીર સાથે મળી જાય છે. તો જ્યારે શરીર સાથે મળેલી રૂહોની આ શક્તિ છે તો શરીરથી મુક્ત નિઃશંક ! આ કુવ્વત ધરાવે છે, તે આસ્માન પર જઈ શકે છે અને આ રફતારથી પરત આવી શકે છે. તે એક જમાઅતનું કહેવું છે કે રૂહો જમીનના એક ભાગમાં એકત્ર થાય છે. મો'મિનોની રૂહો જાબિયામાં





અને કાફિરોની રૂહો બરહૂતના કૂવામાં. ક઼ાઝી અબૂ યઅ્લા હંબલીએ આ જ ક઼ૌલને પ્રાધાન્ય આપ્યું છે. ભલે તેમનો ક઼ૌલ ઈમામ અહમદની તસ્રીહની વિરુદ્ધ છે કે કાફિરોની રૂહો આગમાં જતી રહે છે, ખૂબ શક્ય છે કે બરહૂતના કૂવાને જહન્નમના ખાડાથી કાંઈક મેળાપ હોય અને આ રીતે સમાનતા થઈ જશે. અહમદ બિન મુહમ્મદ નીશાપૂરીની કિતાબુલ્ હિકાયાતમાં તેમની સનદ થકી યહ્યા બિન સલીમથી મરવી છે કે તે કહે છે કે મક્કામાં અમારી પાસે એક ખુરાસાની હતો તે લોકોની અમાનતો પોતાની પાસે રાખતો હતો અને પછી અદા કરી દેતો હતો, તો એક શખ્સે તેની પાસે દસ હજાર દીનાર મૂકાવ્યા અને ચાલ્યો ગયો. સંજોગોવસાતની વાત કે ખુરાસાનીની મૌતનો સમય નજીક આવી ગયો તો તેણે પોતાની ઔલાદમાંથી કોઈકને લાયક ન સમજ્યા કે તેની પાસે મૂકાવે જેથી તેણે તે અમાનત ક્યાંક દફન કરી દીધી. હવે તે શખ્સ આવ્યો અને તેણે તેની ઔલાદ પાસે તે અમાનત માંગી તો તેમણે અજ્ઞાનતા દર્શાવી. તેણે આ સંદર્ભમાં ઘણા બધા મક્કાના ઉલમાથી રજૂઆત કરી તો તેમણે જણાવ્યું કે તે શખ્સ જન્નતી છે અને જન્નતી લોકોની રૂહો ઝમ ઝમના કૂવામાં હોય છે, તો જ્યારે ત્રણ ઘડી અથવા મધ્ય રાત ગુજરી જાય તો તમે તે શખ્સને કૂવાના કિનારે ઊભા થઈને પોકારજો તો તમને જવાબ આપશે. જેથી ત્રણ રાતો સુધી જતો રહ્યો જવાબ ન મળ્યો તો તેણે ઉલમાને મામલાની વિગત જણાવી તો તેમણે ફર્માવ્યું કે, إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ એવું લાગે છે કે તમારો સાથી જહન્નમીઓમાં છે, તમે યમનમાં બરહૂતના કૂવા પર જાવ. તેમાં જહન્નમીઓની રૂહો છે, ત્યાં તે જ સમયે જઈને પોકારજો જેમ ઝમઝમ પર પોકારતા હતા. જેથી તેણે માર્ગદર્શન પ્રમાણે પોકાર્યો તો તેણે પ્રથમ જ પોકારમાં જવાબ આપ્યો.

પછી શું થયું તેનું મૂળ કિતાબમાં વર્ણન નથી. (લેખક : મારો ખયાલ છે કે તેણે અમાનતનું સ્થળ બતાવી દીધું હશે.)

**(૫૧)** સફવાન ઈબ્ને અમ્ર કહે છે કે આમીર ઈબ્ને અબ્દુલ્લાહે અબૂ અલીમાનથી પૂછયું કે શું મો'મિનોની રૂહો ક્યાંક ભેગી થાય છે ? તો તેમણે કહ્યું કે મો'મિનોની રૂહો એ જમીન પર ભેગી થાય છે જેના બારામાં

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, اِنَّ الْاَرْضَ يَرِ ثُهَا عِبَادِیَ الصّٰلِحُوْنَ "બેશક ! મારી જમીનના નેક બંદાઓ વારિસ થશે ત્યાં સુધી કે ક઼યામત આવી જશે."

**(૫૨)** ઈબ્ને મુન્દાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે અબ્દુલ્લાહ બિન ઉમરે ઈબ્ને કઅબને પત્ર લખ્યો કે એ જણાવો કે જન્નતવાળા અને જહન્નમવાળાઓની રૂહો ક્યાં મળે છે ? તો તેમણે કહ્યું કે જન્નતવાળાઓની રૂહો જાબયામાં છે અને જહન્નમવાળાઓની હજરમૂતમાં. અને અમુક સહાબાએ ફર્માવ્યું કે રૂહો અલ્લાહની પાસે છે. અને આ હઝરત ઉમરથી સહીહ સનદ થકી મરવી છે.

**(૫૩)** ઈબ્ને મુન્દાએ પોતાની સનદ થકી હુઝૈફાથી રિવાયત કરી કે રૂહો અલ્લાહની પાસે છે અને પોતાના વાયદાના દિવસની આતૂર છે. આ કથનમાં અને અગાઉ વર્ણવેલ કથનોમાં કાંઈ મતભેદ નથી.

અમુક લોકોનું કહેવું છે કે રૂહો પોતાના બાપની જમણી ડાબી મૌજૂદ છે. જેમ કે સહીહૈન (મુસ્લિમ તથા બુખારી)ની હદીષમાં છે કે જ્યારે અમે ઉપર ગયા તો જોયું એક શખ્સ બેઠો છે જેની જમણી બાજુ કેટલીક શ્યામ પેઢી અને ડાબી બાજુ પણ કેટલીક શ્યામ પેઢી છે, જ્યારે તે જમણી બાજુ જએ છે તો હંસે છે અને જ્યારે ડાબુ બાજુ જુએ છે તો રડે છે. જમણી બાજુ જન્નતવાળા હતા.

આ હદીષથી બાહ્યરૂપે જણાય છે કે કાફિરોની રૂહો પણ આસ્માન પર છે પરંતુ એ કુર્આનની વિરુદ્ધ છે ઉપરાંત અમુક હદીષોથી પણ વિપરિત છે. જેમ કે આ હદીષ કે 'આસ્માન કાફિરોની રૂહો માટે નહીં ખોલવામાં આવે.' અમુક હદીષોમાં આ પ્રકારના શબ્દો છે જેનાથી આ વાંધો ખૂદ બ ખૂદ ઉઠી જાય છે. દૃષ્ટાંત એ કે 'આદમ عليه السلام પર જ્યારે મો'મિનની રૂહ પેશ કરવામાં આવતી હતી તો આપ ફર્માવતા હતા કે આ પવિત્ર રૂહ છે. તેને ઈલ્લિય્યીનમાં દાખલ કરી દો અને જ્યારે કાફિરની રૂહ પેશ કરવામાં આવતી હતી તો ફર્માવતા કે નાપાક રૂહ છે તેને સિજ્જીનમાં લઈ જાવ. તો આનાથી જણાયું કે આદમ عليه السلام પર આસ્માનમાં રૂહોને પેશ કરવામાં આવે છે તે રૂહોને રહેવાનું સ્થળ નથી, રહેવાનું સ્થળ તો આદમ عليه السلام નિયુક્ત કરે છે.





ઈબ્ને હઝમનું મંતવ્ય છે કે અલ્લાહ તઆલાએ શરીરોને પેદા કરતા પહેલાં રૂહોને આલમે બરઝખમાં પેદા ફર્માવી દીધી અને આ બરઝખ ત્યાંથી શરૂ થાય છે જ્યાંથી આલમે અનાસિર (દુનિયા) ખતમ થાય છે. પછી જ્યારે શરીરો પેદા થયાં તો આ રૂહો તેમાં દાખલ થવા લાગી અને જ્યારે શરીરો ખતમ થઈ જશે તો એ પોતાના પ્રથમ સ્થળ બરઝખમાં પરત જતી રહેશે. અલ્બત્ત, અંબિયા તથા શોહદાની રૂહોને જન્નતમાં મોકલી દેવામાં આવે છે. આ કથન કોઈ અન્ય મુસ્લિમ ગૃપે નથી કર્યું આ કેવળ મનોબુદ્ધિની વાત છે.

**(૫૪)** અમુક હઝરાતથી મનકૂલ છે કે રૂહો શરીરો સાથે જ મરી જાય છે. આ કથન મોઅતઝિલા (ફિર્ક઼ા) તરફ સંબંધિત છે અને ઉન્દલુસના ફક઼ીહોનો પણ આ જ ક઼ૌલ છે. દૃષ્ટાંત અબ્દુલ્ આ'લા બિન વહબ, સુહેલી, અબૂબક્ર બિન અરબી. પરંતુ ઉલમાએ આ ક઼ૌલનો અતિ સખ્તીથી રદ કર્યો ત્યાં સુધી કે સહનૂન વિગેરએ કહ્યું કે આ બિદઅતીઓનો ક઼ૌલ છે. બીજુ કે તે ખુલ્લમ ખુલ્લી હદીષો તથા નસો (કુર્આની આયતો) જેમાં રૂહો બાકી રહેવાનું વર્ણન છે, તેના રદ માટે કાફી છે. શહીદો તથા અન્ય મો'મિનોની જિંદગીમાં તફાવત એ છે કે શહીદોની રૂહો માટે પક્ષીઓનાં શરીરો પેદા કરી દેવામાં આવે છે જેના પેટોમાં રહીને તેઓ સંપૂર્ણપણે લિજ્જતો હાંસલ કરે છે અને માત્ર રૂહોનું લિજ્જત હાંસલ કરવું શરીરમાં રૂહોનું લિજ્જત પામવું અધિક હોય છે. તેનું કારણ એ છે કે શહીદોએ પોતાના શરીરોને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી દીધાં તો તેમને તેના બદલે અહીંયાં આ શરીરો આપવામાં આવ્યાં. બીજી વાત એ કે શહીદોને જન્નતનું રિઝ્ક આપવામાં આવે છે, આ વાતો અન્ય મો'મિનો માટે સાબિત નથી.

હવે રહી તે રિવાયત જે ઈબ્ને સનીએ ઈબ્ને મસઊદથી વર્ણન કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم જ્યારે ક઼બ્રસ્તાનમાં પ્રવેશતા તો ફર્માવતા કે :–

**اسَّلام عَلَيْكم ايّهاالا رواح الفانيه والابدان الباليه والعظام النحزه التى خزجت من الدُّنيا و هى بالله مومنه اللّٰهمّ ادخل عليهم روحامنك وسلامًا منّا**

"હે ફાની (ફના થવાવાળી) રૂહો ! અને કીડા પડેલ શરીરો અને વેરવિખેર હાડકાંઓ ! જે દુનિયાથી ઈમાનની હાલતમાં ગઈ છે તમારા

પર સલામ. હે અલ્લાહ ! તું તેઓના પર પોતાની રહમતને દાખલ ફર્માવ અને અમારા સલામ તેઓને પહોંચાડ.''

તો આ (રિવાયત) ઝઈફ છે અને વળી એમાં આ તાવીલ (અર્થઘટન) થઈ શકે છે કે ફનાનો અર્થ શરીરથી ગાયબ થઈ જવું છે.

**(૫૫) ફાયદો** : ઈબ્ને કૈ઼ય્યિમ કહે છે કે નફ઼્સના ચાર દૌર (જમાના) છે. દરેક બીજો જમાનો પ્રથમ જમાનાથી વધીને છે : (૧) માંના પેટમાં, આ કેદ, ગમ અને અંધકારનો જમાનો છે. (૨) આ દુનિયાનો જમાનો છે. જેમાં નફ઼્સ અથવા જેનાથી નફ઼્સે મહોબ્બત કરી તથા ભલાઈ અને બુરાઈ પ્રાપ્ત કરી. (૩) બરઝખ આ ઘણો વિશાળ તથા પહોળો છે અને તેનો સંબંધ દુનિયા સાથે એ જ છે જે દુનિયાને માંના પેટ સાથે હતો. (૪) દારુલ ક઼રાર (જન્નત અથવા દોઝખ) ત્યાર બાદ ન કોઈ દૌર છે ન દાર (ઘર) છે. નફ઼્સના એહકામ પ્રત્યેક દૌરની નિસ્બત બદલાતા રહે છે. જેથી આ અનુસંધાનમાં એ હદીષથી રોશની મળે છે જે ઈબ્ને અબી દુન્યા વિગેરએ રિવાયત કરી કે મો'મિનની સ્થિતિ દુનિયામાં એવી છે જેવી માંના પેટનું શીશુની પોતાની માંના પેટમાં. જ્યારે તે પોતાની માંના પેટથી નીકળે છે તો રડે છે પરંતુ જ્યારે રોશનીને જુએ છે તો એટલો ખુશ થઈ જાય છે કે દુનિયાથી જવા માટે રાજી નથી થતું. અને જ્યારે દુનિયાથી વિદાય થઈને આખેરતના ઘરમાં પહોંચે છે તો ત્યાંથી પરત આવવું નથી ચાહતું જેમ કે પેટનું બાળક પોતાની માંના પેટમાં પરત જવા નથી ચાહતું.

**(૫૬)** ઈબ્ને કૈ઼ય્યિમે આ પણ વર્ણન કર્યું કે એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો તો રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ શખ્સ દુનિયાથી વિદાય થયો તો જો તેનાથી અલ્લાહ રાજી હશે તો આ દુનિયા તરફ પલટવું પસંદ નહીં કરે જેમ કે તમારામાંથી કોઈ પોતાની માંના પેટમાં પરત ફરવા નહીં ચાહતું.

**(૫૭)** હકીમ તિર્મિઝીએ નવાદિરમાં અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દુનિયાથી વિદાય થવાનું દષ્ટાંત એવું છે જેવું કે કોઈ શખ્સ પોતાની માંના પેટથી નિવૃત્ત થઈને દુનિયાના ઝગમગાટ અને વિશાળતાઓમાં આવી જાય.





**(૫૮)** યાફઈએ કિફાયતુલ્ મોઅ્તક઼દમાં શૈખ ઉમર બિન ફારિઝથી રિવાયત કરી કે એક વલીનો જનાઝો આવ્યો. જ્યારે અમે તેના પર નમાઝ પઢી લીધી તો સમગ્ર આસ્માન લીલાં પક્ષીઓથી ભરાઈ ગયું અને એક મોટુ પક્ષી આવ્યું અને તેને ગળી ગયું. મને આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું તો મેં એક શખ્સને જણાવ્યું (આ શખ્સ હવામાંથી આવીને નમાઝમાં શરીક થયો હતો) કે આપ આશ્ચર્ય ન કરો કારણ કે શહીદોની રૂહો લીલાં પક્ષીઓનાં પેટોમાં હોય છે અને જન્નતમાં ખાય પીએ છે, આ તલ્વારના શહીદોની સ્થિતિ છે પરંતુ મહોબ્બતના શહીદોનું શરીર પણ રૂહ બની જાય છે.

આ જ પ્રમાણે પ્રસંગ છે જે ઈબ્ને અબી દુનિયાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે બની ઈસ્રાઈલનો એક શખ્સ પહાડની બખોલમાં રહેતો થઈ ગયો. તે જમાનાના લોકો જ્યારે કદી દુષ્કાળ પડતો હતો તો તેઓ તેના વસીલાથી દુઆ કરતા હતા તો અલ્લાહ તઆલા તેઓને તૃપ્ત કરી દેતો હતો. જ્યારે તેનો ઈન્તેકાલ થઈ ગયો તો લોકો તેના કફનની તૈયારીમાં વ્યસ્ત હતા. હજી તેઓ તૈયારી જ કરી રહ્યા હતા કે એક તખ્ત રફરફનો આસ્માનથી આવ્યો અને એક શખ્સે તેને ઉઠાવીને તે તખ્ત પર રાખી દીધો અને જોતજોતામાં તખ્ત દષ્ટિથી ગાયબ થઈ ગયો. તેનું સમર્થન બયહકી તથા અબૂ નુઐમની હદીષથી થાય છે કે આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ બીરે મઊનાના પ્રસંગમાં શહીદ થઈ ગયા અને અમ્ર બિન ઉમય્યા ઝમરીને કેદ કરી લેવામાં આવ્યા. આમિર બિન તુફૈલે તેમને કહ્યું કે શું આપ પોતાના સાથીઓને ઓળખી શકો છો ? તેમણે કહ્યું કે હા ! જેથી આપ શહીદોને જોવા ચાલી નીકળ્યા. આમિર બિન તુફૈલ આપનાથી તેમના નસબ (ખાનદાન) વિશે પૂછતો રહ્યો. પછી તેણે પૂછયું કે શું આપ પોતાના સાથીઓમાંથી કોઈને ઓછું પામો છો ? તેમણે કહ્યું કે હા ! અબૂબક્રના ગુલામ આમિર બિન ફૂહૈરા લાપતા છે. તેણે પૂછયું કે તેમની તમારા દરમ્યાન શું હૈસિયત હતી ? તેમણે કહ્યું કે તે અમારા દરમ્યાન સર્વ શ્રેષ્ઠ હતા. તો આમિર બોલ્યો કે હું આપને તેમનો વાકેઓ જણાવું છું. તેમણે તે શખ્સને પોતાના નેઝાથી માર્યો અને મારીને પોતાનો નેઝો ખેંચી લીધો. જેવો નેઝો કાઢયો તે

આસ્માન તરફ બુલંદ થઈ ગાયબ થઈ ગયા તેમને કતલ કરવાવાળો શખ્સ જબ્બાર બિન સલમી હતો. પછી તે ઝિહ્હાક બિન સુફયાનની પાસે આવ્યો અને ઈસ્લામથી મુશર્રફ થઈ કહેવા લાગ્યો કે મારા ઈસ્લામનો સબબ આમિર બિન ફુહૈરાની શહાદતનો પ્રસંગ છે. જેથી ઝિહ્હાકે જબ્બારમાં ઈસ્લામ લાવવાનો આખો પ્રસંગ રસૂલુલ્લાહ ﷺને લખીને મોકલ્યો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ફરિશ્તાઓએ તેમને છુપાવી લીધા અને જન્નતમાં દાખલ કરી દીધા. તેને બુખારીમાં પણ વર્ણન કરવામાં આવ્યો. એક રિવાયતમાં છે કે પછી તેમને દુનિયામાં પરત મોકલવામાં આવ્યા. રિવાયતોથી માલૂમ થાય છે કે તેમના શરીરને ફરિશ્તાઓએ છુપાવી લીધું, જેથી અહમદ તથા અબૂ નુઐમ તથા બયહકીએ અમ્ર બિન જમરા رضی اللہ عنہથી જે રિવાયત કરી છે તેનાથી તેનું સમર્થન થાય છે. અમ્ર બિન જમરા رضی اللہ عنہ ફર્માવે છે કે મને હુઝૂરે અકરમ ﷺએ ખુબૈબના શરીરને સૂલી (ફાંસી) પરથી ઉતારવા માટે મોકલ્યો, જેથી તે ફર્માવે છે કે હું ડરતાં ડરતાં ખુબૈબના શરીર સુધી પહોંચ્યો અને સૂલી પરથી તેમને ખોલી દીધા. જેવા તે જમીન પર પડયા તેમનું શરીર જમીનમાં દાખલ થઈ ગયું અને હું થોડીવાર રોકાયો પરંતુ જમીન તેમને ગળી ચૂકી હતી.

હવે બે જ સૂરતો છે અથવા તો તે જમીનમાં ચાલ્યા ગયા અથવા તો આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. જેમ કે અબૂ નુઐમનું મંતવ્ય છે. જેથી જ્યાં તેમણે નબીએ કરીમ ﷺના મો'જિઝાઓ તથા અન્ય અંબિયા علیہم السلامના મો'જિઝાઓની ઉપમા કરી છે ત્યાં તેમણે વર્ણન કર્યું છે કે જો ઈસા علیہ السلامને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા તો હુઝૂરે અકરમ ﷺના કેટલાક ગુલામોને ઉઠાવી લેવામાં આવ્યા. પછી તેમણે આમિર બિન ફુહૈરા, ખુબૈબ બિન અદી તથા અલા બિન હઝરમીના પ્રસંગે વર્ણન કર્યા. આસ્માન પર ઉઠાવી લેવામાં આવવાના પ્રસંગોનું સમર્થનમાં નિસાઈ, બયહકી, તિબ્રાની વગેરેની જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે તલ્હાએ કહ્યું કે ઓહદમાં મારી આંગળીઓ કપાઈ ગઈ તો મેં કહ્યું સારું થયું. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જો તમે 'બિસ્મિલ્લાહ' કહી દેતા તો તમને ફરિશ્તાઓ ઉઠાવીને આસ્માનમાં





દાખલ કરી દેતા અને લોકો જોતા રહી જતા. આ જ આસ્માનમાં ઉઠાવી લેવાના સંબંધે ઈબ્ને અસાકિરની રિવાયત વર્ણન કરી દેવામાં આવે તો નિરર્થક નથી કે ઉવૈસ કરનીને કોઈ સફરમાં પેટની બીમારી થઈ અને તે વફાત પામી ગયા. જ્યારે તેમના સામાનમાં જોયું તો તેમાં બે કપડાં હતાં જે દુનિયાનાં કપડાંના પ્રકારનાં ન હતાં. બે આદમી છોડીને કૃબ્ર ખોદવા માટે ગયા પરંતુ તરત જ પરત આવ્યા અને કહ્યું કે એક કૃબ્ર ખોદેલી મળી ગઈ છે જેથી લોકોએ તેમને કફન આપીને દફન કરી દીધા. થોડીવાર પછી જ્યારે લોકોએ જોયું તો ત્યાં કાંઈ પણ ન હતું. ઈમામ અહમદે એને 'ઝોહદ'માં રિવાયત કરી.

પક્ષીઓના કિસ્સાથી મળતો આવતો આ કિસ્સો છે જેને ઈબ્ને અસાકિરે અબૂબક્ર બિન દિયાનથી રિવાયત કરી. તે કહે છે કે એક દિવસ હું મિસ્રમાં ગલ્લાના હમામ પાસે ઊભો હતો એટલામાં ઝુન્નૂન رحمۃ اللہ علیہના જનાઝાને લાવવામાં આવ્યો તો મેં જોયું કે લીલાં પક્ષી તેમના પર ગોળ ગોળ ઉડી રહ્યાં છે. ત્યાં સુધી કે તેમને કૃબ્રમાં લઈ જઈને દફન કરવામાં આવ્યા, તો તે પક્ષી ગાયબ થઈ ગયાં.

"કિતાબુસ્સીરુલ મસૂન ફિમા અકરમ બિહિલ મુખ્લિસૂન" જે તાહિર બિન મુહમ્મદની લખેલ છે. તેમણે સલામા કુનાનીની હાલતોમાં લખ્યું કે તેમણે પોતાની વફાતનું વર્ષ, દિવસ તથા સમય સુધીની ખબર આપી દીધી અને તે તે જ નિયુક્ત સમયે ઈન્તેકાલ કરી ગયા. અને તેમના જનાઝા પર સફેદ પક્ષી ગોળ ગોળ ઉડવા લાગ્યાં, એટલે સુધી કે તેમની સાથે તેમની કૃબ્રમાં દાખલ થયાં. આ રિવાયતોથી જણાય છે કે આ પ્રકારની કરામતો સાલેહીનની કૃબ્રો પર તથા તેમના જનાઝા પર કોઈ નવીન વાત નથી બલ્કે આ વાત હમેશાંથી ચાલી આવી રહી છે.

માલિક બિન અલી કૃલાનસીના વર્ણનમાં છે કે જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો અને તેમને તખ્ત પર રાખવામાં આવ્યા જેથી તેમની નમાઝ અદા કરવામાં આવે તો દષ્ટિના અંત સુધી જંગલો, પહાડો વગેરે એવા લોકોથી ભરપુર થઈ ગયાં જે અતિ સફેદ કપડાં પેહરેલ હતા, તેમણે પણ તેમની નમાઝે જનાઝા અદા કરી.

**(૫૯)** અબૂ ખાલિદથી મરવી છે કે જ્યારે અમ્ર બિન કૈસનો ઈન્તેકાલ

થયો તો જંગલને ઈન્સાનોથી ભરપુર જોવામાં આવ્યું. આ લોકો સફેદ લિબાસ પહેરેલ હતા. જ્યારે તેમની જનાઝાની નમાઝ થઈ ગઈ તો તે સૌ ગાયબ થઈ ગયા.

**(૬૦)** ઈબ્ને જૌઝીએ કિતાબ ઉયૂનુલ્ હિકાયાતમાં પોતાની સનદ થકી અબ્દુલ્લાહ બિન મુબારકથી રિવાયત કરી, તે ફર્માવે છે કે એક દિવસ હું કબ્રસ્તાનમાં હતો કે મેં એક ઉદાસ ઈન્સાનનો અવાજ સાંભળ્યો જે પોતાના રબને પોકારી રહ્યો હતો કે, "હે મારા મૌલા ! તારા બંદાની રૂહનો નિર્ણય તારા તરફ છે અને તેની જિંદગી તારા હાથમાં છે અને તેનો શોખ તારા તરફ (આવવાનો) છે. રાત્રિભર તારો બંદો જાગતો રહે છે અને દિવસભર ઉદાસ તથા બેચેન, તેના આંતરડા સળગી રહ્યાં છે અને અશ્રુ થોભ્યા વિના વહી રહ્યાં છે, તે તારા દીદારનો મુશ્તાક છે, તારા વિના તેને કંઈ સુકૂન નથી અને તારા સિવાય તેને કોઈ આશા નથી. પછી તે માથુ આસ્માન તરફ ઉઠાવીને રડવા લાગ્યો અને ચીસ પાડી. મેં તેને હલાવીને જોયો પરંતુ અફસોસ ! કે તે તો મૃત્યુ પામી ચૂક્યો હતો. હજુ હું તેની રક્ષા કરી રહ્યો હતો કે એકાએક કેટલાક લોકો ઉપસ્થિત થયા તેમણે તેને ગુસ્લ આપ્યું, કફન દીધું અને પછી જનાઝાની નમાઝ પઢી તેને દફનાવી દીધો, પછી તે હઝરાત આસ્માન તરફ ચાલ્યા ગયા.

**(૬૧)** ઈબ્ને જૌઝીએ પોતાની સનદ થકી હસન બસરી رحمۃ اللہ علیہથી રિવાયત કરી, તે ફર્માવે છે કે એક સવારે હું એક (પહાડની) ગુફા પર પહોંચ્યો, જોયું તો એક નવયુવાન ઈબાદતમાં વ્યસ્ત છે. એક પશુ ગુફાના મુખદ્વારે ચોકીદારી કરી રહ્યો છે. મેં કહ્યું, હે યુવાન ! તું આ પ્રાણીથી નથી ડરતો ? તો તેણે જવાબ આપ્યો કે હે શખ્સ ! કેટલું સારું હોત કે તું આના બદલે તેના ખાલિક (પેદા કરનાર)થી ડરતો. પછી તે (યુવાન) તે પ્રાણી તરફ ધ્યાનિત થયો અને કહ્યું કે તું અલ્લાહના કૂતરાઓમાંથી એક કૂતરો છે, જો અલ્લાહે રિઝ્ક વિશે કંઈ હુકમ આપ્યો છે તો હું તને રોકતો નથી, નહીંતર તું ચાલ્યો જા ! તો તે પૂછડી દબાવીને નાસી ગયો. પછી તે નવયુવાને ચીસ પાડીને કહ્યું, હે મારા મૌલા ! હું તારી ઈજ્જતનો વાસ્તો દઈને તારાથી સવાલ કરું છું કે જો મારા માટે તારી પાસે ભલાઈ





છે તો મને પોતાની પાસે બોલાવી લે. હજી તે વાક્ય પણ પૂરું ન કરવા પામ્યો હતો કે તેની રૂહ ઉડ્ડયન કરી ગઈ. મેં પોતાનાં નેક દોસ્તોને એકત્ર કર્યા જેથી તેની કફન દફનની તૈયારી કરવામાં આવે. જ્યારે અમે ગુફાની પાસે પહોંચ્યા તો તેમાં કોઈ ન હતું ! અલ્બત્ત એક ગેબી અવાજ આવી રહ્યો હતો કે, "હે અબૂ સઈદ ! લોકોને પરત કરો ! કારણ કે નવ યુવાનને ઉઠાવીને લઈ જવામાં આવી ચૂક્યો છે."

**(૬૨) ફાયદો** : અબૂ સઈદે 'શરફુલ્ મુસ્તફા'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે હસન બેઠેલ હતા અને તેમની આસપાસ અન્ય લોકો હતા કે અચાનક એક શખ્સ આવ્યો જેની આંખો લીલી હતી. તો હસને પૂછયું કે શું તમે પેદાઈશથી જ આવા છો કે આ કોઈ બીમારી છે ? તો તેણે કહ્યું, હે અબૂ સઈદ ! શું તમે મને નથી ઓળખતા ? તેમણે કહ્યું કે આપ પોતાનો પરિચય કરાવો. જ્યારે તેણે પોતાનો પરિચય કરાવ્યો તો હાજરજનોમાંથી સર્વેએ તેમને ઓળખી લીધા. લોકોએ કહ્યું કે તમારો બનાવ શું છે ? તેણે જણાવ્યું કે એક દિવસ મેં પોતાનો સર્વ માલ એકઠો કરીને એક નૌકા પર લાદી દીધો અને યમન તરફ રવાના થયો. એટલામાં તેજ હવાનું તોફાન ચાલ્યું અને નૌકા ડૂબી ગઈ. હું એક તખ્તા પર બેસીને કોઈ કિનારા પર પહોંચી ગયો અને મારી પાસે ખાવા માટે સિવાય પાંદડા અને ઘાસ સિવાય કાંઈ ન હતું. આવી રીતે ચાર મહીના વીતી ગયા. મેં કહ્યું ભલે ! કંઈ પણ થાય પણ હું પોતાની મુસાફરી ચાલુ રાખીશ, ભલે મરી જાઉં કે ઝિંદા બચું. થોડીવાર પછી એક મહેલ પર પહોંચ્યો કે જે ચાંદીનો બનેલો હતો. મેં તેના દરવાજા ખોલ્યા અને અંદર દાખલ થયો તો જોયું કે તેના પ્રત્યેક ખાનામાં એક મોતીઓની પેટી મૂકી છે અને તે ખાનામાં તાળાં લગાડેલ છે પરંતુ દરેકની ચાવી સામે જ છે. હવે જ્યારે મેં ખાનાં ખોલીને તેમાં મૂકેલી પેટીઓને જોઈ તો તેમાંથી અદ્ભૂત સુગંધ મહેકવા લાગી અને દરેક પેટીમાં કેટલાક લોકો રેશમી કપડામાં લપેટેલા હતા. મેં તેમાંથી અમુકને હલાવીને જોયા તો તે મૃત હતા કે જાહેરમાં જીવંત જણાતા હતા. હું પેટીને યથાવત મૂકીને મહેલનો દરવાજો બંધ કરીને ચાલવા માંડયો. હજી થોડાક જ દૂર જવા પામ્યો હતો કે મને બે અતિ સૌંદર્યવાન ઘોડે સવાર (જેના ચાર

પગ અને માથાનો ભાગ સફેદ હતો) પર સવાર દેખાયા. તેમણે મને મારો પ્રસંગ પૂછયો તો મેં તેમને બતાવ્યો. તેમણે મને કહ્યું કે ચાલતા રહો આગળ તમને એક ઝાડ મળશે જેની નીચે એક બાગ હશે તેમાં એક ખૂબસૂરત બુઝુર્ગ નમાઝમાં વ્યસ્ત મળશે તેમને પોતાનો પ્રસંગ કહી સંભળાવજો, તે તેમને માર્ગ બતાવશે. હું બુઝુર્ગ પાસે પહોંચ્યો અને તેમને સલામ કરી અને પોતાનો મહેલવાળો કિસ્સો તેમને વર્ણન કર્યો. તે સાંભળીને ગભરાઈ ગયા અને મને પૂછવા લાગ્યા કે તમે ત્યાં શું કર્યું ? મેં કહ્યું કે તાબૂતોને પહેલાની જેમ બંધ કરીને અને મહેલનો દરવાજો બંધ કરીને આવ્યો છું. ત્યારે તેમણે શાંતિનો □ાસ લીધો અને મને કહ્યું કે બેસી જાવ ! હું બેસી ગયો. થોડી વાર પછી એક વાદળ પસાર થયું અને તેણે કહ્યું કે હે અલ્લાહના વલી ! તમને અલ્લાહના સલામ ! તે બુઝુર્ગે કહ્યું, હે વાદળ ! તું ક્યાં જઈ રહ્યું છે ? તેણે જવાબ આપ્યો કે ફલાણી જગ્યાએ જઈ રહ્યું છું. ત્યાં સુધી કે એક પછી બીજુ ઘણાં વાદળ આવ્યાં અને હાજર થઈને સલામ અર્ઝ કરી ત્યાં સુધી કે એક વાદળ આવ્યું અને તેણે સલામ કરી. તેમણે પૂછયું કે તું ક્યાં જઈ રહ્યું છે ? તેણે કહ્યું, બસરા જઈ રહ્યું છું. તેમણે ફર્માવ્યું કે ઉતરી જા ! તે ઉતરીને તેમની સમક્ષ ઊભુ થઈ ગયું. તેમણે ફર્માવ્યું કે આ શખ્સને લઈને બસરામાં તેના ઘરે પહોંચાડી દે. જ્યારે હું વાદળની પીઠ પર બેસી ગયો તો મેં તેમને પૂછયું કે હું તમને ખુદાની ક઼સમ દઈને પૂછું છું કે તમે મને તે મહેલની સ્થિતિ બતાવો ! અને બે ઘોડે સવારની જે મને રસ્તામાં મળ્યા હતા. તો તેમણે ફર્માવ્યું કે આ મહેલ સમંદરી શહીદોનાં માટે ખાસ છે કેટલાક ફરિશ્તાઓને સુપરત આ કામ છે કે તેઓ શહીદોને ઉઠાવી લાવે છે અને રેશમી કફન દઈને તે તાબૂતમાં બંધ કરી દે છે, અને તે બંને સવાર અલ્લાહ તઆલા તરફથી આ કાર્ય પર લાગેલ છે કે સવાર સાંજ તેમના પર અલ્લાહના સલામ પેશ કરે છે. અને આ વિગત સંભળાવી તે શખ્સે કહ્યું કે રહ્યો મારો મામલો તો હું ખિઝર છું, મેં રબથી દુઆ કરી કે તે મારો હશ્ર તમારા નબીની ઉમ્મત સાથે કરે. આ શખ્સે કહ્યું કે જ્યારે વાદળ પર બેઠો તો મારા પર સખત ડર બેઠો ત્યાં સુધી કે મારો આ હાલ થઈ ગયો. આ પ્રસંગને અલ્લામા ઈબ્ને હજરે





પોતાની કિતાબ اصَابَه فی مَعرفة الصَّحَابَة માં વર્ણન કર્યો હઝરત ખિઝર علیہ السلام ના વાકેઆમાં છે.

## ★ મૈયત પર દરરોજ તેનું ઠેકાણું પેશ કરવામાં આવવું ★

અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે તે સવાર તથા સાંજ તેની પાસે લાવવામાં આવે છે.

**(૧)** ઈબ્ને અબી શૈબાએ હઝીલથી રિવાયત કરી કે ફિરઔનની ક઼ૌમની રૂહો કાળા પક્ષીઓનાં પેટોમાં સવાર તથા સાંજ આગ પર પેશ કરવામાં આવે છે. લાલકાઈ અને ઈસ્માઈલી તથા ઈબ્ને અબી હાતિમે પણ આ જ રિવાયત કરી.

**(૨)** શૈખેને ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ મૃત્યુ પામે છે તો તેનું મૂળ ઠેકાણું સવાર તથા સાંજ ક઼યામત સુધી પેશ કરવામાં આવે છે. જો તે જન્નતવાળાઓથી છે તો જન્નત, અને જો જહન્નમીઓથી છે તો જહન્નમ. કુર્તબી કહે છે કે જન્નત તેને દેખાડવામાં આવશે જેને બિલકુલ અઝાબ નહીં થશે. અને જેને અઝાબ થશે તે જન્નત તથા બંનેને નિહાળશે. અથવા તો એક સમયમાં હોય અથવા તો બે સમયોના પછી આ પેશ કરવામાં આવવું અથવા તો માત્ર રૂહ પર હશે અથવા રૂહ પર અને શરીરના અમુક ભાગ પર અથવા તો શરીર સાથે રૂહ પર.

**(૩)** હન્નાદે 'ઝોહદ'માં પોતાની સનદ થકી ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈન્સાન પર ક઼બ્રમાં સવાર તથા સાંજ તેનું ઠેકાણુ પેશ કરવામાં આવે છે.

**(૪)** બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ દરરોજ સવાર તથા સાંજ બે વાર બુલંદ અવાજે ફર્માવતા સવારના સમયે ફર્માવતા, રાત ગઈ અને દિવસ આવી ગયો, ફિરઔનની ક઼ૌમને જહન્નમ પર પેશ કરવામાં આવી રહી છે. અને રાતની પહેલી ઘડીમાં ફર્માવતા હતા કે દિવસ ગયો અને રાત આવી ગઈ અને ફિરઔનની ક઼ૌમને જહન્નમ પર પેશ કરવામાં આવી રહી છે. તો જે પણ તેમના અવાજને સાંભળવા પામતો તે અઝાબથી પનાહ માંગતો.

**(૫)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબ મિન આશ બઅ્દુલ્ મૌતામાં અવઝાઈથી વર્ણન કર્યું કે તેમને અસ્કલાનના સાહિલ પર એક શખ્સે પૂછયું કે હે અબૂ અમ્ર! અમે કેટલાક કાળા પક્ષીઓને સમંદરથી નીકળતા જોઈએ છીએ અને જ્યારે સાંજ થાય છે તો સફેદ નીકળે છે. તો આપે ફર્માવ્યું કે તે પક્ષીઓનાં પેટોમાં ફિરઔનની ક઼ૌમની રૂહો છે તેઓને આગ પર પેશ કરવામાં આવે છે અને આગ તેઓની પાંખોને કાળી કરી દે છે અને પછી આ તે પાંખોને ફેંકી દે છે અને ક઼યામત સુધી આમ જ થતુ રહેશે પછી ક઼યામતના દિવસે કહેવામાં આવશે કે, اِدۡخِلُوا الفِرعَوۡنَ اشَدَّ الۡعَذَاب ''આલે ફિરઔનને અતિ સખત અઝાબમાં નાખી દો !'' જ્યારે આલે ફિરઔનને નાખવામાં આવશે તો ફિરઔનને અવશ્ય નાંખવામાં આવશે.

## ★ જીવંત લોકોનાં આમાલનું મુડદાંઓ પાસે પેશ કરવામાં આવવું ★

**(૧)** અહમદ તથા હાકિમે નવાદિરુલ ઉસૂલમાં અને ઈબ્ને મુન્દાએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારા આમાલ તમારા સગાસંબંધી મુડદાંઓ પર રજૂ કરવામાં આવે છે. જો સારા અમલ હોય છે તો તેઓ ખુશ થાય છે, નહીંતર તેઓ દુઆ કરે છે કે, اَللّٰهُمَّ تَمُتُهُم حَتّٰى تَهۡدِ يُهِمُ كمَا هَدَ يُتَنَا ''હે અલ્લાહ ! તું તેઓને મૌત ન દઈશ જ્યાં સુધી કે તું તેઓને અમારી જેમ હિદાયત ન આપે.'' આવી જ તયાલિસી તથા ઈબ્ને મુબારકે રિવાયત કરી.

**(૨)** ઈબ્ને અબી શૈબાએ મુસન્નફમાં અને હકીમ તિર્મિઝીએ તથા ઈબ્ને અબી દુન્યાએ ઈબ્રાહીમ બિન મયસરાથી રિવાયત કરી કે હઝરત અબૂ ઐયૂબે કુસ્તુન્તુનિયામાં યુદ્ધ કર્યું તો તે કાસ (એક શખ્સનું નામ) પાસેથી ગુજર્યા તો તે કહી રહ્યા હતા કે જ્યારે કોઈ શખ્સ સવારે અમલ કરે છે તો તેની ઓળખનાં મુડદાંઓ પર રજૂ કરવામાં આવે છે, એ જ પ્રમાણે સાંજનાં અમલ રજૂ કરવામાં આવે છે. તો અબૂ ઐયૂબે કહ્યું કે વિચાર કરો કે શું કહો છો ? તો તેમણે કહ્યું કે હું તદ્દન ઠીક કહી રહ્યો છું. તો અબૂ ઐયૂબે ફર્માવ્યું, હે અલ્લાહ ! હું તારી પનાહ માંગું છું તું મને





ઉબાદા બિન સામત અને સઅદ બિન ઉબાદાની સમક્ષ બેઈજ્જત ન કરીશ. તો કાસે કહ્યું કે અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાને દેશનાં કાર્યોની સત્તા સુપ્રત ફર્માવે છે તો તેની પર્દાપોશી (એબો છુપાવે) ફર્માવે છે તથા તેના સારા અમલોની પ્રશંસા ફર્માવે છે.

**(૩)** હકીમ તિર્મિઝીએ પોતાની 'નવાદિર'માં પોતાની સનદ થકી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સોમ તથા જુમેરાતે આમાલ અલ્લાહની બારગાહમાં રજૂ કરવામાં આવે છે અને જુમ્આના દિવસે માં, બાપ પર (રજૂ કરવામાં આવે છે). જ્યારે મુડદાંઓને પોતાનાં સગાંઓનાં કોઈ નેક અમલની ખબર મળે છે તો તેઓનાં ચેહરા ખુશીથી ખીલી ઉઠે છે. તો હે અલ્લાહના બંદાઓ ! પોતાનાં સગાંઓને તકલીફ અને દુઃખ ન આપો. ઈબ્ને અબી દુન્યા તથા ઈબ્ને મુબારક વિગેરેથી પણ આ જ પ્રકારની રિવાયતો મરવી છે.

**(૪)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે એક ક઼બ્ર ખોદનારાએ જણાવ્યું કે હું બની અસદના ક઼બ્રસ્તાનમાં હતો એટલામાં એક શખ્સના પોકારવાનો અવાજ આવ્યો. કોઈ ક઼બ્રસ્તાનમાંથી કહી રહ્યો છે કે يَا اَبۡدَ اللّٰه એક શખ્સ બીજી ક઼બ્રથી કહેવા લાગ્યો, હે જાબિર ! કાલે તું અમારી પાસે આવશે. થોડીવાર પછી મારી પાસે એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું કે હે શખ્સ ! મારા માટે આ ક઼બ્રની પાસે એક ક઼બ્ર ખોદો ! જેમાંથી અવાજ આવી રહ્યો હતો. મેં તે શખ્સને પૂછયું કે શું તે ક઼બ્રવાળાનું નામ અબ્દુલ્લાહ અને તેનું (નામ) જાબિર છે. તેણે કહ્યું કે હા ! પછી તે શખ્સે કહ્યું કે મેં ક઼સમ ખાધી કે હું તેના પર નમાઝ નહીં પઢું ! પરંતુ હવે હું તેના પર નમાઝ પઢીશ અને પોતાની ક઼સમનો કફ્ફારો અદા કરીશ.

**(૫)** અબૂ નુએમે ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે તમે તે લોકો સાથે સદ્ વર્તાવ કરો જેમની સાથે તમારા વાલિદ સદ્ વર્તાવ કરતા હતા.

**(૬)** ઈબ્ને હબ્બાને ઈબ્ને ઉમરથી નક઼લ કર્યું કે જે શખ્સ પોતાના બાપની સાથે સદ્ વર્તાવ કરવા ઈચ્છે છે તો તેણે જોઈએ કે પોતાના બાપના મિત્રબંધુઓ તથા ભાઈઓ સાથે સદ્‌વર્તાવ કરે.

**(૭)** અબૂ દાઊદે પોતાની સનદ થકી રિવાયત કરી કે એક શખ્સ હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ હું પોતાનાં માં બાપના મૃત્યુ બાદ તેમની સાથે શું વર્તન તથા નેકી કરી શકું ? તો આપે ફર્માવ્યું કે ચાર ચીજો છે જે માં બાપના હક્કોમાંથી તારા પર બાકી છે : (૧) તેમના હક્ક઼માં દુઆ કરવી (૨) અને તેમના વાયદાઓને પૂરા કરવા (૩) અને તેમના દોસ્તોનું સન્માન કરવું (૪) અને તેમના સગાંઓ સાથે સદ્ વર્તન કરવું.

## ★ તે ચીજોનું વર્ણન જે રૂહને તેના શ્રેષ્ઠ ઠેકાણાંથી રોકે છે ★

**(૧)** તિર્મિઝી, ઈબ્ને માજા તથા બયહકીએ હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિનની રૂહ તેના કરજના કારણે લટકેલ રહે છે જ્યાં સુધી કે તે એ કરજને અદા ન કરે.

**(૨)** તિબ્રાનીએ અનસથી રિવાયત કરી. નબીએ કરીમ ﷺની પાસે એક શખ્સનો જનાઝો લાવવામાં આવ્યો જેથી આપ તેના પર નમાઝ પઢાવે. તો આપે પૂછયું કે શું તેના પર કરજ છે ? તો લોકોએ કહ્યું કે હા ! તો આપે ફર્માવ્યું કે એવા શખ્સ પર નમાઝ પઢીને શું કરું જેની રૂહ ક઼બ્રમાં તેના કરજ બદલ ગીરો છે અને આસ્માન પર નથી જતી. તો જો કોઈ શખ્સ તેના કરજનો જિમ્મેદાર થઈ જાય તો મારું તેના પર નમાઝ પઢવું લાભકારક થશે. (તે ઉચ્ચ દરજાઓને તે સમય સુધી હાંસલ નથી કરી શકતો જ્યાં સુધી કરજ અદા ન કરે).

**(૩)** તિબ્રાનીએ અવસતમાં બયહકી તથા અસ્બહાનીએ તરગીબમાં સમુરાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ સવારની (ફજર) નમાઝ અદા ફર્માવીને પૂછયું કે શું અહીંયાં ફલાણા કબીલાના લોકોમાંથી કોઈ છે ? જો હોય તો તેમણે જાણવું જોઈએ કે તેમના કુટુંબના એક શખ્સને જન્નતના દરવાજા પર એટલા માટે રોકી લેવામાં આવ્યો કે તેના પર કરજ હતું. તો જો તમે ઈચ્છો તો તેને ફિદયો દઈ છોડાવી લો અને જો ઈચ્છો તો અઝાબમાં ગિરફતાર રહેવા દો !

**(૪)** અહમદ તથા બયહકીએ જાબિરથી રિવાયત કરી કે એક શખ્સ





મૃત્યુ પામી ગયો અને તેના પર બે દીનારનું કરજ હતું. તો હુઝૂરે અકરમ ﷺએ તેની નમાઝ પઢાવવાથી ઈન્કાર કરી દીધો. તો અબૂ ક઼તાદાએ તેની જિમ્મેદારી લીધી ત્યારે રસૂલુલ્લાહ ﷺએ જનાઝાની નમાઝ પઢાવી. પછી એક દિવસ પછી પૂછયું તો જણાયું કે તે બે દીનાર અદા કરી દેવામાં આવ્યા છે. ત્યારે આપે ફર્માવ્યું કે હવે તેને ક઼બ્રમાં ઠંડક હાંસલ થઈ.

**(૫)** અહમદે સઈદ અતવલથી રિવાયત કરી, તે કહે છે કે અમારા બાપનો ઈન્તેકાલ થયો અને તેમણે વારસામાં ત્રણસો દિરહમ છોડયા. તો મેં વિચાયુ કે એ તેમના ઘરવાળાઓ પર ખર્ચ કરી દઉં, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમારા બાપ પોતાના કરજના લીધે કેદ છે તેમનું કરજ અદા કરો.

**(૬)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબ 'મિન આશ બઅ્દલ્ મૌત'માં શૈબાન બિન હસનથી રિવાયત કરી. તે કહે છે કે મારા બાપ અને અબ્દુલ વાહિદ બિન ઝૈદ એક યુદ્ધમાં ગયા તો તેમણે એક કૂવો જોયો જેમાંથી અવાજો આવી રહ્યા. હતા. અંદર જોયું તો એક શખ્સ કેટલાક તખ્તો પર બેઠો છે અને તેની નીચે પાણી છે. તો તેમણે પૂછયું કે જિન્નાત છે કે ઈન્સાન ?! તો તેણે કહ્યું, હું ઈન્સાન છું ! પછી તેમણે પૂછયું કે ક્યાંનો રહેવાસી છે ? તો તેણે કહ્યું, હું ઈન્તાકિયાનો રહેવાસી છું. મારા રબે મને વફાત આપી અને હવે મને કરજ અદા ન કરવાના કારણે બંધ કરી દીધો છે. અને ઈન્તાકિયાના કેટલાક લોકો છે જે મને યાદ કરે છે પણ મારું કરજ નથી ચૂકવતા. જેથી આ લોકો ઈન્તાકિયા ગયા અને તેનું કરજ ચૂકવીને પરત આવ્યા તો તે શખ્સ ગાયબ થઈ ચૂક્યો હતો અને ખૂદ કૂવો પણ ત્યાંથી અદશ્ય હતો અને આ લોકો પછી કૂવાની જગા પર સૂઈ ગયા. રાત્રે સ્વપ્નમાં તે શખ્સ આવ્યો અને તેણે કહ્યું કે, جَزَاكُمُ اللهُ خَيرًا મારા રબે મારા કરજ અદા થયા બાદ મને જન્નતના ફલાણા ભાગમાં મોકલી આપ્યો છે.

## ★ વસિયતનું બયાન ★

**(૧)** અબૂ શૈખ અને ઈબ્ને હબ્બાને કિતાબુલ્ વસાયામાં પોતાની

સનદ થકી રિવાયત કરી (મરફૂઈ), જેણે વસિયત ન કરી તેને મુડદાંઓ સાથે વાતચીત કરવાની રજા નહીં હશે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું મુડદાંઓ પણ વાતચીત કરે છે ? તો આપે ફર્માવ્યું કે હા ! બલ્કે તેઓ મુલાકાત પણ કરે છે.

**(૨)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે એક શખ્સ બસરામાં ક઼બ્રો ખોદવાનું કામ કરતો હતો. તેણે જણાવ્યું કે એક દિવસ મેં ક઼બ્ર ખોદી અને તેની નજીક સૂઈ ગયો તો સ્વપ્નમાં બે સ્ત્રીઓ આવી તેમાંથી એકે કહ્યું કે હે અલ્લાહના બંદા ! હું તને ખુદાનો વાસ્તો દઉં છું કે તું આ સ્ત્રીને મારાથી દૂર કરી દે. હું જાગ્યો તો જોયું કે એક ઔરતનો જનાઝો લાવવામાં આવી રહ્યો છે. મેં લોકોને કહ્યું તમે અન્ય ક઼બ્ર પર ચાલ્યા જાઓ અને તેઓ ચાલ્યા ગયા અને જ્યારે રાત થઈ તો ફરી તે જ ઔરતો આવી અને તેણીએ કહ્યું કે જઝાકલ્લાહ ! તમે અમારાથી બહુ મોટી બુરાઈને દૂર કરી દીધી. મેં તે સ્ત્રીને પૂછયું કે તું મારી સાથે વાત કરે છે પરંતુ તારા સાથેવાળી સ્ત્રી વાત નથી કરતી તેનું કારણ શું છે ? તેણીએ કહ્યું કે આ વિના વસિયત કર્યે મૃત્યુ પામી હતી અને જે વિના વસિયત કર્યે મૃત્યુ પામે તે ક઼યામત સુધી વાત નથી કરી શકતા.

**(૩)** દૈલમીએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મેં સ્વપ્નમાં બે સ્ત્રીઓ જોઈ. તેમાંથી એક વાત કરે છે અને બીજી ચૂપ છે. જ્યારે કે બંને જન્નતી છે. મેં પૂછયું તો બતાવ્યું કે એક વસિયત કર્યા વિના મૃત્યુ પામી હતી એટલા માટે વાત નથી કરતી અને ક઼યામત સુધી વાત નહીં કરે.

## ★ જીવંત તથા મૃત લોકોની રૂહોનું ઊંઘની સ્થિતિમાં મુલાકાત કરવું ★

**(૧)** પ્રથમ દલીલ તો આ સંદર્ભમાં અનુભવ છે અને શરઈ દલીલ આથી વધુ શું હશે કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે :–

**يتوفى الانفس حين مو تهاوالتى لم تمّت فى منا مها فيمسك التى قضىٰ عليها الموت ويرسل الا خرى اِلٰى اجلٍ مّسمًّى**

"અલ્લાહ જાનોને મૌત દે છે તેમનાં મૃત્યુ સમયે અને તેમને જ




પોતાની ઊંઘ મરે છે. તો જે જાન માટે મૌતનો ફેંસલો થઈ ચૂક્યો છે તેને રોકી લે છે અને અન્યને એક નિયુક્ત સમય માટે છોડી દે છે."

**(૨)** બકી બિન મુખલ્લદ તથા ઈબ્ને મુન્દાએ કિતાબુરૂહ તથા તિબ્રાનીએ અવસતમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી. તફસીર કરતાં જણાવ્યું કે મને જાણવા મળ્યું કે જીવંત તથા મૃત લોકોની રૂહો ઊંઘમાં એકબીજા સાથે મુલાકાત કરે છે અને એકબીજાને પૂછપરછ કરે છે તો મુડદાંઓની રૂહોને અલ્લાહ રોકી લે છે અને જીવંત લોકોની રૂહોને તેમનાં શરીરો તરફ પરત ફર્માવી દે છે.

**(૩)** ઝુબેર ઈબ્ને અબ્બાસથી આ આયતનું સ્પષ્ટિકરણ વર્ણન કરતાં કહ્યું કે એક દોરી પૂર્વથી પશ્ચિમ સુધી બાંધેલ છે, જીવંત અને મૃત લોકોની રૂહો તે દોરી તરફ જાય છે અને જીવંતની રૂહ મુડદાની રૂહ સાથે મળી જાય છે, પછી ઝિંદાને તેના શરીર તરફ જવાનો હુકમ આપવામાં આવે છે કે તે પોતાનું રિઝ્ક સંપૂર્ણ કરી લે અને મુડદાને રોકી લેવામાં આવે છે.

**(૪)** ફિરદૌસમાં છે કે જ્યારે કોઈ મૃત્યુ પામે છે તો તેની રૂહને એક મહીના સુધી તેના ઘરની આસપાસ ફેરવવામાં આવે છે, એક વર્ષ સુધી તેની ક઼બ્રની આસપાસ ફેરવવામાં આવે છે પછી તેને તે દોરી પર પહોંચાડવામાં આવે છે જ્યાં મુડદાં તથા ઝિંદાઓની રૂહોની મુલાકાત થાય છે.

**(૫)** ઈબ્ને ક઼ૈય્યિમ કહે છે કે મુડદાં લોકો સાથે મુલાકાત પર એક દલીલ આ છે કે જીવંત (શખ્સ) મુડદાંને સ્વપ્નમાં જુએ છે અને તે મુડદો આ જીવંતને ગયબની બાબતોની ખબર આપે છે અને તે વાત એવી જ રીતે થાય છે જેવી કે તેણે ખબર આપી હોય છે, હું કહું છું કે ઈબ્ને સૈયિદે ફર્માવ્યું કે જે વાત મુડદુ બતાવે તે સત્ય હોય છે કારણ કે તે સત્યના ઘરમાં છે.

**(૬)** ઈબ્ને અબી દુન્યા તથા ઈબ્ને જૌઝીએ કિતાબ ઉયૂનુલ્ હિકાયાતમાં પોતાની સનદ થકી રિવાયત કરી કે સઅબ બિન જષામા તથા ઔફ બિન માલિક આપસમાં એકબીજાના મુંહ બોલ્યા ભાઈ હતા.

તો સઅબે ઔફને કહ્યું કે હે ભાઈ ! આપણામાં જે પણ પ્રથમ ઈન્તેકાલ કરી જાય તો તે બીજાને સ્વપ્નમાં જુએ. ઔફે કહ્યું, શું આમ પણ થઈ શકે છે ?! સઅબે કહ્યું કે હા ! આ થઈ શકે છે. જ્યારે સઅબનો ઈન્તેકાલ થયો અને તેમને ઔફે સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું મામલો થયો ? તેમણે કહ્યું કે તકલીફ પછી મારા રબે મારી મગફેરત ફર્માવી દીધી. પરંતુ ઔફ કહે છે કે મેં તેમના ગળામાં એક કાળી ચમકદાર પટ્ટી જોઈ તો પૂછયું કે આ શું છે ? તેમણે કહ્યું કે આ તે દસ દીનાર છે જે મેં એક યહૂદી પાસેથી લીધા હતા, તે આજે મારા ગળામાં તોક (હાર) બનાવી નાંખવામાં આવ્યા છે, જો તમે તેને અદા કરી દો તો સારું છે. મારા ઘરવાળાઓના જેટલાં પ્રસંગો થયા અને થાય છે તે સર્વ મને બતાવવામાં આવે છે, એટલે સુધી કે થોડા દિવસ પર અમારી બિલાડી મરી તો તેની પણ જાણ મને થઈ અને એ પણ તમને જણાવું કે મારી પુત્રી છ દિવસ પછી મૃત્યુ પામશે, તમે તેને સારી રીતે રાખો અને સારું વર્તન કરો. ઔફ કહે છે કે સવારે હું સઅબના ઘરે આવ્યો તો એક વાસણમાં દસ દીનાર પામ્યા અને તે લઈને યહૂદીની પાસે પહોંચ્યો અને તેને કહ્યું કે શું સઅબ પર તારું કાંઈ દેવું છે ? તેણે કહ્યું, હા ! દસ દીનાર હતા અને તે રસૂલુલ્લાહ ﷺના શ્રેષ્ઠ સહાબી હતા, અલ્લાહ તેમના પર રહમ કરે. મેં દીનાર તેની તરફ વધાર્યા, તે કહેવા લાગ્યો કે, ''ખુદાની ક઼સમ ! આ તો તે જ દીનાર છે જે મેં આપ્યા હતા !'' મેં ઘરવાળાઓને પૂછયું કે શું સઅબના મૃત્યુ બાદ તમારે ત્યાં નવી વસ્તુ પેદા થઈ છે ? તો તેમણે પ્રસંગો ગણાવવા શરૂ કર્યા ત્યાં સુધી કે બિલાડીના મરવાનો પ્રસંગ જણાવ્યો. પછી મેં પૂછયું કે મારી ભત્રીજી ક્યાં છે ? તેમણે કહ્યું કે રમી રહી છે. મેં તેને અડકીને જોયું તો તે તાવમાં સપડાયેલ હતી. મેં તે લોકોને કહ્યું કે તેની સારી રીતે દેખરેખ રાખશો, પછી તે છ દિવસ બાદ મૃત્યુ પામી ગઈ.

**(૭)** ઈબ્ને મુબારકે ઝોહ્દમાં અતિયાથી રિવાયત કરી કે ઔફ બિન માલિક અશજઈએ એક શખ્સ સાથે ભાઈચારો કર્યો હતો. તેનું નામ મુહલિમ હતું. જ્યારે મુહલિમના મૃત્યુનો સમય નજીક આવ્યો તો ઔફ તેની પાસે આવ્યા અને કહ્યું કે જ્યારે તમારો ઈન્તેકાલ થઈ જાય તો તમે





મને ખબર આપજો કે તમારી સાથે શું થયું ? તો તેમણે કહ્યું કે જો મારી જેવા શખ્સ માટે એ શક્ય હશે તો આવીશ. જેથી મુહમિનો ઈન્તેકાલ થઈ ગયો અને એક વર્ષ પછી ઔફે તેમને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે તમારી સાથે શું મામલો થયો ? તો તેમણે કહ્યું કે અમને અમારા આમાલનો પૂરેપૂરો બદલો આપવામાં આવ્યો. તેમણે પૂછયું, શું સૌનો બદલો આપવામાં આવ્યો ? તો તેમણે જવાબ આપ્યો કે હા ! પરંતુ એહરાજ જે માનીતો બદ્કાર હતો. પછી તેમણે કહ્યું કે ખુદાની ક઼સમ ! મેં તે બિલાડીના બદલાને પણ પામ્યો જે મારા મૃત્યુથી એક રાત પહેલાં ખોવાઈ ગઈ હતી. સવારે ઔફ, મુહલિમના ઘરે ગયા તો તેમની પત્નીએ તેમને આવકાર્યા. તેમણે પૂછયું કે શું તમે કદી સ્વપ્નમાં મુહલિમને જોયા છે. તેણીએ કહ્યું, હા ! આજે રાત્રે જોયા છે. તે મારી સાથે પોતાની પુત્રીને લઈ જવા વિશે લડી રહ્યા હતા. પછી ઔફે પોતાનું સ્વપ્ન બયાન કર્યુ તો તેમની પત્નીએ પોતાના ચાકરોને બોલાવી પૂછયું તો તેમણે જણાવ્યું કે મુહલિમના મૃત્યુથી એક દિવસ પહેલાં બિલાડી ખોવાઈ ગઈ હતી.

**(૮)** અબૂ શૈખ ઈબ્ને હબ્બાને કિતાબુલ વસાયામાં અને હાકિમે મુસ્તદરકમાં તથા બયહકીએ દલાઈલમાં અતા ખુરાસાનીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મને ષાબિત બિન કૈસ બિન શમાસની પુત્રીએ જણાવ્યું કે જંગે યમામામાં ષાબિત શહીદ થઈ ગયા તેમના પર એક સુંદર ચાદર હતી. એક મુસલમાને તે લઈ લીધી. એક મુસલમાન સૂઈ રહ્યો હતો. ષાબિત તેને સ્વપ્નમાં દેખાયા અને ચાદરની સ્થિતિ વર્ણવી અને જણાવ્યું કે જે શખ્સ ચાદર લઈ ગયો છે તેનો તંબુ બિલકુલ છેલ્લે છે અને તેના તંબુની પાસે એક ઘોડો બાંધેલ છે. તે શખ્સે ચાદર પર હાડલી ઢાંકી દીધી છે અને હાડલી પર સામાન મૂકી દીધો છે. તો તમે ખાલિદ બિન વલીદની પાસે જાવ અને તેમને હુકમ આપો કે તે મારી ચાદર લઈ લે, અને જ્યારે તમે મદીનામાં સિદ્દીકે઼ અકબરની પાસે આવો તો તેમને કહેશો કે મારા પર ફલાણા હઝરાતનું આટલું કરજ છે. જેથી તે શખ્સે ખાલિદ બિન વલીદને સંપૂર્ણ વાકેઓ કહી સંભળાવ્યો અને તેમણે પરત ફરતાં હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને આખો પ્રસંગ કહી

આપ્યો અને હઝરત સિદ્દીકે઼ અકબરે તેમની વસિયત પૂરી કરી. અમારી જાણ મુજબ ષાબિત બિન કૈસ બિન શમાસની જ એક અવી હસ્તી છે જેણે મર્યા બાદ વસિયત કરી અને તેની વસિયત પૂરી કરવામાં આવી.

**(૯)** હાકિમે મુસ્તદરકમાં અને બૈયહકીએ દલાઈલમાં કુષૈર બિન સલતથી રિવાયત કરી કે હઝરત ઉષ્માન બિન અફ્ફાન પર શહાદતની રાત્રે બેભાની છવાઈ ગઈ તો સ્વપ્નમાં હુઝૂરે અકરમ صلى الله عليه وسلمની ઝિયારત થઈ. આપ ફર્માવી રહ્યા હતા કે તમે અમારી સાથે જુમ્આની નમાઝ અદા કરશો. અને ઈબ્ને ઉમરની રિવાયતમાં છે કે આપે આ સ્વપ્ન જોયું કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ફર્માવી રહ્યા છે કે તમે અમારી સાથે રોઝો ઈફતાર કરશો, જેથી આપ જુમ્આના દિવસે રોઝાની હાલતમાં શહીદ કરવામાં આવ્યા અને આપનું સ્વપ્ન સત્ય ઠર્યું.

**(૧૦)** હાકિમે હુસૈન બિન ખારજાથી રિવાયત કરી કે તે ફર્માવી છે કે પ્રથમ ફિત્ના (ઉષ્માન رضی اللہ عنہની શહાદત)ના સમયે હું અતિ પરેશાન થઈ ગયો અને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે હે ખુદાવંદ ! મને એવો માર્ગ દેખાડ જેમાં સલામતી હોય. જેથી મને સ્વપ્નમાં દુનિયા તથા આખિરત દેખાડવામાં આવી અને તેના દરમ્યાન દિવાલ હતી પરંતુ તે કાંઈ લાંબી ન હતી. મેં વિચાર્યું કે હું આ દિવાલને પાર કરીને પેલી પાર જાઉં અને અશજઅના મુડદાઓને જોઉં અને તેમને પૂછું કે તેમનો શું હાલ છે ? જેથી હું દિવાલ ઓળંગી ગયો તો જોયું કે કેટલાક હઝરાત સાયાદાર ઝાડોની નીચે બેઠા છે. મેં તેમને પૂછયું કે શું તમે શહીદો છો? તેમણે કહ્યું કે ના ! અમે તો ફરિશ્તાઓ છીએ, શહીદો તો ઉચ્ચ દરજ્જાઓ પર પહોંચી ચૂક્યા છે. એક પછી એક દરજ્જો બુલંદ થતો ગયો ત્યાં સુધી કે એક અતિ ઉચ્ચ દરજ્જા પર પહોંચી ગયો તેની અઝમત તથા વુસ્અતની ખબર અલ્લાહને જ છે. ત્યાં મુહમ્મદ صلى الله عليه وسلم તશરીફ ફર્મા હતા અને તેમની નજીક જ ઈબ્રાહીમ علیہ السلام હતા. આપ صلى الله عليه وسلم ઈબ્રાહીમ علیہ السلامને કહી રહ્યા હતા કે મારી ઉમ્મતના માટે બખ્શિશની દુઆ કરો. તેમણે કહ્યું કે આપને ખબર નથી કે આપના પછી આપની ઉમ્મતે શું કર્યું છે ? તેમણે પોતાના ખૂન વહાવ્યાં છે અને પોતાના ઈમામને શહીદ કરી દીધા. કાશ ! કે તેઓ પણ એવો જ તરીક઼ો





અપનાવત જેવો કે મારા દોસ્ત સઅદે અપનાવ્યો. પછી આ સ્વપ્ન જોયું હતું કે હું ખુશ થયો અને દિલમાં કહ્યું કે હવે હું સઅદને જોઈશ અને તેમની સાથે થઈ જઈશ. કારણ કે ઈબ્રાહીમ علیہ السلامએ તેમને પોતાના દોસ્ત બતાવ્યા છે, જેથી હું સઅદ પાસે આવ્યો અને તેમને સ્વપ્ન કહી સંભળાવ્યું તો તે ખૂબ ખુશ થયા અને ફર્માવ્યું કે જે ઈબ્રાહીમ علیہ السلامનો દોસ્ત ન બન્યો તેણે નુકસાન ઉઠાવ્યું. મેં સઅદને પૂછયું કે તમે કઈ પાર્ટીની સાથે છો ? તેમણે કહ્યું કે કોઈની સાથે નહીં. મેં કહ્યું કે હવે તમે મને શો ઉપદેશ આપો છો ? તો તેમણે ફર્માવ્યું કે શું તમારી પાસે બકરીઓ છે ? મેં કહ્યું કે ના ! તેમણે ફર્માવ્યું કે થોડી ઘણી બકરીઓ ખરીદી લો અને તે લઈને ક્યાંક ચાલ્યા જાવ ! (એટલે કે હવે દીન તથા દુનિયાની સલામતી એમાં જ છે કે તે ઝઘડાઓથી અલાયદા થઈ જાવ. આનાથી જણાવ કે અંબિયાએ કિરામ علیہم السلام દુનિયાથી તશરીફ લઈ જવા બાદ ઉમ્મતના આમાલથી ખબરદાર હોય છે જેમ કે ઈબ્રાહીમ علیہ السلامને ખબર થઈ ગઈ કે આ ઉમ્મત ખૂન વહાવી રહી છે.

**(૧૧)** હાકિમ તથા બયહકીએ દલાઈલમાં સલમા થકી રિવાયત કરી કે હું ઉમ્મે સલમા પાસે હાજર થયો તો તેમને રડતાં પામ્યાં. મેં પૂછયું કે કેમ રડો છો ? તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને સ્વપ્નમાં જોયા કે આપ રડી રહ્યા હતા અને સરે અક઼દસ તથા દાઢી ધૂળવાળી હતી. મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આ શું મામલો છે ? તો આપ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે હું હુસૈનની ક઼તલગાહથી આવી રહ્યો છું.

**(૧૨)** હાકિમે મઅ્મરથી રિવાયત કરી કે મારાથી એક શૈખે રિવાયત કરી કે એક સ્ત્રી જેનો હાથ કપાયેલ હતો. હુઝૂર صلى الله عليه وسلمની પવિત્ર પત્નીઓમાંથી કોઈ એક પત્ની પાસે આવી અને કહ્યું કે અલ્લાહથી દુઆ કરો કે તે મારા હાથને દુરુસ્ત કરી આપે. આપ صلى الله عليه وسلمએ પૂછયું કે તમારો હાથ કેમ કરીને કપાઈ ગયો ? તેણીએ પોતાનો પ્રસંગ વર્ણન કર્યો કે મારા વાલિદ એક ધનવાન શ્રેષ્ઠ આદમી હતા અને મારી માં પાસે કાંઈ ન હતું. તેણીએ કદી કાંઈ સદક઼ો ન કર્યો, અલ્બત્ત એકવાર અમારે ત્યાં એક ગાય ઝબહ થઈ તો તેની થોડી ચરબી તેણીએ એક મિસ્કીનને આપી અને એક કપડું તેને પહેરાવ્યું. પછી મારા પિતા

તથા માતાનો ઈન્તેકાલ થઈ ગયો. મેં પોતાના પિતાને સ્વપ્નમાં જોયા કે તે એક નહેર પર છે અને લોકોને સૈરાબ કરી રહ્યા છે. મેં પૂછયું કે હે પિતા ! શું આપે મારી માંને પણ જોઈ છે ? તેમણે જવાબ આપ્યો કે તારી માંને નથી જોઈ, ઘણી શોધ પછી મળી ? તેણી તંગીમાં હતી તેના શરીર પર એક ફાટેલું કપડું હતું જે તેણીએ સદક઼ો કર્યું હતું અને તેણીના એક હાથમાં ચરબીનો તે ટુકડો હતો જે તેણીએ સદક઼ો કર્યો હતો. તેણી તેને એક હાથમાં લઈ બીજા હાથ પર મારતી હતી અને તેનો જે ઘા બીજા હાથ પર પડતો હતો તેને ચૂસીને પોતાની તરસને બુઝાવતી હતી અને પોકારી રહી હતી કે તરસ ! તરસ ! મેં પોતાની માંને આ સ્થિતિ જોઈ કહ્યું કે, હે માં ! શું હું તને સેરાબ ન કરું ? તેણીએ કહ્યું, હા ! જેથી મેં એક વાસણ બાપ પાસેથી લીધું અને તેણીને પીવડાવ્યું. એટલામાં જે લોકો તેના પર નિયુક્ત હતા. તેમણે કહ્યું કે, ''જેણે આ સ્ત્રીને પાણી પીવડાવ્યું છે અલ્લાહ તેના હાથ કાપી નાંખે.'' જેથી મારા હાથ કપાઈ ગયા.





# વિભાગ

આ વિભાગમાં આ વર્ણન કરવામાં આવશે કે નિંદ્રાની સ્થિતિમાં રૂહ નીકળીને જયાં અલ્લાહ તઆલા ઈચ્છે છે જાય છે અને અન્ય રૂહો સાથે મળે છે.

**(૧)** હાકિમે મુસ્તદરકમાં, તિબ્રાનીએ અવસતમાં તથા અકીલીએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે હઝરત ઉમર رضی اللہ عنہની મુલાકાત હઝરત અલી کرم اللہ وجہہ الکریمથી થઈ તો આપે પૂછયું કે અબુલ્ હસન ! શું વાત છે કે આદમી સ્વપ્ન જુએ છે, કેટલાંક તેમાંથી સાચાં નીકળે છે અને કેટલાક ખોટાં. તો તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા કે જ્યારે પણ કોઈ મર્દ તથા સ્ત્રી સૂએ છે તો તેની રૂહને અર્શની તરફ લઈ જવામાં આવે છે તે હવે જે અર્શ પર પહોંચી જાય છે તેનું સ્વપ્ન સત્ય કરે છે અને જે પોતાની રૂહને અર્શ સુધી પહોંચતા પ્રથમ જ જાગી જાય છે તેનું સ્વપ્ન ખોટુ ઠરે છે.

**(૨)** બયહકીએ શોઅ્બમાં અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસથી રિવાયત કરી કે સ્વપ્નમાં રૂહોને આસમાન પર લઈ જવામાં આવે છે અને અર્શની પાસે સિજદો કરવાનો હુકમ કરવામાં આવે છે. તો જે પવિત્ર રૂહ હોય છે. તે અર્શ પાસે સિજદો કરે છે અને જે પાક નથી હોતી તે અર્શથી દૂર સિજદો કરે છે. અને એક રિવાયતમાં છે કે જે પાક નથી હોતી તેને સિજદાની રજા નથી હોતી.

**(૩)** હકીમે ઝઈફ સનદ થકી ઓબાદા બિન સામતથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મો'મિન સ્વપ્નમાં પોતાના રબ સાથે વાતચીત કરે છે.

**(૪)** નિસાઈએ ખુઝૈમાથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં સ્વપ્નમાં

જોયું કે હું રસૂલુલ્લાહ ﷺની પેશાની પર સિજદો કરી રહ્યો હતો. જેથી મેં આ વાતની જાણ આપને કરી તો આપ ﷺએ ફર્માવ્યું કે નિઃશંક ! એક રૂહ બીજી રૂહથી મુલાકાત કરે છે.

શૈખ ઈઝ્ઝુદ્દીન બિન સલામે કહ્યું કે રૂહે યક્ઝા (બેદાર રૂહ) એક રૂહ છે કે જ્યારે તે શરીરમાં હોય છે તો શરીર જાગે છે અને જ્યારે શરીરથી નીકળી જાય છે તો શરીર સૂઈ જાય છે. અને આ સર્વ કાંઈ ટેવ મુજબ છે. પછી તે રૂહ સ્વપ્ન જુએ છે અને જ્યારે આસ્માન પર પહોંચીને તે મુશાહેદો કરે છે તો તે સ્વપ્ન સાચુ પડી જાય છે. કારણ કે આસ્માન પર શૈતાનનો દખલ શક્ય નથી અને જો આસ્માનની નીચે રહીને સ્વપ્ન જુએ છે તો શૈતાનના દખલના કારણે તે સ્વપ્ન સાચુ નથી પડતું. ઈકરમા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે ઈન્સાન સૂઈ જાય છે તો તેની રૂહ એક દોરડા દ્વારા ચઢતી રહે છે અહીંયા સુધી કે જ્યારે તે જાગી જાય છે તો દોરડાનો સિલસિલો ખતમ થઈ જાય છે અને તે દોરડુ નીકળવાની જગા ઈન્સાનનું શરીર હોય છે. બિલકુલ તેમ જ જેમ કે સૂર્યના કિરણો કે તે દરેક ચીજ પર પડે છે. પરંતુ તેની નીકળવાની જગા સૂર્યનો ગોળાકાર છે.

ઈબ્ને મુન્દાએ અમુક ઉલમાથી નકલ કર્યું કે રૂહ સૂતેલ ઈન્સાનના નસ્કોરાથી નીકળીને યાસમાન તરફ ચાલી જાય છે પરંતુ તેનું મૂળ શરીર છે. અગર તે શરીરથી સંપૂર્ણ અલગ થઈ જાય તો ઈન્સાન મૃત્યુ પામે છે જેમ કે દીવાની બત્તી, જો તેમાંથી સંપૂર્ણ કાઢી લેવામાં આવે તો દીવો ઓલવાઈ જાય છે જેમ કે દીવાની બત્તી દીવામાં રહે છે પરંતુ તેના પ્રકાશથી આખો ઓરડો પ્રકાશિત થઈ જાય છે. તેમજ ઈન્સાનની રૂહનો સંબંધ શરીર સાથે રહે છે પરંતુ તે છતાં સર્વ ચીજોનો મુશાહેદો કરે છે અને તેને એક ફરિશ્તો જે રૂહો પર નિયુક્ત છે સર્વ ચીજો દેખાડે છે પછી તે પોતાનાં શરીર તરફ પરત આવી જાય છે.

**(૫)** અબૂ શૈખ 'કિતાબુલ્ અઝમત'માં ઈકરમાથી રિવાયત કરી કે તેમને પૂછવામાં આવ્યું કે તેનું કારણ શું છે કે એક શખ્સ અણજોયા સ્થળોની સેર કરે છે. તો તેમણે ફર્માવ્યું કે આ રૂહ છે જે દરેક જગાએ આવતી જતી રહે છે.





## ★ અમુક હઝરાતનાં સ્વપ્નમાં મુડદાં લોકોથી મુલાકાત તથા તેમની હાલત પૂછવાના વાકેઆ ★

**(૧)** ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ્ મુનામાત તથા ઈબ્ને સઅદે તબકાતમાં મુહમ્મદ બિન ઝિયાદ હાનીથી રિવાયત કરી અસફ બિન હારિષ અબ્દુલ્લાહ બિન આઈઝ સહાબીને વફાતની ક્ષણે કહ્યું અગર આપ વફાત બાદ અમને પોતાની હાલતથી ખબરદાર કરી શકો છો તો જરૂર કરજો. જેથી એક મુદ્દત પછી તેમની સાથે સ્વપ્નમાં મળ્યા અને કહ્યું કે અમને નજાત મળી ગઈ જ્યારે કે આશા ખૂબ જ ઓછી હતી. આપણો રબ અત્યંત બખ્શિશ તથા રહમવાળો છે. અલ્બત્ત ! અહરાઝની બખ્શિશ ન થઈ. મેં અર્ઝ કરી કે આ અહરાઝ કોણ છે ? તો તેમણે કહ્યું કે અહરાઝ તે લોકો છે જે ગુનાહમાં એટલા મશહૂર છે કે બધી બાજુથી તેમના પર આંગળી દેખાડવામાં આવે છે.

**(૨)** ઈબ્ને અબી દુન્યાએ અબુઝ્ ઝાહિરિયાથી રિવાયત કરી કે અબ્દુલ આ'લા બિન અદી ઈબ્ને અબી બિલાલ ખુઝાઈ પાસે ઈયાદત (બીમારપુર્સી) માટે આવ્યો અને કહ્યું કે હુઝૂર ﷺની ખિદમતમાં સલામ પેશ કરજો અને જો થઈ શકે તો અમને પોતાની હાલતથી ખબરદાર કરજો. અચાનક તેમનો ઈન્તેકાલ થઈ ગયો. તો તેમના ખાનદાનની એક સ્ત્રીએ તેમને સ્વપ્નમાં જોયા. તો તેમણે તે સ્ત્રીને કહ્યું કે મારા પુત્રી જલ્દી મારી પાસે આવવાવાળી છે, અને તેમ અબ્દુલ્ આ'લાને કહી દો કે મેં તેમનાં સલામ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં પેશ કરી દીધા.

**(૩)** ઈબ્ને અબી દુનિયાએ યહ્યા બિન ઐયૂબથી રિવાયત કરી કે બે શખ્સોએ આપસમાં કરાર કરી લીધો કે આપણામાં જે પ્રથમ મૃત્યુ પામશે તે બીજાને પોતાની હાલતથી ખબરદાર કરશે જેથી તેઓનામાંથી એકનો ઈન્તેકાલ થઈ ગયો તો તે વાયદા મુજબ સ્વપ્નમાં દેખાયા, તો જીવંત પૂછયું કે હસનની શું હાલત છે ? તો તેમણે ફર્માવ્યું કે તે જન્નતમાં બાદશાહ છે, કોઈ તેમની અવગણના નથી કરતું. પછી તેમને પૂછયું કે ઈબ્ને સીરીનની શું સ્થિતિ છે ? તો તેમણે જણાવ્યું કે તેમને (અલ્લાહની)

મરજી મુજબ સર્વ નેઅમતો પ્રાપ્ય છે, પરંતુ તે છતાં બંનેના મર્તબામાં બહુ ફરક છે. જીવંતે પૂછયું કે આ ફરક કેમ છે ? તો તેમણે બતાવ્યું કે હસન પર અતિ ખૌફ છવાયેલ હતો.

**(૪)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં સનદ થકી રિવાયત કરી કે અસ્બહે સલમા બિન કુહીલને કહ્યું, આપણામાંથી જે પ્રથમ મૃત્યુ પામે તો સ્વપ્નમાં બીજાને પોતાના હાલતથી ખબરદાર કરે. તો સલમા અસ્બહથી પહેલાં ઈન્તેકાલ કરી ગયાં અને અસ્બહને સ્વપ્નમાં દેખાયાં તો અસ્બહે તેમને કહ્યું કે તમે પોતાના રબને કેવો પામ્યો ? તેમણે કહ્યું, અતિ કૃપાશીલ પામ્યો ! અસ્બહે પૂછયું, સૌથી શ્રેષ્ઠ અમલ કયો પામ્યો ? તેમણે કહ્યું કે તહજ્જુદની નમાઝથી શ્રેષ્ઠ કોઈ અમલ ન પામ્યો. અસ્બહે પૂછયું કે મામલો કેવો રહ્યો ? તેમણે ફર્માવ્યું કે આસાન પામ્યો પરંતુ ભરોસા પર ન રહેવું.

**(૫)** અહમદે ‘ઝોહદ’માં અને ઈબ્ને સઅદે તબકાતમાં અબ્બાસ બિન અબ્દુલ્ મુત્તલિબથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે ઉમર رضی اللہ عنہ મારા દોસ્ત હતા. જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો એક વર્ષ સુધી હું દુઆ કરતો રહ્યો કે મને તેમની ઝિયારત થઈ જાય. છેવટે એક વર્ષ પૂર્ણ થયા બાદ તેમની ઝિયારત નસીબ થઈ તો જોયું કે આપ કપાળ પરથી પસીનો સાફ ફર્માવી રહ્યા છે. મેં તેમને પૂછયું કે આપના રબે આપની સાથે કેવું વર્તન કર્યું તો આપે ફર્માવ્યું કે હિસાબ કિતાબથી હમણા ફારિગ થયો છું અને જો મારો રબ મહેરબાન ન હોત તો મારી બેઈજ્જતી થઈ જાત !

**(૬)** ઈબ્ને સઅદે અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસથી રિવાયત કરી, તે ફર્માવે છે કે મને ખૂબ જ શોખ હતો કે હું હઝરત ઉમર رضی اللہ عنہના મામલાથી ખબરદાર થઈ જાઉં. એક દિવસ સ્વપ્નમાં મેં એક મહેલ જોયો. મેં પૂછયું કે આ કોણ છે ? હજી હું પૂછી જ રહ્યો હતો એટલામાં હઝરત ઉમર તેમાંથી નીકળ્યા. આપ એક ચાદર ઓઢેલ હતા અને આમ લાગતુ હતું કે ગુસ્લ ફર્માવી આવી રહ્યા છે. મેં પૂછયું, મામલો કેવો રહ્યો ? તો આપે જણાવ્યું કે જો મારો રબ મહેરબાન ન હોત તો મારી બેઈજ્જતી થઈ જાત ! બાર વર્ષ તમારાથી જુદા થવાને થઈ ગયા





છે અને આજે હિસાબથી ફારિગ થયો છું.

**(૭)** ઈબ્ને અસાકિરે મુતરફથી રિવાયત કરી કે તેમણે ઉષ્માન બિન અફ્ફાનને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે, હે અમીરુલ મો'મિનીન ! અલ્લાહ તઆલાએ આપની સાથે શું મામલો કર્યો ? તો તેમણે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મારી સાથે ભલાઈ કરી. તેમણે પૂછયું કે કયો દીન શ્રેષ્ઠ છે ? કહ્યું દીને કૈય્યિમ.

**(૮)** ઈબ્ને અબી દુનિયાએ મુહમ્મદ બિન નઝર હારષીથી રિવાયત કરી કે મુસ્લેમા બિન અબ્દુલ મલિકે ઉમર બિન અબ્દુલ અઝીઝને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે હે અમીરુલ મો'મિનન ! મને શોખ છે કે કોઈ રીતે મને માલૂમ થાય કે મૃત્યુ બાદ અલ્લાહે આપની સાથે શું કર્યું ? તો આપે ફર્માવ્યું, હે મુસ્લિમા ! હું હમણા હિસાબ કિતાબથી ફારિગ થયો છું. મુસ્લિમાએ પૂછયું, આપ ક્યાં છો ? તો આપે જવાબ આપ્યો કે ‘જન્નતે અદન’માં અન્ય અઈમ્મએ હુદા સાથે છું.

**(૯)** ઈબ્ને અબી દુન્યા તથા ઈબ્ને અબી શૈબાએ મુહમ્મદ બિન સીરીનથી નકલ કર્યું કે તે કહે છે મેં સ્વપ્નમાં અફ્લહને જોયો અથવા આમ કહ્યું કે કુષૈર બિન અફ્લહને જોયા, આ જંગે હુર્રહ્મા શહીદ થઈ ચૂક્યા હતા. મેં પૂછયું કે શું તમે શહીદ નથી થયા ? તેમણે કહ્યું કે હા ! શહીદ નથી થયા. તેમણે કહ્યું કે અલ્લાહે કેવો મામલો કર્યો ? શું શહીદો તમારા જ ગૃપમાં છે ? તો તેમણે કહ્યું, ના ! કારણ કે જ્યારે અંદરો અંદર મુસલમાન લડે છે અને તેઓમાં કોઈ મક઼તૂલ થઈ જાય તો તે શહીદો નથી બલ્કે નદમા છે.

**(૧૦)** ઈબ્ને સઅદે અબૂ મયસરહ અમ્ર બિન શુરજીલથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં સ્વપ્નમાં જોયું કે હું જન્નતમાં પ્રવેશી રહ્યો છું, ત્યાં કેટલાક ગુંબદ હતા. મેં પૂછયું, આ કોના છે ? તો જવાબ મળ્યો કે ઝી કલાઆ અને હૌશબના. આ બંને હઝરાત હઝરત મઆવિયાના સાથીઓમાં હતા અને ક઼તલ થયા હતા. મેં પૂછયું, અમ્માર અને તેના સાથી કયાં છે ? તો જવાબ મળ્યો કે તેઓ પણ તમારી સમક્ષ છે. મેં કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે ? જ્યારે કે તેઓએ એકબીજાને ક઼તલ કરી દીધા. તો જવાબ મળ્યો કે એઓ અલ્લાહ તઆલાની બારગાહમાં આવ્યા

તો તેને ખૂબ જ અધિક બખ્શનાર પામ્યો. મેં પૂછયું, ખારજીઓનું શું થયું ? તો જવાબ મળ્યો કે તેઓએ ગમ તથા રંજ પામ્યો.

**(૧૦)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ્ મનામાત'માં અબૂબક્ર ખય્યાતથી નક્લ કર્યું કે એક રાત્રિ પહેલાં સ્વપ્નમાં જોયું કે હું કૃબ્રસ્તાનમાં છું અને કૃબ્રવાળા નીકળીને પોતાની કૃબ્રોની ઉપર બેઠા છે. તેમની સામે ફૂલ છે. એટલામાં મેં જોયું કે મેહફૂઝ (કદાચ કોઈ શખ્સનું નામ છે) તેમની દરમ્યાન આવ જા કરી રહ્યા છે. મેં તેમને પૂછયું કે શું આપનો ઈન્તેકાલ નથી થયો ? તો તેમણે આ શેઅર પઢયો :–

(અર્થાત) : "પરહેઝગારની મૌત એક એવી જિંદગી છે જેના માટે ફના નથી. કેટલાક લોકો ભલે મરણ પામી ચૂક્યા છે પરંતુ વાસ્તવમાં તેઓ જીવંત છે."

**(૧૨)** ઈબ્ને અબી દુન્યાએ સલ્મા બસરીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મેં એક રાત્રે બઝીઅ બિન મસ્વર આબિદને સ્વપ્નમાં જોયા. આપ ખુદા તથા મૌતને ખૂબ યાદ કરનારા હતા. મેં પૂછયું કે આપને શું મકામ મળ્યો ? તો જવાબમાં આ શેઅર પઢી દીધો :–

(અર્થાત) : "કૃબ્રની સ્થિતિ કોઈ નથી જાણતું અથવા ખુદા જાણે છે અથવા તો મુડદુ."

**(૧૩)** ઈબ્ને અબીદ્દ દુન્યાએ બિશ્ર બિન મુફઝ્ઝલથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મેં સ્વપ્નમાં બિશ્ર બિન મન્સૂરને જોયા તો પૂછયું કે અબૂ મુહમ્મદ ! તમારા રબે તમારી સાથે શું વર્તન કર્યું ? તો તેમણે જવાબ આપ્યો કે હું જે વિચારતો હતો મામલો તેના કરતાં સરળ પામ્યો.

**(૧૪)** ઈબ્ને અબી દુન્યાએ હફ્સ મોહબીથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મેં સ્વપ્નમાં દાઊદ તાઈને જોયા તો પૂછયું, હે અબૂ સુલેમાન ! તમે આખેરતની ભલાઈને કેવી પામી ? તો તેમણે ફર્માવ્યું, મેં તેને અધિક પામી. પછી મેં પૂછયું, તમારી સાથે શું મામલો થયો ? તો તેમણે ફર્માવ્યું, બિ હમ્દિલ્લાહ ! મારી સાથે ભલાઈનો મામલો થયો. મેં પૂછયું, શું તમે સુફયાન બિન સઈદ વિશે કાંઈ જાણો છો ? કારણ કે તે ભલાઈ અને ભલાઈવાળાઓને ખૂબ જ પસંદ કરતા હતા. તો તેમણે જવાબ





આપ્યો, તેમની ભલાઈપસંદીએ તેમને ભલાઈવાળાના મર્તબા પર પહોંચાડી દીધા.

**(૧૫)** ઈબ્ને અબી દુન્યાએ ઝમરાથી રિવાયત કરી, તેમણે ફર્માવ્યું કે સ્વપ્નમાં મારી ફોઈ સાથે મુલાકાત થઈ તો પૂછયું કે આપનો શું હાલ છે ? તો તેમણે કહ્યું, હું સારી છું અને પોતાના આમાલનો પૂરે પૂરો બદલો પામ્યો, ત્યાં સુધી કે મને તે મલીદાનો સવાબ પણ મળ્યો જે એક દિવસ મેં ગરીબને ખવડાવ્યો હતો.

**(૧૬)** ઈબ્ને અબી દુન્યાએ અબ્દુલ્ મલિક લૈષીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબ્દુલ કૈસને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે તમે શું પામ્યું ? તો તેમણે કહ્યું કે ભલાઈ પામી ! મેં પૂછયું કે સર્વ શ્રેષ્ઠ કયો અમલ પામ્યો ? તો તેમણે કહ્યું કે સર્વ શ્રેષ્ઠ અમલ તે હતો જે કેવળ અલ્લાહને રાજી કરવા માટે કરવામાં આવ્યો.

**(૧૭)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ અબ્દુલ્લાહ હુઝરીથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં પોતાના કાકાને સ્વપ્નમાં જોયા તો તે ફર્માવી રહ્યા હતા કે દુનિયા ધોકો છે અને આખેરત જહાનો માટે સુરૂર છે અને યક્રીનથી બેહતર કોઈ ચીજ નથી. ખુદા અને મુસલમાનોની ખેરખ્વાહી (ભલાઈ ઈચ્છવી) ખૂબ સારી ચીજ છે. કોઈ નેકીને હકીર (તુચ્છ) ન સમજો જ્યારે કોઈ નેક કામ કરો તો સમજો કે હક્ક્ અદા નથી થયો.

**(૧૮)** ઈબ્ને અબી દુન્યાએ અસ્મઈથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે મેં એક બસરી શૈખને જોયા તે યૂનુસ બિન ઉબૈદના સાથીઓમાં હતા. તેમનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. મેં સ્વપ્નમાં તેમને પૂછયું કે આપ ક્યાંથી આવી રહ્યા છો ? તો ફર્માવવા લાગ્યા કે યૂનુસ તૈયબ પાસેથી. મેં પૂછયું, યૂનુસ તૈયબ કોણ છે ? તેમણે કહ્યું, તે ફક્રીહુલ બૈત (ઝાહિદ) છે. મેં કહ્યું કે શું તે ઈબ્ને ઉબૈદ છે ? તેમણે કહ્યું કે, હા ! મેં કહ્યું કે તેમનો મકૃામ શું છે ? તેમણે કહ્યું કે તે જન્નતી હૂરો સાથે છે.

**(૧૯)** ઈબ્ને અબી દુન્યાએ મૈમૂન કિર્દીથી રિવાયત કરી. તેમણે કહ્યું, મેં ઉરવા બિન બઝ્ઝારને સ્વપ્નમાં જોયા તો તે ફર્માવવા લાગ્યા કે ફલાણા પાણી ભરવાવાળાનો એક દિરહમ મારા પર (કર્ઝ) છે અને તે ઘરના ફલાણા તાકમાં મૂકેલો છે, તેને જઈ દઈ દો. સવારે ઉઠીને મેં ભીશ્તીને

પૂછયું કે શું તેનું કાંઈ ઉરવહના જિમ્મે (કર્ઝ) છે ? તો તેણે કહ્યું કે, હા ! એક દિરહમ. જેથી તે દિરહમ મેં તેના ઘરેથી લાવીને તેને દઈ દીધો.

**(૨૦)** ઈબ્ને અબી દુન્યાએ એક શખ્સથી રિવાયત કરી. તેણે કહ્યું, મેં સુવૈદ બિન અમ્ર કલ્બીને સ્વપ્નમાં જોયા, તે બહુ સારી સ્થિતિમાં હતા, મેં તેનો સબબ પૂછયો તો તેમણે ફર્માવ્યું કે હું કલમો વધુ પ્રમાણમાં પઢતો હતો, તમે પણ તેની કષરત કરો. પછી કહ્યું કે દાઊદ તાઈ અને મુહમ્મદ બિન નજર હારષી પોતાના મામલામાં કામયાબ થયા.

**(૨૧)** ઈબ્ને અબી દુન્યાએ ઈબ્રાહીમ બિન મુન્ઝર હિરાનીથી રિવાયત કરી, તેમણે કહ્યું કે મેં ઝહાક બિન ઉષ્માનને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે તમારી સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે કહ્યું કે આસ્માનમાં કેટલાંક કુંડાં છે, જેણે કલમએ તૈયબા પઢયો તે તેમાં લટકી ગયો અને જેણે ન પઢયો તે પડી ગયો.

**(૨૨)** ઈબ્ને અબી દુન્યાએ મુહમ્મદ બિન અબ્દુર્રહમાન મખ્ઝૂમીથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે એક શખ્સે ઈબ્ને આઈશા તમીમને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ તારી સાથે શું મામલો કર્યો ? તો તેણે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ મને પોતાનાંઓથી મહોબ્બતના બદલામાં બખ્શી આપ્યો.

**(૨૩)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી એક કઝ્વીની સાલેહથી રિવાયત કરી. એક ચાંદની રાતમાં મને ઈબાદતનો શોખ પેદા થયો તો હું મસ્જિદમાં ગયો. નમાઝ પઢી દુઆ માંગી અને પછી અચાનક ઊંઘ આવી ગઈ તો મેં જોયું કે એક જમાઅત જે ઈન્સાનોની ન હતી પોતાનાં હાથોમાં તબાક લીધેલ છે અને દરેક તબાકમાં બરફની જેમ સફેદ ચપાટીઓ (રોટલીઓ) છે અને પ્રત્યેક ચપાટી પર માખણ મૂકેલ છે. તેમણે મને કહ્યું કે ખાઓ ! મેં કહ્યું કે મારો ઈરાદો તો રોઝાનો છે. તેમણે કહ્યું કે આ ઘરવાળાનો ઉપદેશ છે કે તમે આ ખાવ ! જેથી મેં ખાધી. પછી મેં તે મોતી ઉઠાવવા ઈચ્છયું તો મને કહેવામાં આવ્યું કે એને અમે રોપી દઈશું જેથી આનાંથી શ્રેષ્ઠ મોતી તમારા માટે નીકળી આવે. મેં કહ્યું, આનું ઝાડ ક્યાં લગાડશો ? તેમણે કહ્યું, એવા ઘરમાં જે કદાપિ વેરાન નહીં થાય અને જેના ફળ કદી ખરાબ નહીં થાય. સારાંશ





કે તેમણે કહ્યું કે અમે તેને જન્નતમાં લગાડીશું. રાવી કહે છે કે બે જુમ્આ પછી તે શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. સુદ્દી કહે છે તેના મૃત્યુ બાદ મેં તેને સ્વપ્નમાં જોયો, તે કહી રહ્યો હતો કે શું તમે તે ઝાડથી તઅજ્જુબ (આશ્ચર્ય) નથી કરતા જે મેં લગાડયું હતું ! હવે તેમાં અવર્ણનીય ફળ લાગી રહ્યાં છે.

**(૨૪)** ઈબ્ને અબી દુન્યાએ ઈસ્માઈલ બિન અબ્દુલ્લાહ બિન મૈમૂનથી રિવાયત કરી કે મેં અલી બિન મુહમ્મદ બિન ઈમરાનને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે કયો અમલ શ્રેષ્ઠ પામ્યો ? તો તેમણે કહ્યું કે મઅ્રિફત. મેં પૂછયું કે તમારો એવી વ્યક્તિ વિશે શું ખયાલ છે ? જે કહે છે *હદ્દષના* અથવા *અખ્બિરના*. તો આપે ફર્માવ્યું કે હું ફખ્ર (ગર્વ)ને બુરો સમજું છું. (આનો હેતુ એ છે કે તક઼વાના તે મક઼ામ પર પહોંચી ચૂક્યા હતા કે હદીષ બયાન કરતી સમયે જમા મુતકલ્લિમનો સેગો જે એક વચનમાં સન્માન માટે આવે છે તેને પણ ફખ્રમાં ગણી બુરુ સમજતા હતા.)

**(૨૫)** ઈબ્ને અબી દુન્યાએ માલિક બિન દીનારના અમુક સાથીઓથી રિવાયત કરી કે તેમણે સ્વપ્નમાં માલિકને જોયા તો પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શો વર્તાવ કર્યો ? તો તેમણે જવાબ આપ્યો કે ખૂબ સારો ! અમે નેક અમલ, સહાબા, પૂર્વજ સાલેહીન તથા બુઝુર્ગોની મજલિસોથી બેહતર કોઈ ચીજ ન પામી.

**(૨૬)** ઈબ્ને અબી દુન્યાએ અબ્દુલ વહાબ બિન યઝીદ કુન્દીથી રિવાયત કરી, તે કહે છે કે મેં સ્વપ્નમાં અબૂ ઉમર જરીરને જોયા તો પૂછયું કે તમારી સાથે શું મામલો કરવામાં આવ્યો ? તો તેમણે ફર્માવ્યું કે સારો મામલો થયો અને મારી બખ્શિશ થઈ. મેં પૂછયું, સર્વ શ્રેષ્ઠ કઈ ચીજ પામી ? તો તેમણે કહ્યું કે સુન્નત અને ઈલ્મ જેના પર તમે અમલ કરતા હોઉં. મેં પૂછયું, આમાલમાં કયો અમલ બુરો પામ્યો ? તો તેમણે ફર્માવ્યું કે અસ્માથી બચો. મેં કહ્યું, તેનો શું મતલબ ? તો તેમણે ફર્માવ્યું કે ક઼દરિયા, મોઅ્તઝલિયા, મુરજિયા અને પછી તેમણે બિદઅતીઓનાં નામો ગણાવવાં શુરૂ કરી દીધાં.

**(૨૭)** ઈબ્ને અબી દુન્યાએ અબૂબક્ર સેરફીથી રિવાયત કરી કે એક

શખ્સ જે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماને ગાળો આપતો હતો, મૃત્યુ પામ્યો અને ફિર્કૃએ જહુમિયાના અકૃીદા ધરાવતો હતો. તેને એક શખ્સે એવી સ્થિતિમાં જોયો કે માદરઝાદ નગ્ન છે અને માથા પર એક ચીથરું છે અને એક ચીથરું શર્મગાહ પર છે. તેણે પૂછ્યું કે ખુદાએ તારી સાથે શું મામલો કર્યો ? તો તેણે જવાબ આપ્યો કે તેણે (ખુદાએ) મને બક્ર કૈસ અને ફિરઔન બિન સઅદની સાથે કરી દીધો. આ બંનેવ ઈસાઈ હતા.

**(૨૮)** ઈબ્ને અબી દુન્યાએ એક શૈખથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મારો એક પડોશી જે તે મસ્અલાઓમાં ખૂબ ઉલઝતો હતો જે બિદઅતીઓએ કાઢયા છે, તે મૃત્યુ પામ્યો. મેં તેને સ્વપ્નમાં જોયો કે કાંણો છે. મેં પૂછ્યું કે ભાઈ ! આ શું મામલો છે ? તો તેણે કહ્યું કે મેં મુહમ્મદ ﷺના સહાબાની શાનમાં ઐબ કાઢયા, અલ્લાહે મને એબદાર કરી દીધો અને તેણે પોતાની ફૂટેલી આંખ પર હાથ મૂકી દીધો.

**(૨૯)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ જઅ્ફર મદીનીથી રિવાયત કરી, તે ફર્માવે છે મેં મેહમૂદ બિન હમીદને પોતાના સ્વપ્નમાં જોયા, તે ખૂબ પરહેઝગાર આદમી હતા. તે બે લીલાં કપડાં પહેરેલ હતા. મેં પૂછ્યું કે મૌત પછી શું હાલ થયો ? તો તે મારી તરફ જોઈ ફર્માવવા લાગયા કે,

(શેઅરનો અર્થ) : "મુત્તકીઓ જન્નતમાં નાહીદા પિસ્તાન કુંવારી સ્ત્રીઓના નજીકમાં ખૂબ જ સારા છે. અને આ વાત સાચી છે." અબૂ જા'ફર કહે છે કે અલ્લાહની કૃસમ ! આ શેઅર પહેલાં મેં કોઈથી સાંભળ્યો ન હતો.

**(૩૦)** ઈબ્ને અબી દુન્યા અને બયહકીએ 'શોઅબ'માં મુતરફ બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી, તે કહે છે કે મેં કૃબ્રસ્તાનમાં એક કૃબ્ર પાસે બે રકાત નમાઝ જલ્દી જલ્દી પઢી. પછી મને ઉંઘ આવી ગઈ તો મેં જોયું કે સાહિબે કૃબ્ર મારી સાથે વાત કરી રહ્યો છે અને કહી રહ્યો છે કે તમે નમાઝ તો પઢી પણ સારી રીતે નથી પઢી. મેં કહ્યું કે આપે સાચું કહ્યું ! એવું જ થયું. તો તેમણે ફર્માવ્યું કે તમે લોકો અમલ કરો છો પણ જાણતા નથી અને અમે જાણીએ છીએ પણ અમલ નથી કરી શકતા. પછી કહ્યું કે કાશ ! આ બે રકાત તમારા બદલે હું અદા કરત તો એ




મારી નજીક દુનિયા તથા જે કાંઈ તેમાં છે તેનાથી શ્રેષ્ઠ હોત. મેં તેમને પૂછ્યું કે અહીંયા કોણ લોકો દફનાવાયેલ છે ? તેમણે કહ્યું કે સર્વ મુસલમાન છે અને સર્વને ભલાઈ મળી છે. મેં કહ્યું કે તેઓમાં સર્વ શ્રેષ્ઠ કોણ છે ? તો તેમણે એક કૃબ્રની તરફ ઈશારો કર્યો. મેં ખુદાથી દુઆ કરી કે હે અલ્લાહ ! તેમને તું મારા માટે કાઢી દે જેથી હું તેમની સાથે વાત કરી શકું. તો કૃબ્રથી એક નવયુવાન નીકળ્યો. મેં પૂછ્યું કે તમે આ મર્તબો કયા સબબે પામ્યો ? તો તેણે જવાબ આપ્યો કે હજ્જ તથા ઉમરાની અધિક્તાથી, અલ્લાહના માર્ગમાં જેહાદથી અને નેક અમલથી, હું મુસીબતોમાં સપડાય ગયો પરંતુ મને સબ્રની તૌફીકૃ મળી અને એ રીતે આ મકૃામ પામ્યો.

**(૩૧)** ઈબ્ને અબી દુન્યા અયાસ બિન દગફલથી રિવાયત કરે છે કે મેં અબુલ અલા યઝીદ બિન અબ્દુલ્લાહને સ્વપ્નમાં જોયા તો પૂછ્યું કે મૌતનો સ્વાદ કેવો પામ્યો તો કહેવા લાગ્યા કે કડવા. મેં પૂછ્યું કે મૌત પછી શું હાલ થયો ? તો કહ્યું કે ભાઈ મને ખૂશ્બુ અને ફૂલ અને રઝા સર્વ મળ્યા. મેં પૂછ્યું કે તમારા ભાઈ મુતરફનું શું થયું ? તો કહ્યું કે તે પોતાના યકૃીનના સબબે મારા પર ઉચ્ચ મર્તબો લઈ ગયો.

**(૩૨)** ઈબ્ને અબી દુન્યાએ પોતાની સનદ થકી રિવાયત કરી કે એક શખ્સે પોતાના ભાઈને સ્વપ્નમાં જોયો તો પૂછ્યું કે જ્યારે તમને કૃબ્રમાં રાખવામાં આવ્યા તો પછી શું થયું ? તેણે કહ્યું કે એક શખ્સ આગનો કોરડો લઈને મારી તરફ દોડયો, જો દુઆ કરવાવાળા મારા માટે દુઆ ન કરતા તો તે મને મારી જ દેતો.

**(૩૩)** ઈબ્ને અબી દુન્યાએ મુન્કદર બિન મુહમ્મદ બિન મુન્કદરથી રિવાયત કરી તે કહે છે કે એક રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે હું મસ્જિદે નબવી શરીફમાં પ્રવેશી રહ્યો છું. એક રોઝા પર લોકોની ભીડ જામી છે તે એક આદમી છે. મેં લોકોને પૂછ્યું કે આ કોણ છે ? તો જાણવા મળ્યું કે આ એક શખ્સ છે જે આખિરતથી થઈને આવી રહ્યો છે અને લોકોને તેમનાં મુડદાંઓની હાલતો બતાવી રહ્યો છે. હવે મેં ધ્યાનથી જોયું તો તે શખ્સ સફ્ફાન બિન સલીમ હતા. લોકો તેમનાથી પ્રશ્નો કરી રહ્યા હતા અને તે જવાબ દઈ રહ્યા હતા. પછી તેમણે પૂછ્યું કે શું અહીંયા મુહમ્મદ

બિન મન્સૂરની ખૈરિયત પૂછનાર કોઈ નથી ? લોકોએ મારા પ્રતિ ઈશારો કરીને કહ્યું કે અહીંયા તેમના પુત્ર મૌજૂદ છે. લોકોએ મને રસ્તો આપ્યો, હું નજીક થયો અને પૂછયું તો ફર્માવ્યું કે હે પુત્ર ! અલ્લાહ તઆલાએ તેમને એવી એવી જન્નત અતા ફર્માવી છે અને હવે તેમને ક઼ાયમી જન્નતી બનાવી દીધા છે હવે તેમના પર મૌત નહીં આવે.

**(૩૪)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ કરીમા થકી રિવાયત કરી કે તેમણે કહ્યું કે એક શખ્સ તેમની પાસે આવ્યો અને તેણે કહ્યું કે મેં પોતાને આજે જન્નતમાં પ્રવેશતાં જોયો છે. જ્યારે હું જન્નતમાં પહોંચ્યો તો તેમાં એક સ્થળે ગુંબદ હતો જેમાં ઐયૂબ, યૂનુસ, ઈબ્ને ઔફ તથા તમીમી હતા. મેં કહ્યું, સુફયાન ષૌરી ક્યાં છે ? તો કહેવા લાગ્યા કે અમે તેમનો દીદાર એવી રીતે કરીએ છીએ કે જાણે અમે તારાને જોઈ રહ્યા છીએ.

**(૩૫)** ઈબ્ને અબી દુન્યાએ માલિક બિન દીનારથી રિવાયત કરી. તે કહે છે કે મેં મુહમ્મદ બિન વાસેઅને જન્નતમાં જોયા અને પૂછયું કે મુહમ્મદ બિન સીરીન અને હસન (બસરી) ? તો જવાબ આપ્યો કે સિદરતુલ્ મુન્તહાની પાસે છે.

**(૩૬)** ઈબ્ને અબી દુન્યાએ યઝીદ બિન હારૂન થકી રિવાયત કરી તે ફર્માવે છે કે મેં મુહમ્મદ બિન યઝીદ વાસતીને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે બખ્શિશ કરી દીધી. મેં પૂછયું બખ્શિશ કેમ થઈ ? તો ફર્માવ્યું કે એકવાર અબૂ અમ્ર બસરી જુમ્આના દિવસે અમારી પાસે બેઠા અને દુઆ કરી તો અમે 'આમીન' કહ્યું, (અલ્લાહના નેક બંદાઓના વસીલાથી દુઆ જરૂર મક઼બૂલ થાય છે) બસ ! એટલા માટે બખ્શિશ થઈ ગઈ.

**(૩૭)** ખતીબ બગદાદીએ તારીખે બગદાદમાં મુહમ્મદ બિન સાલિમથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં સ્વપ્નમાં ક઼ાઝી યહ્યા બિન અકષમને જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું વર્તન કર્યુ ? તો તેમણે જણાવ્યું કે અલ્લાહે મને પોતાની રૂબરૂ બોલાવી ધમકાવ્યો અને કહ્યું કે હે બદ્અમલ વૃદ્ધ ! જો તારી દાઢી સફેદ ન હોત તો હું તને આગમાં સળગાવતો ! બસ પછી શું હતું ! મારો તે જ હાલ થયો જે એક બેકિંમત





ગુલામનો પોતાના આક઼ાની સમક્ષ થાય છે. હું બેભાન થઈ ગયો. તો ફરી મને એ જ પ્રમાણે ખિતાબ કર્યો. ત્રણવાર આમ જ થયું. જ્યારે મને હોશ આવ્યો તો મેં અર્ઝ કરી, હે મૌલા ! તારું ફર્માન મારા સુધી પહોંચ્યું છે તેમાં તો આવું નથી ! અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે તે ફર્માન કયુ છે ? (જ્યારે કે તે સર્વ કાંઈ જાણે છે) મેં અર્ઝ કરી કે મારાથી અબ્દુર્રઝ્ઝાક બિન હમામે બયાન કર્યું તેમણે મઅમર બિન રાશિદથી, તેમણે ઈબ્ને શિહાબ ઝોહરીથી, તેમણે અનસ બિન માલિકથી, તેમણે તારા નબી ﷺથી, તેમણે જિબ્રઈલ عليه السلامથી, તેમણે તારાથી કે તેં ફર્માવ્યું, જે શખ્સ ઈસ્લામની હાલતમાં વૃદ્ધ થયો હું તેને અઝાબ આપવાથી હયા ફર્માવું છું. (એટલે કે તેને અઝાબ નથી આપતો) તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અબ્દુર્રઝ્ઝાકે સાચું કહ્યું ! મઅ્મરે સાચું કહ્યું મેં જ આ વાયદો ફર્માવ્યો છે. જાવ ! હે ફરિશ્તાઓ ! મારા આ બંદાને જન્નતની તરફ લઈ જાવ !

**(૩૮)** ઈબ્ને અસાકિરે તારીખે દમિશ્કમાં અબૂબક્ર ફઝ્ઝારીથી રિવાયત કરી, તે કહે છે કે અહમદ બિન હંબલના ભાઈઓમાંથી કોઈએ તેમને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું હાલ છે ? તો તેમણે ફર્માવ્યું કે ખુદાએ મને પોતાની બારગાહમાં બોલાવી ઊભો કર્યો અને ફર્માવ્યું કે, "હે અહમદ ! તેં કોરડા ખાધા અને સબ્રનું દામન ન છોડયું અને એવું જ કહેતો રહ્યો કે મારા રબનું નાઝિલ કરેલ કલામ મખ્લૂક નથી. મને મારી ઈઝ્ઝતની ક઼સમ છે કે તેના બદલામાં ક઼યામત સુધી તને પોતાનું કલામ સંભળાવતો રહીશ !" તો હવે હું લગાતાર પોતાના રબનું કલામ સાંભળું છું.

**(૩૯)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન મુફઝ્ઝલથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે મેં મન્સૂર બિન અમ્મારને તેમની વફાત બાદ સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ આપની સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે તેણે મને પોતાની હુઝૂર ઉભો કર્યો અને ફર્માવ્યું, તું ભલે બુરા અમલ કરતો હતો પરંતુ તારા દિલમાં મારી મહોબ્બત હતી એટલા માટે હું તારી મગફેરત કરું છું, હવે તું ઊભો થા અને ફરિશ્તાઓની જમાઅતમાં મારી બુઝુર્ગી બયાન કર ! જેથી મારા માટે ખુરશી રાખવામાં

આવી અને મેં ફરિશ્તાઓની જમાઅત સાથે ખુદાની બુઝુર્ગી બયાન કરી.

**(૪૦)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન ઔફથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં મુહમ્મદ બિન હમસીને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું હાલ છે ? તેમણે જવાબ આપ્યો કે બહું સારો છું, હું દિવસમાં એક કે બેવાર પોતાના રબની ઝિયારત કરું છું. મેં કહ્યું, અબૂ અબ્દુલ્લાહ ! તમે દુનિયામાં પણ સુન્નતના પાબંદ હતા અને આખેરતમાં પણ સાહબે સુન્નત છો. તો તે મુસ્કુરાવા લાગ્યા.

**(૪૧)** ઈબ્ને અસાકિરે અબુલ હસન શેઅરાનીથી રિવાયત કરી કે મેં મન્સૂર બિન અમ્મારને તેમની વફાત બાદ સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ આપની સાથે શું મામલો કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને પૂછયું કે શું તમે જ હતા જે લોકોને દુનિયામાં તકવાની પ્રતિ આકર્ષતા અને આખેરતની મહોબ્બત દેખાડતા હતા. મેં અર્ઝ કરી, મૌલા ! આવું જ હતું અને જ્યારે પણ હું કોઈ મજલિસમાં બેસતો તો તેને તારા ઝિક્રથી શરૂ કરતો, પછી તારા નબી પર દુરૂદ મોકલતો પછી તારા બંદાઓને નસીહત કરતો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારા બંદાએ સાચુ કહ્યું ! એટલા માટે આસમાનમાં ખુરશી બિછાવો જેથી જે રીતે તે દુનિયામાં મારી પાકી અને બુઝુર્ગી બયાન કરતો હતો એ જ પ્રમાણે આસ્માનોમાં પણ બયાન કરે.

**(૪૨)** ઈબ્ને અસાકિરે સલમ બિન મન્સૂર બિન અમ્મારથી રિવાયત કરી, તે ફર્માવે છે કે મેં પોતાના બાપને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું હાલ છે ? તેમણે ફર્માવ્યું કે મને મારા રબે નજીક બોલાવ્યો અને ફર્માવ્યું કે હે બદ્ અમલ વૃદ્ધ ! હું તને માફ કરું છું પણ તું જાણે છે કે કેમ માફ કરું છું ? મેં અર્ઝ કરી કે, ના ! અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે એક દિવસ તેં લોકોને એકત્ર કર્યા અને મારું ઝિક્ર કર્યું તો તેઓ રડયા અને તેઓમાં એક એવો શખ્સ પણ રડયો જે મારા ડરથી આજના સિવાય ક્યારેય ન રડયો હતો. મેં તેને બખ્શી દીધો અને તેના સદકામાં સર્વ મજલિસવાળાને બખ્શી દીધા.





**(૪૩)** ઈબ્ને અસાકિરે સલમા બિન અફફાનથી રિવાયત કરી. તેમણે કહ્યું કે મેં વકીઅને તેમની વફાત બાદ સ્વપ્નમાં જોયા. તો પૂછયું કે તમારા રબે તમારી સાથે શું વર્તાવ કર્યો ? તેમણે જવાબ આપ્યો કે જન્નતમાં દાખલ કરી દીધો. પૂછયું, કેમ ? તો જવાબ આપ્યો કે ઈલ્મે દીનના કારણે.

**(૪૪)** ઈબ્ને અસાકિરે અબૂ યહ્યા મુસ્તમલીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં પોતાના બાપ હમામને સ્વપ્નમાં એવી સ્થિતિમાં જોયા કે તેમના માથાથી કંદીલો (જન્નતી ફાનસ) લટકેલ છે. તો પૂછયું, હે અબૂ હમામ ! આ કંદીલો તમે કેમ કરીને પામી ?! તો કહ્યું, આ કંદીલો હદીષે હૌજના સબબે મળી અને હદીષે શફાઅતના સબબે અને આ ફલાણી હદીષના સબબે અને એ પ્રમાણે કેટલીય હદીષો ગણાવી.

**(૪૫)** ઈબ્ને અસાકિરે સુફયાન બિન ઉયૈનાથી રિવાયત કરી. તે કહે છે કે મેં ષૌરીને તેમની વફાત બાદ સ્વપ્નમાં જોયા તો કહ્યું, મને કાંઈક વસિયત ફર્માવો. તો ફર્માવ્યું કે લોકો સાથે હળવું મળવું ઓછું કરી દો ! મેં કહ્યું, હજી કાંઈક ફર્માવો, તો ફર્માવ્યું કે જ્યારે આવશો તો ખૂદ ખબર પડી જશે.

**(૪૬)** ઈબ્ને અસાકિરે અબૂર્રબીઅ ઝોહરાનીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મારા એક પાડોશીએ જણાવ્યું કે મેં આજે સ્વપ્નમાં ઈબ્ને ઔનને જોયો તો પૂછયું કે ખુદાએ તમારી સાથે શું મામલો કર્યો તો ફર્માવ્યું કે સોમનો સૂર્ય હજી ડૂબવા ન પામ્યો હતો ને મારું નામાએ અમલ મારી સમક્ષ પેશ કરવામાં આવ્યું અને અલ્લાહ તઆલાએ મારા પર રહમ ફર્માવી મારી મગફેરત ફર્માવી દીધી. આપની વફાત સોમના દિવસે થઈ હતી.

**(૪૭)** ઈબ્ને અસાકિરે અબૂ અમ્ર ખફાફથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં સ્વપ્નમાં યહ્યા બિન ઝોહલીને જોયા તો પૂછયું કે આપના રબે આપની સાથે શું મામલો કર્યો ? તો જવાબ આપ્યો કે મારી બખ્શિશ ફર્માવી દીધી. મેં પૂછયું કે આપના આમાલનું શું થયું ? તો ફર્માવ્યું કે સોનેરી પાણીથી લખીને તેને ઈલ્લિય્યીનમાં ઉઠાવી લેવામાં આવ્યા.

**(૪૮)** ઈબ્ને અસાકિરે ઉસ્તાઝ બિન અબૂ વલીદથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબૂ અબ્બાસ અસમને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે આપના રબે આપની સાથે શું મામલો કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે હું અબૂ યાકૂબ બૂતી અને રબીઅ બિન સુલેમાન તથા અબૂ અબ્દુલ્લાહ શાફઈના પડોશમાં રહું છું અને દરરોજ દા'વતમાં એકઠા થઈએ છીએ.

**(૪૯)** ઈબ્ને અસાકિરે સુહેલથી રિવાયત કરી તે ફર્માવે છે કે મેં માલિક બિન દીનારને તેમની વફાત બાદ જોયા તો પૂછયું કે આપ ખુદા પાસે શું લઈને પહોંચ્યા ? તેમણે જવાબ આપ્યો કે, પહોંચ્યો તો ઘણા ગુનાહો લઈને હતો પરંતુ મારા અલ્લાહ સાથેના સારા ગુમાને તેને મિટાવી દીધા.

**(૫૦)** ઈબ્ને અસાકિરે યમનની એક ઔરતથી રિવાયત કરી. તેણીએ બયાન કર્યું કે મેં સ્વપ્નમાં રજાઅ્ બિન હયાતને જોયા તો પૂછયું, શું આપનો ઈન્તેકાલ નથી થયો ? તો તેમણે કહ્યું, કેમ નહીં ?! પરંતુ જન્નતવાળાઓને કહેવામાં આવ્યું કે જર્રાહ બિન અબ્દુલ્લાહનુ સ્વાગત કરે. જેથી એ દિવસને યાદ રાખવામાં આવ્યો. થોડા દિવસ પછી જર્રાહ બિન અબ્દુલ્લાહની આઝર બાએજાનમાં શહીદ થવાની ખબર મળી.

**(૫૧)** ઈબ્ને અસાકિરે ઉત્બા બિન હકીમથી રિવાયત કરી. તે બયતુલ્ મુક઼દ્દસની એક સ્ત્રીથી રિવાયત કરે છે કે તે સ્ત્રી કહે છે કે રજાઅ્ બિન હયાત અમારા હમનશીન હતા અને બહુ સારા આદમી હતા. તેમના ઈન્તેકાલ બાદ મને તેમની ઝિયારત થઈ તો પૂછયું કે શું હાલત છે ? તો તેમણે કહ્યું, ખૈરિયતથી છું. અલ્બત્ત એકવાર અમે ગભરાવી દેનાર અવાજ અને શોરબકોર સાંભળ્યો તો સમજ્યા કે ક઼યામત ક઼ાયમ થઈ ગઈ. પછી જણાયું કે આ શોર એટલા માટે છે કે જર્રાહ તેમના સાથી સહિત પોતાના સામાન સાથે જન્નતમાં પ્રવેશી રહ્યા છે.

**(૫૨)** ઈબ્ને અસાકિરે અસ્મઈથી રિવાયત કરી તે પોતાના વાલિદથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું કે એક શખ્સે સ્વપ્નમાં જર હસફીને જોયા તો પૂછયું કે તમારા રબે તમારી સાથે શું મામલો કર્યો ? તો તેમણે કહ્યું, તેણે મારી બખ્શિશ તે નારએ તકબીરના બદલામાં કરી દીધી જે મેં





ફલાણા સ્થળે લગાડયો હતો. તો મેં પૂછયું કે તમારો સાથી ફરઝૂક ક્યાં ગયો ? તો તેમણે કહ્યું કે અફસોસ ! પાક દામન સ્ત્રીઓ પર આક્ષેપ લગાડવાના સબબે તે હલાકતમાં સપડાઈ ગયો.

**(૫૩)** ઈબ્ને અસાકિરે ષૌર બિન યઝીદ શામીથી રિવાયત કરી. તે કહે છે કે મેં કમિયત બિન યઝીદને સ્વપ્નમાં જોયો તો માલૂમ કર્યું કે હાલ કેવો છે ? તો તેમણે ફર્માવ્યું કે તેણે (અલ્લાહે) મને બખ્શી દીધો અને મારા માટે એક ખુરશી બિછાવવામાં આવી અને હુકમ થયો કે હું ગઝલ ગાઉં. જેથી મેં પઢવાનું શરૂ કર્યું જ્યારે હું આ મકામ પર પહોંચ્યો કે, હે લોકોના રબ ! મારા પર રહમ ફર્માવ અને મને જિંદગીના શરાબે સાફીના ધોકાથી બચાવ ! જેમ કે અન્ય લોકો તે ધોકામાં સપડાઈ ગયા. તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કમિયતે સાચુ કહ્યું ! જેવી રીતે બીજા લોકો ધોકામાં પડી ગયા કમિયત બચી રહ્યો. હે કમિયત ! મેં તને બખ્શી દીધો કારણ કે તેં મારી મખ્લૂકના શ્રેષ્ઠ લોકો સાથે મહોબ્બત કરી. જેણે તારા આ શેઅરોને પઢયા જે તેં આલે મુહમ્મદની પ્રશંસામાં કહ્યા છે. હું તેના પ્રત્યેક શેઅરના બદલે એક દરજો આપીશ જે ક઼યામત સુધી બુલંદ થતો રહેશે.

**(૫૪)** ઈબ્ને અસાકિરે અબૂ અશઅશા મિસ્રીથી રિવાયત કરી કે મેં અબૂબક્ર નાજી رحمۃ اللہ علیہને તેમના શહીદ થવાને એક વર્ષ બાદ જોયા કે ખૂબ જ સારી શક્કલમાં છે, તો મેં પૂછયું કે આપના રબે આપની સાથે શું મામલો કર્યો ? તો તેમણે આ શેઅરોમાં જવાબ આપ્યો કે મારા રબે મને કાયમી ઈજ્જત અતા ફર્માવી અને જલ્દી મદદનો વાયદો કર્યો મને કુર્બત તથા નઝદીકી અતા ફર્માવી અને ફર્માવ્યું કે મારા પડોશમાં મજાથી રહો.

**(૫૫)** ઈબ્ને અસાકિરે અબ્દુર્રહ્માન બિન મેહદી થકી રિવાયત કરી. તે કહે છે કે મેં સ્વપ્નમાં સુફયાન ષૌરીને જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું વર્તાવ કર્યો ? તો આપે ફર્માવ્યું, ક઼બ્રમાં પહોંચતાં જ મને અલ્લાહની બારગાહમાં હાજર કરવામાં આવ્યો. તેણે મારાથી ખૂબ જ સરળ હિસાબ લીધો અને મને જન્નતમાં જવાની ઈજાઝત આપી. હું જન્નતના ફૂલો અને બગીચાઓમાં ખૂબ જ શાંતિમય માહોલમાં હતો કે

એકાએક અવાજ આવ્યો કે હે સુફયાન બિન સઈદ ! શું તને ખબર છે કે તેં ખુદાને પોતાની જાન પર અગ્રિમતા આપી ? મેં અર્ઝ કરી, હા ! અલ્લાહની કસમ ! આવું જ થયું.

**(૫૬)** ઈબ્ને અસાકિરે અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہથી રિવાયત કરી, તે ફર્માવે છે કે મેં ઈમામ શાફઈને તેમની વફાત બાદ જોયા તો પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે તેણે મારી બખ્શિશ ફર્માવીને મને તાજ પહેરાવ્યો અને મારી શાદી કરી દીધી અને તેણે ફર્માવ્યું કે આ સર્વ કાંઈ એટલા માટે છે કે જે નેઅમતો મેં તને આપી તેના પર તમે ગર્વ અને ઘમંડ ન કર્યું.

**(૫૭)** ઈબ્ને અસાકિરે રબીઅ બિન સુલૈમાનથી રિવાયત કરી. તે કહે છે કે મેં ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ આપની સાથે શું વર્તાવ કર્યો ? તો ફર્માવ્યું કે તેણે મને સોનાની ખુરશી પર બેસાડયો અને મારા પર મોતીઓની વર્ષા કરી.

**(૫૮)** ઈબ્ને અસાકિરે ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ ફકીહથી રિવાયત કરી તે કહે છે કે મેં સ્વપ્નમાં હાફિઝ અબૂ અહમદ હાકિમને જોયા તો પૂછયું કે કયો ફિર્કો તમારી દષ્ટિએ અધિક નજાત પામનાર છે ? તેમણે ફર્માવ્યું કે અહલે સુન્નત !

**(૫૯)** ઈબ્ને અસાકિરે ખુઝૈમા બિન સુલેમાનથી રિવાયત કરી, તે કહે છે કે મેં આસિમ તુરાબલ્સીને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે, હે અબૂ અલી ! શું હાલ છે ? તો કહેવા લાગ્યા કે મૌત પછી અમે અટક નથી ધરાવતા. મેં પૂછયું, શું હાલ છે ? તો કહ્યું કે ઉચ્ચ જન્નત તથા વસીઅ રહમતમાં છું. મેં પૂછયું, કયા કારણે ? તો કહ્યું, સમુદ્રમાં ખૂબ યુદ્ધ કરવાથી.

**(૬૦)** ઈબ્ને અસાકિરે માલિક બિન દીનારથી રિવાયત કરી તે કહે છે કે મેં મુસ્લિમ બિન યસ્સારને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે મૌત બાદ શું હાલ થયો ? તો જવાબ આપ્યો કે મૌત બાદ સખત ભૂંકપો તથા ભયાનક્તાઓ જોઈ. મેં પૂછયું કે ત્યારબાદ શું જોયું તો જવાબ આપ્યો કે કરીમથી શું ઉમ્મીદ હોય શકે છે ? તેણે અમારી નેકીઓ કબૂલ કરી



શરહુસ્સુદૂર એટલે મૌત તથા કબ્રના હાલાત
અને બુરાઈઓ માફ કરી અને ગુનાહોને બખ્શી દીધા.

**(૬૧)** ઈબ્ને અસાકિરે હસન ઈબ્ને અબ્દુલ અઝીઝ હાશમી અબ્બાસીથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં અબૂ જાઅ્ફર મુહમ્મદ બિન જરીરને સ્વપ્નમાં જોયો તો પૂછયું કે મૌતને કેવી પામી ? તો તેમણે કહ્યું કે ભલાઈ જ ભલાઈ પામી. મેં પૂછયું, કબ્રમાં કેવું પામ્યું ? કહ્યું, ભલાઈ પામી. મેં પૂછયું કે મુન્કર નકીરને કેવા પામ્યા ? જવાબ આપ્યો કે બેહતર પામ્યા. મેં કહ્યું કે હે અબૂ અલી ! તારો રબ તારા પર ખૂબ મહેરબાન છે તેની બારગાહમાં મારું ઝિક્ર કરી આપજે. તો તેમણે ફર્માવ્યું, તમે અમને કહો છો કે અમે તમારું ઝિક્ર અલ્લાહની બારગાહમાં કરીએ જયારે કે અમે ખૂદ તમારા ઝરીએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની બારગાહમાં નઝદીકી મેળવીએ છીએ.

**(૬૨)** ઈબ્ને અસાકિરે જૈશ બિન મુબશ્શિરથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં યહ્યા બિન મુઈનને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે તમારી સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે અલ્લાહે મને કુર્બ અતા ફર્માવ્યો અને ઈનામો ફર્માવ્યાં, તદુપરાંત ત્રણસો હુરો સાથે નિકાહ કરાવી દીધા અને બે વાર પોતાની ઝિયારતથી મુશર્રફ કર્યો. મેં પૂછયું કે આ સર્વ કયા કારણે થયું ? તો કહ્યું કે આના કારણે અને બાયમાંથી હદીષ શરીફની કિતાબ કાઢીને દેખાડી.

**(૬૩)** ઈબ્ને અસાકિરે સુલેમાન ઉમરીથી રિવાયત કરી. તે કહે છે કે મેં અબૂ જાઅ્ફર કારીને સ્વપ્નમાં જોયા તો તે કહેવા લાગ્યા કે મારા ભાઈઓને મારા સલામ પહોંચાડી દેજો અને કહી દેજો કે મારા રબે મને શહીદનો મર્તબો અતા ફર્માવ્યો છે અને પોતાની તરફથી રિઝ્ક અતા કર્યું છે, અને અબૂ હાઝિમને સલામ કહી દેજો અને કહેજો કે ભાન રાખ અને સમજદારીથી કામ કર ! કારણ કે અલ્લાહ અને તેના ફરિશ્તા તારી રાત્રીની સભાઓને જુએ છે. (કદાચ તેની રાતની બેઠક ઠીક નહીં હોય.)

**(૬૪)** ઈબ્ને અસાકિરે ઝકરિયા બિન અદીથી રિવાયત કરી. તે કહે છે કે મેં ઈબ્ને મુબારકને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે તમારી સાથે શું વર્તાવ કર્યો ? તો ફર્માવ્યું કે તેણે મારા સફરના કારણે (જેહાદ

માટેનો સફર) મારી બખ્શિશ કરી દીધી.

**(૬૫)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન ફુઝૈલ બિન અયાઝથી રિવાયત કરી કે તે કહે છે કે સ્વપ્નમાં ઈબ્ને મુબારકને જોયા તો પૂછયું કે કયો અમલ સૌથી બેહતર પામ્યો ? તો કહ્યું કે અલ્લાહના માર્ગમાં જેહાદ અને તેની તૈયારી.

**(૬૬)** ઈબ્ને અસાકિરે યઝીદ બિન મઝઉરથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અવઝાઈને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે હે અબૂ અમ્ર ! કોઈ એવો અમલ બતાવો કે જેના દ્વારા ખુદાને ત્યાં દરજ્જો બુલંદ થાય. તો ફર્માવ્યું કે અહીંયાં ક્યાં તો આલિમોનો દરજ્જો બુલંદ છે અથવા તો ગમઝદા લોકોનો.

**(૬૭)** ઈબ્ને અસાકિરે અબ્દુલ અઝીઝ બિન ઉમર બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી. તે કહે છે કે સ્વપ્નમાં મેં મારા પિતાને જોયા તો પૂછયું કે હે પિતા ! સર્વ શ્રેષ્ઠ અમલ કયો પામ્યો ? તો ફર્માવ્યું કે ઈસ્તિગફાર !

**(૬૮)** ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાનથી રિવાયત કરી, તે ફર્માવે છે કે મેં ખલીફા મુતવક્કિલ બિલ્લાહને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ આપની સાથે શું મામલો કર્યો ? તો જવાબ આપ્યો કે તેણે મારી બખ્શિશ કરી આપી. મેં પૂછયું કે કયા કારણે ? તો કહ્યું કે ભલે મારી પાસે અમલનો કોઈ ભંડાર ન હતો. અલ્બત્ત, જે કાંઈ મેં સુન્નતે નબવીની ખિદમત કરી તેના બદલ બખ્શિશ થઈ.

**(૬૯)** ઈબ્ને અસાકિરે હજ્જાજ બિન........થી રિવાયત કરી. તે ફર્માવે છે કે હું હસન તથા ફરઝૂકની સાથે એક ક઼બ્ર પર ગયો તો હસન (બસરી رحمۃ اللہ علیہ) એ કહ્યું કે હે ફુરઝૂક ! આ દિવસ માટે શું તૈયારીઓ કરી છે ? તો તેણે જવાબ આપ્યો કે તૌહીદ તથા રિસાલતની સાક્ષી સિત્તેર વર્ષથી તૈયાર રાખી છે. તો હસન ચૂપ થઈ ગયા. લબ્તા બિન ફરઝૂક કહે છે કે મેં મારા પિતાને મૃત્યુ બાદ જોયા તો મારા પિતા કહી રહ્યા હતા કે હે બેટા ! તે વાત જે મેં તે દિવસે હસનને કહી હતી આજે કામ આવી ગઈ.





**(૭૦)** ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ બિન સાલેહ સૂફીથી રિવાયત કરી કે એક મુહદ્દિષને કોઈએ સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું હાલ છે ? તો તેમણે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ મારી બખ્શિશ કરી આપી, કારણ કે હું પોતાની કિતાબોમાં હુઝૂરે અકરમ ﷺના નામ પછી દુરૂદ લખવા પર પાબંદી કરતો હતો.

**(૭૧)** ઈબ્ને અસાકિરે યઝીદ બિન મુઆવિયાથી રિવાયત કરી. એક ઝિંદાને એક મુડદા પર પડેલ જોયો તો તે મુડદો બોલી ઉઠયો અને કહેવા લાગ્યો, લોકોને કહી દેજો કે આમિર બિન કૈસનો ચેહરો ક઼યામતના દિવસે ચૌદમી રાત્રીના ચાંદની જેમ રોશન હશે.

**(૭૨)** ઈબ્ને અસાકિરે અબ્દુર્રહમાન બિન ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી. તે કહે છે કે મેં સ્વપ્નમાં મારા પિતાને જોયા કે તે લાંબી ટોપી પહેરલ છે. તો પૂછવા પર જણાવ્યું કે હે પુત્ર ! આ મારી ઝીનત (શોભા) ઈલ્મની ઝીનતના કારણે છે. પછી મેં પૂછયું કે માલિક બિન અનસ ક્યાં છે ? તો ફર્માવ્યું કે فوق فوق એટલે કે ઉપર ! ઉપર ! તે પોતાનું મોઢું ઉઠાવી આ શબ્દ કહેતા રહ્યા ત્યાં સુધી કે તેમની ટોપી પડી ગઈ.

**(૭૩)** ઈબ્ને અસાકિરે ખશનામથી (જે બિશ્ર હાફીના ભાણીયા હતા) રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં મારા મામાને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું વર્તન કર્યું ? તો તેમણે ફર્માવ્યું કે ખૂબ સારો વર્તાવ કર્યો અને ફર્માવ્યું કે હે બિશ્ર ! તેં મારાથી હયા કરી અને તે નફ્સ પર ડર્યો જે મારા માટે હતું.

**(૭૪)** ઈબ્ને અસાકિરે હુસૈન બિન ઈસ્માઈલ મુકામલીથી રિવાયત કરી, તે ફર્માવે છે કે મેં કાશાનીને સ્વપ્નમાં જોયો તો પૂછયું કે ખુદાએ આપની સાથે શું વર્તાવ કર્યો ? જવાબ આપ્યો કે ઘણી મુસીબતથી મુક્તિ મળી. મેં પૂછયું કે અહમદ બિન હંબલનો શું હાલ છે ? કહ્યું કે અલ્લાહ તઆલાએ તેમની બખ્શિશ ફર્માવી દીધી. મેં પૂછયું કે બિશ્ર હાફીનો શું મામલો રહ્યો ? તો તેમણે જવાબ આપ્યો કે તેમને ખુદા તરફથી દરરોજ બે વાર શર્ફ અને કરામત મળે છે.

**(૭૫)** ઈબ્ને અસાકિરે આસિમ જોહનીથી રિવાયત કરી તે કહે છે કે મેં સ્વપ્નમાં જોયું કે હું કોઈ સ્થળે ગયો છું. ત્યાં મારી મુલાકાત બિશ્ર હાફીથી થઈ. મેં પૂછયું કે ક્યાંથી તશરીફ લાવી રહ્યા છો ? તો બોલ્યા કે ઈલ્લિય્યીનથી આવી રહ્યો છું. મેં પૂછયું કે ખુદાએ અહમદ બિન હંબલ સાથે શો વર્તાવ કર્યો. તો તેમણે ફર્માવ્યું કે હું, અહમદ બિન હંબલ અને અબ્દુલ વહાબ વર્રાકને હમણા અલ્લાહની સમક્ષ છોડીને આવ્યો છું. તે ખાઈ પી રહ્યા છે અને ખુશીઓ મનાવી રહ્યા હતા. મેં પૂછયું કે આપનો શું હાલ છે ? તો બોલ્યા કે અલ્લાહ તઆલા ખાવાથી મારી અરૂચીને જાણે છે, તેણે મને પોતના દીદારની નેઅમતથી સરફરાઝ ફર્માવી દીધો.

**(૭૬)** ઈબ્ને અસાકિરે અબૂ જાઅ્ફર સકાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં બિશ્ર હાફીને સ્વપ્નમાં જોયા અને મઅરૂફ કરખી તેમની સાથે હતા. મેં પૂછયું કે ક્યાંથી તશરીફ લાવી રહ્યા છો ? તો ફર્માવ્યું કે જન્નતુલ ફિરદૌસથી મૂસા કલીમુલ્લાહ عليه السلامની ઝિયારત કરીને આવી રહ્યા છીએ.

**(૭૭)** ઈબ્ને અસાકિરે કૃાસિમ બિન મુનબ્બાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં બિશ્ર હાફીને સ્વપ્નમાં જોઈને પૂછયું કે ખુદાએ તમારી સાથે શું મામલો કર્યો ? તો ફર્માવવા લાગ્યા કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મેં તમને બખ્શયા અને તમારા જનાઝામાં સામેલ થયો તેને પણ. તો મેં અર્ઝ કરી, હે ખુદા ! તેમને પણ બખ્શી આપ જે મારાથી મહોબ્બત કરે ! અલ્લાહે ફર્માવ્યું કે તેમને પણ બખ્શી આપ્યા.

**(૭૮)** ઈબ્ને અસાકિરે અહમદ દૂરકૃીથી રિવાયત કરી. તે કહે છે કે મારો એક પડોશી મૃત્યુ પામ્યો. મેં તેને સ્વપ્નમાં જોયો તે **બે જન્નતી કપડાં પહેરેલ હતો. મેં તેને પૂછયું કે આ ક્યાંથી આવ્યાં ? તેણે જવાબ આપ્યો કે અમારા કૃબ્રસ્તાનમાં બિશ્ર હાફીને દફન કરવામાં આવ્યા છે તેની ખુશીમાં દરેક મુડદાંને બે બે લિબાસ પહેરાવવામાં આવ્યા છે.**

**(૭૯)** ઈબ્ને અસાકિરે એક શખ્સથી રિવાયત કરી. તેણે કહ્યું કે મેં





સ્વપ્નમાં બિશ્ર હાફીને જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું વર્તાવ કર્યો છે ? જવાબ આપ્યો કે અલ્લાહે મારી બખ્શિશ કરી દીધી અને ફર્માવ્યું, હે બિશ્ર તેં મારી એટલી પણ ઈબાદત પણ ન કરી જેટલી કે મેં તારા નામની કૃદર, તા'ઝીમ વધારી દીધી.

**(૮૦)** ઈબ્ને અસાકિરે એક અન્ય શખ્સથી રિવાયત કરી કે તેણે બિશ્ર હાફીને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે આપની સાથે શું કર્યુ ? તો તેમણે જવાબ આપ્યો કે અલ્લાહે મારી મગફેરત કરી દીધી અને ફર્માવ્યું, હે બિશ્ર ! જો તું સળગતા અંગારા પર મારા માટે સિજદા કરત તો પણ મારા એહસાનનો બદલો ન ચૂકાવી શકત જે મેં તારી અઝમત લોકોના દિલોમાં નાખીને કર્યું.

**(૮૧)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન ખુઝૈમાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે જ્યારે અહમદ બિન હંબલની વફાત થઈ તો હું ખૂબ જ ઉદાસ થયો. એક રાત્રે તેમને સ્વપ્નમાં જોયા કે નાઝથી ચાલી રહ્યા છે. મેં પૂછયું કે હે અબૂ અબ્દુલ્લાહ ! આ કેવી ચાલ છે ? તો તેમણે ફર્માવ્યું, આ ખાદિમોની જન્નતમાં ચાલ છે. મેં પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શું વર્તાવ કર્યો ? તો તેમણે ફર્માવ્યું કે તેણે મારી બખ્શિશ કરી દીધી. મનેં તાજ પહેરાવ્યો અને સોનાના બે જોડ કપડાં પહેરાવ્યા અને ફર્માવ્યું કે હે અહમદ ! આ સર્વ કાંઈ એટલા માટે છે કે તેં એવું કહ્યું કે કુર્આન મારું કલામ છે. પછી અલ્લાહે ફર્માવ્યું કે હે અહમદ ! મારાથી તે દુઆ કરો જે તમે દુનિયામાં કરતા હતા. મેં કહ્યું કે હે મારા રબ ! દરેક ચીજ .......હું હજી આટલું જ કહેવા પામ્યો હતો કે તેણે ફર્માવ્યું, દરેક ચીજ તમારા માટે મૌજૂદ છે ! પછી મેં કહ્યું, દરેક ચીજ પર તારી કુદરતના સબબે. તેણે ફર્માવ્યું કે તમે સાચુ કહ્યું. મેં અર્ઝ કરી કે મને કાંઈ ન પૂછજે અને મારી બખ્શિશ કરી દેજે. તેણે (અલ્લાહે) ફર્માવ્યું, જાવ ! આમ જ કરી દીધું ! પછી ફર્માવ્યું, હે અહમદ ! આ જન્નત છે તેમાં પ્રવેશી જાવ ! જ્યારે હું પ્રવેશ્યો તો સુફયાન થૌરી મૌજૂદ હતા. તેમની બે પાંખો હતી જેના દ્વારા એક ખજૂરના ઝાડથી બીજા ઝાડ પર ઉડી રહ્યા હતા અને કહી રહ્યા હતા કે સર્વ તારીફો તે ખુદા માટે છે જેણે અમારી સાથે કરેલ વાયદાઓ સાચા કરી બતાવ્યા અને જન્નતની

જમીનના અમને વારસ બનાવ્યા અને જન્નતમાં અમે જ્યાં ઈચ્છીએ છીએ ઠેકાણું બનાવીએ છીએ. તો અમલ કરવાવાળાઓનો સવાબ ખૂબ જ શ્રેષ્ઠ છે. મેં પૂછયું કે અબ્દુલ વહાબ વર્રાકનો શું હાલ છે ? તો તેમણે ફર્માવ્યું કે હું તેમને નૂરના સમુદ્રમાં છોડીને આવ્યો છું. મેં પૂછયું કે બિશ્ર હાફી શી સ્થિતિમાં છે ? કહ્યું કે તે ખુદાની બારગાહમાં છે, તેમની સમક્ષ એક દસ્તરખ્વાન છે અને રબ્બે જલીલ તેમના પ્રતિ ધ્યાનિત છે અને ફર્માવી રહ્યો છે કે હે દુનિયામાં ન ખાનાર ! અને ન પીનાર ! આ જહાનમાં ખા અને મજા માણ !

**(૮૨)** ઈબ્ને અસાકિરે અલિફ બિન અબી દલફ અજલીથી રિવાયત કરી. તે કહે છે કે મેં પોતાના પિતાને સ્વપ્નમાં જોયા કે તે કાળી દિવેલવાળા ભયાનક ઘરમાં છે અને ઘરની જમીનમાં ભયનો અસર છે અને તે નગ્ન છે. અને પોતાનુ માથુ ઘુંટણો સુધી નમાવેલ છે. મને પૂછયું કે શું તમે અલિફ છો ? મેં કહ્યું, હા ! તો તેમણે આ શેઅર પઢયો, "મારા ઘરવાળાઓને ખબર પહોંચાડી આપો કે બરઝખમાં મારો આ હાલ છે, અમારાથી દરેક કામો વિશે પૂછપરછ કરવામાં આવી. ઘરવાળાઓને કહી દો કે મારી ગભરામણ પર દયા કરો." પછી મને કહ્યું કે શું સમજી ગયા ? મેં કહ્યું કે હા ! પછી આ શેઅર પઢયો કે, "જો મૌત બાદ મુક્તિ હોત તો પ્રત્યેક જીવંત માટે મૌત રાહત હોત. પરંતુ આપણે મૃત્યુ બાદ ઉઠાવવામાં આવીશું અને દરેક વાતનો જવાબ આપવો પડશે." આમ કહીને તે ચાલ્યા ગયા અને હું જાગી ઉઠયો.

**(૮૩)** ઈબ્ને અસાકિરે અસ્મઈથી રિવાયત કરી, તે પોતાના પિતાથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે મેં હજ્જાજને સ્વપ્નમાં જોયો તો પૂછયું કે અલ્લાહ તઆલાએ તારી સાથે શું વર્તાવ કર્યો ? તેણે જવાબ આપ્યો કે દરેક ઈન્સાનના બદલામાં જેને મેં કૃતલ કર્યા હતા, સિત્તેર વાર કૃતલ કરવામાં આવ્યો. પછી એક વર્ષ બાદ ફરીવાર સવાલ કર્યો તો કહ્યું કે પહેલા વર્ષે પૂછી તો ચૂકયા છો ? (મતલબ એ છે કે સ્થિતિ તે જ પ્રમાણે છે.)

**(૮૪)** ઈબ્ને અસાકિરે ઉમર બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી. તે કહે છે કે મેં સ્વપ્નમાં એક મુડદુ પડેલ જોયું. તો પૂછયું, આ શું છે ?





તો જવાબ આપ્યો, જો તમે તેની સાથે વાત કરશો તો તે બોલવા લાગશે. મેં તેને ઠોકર મારી, તેણે આંખો ખોલી. મેં પૂછયું, તું કોણ છે ? તેણે કહ્યું, હું હજ્જાજ છું. ખુદા તઆલાની બારગાહમાં આવ્યો તો તેને સખત અઝાબવાળો પામ્યો. તેણે મને દરેક કૃતલના બદલ સિત્તેરવાર કૃતલ કર્યો અને હવે હું તેની સમક્ષ મુન્તઝિર છું કે તે જન્નતનો ફેંસલો આપે છે કે જહન્નમનો !

**(૮૫)** ઈબ્ને અસાકિરે અશ્અશથી રિવાયત કરી, તે કહે છે કે મેં સ્વપ્નમાં હજ્જાજને જોયો તો ખૂબ જ બુરી સ્થિતિમાં હતો. મેં પૂછયું, અલ્લાહે તારી સાથે શું મામલો કર્યો. કહેવા લાગ્યો કે દરેક કૃતલના બદલે તેણે મને કૃતલ કર્યો અને હવે હું તે જ ચીજનો મુન્તઝિર છું જેનો એક મુન્તઝિર હોય છે.

**(૮૬)** ઈબ્ને અસાકિરે, અબુલ હુસૈનથી રિવાયત કરી. તે કહે છે મેં સ્વપ્નમાં જોયું કે એક વિશાળ મકાનમાં પ્રવેશી રહ્યો છું. મકાનના તખ્તા પર એક સાહબ બેઠા છે અને તેમની સામે એક શખ્સ કાંઈ શેકી રહ્યો છે. મેં પૂછયું કે આ બંને કોણ છે ? તો જાણવા મળ્યું કે તખ્ત પર બેઠેલ યઝીદ નહવી છે અને બીજા અબૂ મુસ્લિમ ખુરાસાની. મેં પૂછયું કે ઈબ્રાહીમ સોનીનો શું હાલ છે ? કહ્યું કે તે આ'લા ઈલ્લિય્યીનમાં છે. મેં પૂછયું કે તેમના સુધી કોણ પહોંચશે ? કહ્યું કે અબુલ હુસૈન આ જ સ્વપ્ન સમરકંદ, જૂરજાન તથા ખુરાસાનના કેટલાક શખ્સોએ જોયું.

**(૮૭)** ઈબ્ને અસાકિરે અહમદ બિન અબ્દુર્રહમાન મોઅબ્બરથી રિવાયત કરી. તે કહે છે કે મેં સાલેહ બિન અબ્દુલ કુદુસને સ્વપ્નમાં ખુશહાલ જોયા તો પૂછયું કે તમારા રબે તમારી સાથે શું વર્તન કર્યું ? અને બેદીનીનો ઈલ્ઝામ જે તમારા પર હતો તેનું શું થયું ?

**(૮૮)** ઈબ્ને અસાકિરે અબૂ યઝીદ તેફૂર બુસ્તામીથી રિવાયત કરી કે આપે સ્વપ્નમાં હઝરત અલી كرم الله وجهه الكريم ને જોયા તો પૂછયું, હે અમીરુલ મુ'મિનીન ! મને કાંઈ નસીહત ફર્માવો. તો ફર્માવ્યું, માલદારોનું કેવળ અલ્લાહની રઝા ખાતર ગરીબો સાથે ખાકસારીથી મળવું ઘણી સારી ચીજ છે. મેં અર્ઝ કરી, કોઈ અન્ય નસીહત ફર્માવો !

આપે ફર્માવ્યું, તેનાથી સારી નસીહત એ છે કે ફક઼ીરોનો માલદારો પર ભરોસો. મેં કહ્યું કે કોઈ અન્ય નસીહત કરો ! તો કહેવા લાગ્યા, આ જુઓ ! અને પોતાની મુટ્ઠી ખોલી જેમાં સોનેરી પાણીથી લખેલુ હતું કે, "તું મુડદો હતો, જીવંત થઈ ગયો અને જલ્દી ફરી મુડદો થઈ જઈશ ! તો નષ્ટ થવાવાળા ઘરને પાડીને બાકી રહેવાવાળા ઘરમાં ઘર બનાવો !"

**(૮૯)** ઈબ્ને અસાકિરે કોઈ મક્કીથી રિવાયત કરી કે તેણે કહ્યું કે મેં સઈદ બિન સાલિમ કદ્દાહને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે આ ક઼બ્રસ્તાનમાં સર્વ શ્રેષ્ઠ કોણ છે ? તો તેમણે ઈશારાથી બતાવ્યું કે ફલાણી ક઼બ્રવાળો અમારાથી અફઝલ છે. મેં પૂછયું કે તે ફઝીલત શા કારણે ? તેણે કહ્યું કે તેની અજમાઈશ કરવામાં આવી પરંતુ સાબિર રહ્યો. મેં કહ્યું કે ફુઝૈલ બિન અયાઝની શી સ્થિતિ છે ? તો તેણે કહ્યું કે તેમને એવો જન્નતી લિબાસ આપવામાં આવ્યો છે કે સમગ્ર દુનિયા તેના કિનારાની બરાબર પણ નથી.

**(૯૦)** ઈબ્ને અસાકિરે અબુલ ફરહ ગૈષ બિન અલીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબુલ હસન આકૂલી મુકરીને સ્વપ્નમાં જોયા કે ખૂબ જ સારી સ્થિતિમાં છે. મેં પૂછયું, શું હાલ છે ? કહ્યું કે સારા હાલ છે. મેં કહ્યું, આપ તો મરી ચૂક્યા છો ! તેમણે કહ્યું, બેશક ! મેં કહ્યું, મૌત કેવી છે ? કહ્યું, સારી છે. મેં કહ્યું, અલ્લાહ આપની બખ્શિશ ફર્માવી જન્નતમાં દાખલ કરે. મેં પૂછયું કે સર્વ શ્રેષ્ઠ શું છે ? તેમણે કહ્યું, સર્વથી અધિક નફો આપનાર ઈસ્તિગફારનો અમલ છે.

**(૯૧)** ઈબ્ને અસાકિરે હસન બિન યૂનુસથી રિવાયત કરી. તે કહે છે કે મેં હાજૂરને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે અલ્લાહે તમારી સાથે શું વતન કર્યું ? તો કહ્યું કે તેણે મારી બખ્શિશ કરી દીધી. મેં કહ્યું કે કયા કારણે ? કહ્યું કે હું મુસલમાનો તથા હાજીઓની માર્ગમાં રક્ષા કરતો હતો.

**(૯૨)** ઈબ્ને અસાકિરે અબૂ નસ્ર હન્ફ વઝ્ઝાનથી રિવાયત કરી કે કોઈ શખ્સે યૂસુફ બિન હુસૈન રાઝી સૂફીને સ્વપ્નમાં જોયો તો પૂછયું, અલ્લાહે આપની સાથે શો વર્તાવ કર્યો ? તો ફર્માવ્યું, મગફેરત તથા રહમતનો વર્તાવ કર્યો. પૂછયું, કયા કારણે ? કહ્યું, તે થોડા ઘણા





કલેમાતના સબબે જે મેં મૌતની ક્ષણે અદા કર્યા હતા અને તે આ છે :–

"હે અલ્લાહ ! મેં લો કોને નસીહત કરી પરંતુ અમલ ન કર્યો, તું મારા અમલની ઉણપને મારા ક઼ૌલની ભલાઈના કારણે માફ કરી દે !"

**(૯૩)** ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ બિન સાલેહથી રિવાયત કરી કે કોઈ શખ્સે અબૂ નવાસ (શાઈર)ને સ્વપ્નમાં જોયા તો બહુ મજામાં હતા. પૂછયું, શું હાલ છે ? તો જણાવ્યું કે અલ્લાહ તઆલાએ મારી બખ્શિશ ફર્માવી દીધી છે અને આ નેઅમત અર્પણ કરી છે. પૂછવામાં આવ્યું કે તમે તો બહુ ગરબડવાળા હતા તો આ શું થયું ? કહ્યું, એક રાત્રે ખુદાનો એક નેક બંદો ક઼બ્રસ્તાનમાં આવ્યો અને પોતાની ચાદર બીછાવીને બે રકાત નમાઝ અદા કરી અને તે બે રકાતમાં તેણે બે હજારવાર **قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ** પઢી અને તેનો સવાબ ક઼બ્રસ્તાનના પ્રત્યેક મુડદાને હદિયો કર્યો, હું પણ ખુશ કિસ્મતીથી તે લોકોની જમાઅતમાં આવી ગયો.

**(૯૪)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ નાફેઅથી રિવાયત કરી. તે કહે છે કે મેં અબૂ નવાસને જાગૃતાવસ્થામાં જોયા તો પૂછયું, શું તું અબૂ નવાસ છે ? કહ્યું, આ અટકથી પોકારવાનો સમય નથી ! તો મેં કહ્યું, હસન બિન હાની છો ? કહ્યું, હા ! મેં કહ્યું, અલ્લાહ તઆલાએ તમારી સાથે શું વર્તાવ કર્યો ? કહ્યું, મારી બખ્શિશ ફર્માવી દીધી. પૂછયું, કયા કારણથી ? કહ્યું, અમુક શેઅરોના કારણે જે મારા ઘરમાં ફલાણા ગાદલા નીચે છે. હું તેના ઘરે પહોંચ્યો અને ગાદલો ઉઠાવીને જોયું તો તેના કાગળ પર આ પંક્તિઓ લખેલ હતી :–

يارَبِّ اِن عظمت زنوبى كثرة　　فلقد علمت بان عفوك اعظم
ان كان لا يرجوك الا محسن　　فبمن ياوذ ويستجير المجرم
ادعوك ربِّ كما امرت تضرّعًا　　فاذا ارددت يدى فمن ذا يرحم
مَالى اليكَ وسيُلة اِلَّا الرجَا　　وجميُل عفوك ثم انِّى مُسلم

(અર્થાત) : "હે મારા રબ ! ભલે મારા ગુનાહ વધુ છે પરંતુ તારી રહમત ખૂબ મોટી છે. જો તું માત્ર નેકો માટે ઉમ્મીદગાહ છે તો મુજરિમ કોની પનાહ લે ?! હે ખુદા ! હું તારા હુકમાનુસાર આહોઝારી (રૂદન કાકલૂદી) કરી રહ્યો છું, જો તેં મારા ઉઠેલ હાથને રદ કર્યો તો કોણ રહમ

કરશે ? મારી પાસે તારા સુધી પહોંચવાનો કોઈ વસીલો નથી સિવાય ઉમ્મીદ અને તારી માફીના તદુપરાંત એ કે હું મુસલમાન છું."

**(૯૫)** ઈબ્ને અસાકિરે અબૂબક્ર અસ્બહાનીથી રિવાયત કરી કે કોઈ શખ્સે અબૂ નવાસને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે ખુદાએ તમારી સાથે શું વર્તાવ કર્યો ? તો જવાબ આપ્યો કે તેણે મને આ શેઅરના કારણે બખ્શી દીધો જે મેં નરગિસ વિશે કહ્યા હતા અને તે આ છે :–

(અર્થાત) : "હે માનવ ! જમીનથી ઉગવાવાળા છોડને જો અને અલ્લાહ તઆલાની કારીગરીનું દશ્ય જો ! એવું લાગે છે કે જેમ ચાંદીની આંખો સોનેરી કીકીઓથી જોઈ રહી છે, આ આંખો ઝબરજદી (એક પ્રકારનો પીળો પથ્થર) ડાળીઓ પર અલ્લાહની તૌહીદ તથા મુહમ્મદ ﷺનું જિન્નાત તથા માનવના રસૂલ હોવાની સાક્ષી આપી રહી છે.

**(૯૬)** ઈબ્ને અસાકિરે અબ્દુલ્લાહ બિન મુહમ્મદ મરુઝીથી રિવાયત કરી. તે કહે છે કે મેં હાફિઝ યાકૂબ બિન સુફયાનને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે, શું હાલ છે ? તેમણે કહ્યું કે અલ્લાહે મારી બખ્શિશ કરી દીધી અને ફર્માવ્યું કે તમે જે રીતે દુનિયામાં હદીષ બયાન કરતા હતા આસ્માન પર પણ બયાન કરો જેથી મેં ચોથા આસ્માન પર હદીષ બયાન કરી અને ફરિશ્તાઓએ તેને સોનેરી કલમાથી લખી, જિબ્રઈલ عليه السلامપણ લખવાવાળાઓમાં હતા.

**(૯૭)** ઈબ્ને અસાકિરે અબૂ ઉબૈદ બિન હરબૂયાથી રિવાયત કરી, તે કહે છે કે એક શખ્સ સિર્રી સકતી رحمة الله عليهના જનાઝામાં શરીક થયો. રાત્રે સ્વપ્નમાં સિર્રી સકતીને જોયા તો પૂછયું કે શું હાલ છે ? ફર્માવ્યું કે અલ્લાહે મારી તથા મારા જનાઝામાં સામેલ થવાવાળાઓની બખ્શિશ ફર્માવી દીધી. તે શખ્સે અર્ઝ કરી કે હુઝૂર ! હું પણ આપના જ જનાઝામાં શરીક હતો. તો આપે લિસ્ટ કાઢી પરંતુ તે શખ્સનું નામ મૌજૂદ ન હતું, જ્યારે ધ્યાનપૂર્વક જોયું તો હાસિયા પર તેનું નામ લખ્યું હતું.

**(૯૮)** ઈબ્ને અસાકિરે સબૂલ્ ક઼ાસિમ ષાબિત બિન અહમદ બિન હુસૈન બગદાદીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબુલ્ ક઼ાસિમ સઅદ બિન મુહમ્મદ ઝનજાનીને સ્વપ્નમાં જોયા. તે વારંવાર ફર્માવી રહ્યા હતા




કે હે અબુલ ક઼ાસિમ ! **અલ્લાહ મુહદ્દિષીન માટે તેમની દરેક મજલિસના બદલે જન્નતમાં એક ઘર બનાવે છે.**

**(૯૯)** ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન મુસ્લિમ બિન દારાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબૂ ઝરઆને સ્વપ્નમાં જોયા તો પૂછયું કે શું હાલ છે ? ફર્માવ્યું કે હર હાલમાં અલ્લાહનો શુક્ર છે મને અલ્લાહ તઆલા સામે પેશ કરવામાં આવ્યો, તેણે પૂછયું કે હે ઉબૈદુલ્લાહ ! તેં મારા બંદાઓ સાથે સખ્ત કલામી કેમ કરી ? મેં અર્ઝ કરી, ઈલાહી ! તેઓએ તારા દીનની બેહુર્મતીનો ઈરાદો કર્યો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે સાચુ કહ્યું. પછી તાહિર ખલ્ક઼ાનીને પેશ કરવામાં આવ્યો. મેં તેમના પર ખુદાની બારગાહમાં દાવો કર્યો તો તેને સો કોરડા મારવામાં આવ્યા પછી કેદખાનામાં મોકલવામાં આવ્યો. પછી ફર્માવ્યું કે ઉબૈદુલ્લાહને તેના સાથીઓ અબૂ અબ્દુલ્લાહ સુફયાન ષૌરી, અબૂ અબ્દુલ્લાહ માલિક બિન અનસ તથા અબૂ અબ્દુલ્લાહ અહમદ બિન હંબલની પાસે લઈ જાવ.

**(૧૦૦)** ઈબ્ને અસાકિરે હફ્સ બિન અબ્દુલ્લાહથી રિવાયત કરી તે કહે છે કે મેં અબૂ ઝરઆને સ્વપ્નમાં જોયા કે આસ્માને દુનિયા (પ્રથમ આસ્માન) પર ફરિશ્તાઓ સાથે નમાઝમાં વ્યસ્ત છે. મેં પૂછયું કે આ ફઝીલત આપને કઈ રીતે મળી ? ફર્માવ્યું કે મેં એક લાખ હદીષો પોતાના હાથથી લખી, દરેક હદીષમાં હુઝૂર ﷺ પર સંપૂર્ણ દુરૂદ શરીફ લખ્યું, અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જેણે મારા પર એકવાર દુરૂદ શરીફ પઢયું અલ્લાહ તઆલા તેના પર દસ રહમતો નાઝિલ ફર્માવશે.

**(૧૦૧)** ઈબ્ને અસાકિરે યઝીદ બિન મુખલ્લદ તરતૂસીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબૂ ઝરઆને સ્વપ્નમાં જોયા કે તે સફેદ કપડાં પહેરેલ છે અને આસ્માને દુનિયા પર નમાઝ પઢી રહ્યા છે. તેમની સાથે સફેદ પોશાક પહેરેલ લોકો નમાઝ પઢી રહ્યા છે અને નમાઝ રફએ યદૈન રહ્યા છે. મેં પૂછયું, હે અબૂ ઝરઆ ! આ કોણ લોકો છે ? કહ્યું કે આ ફરિશ્તા છે. મેં પૂછયું કે આપે આ ફઝીલત કેમ કરીને પામી ? ફર્માવ્યું કે નમાઝમાં 'રફએ યદૈન'ના લીધે. મેં કહ્યું કે જોહમિયાએ આપણા રેયના સાથીઓને તંગ કરી રાખ્યા છે. આપે ફર્માવ્યું કે ચૂપ

રહો ! કેમ કે અહમદ બિન હંબલે તેઓના પર પાણી ઉપરથી બંધ કરી દીધું છે.

**(૧૦૨)** ઈબ્ને અસાકિરે અબુલ્ અબ્બાસ મુરાદીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં અબૂ ઝરઆને સ્વપ્નમાં જોયોં તો પૂછયું, શું હાલ છે ? તો ફર્માવ્યું કે હું ખુદાની બારગાહમાં હાજર થયો. તો તેણે ફર્માવ્યું કે હે અબૂ ઝરઆ ! મારી પાસે એક બાળક આવે છે તો હું તેને જન્નતમાં દાખલ કરું છું તો પછી તે શખ્સનો શું હાલ થશે કે જેણે મારા બંદાઓ પર શરીઅતના માર્ગ સ્પષ્ટ કરી દીધા અને સુન્નતે રસૂલ ﷺને યાદ કરી. જાવ ! જન્નતમાં જ્યાં ઈચ્છો ઠેકાણું બનાવો !

**(૧૦૩)** ઈબ્ને અસાકિરે સદકા બિન યઝીદથી રિવાયત કરી તે ફર્માવે છે કે તુરાબલ્સની એક ટેકરી પર ત્રણ કબ્રો જોઈ તેમાં એક પર લખ્યું હતું કે, "જિંદગીની લિજ્જત તે ઈન્સાન કેવી રીતે પામી શકે છે જેને સંપૂર્ણ યકીન હોય છે કે મૌત તેને જલ્દી જ આવી દબાવશે અને તેની બાદશાહત અને તકબ્બુર છીનવી લેશે અને તેને અંધારી ઓરડીમાં નાંખી દેશે."

બીજી પર લખ્યું હતું, "જિંદગીની લિજ્જત તે ઈન્સાન કેવી રીતે પામી શકે છે જે જાણે છે કે અલ્લાહ તેને પૂછપરછ કરશે અને તેના અમલ તથા નેકીનો બદલો આપશે."

ત્રીજી પર લખ્યું હતું, "જિંદગીની લિજ્જત તે ઈન્સાન કેવી રીતે પામી શકે છે જે એવી કબ્રોનો રહેવાસી બનવાનો છે જે તેની ખૂબસૂરતી અને જવાનીને માટીમાં મિલાવી દેશે, તેના ચેહરાની ચમક દમક જલ્દી જ ખતમ કરી દેશે અને તેના સાંધે સાંધા વિખૂટા કરી દેશે."

હું આ દશ્ય જોઈ નજીકની વસ્તીમાં પહોંચ્યો અને ત્યાંના બુઝુર્ગને આ પ્રસંગ વર્ણવ્યો તો તેમણે ફર્માવ્યું કે તેમનો પ્રસંગ એથી અધિક આશ્ચર્યજનક છે. મેં પૂછયું, તે શું છે ? તેમણે ફર્માવ્યું, તેઓમાંથી એક બાદશાહનો સાથી હતો જે લશ્કરો તથા શહેરોનો સેનાપતિ હતો. બીજો એક ધનવાન વેપારી હતો અને ત્રીજો ઝાહિદ હતો કે જે ગોશાનશીન (દુનિયા ત્યજી દેનાર) થઈ ગયો હતો. ઝાહિદના મૃત્યુનો સમય આવ્યો તો તેનો ભાઈ જે બાદશાહનો સાથી હતો આવ્યો. તો તે સમયે અબ્દુલ્





મલિક બિન મરવાન તરફથી હાકિમ હતો અને વેપારી (ભાઈ) પણ આવ્યો. બંનેએ કહ્યું, હે ભાઈ ! શું તમે કંઈ વસિયત કરો છો ? તેણે કહ્યું કે હું શેની વસિયત કરું ?! ન મારા પર કોઈનું દેવું છે અને ન તો મારી પાસે દોલત છે. અલ્બત્ત, હું તમારાથી એક એવો કરાર કરવા ઈચ્છું છું અને તે એ છે કે જ્યારે હું મરી જાઉં ત્યારે મને ટેકરી પર દફન કરજો અને મારી કબ્ર પર લખી દેજો (અને પછી તે જ પંક્તિઓ બતાવી જે તેની કબ્ર પર લખેલ હતી). અને પછી ત્રણ દિવસ તમે મારી કબ્ર પર આવજો, કદાચ ! તમને નસીહત પ્રાપ્ત થાય જેથી ભાઈઓએ એવું જ કર્યુ. જ્યારે ત્રીજા દિવસે હાકિમ (ભાઈ) આવ્યો અને જવા લાગ્યો તો કબ્રની અંદરથી અવાજ સાંભળ્યો જેનાથી તે ખૂબ જ ગભરાઈ ગયો અને ડર્યો. રાત્રે સ્વપ્નમાં તેણે પોતાના ભાઈને જોયો તો પૂછયું, હે ભાઈ ! આ ભયાનક અવાજ કઈ ચીજનો છે ? તેણે કહ્યું કે એ હથોડાનો અવાજ હતો. મને કહેવામાં આવ્યું કે તેં એકવાર મઝલૂમને જોયો પરંતુ તેની મદદ ન કરી. બીજા દિવસે સવારે હાકિમ (ભાઈ)એ પોતાના મિત્ર સગા વહાલાને બોલાવીને કહ્યું કે તમે સર્વ ગવાહ રહો કે હવે હું તમારી દરમ્યાન નહીં રહીશ, જેથી તેણે ઈમારત છોડીને વનવાસો શરૂ કરી દીધો. અને એ રીતે જિંદગી પસાર થતી રહી ત્યાં સુધી કે મૃત્યુનો સમય નજીક આવ્યો તો તેનો વેપારી ભાઈ આવ્યો અને કહ્યું કે જો કાંઈ વસિયત કરવી હોય તો કરી દો ! તેણે કહ્યું કે બસ ! આ જ વસિયત છે કે હું જ્યારે મૃત્યુ પામુ તો મારી કબ્ર મારા ભાઈની બાજુમાં બનાવશો અને તેના પર આ પંક્તિઓ લખે દેજો (અને તે જ પંક્તિઓ બતાવી જે તેની કબ્ર પર લખેલ હતી) અને મારી કબ્ર પર ત્રણ દિવસ સુધી આવશો, જેથી તેણે બંને વસિયત પૂર્ણ કરી આપી. જ્યારે તે ત્રીજા દિવસે કબ્રથી પરત જવા લાગ્યો તો ભયજનક અવાજ સાંભળ્યો અને તે ડરીને ઘરે આવી ગયો. રાત્રે સ્વપ્નમાં ભાઈને જોયો તો પ્રસંગ સંભળાવ્યો અને પૂછયું કે આપ કેમ છો ? કહ્યું, દરેક રીતે ખૈરિયતથી છું, તૌબા દરેક ચીજનો સબબ બને છે. પછી કહ્યું, મારા ભાઈનો શું હાલ છે ? કહ્યું કે તે નેકો તથા પરહેઝગારો સાથે છે જે ઈન્સાન જિંદગીમાં અમલ કરે છે તેનો બદલો અહીંયા પામે છે તો તમે પણ પોતાની મોહતાજીને માલદારીથી

શ્રેષ્ઠ સમજો. બીજા દિવસે તે ભાઈએ પણ દુનિયાથી કિનારો કરી લીધો અને ફકીર જેવું જીવન શરૂ કર્યું અને તેના પુત્રે કમાવવાનું શરૂ કર્યું. જ્યારે બાપના મૃત્યુનો સમય નજીક આવ્યો તો પુત્રે બાપને વસિયત પૂછી તો તેણે પણ પોતાનાં બંને ભાઈઓની જેમ આ વસિયત કરી કે આ મારી ક઼બ્ર પર પંક્તિઓ લખી દેજે (જે તેની ક઼બ્ર પર લખવામાં આવી) અને ત્રણ દિવસ સુધી આવજે અને મારી ક઼બ્ર મારા બંને ભાઈઓની સાથે બનાવજે ! જેથી તેણે એવું જ કર્યું. જ્યારે ત્રીજા દિવસે પુત્ર પોતાના બાપની ક઼બ્રેથી જવા લાગ્યો તો તેણે ભયાનક અવાજ સાંભળ્યો અને ડરીને ઘેર આવ્યો. રાત્રે સ્વપ્નમાં બાપની ઝિયારત થઈ તો કહ્યું, હે પુત્ર ! તમે જલ્દી જ અમારી પાસે આવવાના છો, મામલો મુશ્કેલ છે અને તૈયારી કરો ! અને બહાદુરની જેમ ઘમંડ ન કરો કેમ કે તે પોતાની ઉંમરો પર ગર્વ કરતા રહ્યા અને અમલમાં ઉણપ કરતા રહ્યા, પછી ઉંમરના બરબાદ થવા પર અફસોસ કરશો. હે મારા પુત્ર ! જલ્દી કર ! જલ્દી કર ! જલ્દી કર ! શૈખે કહ્યું કે તે સ્વપ્નની સવારે હું તે નવયુવાનથી મળ્યો તો તેણે આખી ઘટના મને સંભળાવી અને કહ્યું કે મારી જિંદગીના ત્રણ મહીના અથવા ત્રણ દિવસ બાકી છે. કેમ કે મારા બાપે મને ત્રણવાર ડરાવ્યો હતો. જ્યારે ત્રીજો દિવસ થયો તો તેણે પોતાનાં ઘરવાળાઓને બોલાવ્યાં અને તેમને રૂખ્સત કર્યા પછી પોતાનું મોઢું કિબ્લા તરફ કર્યું અને કલમએ શહાદત પઢીને અલ્લાહને પ્યારો થઈ ગયો.

## ★ મુડદાંઓને ઝિંદાઓની વાતોથી તકલીફ પહોંચવાનું બયાન અને મુડદાંઓને બુરું કહેવાની મનાઈ ★

**(૧)** દૈલમીએ હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મુડદાંને ક઼બ્રમાં તે ચીજથી તકલીફ પહોંચે છે જે ચીજથી તેને ઘરમાં તકલીફ પહોંચતી હતી.

કુર્તબી કહે છે કે શક્ય છે કે અલ્લાહ તઆલાએ કોઈ ફરિશ્તો નિયુક્ત કરી દીધો હોય જે મુડદાંઓને ઝિંદાઓની વાતોથી ખબરદાર કરતો હોય. આથી જણાયું કે મુડદાંઓ વિશે બુરુ બોલવાની મનાઈ છે અને એ પણ





શક્ય છે કે એનાથી મુરાદ ફરિશ્તાઓનું મુડદાંઓને તેના બુરા અમલોના કારણે તકલીફ આપવું છે.

**(૨)** નિસાઈએ સફિયા બિન્તે શૈબાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ની સમક્ષ એક મુડદાની યાદ બુરા શબ્દોમાં કરવામાં આવી તો આપે ફર્માવ્યું કે, પોતાનાં મુડદાંઓની યાદ સારા શબ્દોમાં કરો !

**(૩)** અબૂ દાઊદ, તિર્મિઝી તથા ઈબ્ને અબી દુન્યાએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, પોતાનાં મુડદાંઓની સારી વાતોનો ઉલ્લેખ કરો અને તેમની બુરાઈઓ વર્ણન કરવાથી દૂર રહો.

**(૪)** ઈબ્ને અબી દુન્યાએ આઈશાથી રિવાયત કરી. તે ફર્માવે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે, પોતાનાં મુડદાંઓની યાદ સારા શબ્દોમાં કરો. કારણ કે જો તમે તેઓને બુરા શબ્દોથી યાદ કર્યા અને તેઓ અલ્લાહ તઆલાની નજીક જન્નતીઓમાંથી છે તો તમે ગુનહગાર થશો અને જો જહન્નમીઓમાંથી છે તો તે જ સજા પૂરી છે જે તેઓને મળી રહી છે.

## ★ મુડદાંઓને નૌહા (માતમ)થી તકલીફ પહોંચવાનું બયાન ★

**(૧)** શૈખેને હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી કે કોઈએ હઝરત આઈશા رضی اللہ عنہا થી અર્ઝ કરી કે ઈબ્ને ઉમર رضی اللہ عنہ (મરફૂઅન) કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મુડદાને ઘરવાળાઓના માતમ કરવાથી તકલીફ અને અઝાબ થાય છે. તો તેમણે ફર્માવ્યું કે અબૂ અબ્દુર્રહ્માન ભૂલી ગયા ! આપે આ ફર્માવ્યું હતું કે મુડદાનાં ઘરવાળા રડવામાં મશ્ગૂલ હોય છે જ્યારે કે મુડદાને તેનાં ગુનાહોના કારણે અઝાબ થઈ રહ્યો હોય છે. (હેતુ એ કે સમય રડવાનો નથી બલ્કે ઈસાલે સવાબનો છે.)

**(૨)** ઈબ્ને સઅદે યૂસુફ બિન માલિકથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં જોયું કે હઝરત ઈબ્ને ઉમર રાફેઅ બિન ખદીજના જનાઝામાં શરીક થયા અને કહ્યું, મુડદાને તેના ઘરવાળાઓના રડવાથી અઝાબ થાય છે. તો ઈબ્ને અબ્બાસે કહ્યું કે મૈયતને તેના ઘરવાળાઓના રડવાથી અઝાબ નથી થતો. જે હદીષમાં અઝાબ થવાનો ઉલલેખ છે તેના રાવી અબૂબક્ર,

ઉમર, અનસ, ઈમરાન બિન હુસૈન, સમુરા બિન જુન્દુબ, અબૂ હુરૈરા, અબૂ યઅ્લા, મુગૈરા બિન શૈબા છે. એટલા માટે આ મસ્અલામાં ઉલમા વચ્ચે મતભેદ થઈ ગયો. પ્રથમ કૌલ એ છે કે આ હદીષ પોતાના બાહ્ય પર છે અને નિઃશંક ! અઝાબ થાય છે. આ મઝહબ હઝરત ઉમર બિન ખત્તાબ તથા તેમના પુત્ર ઈબ્ને ઉમર عَلَيْهِمُ السَّلَامનો છે. બીજો કૌલ એ છે કે અઝાબ નથી થતો. ત્રીજો કૌલ એ છે કે ب હાલ માટે છે અને તેનો અર્થ એ છે કે, "જ્યારે મૈયતને તે લોકોના રડવાના સમયે પોતાના ગુનાહોના સબબે અઝાબ થઈ રહ્યો છે."

અને ચોથો કૌલ એ કે આ હદીષ કાફિર માટે ખાસ છે. આ બંને કૌલ હઝરત આઈશા رَضِيَ اللهُ عَنْهَاના છે. પાંચમો એ કે એ તે સમયે છે કે જ્યારે રસ્મો રિવાજ પ્રમાણે રડવામાં આવે. આ જ મઝહબ ઈમામ બુખારીનો છે. છઠ્ઠો એ કે ગુનોહ તથા અઝાબ તેને થશે જે તેની (માતમની) વસિયત કરીને મૃત્યુ પામ્યો હશે. જેમ કે કોઈએ કહ્યું હતું કે જ્યારે હું મૃત્યુ પામું તો હે બિન્તે મઅબદ ! તું પોતાનું ગિરબાન ફાડજે અને મારા પર મારી શાનને લાયક રડજે ! સાતમો કૌલ એ છે કે આ તે સમય છે કે જ્યારે કોઈને જાણ છે કે મારે ત્યાં માતમ કરવાનો રિવાજ છે એને પછી માતમ ન કરવાની વસિયત ન કરે. આઠમો એ કે અઝાબ તે ગુણોના ઉલ્લેખ કરવાથી છે જે મુડદા વિશે બયાન કરવામાં આવે છે, જેમ કે કહેવામાં આવે છે કે હે ઔરતોને બેવા કરનાર ! અને બાળકોને યતીમ કરનાર ! અને ઘરોને વેરાન કરનાર ! નવમો (કૌલ) એ છે કે એનાથી મુરાદ ફરિશ્તાઓનું મુડદાને ચેતવણી આપવું તથા ધમકાવવું છે. તેના સગા સંબંધીઓનું ખૂબીઓ વર્ણન કરવા તથા માતમના લીધે. જેમ કે તિર્મિઝી હાકિમ તથા ઈબ્ને માજાની મરફૂઅ હદીષથી સ્પષ્ટ છે કે જ્યારે કોઈ મૃત્યુ પામે છે અને તેના રડવાવાળા ઊભા થઈને કહે છે કે હે પહાડ ! હે અમારા પનાહ દેનાર ! તો અલ્લાહ તઆલા બે ફરિશ્તા તેના પર નિયુક્ત કરી દે છે જે તેને ધમકાવે છે અને પૂછે છે કે તું આવો જ હતો ! દસમો કૌલ એ છે કે મૈયતને ઘરવાળાઓના રડવાથી ઈજા થાય છે, કેમ કે તિબ્રાનીની હદીષ (૨૩)માં છે કે સફિયા બિન્તે મખરુમાએ રસૂલુલ્લાહ ﷺની સામે પોતાના મૃતક




બાળકને યાદ કર્યો અને રડવા લાગી તો આપ ﷺએ ફર્માવ્યું કે હે અલ્લાહના બંદાઓ ! પોતાના મુડદાંઓને તકલીફ ન આપો ! એને ઈબ્ને જરીર અને ઈબ્ને તમામી વિગેરેએ પસંદ કર્યું.

**(૩)** તિબ્રાનીએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી તે ફર્માવે છે કે અબ્દુલ્લાહ બિન રવાહા પર બેભાની છવાઈ ગઈ તો નૌહા કરનારી સ્ત્રી ઊભી થઈ એટલામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. તેમને ભાન આવ્યું તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પર બેભાની છવાઈ ! તો ઔરતો ચીસ પાડવા લાગી કે , "હાય અફસોસ !" તો એક ફરિશ્તો મારી ઉપર હથોડો લઈને ઊભો થઈ ગયો અને કહ્યું, શું તું આવો જ હતો ? મેં કહ્યું, ના ! ફરિશ્તાએ કહ્યું કે જો તમે હા કહેતા તો હું તમને આ હથોડાથી મારતો !

**(૪)** તિબ્રાનીએ હસનથી રિવાયત કરી કે મઆઝ બિન જબલ પર બેભાની છવાઈ તો તેમની બહેન કહેવા લાગ્યાં કે, "હાય અફસોસ !" જ્યારે ભાન આવ્યું તો ફર્માવવા લાગ્યા કે હે બહેન ! તું આજ સુધી મને તકલીફ દઈ રહી છે ! તો તેણીએ ફર્માવ્યું કે હું તમને કેમ કરીને તકલીફ પહોંચાડી શકું છું ? તો આપે ફર્માવ્યું કે જ્યારે તેં આવું આવું કહ્યું હતું તો તે ક્ષણે એક ફરિશ્તો મને સખ્તાઈથી ધમકાવી રહ્યો હતો.

**(૫)** ઈબ્ને સઅદે મિકદામ બિન મઅદી કરબથી રિવાયત કરી કે જ્યારે હઝરત ઉમરને ઘા લાગ્યા તો હઝરત હફ્સા તેમની પાસે આવ્યાં અને કહ્યું કે, હાય ! રસૂલુલ્લાહ ﷺના સાથી અને તેમના સસરા અને મો'મિનોના અમીર ! તો આપે ફર્માવ્યું કે જો તમે મારો કાંઈ હક્ક પોતાના પર સમજો છો તો હવે કદી મારા પર માતમ ન કરશો ! કેમ કે જ્યારે કોઈ મૈયતના ગુણો બયાન કરીને રડવામાં આવે છે તો ફરિશ્તો તેને ધમકાવે છે અને તકલીફ આપે છે.

**(૬)** અહમદે અબૂર્રબીઅથી રિવાયત કરી. તે ફર્માવે છે કે હું ઈબ્ને ઉમર رَضِيَ اللهُ عَنْهُની સાથે એક જનાઝામાં શરીક થયો તો આપે એક શખ્સના ચીખવાનો અવાજ સાંભળ્યો. તો આપે એક શખ્સને તેની પાસે મોકલીને

તેને ચૂપ કરાવ્યો. તો લોકોએ પૂછયું કે આપે તેને કેમ ચૂપ કરાવ્યો ? તો આપે ફર્માવ્યું કે મૈયત પર રડવાથી મૈયતને તકલીફ પહોંચે છે ત્યાં સુધી કે તે કબ્રમાં દાખલ થઈ જાય.

**(૭)** સઈદ બિન મન્સૂરે ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે તેમણે કેટલીક ઔરતોને જનાઝામાં જોઈ તો ફર્માવ્યું કે જાવ ! ગુનાહો સમેટીને તમામ ઝિંદાઓને અજમાઈશામાં નાંખો છો ! મુડદાંઓને પણ તકલીફ પહોંચાડો છો. યહ્યા બિન મુઈને પોતાની સનદ થકી આટલો ટુકડો વધુ વર્ણન કર્યો કે **મૈયત માટે સૌથી બુરા તે લોકો છે જે તેમના પર રડે તો ખૂબ છે પણ તેનું દેવું અદા નથી કરતા.**

## ★ મૈયતને અન્ય રીતોએ તકલીફ પહોંચવી ★

**(૧)** ઈબ્ને અબી શૈબાએ તથા હાકિમે ઉકબા બિન આમિરથી રિવાયત કરી કે તે ફર્માવતા હતા કે હું અંગારા કે તલ્વારની ધાર પર ચાલવું પસંદ કરીશ પરંતુ કોઈ મુસલમાનની કબ્ર કચડવી પસંદ નહીં કરીશ. અને કબ્રસ્તાનમાં બેસીને કુદરતી હાજત પૂરી કરવી મારી દષ્ટિએ બજારમાં કઝાએ હાજત કરવા સમાન છે. ઈબ્ને માજાએ તેને હઝરત હુઝૈફા رضي الله عنهથી મરફૂઅન્ રિવાયત કરી.

**(૨)** ઈબ્ને અબી દુન્યાએ 'કિતાબુલ કુબૂર'માં સલીમ બિન અત્રથી રિવાયત કરી કે તેમનો ગુજર એક કબ્રસ્તાનમાં થયો. તેમને પેશાબની સખત હાજત હતી. લોકોએ કહ્યું કે અહીંયાં કઝાએ હાજત કરી લો. આપે ફર્માવ્યું કે સુબ્હાનલ્લાહ ! ખુદાની કસમ ! હું મુડદાઓથી એવી જ શરમ કરું છું કે જેવી ઝિંદાઓથી !

**(૩)** તિબ્રાનીએ હાકિમ અને ઈબ્ને મુન્દાએ અમ્મારા બિન હિઝ્મથી રિવાયત કરી. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને એક કબ્ર પર બેઠેલ જોયો તો ફર્માવ્યું કે કબ્રથી નીચે ઉતરો ! ન તમે કબ્રવાળાને તકલીફ પહોંચાડો, ન કબ્રવાળો તમને તકલીફ પહોંચાડે !

## ★ મો'મિનની કબ્રની હિફાઝત કરવાવાળાઓનું વર્ણન ★

**(૧)** અબૂ નઈમે અબૂ સઈદથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે મેં





રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું. આપ ફર્માવતા હતા કે જ્યારે અલ્લાહ તઆલા મો'મિનની રૂહ કબ્ઝ ફર્માવી લે છે તો તેના ફરિશ્તા આસ્માન પર ચઢી જાય છે અને અર્ઝ કરે છે કે, હે અમારા રબ ! તેં અમને પોતાના મો'મિન બંદાના આમાલ લખવા પર નિયુક્ત ફર્માવ્યા હતા, હવે તેં તેની રૂહ કબ્ઝ કરી લીધી છે તો હવે તું અમને રજા આપ કે અમે આસ્માન પર રહીએ. તો અલ્લાહ ફર્માવશે કે દરેક આભ મારા તસ્બીહ તથા પાકી બયાન કરવાવાળા ફરિશ્તાઓથી પૂર છે. તો તેઓ અર્ઝ કરશે કે તો જમીન પર રહેવાની ઈજાઝત થાય ! અલ્લાહ તઆલા ફર્માવશે કે મારી જમીન પર મારી તસ્બીહ કરવાવાળી મખ્લૂક સાથે ત્યાં તે જ બંદાની કબ્ર પર જઈ ઊભા થઈ જાઓ અને ત્યાં મારી તસ્બીહ, તેહલીલ અને બડાઈ બયાન કરો અને કયામત સુધી આવું જ કરતા રહો અને આ સર્વ મારા બંદાના નામએ આમાલમાં લખો. અમુક રિવાયતોમાં છે કે કાફિરના ફરિશ્તાઓને કહેવામાં આવે છે કે તેની કબ્ર પર પરત જાવ અને તેના પર લા'નત કરો !

## ★ મૈયતને કબ્રમાં લાભદાયક ચીજોનું વર્ણન ★

**(૧)** ઈબ્ને અબી દુન્યાએ તથા અબૂ નુએમે હુલિયામાં સાબિત બનાનીથી રિવાયત કરી કે જ્યારે આદમી કબ્રમાં જાય છે તો તેના નેક આમાલ તેને ઘેરી લે છે. પછી જ્યારે અઝાબનો ફરિશ્તો આવે છે તો તેના નેક આમાલમાંથી એક અમલ કહે છે કે દૂર રહો ! જો હું જ એકલો હોત તો તું નજીક ન આવી શક્તો હતો.

**(૨)** ઈબ્ને અબી દુન્યાએ સાબિત બનાનીથી રિવાયત કરી. તે ફર્માવે છે કે જ્યારે મો'મિનને કબ્રમાં રાખવામાં આવે છે તો તેને જન્નતનું એક પાથરણુ આપવામાં આવે છે અને કહેવામાં આવે છે કે તારી આંખો ઠંડી થાય ! આરામથી સૂ અને અલ્લાહ તારાથી રાજી થાય. અને દષ્ટિની હદ સુધી કબ્રમાં પહોળાઈ કરવામાં આવે છે અને એક બારી જન્નતની તરફ ખોલવામાં આવે છે. તે જન્નતની નેઅમતો તથા ખૂશ્બુઓથી મોજ કરતો રહે છે. તેની પાસે તેના નેક આમાલ આવે છે અને કહે છે કે અમે તને તરસ્યો રાખ્યો, જાગતો રાખ્યો તો મુસીબતમાં નાંખ્યો, જેથી આજે અમે તારા સાથી અને ગમગુસાર છીએ ત્યાં સુધી કે તું જન્નતમાં

પ્રવેશી જાય.

**(૩)** બઝ્ઝાર, તિબ્રાની તથા હાકિમે અનસથી રિવાયત કરી. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, દોસ્ત ત્રણ પ્રકારના છે : એક દોસ્ત તે છે જે કહે છે કે તું ખર્ચ કરે તે તારો અને બાકી રાખે તે ગૈરનો, આ માલ છે. બીજો તે છે જે કહે છે કે હું દર વખત તારી સાથે છું જ્યારે તું બાદશાહના દરવાજા પર આવશે તો હું તારો સાથ છોડીશ, આ તેની ઈજ્જત અને બાળબચ્ચાં છે. ત્રીજો તે છે જે કહે છે કે હું દર સમયે તારી સાથે છું, જ્યાં પણ તું હોય અને એ તેનો અમલ છે. ઈન્સાન કહે છે, હે મારા દોસ્ત ! હું તને જ સૌથી હકીર સમજતો હતો.

**(૪)** શૈખેને હઝરત અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે માનવનો ઈન્તેકાલ થઈ જાય છે તો ત્રણ ચીજો તેની સાથે જાય છે અને બે પરત આવી જાય છે, અને એક રહી જાય છે : (૧) ઘરવાળા (૨) માલ (૩) અમલ આ ત્રણ ચીજો છે. પ્રથમ બે પરત આવી જાય છે અને અમલ રહી જાય છે.

**(૫)** બઝ્ઝાર, તિબ્રાની તથા હાકિમે નોઅમાન બિન બશીરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઈન્સાન અને મૌતનું ઉદાહરણ તે શખ્સની જેમ છે જેના ત્રણ દોસ્ત હતા, એકે કહ્યું કે આ મારો માલ છે જે ઈચ્છો લઈ લો અને જે ઈચ્છો છોડી દો ! બીજાએ કહ્યું કે જ્યાં સુધી તું જીવંત છે હું તારી સાથે છું, જ્યારે તું મરશે તો હું તારો સાથ છોડી દઈશ. ત્રીજાએ કહ્યું કે હું હર વખત તારી સાથે રહીશ. પહેલો તેનો માલ છે, બીજો તેનાં બાળબચ્ચાં છે, ત્રીજો તેનો અમલ છે.

**(૬)** ઈબ્ને અબી દુન્યાએ કઅબથી રિવાયત કરી કે જ્યારે મો'મિનને ક઼બ્રમાં રાખવામાં આવે છે તો મો'મિનના એક આમાલ તેને ઘેરી લે છે, નમાઝ, રોઝા, હજ્જ, જેહાદ, સદક઼ો. હવે જ્યારે અઝાબના ફરિશ્તા પગો તરફથી આવે છે તો નમાઝ કહે છે કે પાછળ હટ ! કેમ કે આ પગોથી ઊભો રહીને એ ખુદા તઆલાની ઈબાદત કરતો હતો. તો અઝાબ માથા તરફથી આવે છે તો રોઝો કહે છે કે દૂર રહો ! કેમ કે એ ખુદા માટે તરસો રહ્યો. તો અઝાબ શરીર તરફથી આવે છે તો હજ્જ





તથા જેહાદ આડે આવે છે, તો અઝાબ હાથો તરફથી વધે છે, તો સદક઼ો આડ આવે છે અને કહે છે કે આ હાથોને કેમ કરીને અઝાબ થઈ શકે છે જે અલ્લાહની રાહમાં રિઝ્ક વહેંચતો હતો ! તો તે ઈન્સાનને મુબારકબાદ આપવામાં આવે છે અને કહેવામાં આવે છે તું જિંદગી અને મૌત બંનેમાં કામયાબ રહ્યો. પછી ફરિશ્તો તેના માટે જન્નતી પાથરણુ પાથરે છે અને તેની ક઼બ્રને દષ્ટિની હદ સુધી પહોળી કરી દેવામાં આવે છે અને એક કંદીલ ક઼યામત સુધી ત્યાં રોશન કરી દેવામાં આવે છે.

**(૭)** ઈબ્ને અબી દુન્યાએ યઝીદ બિન અબી મન્સૂરથી રિવાયત કરી કે એક શખ્સ કુર્આન પઢતો હતો. જ્યારે તેની મૌતનો સમય આવ્યો તો રહમતના ફરિશ્તા આવ્યા કે તેની રૂહ ક઼બ્ઝ કરે તો કુર્આન નીકળી આવ્યું અને કહેવા લાગ્યું કે, હે મૌલા ! આનો સીનો મારી ક઼યામગાહ હતો. તો અલ્લાહ તઆલા ફર્માવશે કે તેને છોડી દો !

**(૮)** બુખારીએ અદબમાં અને મુસ્લિમે રિવાયત કરી કે જ્યારે ઈન્સાન મૃત્યુ પામે છે તો તેના સર્વ અમલ ખતમ થઈ જાય છે, સિવાય ત્રણ આમાલના :–

(૧) સદક઼એ જારિયા (૨) લાભદાયક ઈલ્મ (૩) નેક ઔલાદ જે વાલિદૈનના માટે દુઆ કરતી રહે.

**(૯)** મુસ્લિમે જરીર બિન અબ્દુલ્લાહથી મરફૂઅન્ રિવાયત કરી કે ચાર શખ્સોના અમલ જારી રહે છે :–

(૧) અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરનાર (૨) આલિમ (૩) સદક઼એ જારિયા (૪) નેક પુત્ર જે તેના માટે દુઆ કરે.

**(૧૦)** મુસ્લિમે જરીર બિન અબ્દુલ્લાહથી મરફૂઅન્ રિવાયત કરી કે જેણે ઈસ્લામમાં કોઈ સારો તરીકો જારી કર્યો તો તેનો બદલો તેને પણ મળશે અને જેટલા લોકો તેના પર અમલ કરશે, અને તેમના સવાબમાં કાંઈ કમી નહીં કરવામાં આવે. અને જેણે કોઈ બુરો તરીકો જારી કર્યો તો તેને તેની સજા મળશે અને ક઼યામત સુધી જેટલા લોકો તેના પર અમલ કરશે તેની સજા પણ મળશે અને તેની સજામાં કમી નહીં કરવામાં આવે. (આ હદીષ શરીફ દીને ઈસ્લામના ઝિંદા મઝહબ હોવાની સૌથી

મોટી દલીલ છે અને ઈસ્લામની બેહદ વિશાળતા તરફ બારીક નિર્દેશ કરી રહી છે.)

**(૧૧)** ઈબ્ને સઅદે રિજા બિન હયાતથી રિવાયત કરી કે તેમણે સુલેમાન બિન અબ્દુલ મલિકને કહ્યું કે જો આપ કબ્રમાં સુરક્ષિત રહેવા ઈચ્છો છો તો કોઈ નેક મર્દને ખલીફા બનાવો !

**(૧૨)** ઈબ્ને અસાકિરે અબૂ સઈદ ખુદરીથી મરફૂઅન્ રિવાયત કરી કે જેણે અલ્લાહની કિતાબથી એક આયત પઢી અથવા ઈલ્મે દીનનું કોઈ બયાન પઢયું તો અલ્લાહ તઆલા તેનો સવાબ કયામત સુધી વધારશે.

**(૧૩)** ઈબ્ને માજા અને ઈબ્ને ખુઝૈમાએ અબૂ હુરૈરહ્‌થી રિવાયત કરી, તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અમુક ચીજો છે જેનો સવાબ કબ્રમાં ઈન્સાનને પહોંચે છે : ઈલ્મ, નેક પુત્ર, કોઈ કિતાબ, કોઈ મસ્જિદ, મુસાફિરખાનુ, નહેર, કૂવો, ખજૂર વગેરેનું ઝાડ, સદકએ જારિયા. આ સર્વ ચીજોનો સવાબ મૃત્યુ બાદ પણ મળશે.

**(૧૪)** તિબ્રાનીએ ષૌબાનથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મેં તમને કબ્રોની ઝિયારતની મનાઈ કરી હતી, હવે તમે ઝિયારત કરો અને મુડદાંઓ માટે રહમતની દુઆ અને મગફેરત માંગો.

**(૧૫)** અબૂ નુએમે તાઉસથી રિવાયત કરી, તે કહે છે કે મેં પોતાના પિતાને પૂછયું કે મૈયત પાસે સૌથી શ્રેષ્ઠ કલમો શું છે ? તો આપે ફર્માવ્યું કે ઈસ્તિગફાર.

**(૧૬)** તિબ્રાનીએ અવસતમાં અને બયહકીએ પોતાની સુનનમાં અબૂ હુરૈરહ્‌થી રિવાયત કરી કે અલ્લાહ તઆલા નેક બંદાનો દરજ્જો જન્નતમાં બુલંદ ફર્માવે છે તો બંદો પૂછે છે, હે અલ્લાહ ! આ કયા કારણે છે ? તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે આ તારી ઔલાદના ઈસ્તિગફારના કારણે છે. આને જ બુખારીએ અલ્ અદબમાં અબૂ હુરૈરહ્‌થી મૌકૂફન્ રિવાયત કરી.

**(૧૭)** બયહકી શોઅબુલ્ ઈમાન તથા દૈલમીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **મુડદાની સ્થિતિ કબ્રમાં**





**ડૂબતા ઈન્સાનની સ્થિતિની જેમ છે કે તે ખૂબ જ રાહ જુએ છે કે કોઈ રિશ્તેદાર કે મિત્ર તેની મદદે પહોંચશે, અને જ્યારે કોઈ તેની મદદે પહોંચે છે તો તેની નજીક તે દુનિયા અને જે કાંઈ તેમાં છે તેનાંથી શ્રેષ્ઠ હોય છે. અલ્લાહ તઆલા કબ્રવાળાઓને તેમના ઝિંદા સગાં વહાલાં તરફથી હદિયો કરેલ સવાબ પહાડોની જેમ અતા ફર્માવે છે, ઝિંદાઓનો હદિયો મુડદાંઓનો ઈસ્તિગફાર છે.**

**(૧૮)** ઈબ્ને અબી દુન્યાએ સીનાથી રિવાયત કરી કે તે ફર્માવે છે કે પૂર્વજોમાં આ વાત મશહૂર હતી કે મુડદાંઓને દુઆની હાજત ઝિંદાઓને ખાવા પીવાથીયે અધિક છે. અને તેના પર ઈજમાઅ છે કે મૈયતને દુઆનો સવાબ પહોંચે છે અને દુઆ તેના હકમાં ફાયદાકારક હોય છે અને તેની દલીલ કુર્આનથી એ છે કે, "અને તે લોકો જે તેમના બાદ આવ્યા કહે છે કે હે અમારા રબ ! તું અમને અને અમારા તે ભાઈઓને બખ્શી દે જે અમારાથી પ્રથમ ઈસ્લામની સ્થિતિમાં દુનિયાથી રુખ્સત થઈ ચૂક્યા."

**(૧૯)** ઈબ્ને અબી દુન્યાએ એક બુઝુર્ગથી રિવાયત કરી. તેમણે કહ્યું કે એક રાત્રે મેં મારા ભાઈને કબ્રમાં જોયા તો પૂછયું કે, હે ભાઈ ! શું અમારા લોકોની દુઆ તમને પહોંચે છે ? તો તેમણે જવાબ આપ્યો કે હા ! તે નૂરાની લિબાસના સ્વરૂપમાં આવે છે જે અમે પહેરી લઈએ છીએ.

**(૨૦)** ઈબ્ને અબી દુન્યાએ અબૂ કલાબાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે હું શામથી બસરા આવ્યો તો એક ખંદકમાં ઉતર્યો, વુઝૂ કરીને બે રકાત નમાઝ અદા કરી. પછી પોતાનું માથુ એક કબ્ર પર રાખી સૂઈ ગયો અને સ્વપ્નમાં જોઉં છું કે કબ્રવાળો મને કહી રહ્યો છે કે તમે મને તકલીફ પહોંચાડી. અમે જાણીએ છીએ અને તમને ખબર નથી ! અમે અમલ પર કુદરત નથી ધરાવતા. **તમે બે રકાત જે નમાઝ પઢી તે દુનિયા તથા જે કાંઈ તેમાં છે (તેનાથી) શ્રેષ્ઠ છે. પછી તેણે કહ્યું કે દુનિયાવાળાને અલ્લાહ અમારા તરફથી ભલાઈનો બદલો આપે,** જ્યારે તેઓ અમને ઈસાલે સવાબ કરે છે તો તે સવાબ

નૂરના પહાડની જેમ અમારા પર દાખલ થાય છે.

**(૨૧)** ઈબ્ને અબી દુન્યાએ અમુક મુતકદ્દેમીનથી રિવાયત કરી કે એક કૃબ્રસ્તાનથી ગુજર્યો તો ત્યાં દુઆ માંગી. તો એક ગૈબી અવાજ આવ્યો કે તેઓના માટે રહમની દુઆ કરો કેમ કે તેઓમાં ગમગીન અને રંજમય સર્વ જ છે. ઈબ્ને રજબે રિવાયત કરી કે જા'ફર ખુલ્દીએ પોતાની સનદ થકી રિવાયત કરી કે મારા બાપે કોઈ એક સાલેહ (શખ્સ)ને સ્વપ્નમાં જોયા, તે શિકાયત કરી રહ્યા છે કે તમે પોતાના હદીયા અમને મોકલવા કેમ છોડી દીધા ? તેમણે સવાલ કર્યો, શું જનાબ ? મુડદાં પણ ઝિંદાના હદિયાઓને ઓળખે છે ?! તો તેમણે ફર્માવ્યું, "જો ઝિંદા ન હોત તો મુડદાં તબાહ થઈ જાત !"

**(૨૨)** ઈબ્ને બુખારે પોતાની તારીખમાં માલિક બિન દીનારથી રિવાયત કરી કે હું જુમ્આની રાત્રે એક કૃબ્રસ્તાનમાં દાખલ થયો તો જોયું કે એક નૂર ચમકી રહ્યું છે. તો મેં કહ્યું કે, "લા ઈલાહા ઈલ્લલ્લાહ !" એવું લાગે છે કે અલ્લાહ તઆલાએ કૃબ્રસ્તાનવાળાઓની બખ્શિશ કરી દીધી છે. તો એક ગેબી અવાજ આવે છે કે, હે માલિક બિન દીનાર ! આ મો'મિનોનો તોહફો છે. પોતાના મો'મિન ભાઈઓ માટે. મેં ગૈબી અવાજને ખુદાનો વાસ્તો દઈને પૂછયું કે આ સવાબ કોણે મોકલ્યો છે ? તો અવાજ આવ્યો કે **એક મો'મિન બંદો આ કૃબ્રસ્તાનમાં દાખલ થયો અને સારી રીતે વુઝૂ કર્યું અને પછી બે રકાત નમાઝ અદા કરી અને તેનો સવાબ કૃબ્રવાળાઓ માટે બખ્શી દીધો, તો અલ્લાહ તઆલાએ તે સવાબના કારણે આ રોશની અને નૂર અમને દઈ દીધાં.** માલિક કહે છે કે પછી હું પણ દર જુમ્આની રાત્રે સવાબ હદિયો કરવા લાગ્યો તો સ્વપ્નમાં હુઝૂરે અકરમ ﷺની ઝિયારત થઈ. આપ ફર્માવી રહ્યા હતા કે, હે માલિક ! જેટલા નૂર તેં હદિયા કર્યા તેના બદલે અલ્લાહ તઆલાએ તારી બખ્શિશ કરી દીધી અને તારા માટે જન્નતમાં આલીશાન મહેલ બનાવી દીધો.

**(૨૩)** ઈબ્ને અબી દુન્યાએ યસ્સાર બિન ગાલિબથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે, મેં એક રાત્રે સ્વપ્નમાં રાબિયા બસરિયાને જોયાં. હું તેમના માટે ખૂબ દુઆ કરતો હતો. તેમણે મને કહ્યું કે, હે યસ્સાર !





તમારા મોકલેલ હદિયા મને નૂરાની તબાકૃોમાં રેશમી રૂમાલોથી ઢાંકીને પેશ કરવામાં આવે છે.

**(૨૪)** તિબ્રાનીએ અવસતમાં પોતાની સનદ થકી અનસથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મારી ઉમ્મત કૃબ્રમાં ગુનાહો સાથે દાખલ થશે અને જ્યાર નીકળશે તો બે ગુનાહ હશે, કેમ કે તે મો'મિનોની દુઆઓથી બખ્શી દેવામાં આવે છે.

**(૨૫)** ઈબ્ને અબી શૈબાએ હસનથી રિવાયત કરી. અલ્લાહ તઆલાએ બે ચીજો ઈન્સાનને આપી જે તેની ન હતી. વસિયત : જ્યારે કે માલ બીજાઓ માટે થઈ જાય છે, અને મુસલમાનો માટે દુઆ : જ્યારે કે તેઓમાં મુસલમાનનો કોઈ ખર્ચ નથી થતો.

**(૨૬)** દારમીએ પોતાની મુસ્નદમાં ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે ચાર ચીજો ઈન્સાનને મૌત બાદ મળે છે : ૧/૩ માલ (એટલે કે જે ભલાઈની વસિયતમાં ખર્ચ કર્યો), નેક બાળક જે દુઆ કરતો રહે, નેક રસમ જેના પર લોકો બાદમાં અમલ કરતા રહે.

**(૨૭)** શૈખૈને હઝરત આઈશા رضي الله عنهاથી રિવાયત કરી કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માં એકાએક મૃત્યુ પામી, મારો ખયાલ છે કે જો બોલતી તો સદકૃાનો હુકમ આપતી, તો શું હું તેણીની તરફથી સદકૃો કરી દઉં તો તેને સવાબ મળશે ? તો આપ ﷺએ ફર્માવ્યું કે, હા !

**(૨૮)** બુખારીએ ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે સઅદ બિન ઓબાદાની વાલેદા તેમની ગૈર હાજરીમાં વફાત પામી ગયાં. જ્યારે તે આવ્યા તો હુઝૂર عليه السلامની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી કે જો હું તેણી તરફથી સદકૃો કરું ! તો શું પૂરતો છે ? આપે ફર્માવ્યું, હા ! તો તેમણે હુઝૂરે અકરમ ﷺને સાક્ષી બનાવતાં કહ્યું કે મારો આ બાગ મારી માં તરફથી સદકૃો છે.

**(૨૯)** અહમદ અને અસ્હાબે સુનને અરબઆએ રિવાયત કરી કે હઝરત સઅદે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ હું પોતાની માં તરફથી સદકૃો કરવા ઈચ્છું છું, કયો સદકૃો અફઝલ રહેશે ? આપે ફર્માવ્યું કે

પાણી. જેથી તેમણે એક કૂવો ખોદી દીધો અને કહ્યું કે આ ઉમ્મે સઅદનો છે.

**(૩૦)** તિબ્રાનીએ ઉક્બા બિન આમિરથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **સદકો કરવાવાળા કૃબ્રની ગરમીઓથી સુરક્ષિત રહેશે.**

**(૩૧)** તિબ્રાનીએ અવસતમાં સહીહ સનદ થકી હઝરત અનસથી રિવાયત કરી કે હઝરત સઅદની મુલાકાત સરકારે દો આલમ ﷺથી થઈ. તો તેમણે અર્ઝ કરી કે મારી માંનો ઈન્તેકાલ થઈ ગયો અને તે કાંઈ વસિયત ન કરી શક્યાં તો શું તેણીની તરફથી સદકો કરી દઉં ? આપે ફર્માવ્યું કે હા ! અને પાણીનો (વક્ફ) કરો !

**(૩૨)** તિબ્રાનીએ સઅદ બિન ઓબાદાથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં હુઝૂરે અકરમ ﷺથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી વાલેદા વગર વસિયત કર્યે ઈન્તેકાલ કરી ગયાં છે, તો શું મારો સદકો કરવો તેણીને ફાયદો કરશે ?! તો આપ ﷺએ ફર્માવ્યું, હા ! ભલે તમે બકરીના બળી ગયેલ પાયો પણ સદકો કરો !

**(૩૩)** તિબ્રાનીએ ઈબ્ને ઉમરથી રિવાયત કરી. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ સદકો કરે તો તેનો સવાબ પોતાના વાલિદૈનને પહોંચાડે કેમ કે આ રીતે તેના સવાબથી કાંઈ કમ થશે નહીં.

**(૩૪)** તિબ્રાનીએ અવસતમાં અનસથી રિવાયત કરી. તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે જ્યારે કોઈ શખ્સ મૈયતને ઈસાલે સવાબ કરે છે તો જિબ્રઈલ તેને નૂરના તબાકમાં મૂકીને કૃબ્રના કિનારા પર ઊભા થાય છે અને કહે છે કે, હે કૃબ્રવાળા ! આ હદીયો તારા ઘરવાળાઓએ મોકલ્યો છે, કૃબૂલ કર ! આ સાંભળીને તે ખુશ થાય છે અને તેના પડોશી પોતાની મેહરૂમી પર ગમગીન થાય છે.

**(૩૫)** ઈબ્ને અબી શૈબાએ સઈદ ઈબ્ને સઈદથી રિવાયત કરી કે મૈયત તરફથી જો બકરીનો પાયો પણ સદકો કર્યો તો તેનો સવાબ પણ તેને મળશે.





**(૩૬)** બયહકીએ શોઅબુલ્ ઈમાન અને અસ્બહાનીએ તરગીબમાં ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે પોતાના વાલિદૈનની વફાત બાદ તેઓની તરફથી હજ્જ કરી તો અલ્લાહ તેને જહન્નમની આગથી આઝાદ કરી દેશે અને જેની તરફથી હજ્જ કરવામાં આવી છે તેમને પૂરો બદલો મળશે. એથી વધુ આપે ફર્માવ્યું કે **સર્વ શ્રેષ્ઠ સિલારહમી (સગાંથી સદ્‌વર્તાવ) એ છે કે પોતાના મૃત રિશ્તેદાર તરફથી હજ્જ કરવામાં આવે.**

**(૩૭)** અબૂ અબ્દુલ્લાહ ષકફીએ પોતાની કિતાબ ષકફિયાતમાં ઝૈદ બિન અરકમથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જેણે પોતાના વાલિદૈન તરફથી હજ્જ કરી તો તેને તેનો અજર મળશે અને આસ્માનોમાં તેને ખુશખબરી આપવામાં આવશે. તદુપરાંત અલ્લાહની દષ્ટિએ તે આજ્ઞાંક્તિ લખવામાં આવશે.**

**(૩૮)** બઝ્ઝાર તથા તિબ્રાનીએ હસન સનદ થકી હઝરત અનસ رضي الله عنهથી રિવાયત કરી કે એક શખ્સ હુઝૂરની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે મારા પિતા મૃત્યુ પામ્યા અને ફર્ઝ હજ્જ અદા ન કરી. તો આપ ﷺએ ફર્માવ્યું કે બતાવો તો ખરા કે તેના પર કાંઈ કરજ હોત તો તમે શું અદા ન કરતા ? તેણે કહ્યું કે જરૂર અદા કરતો ! તો આપે ફર્માવ્યું કે આ તેના પર કરજ છે અદા કરો !

**(૩૯)** તિબ્રાનીએ ઉક્બા બિન આમિરથી રિવાયત કરી કે એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે મારી માં મૃત્યુ પામી ગઈ છે. શું હું તેની તરફથી હજ્જ કરું ? તો આપ ﷺએ ફર્માવ્યું કે હા !

**(૪૦)** તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે મૈયત તરફથી હજ્જ કરી તો હજ્જ કરનાર અને જેના તરફથી હજ્જ કરી છે બંનેવને સવાબ મળશે.

**(૪૧)** ઈબ્ને અબી શૈબાએ અતા અને ઝૈદ બિન અસ્લમથી રિવાયત કરી કે એક શખ્સ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ

કરી કે મારી માં મૃત્યુ પામી ચૂક્યાં છે, શું હું તેણી તરફથી ગુલામ આઝાદ કરું ?! તો આપ ﷺએ ફર્માવ્યું કે, હા !

**(૪૨)** ઈબ્ને અબી શૈબાએ અતાથી રિવાયત કરી કે મૈયતના મૃત્યુ બાદ ગુલામ આઝાદ કરવો અને સદકો મૈયત માટે લાભદાયક છે.

**(૪૩)** ઈબ્ને અબી શૈબાએ ઈબ્ને જાફરથી રિવાયત કરી કે હસન અને હુસૈન رضی اللہ عنہما હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની શહાદત બાદ તેમના તરફથી ગુલામ આઝાદ કરતા હતા.

**(૪૪)** ઈબ્ને સઅદે કાસિમ બિન મુહમ્મદથી રિવાયત કરી કે હઝરત આઈશા رضی اللہ عنہاએ પોતાના ભાઈ અબ્દુર્રહમાન તરફથી તેમના ઈસાલે સવાબ માટે એક ગુલામ આઝાદ કર્યો.

**(૪૫)** અબૂશ્શૈખે કિતાબુલ્ વસાયામાં હઝરત ઉમર બિન આસથી રિવાયત કરી કે તેમણે હુઝૂર ﷺથી અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આસે વસિયત કરી હતી કે તેમની તરફથી સો ગુલામ આઝાદ કરવામાં આવે તો હિશ્શામે પચાસ આઝાદ કરી દીધા. તો આપે ફર્માવ્યું કે ના ! હજ્જ, સદકો અને આઝાદી મુસ્લિમ તરફથી જ કરવામાં આવશે.

**(૪૬)** ઈબ્ને અબી શૈબાએ હજ્જાજ બિન દીનારથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **વાલિદૈનની ઈતાઅત (આજ્ઞાપાલન) પછી નેકી એ છે કે તમે પોતાની નમાઝ સાથે તેમના માટે નમાઝ પઢો અને પોતાના રોઝા સાથે તેમના માટે રોઝા રાખો અને પોતાના સદકા સાથે તેમના સદકો કરો.**

**(૪૭)** મુસ્લિમે બુરૈદાથી રિવાયત કરી કે એક સ્ત્રીએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી માં પર બે મહિનાના રોઝા હતા, શું હું તેમની તરફથી રોઝા રાખી શકું છું ? આપે ફર્માવ્યું કે હા ! તેણે અર્ઝ કરી કે મારી માંએ હજ્જ પણ કદી નથી કરી તો શું હું તેમની તરફથી હજ્જ કરી શકું છું ? આપે ફર્માવ્યું કે હા !

**(૪૮)** શૈખેને હઝરત આઈશાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જો કોઈ શખ્સ મૃત્યુ પામે અને તેના પર રોઝા હોય તો તેનો વારસ રાખી શકે છે.**





## ★ કબ્ર પર મૈયત માટે કુર્આન પઢવું ★

મૈયત માટે કુર્આન પઢવાથી શું મૈયતને સવાબ મળે છે કે નહીં ? એમાં મતભેદ છે, જમહૂર સલફ અને અઈમ્મએ મુજતહેદીન સવાબ પહોંચવાના માનનારા છે. આપણા ઈમામ, ઈમામ શાફઈએ વિરોધ કર્યો. તેની દલીલ આ આયત છે કે **وَاَنْ لَّيْسَ لِلْاِنْسَانِ اِلَّا مَاسَعٰى** ઈન્સાનને તેની જ કોશિશનો બદલો મળશે, પરંતુ આ આયતનો જવાબ કેટલાક પ્રકારથી આપવામાં આવ્યો છે.

પ્રથમ તો એ કે આ આયત મન્સૂખ છે, આ આયતથી **وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ** "અને તે લોકો જે ઈમાન લાવ્યા અને તેમના બાદ તેમની ઔલાદ આવી." આ આયતનો સાર એ છે કે બાપને પુત્રોની નેકીથી જન્નતમાં દાખલ કરવામાં આવ્યા.

બીજો એ કે આ આયત ઈબ્રાહીમ علیہ السلام અને મૂસા علیہ السلامની કૌમ સાથે ખાસ છે પરંતુ આ ઉમ્મતે મર્હૂમાને પણ મળશે જે ખૂદ કરશે અને તે પણ જે તેના માટે કરવામાં આવશે. આ કૌલ ઈકરમાનો છે.

ત્રીજો એ કે ઈન્સાનથી મુરાદ અહીંયા કાફિર છે અને મો'મિન તેનાથી બહાર છે. આ કૌલ રબીઅ બિન અનસનો છે.

ચોથો એ કે કાનૂન ન્યાય છે અને બીજાના કર્યાથી ફાયદો પહોંચવો તેનો ફઝલ છે. આ હુસૈન બિન ફઝ્લનો કૌલ છે.

પાંચમો "લામ"ના અર્થમાં છે કે ઈન્સાનને જરૂર તેના માટે કરેલ ગુનાહનો અઝાબ થશે ન કે બીજાનો. જે હઝરાત સવાબ પહોંચવાના કાઈલ છે તે એ જ કયાસ કરે છે કે જ્યારે હજ્જ, સદકો, વક્ફ, દુઆ, કિર્અતનો સવાબ પહોંચી શકે છે તો બીજી ઈબાદતોનો પણ પહોંચી શકે છે ભલે આ હદીષો ઝઈફ છે. પરંતુ તેમની અધિક્તાની હૈસિયતથી ઈસાલે સવાબની અસલ સાબિત થઈ શકે છે. એથી વધુ પૂરાણા યુગથી મુસલમાન પોતાનાં મુડદાંઓ માટે એકત્ર થઈને કુર્આન પઢતા રહ્યા અને કોઈએ મનાઈ ન કરી, આનાથી ઈજમાએ મુસ્લિમીન પણ સાબિત થાય છે. આ સર્વ કાંઈ હાફિઝ શમ્સુદ્દીન બિન અબ્દુલ વાહિદ મુકદેસી હંબલીએ પોતાની એક પુસ્તિકામાં વર્ણન કર્યું.

કુર્તબીએ કહ્યું કે શૈખ ઈઝઝુદ્દીન બિન સલામ ઈસાલે સવાબના કાઈલ

ન હતા. જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો અમુક લોકોએ તેમને સ્વપ્નમાં જોયા તો પૂછ્યું કે આપ દુનિયામાં ઈસાલે સવાબના કાઈલ ન હતા તો હવે શો હાલ છે ? તો કહ્યું કે હા ! પહેલાં તો એ જ કહેતો હતો પરંતુ હવે માલૂમ થયું કે અલ્લાહના ફઝ્લો કરમથી સવાબ પહોંચે છે અને હવે મેં રૂજૂઅ (ક઼ૌલ પલટો) કરી લીધો છે.

ક઼બ્ર પર કુર્આન પઢવા બાબતે આપણા અસ્હાબે જાઈઝ હોવાનો ક઼ૌલ કર્યો છે. જાફરાની કહે છે કે મેં ઈમામ શાફઈને પૂછ્યું કે ક઼બ્ર પાસે કુર્આન પઢવું કેવું છે ? તો આપે ફર્માવ્યું કે વાંધો નથી.

નૌદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, શરહે મુહઝ્ઝિબમાં છે કે ઝિયારત કરવાવાળા માટે મુસ્તહબ છે કે તે ઝિયારત બાદ કુર્આન પઢે અને દુઆ કરે તેના પર. ઈમામ શાફઈની તસ્રીહ (સ્પષ્ટિકરણ) પણ છે અને તેમના અસ્હાબ પણ એના પર એકમત છે. અને બીજા સ્થળે ફર્માવે છે કે જો કુર્આન ખતમ કરે તો અફઝલ છે. ઈમામ અહમદ બિન હંબલ પહેલાં તેનો ઈન્કાર કરતા હતા કેમ કે તેમને આ સિલસિલામાં કોઈ હદીષ મળી ન હતી, પરંતુ તેમને તે હદીષ મળી જે અમે 'દફનવિધિ સમયે શું કહેવામાં આવે ?'ના બયાનમાં વર્ણન કરી ચૂક્યા, જેના રાવી ઈબ્ને ઉમર અને અલા બિન હલ્લાજ છે અને હદીષ મરફૂઅ છે તો રુજૂઅ કરી લીધું.

**(૨)** ખલાલે જામેઅમાં શોઅ્બીથી રિવાયત કરી કે જ્યારે અન્સારનું કોઈ મૃત્યુ પામતું તો તેઓ તેની ક઼બ્ર પર આવતા જતા અને કુર્આન પઢતા.

**(૩)** અબૂ મુહમ્મદ સમરકંદીએ સૂરએ ઈખ્લાસના ફઝાઈલમાં વર્ણન કર્યું (મરફૂઅન) કે જેણે ક઼બ્રસ્તાનથી પસાર થતાં અગ્યાર વાર સૂરએ ઈખ્લાસ પઢી અને તેનો સવાબ મુડદાંઓને બખ્શી દીધો તો મુડદાંઓની સંખ્યા બરાબર તેને બદલો મળશે.

**(૪)** અબુલ્ ક઼ાસિમ સઅદ બિન અલી ઝન્જાનીએ પોતાની ફવાઈદમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ક઼બ્રસ્તાન પર ગુજર્યો અને તેણે સૂરએ ફાતેહા, ઈખ્લાસ અને અલ્હાકુમુત્તકાષુર પઢી. પછી આ દુઆ માંગી કે, હે અલ્લાહ ! મેં જે કુર્આન પઢયું છે તેનો સવાબ મો'મિન મર્દ અને ઔરત બંનેને





આપજે ! તો તે ક઼બ્રવાળા ક઼યામતના દિવસે તેના સિફારશી થશે.

**(૫)** ક઼ાઝી અબૂબક્ર બિન અબ્દુલ્ બાક઼ી અન્સારીએ સલમા બિન ઉબૈદથી રિવાયત કરી. તે કહે છે કે હમ્માદ મક્કીએ જણાવ્યું કે એક રાત્રે હું મક્કાના ક઼બ્રસ્તાન તરફ ચાલ્યો ગયો અને ક઼બ્ર પર માથુ મૂકીને સૂઈ ગયો તો જોયું કે ક઼બ્રોવાળા ટોળે ટોળાં ઊભા છે. મેં તેમને પૂછ્યું કે શું કયામત ક઼ાયમ થઈ ? તેમણે કહ્યું કે ના ! અમારા એક ભાઈએ સૂરએ ઈખ્લાસ પઢીને અમને સવાબ પહોંચાડયો તો તે સવાબ અમે એક વર્ષથી વહેંચી રહ્યા છીએ.

**(૬)** અબ્દુલ અઝીઝ જે ખલાલના સાથે છે તેમણે રિવાયત કરી કે અનસે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે ક઼બ્રસ્તાનમાં 'યાસીન' પઢયું તો અલ્લાહ તઆલા તેની બરકતોથી મુડદાંઓનાં અઝાબમાં કમી ફર્માવી દેશે અને પઢવાવાળાને મુડદાંઓની સંખ્યા બરાબર સવાબ મળશે. કુર્તબી કહે છે કે આ હદીષ કે 'પોતાનાં મુડદાંઓ પાસે યાસીન પઢો' તે શંકા ધરાવે છે. એક તો એ કે મૃત્યુ સમયે અને બીજી એ કે ક઼બ્ર પર. પહેલો ક઼ૌલ એક તો એ કે મૃત્યુ સમયે અને બીજી એ કે ક઼બ્ર પર. પહેલો ક઼ૌલ જમહૂરનો છે અને બીજો અબ્દુલ વાહિદ મુક઼દ્દેસીનો છે અને આપણા ઉલમાએ મુતાખ્ખિરીનમાંથી મુહિબ્બ તબ્રએ તેને આમ રાખ્યું. ગિઝાલીએ અહયામાં અને અબ્દુલ હક઼્ક઼ે અહમદ બિન હંબલ رضی اللہ عنہથી રિવાયત કરતાં આકેબતમાં બયાન કર્યું કે જ્યારે તમે ક઼બ્રસ્તાનમાં દાખલ થાવ તો સૂરએ ફાતેહા, મુઅવ્વિઝતૈન અને ઈખ્લાસ પઢો અને તેનો સવાબ ક઼બ્રવાળાને પહોંચાડો કેમ કે એ પહોંચે છે.

કુર્તબી કહે છે કે એક ક઼ૌલ એ છે કે પઢવાનો સવાબ પઢવાવાળાને છે અને મૈયતને સાંભળવાનો સવાબ છે, એટલા માટે જ તો નસ્સે કુર્આની કે, કુર્આન સાંભળવાવાળા પર (કુર્આન સાંભળવાના) સબબે રહમ થાય છે. કુર્તબી ફર્માવે છે કે ખુદાના કરમથી કાંઈ દૂર નથી કે તે પઢવા અને સાંભળવા બંનેનો સવાબ મુડદાંને પહોંચાડે. હનફીઓના ફતાવા ક઼ાઝીખાનમાં છે કે જે મૈયતને માનૂસ કરવા (હૂંફ આપવા) ચાહે તો તે ક઼બ્ર પાસે કુર્આન પઢે, નહીંતર જ્યાં ઈચ્છે પઢે કેમ કે તે ખુદા હર જગાની ક઼િર્અત સાંભળવાવાળો છે.

## વિભાગ

કુર્તબી કહે છે કે આપણા અમુક ઉલમાએ મૈયતને સવાબ પહોંચવા પર હદીષે એબથી દલીલ કાયમ કરી છે. અને તે એ કે હુઝૂર ﷺએ જોયું કે બે ક઼બ્રવાળાઓને અઝાબ થઈ રહ્યો છે. તો આપે એક લીલી ડાળી મંગાવી અને તેના બે ટુકડા કર્યા અને દરેક પર એક ટુકડો લગાડી દીધો અને ફર્માવ્યું કે જ્યાં સુધી આ લીલી રહેશે, ક઼બ્રવાળાઓના અઝાબમાં કમી થશે. ખત્તાબી કહે છે કે અલીએ તેનો અર્થ એ જણાવ્યો કે ચીજો જ્યાં સુધી પોતાની અસલિયત પર રહે છે અને લીલી રહે છે, અલ્લાહની તસ્બીહ કરે છે. ખત્તાબી સિવાય અન્ય ઉલમા કહે છે કે જ્યારે અલ્લાહ તઆલા વૃક્ષો વિગેરેની તસ્બીહથી અઝાબમાં કમી ફર્માવે છે તો મો'મિન ક઼બ્ર પાસે જો કુર્આન પઢશે તો શું હાલ થશે ! પછી આ ક઼બ્રો પાસે વૃક્ષ લગાડવામાં અસલ (દલીલ) છે !

**(૧)** ઈબ્ને અસાકિરે હમ્માદ બિન સલમાની સનદ થકી રિવાયત કરી કે અબૂ બરઝહ્ અસ્લમી رضي الله عنه હુઝૂરે અકરમ ﷺથી રિવાયત કરતા હતા કે હુઝૂર ﷺ એક ક઼બ્ર પર પસાર થયા. ક઼બ્રવાળા પર અઝાબ થઈ રહ્યો હતો તો આપ ﷺએ એક ડાળી તેના પર લગાડી અને ફર્માવ્યું કે કદાચ આના પરથી અઝાબમાં કમી થાય.

અબૂ બરઝહ્‌ની વસિયત હતી કે જ્યારે હું મૃત્યુ પામું તો ક઼બ્રમાં મારી સાથે બે ડાળીઓ મૂકી દેશો. રાવી કહે છે કે તે કરમા અને કોમસ દરમ્યાન એક જંગલમાં વફાત પામી ગયા તો સાથીઓએ વસિયતનું ઝિક્ર કર્યું પરંતુ ત્યાં ડાળીઓ ન મળી. હજી તે હેરાન જ હતા કે શું કહીએ, એકાએક સજિસ્તાન તરફથી અમુક સવાર આવતા દેખાયા તેમની પાસે કેટલીક ડાળીઓ હતી. તેમણે બે ડાળીઓ તેમનાથી લઈ લીધી અને તેઓએ ક઼બ્રમાં સાથે જ મૂકી દીધી.





**(૨)** ઈબ્ને સઅદે મૌરક઼થી રિવાયત કરી. તે કહે છે કે બુરૈદાએ વસિયત કરી કે તેમની ક઼બ્રમાં બે ડાળીંઓ મૂકી દેવામાં આવે. તારીખ ઈબ્ને નજ્જારમાં કુષૈર બિન સાલિમ હૈતીના તઝકેરામાં છે કે તેમણે ખૂબ સખ્તીથી આ વસિયત કરી કે તેમની ક઼બ્ર જ્યારે ખતમ થઈ જાય તો તેને ફરી તામીર ન કરવામાં આવે કારણ કે અલ્લાહ તઆલા તેમની તરફ રહમતની નજર ફર્માવે છે, જેની ક઼બ્રો ખતમ થઈ જાય છે, તો હું આશા રાખુ છું કે મારી પણ ગણના તે લોકોમાં થઈ જાય. ઈબ્ને નજ્જાર કહે છે કે આષારમાં આ પ્રકારની રિવાયતો મળે છે. પછી તેમણે પોતાની સનદ થકી વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે અરમિયા કેટલીક એવી ક઼બ્ર પર પસાર થયા જેમને અઝાબ થઈ રહ્યો હતો પછી એક વર્ષ ગુજર્યું તો અઝાબ ખતમ થઈ ચૂક્યો હતો તો તેમણે અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી કે હે મૌલા ! શું કારણ છે કે પહેલાં તેઓને અઝાબ થઈ રહ્યો હતો હવે ખતમ થઈ ગયો ? તો આસ્માનથી નિદા આવી કે હે અરમિયા ! તેઓનાં કફન ફાટી ગયાં, વાળ વિખરાઈ ગયા અને ક઼બ્રો ખતમ થઈ ગઈ તો મેં તેઓ પર રહમ કર્યો અને એવા લોકો પર હું રહેમ કર્યા જ કરું છું.

### ★ મૌતનો શ્રેષ્ઠ સમય ★

**(૧)** અબૂ નુએમે ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેનો ઈન્તેકાલ રમઝાનના ખતમ પર થયો તે જન્નતમાં દાખલ થશે જેનો ઈન્તેકાલ અરફાના ખતમ પર થયો તે જન્નતમાં દાખલ થશે, જેનો ઈન્તેકાલ સદક઼ાના ખતમ પર થયો તે પણ જન્નતમાં દાખલ થશે.

**(૨)** અહમદે હુઝૈફાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે કલમો કેવળ અલ્લાહની રઝામંદી માટે પઢયો તો જન્નતમાં દાખલ થશે અને તેનો ખાતમો પણ ઈમાન પર થશે. અને જેણે કોઈ દિવસ અલ્લાહ તઆલાની રઝામંદી માટે રોઝો રાખ્યો તો તેનો ખાતમો પણ તેના પર થશે. અને જન્નતમાં દાખલ થશે. અને જેણે અલ્લાહની રઝા માટે સદક઼ો કર્યો તેનો ખાતમો પણ તેના પર થશે અને તે જન્નતમાં દાખલ થશે.

(૩) અબૂ નએમે ખુષૈમાથી રિવાયત કરી કે સહાબા رضوان الله تعالى عليهم أجمعين એ વાતને બહુ પસંદ કરતા હતા કે કોઈ શખ્સનો ઈન્તેકાલ કોઈ સારા કામ પછી થાય, જેમ કે હજ્જ, ઉમરા, જેહાદ, રમઝાનના રોઝા વગેરે.

(૪) દૈલમીએ હઝરત આઈશાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે રોઝાની હાલતમાં મૃત્યુ પામ્યો ક઼યામત સુધી અલ્લાહ તઆલા તેના હિસાબોમાં રોઝા લખી દેશે.**

(૫) અબૂ નુએમે જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે જુમ્આના દિવસે અથવા જુમ્આની રાત્રે વફાત પામશે તે અઝાબે ક઼બ્રથી સુરક્ષિત રહેશે અને ક઼યામતના દિવસે તેના પર શહીદોનો સિક્કો હશે.

(૬) હુમૈદે પોતાની તરગ઼ીબમાં પોતાની સનદ થકી અબૂ જાઅ્ફરથી રિવાયત કરી કે જુમ્આની રાત રોશન છે અને તેનો દિવસ જગમગતો છે. જે શખ્સ જુમ્આની રાત્રે મૃત્યુ પામશે તે ક઼બ્રના અઝાબથી સુરક્ષિત રહેશે અને જે જુમ્આના દિવસે મૃત્યુ પામશે તે જહન્નમના અઝાબથી આઝાદ થશે.

તે આમાલનું વર્ણન જે મૃત્યુ બાદ જલ્દી જન્નતમાં પહોંચવાના ઝરીયો થાય છે

(૧) નિસાઈ અને ઈબ્ને હબ્બાને પોતાને સહીહમાં અને ઈબ્ને મરહૂયા તથા દારેકુત્નીએ અબૂ ઉમામાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જેણે દરેક નમાઝ પછી આયતુલ કુર્સી પઢી તે મરતાં જ જન્નતમાં જશે.** બયહકીએ પણ આવી જ રિવાયત કરી.

**★ મૈયતના શરીરના સડવા કહોવાવાનું વર્ણન ★**

અંબિયા عليهم السلام અને અમુક શખ્સો અપવાદ કરવામાં આવ્યા છે.

(૧) બુખારીએ જુન્દુબ બજલીથી રિવાયત કરી. સૌ પ્રથમ ઈન્સાનનું પેટ સડે છે.

(૨) અબૂ નુએમે વહબ બિન મુનબ્બથી રિવાયત કરી તે ફર્માવે છે





કે મેં અમુક કિતાબોમાં પઢયું કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જો હું મૈયતના શરીરને ન સડાવતો તો લોકો મુડદાંઓને ઘરમાં જ રાખતા.

(૩) ઈબ્ને અસાકિરે ઝૈદ બિન અરકમથી મરફૂઅન્ રિવાયત કરી કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે મેં બંદાઓ પર ત્રણ ચીજોથી ઉદારતા કરી : અનાજમાં કીડા પેદા કરી દીધા, નહીંતર બાદશાહ તેને એકત્ર કરી લે તો જેમ કે સોના ચાંદીને એકત્ર કરે છે. મૈયતના શરીરને સડાવી દીધું નહીંતર કોઈ મૈયતને દફન ન કરતા. અને ગમગીનને તેનો ગમ ભૂલાવી દીધો નહીંતર તે કદી ચેનથી ન બેસતા.

(૪) ઈબ્ને અસાકિરે અબૂ ક઼લાથી રિવાયત કરી. અલ્લાહ તઆલાએ રૂહથી અધિક સારી વસ્તુ પેદા નથી ફર્માવી, એ જેમાંથી કાઢી લેવામાં આવે તેમાં દુર્ગંધ પેદા થઈ જાય છે.

(૫) મુસ્લિમે અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઈન્સાનની દરેક ચીજ સડી જાય છે સિવાય પીઠ પાછળની હાડકીના. અને તેનાથી જ ક઼યામતના દિવસે તેને જોડવામાં આવશે. (એટલે કે આ હાડકી પાયાના દરજામાં છે બાકી અંગો તેની જ સાથે આવીને લાગશે.)

(૬) મુસ્લિમ, અબૂ દાઊદ અને નિસાઈએ અબૂ હુરૈરહ્થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈન્સાનના તમામ અંગોને માટી ખાઈ લે છે સિવાય પીઠ પાછળની હાડકીના અને તેનાથી જ ઈન્સાન જોડાયેલ છે.

(૭) શારેહે મુવાફિ઼ક઼ કહે છે કે શું અલ્લાહ તઆલા શરીરના અંગોને ફના કરી દે છે અને પછી પેદા ફર્માવે છે કે ફેલાવી દે છે અને પછી એકઠાં ફર્માવશે ? સત્ય તો એ છે કે આ સિલસિલામાં કોઈ સ્પષ્ટિકરણ મૌજૂદ નથી. જેથી કોઈ ચીજ પર યક઼ીન નથી કરી શકતા. અને અલ્લાહ તઆલાનું ફર્માન, 'હર ચીજ હલાક થવાની છે સિવાયે ખુદાના'માં કોઈ દલીલ નથી, કારણ કે જે રીતે અદમ (મૌજૂદ ન હોવું) હલાક છે. એવી જ રીતે તફરીક (અલગ હોવું) પણ હલાક છે.

(૮) અબૂ દાઊદ અને હાકિમે ઔસ બિન ઔસથી રિવાયત કરી કે

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જુમ્આના દિવસે મારા પર વધુ પ્રમાણમાં દુરૂદો સલામ મોકલો કેમ કે તમારું દુરૂદો સલામ મારા પર પેશ કરવામાં આવે છે. તો સહાબા رضوان الله تعالى عليهم اجمعينએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ અમો આપ પર દુરૂદ કેમ કરીને મોકલીએ જ્યારે કે આપ તો માટીમાં મળી ચૂક્યા હશો ?! આપે ફર્માવ્યું કે અલ્લાહે જમીન પર નબીઓના શરીરોને હરામ કરી દીધાં છે.

**(૯)** ઈબ્ને માજાએ અબૂ દરદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે પણ તમે મારા પર દુરૂદ મોકલો છો તો તમારા દુરૂદ મારા પર પેશ કરવામાં આવે છે. તો સહાબાએ અર્ઝ કરી કે મૌત બાદ પણ ? આપે ફર્માવ્યું કે, હા ! મૌત બાદ પણ, કેમ કે અલ્લાહ તઆલાએ જમીન પર અંબિયાનાં શરીરો હરામ ફર્માવી દીધા છે.

**(૧૦)** માલિકે અબ્દુર્રહ્માન બિન અબી સઅ્સઆથી રિવાયત કરી કે તેમને માલૂમ થયું કે અમ્ર બિન હ઼મૂહ઼ અને અબ્દુલ્લાહ બિન અમ્રની ક઼બ્રોને પાણીની પ્રવાહે ખોલી નાખી. બંને એક જ ક઼બ્રમાં હતા અને જંગે ઓહદમાં શહીદ થયા હતા. તો લોકોએ તેને ખોદી કે બીજી જગાએ દફન કરી દેવામાં આવે તો એવું લાગ્યું કે તેમને હમણાં કોઈએ દફન કર્યા છે. તેઓમાંથી એક પોતાના ઝખ્મ પર હાથ મૂકતા હતા, હાથને હટાવવામાં આવ્યો પરંતુ તેમણે ફરી ત્યાં જ મૂકી લીધો. જ્યારે કે આ પ્રસંગ જંગે ઓહદના છેત્તાલીસ વરસ પછીનો છે.

**(૧૧)** બયહકીએ દલાઈલમાં બીજી સનદ થકી આ વાકેઆને વર્ણન કર્યો કે જ્યારે તેમનો હાથ હટાવવામાં આવ્યો તો લોહી નીકળી આવ્યું. પછી જ્યારે હાથ મૂકી દીધો તો બંધ થઈ ગયું. કહેવામાં આવે છે કે હઝરત મુઆવિયાએ ઈરાદો કર્યો કે પાણીનું ઝરણુ કાઢીએ તો અલાન કરી દીધું કે અહીંયા જેના સાથી દફન હોય આવી જાય ! તો લોકો આવ્યા અને પોતાનાં મુડદાંઓને જોયાં તો તે બિલકુલ તાજાં હતાં, એટલે સુધી કે એક શખ્સના પગ પર પાવડો વાગી ગયો તો લોહી વહી નીકળ્યું. આ મોકા પર અબૂ સઈદ ખુદરીએ કહ્યું કે આના પછી કોઈ મુન્કિર ઈન્કાર નહીં કરશે (હવે શહીદોની જિંદગીનો કોઈ ઈન્કાર નહીં કરશે.) લોકો માટી ખોદી રહ્યા હતા તો તેમને માટીથી મુશ્કની સુગંધ આવી.




વાક઼ેદીએ પોતાના બુઝુર્ગોથી આ જ પ્રકારની રિવાયત કરી.

**(૧૨)** બયહકીએ દલાઈલમાં (મૌસૂલન્) જાબિરથી રિવાયત કરતાં આટલું વધાર્યું કે પાવડો હઝરત હમ્ઝાના પગ પર લાગી ગયો અને તેનાથી લોહી વહી નીકળ્યું.

**(૧૩)** તિબ્રાની, ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **સવાબ તલબ કરવા માટે અઝાન દેવાવાળો શહીદના સમાન છે. જ્યારે તે મૃત્યુ પામે છે તો તેની ક઼બ્રમાં કીડા નથી પડતા.** કુર્તબી કહે છે કે બાહ્ય રીતે તેનો હેતુ એ છે કે તેને કીડા નથી ખાતા.

**(૧૪)** અબ્દુર્રઝ્ઝાકે પોતાની મુસન્નફમાં મુજાહિદથી રિવાયત કરી કે મોઅઝ્ઝિનોની ગરદનો લાંબી હશે અને તેમની ક઼બ્રોમાં કીડા નહીં પડશે.

**(૧૫)** ઈબ્ને મુન્દાએ જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જ્યારે હાફિઝ મૃત્યુ પામે છે તો ખુદા તઆલા જમીનને હુકમ દે છે કે તેના શરીરને ન ખાશો. તો જમીન કહે છે કે હે ખુદાવંદ ! હું તેના શરીરને કેવી રીતે ખાઈ શકુ છું ! તેમાં તો તારું ક઼લામ છે.** ઈબ્ને મુન્દા કહે છે કે આ સદંર્ભમાં અબૂ હુરૈરહ્ અને અબ્દુલ્લાહ બિન મસઊદ رضى الله عنهماની હદીસો પણ મળે છે.

## ★ રૂહ સંબંધિત ફાયદાઓનાં વર્ણનમાં ★

આમાંથી વધુ (રિવાયતો)મેં ઈબ્ને ક઼ૈય્યિમની કિતાબુર્રૂહ઼થી લીધી છે.

**(૧)** શૈખેને ઈબ્ને મસઊદથી રિવાયત કરી. હું હુઝૂરે અકરમ ﷺ સાથે મક્કાના એક વેરાન (સ્થળ)માં હતો. આપ એક ડાળી પર ટેક લગાડેલ હતા તો કેટલાક યહૂદી પસાર થયા અને તેમણે કહ્યું કે આમનાથી રૂહ બાબતે પૂછો. અમુકે કહ્યું કે ન પૂછો ! છેવટે ફેંસલો પૂછવા પર જ થયો. તે વધ્યા અને કહ્યું કે હે મુહમ્મદ ! (ﷺ) રૂહ શું છે ? તો આપ લાકડી પર ટેક લગાડી યથાવત ઊભા રહ્યા ત્યાં સુધી કે

મને ગુમાન થયું કે આપ પર વહી આવી રહી છે. પછી આપે ફર્માવ્યું કે, "આ તારાથી રૂહ વિશે પૂછે છે, કહી દો કે રૂહ મારા રબના આલમે અમ્ર (તે ચીજો જેમાં અંદાજાને દખલ નથી)થી છે અને તમને ખૂબ જ ઓછું ઈલ્મ આપવામાં આવ્યું છે." હવે રૂહના વિષયમાં બે ગૃપ થઈ ગયા, એકનો ખયાલ છે કે આ સિલસિલામાં વાતચીત ન કરવામાં કેમ કે આ અલ્લાહનું રહસ્ય છે. આ તરીક઼ો પસંદીદા છે.

જુનૈદનો ક઼ૌલ છે કે રૂહનું ઈલ્મ અલ્લાહ સાથે છે, તેણે એ પોતાની મખ્લૂક઼ને નથી આપ્યું જેથી તેમાં ચર્ચા ન કરવામાં આવે. હા ! એ મૌજૂદ છે. આ જ ઈબ્ને ઈબ્બાસ અને ઘણા પૂર્વજોથી મનકૂલ છે. જેથી ઈબ્ને અબ્બાસ રૂહની તફસીર કરતા ન હતા.

**(૨)** ઈબ્ને અબી હાતિમે ઈકરમાથી રિવાયત કરી કે ઈબ્ને અબ્બાસથી રૂહ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે રૂહ મારા રબના આલમે અમ્રથી છે. તમે તેની હક઼ીક઼તને નથી પામી શકતા. તમે તે જ કહો જે ખુદાએ ફર્માવ્યું અને તેના નબી ﷺએ શિખવાડયું કે, **وَمَا أُوتِيتُم مِنَ العِلْمِ اِلَّا قَلِيلًا**

**(૩)** ઈબ્ને જરીરે પોતાની સનદ થકી રિવાયત કરી કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો યહૂદે કહ્યું કે આ જ અમારી કિતાબમાં છે.

હું એમ કહું છું કે આ તે મસ્અલો છે જેને ખુદા તઆલાએ કુર્આન અને તૌરાત અને ઈન્જીલમાં છુપો રાખ્યો, તો તેનું સહીહ ઈલ્મ કોને હોઈ શકે છે ?!

અબુલ્ ક઼ાસિમ કુશૈરીએ કહ્યું કે શ્રેષ્ઠ ફિલોસોફરો આ મસ્અલામાં ચૂપ થઈ ગયા અને કહ્યું કે આ તકદીરની જેમ રહસ્ય છે. ઈબ્ને બતાલ કહે છે કે આના ઈલ્મથી મખ્લૂક઼ને મેહરૂમ કરવાનો ફાયદો એ છે કે તે પોતાની કમજોરી જાણી લે. કુર્તબી કહે છે કે આમાં ચેતવણી છે કે હે ઈન્સાન ! જ્યારે તું પોતાની હક઼ીક઼તને ઓળખવાથી લાચાર છે તો પોતાના ખાલિક઼ની હક઼ીક઼ત કેમ કરીને ઓળખી શકે છે ? આ બિલકુલ એવું છે જેમ કે ઈન્સાનની દષ્ટિ પોતે પોતાને નથી જોઈ શકતી.

એક ગૃપે આની વાસ્તવિક્તા પર બહષ કરી છે. ઈમામ નૌદી કહે





છે કે આમાં સૌથી સહીહ ક઼ૌલ ઈમામુલ્ હરમૈનનો છે કે આ એક લતીફ શરીર છે જે કષીફ અજસામમાં એવી રીતે દાખલ છે જે રીતે લીલીછમ લાકડીમાં પાણી.

જે લોકો કહે છે કે રૂહનું ઈલ્મ કોઈને ન હતું, તે આ વાતમાં વિવિધ છે કે શું હુઝૂર ﷺને પણ (ઈલ્મ) હતું કે નહીં ?! ઈબ્ને અબી હાતિમ પોતાની તફસીરમાં કહે છે કે અમને અબ્દુલ્લાહ બિન બુરૈદાથી રિવાયત પહોંચી છે કે હુઝૂર ﷺની વફાત થઈ ગઈ અને આપને રૂહની હક઼ીક઼તનું ઈલ્મ ન થયું. અને એક વર્ગ કહે છે કે આપ ﷺને રૂહનું ઈલ્મ હતું પરંતુ બતાવવાનો હુકમ ન હતો. આ મતભેદ બિલકુલ ઈલ્મે ક઼યામતના મતભેદની જેમ છે.

**(૪)** કેટલાક મુસલમાનોનો મઝહબ છે કે રૂહ પણ એક શરીર છે, અને કિતાબ અને સુન્નત તથા ઈજમાઅથી પણ આ જ સાબિત છે. કેમ કે તેના માટે શરીરની જ હાલતો સાબિત છે. જેમ કે ક઼બ્ઝ કરવી, છોડવી, લેવી, કાઢવી, નીકળવી, આરામ પામવો, તકલીફ ઉઠાવવી, જવું, પરત આવવું, રાજી થવું, નારાજ થવું, એક સ્થળેથી બીજા સ્થળે જવું, ખાવું, પીવું, સહેલ કરવું, આરામ કરવું, લટકવું, બોલવું, ઓળખવું, ન ઓળખવું વગેરે આ સર્વ તે હાલતો છે જે કોઈ અરઝ (તે ચીજ જે અન્ય ચીજના કારણે કાયમ હોય)ને લાગુ નથી થઈ શકતી. તો આ ચીજ પણ શંકાથી બહુ ઊંચે છે કે રૂહ પોતાના ખાલિક઼ને ઓળખે છે અને ફિલોસોફી તથા અક્કલને જાણે છે. આ સૌ ઈલ્મો અર્ઝ છે અને જો રૂહને પણ અર્ઝ કહીએ તો અરઝનું અરઝથી કાયમ હોવું લાગુ પડશે, અને એ અશક્ય છે. ઉસ્તાઝ અબુલ ક઼ાસિમ કુશૈરી કહે છે કે રૂહની સૂરતનું અજસામે લતીફાથી હોવું બિલકુલ ફરિશ્તાઓ અને શૈતાનો (જિન્નાતો)ની જેમ છે.

**(૫)** સહીહ એ છે કે રૂહ અને નફ્સ એક જ ચીજ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "હે શાંતિમય નફ્સ ! પોતાના રબની તરફ પરત થઈ જા !" બીજા સ્થળે ફર્માવ્યું કે, "રોક્યું નફ્સને ઈચ્છાથી" કહે છે, "મૃત્યુ પામ્યો અને પ્રાણ નીકળી ગયો."

અમુક કહે છે કે જે રૂહ ક઼બ્ઝ કરવામાં આવે છે તે નફ્સના સિવાય

છે. તેનું સમર્થન આ તફસીર કરે છે જે ઈબ્ને અબી હાતિમે ઈબ્ને અબ્બાસના હવાલાથી અલ્લાહ તઆલાનું ફર્માન : اَللّٰهُ يَتَوَفَّى الاَنفُسَ حِيۡنَ مَوۡتِهَا માં કરી કે ઈન્સાનમાં રૂહ અને નફ્સ છે અને તેનો સંબંધ એવો છે જેમ કે સૂર્યનો તેનાં કિરણોથી. તો ઊંઘમાં અલ્લાહ નફ્સને કૃબ્ઝ કરી લે છે અને રૂહને છોડી દે છે, તે ઈન્સાનમાં રહે છે. હવે જો અલ્લાહ તઆલા તેને પણ કૃબ્ઝ કરવાનો ઈરાદો કરે તો રૂહને કૃબ્ઝ કરી લે છે અને ઈન્સાન મૃત્યુ પામે છે. અને જો હજી તે ઈન્સાનની જિંદગી હોય છે તો નફ્સને તેના સ્થળે પરત કરી દે છે.

મુક઼ાતિલ કહે છે ઈન્સાન માટે જિંદગી, નફ્સ અને રૂહ ત્રણ ચીજો છે. જ્યારે ઈન્સાન સૂવે છે તો તેનું તે નફ્સ નીકળી જાય છે જેના દ્વારા તે ચીજોને ઓળખે છે અને સંપૂર્ણપણે નથી નીકળતું બલ્કે એવી રીતે જેમ કે કોઈ દોરી ખેંચી લેવામાં આવે. તો તે નફ્સ સ્વપ્ન જુએ છે અને જિંદગી રૂહ સાથે શરીરમાં જ રહે છે જેનાથી ઈન્સાન □ાસ લે છે. જ્યારે શરીરને હલાવવામાં આવે તો તે આંખનાં પલકારાથી વધુ જલ્દી પરત આવી જાય છે. જ્યારે અલ્લાહ તઆલા તેને મારવાનો ઈરાદો કરે છે તો તે નફ્સને રોકી લે છે. આપે ફર્માવ્યું કે આ નફ્સ સ્વપ્ન જોઈ પરત આવે છે અને રૂહને ખબર આપે છે અને રૂહ દિલને ખબર દે છે, આ રીતે ઈન્સાન જાણી લે છે કે તેણે શું જોયું અને શું ન જોયું !

**(૬)** અબૂશૈખે 'કિતાબુલ અઝમત'માં અને ઈબ્ને અબ્દુલ બર્રે 'તમહીદ'માં વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે ઈન્સાનનું નફ્સ પણ ચોપગાની જેમ પેદા કરવામાં આવ્યું છે કે તે વાસના રાખે છે અને ઈન્સાનને બુરાઈ તરફ બોલાવે છે અને તેનું સ્થળ પેટ છે. ઈન્સાનની ફઝીલત તેની રૂહથી છે, તેનું સ્થળ દિમાગ છે. ઈન્સાન તેના દ્વારા જીવંત રહે છે અને આ જ ઈન્સાનને ભલાઈની દા'વત આપે છે. પછી વહબે પોતાના હાથ પર નાકથી હવા કાઢીને કહ્યું કે જુઓ આ ઠંડી છે કે કેમ કે રૂહથી છે, અને પછી હવા કાઢી અને કહ્યું કે આ ગરમ છે કેમ કે નફ્સથી છે. તેનું ઉદાહરણ દંપત્તિ જેવું છે કે રૂહ ભાગીને નફ્સ પાસે આવી જાય છે તો ઈન્સાન શાંતિ અનુભવે છે અને સૂઈ જાય છે અને જ્યારે જાગે છે તો રૂહ પોતાની જગાએ આવી જાય છે. તેની સ્પષ્ટતા એ છે કે





જ્યારે તમે સૂઈને જાગો છો અને ત્યારે અનુભવો છો કે કોઈ ચીજ તમારા માથામાં હરકત કરી રહી છે. દિલનું દૃષ્ટાંત બાદશાહની જેમ છે અને અંગો ખાદિમ છે. જ્યારે નફ્સ બુરાઈનો હુકમ આપે છે તો અંગો હરકત કરવા લાગે છે પરંતુ રૂહ રોકે છે અને ભલાઈની દા'વત આપે છે. જો દિલ મો'મિન હોય છે તો રૂહની આજ્ઞાપાલન કરે છે અને જો કાફિર હોય છે તો નફ્સની ફર્માંબરદારી કરે છે અને રૂહની વિરુદ્ધ કરે છે.

**(૭)** ઈબ્ને સઅદે પોતાની 'તબકાત'માં વહબ બિન મુનબ્બાથી રિવાયત કરી કે અલ્લાહ તઆલાએ ઈબ્ને આદમને માટી અને પાણીથી પેદા કર્યા. પછી તેમાં નફ્સ પેદા કર્યું જેના કારણે ઊભુ થાય છે અને બેસે છે, સાંભળે, જુએ અને જાણે છે. અને જે ચીજોથી ચોપગા (જાનવરો) બચે છે તેનાથી જ તે બચે છે. પછી અલ્લાહ તઆલાએ રૂહ પેદા કરી જેના સબબે તેણે હક્ક઼ તથા બાતિલને ઓળખ્યા, હિદાયત તથા ગુમરાહીને જાણી તેના જ કારણે ડર્યો અને આગળ વધ્યો અને કામોના પરિણામ માલૂમ કર્યા.

ઈબ્ને અબ્દુલ બર્રે 'તમ્હીદ'માં કહ્યું કે અબૂ ઈસ્હાક મુહમ્મદ બિન કાસિમ શઅબાને વર્ણન કર્યું. અબ્દુર્રહમાન જે માલિકના સાથી હતા તેમણે ફર્માવ્યું કે નફ્સ ઈન્સાનના શરીરની જેમ એક શરીર છે અને રૂહ વહેતા પાણીની જેમ છે અને દલીલ આ આયત છે કે, اَللّٰهُ يَتَوَفَّى الاَنفُسَ અલ્લાહ નફ્સોને મૌત આપે છે પછી એ કે અલ્લાહ સૂવાવાળાના નફ્સને મૌત દઈ દે છે અને તેની રૂહ ચઢતી અને ઉતરતી રહે છે અને જગા જગાએ સહેલ કરે છે. જ્યારે અલ્લાહ તઆલા તે નફ્સને શરીરમાં પરત આવવાની ઈજાઝત આપી દે છે તો શરીર જાગી ઉઠે છે તેમની દૃષ્ટિએ નફ્સ અને રૂહ અલગ અલગ ચીજો છે અને રૂહ તે પાણીની જેમ છે જે બાગમાં વહેતું રહે છે અને જ્યારે અલ્લાહ તઆલા તે બાગને નષ્ટ કરવા ઈચ્છે છે તો તે પાણીને રોકી લે છે. એ જ પ્રમાણે ઈન્સાનની રૂહ અને તેના શરીરની સ્થિતિ છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે કે ઉબૈદુલ્લાહ બિન અબી જાઅફરે ફર્માવ્યું કે મૈયતને જ્યારે તખ્તા પર લઈને ચાલે છે તો તેની રૂહ ફરિશ્તાઓના હાથમાં હોય છે જે તેની સાથે ચાલે છે. પછી જ્યારે તેને નમાઝ માટે

મૂકે છે તો તે થોભી જાય છે અને પછી જ્યારે દફન કરવા માટે લઈને ચાલે છે તો તે પણ સાથે ચાલે છે, અને જ્યારે તેને ક઼બ્રમાં રાખવામાં આવે છે તો અલ્લાહ તેની રૂહ પરત કરી દે છે જેથી ફરિશ્તાઓ સવાલ તથા જવાબ કરે. જ્યારે સવાલ કરવાવાળા ફરિશ્તા સવાલ કરે છે તો એક ફરિશ્તાને હુકમ થાય છે કે તેના નફ્સને કાઢી લે અને જ્યાં અલ્લાહ હુકમ આપે પહોંચાડે. આ ફરિશ્તો મલકુલ્ મૌતના મદદગારોમાંથી હોય છે. શૈખ ઈઝ્ઝુદ્દીન ઈબ્ને સલામ કહે છે કે પ્રત્યેક માનવમાં બે રૂહો હોય છે : (૧) એક રૂહે યકઝા છે. એટલે કે તે રૂહ જ્યારે તે શરીરમાં હોય છે તો આદત મુજબ ઈન્સાન જાગૃત થાય છે અને જ્યારે તે નીકળી જાય છે તો આદત મુજબ ઈન્સાન સૂઈ જાય છે અને એ ઈન્સાન સ્વપ્ન જુએ છે. અને (૨) બીજી રૂહે હયાત કે જ્યારે તે શરીરમાં હોય તો આદત મુજબ તે શરીર જીવંત હોય છે અને જ્યારે તેને કાઢી નાંખવામાં આવે તો આદત મુજબ તે મરી જાય છે અને જ્યારે તે રૂહ પરત આવે તો શરીર જીવંત થઈ જાય છે. આ બંને રૂહો ઈન્સાનના આંત્રિકમાં છે, તેમનું સ્થળ અલ્લાહ જ જાણે છે.

અમુક મુતકલ્લિમીન કહે છે કે રૂહ ઈન્સાનના દિલની નજીક છે. ઈબ્ને અબ્દુસ્સલામ કહે છે કે બહુ શક્ય છે કે રૂહ દિલમાં હોય. તદુપરાંત એ કે શક્ય છે કે સૌ રૂહો લતીફ હોય અને શક્ય છે કે મો'મિનોની રૂહો સાથે ખાસ હોય. રૂહે હયાત અને રૂહે યકઝાના અસ્તિત્વ પર આ આયત દલીલ પુરવાર કરે છે કે અલ્લાહ નફસોને વફાત આપે છે, તો જેના માટે તેણે મૌતનો ફેંસલો કરી દીધો છે તેને રોકી લે છે અને આ રૂહે હયાત છે. અને જેના માટે જિંદગી મુક઼દ્દર છે તેને છોડી દે છે, અને આ રૂહે યકઝા છે. રૂહે હયાત મરતી નથી બલ્કે આસ્માન તરફ જાય છે. હવે જો કાફિરની રૂહ હોય છે તો તેના માટે આસ્માનના દરવાજા નથી ખુલતા તેને જમીન પર પરત કરી દેવામાં આવે છે અને મો'મિનો માટે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે જેથી તે રબ્બુલ આલમીનની સમક્ષ રજૂ થઈ શકે. શૈખ ઈઝ્ઝુદ્દીનની જેમ ઈમામ ગિઝાલી પણ રૂહ માટે દિલ જ સ્થળ માને છે અને મને આ સંદર્ભમાં એક હદીષ પણ મળી છે.





**(૮)** ઈબ્ને અસાકિરે પોતાની તારીખમાં ઝોહરીથી રિવાયત કરી કે ખુઝૈમા બિન હકીમ હુઝૂરની બારગાહમાં ફત્હે મક્કાના દિવસે આવ્યા અને અર્ઝ કરી કે મને રાતમાં અંધકાર, દિવસમાં ઉજાસ અને ઠંડીમાં પાણીની ગરમી અને ગરમીમાં પાણીની ઠંડક અને વાદળ અને મર્દ તથા ઔરતના પાણીને ઠહેરવાની સ્થિતિ અને નફ્સનું સ્થળ આ સર્વ જણાવો. તો તેમણે હદીષ વર્ણન કરી અને ફર્માવ્યું કે નફ્સનું સ્થળ દિલ છે અને આ લોકોને લોહીથી સેરાબ કરે છે જ્યારે દિલ મરી જાય છે તો નસો ખતમ થઈ જાય છે.

**(૯)** અહલે સુન્નતનો ઈજમાઅ છે કે રૂહ હાદિષ (ફાની) છે અને મખ્લૂક઼ છે. નાસ્તિકો સિવાય આમાં કોઈએ મતભેદ ન કર્યો. ઈબ્ને કુતિબા અને મુહમ્મદ બિન નસ્ર મરૂઝી ઈજમાઅના નકલ કરનાર છે.

**(૧૦)** હવે આમાં મતભેદ છે કે રૂહ પહેલાં પેદા થઈ કે શરીર ? અમુક કહે છે કે રૂહ પ્રથમ પેદા થઈ. જેથી મુહમ્મદ બિન નસ્ર અને ઈબ્ને હઝમે આના પર ઈજમાઅનો દાવો કર્યો. તેની દલીલ એ છે કે ઈબ્ને મુન્દાએ અમ્ર બિન મુનબ્બાથી મરફૂઅન રિવાયત કરી કે હુઝૂર عليه السلامએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ બંદાઓની રૂહોને બંદાઓથી બે હજાર વર્ષ પહેલાં પેદા કરી. તો જેમણે એકબીજાને ઓળખ્યા તે મળી ગઈ અને જેમણે ન ઓળખ્યા તે અલગ થઈ ગયા. વધુમાં એ કે ઔલાદે આદમને તેમની પીઠથી કાઢવાવાળી હદીષો એ પણ કે અલ્લાહે જ્યારે આદમને પેદા ફર્માવ્યા તો તેમની પીઠ પર હાથ ફેરવ્યો તો ક઼યામત સુધી પેદા થવાવાળી ઝુર્રિયત આપની પીઠથી નીકળી આવી. હાકિમે તેને અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી અને હાકિમે ઉબય બિન ક઼અબથી اِذْاَخَزَرَبُّكَ مِنُ بَنِىٓ اٰدَمَ مِنُ ظُهُوُرِهِمُની તફસીર કરતાં લખ્યું કે અલ્લાહ તઆલાએ તે સૌની રૂહો કાઢી તેમને સૂરત અને બોલવાની શક્તિ અતા ફર્માવી તો તેમણે વાતચીત કરી તો અલ્લાહ તઆલા સાથે વાયદો કરી લીધો. અમુક લોકો કહે છે કે શરીર પ્રથમ પેદા થયું જેથી કુર્આન શરીફમાં છે :–

هَلُ اَتٰى عَلَى الْاِنُسَانِ حِيُنَ مِنَ الدَّهُرِ لَمُ يَكُنُ شَيُئًا مَّذُ كُوُرًا۔

**અર્થાત** : "ઈન્સાન પર એક એવો જમાનો આવ્યો તે તેમાં કંઈ પણ ન હતો.

**(૧૧)** મરવી છે કે ઈન્સાનનું પૂતળુ રૂહ ફૂંકવાથી ચાલીસ વર્ષ અગાઉ સુધી ઠેહરી રહ્યું. ઈબ્ને મસઊદ رضی اللہ عنہની રિવાયત છે કે તમારી પેદાઈશ એવી છે કે તમે ચાલીસ દિવસ સુધી માંના પેટમાં રહ્યા. પછી રગડું લોહી થયું પછી માંસનો ટુકડો થયો પછી ફરિશ્તાએ આવીને રૂહ ફૂંકી દીધી. રૂહ ફૂંકવી તથા રૂહ પેદા કરવી બે વિવિધ ચીજો છે અને તેમાં તફાવત એ છે કે રૂહ લાંબા અરસાથી પેદા થયેલ છે.

**(૧૨)** મુસલમાનોની દષ્ટિએ રૂહ શરીરના ફના (નષ્ટ) થયા પછી પણ બાકી રહે છે. આમાં વૈજ્ઞાનિકોનો મતભેદ છે. આપણી દલીલ અલ્લાહ તઆલાનું આ ફર્માન છે કે દરેક નફ્સ મૌતને ચાખવાવાળો છે. અને સ્પષ્ટ છે કે ચાખવાવાળો ચાખવામાં આવી રહેલ ચીજના બાદ બાકી રહે છે. આ સિવાય અન્ય દલીલોનું સ્પષ્ટ બયાન ગુજર્યું. અમુક કહે છે કે કયામતના દિવસે ફના થઈ જશે અને ફરી પરત કરવામાં આવશે. કેમ કે અલ્લાહનો વાયદો છે كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ જે પણ જમીન પર છે ફના થશે. અને અમુક કહે છે કે આ إِلَّا مَنْ يَّشَاءَ اللّٰهથી બહાર છે.

સુબ્કીએ પોતાની તફસીર દુર્રે નઝીમમાં કહ્યું કે આ સહીહ છે કે રૂહ ફના નહીં થાય. જેમ કે ઈબ્ને કૈય્યિમે પોતાની કિતાબ 'કિતાબુર્રૂહ'માં આ મતભેદનું વર્ણન કર્યો કે શું રૂહ શરીર પછી બાકી છે કે ફના થઈ જશે ? અને ફૈંસલો એ આવ્યો કે જો મૌતના ચાખવાથી મુરાદ શરીરથી જુદા થવું છે તો સહીહ છે અને જો મૌજૂદ ન હોવું છે, તો માન્ય નથી. કેમ કે રૂહ પેદા થયા બાદ સર્વેના મતે બાકી રહેવાવાળી છે, ચાહે નેઅમતમાં અથવા તકલીફમાં હોય. ઈબ્ને અસાકિરે પોતાની તારીખે દમિશ્કમાં પોતાની સનદ થકી વર્ણન કર્યું કે કોઈએ સહનૂન બિન સઈદથી કહ્યું કે એક શખ્સ કહે છે કે રૂહ પણ બદનની સાથે મૃત્યુ પામે છે. તો આપે ફર્માવ્યું કે મઆઝલ્લાહ ! આ તો એહલે બિદઅતનો કૌલ છે !

**(૧૩)** હુઝૂરે અકરમ ﷺનું ફર્માન الارواح جنود مجندة





(છેવટ સુધી)માં મતભેદ છે કે તેનો અર્થ શું છે ? એક કૌલ તો એ છે કે તેનાથી મુરાદ ખૈર (ભલાઈ) અને શર્ર (બુરાઈ), સલાહ અને ફસાદમાં મળતાપણુ છે. સારો, ભલાઈ તરફ જ આકર્ષાશે અને બુરો બુરાઈ તરફ, તો રૂહોની ઓળખ મિજાઝના લેહાઝથી થાય છે. જ્યારે મિજાઝ મળતા આવે તો મળી જાય છે અને ઓળખાણ થઈ જાય છે.

**(૧૪)** રૂહ ભલે એક પ્રકાર છે ત્યાં સુધી પોતાનાં ગુણોનાં લેહાઝથી અલગ છે. દરેક પ્રકારની રૂહ પોતાની હમ શક્કલથી મહોબ્બત ધરાવે છે અને વિરુદ્ધથી નફરત કરે છે. તારીખમાં ઈબ્ને અસાકિરે પોતાની સનદથી કરમ બિન સિનાનથી રિવાયત કરી કે છે કે તે કહે છે કે હું ઉવૈસ કરની પાસે આવ્યો, મારી અને તેમની આથી અગાઉ કદી મુલાકાત ન થઈ હતી. પરંતુ આપે તુરત જ જવાબ આપ્યો કે વ અલયકુમુસ્સલામ હે હરમ બિન સિનાન ! મેં તેમને પૂછયું કે આપે મારું અને મારા પિતાનું નામ કેવી રીતે ઓળખી લીધું ? તો આપે ફર્માવ્યું કે જ્યારે મેં તમારી સાથે વાત કરી તો મારી રૂહે તમારી રૂહને ઓળખી લીધી, કેમ કે શરીરોના નફ્સની જેમ રૂહોનું પણ નફ્સ હોય છે. અને મો'મિનની રૂહો એકબીજાને ઓળખે છે અને અલ્લાહની રહમતના કારણે વગર જોયે એકમેકથી મહોબ્બત રાખે છે.

**(૧૫)** તૂસીએ "ઉયૂનુલ્ અખ્બાર'માં હઝરત આઈશાથી રિવાયત કરી કે મક્કામાં એક સ્ત્રી હતી જે કુરૈશની સ્ત્રીઓ પાસે આવતી અને તેણીઓને હસાવતી હતી. જ્યારે હિજરત કરીને મદીના આવી તો મારી પાસે આવી. મેં પૂછયું કે ક્યાં રહો છો ? કહ્યું કે મદીનામાં ફલાણી હસાવનારી સ્ત્રીને ત્યાં. જ્યારે હુઝૂર ﷺ તશરીફ લાવ્યા તો પૂછયું કે શું ફલાણી હસાવનારી સ્ત્રી તમારી પાસે છે ? મેં કહ્યું કે હા ! આપે ફર્માવ્યું કે કોની પાસે રહે છે ? મેં કહ્યું કે ફલાણી હસાવનારી સ્ત્રીની પાસે. આપે ફર્માવ્યું કે અલહમ્દુલિલ્લાહ ! રૂહોનું પણ એક લશ્કર છે જેમની ઓળખાણ થાય છે તે મળી જાય છે અને જેમની ઓળખાણ નથી થતી તે નથી મળતી.

**(૧૬)** ઈબ્ને કૈય્યિમ કહે છે કે શરીરથી જુદા થયા બાદ રૂહો

એકમેકથી કેવી રીતે મુમતાઝ હોય છે. ત્યાં સુધી કે અમુક રૂહો અન્ય રૂહોથી મળે છે અને અમુક નફરત કરે છે ? તો તેનો જવાબ મઝહબે અહલે સુન્નત (અલ્લાહ તેમાં વધારો કરે)ના પ્રમાણે એ છે કે રૂહ એક જાત છે જે ચઢે ઉતરે છે, મળે અને જુદી થાય છે, આવ જા કરે છે, હરકત કરે અને ઠરે છે. આના પર એકસોથી અધિક દલીલો છે. તેમાંથી અમુક આ પ્રમાણે છે :–

અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "ક઼સમ છે નફ઼્સની અને તેના બરાબર કરવાવાળાની !" જણાયું કે નફ઼્સ બરાબર કરેલ છે. જેમ કે શરીર વિશે ફર્માવ્યું કે તે ખુદા જેણે તેને પેદા કર્યું અને બરાબર કર્યું એટલે નફ઼્સને રૂહ પ્રમાણે કરી દીધું. તો શરીરની બરાબરી, નફ઼્સની બરાબરી અને સમાનતા. અહીંથી એ પણ જણાયું કે નફ઼્સ શરીરથી એક એવી શક્કલ હાંસલ કરે છે જેના થકી તે અન્ય નફ઼્સથી પ્રભાવિત થાય છે જેવી રીતે નફ઼્સ બદનથી પ્રભાવિત થાય છે. અને એ રીતે તે એક તફાવત હાંસલ કરે છે. નફ઼્સોનો તફાવત શરીરોનાં તફાવતથી કેટલોક વધુ છે. ક્યારેક શરીર એકબીજાને મળતા આવે છે પરંતુ નફ઼્સો બિલકુલ એકબીજાથી અલગ રહે છે. તેની દલીલ એ છે કે અમે અંબિયા عليهم السلامના શરીરોનો મુશાહેદો કદી નથી કર્યો, જ્યારે કે અમારા ઈલ્મમાં એકબીજાથી મુમતાઝ છે. અને આ તફાવત તેમના શરીરોનાં કારણે નથી પરંતુ તેમનાં રૂહાની ગુણોના તફાવતથી છે. આપણે બે સગાભાઈઓની શિક્કલમાં ખૂબ જ મળતાપણુ પામીએ છીએ પરંતુ તેમની રૂહોમાં સંપૂર્ણ તફાવત હોય છે. પછી ઘણીવાર આપણે એક બદ્‌સૂરત અને બુરી શક્કલ જોઈએ છીએ તો તેની રૂહને પણ તેની કદરૂપાપણાથી કંઈને કંઈ સંબંધ હોય છે. જ્યારે કોઈ શરીર આફતમાં સંડોવાયેલ હોય છે તો તેની રૂહ પણ કંઈને કંઈ આફતમાં સંડોવાયેલ હોય છે. એટલા માટે સમજદાર લોકો સૂરત જોઈને ઈન્સાનની આંતરિક હાલતોની જાણ કરી લે છે.

જ્યારે આપણે હસીન તથા ખૂબસૂરત ચેહરાને જોઈએ છીએ તો તે જ હુસ્ન અને ખૂબી તેની રૂહમાં પણ પામીએ છીએ અને ફરિશ્તાઓ શરીર અને જિસ્મ ન હોવા છતાં એકબીજાથી મુમતાઝ છે, તો જિન્ન અને ઈન્સાનોની રૂહો બેશક ! મુમતાઝ હશે. 'અદ્દર્તુલ્ ફાખિરા'માં





ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે, મુસલમાનની રૂહ મધમાખીની સૂરતની હોય છે જ્યારે કે કાફિરની રૂહ પતંગિયાની સૂરતની હોય છે. પરંતુ આ ચીજનું હદીષમાં કોઈ વજૂદ નથી બલ્કે હદીષમાં તો એ છે કે ઈસ્રાફીલ علیہ السلام જ્યારે રૂહોને પોકારશે તો મો'મિનની રૂહો સળગતી રોશનીની જેમ આવશે અને કાફિરોની રૂહો અંધકારની જેમ. પછી સૌને એકત્ર કરીને સૂરમાં મૂકશે. પછી સૂર ફૂંકશે તો અલ્લાહ તઆલા ફર્માવશે કે મને પોતાની ઈઝ્ઝત અને જલાલની ક઼સમ ! દરેક રૂહ પોતાના શરીર તરફ પરત થઈ જાય ! તો રૂહો મધમાખીની જેમ જમીન, આસ્માન એક કરી દેશે અને દરેક રૂહ પોતાના શરીર તરફ ચાલી જશે. અને શરીરમાં એવી રીતે પ્રવેશશે જેમ કે શરીરમાં ઝેર પ્રસરે છે. તો હુઝૂર علیہ السلامએ પોતાના આ ફર્માનમાં રૂહોની શક્કલ તથા સૂરતમાં મધમાખી સાથે સમાનતા નથી દર્શાવી પરંતુ કેવળ નીકળીને ફેલાવામાં મધમાખીથી સમાનતા દર્શાવી છે. આ બિલકુલ એવું છે જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તે ક઼બ્રોથી ફેલાયેલ પતગિયાંઓની જેમ નીકળશે. આ હદીષમાં એ પણ છે કે મો'મિનોની રૂહો જાબિયાથી અને કાફિરોની બરહૂતથી આવશે અને તે પોતાના શરીરોને એવી રીતે ઓળખે છે જે રીતે તમે પોતાની સવારીઓને બલ્કે એથી પણ વધુ. મો'મિનની રૂહો સફેદ હશે અને કાફિરોની રૂહો કાળી.

**(૧૭)** ઈબ્ને મુન્દા, ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે કે ક઼યામતના દિવસે લોકોમાં મતભેદ થશે, ત્યાં શરીર સુધી કે રૂહ અને શરીરમાં પણ મતભેદ થશે. રૂહ શરીરને કહેશે કે આ કામ તેં કર્યું અને શરીર રૂહ પર આક્ષેપ મૂકશે. તો અલ્લાહ તઆલા એક ફરિશ્તાને ફેંસલા માટે મોકલશે. ફરિશ્તો કહેશે કે તમારું દૃષ્ટાંત તો આંધળા અને લંગડાની જેમ છે કે તે એક બાગમાં દાખલ થઈ ગયા અને ખાવા લાગ્યા. માલિકે પકડી લીધા તો હવે તમે પોતે બતાવો કે મુજરિમ કોણ છે ? તો રૂહ અને શરીર બંનેવ બોલશે કે બંનેવ જ મુજરિમ છે, કેમ કે તોડવાવળો લંગડો હતો અને તેને લાવનાર આંધળો. ફરિશ્તો બોલ્યો કે બસ ! તમે પોતે પોતાના જ ખિલાફ ફેંસલો કરી લીધો એટલે કે શરીર રૂહ માટે સવારીના દરજામાં છે.

દારે કુતનીએ અનસથી મરફૂઅન આ રિવાયત કરી કે શરીર કયામતના દિવસે કહેશે કે હું તો શહતીર (મોટી કડી)ની જેમ પડયું હતું. આ બધું કાવત્રુ રૂહનું છે. રૂહ કહેશે કે હું તો હવાની જેમ હતી આ બધું કાવત્રુ શરીરનું છે. તો ફરિશ્તાએ તેઓને લંગડા અને આંધળાનું ઉદાહરણ આપ્યું. એને અબ્દુલ્લાહ બિન અહમદે 'ઝવાઈદુઝ્ ઝોહ્દ'માં રિવાયત કરી. તેમણે રૂહના બદલે દિલનું વર્ણન કર્યું. આનાથી જાણ થઈ કે રૂહનું સ્થળ દિલ છે.

---

یَا صَاحِبَ الْجَمَالِ وَ یَا سَیِّدَ الْبَشَر

مِنْ وَّجْهِکَ الْمُنِیْرِ لَقَدْ نُوِّرَ الْقَمَر

لَا یُمْکِنُ الثَّنَاءُ کَمَا کَانَ حَقَّهٗ

"بعد از خدا بزرگ توئی قصّہ مختصر" ۱۳۶۹

**તર્જુમા** : અય પૈકરે હુસ્ન ! યકીનન ચૌદહ્વીંકા ચાંદ આપ હી કે નૂરી ચેહરેસે તાબાં (ચમકતા) હૈ (પૂરી ઈન્સાનિયત) આપ કે અવસાફ ઔર કમાલાત બયાન કર પાએ ? યે મુમ્કિન હી નહીં ! મુખ્તસર યે હૈ કે ખુદાકે બાદ આપ હી કી ઝાત બુઝુર્ગ વ બરતર હૈ.






## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો (રૂા. ૨૦૦/-) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબો ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/-) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને-વંચાવીને તેના** પર **અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

**અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, ફોન નં. (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૨૯૨, ૨૮૦૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)